જ્ઞાન-ગંગોત્રી ગ્રંથ-શ્રેણી ૧૭

૯

માનવવિદ્યા શાખા

# સાહિત્ય દર્શન

[ભારતીય-૨]



SARDAR PATEL UN
VALLABH VIDYANAGAR

સંયોજક : રમેશ સુમંત મહેતા

મુખ્ય સંપાદક : ભોગીલાલ ગાંધી


સહસંપાદક : પ્રકાશ ન. શાહ

## તંત્રીમંડળ

શ્રી રમેશ સુમંત મહેતા · શ્રી ઈશ્વરભાઈ પટેલ · શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ
શ્રી ઉમાશંકર જોશી · શ્રી એચ. એમ. પટેલ · શ્રી રવિશંકર રાવળ
શ્રી બી. સી. પટેલ · શ્રી હરિહર પ્રા. ભટ્ટ · શ્રી વી. એચ. ભણોત
શ્રી યશવંત શુક્લ · શ્રી નીરુભાઈ દેસાઈ · શ્રી વિજયગુપ્ત મૌર્ય
શ્રી પી. સી. વૈદ્ય · શ્રી ભોગીલાલ સાંડેસરા · શ્રી જશભાઈ કા. પટેલ
શ્રી અંબુભાઈ પટેલ · શ્રી જે. જી. ચૌહાણ · શ્રી રમણભાઈ પટેલ
શ્રી દિલાવરસિંહ જાડેજા

## પરામર્શકો

પંડિત સુખલાલજી · શ્રી રસિકલાલ છો. પરીખ · શ્રી કાકાસાહેબ કાલેલકર
શ્રી રામપ્રસાદ બક્ષી · શ્રી અનંતરાય રાવળ · શ્રી ચંદ્રવદન મહેતા
શ્રી હંસાબહેન મહેતા · શ્રી બાપાલાલ વૈદ્ય · શ્રી ઉમાશંકર જોશી
પ્રો. ફીરોજ કા. દાવર · શ્રી હરિનારાયણ આચાર્ય · શ્રી સી. એન. વકીલ
ડૉ. શાંતિલાલ મહેતા · પ્રો. ડી. ટી. લાકડાવાળા · શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી
પ્રો. એમ. એલ. દાંતવાળા · શ્રી બચુભાઈ રાવત



હિરણ્યગર્ભ

જૂની કાંગડા ચિત્રશૈલી (ઈ. સ. ૧૭૭૫–૧૮૦૦ આશરે)

વાસુદેવશરણ અગ્રવાલ કૃત 'સ્પાર્ક્સ ફ્રોમ ધ વૈદિક ફાયર'માંથી

૧૭
જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી

# સાહિત્ય દર્શન

[ભારતીય–૨]

રામપ્રસાદ બક્ષી : ચી. ના. પટેલ : ઉપેન્દ્રરાય જ. સાંડેસરા
તપસ્વી નાન્દી : સુરેશચંદ્ર ગો. કાંટાવાળા : કરસનદાસ માણેક

સરદાર પટેલ યુનિવર્સિટી—વલ્લભવિદ્યાનગર

**રામપ્રસાદ બક્ષી** (ગુજરાતી અને સંસ્કૃત વાઙ્મયના પ્રસિદ્ધ વિદ્વાન)
**ચી. ના. પટેલ** (ડેપ્યુટી ચીફ એડિટર, કલેક્ટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધી)
**ઉપેન્દ્રરાય જ. સાંડેસરા** ( મહાભારત–સાહિત્યના સંશોધક)
**ડૉ. તપસ્વી નાન્દી** (પ્રાધ્યાપક, ગુજરાત યુનિ. ભાષાસાહિત્ય ભવન, અમદાવાદ)
**સુરેશચંદ્ર ગો. કાંટાવાળા** (પ્રાધ્યાપક, મ. સ. યુનિવર્સિટી, વડોદરા)
**કરસનદાસ માણેક** (પ્રસિદ્ધ કવિ અને કીર્તનકાર)

**યોજના દાન : હરિઃ ૐ આશ્રમ, નડિયાદ**
**શ્રી રાવજીભાઈ આશાભાઈ પટેલ(ડભાણ)ના શ્રેયાર્થે**

**અનુદાન :** શિક્ષા મંત્ર્યાલય, દિલ્હી; ગુજરાત સરકાર, ગાંધીનગર

**પ્રકાશન :** મે ૧૯૭૫
**પહેલી આવૃત્તિ :** પ્રત ૩૦૦૦

**કિંમત :** રૂ. ૩૦–૦૦ (Rs. 30-00)

**પ્રકાશક :** કાંતિભાઈ અમીન, રજિસ્ટ્રાર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર (INDIA)
**મુદ્રક :** શાંતિલાલ હરજીવન શાહ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૩૮૦૦૧૪

# નિવેદન

સ્વરાજ્ય આવ્યા પછી આપણા દેશમાં શિક્ષણનો વિસ્તાર વધ્યો છે. સાથે સાથે ઉચ્ચ શિક્ષણને કારણે જ્ઞાનવિસ્તારની નવી તકો ઊભી થઈ છે. ટેકનૉલોજીના ક્ષેત્રે પણ આપણે મોટી ફાળ ભરી રહ્યા છીએ. આમ છતાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરતા સામાન્ય વિદ્યાર્થીનું જ્ઞાનસંસ્કારનું ભાથું અનેક કારણોસર પર્યાપ્ત નથી અને યુનિવર્સિટી કક્ષાના વિદ્યાર્થીનો જ્ઞાનવ્યાપ વામણો ભાસે છે.

વળી સ્વાધીન લોકશાહી સમાજના સર્વાંગી વિકાસ દરમ્યાન સર્વસાધારણ શિક્ષિત પ્રજાજનને પડકારતી અપરંપાર જટિલ સમસ્યાઓ ઉપસ્થિત થતી રહે એ સ્વાભાવિક છે. આવા પ્રસંગે બૌદ્ધિક તાલીમનું ભાથું અપર્યાપ્ત રહી જતાં સુસજ્જ નાગરિક તરીકેની તેની અધૂરપ વૈયક્તિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ અસરકારક પૂર્તિ માગી લે છે.

સરદાર પટેલ યુનિવર્સિટીએ પોતાની મર્યાદામાં રહીને યથાશક્તિ આ પૂર્તિ કરવાના ઉદ્દેશથી એક અદનો સન્નિષ્ઠ પ્રયાસ આદર્યો છે, અને 'જ્ઞાનગંગોત્રી' દ્વારા માનવવિદ્યા શાખાના ૨૦ અને વિજ્ઞાનવિદ્યા શાખાના ૧૦ એમ કુલ ૩૦ ગ્રંથોની શ્રેણીની યોજનાથી પ્રારંભ કર્યો છે.

આ ગ્રંથ-શ્રેણી કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓ અને શિક્ષિત નાગરિકોને લક્ષમાં રાખી તૈયાર કરવાનું નિર્ધાર્યું છે. આ શ્રેણી પાછળની નેમ એ છે કે (૧) અભ્યાસવાંછુઓ આ ગ્રંથો થોડાક પરિશ્રમે છતાં રસપૂર્વક વાંચે, એમની જ્ઞાનપિપાસા પ્રદીપ્ત બને; (૨) આ વાચનને અંતે બહુવિધ વિકાસના મુખ્ય તબક્કા વાચકના ચિત્તપટ સમક્ષ ઊપસી આવે; (૩) વાચકો માહિતી અને વિગતોની અનેકવિધતા દ્વારા જ્ઞાનપ્રાપ્તિની ચાવી હસ્તગત કરે; અને (૪) અભ્યાસીઓના ચિત્તમાં મૂળભૂત સત્ય અને મૂલ્યોની શ્રદ્ધાનાં બીજ રોપાય.

આ દૃષ્ટિએ ઇતિહાસ, ચિંતન, સાહિત્ય, લલિત કલા અને વિજ્ઞાન જેવાં વિવિધ ક્ષેત્રોના વિભિન્ન પ્રકારના આલેખન પાછળ કેટલીક આધારશિલાઓ સ્વીકારીને અમે ચાલ્યા છીએ—જેવી કે,

૧. માનવ-વિકાસ પાછળ અનેક પરિબળો કામ કરતાં હોય છે; પરંતુ અંતે તો, પરિસ્થિતિના પરિવર્તનમાં માનવીય ચેતના પ્રમુખ ભાગ ભજવે છે; અને વૈયક્તિક માનવીના વ્યક્તિત્વના શક્ય-પૂર્ણ વિકાસના પાયા ઉપર જ સામાજિક-સામુદાયિક વિકાસની ઇમારત રચાવી જોઈએ.

૨. વિજ્ઞાનનું રહસ્ય સતત પરિવર્તનશીલતામાં રહેલું છે અને તેની ચાવી અખંડ સંશોધનવૃત્તિમાં છે. વિજ્ઞાનની વિલક્ષણતા હકીકતોના ભંડાર સંચિત કરવામાં નથી પરંતુ બાહ્ય વિશૃંખલતાઓની અંતર્નિહિત સંવાદિતા શોધી કાઢવામાં છે.

૩. સંશોધનની આ પ્રક્રિયામાં માનવીની ચેતના અને કલ્પનાશક્તિનું યોગદાન અસાધારણ છે; અને આ વૈજ્ઞાનિક સત્ય મુક્ત માનવનિર્ણયનું જ પરિણામ છે.

૪. અંતિમ વિશ્લેષણમાં વિજ્ઞાન પણ બીજાં માનવીય ક્ષેત્રોની જેમ મૂલ્યોના નિર્ણય વિના કેવળ યાંત્રિક પ્રવૃત્તિરૂપે ટકી શકે નહીં. આ સંદર્ભમાં વિજ્ઞાનો અને માનવવિદ્યાઓ વચ્ચેના જ્ઞાનસીમાડા એકરૂપ બનતા વરતાય છે.

૫. જીવનની સમગ્રતા સાથે આદિયુગથી સમરસ બનેલી સર્જનપ્રવૃત્તિઓ પ્રત્યે સવિશેષ અભિમુખતા અને આત્મીયતા કેળવવી ઘટે. આપણો વિદ્યાર્થી અને નાગરિક સૌંદર્ય નીરખતો થાય, ઓળખતો થાય અને

આસ્વાદતો થાય એટલે કે પરમાનંદી ઘૂંટ પીતો થાય, એ પ્રકારે ચૈતસિક સર્જનશક્તિનું રહસ્ય છતું કરવું જોઈએ.

૬. અંતે તો, જ્ઞાન એ કેવળ માહિતી નથી; વિજ્ઞાન એ કેવળ ભૌતિક-પ્રાકૃતિક હકીકતોનું સંકલન કે પૃથક્કરણ નથી; અનુભૂતિ કેવળ ઘટનાઓનો બાહ્ય સ્પર્શ નથી. જ્ઞાનાનુભૂતિ આ ઉપરાંત ઘણું વિશેષ છે, આ રહસ્ય અવગત કરવાનું આ ગ્રંથશ્રેણીનું લક્ષ્ય છે.

આ સિદ્ધ કરવાનું કાર્ય અત્યંત દુષ્કર છે એવી સભાનતા અમે હંમેશ અનુભવીએ છીએ. એક બાજુ યુવકો ને નાગરિકોની કક્ષા—તેમની અભિરુચિ વાચનશક્તિ અને સમજશક્તિ—ની મર્યાદાઓ છે; તો બીજી બાજુ, ઇતિહાસવિકાસ અને ઘટનાવિકાસ, વિચારવિકાસ અને મૂલ્યવિકાસની ઝાંખી કરાવવાનું કાર્ય કઠિન છે. ગંભીર અને કઠણ ગણાતા વિષયો, ગંભીરપણે છતાં આસ્વાદ્ય બનાવીને રજૂ કરવાનું કાર્ય લેખકો માટે કસોટી-રૂપ છે. સંપાદકોની મર્યાદાઓય હોવાની. આ પ્રયાસ મહત્ત્વાકાંક્ષી અને દુરારાધ્ય લેખાય તેવો હોવા છતાં અતિમહત્ત્વાકાંક્ષી કે અસાધ્ય નથી; અને ગંગાવતરણ કરવાનો નહીં તોયે ગંગોત્રીનું આચમન કરાવવા જેટલો તો યશ મળશે, એવી શ્રદ્ધાએ અમે આ યાત્રા આરંભી છે. વળી પરભાષાના ગ્રંથોનાં ભાષાંતરો વા રૂપાંતરો રજૂ કરવાને બદલે શક્ય એટલો મૌલિક અભ્યાસ અને ચિંતન રજૂ કરવાનો હેતુ છે.

અમારા પ્રયાસમાં પૂજ્ય શ્રી મોટા તેમ જ ભારત સરકારના શિક્ષણ મંત્ર્યાલય, ગુજરાત રાજ્ય તથા અન્ય સદ્‌ગૃહસ્થો ને સંસ્થાઓ તરફથી જે આર્થિક સહાય પ્રાપ્ત થઈ છે તે માટે અમે સૌના અંતઃકરણ-પૂર્વક આભારી છીએ. વાસ્તવમાં આની બીજભૂમિકાનું યથાયોગ્ય શ્રેય પૂ. મોટાને ઘટે છે. હરિઃ ૐ આશ્રમ, નડિયાદ અને રાંદેરના પોતાના ભક્તો ને પ્રશંસકો દ્વારા રૂપિયા એક લાખનું દાન પૂ. મોટાએ સરદાર પટેલ યુનિવર્સિટીને આપી 'જ્ઞાનગંગોત્રી'ના આ કાર્યનું પદારોપણ કર્યું હતું અને બીજા એક લાખ રૂપિયાના વિશેષ દાન વડે તેને સુદૃઢ બનાવ્યું છે. અમારા પ્રયત્નની વાસ્તવિકતાને આથી ભારે શ્રેય અને બળ પ્રાપ્ત થયાં છે. બળ એ અર્થમાં કે યોજનાદાન બેવડાવાથી અમારો ઉત્સાહ દ્વિગુણ થયો છે અને શ્રેય એ અર્થમાં કે ગુજરાતની જનતાએ 'જ્ઞાનગંગોત્રી'ના ભગીરથ કાર્યને નાનીમોટી સખાવતો તેમ જ સભ્ય લવાજમો દ્વારા બિરદાવ્યું છે.

'જ્ઞાનગંગોત્રી'ની યોજનામાં પરામર્શકો તરીકે યા તંત્રવાહકોના રૂપમાં ગુજરાતના શ્રેષ્ઠ ચિંતકો અને વિદ્વાનોનો તથા લેખનકાર્યની જવાબદારી સ્વીકારી અમારી યોજનાને મૂર્ત સ્વરૂપ આપનાર અભ્યાસી લેખકોનો અમને જે સહકાર સાંપડ્યો છે તે માટે અમે ગૌરવ અનુભવીએ છીએ અને સાંપડેલી સેવા માટે સૌનો ઋણસ્વીકાર કરીએ છીએ.

છેલ્લે, યુનિવર્સિટી સિન્ડિકેટના સભ્યો, યુનિવર્સિટીના શિક્ષકો અને વહીવટી સેવકોએ દાખવેલા ઉત્સાહપૂર્વકના ટેકા માટે તેમનો તથા યોજનાના પ્રવાહને વહેતો રાખવાની નૈતિક કામગીરી અંગે સંપાદક શ્રી ભોગીભાઈ ગાંધી અને સહસંપાદક શ્રી પ્રકાશ ન. શાહનો આભાર માનું છું.

વલ્લભવિદ્યાનગર

**ડૉ. આર. ડી. પટેલ**
ઉપકુલપતિ
સરદાર પટેલ યુનિવર્સિટી

# સંપાદકીય

જ્ઞાનગંગોત્રીનો આ ૧૭મો ગ્રંથ છે; માનવવિદ્યા શાખાનો ૯મો. આ ગ્રંથ ભારતીય સાહિત્યનો બીજો ગ્રંથ છે. અગાઉ ભારતીય અદ્યતન ભાષાઓના સાહિત્યનો ગ્રંથ (સાતમો) પ્રગટ થઈ ચૂક્યો છે. આ ગ્રંથ પ્રાચીન ભારતીય સાહિત્યનો છે. તેમાં મુખ્યત: સંસ્કૃત અને પુરવણીરૂપે પ્રાકૃત અને પાલિ ભાષાના સાહિત્યનો પરિચય છે. ખાસ કરીને વેદો, ઉપનિષદો, પુરાણો, રામાયણ, મહાભારત, ભાગવત, સંસ્કૃત નાટકો અને સંસ્કૃત કાવ્યો વગેરે સાહિત્યનો આસ્વાદ પણ છે. આમ છતાં, જેમ, ભારતીય પ્રાચીન સાહિત્યને જે તે સમયના ચિંતનથી અલગ પાડવાનું શક્ય નથી, તેમ પ્રાચીન ચિંતનને જે તે યુગના પ્રવર્તક ધર્મ-ચિંતનથી અલગ પાડવાનુંય શક્ય નથી. અને એ સમગ્ર પ્રાચીન ચિંતન એટલું વ્યાપક અને સર્વાશ્લેષી રહ્યું છે કે તેને મનુષ્યના જન્મથી તેના મૃત્યુ સુધીની તમામ ઘટનાઓ – પ્રવૃત્તિઓ – ક્રિયાકર્મકાંડોથી જુદું પાડવાનુંય શક્ય નથી.

આવા આ વિશાળ અને ગહન સાહિત્યમાંથી રત્નકણિકાઓ ગોતી લાવવાનું કામ બે રીતે અઘરું છે. એક તો, ક્યારેક દરિયાકાંઠે છીપલાં વીણનારા જેવી સ્થિતિ છે: આ વીણું કે તે? બીજી બાજુ, ક્યારેક અગાધ દરિયામાં ડૂબકી મારી મોતી ગોતી લાવવા જેવું દુ:સાધ્ય સાહસ પણ છે.

સદ્‌ભાગ્યે આપણે ત્યાં બેઉ સિદ્ધિ સાધી શકે એવા — બેઉ રીતે દરિયો ખૂંદનારા — પંડિતો અને સાથોસાથ સાહિત્યના રસિયાઓ મોજૂદ છે. એથી જ તો આ ગ્રંથના મોટા ભાગનાં પ્રકરણોમાં આ પ્રકારની કામગીરી સંતોષપૂર્વક પાર પડી છે. જ્યાં સ્વતંત્ર પ્રકરણ રૂપે આમ નથી થઈ શક્યું ત્યાં 'પુરવણી' રૂપે એવી જ બધી સામગ્રી સંચિત કરીને રજૂ કરવામાં આવી છે. તેમાં જો કોઈ વિશેષ ઉલ્લેખનીય હોય તો તે શ્રી વિષ્ણુદેવ પંડિતની છે. તેમણે ગુજરાતી પ્રજાના હાથમાં 'વેદપરિચય' પુસ્તિકાઓ (ગ્રંથનિર્માણ બોર્ડ દ્વારા પ્રગટ) ધરી દઈને એક ઘણું મોટું લોકશિક્ષણનું કામ કર્યું છે. એમાં ઘણે સ્થળે મૂળ વેદોમાંનું આસ્વાદ્ય સાહિત્ય ઉદ્ધરણ રૂપે પણ રજૂ થયું છે. તેમાંથી કેટલોક ભાગ, તેમની રજાથી, અહીં પ્રસ્તુત કર્યો છે. ઉપરાંત, અનેક સંસ્કૃત કાવ્યોમાંથી ઉત્તમ ખંડો સારવીને સમશ્લોકી ગુજરાતી અનુવાદ રૂપે તૈયાર કરી આપવામાંય તેમણે પાર વિનાની જહેમત ઉઠાવી છે. વળી, શાક્ત (શક્તિ-માતૃ) સંપ્રદાય અંગેનું પરિચયાત્મક લખાણ પણ તેમણે તૈયાર કરી આપ્યું છે અને આ આખા ગ્રંથને પ્રજા સમક્ષ આત્મીયતાપૂર્વક (પ્રવેશક દ્વારા) પુરસ્કારવાનું સ્વીકારીને અમારા આ પરિશ્રમને પ્રોત્સાહન આપ્યું છે.

આ ગ્રંથમાં શ્રી વાસુદેવશરણ અગ્રવાલ કૃત 'વેદરશ્મિ' (હિંદી) ગ્રંથમાંથી કેટલોક મૌલિક ચિંતનખંડ ગુજરાતીમાં પ્રસ્તુત કર્યો છે તે, તથા તેમાંથી લીધેલી 'હિરણ્યગર્ભ' (દ્વિરંગી) પ્લેટ આપણા આ ગ્રંથની વિશિષ્ટ ઉપલબ્ધિ છે. આ માટે અમે તેના લેખક તથા પ્રકાશક (સ્વાધ્યાય મંડલ, પારડી, જિ. સુરત) બેઉનો ઋણસ્વીકાર કરીએ છીએ. અન્ય નકશાઓ, કોઠા તથા શિલ્પ અને માટીકામ-તકતીનાં ચિત્રો માટે જે-તે પ્રકાશનના આભારી છીએ.

આ ગ્રંથમાં સંસ્કૃત કાવ્યસાહિત્ય(પુરવણી)માંના કેટલાક શ્લોકો શ્રી કેશવ હર્ષદ ધ્રુવ, શ્રી ભિલાભાઈ ઘનશ્યામ તથા શ્રી નાગરદાસ મ. પંડ્યા તથા આ ગ્રંથના એક લેખક શ્રી કરસનદાસ માણેકે કરેલા ગુજરાતી અનુવાદોમાંથી ઉતારેલા છે, જે માટે અમે આ સર્વ વિદ્વાનોના આભારી છીએ.

આશા રાખીએ છીએ કે પ્રાચીન ભારતીય સાહિત્યનો આ ગ્રંથ આપણા સાહિત્યિક અને ચિંતનાત્મક સંસ્કારસંવર્ધનમાં યત્કિંચિત્ ફાળો આપશે જ.

[૧૦-૧-'૭૫]

# જ્ઞાનગંગોત્રીના સુજ્ઞ ગ્રાહકો જોગ અપીલ

સુજ્ઞશ્રી,

આપ જાણો છો કે ૧૯૬૭માં જ્યારે આ ગ્રંથમાળાની યોજના પ્રગટ થઈ ત્યારે દરેક ગ્રંથનાં પૃષ્ઠ ૨૦૦થી ૨૫૦ના ધોરણે ગણીને, તે વખતના ઉત્પાદન ખર્ચના અંદાજે, રસ્તામાં સસ્તા દરે પ્રજાને આ ગ્રંથો પહોંચે એ મુખ્ય હેતુથી, તમામ ૩૦ ગ્રંથોના સેટનું પોસ્ટેજ સહિત ગ્રાહકનું લવાજમ માત્ર રૂ. ૨૫૦ જેટલું રાખેલું. ત્યાર બાદ, મોંઘવારી, પૃષ્ઠસંખ્યા અને પોસ્ટેજનું ખર્ચ વધતાં તે રકમ ક્રમશઃ રૂ. ૩૦૦, ૩૫૦, ૪૦૦ની કરવામાં આવેલી, અને છેવટે રૂ. ૫૦૦ સુધી વધારેલી. પરંતુ—

૧. આપ જોશો કે ૧થી ૧૫ સુધીના ગ્રંથોમાં પૃષ્ઠ ૩૦૦૦થી ૩૭૫૦ને બદલે લગભગ ૫૦૦૦ પૃષ્ઠ આપી ચૂક્યા છીએ. એ રીતે લગભગ ૨૨થી ૨૫ ગ્રંથો જેટલું સાહિત્ય આપી ચૂક્યા છીએ. અને આપે એ પણ જોયું હશે કે જે-તે વિષયોને ન્યાય આપવા માટે આ પૃષ્ઠવધારો અનિવાર્ય બન્યો હતો.

૨. આપ એ પણ જાણો છો કે આજ સુધીના આ ગ્રંથોને તેમની સામગ્રીની ગુણવત્તાના કારણે વિદ્વાનોનાં અભિવાદનો પ્રાપ્ત થયાં છે, અને ગુજરાત રાજ્યનાં પારિતોષિકો પણ ઘણા ગ્રંથોને મળ્યાં છે. આપને પણ ગ્રંથોની એકંદર ગુણવત્તાથી સંતોષ થયો હશે જ.

૩. આ ભૂમિકા સાથે આપને એ જણાવવા ઇચ્છીએ છીએ કે—

(અ) ૧૯૬૭–૬૯ના દરે સરખાવતાં કાગળોના ભાવો આજે બમણા થઈ ચૂક્યા છે. (બ) ૩૦ ગ્રંથોનું પોસ્ટેજ ખર્ચ પણ રૂ. ૫૦ને બદલે લગભગ દોઢા જેટલું થઈ ગયું છે. (ક) છપાઈના અને ખાસ કરીને બાઈન્ડિંગના ભાવમાં પણ દોઢો ઉછાળો આવ્યો છે.

એટલું જ નહીં, હવે પછીનાં વરસોમાં બધા પ્રકારનો આ ભાવવધારો ચાલુ રહેવાનો જ એ સ્પષ્ટ છે.

૪. આ જોતાં, આપને વિદિત થાય કે નવા ગ્રાહકો માટે આખા સેટનો દર રૂ. ૬૦૦ ઠરાવેલ છે, અને દરેક ગ્રંથની છૂટક કિંમત રૂ. ૩૦ છે. તે રીતે કુલ રૂ. ૯૦૦નાં પુસ્તકો રૂ. ૬૦૦માં નવા ગ્રાહકોને અપાશે.

૫. ઉપરની હકીકત આપના ધ્યાનમાં એટલા માટે લાવીએ છીએ કે મોટા ભાગના ગ્રાહકો રૂ. ૨૫૦થી ૪૦૦ના લવાજમથી નોંધાયેલા છે, જેમને અમે ૩૦ ગ્રંથો આપવાનું વચન આપી ચૂક્યા છીએ. આથી બેહદ વધી રહેલી મોંઘવારીને કારણે અમારા ઉપર નાણાકીય બોજો અણધાર્યો અને અતિશય વધ્યો છે. અને સમય જતાં વધતો જાય છે.

આ સ્થિતિમાં, અમે અમારા માનવંતા ગ્રાહકોને ખાસ વિનંતી કરીએ છીએ કે, આ સમગ્ર યોજનાને આપ સૌએ પ્રોત્સાહિત કરી છે અને એને સાંગોપાંગ પાર ઉતારવાના ખ્યાલથી, હવે પછી ગ્રાહક લવાજમ જે રૂ. ૬૦૦ છે તે ધોરણે જોતાં, આપ જે કોઈ ધોરણે લવાજમ ભરી ગ્રાહક થયા હો તે અને નવા લવાજમની ખૂટતી રકમ ધ્યાનમાં લઈ જે કોઈ રકમ આપ મોકલી શકો તે મોકલશો, તો આભારી થઈશું. છતાં આશા છે કે કોઈ પણ સંજોગોમાં આપ રૂ. ૧૦૦/ થી ઓછી રકમ તો નહીં જ મોકલો. આને જે લવાજમ વધારો ગણતા હો તો તે સ્વૈચ્છિક છે. આપના સહકાર અને હૂંફના અમે અભિલાષી છીએ.

**લિ. જ્ઞાનગંગોત્રી વ્યવસ્થાપક સમિતિ વતી**

સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભવિદ્યાનગર

ડૉ. આર. ડી. પટેલ (વાઇસ ચાન્સેલર)
એચ. એમ. પટેલ
બાબુભાઈ જ. પટેલ
યશવંત શુક્લ
કાંતિભાઈ અમીન (રજિસ્ટ્રાર)
ભોગીભાઈ ગાંધી (મુખ્ય સંપાદક)

**નોંધ :** નાણાં સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરના નામે મોકલવાં.

# કલ્યાણી વાણીનું ઓજ | આચાર્ય વિષ્ણુદેવ પંડિત

यथेमां वाचं कल्याणीमावदानि जनेभ्यः। (यजुर्वेद २६.२)

હું એવી રીતે વાણીનો વ્યવહાર કરું, કે જેથી જન જનનાં કલ્યાણ સધાય.

भद्रं कर्णेभिः शृणुयाम — કલ્યાણી વાણી કાનોથી સાંભળીએ, એ વેદવાણીથી લઈ सर्वे भद्राणि पश्यन्तु બધાંયે કલ્યાણ પેખે, એ તંત્ર, પુરાણ ને કાવ્યનો રણકો, છેક 'સૌનું કરો કલ્યાણ' સુધી પહોંચે છે.

પ્રેય તજી શ્રેયની કામના સેવનાર નચિકેતા, શોકની પારે જવા ઇચ્છતા નારદ મુનિ અને અમૃતની ભાવના સેવતી મૈત્રેયી વગેરેમાં આ કલ્યાણસાધનાનાં દર્શન થાય છે.

'અમને ગાયો, અશ્વ અને વીર નર આપો;' એ પ્રકારની ઋષિમુનિઓની સામાન્ય માગણી છે, પણ તે ચોપગાં કે બેપગાં પ્રાણીઓની વસ્તી માટે નહીં. તેમને મન ગાય તે મતિ — બુદ્ધિ, અશ્વ – ઘોડા તે પ્રાણ અને વીર નર તે વિવેક-વાણીનાં પ્રતીક છે. જન જનના સંપર્કમાં રહે, માનવ માનવ સાથે નિર્ભય રીતે વર્તે, એ પ્રકારે માણસાઈ ન જાગે તો પછી ધન, સાધન કે યશવિદ્યા શા કામનાં?

દરેક માણસે સેવા અને પરોપકારનાં કાર્ય કરી દેવ બનવાનું છે. જીવન દિવ્ય બનાવવા માટે વેદની વાણી પ્રેરણા આપે છે.

यद् वाग्वदन्ति अविचेतनानि राष्ट्री देवानां निपसाद मंद्रा।<br>
चतस्र ऊर्जं दुदुहे पयांसि क्वसिदस्यां परमं जगाम। (ऋग्वेद ८, १००, ११)

કવિ-મનીષીઓ જે વાણી બોલે છે, તે વાણી અસ્પષ્ટ કે અવ્યક્ત ભાવોને સ્પષ્ટ રીતે રજૂ કરે છે. એ દેવોની મંદ્રા વાણી છે, જે રાષ્ટ્રની પ્રતિષ્ઠા સાધી સમાજને આસને બેઠી છે. જેમ કામધેનુ ગાય ચારેય આંચળથી દૂધ દોહી આપે છે, એમ આ દેવવાણી ઓજનાં દોહન કરી કલ્યાણ સાધે છે. તે વાણીનું પરમરૂપ ક્યાંક ઊંચે રહેલું છે.

પ્રાચીન સાહિત્યની ઋષિપરંપરાએ આ તથ્યનો સ્વીકાર કર્યો છે કે વેદોની વાણી દિવ્યવાણી છે. એ વાણી કદી ક્ષીણ થતી નથી; તે પરમ વ્યોમ — અક્ષરધામમાં સદા સ્થિર રહે છે. માનવજાતિઓનાં સર્જન થયાં. મિશ્રના વિદ્વાનો ઈશ્વરની વાણી (The Speech of God) માટે ndw ન્દ્વ -- ntr ન્ત્રના શબ્દનો પ્રયોગ કરે છે. ન્દ્વ પદ દેવનો અને ન્ત્ર પદ વાણીનો બોધ કરાવે છે. અર્થાત્ એ દેવમન્દ્રા વાણી છે, જે સૌ જનોનાં કલ્યાણ સાધે છે. ઈશ્વરીય વાણી માટે યુનાનના પ્રસિદ્ધ કવિ હોમરે The language of Godsનો નિર્દેશ કર્યો છે.

'ઓમા, ઓમા,' એ ગીત–ઉદ્‌ગીથ છે. માનવના બાલકે જન્મ લેતાંની સાથે જ એ ગીત ગાયું છે. તેને આગમ - નિગમે વધાવી લીધું છે. ખ્રિસ્તી દેવળોમાં 'આમીન' બોલાય છે, અર્થાત્ Be it so 'એ સારી રીતે બની રહો.' હિબ્રૂ અને ગ્રીકમાંથી એ શબ્દ ઊતરી આવ્યો છે. ઇજિપ્તના દેવ એમોન કે એમેન A mon, A men ઉત્તમ દેવ ગણાય છે. બીજા ઈજિપ્શિયન દેવ માટે Am કે Om ઓમ શબ્દ વપરાયો છે.

જ્યારે અનુજ્ઞા આપવી હોય, ત્યારે ઓમ્ વપરાય છે: तद् वा एतद् अनुसाक्षरं यद्धि किंच 'अनुजानाति' ओमित्येव तवाहां एप समृद्धिर्यदनुसा। (छांदोग्योपनिषत् १।१।८)

ઓંકાર એ પ્રણવ છે, અભિનવ રૂપ છે, જે પરમશ્રેષ્ઠ મંત્ર છે. મંત્રમાં મન્ મનન કરવું, ગ્રીકમાં menas લૅટિનમાં mens છે તેની સાથે त्र પ્રત્યય સાધન અર્થમાં જોડાય છે. મંત્ર મનન-વિચારનું સાધન છે. જે મનની અંદર એક ચિત્ર, એક પ્રતિમા રચે છે, તેને કવિજન દિવ્યવાણીમાં, સંગીતકાર સ્વરમાં અને યોગીજન નાદમાં વ્યક્ત કરે છે. यद् वै मनसा ध्यायति तद् वाचा वदति तत् कर्मणा करोति। (तैत्तिरीयारण्यक) — જે મનથી વિચારે, તે વાણીથી બોલે અને તે જ કર્મ કરે.

આમ, તન, મન અને વચનની એકતા સધાય, તો જ કલ્યાણની ભાવના સેવાય. વાણીનું ઓજ છે, જે ભારતીય પ્રાચીન સાહિત્યનું એક વિશિષ્ટ લક્ષણ બને છે. શ્રુતિ દ્વારા જે દિવ્યવાણી મળી, તેને સ્મૃતિએ યાદ રાખી અને પુરાણે તેની પુરવણી કરી. શ્રુતિ, સ્મૃતિ અને પુરાણમાં વાણીનો આ રણકો જાગે છે.

એક પરંપરાએ શ્રુતિ, સ્મૃતિ, પુરાણને પ્રમાણ ગણ્યાં છે. તેમાં શ્રુતિ — વેદો મુખ્ય છે અને તેને અનુસરતાં સ્મૃતિ-પુરાણ અનુશ્રુતિ છે. બીજી પરંપરા પ્રમાણે તે બોધલક્ષી સાહિત્ય છે. सत्यं वद, धर्मं चर, જેવી આજ્ઞાઓ પાળવાની જ, તેમાં તર્ક કે શંકાને સ્થાન નહીં, માટે તે પ્રભુસંમિત. સ્મૃતિની સાથે ઇતિહાસ-પુરાણ આવી જાય. તેમાં મહાભારતનો સમાવેશ પણ પાંચમા વેદ જેટલો, પણ તેનો ઉપદેશ મિત્રની સલાહ જેવો, તેથી તે મિત્રસંમિત ગણાય. પુરાણોની કથા-ઉપકથાઓ પણ ઉપદેશપરક છે. તેમાંની વસ્તુ લઈ કાવ્યો અને નાટકોની રચના છે, તે કાન્તાની જેમ પરોક્ષ બોધ આપે છે. ભાવ અને વ્યંજના હૃદયનું સાધર્મ્ય સાચવે છે.

એકંદર આ સંસ્કૃત પ્રાચીન સાહિત્ય ઉપદેશપ્રધાન છે; તોપણ કાવ્યના માધુર્ય અને સરસતાના ગુણો વેદોનાં સૂક્તોમાં, ઉપનિષદના સંવાદોમાં અને મહાભારતનાં કથાનકોમાં આગવાં તરી આવે છે. તેના બોધ કઠતા નથી, પણ રોચક લાગે છે. વાણી અને અર્થનું એકાત્મ — 'સહિતપણું' છે, તે સાથે 'સંહિત' — સાધર્મ્ય અને 'સુહિત' પણ સધાય છે:

ऊर्ध्वं बाहुर्विरौमि एप न च कश्चित् शृणोति मे।
धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते।।
ઊંચે હાથે પુકારું છું ન કોઈ સાંભળે મને,
ધર્મથી અર્થ ને કામ તે શાને નહીં સેવતા?

મહાભારતનો મુખ્ય નાયક જોકે ધર્મરાજ યુધિષ્ઠિર છે, પણ તેથીય અદકું પાત્ર કૃષ્ણનું છે, જેનામાં અર્થ, કામ સાથેની ધર્મની યોગભૂમિ રજૂ થઈ છે.

રામાયણ આદિકાવ્ય ગણાય છે. તેમાં રામનું ચરિત હોય જ, પણ સીતાના આલેખન કરતાં સીતાવિરહની વેદના કવિના માનસપટ પર છે. વાલ્મીકિના આશ્રમમાં જ સીતા છે અને ત્યાં લવકુશને સંસ્કાર આપવાની જવાબદારી વાલ્મીકિને શિરે છે. આ બાલકો રાજભવનમાં હોત, તો તેમને ભણાવવા કેવી મોટી તૈયારીઓ થઈ હોત, પણ એ બધાં જ્ઞાન માહિતી પૂરતાં અને તેથી જ વાસી. મારે તેમને અયાતયામ — અભિનવ જ્ઞાનનો આસ્વાદ આપવો છે. કવિ-માનસની આ પૂર્વભૂમિકા છે. અને ત્યાં પ્રભાતે તમસા નદીને કાંઠે વનમાં નિષાદે ક્રૌંચ પક્ષી પર બાણ ફેંક્યું અને પક્ષીના ચિત્કારે વિષાદ જગાડ્યો, શોક પેદા થયો, તેમાંથી શ્લોક બન્યો અને મહાકાવ્ય બની ગયું, પ્રસાદથી ભરપૂર.

આદિકવિ વાલ્મીકિ અને મહાકવિ વેદવ્યાસની કૃતિઓ ઇતિહાસ અને પુરાણનાં અનુલેખન કરવા છતાં, કાવ્યની ગણનામાં આવી જાય છે; તે પછીનાં પુરાણોમાં ભાગવત એવા જ સરસ માધુર્યપ્રસંગોને આલેખવાને કારણે મહાકાવ્ય બની રહે છે.

હિમાલયના બદરીવનમાં સરસ્વતી વહે છે. તેને કિનારે આ ઋષિ બેઠા છે, ત્યાં તેને મળવા નારદ આવે છે. તે પહેલાં તેણે મહાભારતનાં આલેખન પૂરાં કર્યાં છે, છતાં તેના અંતરને સુખ નથી. તેને કયાંક ખૂંચે છે, તે અખિલ નથી, તેના આત્મામાં કયાંક ઊણપ છે, પણ તેનું કારણ તેને જડતું નથી. નારદ તેની તે ઊણપ પારખી, ઇલાજ બતાવે છે, ઉપાય–ઔષધ ચીંધે છે: 'તું હરિના ગુણ ગા.' હરિગુણ ગાવાની આ રીતિ કીર્તનપરક બની કવિહૃદયને ખોલી આપે છે. મહાભારતની કથા જ્યાં પૂરી થાય છે, ત્યાંથી ભાગવતની કથા શરૂ થાય છે. એ કથા ગંગાને કિનારે શુકદેવ સંભળાવે છે અને યમુનાને કિનારે રચાયેલી કૃષ્ણલીલાઓનાં દર્શન થાય છે. એ રસનાં સિંચનથી વ્યાસ પોતાની જાતને કૃતાર્થ ગણે છે.

શ્રુતિ, સ્મૃતિ, પુરાણની પૂર્વભૂમિકા પર જ કાવ્યો, નાટકો, મુક્તક-સુભાષિતો, ગીતિકાવ્યો, લહરીઓ, આખ્યાનો વગેરે ગદ્ય અને પદ્યનું સાહિત્ય સંસ્કૃત ભાષામાં ઊતરી આવ્યું છે.

પ્રસ્તુત જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણીના આ સત્તરમા ગ્રંથ 'સાહિત્ય દર્શન — ભારતીય–૨'માં પ્રાચીન ભારતીય સાહિત્યનાં વેદો, ઉપનિષદો, રામાયણ, મહાભારત, ભાગવત, પુરાણો, નાટકો, કાવ્ય-મહાકાવ્યોનો સમાવેશ કરી લેવાનો સ્તુત્ય પ્રયત્ન છે. બીજા ગ્રંથોના સંપાદન જેવાં જ ખંત અને ચીવટ અહીં પણ જોવાને મળે છે. વેદસાહિત્યને આલેખવામાં મુખ્ય સંપાદક શ્રી ભોગીભાઈ ગાંધીએ જાતે જ શ્રમ ઉઠાવ્યો છે, તે જોતાં મારા જેવા વેદપ્રેમી જનને વિશેષ આનંદ થાય.

વેદપરિચયમાંથી રુચિ પ્રમાણેનાં આલેખન ઉતારી લીધા પછી, તે જોઈ જવા મને જણાવ્યું અને જાતે આવીને ઉચિત ચર્ચા કરી લીધી, એ તેમની ઉદાત્ત વિચારસરણીનું દર્શન છે.

આ વેદવાણીના બોધનું એકસરખું રૂપ અહીં જોવા મળે છે:

'ઓ માનવો, તમારાં મનન એકસરખાં મંત્ર જેવાં સિદ્ધ હો. તમારી સમિતિ સમાન હો, તમારાં મત અને ચિત્ત બંને એકસમાન હો. એકસમાન મંત્રણા સાધીને તમે પરસ્પરનાં કાર્યો કરો અને પરસ્પર આપલેના કરાર કરો, જેથી બંને હિતકારી બને.'

ઋગ્વેદના સંવનન અને અથર્વવેદના અથર્વા ઋષિનું દર્શન અહીં એક જ કલ્યાણમયી વાણીમાં પ્રગટ થાય છે; તેને જ યજુર્વેદ શિવસંકલ્પની ભાવનાથી પોષણ આપે છે.

तन्मे मनः शिवसंकल्पमस्तु (યજુર્વેદ ૩૪.૧) મારું આ દિવ્ય મન શિવ — સર્વનાં કલ્યાણ કરવાની ભાવના — સંકલ્પ ધરાવે.

ભારતીય તત્ત્વજ્ઞાન અને સંસ્કૃત સાહિત્યના તલસ્પર્શી અભ્યાસક શ્રી રામપ્રસાદ બક્ષીએ ઉપનિષદો વિશે આલેખન કર્યું છે. તેની શરૂઆતમાં તેમણે વિધાન કર્યું છે: વૈદિક યુગની સંસ્કૃતિનો વેદ, બ્રાહ્મણો અને આરણ્યકો પછીનો અંતિમ વાઙ્મય આવિર્ભાવ તે ઉપનિષદો. 'શ્રુતિ' શબ્દથી ઓળખાતા વાઙ્મયમાં ઉપનિષદોનો સમાવેશ થાય છે: "ઉપનિષદના આ અધ્યાત્મ ઉપદેશોનું ફળ, એવી અંતિમ કોટિએ પહોંચ્યા પહેલાં પણ, જીવનમાં પદે પદે પ્રાપ્ત થાય છે. એ ફલ છે કેવળ વ્યક્તિપરતાનો અભાવ, સમષ્ટિના હિતની કલ્યાણમયી ભાવના, પ્રેયસ્‌ના કરતાં શ્રેયસ્‌ની વિશેષ આરાધના, અને આત્મભાવનાનો, વ્યક્તિથી વિશ્વપર્યન્ત વિસ્તરતો જતો — વિશ્વને આ આત્મભાવનામાં સમાવી લેતો — અપરિચ્છિન્ન વિકાસ."

રામાયણનું આલેખન વિશ્વ અને વિશેષે અંગ્રેજી સાહિત્યના ઊંડા અભ્યાસી શ્રી ચી. ના. પટેલની કલમે આલેખાયું છે, તેની સાનંદ નોંધ લેવી ઘટે. તેથી રામાયણને વિશ્વનાં કાવ્યો સાથે મૂલવવાની તક સાંપડી છે: "સામાન્ય રીતે એમ માની લેવાય છે કે બોધલક્ષી સાહિત્યકૃતિમાં કલાત્મકતાનું પ્રમાણ ઓછું રહેવાનું. એ પણ સંભવિત છે કે બહુજનસમાજે રામાયણકથામાં જે નૈતિક મૂલ્યો આરોપ્યાં છે, તે આજના યુગને અસ્વીકાર્ય લાગતાં હોઈ કૃતિના કલાત્મક અંશોનો આપણે આસ્વાદ કરી શકતા નથી. આધુનિક

માનસના આ અને આવા બીજા પૂર્વગ્રહોને તથા આપણી બૌદ્ધિક માન્યતાઓને જો આપણે ઘડીભર બાજુએ મૂકી શકીએ અને જે ગ્રહણશીલ (રિસેપ્ટિવ) વૃત્તિથી શેક્સપિયરની 'ટેમ્પેસ્ટ' કે સ્વિફ્ટની 'ગલિવર્સ ટ્રાવેલ્સ' જેવી કૃતિઓનો આપણે રસાસ્વાદ લઈએ છીએ એ વૃત્તિથી વાલ્મીકિ રામાયણ મૂળ સંસ્કૃતમાં વાંચીએ તો મોટા ભાગના વાચકોને એમના હૃદય પર ઊંડી પકડ જમાવવાની એની શક્તિની જરૂર પ્રતીતિ થશે.'

મૂળ સંસ્કૃતમાં વાંચવાનો તેમનો આગ્રહ સહેતુક છે. મૂળની સરળ મધુર પ્રસાદ શૈલી જોતાં, વાલ્મીકિને પુંસ્કોકિલ કહ્યા છે. આગળ વિવેચના કરતાં તેમણે રામાયણને 'જગતનું સર્વોત્તમ પ્રેમકાવ્ય' એવું બિરુદ આપી, તેના તલસ્પર્શી અભ્યાસની ઝાંખી કરાવી છે. આપણા રાષ્ટ્રીય કવિ અને પ્રાચીન કથા-આખ્યાનોના તત્ત્વચિંતક કીર્તનકાર શ્રી કરસનદાસ માણેકે ભાગવત વિશેની ભાવના અહીં વિશદરૂપે ઉતારી છે. ભાગવત વિશે તેઓ જણાવે છે: "ભાગવતમાં લીલાનું હૃદયંગમ વર્ણન છે, માયાનું વૈધિક વિવરણ છે, અનેકની ભીતર રમતા એકનું યથાર્થ દર્શન છે, એમાંથી આવિર્ભૂત થતા અનેકના ક્રીડનનું રસાત્મક સમીક્ષણ છે: ઉપદેશ છે, વાર્તા છે, ચિંતન છે, કાવ્ય છે. ઈશ્વરની, બ્રહ્મની, પરસત્યની સાધના, આરાધના એની આ વિશ્વમયી પ્રતિમામાં જ કરવાની છે, એવું પુનરપિ પુનઃ પુનરાવર્તન પામતું, આખ્યાનોપાખ્યાનોમાં અંકુરતું, બોધવચનોમાં સ્ફુરતું, સંવાદોમાં પ્રતીયમાન થતું, ધ્રુવપદ ગુંજન છે."

पिबत भागवतं रसम् आ-लयम् વિશે તેઓ નોંધ લે છે: "હવે લયનો વિચાર કરીએ. સત્યનું ચિંતન અને ધર્મનું આચરણ જીવનમાં 'લય' આણે છે. . . . શાશ્વત, અનંત, અખંડ લય ન સધાય ત્યાં સુધી 'મુહુઃ' વારંવાર ભાગવત રસનું પાન કરવાનું કહ્યું છે.

"ભાગવતનું પ્રયોજન માનવજીવન લયાન્વિત, લયિલ, સુરીલું, સંવાદી બનાવવાનું છે. ભાગવતમ્ રસમ્ ઈશ્વરાનુભૂતિનો રસ જીવનને, વિસંવાદોને કારણે બદ-સ્વાદ, અલૂણા બનેલા જીવનને સલૂણું—સ્વાદુ બનાવે છે. જીવનમાં આવો લય ઉત્પન્ન થાય ત્યારે જ ભગવદ્‌રસ પીધો લેખે લાગે."

અન્ય વ્યવસાયમાં પડ્યા હોવા છતાં, મહાભારતને જ પોતાના જીવનનું અભ્યાસકેન્દ્ર બનાવનાર શ્રી ઉપેન્દ્રરાય જ. સાંડેસરાએ અહીં વિશદ ચર્ચા સાથે મૌલિક વિચારસરણી રજૂ કરી છે: "સંતાનોનો આંતર-વિગ્રહ, પાંડવોનો કૌરવો ઉપરનો જય, ધર્મનો મન્યુ ઉપરનો જય, ભૌતિક તત્ત્વોના માળખામાં આસુરી તત્ત્વો ઉપરનો આત્માનો જય આલેખતાં નિષ્કામ કર્મ અર્થાત્ યજ્ઞાર્થ કર્મ, તે દ્વારા ચિત્તશુદ્ધિ અને યથાર્થ જ્ઞાનની (અહૈતુકી ભક્તિ, સ્થિતપ્રજ્ઞતા, ગુણાતીતાવસ્થા, સમત્વની) પ્રાપ્તિના સિદ્ધાંતનું તેનાં અનેક પાસાંઓ ઉપર તાત્ત્વિક અને વ્યાવહારિક વિચાર કરીને અને નિષ્કામ ધર્મની પાવકતા તથા તેના વડે પ્રચલિત નીતિ-મૂલ્યોને મૂળભૂત રીતે પલટી નાખનારે ક્રાંતિકારી, તીક્ષ્ણ બુદ્ધિમતી અને સંવાદ સ્થાપનારી નિરૂપણદૃષ્ટિ વડે આ ઇતિહાસમાં ભાષ્ય કર્યું છે. (સ્વયં મહાભારત ઇતિહાસ, સંહિતા, આખ્યાનવરિષ્ઠ, પુરાણ, પાંચમો વેદ, કાર્ષ્ણવેદ, ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, મોક્ષશાસ્ત્ર વગેરે જુદાં જુદાં નામે પોતાની ઓળખ આપે છે.)"

પુરાણો વિશેનું આલેખન ડૉ. સુરેશચંદ્ર કાંટાવાલાએ નિરૂપ્યું છે. પ્રાચીન સાહિત્યમાં ઇતિહાસની સાથે અને પછી સ્વતંત્ર સ્થાન મેળવતાં પુરાણો વિશે વિશદ આલેખન કરતાં, તારવણી કાઢે છે:

"સામાસિક શબ્દ इतिहासपुराणમાં વપરાતો 'ઇતિહાસ' શબ્દ અને 'પુરાણ' શબ્દ ભિન્ન ભિન્ન અર્થના છે. શરૂઆતમાં તે બંનેના વર્ણ્ય વિષય વચ્ચેની વિભાજનરેખા ઘણી ઝાંખી હતી; પરંતુ કાળના વહેણ સાથે પુરાણ અને ઇતિહાસનું પાર્થક્ય સ્પષ્ટ થયું. વાસ્તવિક ઘટનાઓના બોધક શબ્દને ઇતિહાસ અને પંચલક્ષણ કે દશલક્ષણ આવરી લેતા અર્થવ્યાપને પુરાણ ગણવામાં આવ્યાં."

'અલંકાર' પરના તાત્ત્વિક અધ્યયનના નિષ્ણાત શ્રી તપસ્વી નાન્દીએ 'સંસ્કૃત નાટક' વિશેનું આલેખન અહીં રજૂ કર્યું છે: "સંસ્કૃત નાટકસાહિત્ય મુખ્યત્વે રસલક્ષી હોવા છતાં એક વિગત બહુ સ્પષ્ટ રીતે તરી

આવે છે કે ભાસ, કાલિદાસ, શૂદ્રક વગેરે સાહિત્યના પ્રાચીન સ્વામીઓ એ વાત સારી પેઠે જાણતા હતા કે, નાટક એ ભજવવાની કળા છે અને વિષયવસ્તુ તથા વાચિક અભિનયને નિમિત્તે જ તેમાં સાહિત્યકળા પ્રવેશ પામે છે. સાહિત્યકળાના વધુ પડતા શાસનમાંથી એમણે એમની કૃતિઓને મુક્ત રાખી અને નાટક તથા સાહિત્ય એ બંને કળાઓનો સાચો સમન્વય તેમણે સિદ્ધ કર્યો છે. સંસ્કૃત નાટયશાસ્ત્રીઓએ સંસ્કૃત રૂપકના મુખ્ય દસ અથવા વધુ ભેદો કલ્પ્યા છે અને એ દ્વારા જીવનમાં વિવિધ પાસાં અને ભિન્ન ભિન્ન ભાવોને સ્પર્શી લેવાના પ્રયાસો કર્યા છે."

સંસ્કૃતનાં કાવ્યો-મહાકાવ્યો, મુક્તક-સુભાષિતો, ગીતિકાવ્યોનું ફલક ઘણું વિસ્તૃત અને વૈવિધ્યથી સભર છે, તે રીતે અહીં આલેખનોમાં પણ વિવિધ લેખિનીઓ સંકળાયેલી છે, તે પણ એક યોગની વાત છે.

કાવ્ય તો, 'કાન્તાસંમિત ઉપદેશનો યોગ જોડે છે.' એ વિધાનમાં કાલિદાસ, ભારવિ, માઘ ને શ્રીહર્ષ તેમ જ ભર્તૃહરિ, અમરુ, જયદેવ ને જગન્નાથ વગેરેની કૃતિઓ સંકળાઈ જાય છે. આ કવિકૃતિઓ सरसं वाक्यं काव्यम्‌થી આવરી લઈએ તેમ જ "મનીષીઓનાં ચરિત અલૌકિક હોવા છતાં, જગતનાં હિતની ચિંતામાં પરોવાયેલાં છે," એ મુક્તકને અનુસરીએ તો રસિકજનોને સમાજ અને રાષ્ટ્રની કલ્યાણકારી પ્રવૃત્તિઓમાં જોડાવાનું, અને જોડાયા છે તેમને પ્રોત્સાહિત કરવાનું આ કાર્ય તે 'કલ્યાણી વાણીના ઓજ' રૂપે દીપી ઊઠે છે. ઉપરાંત, જૈન-બૌદ્ધ સાહિત્ય તથા શાક્તસંપ્રદાયનો પરિચય પણ જોડી દઈને આ ગ્રંથની ઉપયોગિતામાં વૃદ્ધિ કરી છે.

જ્ઞાનગંગોત્રી શ્રેણીનાં વિવિધ પ્રકાશનો રસિકજનોનાં ધ્યાન આકૃષ્ટ કરવા માટેની એક હેતુલક્ષી પ્રવૃત્તિ છે. તેમાં પ્રાચીન ભારતીય સાહિત્યનો રસથાળ પીરસાય, એ શુભવૃત્તિ-પ્રવૃત્તિને વધાવી લેતાં, મને વિશેષ આનંદ જાગે છે.

જ્ઞાનગંગોત્રીનાં પ્રકાશનો સાથે 'દર્શન' પદ પ્રયોજાયું છે; તેમાં પણ પ્રાચીન ભારતીય સાહિત્યની વ્યાખ્યા ઉપકારક બની રહેશે:

श्रोतव्यः श्रुतिवाक्येभ्यः मंतवाश्च उपयत्तिभिः ।
श्रुत्वा मत्वा ततो ध्येयः तस्माद् दर्शनमुच्यते ॥

બૃહદારણ્યક પરના કુમારિલ ભટ્ટના શ્લોક વાર્તિકમાંનું આ ઉદાહરણ ત્રિપથગા ગંગાની જેમ ત્રણ બાબતો તરફ ધ્યાન દોરે છે. તે પ્રમાણે એકલી શ્રુતિ જ નહીં, તેની સાથે સંગત સ્મૃતિ, પુરાણ, ઈતિહાસ, કાવ્ય, નાટક વગેરેનાં વિધાનો સંકલિત કરે, તેમને યોગ્ય સંદર્ભમાં યુક્તિસંદર્ભ કરી ગોઠવે, અને તે, સંગત સંદર્ભ પરનું પોતાનું ધ્યાન-વિવેચન રજૂ કરે, તે 'દર્શન' અહીં રજૂ થાય છે; તે માટે જ્ઞાનગંગોત્રી ગ્રંથ-શ્રેણીના સહુ રસિકજનોને વેદભાવના સાથેનાં શુભાશંસન :.

માર્ગશીર્ષ : ગીતાજયંતી
૨૫–૧૨–'૭૪
ડાહ્યાભાઈ પાર્ક,
અમદાવાદ–૩૮૦૦૨૨

## અનુક્રમણિકા


**આચાર્ય વિષ્ણુદેવ પંડિત**

કલ્યાણી વાણીનું ઓજ : vii

**રામપ્રસાદ બક્ષી**

ઉપનિષદો ૧ : ૧

**ચી. ના. પટેલ**

રામાયણ ૨ : ૩૩

**ઉપેન્દ્રરાય જ. સાંડેસરા**

મહાભારત ૩ : ૬૪

**ડૉ. તપસ્વી નાન્દી**

સંસ્કૃત નાટકો ૪ : ૯૫

**સુરેશચંદ્ર ગો. કાંટાવાળા**

પુરાણો ૫ : ૧૨૪

**કરસનદાસ માણેક**

શ્રીમદ્ ભાગવત ૬ : ૧૪૩

સૂચિ : ૨૦૪



### પુરવણી


વેદ-પરિચય

| | | |
|---|---|---|
| —વૈદિક સાહિત્ય (વેદ-વેદાન્ત) | [સંપાદકીય] | ૧ |
| —આદિ આર્યો-અનાર્યો | ,, | ૬ |
| —આર્યો-રાજન્ની | ,, | ૭ |
| વેદ-આસ્વાદ | ,, | ૧૦ |
| વેદ-સૃષ્ટિ-સર્જન | ,, | ૨૭-૩૪ |
| [૧] મહાકાવ્ય : બૃહત્ત્રયી | [આચાર્ય વિષ્ણુદેવ પંડિત] | ૧૬૬ |
| -મેઘદૂત, કુમારસંભવ, રઘુવંશ | [સંકલન પ્રા. ભોળાભાઈ પટેલ] | ૧૮૩ |
| [૨] જૈન સાહિત્ય | [પ્રા. જે. પી. ઠાકર] | ૧૯૧ |
| [૩] બૌદ્ધ સાહિત્ય | [પ્રા. જે. પી. ઠાકર] | ૧૯૬ |
| [૪] શાક્ત સંપ્રદાય (ઈશ્વર માતૃરૂપે) | [આચાર્ય વિષ્ણુદેવ પંડિત] | ૨૦૦ |



**પૃષ્ઠસંખ્યા : xii + ૨૦૮ + ૩૪ + ૧૬ (પ્લેટો) =૨૭૦**

# ઋગ્વેદિક ઋષિઓ




[રાહુલ સાંકૃત્યાયન કૃત 'ઋગ્વેદિક આર્ય'માંથી]

# પ્રાચીન વંશાવલી




[ધ [illegible]રી ઍન્ડ કલ્ચર ઑફ ધ ઇન્ડિયન પીપલ (ભારતીય વિદ્યાભવન) ગ્રંથ ૧માંથી]

# પ્રાચીન યુગ

| | યુગ | કાલ | રાજધાની | રાજા | ભાષા | વ્યવસ્થા | સંઘર્ષ | પરમાસ્ત્ર | ધર્મ | કવિ | વેશ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પાષાણ | ઈ. પૂ. ૧૦૦૫૦ | – | – | – | માતૃસત્તાક | – | પથ્થરની ફરસી | – | – | નગ્ન |
| ૨ | નવપાષાણ | ઈ. પૂ. ૩૦૫૦ | – | – | – | પિતૃસત્તાક | – | પથ્થરની ફળી-વાળાં આયુધનુષ | – | – | – |
| ૩ | તામ્ર | ઈ. પૂ. ૨૫૫૦ | – | – | – | દાસતા | – | નવાં પથ્થરી-ઓજારો | – | – | – |
| ૪ | ,, | ઈ. પૂ. ૧૫૫૦ | – | – | પ્રાગ્દ્રવિડ | સામંત દાસતા | – | તામ્ર-ફળી-વાળાં તીર | પ્રાગ્દ્રવિડ | – | ઉપરણો અંતર્વાસક (સુતરાઉ) |
| ૫ | ,, | ઈ. પૂ. ૧૪૫૦ | – | | વૈદિક | જનપદ;સામંત | વર્ણસંઘર્ષ | તામ્રબાણ | વૈદિક | – | દ્રાપિ : અંતર્વાસક |
| ૬ | ,, | ઈ. પૂ. ૧૧૫૦ | સપ્તસિંધુ | દિવોદાસ સુદાસ | ,, | સામંત : દાસ | ,, | ,, | ,, | વસિષ્ઠ વિશ્વામિત્ર ભરદ્વાજ | ,, |

ઈ. પૂ. ૨૫૦૦ સિંધુ સંસ્કૃતિનો અંતિમ-ઉત્કર્ષ કાળ
ઈ. પૂ. ૧૫૦૦ આર્યોનો પ્રવેશ
ઈ. પૂ. ૧૨૦૦ ભરદ્વાજ – વસિષ્ઠ – વિશ્વામિત્રની ઋચાઓ
[ઈ. પૂ. ૧૫૦૦થી ૧૨૦૦ : આર્યોના આગમન સાથે આદિવાસી અનાર્યો સાથેનો સંઘર્ષ]

[રાહુલ સાંકૃત્યાયન કૃત 'ઋગ્વેદિક આર્ય'માંથી]

# વેદ-પરિચય

## વૈદિક સાહિત્ય (વેદ-વેદાન્ત)

(૧) ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ; (૨) બ્રાહ્મણગ્રંથો, (૩) આરણ્યકો; તથા (૪) ઉપનિષદો

(૧) વેદોમાં મંત્રો છે, જેમાં ગૂઢ રહસ્યકથન છે; આ પદ્યમય સ્તુતિ — રહસ્યકંડિકાઓનો સંગ્રહ તે સંહિતા. (૨) યજ્ઞ અને કર્મકાંડનું પ્રતિપાદન કરનારા ગ્રંથો તે બ્રાહ્મણ; (૩) સ્થૂળ સાંસારિક ગૃહસ્થો, રાજાઓના યજ્ઞાનુષ્ઠાનને બદલે વાનપ્રસ્થ — અરણ્યવાસી ઋષિપરિવારના સૂક્ષ્મ યજ્ઞાનુષ્ઠાન(યજ્ઞ, હોત્ર, મહાવ્રત આદિ)નું સાહિત્ય તે આરણ્યક; (૪) અધ્યાત્મજ્ઞાન અથવા બ્રહ્મવિદ્યાનું પ્રતિપાદન કરનારું સાહિત્ય તે ઉપનિષદો.

### ઋગ્વેદ

ઋક્-સંહિતા એટલે કે ઋગ્વેદ તે આર્યોનો પ્રાચીનતમ ગ્રંથ છે : (ઋક્ એટલે પદ્ય — સ્તુતિપરક મંત્રો; વેદ એટલે જ્ઞાન) ધર્મ, દર્શન, જ્ઞાન, વિજ્ઞાન, કલા, સાહિત્ય અને યજ્ઞાદિ કર્મકાંડ સૌનું મૂળ ઋગ્વેદમાં છે. ઋગ્વેદ પછીના ત્રણ વેદો અને બ્રાહ્મણગ્રંથો તથા આરણ્યકો અને ઉપનિષદોનો મૂળસ્રોત ઋગ્વેદ છે.

—ઋગ્વેદમાં ૧૦ અધ્યાય : ૧૦૨૯ સૂક્તોમાં થઈ ૧૦,૪૭૨ (૧૦,૫૨૮) મંત્રો છે; આ મંત્રો છંદબદ્ધ છે. કુલ ૬૦ છંદોમાં મુખ્ય ગાયત્રી, ઉષ્ણિક, ત્રિષ્ટુપ, અનુષ્ટુપ, બૃહતી, પંક્તિ, જગતી પ્રસિદ્ધ છે.

— ઋગ્વેદના મંત્રોના દ્રષ્ટા (સર્જક) ઋષિ-ઋષિપુત્રોની સંખ્યા ૩૦૦ જેટલી છે, તેમાં ગૃત્સમદ, વિશ્વામિત્ર, વામદેવ, અત્રિ, ભરદ્વાજ, વસિષ્ઠ, કણ્વ તથા આંગિરસ મુખ્ય છે.

— કેટલાંક સૂક્ત(મંત્રગુચ્છ)ના રચયિતા રાજાઓ — રાજર્ષિ છે. (દા. ત. કવષ, આરુણ, વૈતહવ્ય, માન્ધાતા, યૌવનાશ્વ, સુદાસ, પૈજવન વગેરે)

—કેટલાંક સૂક્તના રચયિતા વૈશ્ય છે (દા. ત. વત્સપ્રિ ભાલનન્દન) તો, કેટલાંકના દ્રષ્ટા વૈશ્ય છે. (દા. ત. ઊર્ધ્વગ્રાવા); વળી કેટલાંક સૂક્તો સ્ત્રીઓએ રચેલાં છે (દા. ત. જુહૂ, શચી, ઘોષા, લોમશમ, લોપામુદ્રા, વિશ્વવારા વગેરે).

**મુખ્ય દેવો :**

પૃથ્વી પર સ્થાન ધરાવનાર મુખ્ય દેવતા અગ્નિ; તે સિવાયનાં સોમ, પૃથ્વી, નદી, સમુદ્ર આદિ; અંતરિક્ષમાં સ્થાન ધરાવનાર ઇન્દ્ર, ઉપરાંત, વરુણ, રુદ્ર, મરુત, અને દ્યુતિમાં સ્થાન ધરાવનાર તે સૂર્ય. ઉપરાંત, પૂષા, વિષ્ણુ, અશ્વિન, ઉષસ્ તથા ચન્દ્ર.

આ ઉપરાંત, શ્રદ્ધા, મન્યુ, ધાતૃ, અદિતિ જેવાં અમૂર્ત તત્ત્વોરૂપી દેવતાઓ પણ છે. વધુમાં, દેવતા નહીં પરંતુ દેવતા જેવા — ઋભુ, અપ્સરા, ગન્ધર્વ, ગૌ, ઓષધિ વગેરેનાં પણ સ્તુતિ-મંત્રો છે. એકંદરે, ૭૯ દેવતાઓની સ્તુતિ-પ્રાર્થના છે.

— આર્યોએ જડ અને ચેતનના ભેદ આ રીતે આરંભથી જ અમાન્ય લેખ્યા છે.

ઋગ્વેદમાં ઇન્દ્રને વ્યાપક (વિભુ) વિશ્વજ્ઞાતા, સર્વશ્રેષ્ઠ દેવતા, શ્રેષ્ઠ પિતા, સ્વયંપ્રકાશવાન, અમર, ધર્મવિધાયક અને અચ્યુત આદિ કહીને સ્તવ્યો છે. ઇન્દ્ર પછી અગ્નિ, અને ત્યાર બાદ સોમ(ચંદ્ર—અમૃત—

પવમાન—ઔષધીશ તરીકે)ની સ્તુતિના સૌથી વધુ મંત્રો જોવા મળે છે. દ્યૌ(પૃથ્વી અને અંતરિક્ષના અર્થમાં)ની પૂજા કદાચ સૌથી પ્રાચીન છે. સૂર્યનાં પાંચ રૂપ છે: મિત્ર, સૂર્ય, સવિતૃ, પૂષન્ અને વિષ્ણુ. ઉષા મુખ્ય સ્ત્રી દેવતા છે, એને દ્યૌની કન્યા અને રાત્રિની બહેન ગણાવી છે. તો વળી, વરુણ ભૌતિક અને આધ્યાત્મિક જગતના નિયામક દેવતા છે; એ પ્રાણીઓના શ્વાસવાયુ છે.

— ઋષિઓએ આ સર્વમાં ચેતનશક્તિનું આરોપણ કરીને તેને પરમાત્માથી ભિન્ન વા સ્વતંત્ર નથી માની.

ઋગ્વેદના મંત્રોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય: કર્મ (યજ્ઞ), ઉપાસના (પ્રાર્થના) અને જ્ઞાન (બ્રહ્માંડનું રહસ્ય).

*

સાંસ્કૃતિક-સામાજિક સ્થિતિ અને આદર્શોનું પ્રતિબિમ્બ અનેક સ્થળે જોવા મળે છે: ધર્મ, નીતિ, સદાચાર અંગેના નિયમો; બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર ચાર વર્ણનો ઉલ્લેખ છે. પરંતુ વર્ણ-ભેદનો આધાર ગુણકર્મ હતો, નહીં કે જન્મ. વર્ણ-પરિવર્તન, આંતરજાતીય લગ્ન તથા રોટીવ્યવહારનાં અનેક દૃષ્ટાંતો જોવા મળે છે. સ્ત્રીશિક્ષણ પ્રચલિત છે. સ્ત્રીઓ વેદાધ્યયન કરતી, કવિતા રચતી, મંત્રો રચીને ઋષિપદ પ્રાપ્ત કરી શકતી; પુત્રની સાથે માતા યુદ્ધમાં ગયાનો ઉલ્લેખ પણ મળે છે (દા. ત. વૃત્રાસુરની માતા દનુ ઇન્દ્ર સામે).

*

જીવનનિર્વાહનું મુખ્ય સાધન કૃષિ અને પશુપાલન હતું: ઘઉં, જવ, ચોખા, તલ, શાકભાજી, તરબૂચ વગેરે પેદા થતાં. ઘી, દૂધ, દહીં, ફળ-ફૂલ અને મધનો ઉપયોગ સારા પ્રમાણમાં થતો. માંસ અને મદિરા પણ સર્વથા ત્યાજ્ય ન હતાં.

વ્યવસાયોમાં ખેડૂત, વેપારી, સુતાર, લુહાર, સોની, વણકર વગેરે મુખ્ય હતા. યુદ્ધકલા, જ્યોતિષવિદ્યા, સર્પવિદ્યા, ઔષધવિદ્યા પ્રચલિત હતી. લોઢું અને સોનું તથા લાકડું સારા પ્રમાણમાં વપરાતું. ઘોડો, કૂતરો, ઊંટનો સવારી માટે ઉપયોગ થતો. સમુદ્રયાત્રા પણ કરતા. માળવાળાં વિશાળ મકાન પણ બાંધતા (સો દરવાજાવાળા મકાનનો ઉલ્લેખ મળે છે). વસ્ત્રો મોટે ભાગે ઊન અને રેશમનાં હતાં. શરીર-પ્રસાધનનાં સાધનો પણ ઉપયોગમાં લેવાતાં.

શાસન-વ્યવસ્થા સારી એવી વિકસી હતી. સમિતિ, સભા, સેના અને વિદથ એમ ચાર પ્રકારની શાસનસંસ્થાઓ હતી; સ્વરૂપ લોકતંત્રનું હતું. (પ્રમુખ શાસક) રાષ્ટ્રપતિની પ્રજા દ્વારા ચૂંટણી થતી; અન્યાયી શાસકને પદચ્યુત પણ કરવામાં આવતો. 'यतेमहि स्वराज्ये'— 'આવો, આપણે સ્વરાજ્ય માટે યત્ન કરીએ' . . . 'ભૂમિની સેવા કરીએ'માં પ્રારંભિક રાષ્ટ્રજાગૃતિની પ્રતીતિ છે.

*

આમ, આર્યોના સમસ્ત આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક અભ્યુદયનું જ્ઞાન ઋગ્વેદમાં પ્રાપ્ત છે. સૌથી વધુ ઝોક ધાર્મિક અને સદાચારયુક્ત જીવનનો છે. કર્મ પ્રમાણે સ્વર્ગ-નરક, પાપ-પુણ્યની ભાવના પણ એમાં પ્રગટ થઈ છે.

—કાવ્યની દૃષ્ટિએ પણ ઋગ્વેદ ખાણ સમાન છે.

## યજુર્વેદ

'યજુ' એટલે જ યજ્ઞ (મૂળ ધાતુ યજ્).

જ્ઞાન, ઉપાસના અને કર્મ: આ ત્રણ મુખ્ય પ્રણાલીઓમાં યજુર્વેદમાં કર્મ(કર્મકાણ્ડ)પ્રણાલીને પ્રાધાન્ય અપાયું છે. બલ્કે, યજ્ઞની ઇતિકર્તવ્યતા યજુર્વેદ રજૂ કરે છે. આથી યજ્ઞના અધ્વર્યુ(ઋત્વિક્)નું વિશિષ્ટ સ્થાન જોવા મળે છે.

યજુર્વેદમાં મંત્ર (સંહિતા) સાહિત્ય તથા તેના બ્રાહ્મણ(કર્મકાણ્ડી સાહિત્ય)નો પણ સમાવેશ થાય છે.. તેમાં કુલ ૩૯૮૮ મંત્રો છે. યજુર્વેદની બે શાખા છે: કૃષ્ણ યજુર્વેદ તથા શુક્લ યજુર્વેદ. તેમાં મંત્ર-સંહિતાની દૃષ્ટિએ શુક્લ યજુર્વેદનું પ્રાધાન્ય છે.

વૈદિક કર્મકાણ્ડમાં ત્રણ પ્રકાર છે: દેવપૂજા, સંગતિકરણ (સાન્નિધ્ય, સાક્ષાત્કાર ભાવ) અને દાન.

આ વૈદિક કર્મકાણ્ડમાં કઠોર વ્રતસંયમને સ્થાન છે. અંતે તો, વ્યક્તિએ શુદ્ધ આચરણ દ્વારા પોતાની સ્વાભાવિક દુર્બલતા પર વિજય મેળવીને દેવતુલ્ય સ્થિતિએ પહોંચવાનું છે. કર્મકાણ્ડ એ એનું સાધન છે. યજુર્વેદના મંત્રોમાં વ્યક્તિ અને સમષ્ટિ વચ્ચેના સામંજસ્યને મહત્ત્વ અપાયું છે (દા. ત. ગાયત્રી મંત્ર). યજુર્વેદી યજ્ઞનો હેતુ ભૌતિક સુખસમૃદ્ધિ પ્રાપ્ત કરવાનો જ નથી, વાસ્તવિક કલ્યાણ માટેનો છે. અને આ ઉન્નતિના માર્ગે આગળ વધવામાં આવતાં વિઘ્નોથી હતાશ ન થઈ, પુરુષાર્થ કરનારને દેવતાની સહાય મળે છે, એવો, પુરુષાર્થસૂચક આશાવાદ પણ તેમાં છે.

અંતે તો, યજુર્વેદમાં પ્રાણીમાત્ર પ્રત્યેની મિત્રત્વ દૃષ્ટિની ખેવના જોવા મળે છે. યજુર્વેદનો અંતિમ અધ્યાય ઉપનિષત્ કાણ્ડ(આધ્યાત્મિક સાહિત્ય)નો છે.

ગીતાના સુપ્રસિદ્ધ 'કર્મયોગ'(કર્મણ્યેવાધિકારસ્તે)નું બીજરૂપ અહીં જોવા મળે છે. 'કુર્વન્નેવેહ કર્માણિ જિજીવિષેચ્છતં સમા:' અને 'કર્મબંધનથી બચવાનો આ જ ઉપાય છે,' એમાં ગીતાના અનાસક્ત કર્મ દ્વારા મુક્તિનો સ્પષ્ટ સૂર સંભળાય છે.

## સામવેદ

સા = ઋચા – મંત્ર; અમ્ = સ્વર; = સામ; ઉપરાંત સામ = શાન્તિદાયક શબ્દ; છન્દનો પવિત્ર ગ્રંથ, સંગીત-ગ્રંથ, મૅજિક સૉંગ વગેરે અર્થો થતા રહ્યા છે.

આ વેદની વિશેષતા એ છે કે તેમાં મંત્ર અને તેના સ્વર(સંગીત)નું આયોજન છે. યજ્ઞમાં દેવોને પ્રસન્ન કરવા માટે, પુરોહિતો માટે સામગાન એક વિશિષ્ટ પ્રભાવ — ચમત્કારિક સૃષ્ટિ — પેદા કરનારું બળ છે.

તેમાં ૧૧૪૯ મંત્રો છે, પરંતુ ૭૫ સિવાયના બધા ઋગ્વેદના આઠમા—નવમા મંડળમાંથી ઉદ્ધૃત કરેલા છે. સામવેદની ત્રણ શાખાઓમાં કૌથુમીય શાખા ગુજરાતમાં, રાણાયની શાખા મહારાષ્ટ્રમાં વધુ પ્રચલિત છે. ત્રીજી મુખ્ય શાખા જૈમિનીય અલ્પ પ્રચલિત છે.

સામગાનના આ ચાર ભાગ છે: ગ્રામગેયગાન, આરણ્યક ગાન, ઊહગાન, અને ઊહ્યગાન. દરેક ગાનના પાંચ પ્રકાર હોય છે તેને પાંચ ભક્તિ કહે છે: હિંકાર, પ્રસ્તાવ, ઉદ્‌ગીથ, પ્રતિહાર અને નિધાન. જોકે, સંગીતવિદોના મત મુજબ વર્તમાનકાળમાં પ્રચલિત રાગરાગિણીઓમાં સામગાન ગવાનું નથી; અને સામનાં ગાન-લયનાં નામ પણ આજના કરતાં સર્વથા ભિન્ન છે.

સામવેદના ઉપાસ્ય દેવતાઓમાં મુખ્ય અગ્નિ, સૂર્ય અને સોમ છે. અને ઈશ્વરની ઉપાસના માટે શાંતિપૂર્ણ વાતાવરણની નિતાન્ત જરૂર હોઈને, મનુષ્યનું મન સાંસારિક રાગદ્વેષથી મુક્ત હોવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

## અથર્વવેદ

૭૩૦ સૂક્તમાં થઈ કુલ ૫૯૭૭ મંત્રો છે. (તેમાંના ૧૨૦૦ તો ઋગ્વેદમાંથી લીધેલા છે.)

અન્ય વેદો સંપૂર્ણપણે પદ્યમાં લખાયેલા છે, ત્યારે અથર્વવેદનો ૧/૬ ભાગ ગદ્યમાં છે.

૭૩૦ સૂક્તોમાંનાં ૧૪૪ સૂક્ત આયુર્વેદ સંબંધી છે, ૨૧૫ રાજધર્મ વા રાષ્ટ્રધર્મ સંબંધી છે, ૭૫ સમાજવ્યવસ્થાવિષયક છે, ૮૩ અધ્યાત્મવિદ્યાપરક છે અને બાકીનાં ૨૧૩ વિવિધ વિષયોના છે.

૧ : આયુર્વેદ : આ સૂક્તોમાં માનવશરીરનાં પગથી મસ્તક લગીનાં અંગોનાં નામ સાથેનો અભ્યાસ છે; રોગોમાં તાવ, ગંડમાલ જેવા સાધારણ અને કુષ્ઠ, ક્ષય જેવા ભીષણ રોગોનાં વર્ણન છે; ઔષધિઓનાં નામો છે; જલચિકિત્સા, સૂર્ય-કિરણ-ચિકિત્સા વગેરેના ઉલ્લેખો છે.

૨ : રાજધર્મ : આ સૂક્તોમાં વિશુદ્ધ પ્રજાતંત્રાત્મક રાજવ્યવસ્થાનો નિર્દેશ છે. (દા. ત. રાજાની ચૂંટણી કરવી. ત્વાંવિશો વૃણતો રાજ્યાય ૩/૪/૨); અભિષેક વખતે રાજા (રાષ્ટ્રપતિ) પ્રજાજનોને વિશ્વાસ આપે છે : 'હું રાષ્ટ્ર-જનોમાં સદાકાળ એમના પોતાના ઉત્તમ વિશ્વાસનું પાત્ર રહીશ.' (૩/૫/૨); રાજ્યશાસન માટે રાષ્ટ્રસભા અને પ્રચાર-સમિતિના ઉલ્લેખ પણ સ્પષ્ટ છે. (૭/૧૩/૧); આ બધાં વચ્ચે સુમેળ રાખવાની ભાવના રાષ્ટ્રપતિ જાહેર કરે છે : 'હું રાષ્ટ્રહિત અર્થે એમનાં (રાષ્ટ્રસભા અને સમિતિનાં) જ્ઞાન અને શક્તિનો ઉપયોગ કરીશ.'

૩ : સમાજવ્યવસ્થા : વૈદિક સંસ્કૃતિમાં સમાજવ્યવસ્થાનો પાયો વર્ણાશ્રમવ્યવસ્થા છે. આ વર્ણાશ્રમ-વ્યવસ્થા અંગે અથર્વવેદમાં ઘણું બધું કહેવાયું છે તે જગજાહેર પણ થયેલ છે. તેથી અત્રે તેનો ઉલ્લેખ યોગ્ય નથી.

પરંતુ, આધુનિક સમાજશાસ્ત્રના સિદ્ધાન્ત અનુસાર સામાજિક જીવનનો મૂળ–ઘટક, કુટુંબ અથવા પરિવાર છે. અથર્વવેદના ત્રીજા કાંડના ૩૦મા સૂક્તમાં વેદકાલીન કુટુંબજીવનનું જે આદર્શ અને સ્પૃહણીય ચિત્ર અંકિત થયેલ છે તે આપણા અંતરને હમેશાં બોધ આપનાર નિષ્કલંકી અને સનાતન સત્ય જેવું છે. આ સંદર્ભમાં અથર્વવેદમાં આલેખાયેલા કેટલાક મંત્રો ઘણા ઉપયોગી થઈ પડશે. માતા, પિતા, પુત્ર, પતિ-પત્ની, ભાઈ-બહેન એ કુટુંબનાં મુખ્ય અંગો છે. તે સૌનો પરસ્પર સંબંધ દર્શાવતાં અથર્વવેદ કહે છે :

'પુત્ર, પિતાનો અનુગામી અને માતાના મનને અનુકૂળ વર્તન કરનારો બને. પતિ-પત્ની પરસ્પર મિત-ભાષી બને. ભાઈ-ભાઈ વચ્ચે, બહેન-બહેન વચ્ચે કે ભાઈ-બહેન વચ્ચે કદી કોઈ પ્રકારનો દ્વેષ કે ઝઘડો ન થવો જોઈએ.'

આવા એકમ(ઘટક)થી આગળ, ઉચ્ચતર ભાવનાથી સામાજિક જીવનનું ચરિત્રણ કરતાં અથર્વવેદ કહે છે :

'તમારું ખાન-પાન, ભોજન, પહેરવેશ વગેરે સમાન થાઓ. આથી આપણા સામાજિક જીવનમાં પ્રેમનો સંચાર થશે.'

'સહૃદય અને સમાન મનવાળા બનો. પરસ્પર દ્વેષ ન કરો. ગાય જેમ પોતાના નવજાત વાછરડાને ચાહે છે તેમ સૌ પરસ્પર એકબીજાને ચાહો.'

અથર્વવેદમાં આવું આદર્શ સામાજિક જીવન બનાવવા માટે નિર્દેશ થયેલો છે.

૪ : અધ્યાત્મવાદ : ઋગ્વેદનું મુખ્ય દર્શન અહીં વધુ સ્ફુટ છે. આ વેદમાં બહુદેવવાદનું નિરાકરણ કરીને એકેશ્વરવાદની સ્પષ્ટ સ્થાપના જોવા મળે છે. દા. ત. ઇન્દ્ર, મિત્ર, વરુણ, યમ, આદિ અલગ અલગ દેવતા નથી, એ સૌ ગુણભેદે કરીને પરમાત્માનાં જ નામ છે. એક જ બ્રહ્મતત્ત્વને પંડિતો વિવિધ નામે બોલે છે. (એકં સદ્ વિપ્રા બહુધા વદન્તિ) વગેરે (૯/૧૦/૨૮). વળી, સૃષ્ટિવિજ્ઞાનમાં ઈશ્વર, જીવ અને પ્રકૃતિ આ ત્રણેને નિત્ય પદાર્થ તરીકે વર્ણવેલા છે. તેનું આલંકારિક વર્ણન : "સમાન રૂપ સાથે રહેવાવાળાં બે મિત્ર પક્ષી એક સમાન વૃક્ષ પર બેઠાં છે; એમાંનું એક એનાં સ્વાદિષ્ટ ફળને ખાય છે, બીજું નહીં." (૩/૯/૨૦). આ વૃક્ષ તે પ્રકૃતિ છે, બે પક્ષીઓ તે ઈશ્વર અને જીવ છે. પરંતુ અંતે તો, આ ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો એ જ જીવાત્માનું પરમ લક્ષ્ય છે (૯/૧૦/૧૮). જેને આ જ્ઞાન નથી એને માટે વેદાદિ સર્વ વ્યર્થ છે; અને પરમાત્માનો સાક્ષાત્કાર થતાં જીવ પરમાનન્દરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે (૧૦/૮/૪૪).

અથર્વવેદે પોતાને વેદની માતા અને દેવના કાવ્ય તરીકે ઓળખાવેલ છે (૧૦/૮/૩૨). કાવ્યનો આત્મા રસ છે. અને રસને સર્વોત્તમ આનન્દાનુભૂતિ રૂપ બ્રહ્માનન્દ-સહોદર તરીકે માનવામાં આવેલ છે.

સાહિત્યમાં અભિનવગુપ્તના રસ સમ્પ્રદાયનું આદિ મૂળ સંભવતઃ આ જ હોય : "રસેન તૃપ્તો ન કુતશ્ચનોન : (૧૦/૮/૪૪). આ ગ્રંથમાં શૃંગાર અને પ્રકૃતિ-વર્ણનનાં પણ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

## બ્રાહ્મણ સાહિત્ય

મૂળ વેદો(સંહિતા)ના અધ્યયનાર્થ સાહિત્યમાં 'બ્રાહ્મણ' ગ્રંથોનું સ્થાન મહત્ત્વપૂર્ણ છે. એમાં મંત્રોના અર્થજ્ઞાન માટે કરેલાં પ્રવચનો છે. સ્વર્ગ(મોક્ષ)નું દાન કરનારા યજ્ઞ-યાગાદિનું સવિસ્તર વિવરણ છે. બ્રાહ્મણ ગ્રંથોના બે પ્રકાર છે : એક 'કર્મ-બ્રાહ્મણમ્'. તેમાં કર્મોનું વિધાન છે અને કયા મંત્રનો ઉપયોગ ક્યાં કરવો તે દર્શાવેલું છે. બીજો પ્રકાર 'કલ્પ-બ્રાહ્મણમ્'. તેમાં મંત્રોના પાઠ માત્ર છે.

ચારે વેદોની અંદર લગભગ ૧૬ બ્રાહ્મણોનો સમાવેશ છે. તેમાંના 'કૌષીતકી'માં પુનર્જન્મના સિદ્ધાન્તનું વિવરણ છે; તો 'શતપથ'માં મોક્ષશાસ્ત્રનું છે. એમાં સામ્રાજ્યો, ઋષિઓ તથા રાજાઓનાં વર્ણનો છે. 'તૈત્તિરીય બ્રાહ્મણ'માં અશ્વમેધ વગેરે યજ્ઞોનાં વર્ણન છે. 'તાણ્ડ્ય-બ્રાહ્મણ'માં સોમયજ્ઞોનું વર્ણન છે, જેનો પ્રચાર નર્મદાના ઉત્તર પ્રદેશમાં વિશેષ છે. 'ષડ્વિંશ-બ્રાહ્મણ'માં પ્રાતઃસાયં ઉપાસનાનાં વિધાન છે; 'દૈવત્-બ્રાહ્મણ'માં વૈદિક છંદોનું વર્ણન છે, અને અનેક શબ્દોની સમજૂતી છે; 'જૈમિનીય બ્રાહ્મણ' કર્ણાટકમાં વધુ પ્રચલિત છે, અને 'ગોપથ-બ્રાહ્મણ' ગુજરાતમાં, એવા ઉલ્લેખો મળે છે. યોગસૂત્રોના કર્તા મહામુનિ પતંજલિ (ઈ. સ. પૂ. બીજો સૈકો)ના કથન મુજબ, 'કાઠક' અને 'કાલાપક' બ્રાહ્મણ ગામેગામ પ્રસિદ્ધ હતા; 'ચરક બ્રાહ્મણ' 'શ્વેતાશ્વતર બ્રાહ્મણ', 'મંત્રાયણી', 'જાબાલ', કંકતિ, ગાલવ, શંખાયન વગેરેના ઉલ્લેખો મળે છે.

આ બ્રાહ્મણ-ગ્રંથો ઉપરના ભાષ્યકારોમાં ગોવિન્દસ્વામી, મેધાતિથિ, હરિસ્વામી, સાયણ, ઉવટ, નીલકંઠ, ભવસ્વામી, ભાસ્કરમિશ્ર ઇત્યાદિ છે.

યજ્ઞનો અર્થ ત્યાગ પણ થાય છે. અને ત્યાગ દ્વારા ઉપભોગની ભાવના (ગીતાકથિત) પણ આ ગ્રંથોમાં સ્ફુટ છે.

## આરણ્યક

વૈદિક કાળમાં યજ્ઞયાગાદિનું માહાત્મ્ય પાર વિનાનું છે. સંસ્કાર અને સંસ્કારમુક્તિ બંનેના સાધનરૂપ યજ્ઞ-કર્મ (ત્યાગ, સંયમ દ્વારા કર્મ) ઉપર ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો છે. પરંતુ, સમય જતાં કર્મકાંડમાં ત્યાગ-સંયમની અને દેવતાની સ્તુતિ-પ્રાર્થનાની ભાવના ઘસાતી ગઈ અને યજ્ઞો લાખો પશુઓનાં બલિદાનનો ભોગવિલાસનો સમારોહ બની ગયા. એથી આઘાત પામીને કેટલાંક કુટુંબોએ અરણ્યોનું શરણ લીધું. નાના નાના આશ્રમો ઊભા થયા. ત્યાં તેમણે શુદ્ધ યજ્ઞાનુષ્ઠાનની પ્રણાલી ચાલુ રાખી. સંસારનાં સ્થૂલ કર્મકાંડને બદલે અહીં સૂક્ષ્મ યજ્ઞની પ્રણાલી બંધાઈ; અને, કર્મકાંડની સાથે જ્ઞાનકાંડનો અનુબંધ પ્રત્યક્ષ થયો.

## ઉપનિષદ

આરણ્યકોની અર્ધસ્ફુટ જ્ઞાનવાણી મુખરિત બની ઊઠી ઉપનિષદોમાં—જેનું વિવરણ આ ગ્રંથના પ્રથમ પ્રકરણમાં છે.

*

ટૂંકમાં, સ્થૂલ જગતની સૂક્ષ્મ જગત તરફ આગળ વધવાની પ્રવૃત્તિ સંહિતાઓ અને બ્રાહ્મણગ્રંથોમાં અંકુર રૂપે હતી તે આરણ્યકોમાં અર્ધસ્ફુટ બની, અને ઉપનિષદોમાં પ્રફુલ્લી ઊઠી.

**[પબ્લિકેશન ડિવિઝન પ્રકાશિત પુસ્તિકાના આધારે]**

# આદિ આર્યો-અનાર્યો

| | | | |
|---|---|---|---|
| * આર્યોનો અફઘાન પ્રવેશ | : ઈ. પૂ. ૨૫૦૦થી ૨૦૦૦ | * વેદ-સર્જનકાલ | : ઈ. પૂ. ૧૮૦૦થી ૧૫૦૦ |
| * આર્ય-ભારત-પ્રવેશ | : ઈ. પૂ. ૨૦૦૦થી ૧૮૦૦ | * વેદ-સંકલનકાલ | : ઈ. પૂ. ૧૫૦૦થી ૧૨૦૦ |

**ભાષાસામ્ય**

| અવસ્તા | વૈદિક | અવસ્તા | વૈદિક |
|---|---|---|---|
| તત્થ્વા | તત્ ત્વા | મજ્દા | મેધિષ્ઠ |
| પેર્શ એર્સ | પૃચ્છા ઋજુ | વશ્મી | વશ્મી |
| મોઈ વોચા | મા વચ | અન્યાસા | અન્યા ચા |
| અહુરા | અસુર | વીદ્યે | વિદે |
| તા ચીત્ | તા ચિત્ | | |

**દેવતાસામ્ય**

| | | | |
|---|---|---|---|
| ઈન્દ્ર | ઈન્દ્ર | નાઓનહઈથ્ય | નાસત્ય |
| વાયુ | વાયુ | વેરેથ્રઘ્ન | વૃત્રઘ્ન |
| મિદ્ર | મિત્ર | | |

**ઋગ્વેદકાલીન ભારતની ભૌગોલિક સીમાઓ**

પશ્ચિમે કુભા (કાબુલ), ક્રમુ (કુર્રમ), ગોમતી (ગોમલ), સુવાસ્તુ (સ્વાત) નદીઓ (અફઘાનિસ્તાન ભારતવર્ષમાં હતું).

પંજાબની પાંચ નદીઓ: સિન્ધુ (સિન્ધ), વિતસ્તા (જેલમ), અસિક્ની (ચિનાબ), પરુષ્ણી (ઇરાવતી વા રાવી), વિપાસ્ (વ્યાસ), શતદ્રુ (સતલજ), ઉપરાંત સરસ્વતી, યમુના અને ગંગા.

૨ : **વૈદિક જનપદો** : ગાંધાર : પંજાબનો વાયવ્ય પ્રદેશ

મૂજવંત : પંજાબની ઉત્તરે

અનુ, દ્રહ્યુ, તુરવશ } રાવી તટે

પુરુ, ભરત } મધ્યદેશ (સપ્તસિંધુ પ્રદેશની મધ્યમાં) : પાછળથી આ બેઉ 'કુરુ'ઓમાં ભળી ગયેલાં.

**આર્યોનું પ્રદાન** : (૧) દેશ પર વિજય; (૨) ઉપનિવેશીકરણ દ્વારા એકીકરણ; (૩) નવી સંસ્કૃતિ. (એકીકરણ પછી જ અનાર્ય પર સંપૂર્ણ પ્રભુત્વ)

[પુરોહિતો—ઋષિઓનું યુદ્ધમાંય નેતૃત્વ!]

**આર્ય-પરિચય**

—ગોરા + રૂપાળા નાકવાળા
—કર્મકાંડી
—સંસ્કૃત (વૈદિક) ભાષાવાળા
—વૈદિક દેવો

**અનાર્ય-પરિચય**

—કાળા + ચીબા
—અકર્મન/અમન્તુ/અમાનુષ
—મૃધ્ર-વાક્
—અદેવયુ

| | |
|---|---|
| –ભક્તિ | –અબ્રહ્મન્ (ભક્તિરહિત) |
| –યજ્ઞ | –અયજ્વન્ (યજ્ઞરહિત) |
| | –અવ્રત |
| | –દેવનિંદક (દેવપીયુ) |
| | –લિંગપૂજક (શિશ્નદેવ) |

**એકીકરણ પછી જ અનાર્યો પર સંપૂર્ણ પ્રભુત્વ. તેથી ઋગ્વેદકાળમાં આર્ય-અનાર્ય સંઘર્ષ ખાસ નહીંવત.**

**∴ આર્ય+દાસ સૌ માતૃભૂમિના પુત્રો!**

**રીતરિવાજ**

–ક્ષત્રિયોમાં નરબલિ; અનુમરણ (સતી)
–અનાર્યોમાં 'યોગ' (?)
–અનાર્યોમાં 'બલિ' (?)
–વિધવાવિવાહ નહીં (પરંતુ અપત્યરહિત પુરુષની વિધવાનું દિયેર સાથે લગ્ન)
–યજ્ઞોમાં પત્ની પતિની સહભાગિની

**[રાધાકુમુદ મુખરજી કૃત 'હિંદુ સભ્યતા'ના આધારે]**

*

## આર્યો-રાજન્યો

દિવોદાસ: અનાર્ય જાતિઓ સામેના વિજયી આર્ય નેતા તરીકે દિવોદાસ ઋગ્વેદ-ખ્યાત છે. વળી, પ્રજાતંત્રો (જનપદો) સાથેના આંતરિક સંઘર્ષો પણ તેને ખેડવા પડેલા. દિવોદાસના મુખ્ય પુરોહિત (પ્રધાન મંત્રી) ભરદ્વાજે દિવોદાસના પરાક્રમ-પ્રભાવનું વર્ણન કરતાં શમ્બર સામેના મહાયુદ્ધમાં લાખેક દસ્યુઓની હત્યા કર્યાનો ઉલ્લેખ છે.

દિવોદાસે પહાડના દસ્યુઓનો નાશ કરીને આર્યો માટે સપ્તસિંધુ પ્રદેશ સુરક્ષિત કર્યો હતો; હિમાલયની સમૃદ્ધ ચર-ભૂમિ અને ઉપત્યકાઓની ખીણોના માર્ગ પણ ખોલી આપ્યા હતા. ઉપરાંત, સિંધુથી સરસ્વતી સુધીના આર્ય-જનપદોમાં એકતા સ્થાપી હતી. જોકે, સશસ્ત્ર વિજયોનું શ્રેય દિવોદાસને હોય, તો આર્યોની સાંસ્કૃતિક એકતાનું શ્રેય ભરદ્વાજને છે. તેમણે ઇન્દ્રાદિ દેવતાઓને વિજય માટે પ્રાર્થ્યા હતા!

સુદાસ: મહાપ્રતાપી દિવોદાસનો પુત્ર સુદાસ: 'બાપથી બેટો સવાયો' હતો. બાપના મરણ બાદ જ્યારે જનપદોએ ફરી માથું ઊંચું કર્યું ત્યારે પિતાથીય અધિક યુદ્ધો ખેલવાં પડેલાં. તેમાં સૌથી પ્રખ્યાત દાશરાજ્ઞ યુદ્ધ છે. ઋગ્વેદમાં આને અંગે ઘણી સામગ્રી પડેલી છે. સુદાસના પુરોહિત વસિષ્ઠે એક આખું સૂક્ત રચ્યું છે (૭/૧૮).

–પૃથુ અને પથુ જનપદો સુદાસના પક્ષે હતાં; ઉપરાંત, અનેક પુરોહિતોનો સાથ હતો. વસિષ્ઠ મુખ્ય પુરોહિત (પ્રધાન મંત્રી) હોઈ, યુદ્ધના મુખ્ય સૂત્રધાર હતા; કદાચ જમદગ્નિ પણ. પાછળથી વિશ્વામિત્રે વસિષ્ઠનું સ્થાન લીધું; અને દાશરાજ્ઞ યુદ્ધમાં તેઓ તથા તેમનું કુશિક જનપદ સુદાસનાં સહાયક હતાં.

વસિષ્ઠની વિશેષતા એ હતી કે કેવળ આર્ય જનપદો જ નહીં, અનાર્ય દસ્યુઓનાં જૂથ પણ એમનાં કૃપાપાત્ર હતાં. હકીકતે, સુદાસને અનાર્યો કરતાં આર્યોની સામે વધુ ટક્કર લેવી પડી હતી. આ વિજય બાદ, વસિષ્ઠના ઉત્તરાધિકારી વિશ્વામિત્રે સુદાસને અશ્વમેધ કરાવ્યો.

સુદાસના સમયમાં સપ્તસિંધુના આર્યોનો ચરમ ઉત્કર્ષ થયાનું જણાય છે. આ સમયે સૌથી શ્રેષ્ઠ ઋષિઓ પેદા થયા. આર્ય જનપદો વચ્ચેના વિખવાદનો અંત લાવીને સુદાસે સપ્તસિંધુ પ્રદેશને એકછત્ર બનાવ્યો; અને જમુનાની પૂર્વે આર્યોના પ્રસારનો રસ્તો ખોલી આપ્યો.

## આર્ય જનપદો

(અનાર્ય શત્રુઓનો પરાજય કરીને પાંચ જનપદોની સ્થાપના કરવામાં આવી હતી.)

૧ : પુરુ : –ઋગ્વેદ પૂર્વે: પરુષ્ણી (રાવી) નદીના પૂર્વપ્રદેશોમાં નિવાસ;
–ઋગ્વેદના સમયમાં શાખાઓ : ભરત, ત્રિત્સુ, કુશિક (આરંભમાં ત્રણે વચ્ચે સહકાર; પાછળથી સંઘર્ષ-વિનાશ.)
–ભરતના પુરોહિત ભરદ્વાજ; –કુશિકના નેતા વિશ્વામિત્ર સુદાસના પરમ સમર્થક.
(ભરતો સપ્તસિંધુની એકતા માટે મથ્યા ત્યારે યદુ અને તુર્વશે સામનો કરેલો).

૨ : યદુ : –ઋગ્વેદના સમયમાં સપ્તસિંધુના પશ્ચિમ પ્રદેશમાં નિવાસ (પુરુ સાથે દુશ્મની : તુર્વશ સાથે મૈત્રી)
–યદુઓ તથા તુર્વશોના પુરોહિત કણ્વ અને તેનો પુત્ર વત્સ (જોકે, અગસ્ત્ય ઋષિ પણ બંનેના સમર્થક !)
(ત્યારે, તેમના જ ભાઈ (?) વસિષ્ઠ આ બંનેના વિરોધી રાજન્ સુદાસના સમર્થક !)

૩ : તુર્વશ : –સતલજની પૂર્વના પ્રદેશમાં નિવાસ;
–યદુઓ સાથે મૈત્રી : બંનેના પુરોહિત કણ્વ.
–યદુ અને તુર્વશ ભરતોના પ્રતિદ્વન્દ્વી.

૪ : દ્રુહ્ય : –પુરુ-તુર્વશની નજદીક દ્રુહ્ય-અનુનાં જનપદ;
–ભૃગુ ઋષિ તેમના પુરોહિત.

૫ : અનુ: –દ્રુહ્યુઓના જોડીદાર; પુરુષ્ણી(રાવી)ના પશ્ચિમે વિતસ્તા (જેલમ) સુધી ફેલાયેલ.
–દ્રુહ્યુઓ, અનુઓ તથા પુરોહિત કુળના ભૃગુઓએ મળીને ભરતકુળના સુદાસ પર આક્રમણ કરેલું; પુરુષ્ણી (રાવી) નદી પાર કરીને ભરતોની ભૂમિ પર પહોંચી ગયેલા. પરંતુ તેમનો પરાજય થયો અને છાસઠ હજાર મરણશરણ થયા.

આ ઉપરાંત, બીજાં પાંચ જનપદો છે :

'પક્થ', 'ભલાન', 'અલિન', 'વિષાણી' તથા 'શિવ' : આમ કુલ દસે જનપદો સુદાસની મહત્ત્વાકાંક્ષા સામેના યુદ્ધમાં રણે ચડેલાં. આ યુદ્ધ ઋગ્વેદ આદિ ગ્રંથોમાં 'દાશરાજ્ઞ યુદ્ધ' તરીકે પ્રસિદ્ધ છે. (દસમું જનપદ 'શિવ' તે જેલમની પશ્ચિમે કદાચ શિવિ પ્રદેશ; એના નામનો એક અભિલેખ શોરકોટમાં મળ્યો છે).

બીજાં પણ પંદરેક જનપદોના ઉલ્લેખો જોવા મળે છે.

## અનાર્ય જાતિઓ (દસ્યુ)

૧ : પણિ : –પણિ: મૂળ પણ્ય = વિક્રેય વસ્તુ; અને 'આપણ' એટલે બજાર; એટલે કે વણિક–વેપારી–ધનાઢ્ય. મુખ્ય સિંધુ–જાતિ. સૌથી પ્રથમ આર્યો સાથે અથડામણમાં;
–ઋગ્વેદમાં પણિઓનો ઉલ્લેખ વારંવાર આવે છે.

૨ : શૈમ્બરીય (પહાડી) : આર્યો સામે ટક્કર ઝીલનારી જાતિ;

૩ : મોનખ્મેર (કિરાત) : મૂળ હિમાલયવાસી; પશ્ચિમમાં અમ્બાથી લઈ પૂર્વે આસામની નાગભૂમિ સુધી; આગળ બર્મા-થાઈ થઈને હિન્દી-ચીન સુધી, વિસ્તરેલી;
–(જોકે ઋગ્વેદમાં ઉલ્લેખ નથી) આ જાતિની ચામડી કાળી નહીં, પીળી હતી. ઋગ્વેદમાં આ જાતિનેય

કાળી કહે છે; કેમ કે આર્યો ગૌર વર્ણના હોઈને એમને માટે બેઉ શ્યામ જ ગણાતા. આર્યોએ એમના દુર્ગો હલ્લો કરી છીનવી લીધેલા.

## અનાર્ય સેનાનાયકો

અનાર્ય – દસ્યુ જાતિના સેનાનાયકો જેમણે આર્યો સામે પરાક્રમી યુદ્ધો ખેલ્યાં હતાં તે શુમુરિ, ધુનિ, પિપ્રુ, શમ્બર, શુષ્ણ, વૃષશિપ્ર; કુયવ, વૃત્ર, અશુષ, વ્યંસ, રુધિક્રા; બલ્બૂત (એક સજ્જન દસ્યુ જેણે વશ અશ્વ-પુત્રને સો 'દાસ'નું દાન આપ્યું હતું).

## દસ્યુહન્તા આદિ આર્ય રાજાઓ

(જનતંત્રના વિનાશ બાદ)

૧ મનુ : આર્યોના સર્વપ્રથમ રાજવી : દસ્યુ-અનાર્યોને પરાજય આપનારા તરીકે ઋગ્વેદમાં ઉલ્લેખ;

૨. પુરૂરવા : વીર અને રંગીલા રાજા તરીકે ઋગ્વેદમાં ઉલ્લેખ;

૩. નહુષ : વશિષ્ઠ અને હિરણ્યસ્તૂપ આંગિરસે તેનો ઉલ્લેખ પ્રજાઓ પાસેથી બલિહૃત (શુલ્ક) પામનારા પ્રજાપતિ તરીકે કરેલ છે.

૪. યયાતિ : નહુષનો પુત્ર, તેની પાસે મનુ તથા અંગિરા આવતા હતા, એવા ઉલ્લેખો છે.

૫. માન્ધાતા : 'દસ્યુહન્તા' તરીકે ઉલ્લેખિત છે.

**[મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન કૃત 'ઋગ્વેદિક આર્ય' ઉપરથી]**

# વેદ-આસ્વાદ

## સ્તવન

समानी व आकूतिः समाना हृदयानि वः।
समानमस्तु वो मनो यथा वः सुसहासति।

'તમારા અભિપ્રાય એક સમાન હો; તમારાં હૃદયો એકસરખાં હો; તમારાં મન સમાન મનન કરતાં રહો, જેથી તમો પરસ્પર સાથસહકારથી રહી શકો.' (ઋ. પુ. ૧, પા. ૪)

'સૌનું કરો કલ્યાણ દયાળુ પ્રભુ!
સૌનું કરો કલ્યાણ.
બધાંનું ભલું થાઓ, બધાંનું હિત થાઓ.' (ઋ. પુ. ૧, પા. ૫૮)

'હે અગ્નિ, પક્ષીને પાંખો હોય એમ જ જુદા જુદા સ્વરૂપના અગ્નિઓ તો તમારી પાંખો છે. તમે વૃક્ષ છો, ને એ અગ્નિઓ તમારી શાખાઓ છે. તેને જ કારણે તમે વૈશ્વાનર દેવ છો. તમે તો વિશ્વની પ્રજાની નાભિ છો. આ ઘરની વચમાં ઊભેલા થાંભલાની જેમ તમે તો બધા જનોના આધાર છો.

'ખરેખર, આ વૈશ્વાનર અગ્નિ તો દ્યુલોકનું મસ્તક છે, પૃથ્વીની નાભિ છે અને તે બે આકાશોને જોડનાર છે. હે વૈશ્વાનર, તમે સૌ જનોનાં કલ્યાણ કરો છો, એ જાણીને તો બધા દેવોએ તમને પ્રગટ કર્યા છે. તમે તો બધાય લોકોને માટે કલ્યાણના માર્ગો બતાવ્યા છે.

'આ વૈશ્વાનર તો વિશ્વના કૃષ્ટિ — ખેડૂતજન છે. એ તો વિશ્વના પ્રજાજન છે. કલ્યાણના અનેરા ભાવથી તેમણે આ સ્થાન મેળવી લીધું છે.

'ભક્તોના હૃદયમાં સદા જાગ્રત રહેનાર આ મધુરભાષી અગ્નિને અમારી કીર્તિ પ્રાપ્ત થાઓ. અમે યજ્ઞના ઋત્વિજો તો આગળ પ્રગતિ સાધનારા અને દીર્ઘ આયુષ્ય મેળવનાર માનવો છીએ. તે વૈશ્વાનર અમારા યજ્ઞમાં પ્રગટ થાઓ.'–ગોતમ પુત્ર નોધા (ઋ. પુ. ૧, પા. ૬૭)

'જે દેવરાજ ઇન્દ્ર શીઘ્ર ગતિ કરનાર, મહિમાવાન અને ગુણિયલ છે, તેમને મારાં આ મનનીય સ્તોત્ર અને મંત્રો અર્પણ કરું છું, જે અન્નની જેમ ઇન્દ્રને પુષ્ટ બનાવે છે. અમારાં આ સ્તોત્ર 'સામ'ના સાત સ્વરોની સાથે ગવાય છે, ત્યારે તો એ સામગાનની મધુરી ગીતિઓ વિશેષ સુંદર લાગે છે.

'હે બલવાન ઇન્દ્ર, જેમ હરિ — ઘોડાઓથી જોડેલા રથમાં તમે બેસો છો, એ જ રીતે ગોતમના પુત્ર નોધા ઋષિએ ખાસ કરીને તમારે માટે જ આ નવા સ્તોત્રની રચના કરી છે, તેમાં બેસીને વહેલી સવારે અમારા યજ્ઞોમાં આવી પહોંચો.

'હે નોધા ઋષિ, સારાં બળ મળે, ઉત્તમ યજ્ઞો થાય, સાચી સમજણ આવે, પરસ્પરના સાથસહકારથી કાર્યો થાય, એટલા માટે તમો અમોને સારાં વચનો — સૂક્તોથી ભરેલી પ્રાર્થનાઓ બનાવી આપો, જેથી મરુતો અમારી પર પ્રસન્ન થાય.

'હે ઋત્વિજો, જેમ જલની ધારાઓ સરખા પ્રવાહથી વહ્યા કરે છે, એમ જ અમારી આ સ્તોત્રવાણી અખંડ એકધારાએ ચાલે છે. જેમ કલાકાર અને કારીગર પોતાના કુશળ હાથથી અનેક સુંદર કળાઓની રચના કરે છે, એ જ રીતે આ કાવ્યની રચના મેં તમારા માટે તૈયાર કરી છે. તમે જ્યારે દેવોની સભામાં જઈને આ સ્તોત્રનાં ગાન કરશો ત્યારે તેના પ્રભાવને તમે જાણી શકશો; કારણ કે મેં ખૂબ જ સાવધાન થઈને ધીરજ રાખીને આ સ્તોત્રની રચના કરી છે.

'આ બધા ઋષિઓ મારા જનમના સાથીઓ છે. અને મારા અનેક જન્મોને તેઓ જાણે છે. તેનું કારણ એક જ છે કે, આ બધા ઋષિઓને તેમના જ જેવા દિવ્ય સ્વભાવના બીજા અનેક ઋષિઓની સાથે સંબંધ છે. એમ જ કહો ને કે, જન્મે જન્મે આ ઋષિઓ સાથે સહકાર સાધે છે અને પોતાના જેવા દિવ્ય સ્વભાવના બીજા અનેક ઋષિઓની સાથે સંબંધ જોડે છે.

'એમ જ કહોને કે, આ બધા ઋષિઓ દિવ્ય વાણીના સંબંધથી જોડાયેલા છે. અમારા આ જન્મ-જન્માંતરના સંબંધો એક માતાના પુત્રો — સગા ભાઈ જેવા છે. અને અમે બધા દેવોની સ્તુતિ કરીને તેમના સંબંધમાં પણ આવીએ છીએ.' — દિવોદાસપુત્ર પરુચ્છેપ (ઋ. પુ. ૧, પા. ૬૮)

'હે ઇન્દ્ર, જેમની મતિઓ ખોટે માર્ગે ગયેલી છે અને જેમના મનમાં વિકારો જાગ્યા છે, તેમના ખોટા મનોરથ તમે તોડી પાડો છો. સાચે જ તમે તો અમારા મનના પ્રેરક છો, માટે અમારા મનોરથો સારી રીતે ગતિ કરે, એવાં બળ આપો.' — અશ્વા વશ (ઋ. પુ. ૪, પા. ૪૮)

'હે દેવો, આ ત્રિત અને આ દ્વિત નામના ઋષિઓ આપને શરણે આવેલા છે, તેમને સ્વપ્નો પણ ખોટાં ન આવે એ રીતે તેમનાં રક્ષણ કરો; કારણ કે જાગતાં જેવા આહાર અને વિહાર હોય, તેની છાપ સ્વપ્નમાં પડે છે.' — ત્રિત આપ્ત્ય (ઋ. પુ. ૪ પા. ૪૮)

'આ શકુનિ પક્ષી તો આનંદવિભોર બનીને વારંવાર મીઠા મધુરા શબ્દો બોલે છે. હે ચકોર પક્ષી! તમે અમારે આંગણે આવી પહોંચ્યા છો, એથી અમારાં મંગલ થવાનાં!

'સાંભળો, ઋત્વિજો આપણે જેમ સ્તુતિવચનો બોલીએ અને ગીત ગાવા માંડીએ, એમ જ આ ચાતક પક્ષીઓએ ગાન શરૂ કરી દીધાં છે. હોતા સ્તુતિ કરે અને ઉદ્‌ગાતા ગીતિ ગાય, એ બંને પ્રકારની વાણી આ પક્ષીઓ બોલી રહ્યાં છે.' (સા. પુ. ૧, પૂઠા ૪ પરનું)

'ઓ માનવો, તમે બધા એક સમાન ભૂમિ પર આવીને ભેગા થજો; પરસ્પરનાં હિત કરનાર સંવાદ રચજો અને તમે બધા એકમેકનાં મનને સારી રીતે જાણી લેજો. પૂર્વકાળમાં દેવો આ રીતે જ એકઠા થઈ, સંવાદ રચી, મનની એકતા સાધી, પરસ્પરનાં સેવાકાર્યો કરતા હતા. એ જ રીતે તમે પણ પરસ્પરની સેવા કરતા રહેજો.

'ઓ માનવો, તમારાં મનન એકસરખા મંત્ર જેવા સિદ્ધ હો. તમારી સમિતિ સમાન હો, તમારાં મન અને ચિત્ત બંને એકસમાન હો, એકસમાન મંત્રણા સાધીને તમે પરસ્પરનાં કાર્યો કરો અને પરસ્પર આપલેના કરાર કરો, જેથી બંને હિતકારી બને.

'ઓ માનવો, તમારા હૃદયની ભાવના એકસરખી હો અને તમારાં હૃદયો ભાવથી સભર બનો. પરસ્પરનાં હિત માટે તમે જ સાહિત્યસામગ્રી તૈયાર રાખી છે; તેને કારણે તમારાં મન એકમત બનીને સહયોગ સાધતાં રહો.' — ઋષિ સંવનન (ઋ. પુ. ૫, પા. ૫૮)

## કથાનક

### કુમાર નચિકેતા

યમરાજ અને યમી પિતૃઓને વિવિધ ગતિઓ આપે છે. પિતૃલોકમાં નિવાસ કરતા યમરાજના દર્શન કરવા, કુમાર નામનો એક ઋષિ જઈ પહોંચે છે. તે યમરાજને ગુરુપદે સ્થાપે છે; માટે તે કુમાર યામાયન ગણાય છે. નચિકેતા તેનું પ્રસિદ્ધ નામ છે.

એ કુમારને પ્રલોભન બતાવતાં, યમરાજે જણાવ્યું : 'અહો કુમાર, તું મારી પાસે આવ્યો. હું તારી પર પ્રસન્ન થયો છું. મારે માટે દેવોના કારીગર ત્વષ્ટાએ એક નવો રથ તૈયાર કર્યો છે, જે આજ સુધી બનેલા રથો કરતાં જુદા જ પ્રકારનો છે. સાધારણ રથને ચક્ર જોડેલાં હોય છે, પણ આ રથને એકેય ચક્ર જ નથી. હા, તે નવા બનેલા રથને એક ઈષ ઘડવામાં આવી છે. તે રથની ગતિ બધે ઠેકાણે અબાધિત છે અને તે અત્યંત તીવ્ર ગતિએ બધે જ ફરી આવે છે. મારી મનકામના પ્રમાણે એ રથની રચના થઈ છે. એટલે માનોને કે મનોરથ એ જ આ પ્રકારનો નવીન રથ છે. આ રથ અને તેનાં સાધનો બધી જ કામનાઓ સફળ કરશે.'

યમરાજ જે રથનું વર્ણન કરતા હતા, તે કુમારની સમજણમાં ઊતરતું નહોતું. તેને હૈયે બીજી કોઈ કામના ન હતી. મૃત્યુલોક છોડીને યમરાજ પાસે પહોંચી ગયા પછી તેને બીજી કોઈ ઇચ્છા જાગી નહોતી. તેને અધિકારી ગણીને, યમરાજ સમજાવી રહ્યા હતા :

'અહો હે કુમાર, હું જે રથનું વર્ણન કરું છું; એ રથ બીજો કોઈ નથી, પરંતુ તારું મન છે. એ મનો-રથનો આશ્રય લઈને, તું મારી પાસે આવી પહોંચ્યો છે. પૃથ્વી પર જે જ્ઞાનીજનો છે તેમણે પોતાની બુદ્ધિની શક્તિથી અંતરિક્ષમાં રહેલા યમલોકને જાણી લીધો છે; પરંતુ તેં સાહસ કરીને આ લોકની મુલાકાત લીધી છે. હવે તું મૃત્યુલોકમાં પાછો જા, તારા પિતાને સાંત્વન આપ અને મારી પાસેથી મેળવેલ રહસ્ય-જ્ઞાનની વાત કર, તેથી તે તારી પર પ્રસન્ન થશે.' (ઋ. પુ. ૫, પા. ૨૬–૨૮)

## મૃત્યુંજય

મૃત્યુના દેવ યમરાજ પોતે ઋષિ ભરદ્વાજને લેવા આવ્યા. તેમની ઝૂંપડી પર ટકોરા કર્યા. ઋષિ તો સ્વાધ્યાયમાં ડૂબેલા હતા. તેમણે પૂછ્યું : 'અરે ભાઈ કોણ છે?' ઉત્તર મળ્યો : 'તમને ખબર નથી, હું મૃત્યુ છું, તમને લેવા આવ્યો છું? . . .' 'મૃત્યુ?' ઋષિને વિસ્મય થયું. 'મૃત્યુનો વિચાર મને આવ્યો નથી. મને એવી નવરાશની પળો મળી જ નથી, જ્યારે મને મરણનો વિચાર આવે.' 'તે તમે શું કરો છો?' મૃત્યુએ પૂછ્યું. 'હું તો સ્વાધ્યાય કરું છું. મારો આ સ્વાધ્યાય પૂરો થયો નથી.' એ સાંભળી મૃત્યુએ વિદાય લીધી. સ્વાધ્યાય કરતાં બીજાં સો વર્ષ વહી ગયાં ને મૃત્યુએ ફરી મુલાકાત લીધી. પણ ઋષિને મૃત્યુનો વિચાર આવ્યો ન હતો. મૃત્યુએ ફરી વિદાય લીધી. ત્યાં ત્રીજાં સો વર્ષ પૂરાં થયાં. ઋષિનો સ્વાધ્યાય પણ પૂરો થયો. તેમને મૃત્યુનો વિચાર આવ્યો. પણ જે મૃત્યુને બે બે વાર પાછું જવું પડે, તે શાનું આવે? એ મૃત્યુને પણ પોતાનું સ્વમાન છે, તે વગર બોલાવ્યું આવતું નથી.

ભરદ્વાજે મૃત્યુ પર વિજય મેળવીને ત્રણસો વર્ષનાં આયુ-જીવન મેળવી લીધાં. ત્રણસો વર્ષ પૂરાં થતાં, મૃત્યુ હાજર ન થયું. તો, ઋષિ જાતે મૃત્યુ પાસે પહોંચી ગયા. તેમણે પોતાની ઇચ્છા પ્રમાણે મૃત્યુને માગી લીધું ને મૃત્યુંજય બની ગયા. (ય. પુ. ૫, પા. ૪૬)

## કદ્રૂ અને સુપર્ણી

તૈત્તિરીય સંહિતા(૬, ૧, ૬)માં આ કથા છે; તે જ રીતે કાઠક સં. (૨૩, ૧૦; ૨૪, ૧), કઠકા પિપ્પલ સં. (૩૭, ૨) અને મૈત્રાયણી સં.(૩, ૭, ૩, ૪)માં આ કથા એકસરખી છે. શતપથ-બ્રા.(૩, ૨, ૪, ૧; ૩, ૬, ૨)માં બંને વચ્ચેના વિવાદની વાત પણ છે. તૈ.સં.ની મૂલકથાનું ગદ્ય ઘણું પ્રાચીન છે. વાક્યરચના સરળ અને સુગમ છે. કેટલાક શબ્દો અપરિચિત છે. મંત્રની જેમ તેનું શ્રાવણ કર્ણને મધુર લાગે છે.

કદ્રૂ અને સુપર્ણી એ બંને પોતાનાં રૂપની બાબતમાં હોડમાં ચડી ગયાં. તેમાં તે કદ્રૂ સુપર્ણીને જીતી ગઈ. તેણે કહ્યું : અહીંથી ત્રીજા દ્યુલોકમાં સોમ છે, તે લાવી આપ અને તે રીતે જાતને ખરીદી, છૂટી થા. (આ ધરતી એ કદ્રૂ છે અને દ્યો — આકાશ તે સુપર્ણી છે) સુપર્ણીએ તેના પુત્રો છંદોને કહ્યું કે તમે મને

ત્રણથી છોડાવો. તે પ્રમાણે પોતાના ચૌદ અક્ષરોને સાથે લઈ, જગતી છંદ ત્રીજા લોક તરફ ઊડીને પહોંચી ગયો. પરંતુ સોમ મેળવ્યા વિના જ તે છંદ પાછો ફર્યો. તેના બે અક્ષર ત્રીજા લોકમાં રહી ગયા; તેના બદલામાં તે છંદ પશુઓ અને દીક્ષાને લેતો આવ્યો. આને કારણે છંદોમાં જગતી પશુઓની સમૃદ્ધિમાં ઉત્તમ ગણાય છે. આને જ કારણે, જેની પાસે પશુઓની સમૃદ્ધિ હોય છે, તેને દીક્ષા નમીને પાસે જાય છે. આ પછી પોતાના તેર અક્ષરોની સાથે ત્રિષ્ટુપ છંદ ઊડીને દ્યુલોકમાં પહોંચી ગયો. સોમને મેળવી લીધા વિના તે પણ પાછો આવ્યો. તેના બે અક્ષરો રહી ગયા. બદલામાં દક્ષિણાઓ અને તપ લઈને તે પાછો આવ્યો. આને કારણે માધ્યંદિન સવન જે ત્રિષ્ટુપનો લોક કહેવાય છે, તેમાં ઋત્વિજોને દક્ષિણાઓ આપવામાં આવે છે. જે યજમાન પોતાની માલિકીનું ધન આપે છે, તેને તો બ્રહ્મવાદીઓ સાચે જ તપને નામે જાણે છે.

ત્યાર બાદ પોતાના ચાર અક્ષરોની સાથે ગાયત્રી છંદ ત્રીજા દ્યુલોકમાં ઊડીને પહોંચી ગયો. તે સાથે અજા — બકરીને અને જ્યોતિ — અગ્નિને લઈ ગયો હતો. તે ગાયત્રીને માટે અજાએ સોમને જીતી લીધો. આમ, અજયત્ વ્યુત્પત્તિથી અજાનું નામ સફળ થયું. ગાયત્રી સોમને તો લાવ્યો, સાથે જગતી અને ત્રિષ્ટુપના રહી ગયેલા ચાર અક્ષરો પણ લેતો આવ્યો. આને કારણે ગાયત્રી છંદ આઠ અક્ષરોની સંપત્તિથી યુક્ત છે.

બ્રહ્મવાદીઓ વિચારણા કરે છે. આમ તો, ગાયત્રી બધા છંદોમાં નાનો છંદ છે; તોપણ યજ્ઞને મોખરે તેને રાખવામાં આવે છે તેનું કારણ આ છે: એ ગાયત્રી છંદ સોમને લઈ આવ્યો હતો, માટે તે યજ્ઞના મુખે રહે છે અને તેને જ કારણે તે સર્વથી વધારે તેજસ્વી છે.

સ્વર્ગમાંથી લાવતી વખતે ગાયત્રીએ પોતાના બંને પગથી સોમનાં બે સવન પકડયાં હતાં અને મુખથી ત્રીજા સવનને. આને કારણે પ્રાતઃ સવન અને માધ્યંદિન એ બે સવન શુક્ર અને તેજસ્વી છે અને તે રસથી સભર છે. લોકો માને છે કે તેણે મુખમાં ત્રીજું સવન રાખ્યું હતું તેથી તેનો રસ ચુસાઈ ગયો લાગે છે. આને કારણે તો તે સવન ઋજીષ — નીરસ ગણાય છે. તૃતીય સવન વખતે ઋત્વિજો સોમના કૂચા નિચોવે છે, જેથી રહ્યોસહ્યો શુક્ર — રસ મળી આવે. તેમાં બીજા પદાર્થ મેળવ્યા વિના જ ગ્રહપાત્ર ભરવામાં આવે છે.

જ્યારે તે ગાયત્રી છંદ ત્રીજા લોકમાંથી સોમને હરી લાવતો હતો, ત્યારે રસ્તામાં ગંધર્વ વિશ્વાવસુએ તેની ચોરી કરી. આમ, ચોરીછૂપીથી તે સોમ ત્રણ રાત સુધી ગંધર્વ પાસે રહ્યો હતો. આથી ખરીદીને લાવ્યા પછી સોમને ત્રણ રાત્રિઓ સુધી દૃપદમાં રાખી મૂકે છે.

મુખ્ય દેવોએ જણાવ્યું : ગંધર્વો સ્ત્રીના ચાહક હોય છે. ચાલો આપણે સ્ત્રીને ધરીને સોમ ખરીદી લઈએ. દેવોએ વાણીને એક વર્ષની ગો વાછડી બનાવી અને તેનાથી સોમની ખરીદી કરી. હવે, ગંધર્વોની પાસે ગયેલી વાણીરૂપ વાછડીએ રોહિણીનું રૂપ ધારણ કર્યું અને ગંધર્વોથી છૂટીને ક્યાંક ચાલી ગઈ. આમ, રોહિતનો જન્મ થયો છે.

દેવોએ જણાવ્યું : એ ગાય તમારાથી છૂટીને ચાલી ગઈ છે, પણ તે અમારી પાસે પાછી આવી નથી. ચાલો આપણે તેને બોલાવીએ. એ પ્રમાણે સંતલસ કરીને ગંધર્વોએ બ્રહ્મ-મંત્રનાં ઉચ્ચારણ કર્યાં. ત્યારે દેવોએ સામનાં ગીત ગાયાં. દેવોને ગાન કરતાં સાંભળીને તે વાણી દેવોની પાસે આવી પહોંચી. આ ઉપરથી એક બાબત નક્કી થાય છે કે જે લોકો ગાન કરે છે તેને સ્ત્રીઓ ચાહે છે. આ વાણીના રહસ્ય જે જાણે છે, તેના તરફ સ્ત્રીઓ ચાહના ધરાવે છે. (ય. પુ. ૨, પા. ૬૪–૬૬)

## અભિપ્લવ ષડહ

'પણિઓ નામે અસુરો થઈ ગયા. દેવોએ જે ગાયો સુરક્ષિત રાખી હતી, તેના આ લોકો અપહરણ કરી ગયા. પૃથ્વીમાં જે રસાતલ પ્રદેશ છે, ત્યાં વલયમંડળ કરી તેની વચમાં તેમને રોકી રાખી. દેવોએ ગરુડ પક્ષીને બોલાવીને કહ્યું, 'હે સુપર્ણ — ગરુડ, અમારી ગાયો શોધી લાવ. જે રસાતલ પ્રદેશનાં વલય કરી, ગાયોને

રોકી રાખી હતી, તે સ્થાને ગરુડ પક્ષી પહોંચી ગયું. તેને ત્યાં જોઈ, પણિઓએ તેને આવકાર આપ્યો. તેને માટે સારાં મિષ્ટાન્ન તૈયાર કર્યાં: મીઠાં જલ, ઘી, દૂધ, આમિક્ષા (પનીર), દહીં જેવાં પીણાં તેને ધરી દીધાં.

એ પ્રકારનાં ખાનપાન મેળવી લીધા પછી ગરુડ ઊડીને દેવો પાસે પાછો આવી પહોંચ્યો. દેવોના રાજા ઇન્દ્ર તેની ચાલાકી સમજી ગયા. ગામને સીમાડે જે ખરાબ ભૂમિ છે, તે જગાએ તારો વાસ થશે. તારી ગીધયોનિ ગણાશે.

દેવોએ સરમાને બોલાવી વાત જણાવી. તે ચાલી નીકળી.

તે સાગરના પશ્ચિમ પ્રદેશ(રસા)માં પહોંચી ગઈ. પરંતુ તે ઊંડાં પાણી હોઈ તરી જવા પ્લવ — કૂદકા મારી તરવા લાગી. છેવટે તેની વિનંતીથી તે ભૂમિ છીછરી બની ગઈ. જ્યાં વલય રચીને ગાયોને ઢાંકી રાખી હતી ત્યાં સરમા પહોંચી ગઈ.

તેને ત્યાં જોઈ, પણિઓએ તેને આવકાર આપ્યો. તેને માટે સારાં મિષ્ટાન્ન તૈયાર કર્યાં, મીઠાં જલ, ઘી, દૂધ, આમિક્ષા (પનીર), દહીં જેવાં પીણાં તેને ધરી દીધાં. સરમાએ જણાવ્યું, 'તમારાં ધરેલાં મિષ્ટાન્ન ખાઈને હું દેવોને અપ્રિય નહીં બનું. ખોટું બોલીશ નહીં, લોભાઈશ નહીં.' આમ તેણે પણિઓએ આપેલ મિષ્ટાન્ન લીધું નહીં; પણ તે ખૂબ જ ભૂખી થઈ હતી. તેણે રસા (સાગર પ્રદેશ) પર પડેલ દૂધનાં ફીણ, તર જેવી ચીજ જોઈ લીધી, તે ચાટી ગઈ.

સરમાએ કશું ખાધું નહીં, પણ રસા પર પડેલી તર ચાટી ગઈ, તેની ખબર ઇન્દ્રને પડી ગઈ, તેમણે સરમાને લાત મારી, તર કાઢી નાખી. ત્યાર પછી જ તે સાચી વિગત આપી શકી.

ઇન્દ્રે તેને ધન્યવાદ આપતાં જણાવ્યું, 'તું અમારી ગાયોની શોધ કરી લાવી, માટે અમારી ગાયોમાંથી એક ભાગ તારી પ્રજાને મળશે.'

સરમાના ગયા પછી દેવોએ અભિપ્લવ — રસાતલ ઓળંગવા માટેનો પ્લવ — પુલ બનાવ્યો. દેવો તેથી રસાતલ પહોંચી ગયા અને ગાયો પાછી લાવ્યા. આમ, અભિપ્લવથી પાર પહોંચી ગયા, તે પરથી અભિપ્લવ ષડહ ગણાય છે.' (સા. પુ. ૩, પા. ૭૫–૭૬)

રહસ્ય: પણિઓ દેવોની ગાયો લઈ ગયા અને વલયમંડળ કરીને તેમને રસાતલ પ્રદેશમાં ઘેરી રાખી. અહીં વલ તે વલય — એકઠી કરવાના અર્થમાં છે. પણ બીજે ઠેકાણે વલ રાક્ષસનું નામ છે, જે (ચોરેલી) ગાયો પર ચોકી રાખતો હતો; ગાયોને ગુફામાં સંતાડી હતી. આ ગાયો કાંઈ ચોપગાં પ્રાણી નથી.

આ ગાયો તે સામાન્ય માનવીની મતિ છે, સૂઝ છે, જે ઘણી વખત દોરવાઈ જાય છે અને જૂથબંધીમાં અટવાઈ જાય છે, ત્યારે તે મતિઓ કશું કરી શકતી નથી.

વળી, ગીતમાં જોડાતા સ્વરને પણ 'ગો' કહે છે, જે લય અને તાલની સાથે સંવાદિતા સાધતાં મધુર લાગે છે. પણ વધારે પડતા લય અને તાલમાં અટવાઈ જાય તો ગીતની મૌલિકતા અટવાઈ જાય છે. સૂર્યની વાર્ષિક ગતિને અનુસરતાં કિરણો પણ ગો છે. અને ગવામયન એક સંવત્સર વર્ષ બને છે, તેની સાધના કે ઉપાસના માનવના હિત માટે છે; તેમાં પણ રૂઢ પ્રક્રિયા અને પદ્ધતિમાં અટવાઈ જવાય. એ તો સાગર ઓળંગવાનો છે, તેને માટે પ્લવ–અભિપ્લવ જોઈએ. તે છ પ્રકારનો છે: જ્યોતિ, ગો અને આયુ; ગો, આયુ અને જ્યોતિ. તે પ્રકાશ, આયુ તે જીવન અને ગો તે મતિ. આમાં મતિને માધ્યમ પદ મળી ગયું છે, તટસ્થ રહેનારી મતિ જ સાચી સૂઝ ધરાવે છે, તે એકાદ પક્ષમાં ચાલી જાય, તો સૂઝ-બૂઝ ગુમાવી બેસે છે.

દેવોની ગાયો શોધવા જનાર ગરુડ અને સરમા પણ પ્રતીક છે. ગરુડ તે ઝીણી ચાંચને કારણે તીક્ષ્ણ-બુદ્ધિ અને સરમા સૂંઘવાની શક્તિને કારણે સૂક્ષ્મ-બુદ્ધિ છે. તીક્ષ્ણ-બુદ્ધિ શોધ કરી શકે છે, પણ તે લાલચને વશ થઈ જાય, તો હિત પરોપકારનાં કાર્ય થાય નહીં. ઇન્દ્રના શાપથી ગરુડને ગીધ બનવું પડયું છે. આ ગીધને સંસ્કૃતમાં ગૃધ્ર — લાલચી કહ્યો છે. . . .

અભિપ્લવ પડહનું આ રહસ્ય છે. તે સાથે પૃષ્ઠ્ય પડહનાં છ ગાન : બૃહદ્, રથંતર, વૈરૂપ, વૈરાજ, શાકવર અને રૈવતનાં ગાનની સાથે વિવિધ પ્રકારના ઘોષ — અવાજની તુલના કરવામાં આવી છે. (સા. પુ. ૩, પા. ૭૭).

## સોમરસ

સોમ એક ઓષધિ — વનસ્પતિ છે, જે સાધારણ રીતે હરિયાળા પ્રદેશમાં થાય છે. તેને લાવી ખલદસ્તામાં કૂટી-પીસી તૈયાર કરો, તે સૂત-અભિષૂત સોમ બને છે અને તે ક્રિયાને અભિષવણ ક્રિયા કહે છે. અભિષૂત સોમને દ્રોણકલશમાં ભરે છે ને તેમાં દૂધ, દહીં, માખણ કે સાથવો મેળવી લીધા પછી ચાળણી-માં પરોવેલ ઊનના દોરાથી ગાળવામાં આવે; આ ચાળણીને દશાપવિત્ર અને ગાળવાની ક્રિયાને પવમાન કહે છે. એ પવમાન સોમને ગ્રહપાત્રો, ચમસો, કલશો વગેરેમાં ભરવામાં આવે છે. અને એ રીતે તૈયાર થયેલ શુદ્ધ, સંસ્કૃત પવમાન સોમની આહુતિઓ અગ્નિ, ઈન્દ્ર વગેરે દેવોને અપાય છે.

પવમાન સોમને શુદ્ધ સંસ્કૃત કરવાની ક્રિયાઓની સાથે સાથે ઋત્વિજો, ઉદ્ગાતાઓ, હોતાઓ, અધ્વર્યુઓ મંત્રો દ્વારા સ્તુતિઓ પ્રાર્થનાઓ ભણતા રહે છે.

આ પવમાન સોમની સ્તુતિપ્રાર્થનાઓ સાધારણ વર્ણનો જેવી નથી. તે સ્તુતિઓ સોમ વિશેના ઘણાં રહસ્યો બતાવે છે. આ સોમ ઓષધિ ઊંચા હરિયાળા પ્રદેશ પર મળવાને કારણે, તે ઊંચામાં ઊંચા સ્વર્ગમાં વસનારી દિવ્ય વિભૂતિ બને છે. બે ખલદસ્તાઓ પર પીસવા-કૂટવાની પ્રક્રિયા તો ઊંચા સ્થાન પર રહેનારી પ્રક્રિયા છે. અને વસતીવરી (રાતનું) જલ તો દિવ્ય અલૌકિક પાણી છે, જેના સહવાસે સોમમાં રસભર મદ અને મધુનાં મિશ્રણ થાય છે. એ જ રીતે દ્રોણકલશ તો સમુદ્રની જેમ વિશાળ છે અને ઊનના ધાગાથી એક એક ઈન્દુ ઈન્દુ (બિન્દુ બિન્દુ) તો ચંદ્રનાં કિરણોની તુલના લે છે.

આમ, સોમ સુધાંશુ, કલાનિધિ, મૃગાંક, ઓષધીશ, ચંદ્રમા, જૈવાતૃક, દ્વિજરાજ જેવાં નામ ધરાવે છે અને તે નક્ષત્રોના પતિ ચંદ્રની સાથે એક સ્વરૂપ મેળવે છે. અને તેથી તે ગંધર્વ ગણાય છે.

વેદ વિજ્ઞાનની નજરે જોઈએ, તો આખું વિશ્વ બે જ પદાર્થનું બનેલું છે : એક શુષ્ક અને બીજો આર્દ્ર — ભીનો પદાર્થ. શુષ્ક — સૂકા પદાર્થનું મૂળ અગ્નિ છે અને આર્દ્રનું મૂળ સોમ છે; એ રીતે અગ્નિષોમરૂપ જગત છે. (ઋ. પુ. ૪, પા. ૬૪)

*

પંડિત સાતવળેકરજી સોમ દેવતાનો પરિચય આપતાં दैवत संहितामां જણાવે છે કે,

'અહીં આપેલ સોમ, ઈન્દુ તે કલાનિધિ, કલાવાન છે, જે કારીગરી કલાઓ(આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ)થી યુક્ત કારીગર આર્ટિસ્ટ હોય, તે આજીવિકાનું સાધન સરળતાથી મેળવી શકે છે.

'આ કારીગરો પેટ ભરવા કે આજીવિકા નભાવવા માટે જ કારીગરી કરતા નથી, પરંતુ સમાજમાં કલાકારીગરીનું સ્થાન ઘણું ઊંચું છે, જે કાર્યો મંત્રદ્રષ્ટા ઋષિઓ અને કવિઓ પણ હર્ષભેર સ્વીકારી લે છે.'

શ્રદ્ધા, ભક્તિ, જીવનની સરળતા, સાદાઈ વગેરે ગુણો કારીગરના જીવનને ઉન્નત બનાવે છે, એ રહસ્યો પણ સૂક્તોના ઉપદેશ રૂપે નોંધપાત્ર છે. (ઋ. પુ. ૪, પા. ૮૦)

'જ્યારે કલાઓ પુરાય છે, ત્યારે ચંદ્ર ઊંચે ચડે છે, અને જ્યારે કલાઓ ઘટતી જાય છે, ત્યારે ચંદ્ર નીચે ઊતરે છે. તે ચંદ્ર કલાઓથી પરિપૂર્ણ થાય છે, ત્યારે સ્વર્ગલોકમાં જાય છે. તે સ્વર્ગલોકનો સ્પર્શ કરીને અન્ન બને છે. તે અન્ન સ્વાદ્ય — સારી રીતે ખાવા લાયક — સ્વાદુ મધુર પદાર્થ બને છે. અર્થાત્ તેને જ અમૃત

કહે છે, તે આ સોમરસ છે, જેનો આસ્વાદ દેવો લે છે. આ સ્વાદુ-સ્વાદુ પદાર્થ, એ તો ચંદ્રની કલાઓ છે, તે કલાઓ ઘટતી જાય છે અને ઊતરીને આ પૃથ્વીલોક તરફ આવે છે. આ પૃથ્વીલોક પર રહેલાં જલ ઔષધિઓમાં પ્રવેશ કરીને પોતાની જાતનાં સમર્પણ કરી, ઘટી જાય છે અને ફરીથી પુરાતાં તે સ્વર્ગલોકમાં ગતિ કરે છે.' (શા. પુ. ૩, પા. ૫૬–૫૭)

'જરૂર જરૂર, અગ્નિ તો વાણી છે ને ઇન્દ્ર પ્રાણ છે, તો સોમ મન છે. સોમની જેમ જ મનની કલાઓ, ઊર્મિઓ, વૃત્તિઓ વધે છે ને ઘટે છે.' (ઋ. પુ. ૪, પા. ૫૩)

'આ મદભર સોમરાજ સંગ્રામોમાં તો શત્રુઓએ રચેલા દુર્ગમ વ્યૂહોના રહસ્યમાર્ગોમાં ઘૂસી જાય છે અને પછી તો બધા માર્ગો ખુલ્લા પડી જાય એ રીતે હજાર હજાર ધારાઓથી આ સોમ શત્રુઓનાં બલ ભેદી પવમાન ગતિ કરી રહ્યા છે. એ સોમરાજ યજમાનોને મોટા મોટા યજ્ઞો કરવાની પ્રેરણા આપે છે.'

(ઋ. પુ. ૪, પા. ૫૮)

'હે ઋત્વિજો, તમે જાણો છો કે આ સોમરાજ પ્રસિદ્ધ છે, એ કાંઈ કોઈ સાધારણ ઔષધિ વનસ્પતિ નથી. તમારાં મનન કરેલાં સ્તોત્રોથી તે સોમરાજને પવમાન કરવાના છે. જેમ સંગ્રામમાં અનેરા વેગથી ચમકતો ઘોડો શત્રુઓના અંતરાયોને તરી જાય છે, એમ જ આ સોમરાજ રાક્ષસોએ ઊભાં કરેલાં વિઘ્નોને તરી જાય છે. જેવી રીતે કોક અનેરી કામદુધા ગોમાતાનું દૂધ ઇચ્છવા યોગ્ય છે, કારણ કે એ સ્વભાવે શુદ્ધ, પવિત્ર અને મધુરું હોય છે, એવી જ રીતે આ સોમરસ સહજ રીતે શુદ્ધ અને મધુર છે. જેમ કોક ઘોડો અત્યંત વેગીલો હોય, પરંતુ તેને સારા સંસ્કાર આપવામાં આવે તો તે સારથિને વશ રહીને રથમાં બેઠેલા રથીને સારે માર્ગે દોરી જાય છે, એમ જ આ સોમ પણ અત્યંત ઉત્સાહભરેલ ઊર્મિઓ અને પ્રેરણાઓને જગાડે છે. એ સોમના નિયમન-સ્તુતિ કરનાર કવિજનો છે.

'જુઓ ને, સોમયાગમાં સોમનાં સવન કરવા માટે, સોતા — ઋત્વિજો કેટકેટલાં સાધનો તૈયાર રાખે છે! સ્તુતિઓ ભણનારા અને અભિષવણ કરનારા ઋત્વિજો જેમ જેમ સોમને સંસ્કારો આપતા જાય છે, તેમ તેમ તે સોમને નવાં નવાં નામ મળતાં રહે છે. રાજા સોમનાં આ મીઠાં મધુરાં નામ કવિઓએ પોતાની મતિઓ રૂપી ગુફાઓમાં સંતાડી રાખ્યાં હતાં; જેમ જેમ એ સોમને અભિષવણ ક્રિયાઓ કરવામાં આવે અને દ્રોણ-કલશમાં ભરીને દશાપવિત્ર ગ્રહપાત્રોમાં ભરવામાં આવે, તેમ તેમ તે સોમરાજનાં ગુહ્ય ચારુ નામ જણાવા લાગે.

'હે સોમરાજ, તમને અમારી પ્રાર્થના છે કે, વેગીલા ઘોડાની જેમ તમે અમારી કામનાઓ પ્રમાણે અન્ન આપો. અમારા જીવનરૂપ પ્રાણને ગતિ આપો અને અમારાં ઘરમાં ગોધન વસાવો.' (ઋ. પુ. ૪, પા. ૫૯–૬૦)

'અહો, હે ઋત્વિજો, આ સોમરસની મોટી મોટી ધારાઓ વહી રહી છે. એ સોમની અંદર ગાયોનાં દૂધ, દહીં, માખણ મેળવી દીધા પછી, દ્રોણકલશમાં તેને રાખવામાં આવે છે. આ વખતે સામગાન ગાનારા ઉદ્‌ગાતાઓ લય અને તાલનાં મધુર સંયોજન કરી સામગાન કરે છે, તેથી આ સોમ વિશેષ પ્રસન્ન થાય છે. જેમ કોક પ્રિયજનને મળવા માટે વિશેષ ઉત્સાહ ધરાવે, એ જ રીતે આ સોમ યજમાનના સખા બનીને, તેની કામનાઓ પૂરવા ગ્રહપાત્રોમાં વેગથી આવી પહોંચે છે.

'હે પવમાન સોમ, શત્રુઓએ ઊભી કરેલી અડચણોને દૂર કરીને, તમે અમારી પાસે આવી પહોંચ્યા છો, જેમ કોક મીઠું મધુરું સંગીત ગાનાર પ્રિયજન પોતાની પ્રિયતમાને બોલાવે, એ જ રીતે મીઠાં મધુરાં સામગાનથી પ્રેરણા મેળવીને તમે એક એક ઇન્દુ — ચમકતા બિન્દુની જેમ દશાપવિત્રમાં પરોવાયેલી ઊનની દોરીમાંથી ટપકતા રહો છો. સાચે જ જેમ વનવૃક્ષોની શાખાએ શાખાએ પક્ષી ઊડતું રહે અને આનંદવિભોર બને, એમ જ આ સોમયાગમાં રાખેલાં જુદાં જુદાં પાત્રો, સાધનો, કલશોમાં મદમસ્ત બનીને આ સોમરસ આનંદવિભોર બને છે.' (ઋ. પુ. ૪, પા. ૬૧)

'હે અશ્વિનીકુમારો, જેમ કોક સ્વયંવરમાં ઉત્સાહી યુવાન પુરુષને વરવા ઇચ્છતી કોડીલી કન્યાના મનોરથો પૂરા કરવા કોક ઉત્સાહી યુવાન પહોંચી જાય, એવા જ ઉત્સાહથી તમે મારે આંગણે સોમપાન કરવા આવો.

'જેમ આકાશે ઊંચે ઊડતા બે હંસ ક્યાંક શુદ્ધ મોતીનો ચારો જોતાં નીચે ઊતરી આવે, એમ જ તમો બંને મારે આંગણે આવી પહોંચો.' (ઋ. પુ. ૪, પા. ૪૭)

## મનનો મહિમા

### કર્મકાંડ

યજુર્વેદનો મુખ્ય વિષય કર્મકાંડ છે, પણ તે કર્મના રહસ્યને ઉકેલે છે, તે તેની આગવી વિશેષતા છે. કર્મની અસર માનવીના મન પર થાય છે અને તે જીવનને ઉન્નત બનાવવામાં ઘણો મોટો ફાળો આપે છે.

'જે મનથી વિચારે છે, વાણીએ બોલે છે, તે કર્મ કરે છે.'

આ એક જીવનના આદર્શનું મંડાણ યજુર્વેદે કર્યું છે. એ રીતે યજુર્વેદના વિષયો મનોવિજ્ઞાનની નજરે આલેખવા જેવા છે. (ય. પુ. ૫, પા. ૫)

'માનવ વાણી બોલે છે, પણ તે વાણી ક્યાંથી જાગી, તેની ખબર પડતી નથી. તેનું એક કારણ એ છે કે, મનની અંદર જે વિચારતરંગ જાગે છે, જે મનોરથો ઊઠે છે, તેની ખબર પડતી નથી; પણ હૃદયની અંદર વસેલી દેવોની પ્રેરણાથી મંત્રવાણી જાગે છે, તે મંત્રવાણી રાષ્ટ્રભાવનાનું મૂર્ત રૂપ બનીને સ્તુતિ પ્રાર્થનામાં જાગે છે અને તે સર્વનાં હિત કરે છે.' (નેમ ઋષિ) (ઋ. પુ. ૪, પા. ૫૦)

આ યજ્ઞ શું છે? મનનો સંકલ્પ શિવરૂપ બને એ જ યજ્ઞ. 'મારું મન શિવસંકલ્પ હો,' આ ભાવનાને જ મૂર્ત બનાવવાની છે. જીવનમાં તે ભાવનાને ઘડવાની છે.

આ મનનો આટલો મોટો મહિમા છે તેની તો ખબર ન હતી: 'મન તો પરમ જ્યોતિ છે, મન પોતે પ્રજાપતિ છે, મન અગ્નિ છે,' એ ભાવને નજર સામે રાખીને ઋષિઓએ આ શિવસંકલ્પ સૂક્તનાં ગાન ગાયાં છે. (ય. પુ. ૩, પા. ૬૭)

સાચે જ, મારું જે મન છે, તે તો દિવ્ય જ્યોતિરૂપે છે, જેથી અંદર રહેલ અંતર્યામી આત્માના દર્શન થાય છે. હા, માણસ જાગતો હોય, તે દશામાં આ મન દૂર દૂર પહોંચી જાય છે. માણસ સ્વપ્નદશામાં હોય, ત્યારે પણ તે મન તો ઘણે દૂર ચાલ્યું જાય છે. હા, ગાઢ નિદ્રામાં તેની ગતિ થંભી જાય છે. આ રીતે મન તો આંખ, કાન વગેરે સાધારણ જ્યોતિઓ, તેમ જ સૂર્ય, ચંદ્ર વગેરે મહાન જ્યોતિઓ કરતાં પણ મહાન જ્યોતિરૂપ બને છે. આને કારણે મારી ભાવના છે કે મારું આ દિવ્ય મન શિવ — સર્વના કલ્યાણ કરવાની ભાવના — સંકલ્પ ધરાવે. (૧)

જે મનની સહાયતા મળવાથી ડાહ્યા ધીરજવાળાઓ જુદાં જુદાં કર્મોની ભાવના સેવે છે, તેમ જ યજ્ઞયાગોનાં સાધનોમાં વ્યવસ્થા ગોઠવીને, જે યાજ્ઞિકજનો યજ્ઞમાં વિવિધ કર્મો કરતા રહે છે, તેનું મૂલ કારણ તો તે મન જ છે, જે અપૂર્વ છે અને જે પોતે કોઈથીય ન ઓળખાય એવા યજ્ઞરૂપે પોતાના જ આત્મ-સ્વરૂપે સર્વ પ્રજાજનોની અંદર નિવાસ કરે છે, તે મારું મન શિવસંકલ્પે હો. (૨)

માનવના આ મનમાં તો ચાર પ્રકાર રહેલા છે: પહેલું તો બાહ્ય મન જે વિશેષ જ્ઞાન ધરાવે છે, બીજું ચેતસ્ જે સામાન્ય વૃત્તિથી વિચારરૂપે જાગે છે. ત્રીજું ધૃતિ જે ધીરજને કારણે અંતર મનની દશામાં રહેલું છે; અને ચોથું અમૃત — પર રહેલ આત્માની સ્થિતિને અનુભવે છે. આ ચારેય પ્રકારોમાં રહેલ મન જ્યારે બાહ્ય મન રૂપે વ્યક્ત થાય છે, ત્યારે જ પ્રજાજનોની અંદર બધાં કાર્યો થાય છે. જે પરમ જ્યોતિરૂપ મનની પ્રેરણા વિના તો કોઈ જાતનાં કાર્ય થતાં જ નથી, તે મારું મન શિવસંકલ્પો હો. (૩)

જે મને આત્મરૂપ અમૃત બનીને તો ભૂત, વર્તમાન અને ભવિષ્ય એમ ત્રણે કાળને સારી રીતે ગ્રહણ કરી, સમજી લીધા છે; જે યજ્ઞમાં પાંચ ઇંદ્રિયો, છઠ્ઠો પ્રાણ અને સાતમા મનરૂપે ભાગ લેવામાં આવે છે, સપ્ત હોતા યજ્ઞનો વિસ્તાર કરવામાં આવે છે, તે મારું મન શિવસંકલ્પે હો. (૪)

જેમ રથના ચક્રની અંદર બધા આરાઓ આજુબાજુથી ફેલાઈને કેન્દ્રમાં એકઠા થાય છે, એમ જ મનની અંદર બધા પ્રકારના મંત્રો: ઋચાઓ, યજુઓ, સામગાનો વગેરે મનને જ કેન્દ્રમાં રાખીને રહેલા છે. જે પ્રમાણે એ ત્રયી વિદ્યા મનમાં રહે છે, એ જ રીતે પ્રજાજનોમાં લોકવ્યવહારની રીતે રહેલ સર્વ પ્રકારનાં ચિત્-ચૈતન્ય સાધનો પણ જે મનની અંદર પ્રતિષ્ઠિત બનીને રહેલ છે, તે મારું મન શિવસંકલ્પે હો. (૫).

જેમ રથને સારી રીતે ચલાવનાર સારથિ રથે જોડેલા ઘોડાઓને સારી રીતે હાંકે છે, તેમ જ સારા ઘોડેસવારો પોતાના ઘોડાઓને સારી રીતે લગામથી કબજે રાખે છે, તે જ રીતે આ મન બધા મનુષ્યોને સારી રીતે દોરે છે, અને કાબૂમાં રાખે છે. આ તે મન છે, જે આંતર મનના સ્વરૂપે હૃદયની અંદર પ્રતિષ્ઠિત છે. જે આંતર મન કદી જીર્ણશીર્ણ – જરીપુરાણું બનતું નથી, અને જે નિત નિત ગતિ કરીને બધા ગતિમાન પદાર્થોની મોખરે રહે છે, તે મારું મન શિવસંકલ્પે હો. (૬) (ય. પુ. ૩, પા. ૬૮–૭૦)

જે ઋચાઓ અને સામગાન છે તે તો વાણી જ છે, અને યજુઓ તો મન છે. હવે, જે ઋચાથી અને સામગાનથી પ્રયોગ કરે છે, તેમના તે વાણીના પ્રયોગ છે. જે યજુથી પ્રયોગ કરે છે, તે તેમનો મનનો પ્રયોગ બને છે. આને કારણે, એવો તો વાણીનો કોઈ પ્રયોગ કરાતો નથી, જેને અધ્વર્યુએ આજ્ઞા આપીને પ્રેરિત કર્યો ન હોય. જ્યારે અધ્વર્યુ જણાવે: 'આ ઋચા બોલો, આ યાજ્યા (મંત્ર) ભણો,' ત્યારે જે લોકો ઋચાથી વાણીનો પ્રયોગ કરે છે, તે ઋચા અને યાજ્યાનો પ્રયોગ કરે છે. આ રીતે જ્યારે અધ્વર્યુ કહે: 'સોમ પવમાન થાય છે, તેની સાથે તમે પાછા આવો,' ત્યારે સામગાનનો પ્રયોગ કરે છે. મનની અંદર જે સમજાયું ન હોય કે મનમાં જે આવ્યું ન હોય તે બાબતને વાણી વ્યવહારમાં લાવતી નથી.

આ રીતે, સાચે જ જેમ માનવનું મન વાણીની આગળ આગળ ચાલે છે એ જ રીતે અધ્વર્યુ પણ યજ્ઞના પ્રયોગમાં આગળ આગળ ચાલતો રહે છે; તેથી તો તેને અધ્વર્યુનું પુરશ્ચરણ કહે છે. જે બ્રહ્મવાદી આ રહસ્યને જાણે છે તે શ્રી અને યશથી સંપન્ન બને છે. (ય. પુ. ૨, પા. ૬૯–૭૦)

## ઓમા વાણી
## (ૐ)

માનવ બાલકની જે 'ઓમા ઓમા', વાણી છે, તે પણ આ લોકવાણીનો પડઘો છે. 'ઓ'કારમાં જે અકાર છે, તે હકાર છે અને 'મા' છે, તે નકાર છે. આમ, નિરાકરણનો ભાવ 'ઓમા'માં રહેલો છે. એ 'ઓમા' પદમાં વેદવાણીએ અનુસ્વાર અને અર્ધચંદ્રનો ઉમેરો કરી, એક અભિનવ રૂપ આપ્યું, તે ઓંકાર (ૐ) એ જ પ્રણવ. એમાં અનુસ્વારે નકારનું અને અર્ધચંદ્રે હકારનું સ્વરૂપ જોડીને, એક નવો ભાવ આપ્યો, તે અનિરાકરણ. (સા. પુ. ૧, પા. ૯)

'ઓમા'નું રહસ્ય બ્રહ્મવાદી આ રીતે રજૂ કરે છે: પ્રજાપતિએ વેદનાં ત્રણ સ્વરૂપની સહાય લઈ, લોક પર વિજય મેળવી લીધો. (સા. પુ. ૧, પા. ૯)

વેદનાં ત્રણ સ્વરૂપનાં દર્શન તેમને આ રીતે થયાં હતાં: 'ચાલો, વેદનાં ત્રણ સ્વરૂપો છે, તેમના સાર-ભૂત રસને ગ્રહણ કરી લઈએ. તેમણે પહેલાં ઋગ્વેદ રસને લઈ લીધો, જે ભૂર્ વ્યાહૃતિ ગણાય છે. તે જ આ પૃથ્વી બની છે. તેના જે રસને ગ્રહણ કર્યો તે જ અગ્નિ થયો. જે રસનો પણ રસ ગણાય છે.

તે રીતે યજુર્વેદના રસને લઈ લીધો, જે ભુવર્ વ્યાહૃતિ ગણાય છે. તે જ આ અંતરિક્ષ બન્યું છે. તેનો જે રસ હતો તેને ગ્રહણ કર્યો, તે જ વાયુ થયો, જે રસનો પણ રસ ગણાય છે.

'તે રીતે સામવેદના રસને લીધો, જે સ્વર્ (સુવર્) વ્યાહૃતિ ગણાય છે, તે જ આ દ્યૌ — આકાશ બન્યું છે. તેના રસને ગ્રહણ કર્યો તે જ આદિત્ય સૂર્ય થયો, જે રસનો પણ રસ ગણાય છે.'

આ વેદોમાંનો એક અક્ષર એવો સૂક્ષ્મ હતો, જેના રસને લઈ શકાય એમ ન હતું, તે અક્ષરનું રૂપ તે ઓમ્. તે પોતે જ વાણીનું રૂપ હતું; જે ઓમ્ રૂપે જ પ્રસિદ્ધ છે તે વાણીનો રસ તે પ્રાણ છે.

ઓમ્‌ની વિશદ વ્યાખ્યા આ રીતની છે :

જે ઓમ્ અક્ષર પ્રસિદ્ધ છે તે અગ્નિ છે, અને વાણી તો પૃથ્વી છે. ઓમ્ તે વાયુ અને વાણી તે અંતરિક્ષ; ઓમ્ તે આદિત્ય અને વાણી તે દ્યૌ — આકાશ; તેમ જ ઓમ્ તે પ્રાણ અને વાણી એ તો વાણી જ ગણાય છે.

આ રહસ્યનો જાણકાર ગાયક (ઉદ્‌ગાતા) શરૂઆતમાં ઓમ્ અક્ષરને જોડીને ગાન કરે છે.

તે અગ્નિને લઈ પૃથ્વીમાં રાખે છે; વાયુને લઈ અંતરિક્ષમાં રાખે છે; આદિત્યને લઈ આકાશમાં રાખે છે; પ્રાણને લઈ વાણીમાં રાખે છે. સામગાનની શરૂઆતમાં ओ वा અક્ષર જોડે છે. (સા. પુ. ૧, પા. ૯–૧૦)

પાપી મૃત્યુથી બચવા માટે વસુઓએ ગાયત્રીમાં પ્રવેશ કર્યો. ગાયત્રીએ તે દેવોનાં છાદન (ઢાંકણ) કર્યાં. રુદ્ર દેવોએ ત્રિષ્ટુપમાં પ્રવેશ કર્યો. તે ત્રિષ્ટુપે દેવોને ઢાંકી દીધા. આદિત્ય — સૂર્ય દેવોએ જગતીમાં પ્રવેશ કર્યો, તે જગતીએ દેવોનાં છાદન કર્યાં. વિશ્વદેવોએ અનુષ્ટુપમાં પ્રવેશ કર્યો. તે અનુષ્ટુપે તેમને ઢાંકી દીધા. મરુતોએ પંક્તિમાં પ્રવેશ કર્યો. તે પંક્તિએ તેમનાં છાદન કર્યાં. સાધ્ય અને આપ્ત્ય નામના દેવોએ અતિછંદ — મોટા છંદોમાં પ્રવેશ કર્યો. તે અતિ છંદે તેમને ઢાંકી દીધા.

જે બે મુખ્ય દેવ ઈન્દ્ર અને અગ્નિ છે, તેમણે સોમયાગનાં ત્રણ સવનોમાં પ્રવેશ કર્યો. તેથી પાપી મૃત્યુ જાણી શક્યું નહીં કે, આ દેવો ક્યાં જતા રહ્યા છે! જેના ઠેકાણાને કોઈ જાણે નહીં, તેના પર પાપી મૃત્યુ કેવી રીતે અધિકાર જમાવે? જે સાધકજન આ રહસ્યને જાણે છે, તેને પાપી મૃત્યુ પહોંચી શકતું નથી.

આ તે છંદો હતા, જેમણે દેવોને પાપી મૃત્યુથી ઢાંકી દીધા હતા. આ છંદોએ સાચે જ પાપી મૃત્યુથી દેવોનાં છાદન કર્યાં. તેને કારણે તો છંદોનાં નામ સાર્થક થયાં : छादनात् छंदांसि. આમ, છાદન કરવાને કારણે તો તે છંદ ગણાય છે. છંદનાં આ રહસ્યોને જે જાણે છે તે બ્રહ્મવાદીને પાપી મૃત્યુથી છંદ ઢાંકી દે છે.

ઐતરેય બ્રાહ્મણ(૨૫, ૬, ૭,)માં અગ્નિહોત્રનું વર્ણન કરતાં પ્રજાપતિએ સર્જેલા સર્વે પદાર્થોના સારરૂપે ઓંકારને બતાવ્યો છે; તે ઉપરાંત ચાર વેદના ઋત્વિજો, તેમનાં કર્મો અને અથર્વવેદના જ્ઞાતા બ્રહ્માની વિશેષ જવાબદારીનું સ્પષ્ટ દર્શન કરાવ્યું છે.

स ऋचैव हौत्रमकरोत् यजुषा आध्वर्यवं साम्नोद्‌गीथम्।
तदेतत् त्रय्यै विद्यायै शुक्रं, तेन ब्रह्मत्वमकरोत् (ऐ. ब्रा. २५–७–३२)

(ઋ. પુ. ૬, પૃષ્ઠ ૬૦)

તે પ્રજાપતિએ (ઋગ્વેદની) ઋચાઓનો સંબંધ જોડી, હોતાના કર્મને શસ્ત્ર શંસનની સાથે જોડયું; (યજુર્વેદના) યજુઓએ મંત્રોને જોડી, અધ્વર્યુના કર્મને યજ્ઞના મુખ્ય કર્મ સાથે જોડયું; અને (સામવેદના) ગીતને ઉદ્‌ગાતાના ઉદ્‌ગીથ-ગાનની સાથે જોડયું. એ ત્રણ વિદ્યાઓ વેદની શૈલીઓ છે. ઋચાઓ, યજુઓ અને સામ. એ ત્રણેય વિદ્યાઓને સાથે લઈને, એ પ્રજાપતિએ (અથર્વવેદના) બ્રહ્મ-મંત્રોના કર્મને જોડીને, બ્રહ્માનું તટસ્થ — સાક્ષીકર્મ જોડી દીધું. (ઋ. પુ. ૬, પા. ૬૦)

## ત્રણ વિદ્યા

સાચે જ વિદ્યા ત્રણ પ્રકારની છે : ઋચાઓ, યજુઓ અને સામગાનો. આ પૃથ્વી છે તે તો ઋચાઓ છે. એ ધરતી પર રહેલ માનવ અર્ચન-પૂજન કરે છે. જે અર્ચન-પૂજન કરવામાં વપરાય છે તે વાણી જ

ઋચાઓ છે. જે અર્ચન-પૂજન કરે છે તે પણ તે જ છે કે જે વાણીના વ્યવહારથી અર્ચન-પૂજન કરે છે. અંતરિક્ષ લોક તો યજુઓ છે અને દ્યુલોક — આકાશ એ તો સામગાન છે. સૌમ્ય અધ્વર જે સોમયાગનું વિશેષ સ્વરૂપ છે, તેમાં ત્રણ પ્રકારની વિદ્યા પ્રયોગમાં આવે છે.

ઋચાના પ્રયોગથી તે આ લોકને, યજુથી અંતરિક્ષને અને સામથી દ્યલોકને જીતે છે. આથી જે બ્રહ્મવાદીને એકાદ વિદ્યા આવડતી હોય તે બાકીની બે વિદ્યાઓમાં રહેલ બાબતોને પણ જાણી લે છે, જેથી તે આ લોકને ઋચાથી, અંતરિક્ષને યજુથી અને દ્યલોકને સામથી જીતી લે છે. (ય. પુ. ૨, પા. ૬૭)

ઋચા, યજુઓ અને સામને ત્રયી વિદ્યા કહી છે. અહીં વિદ્યા વિજ્ઞાનના અર્થમાં વપરાઈ છે. રિક્ તે ray — વિશ્વના સર્જનનું પહેલું કિરણ, યજુ તે cumbustible matter — અગ્નિ અને સામ તે roaring sound — વાયુ છે.

## શ્રમનું સ્તોત્ર

રાજકુમાર રોહિતને અરણ્યના માર્ગે ઇન્દ્ર બ્રાહ્મણના વેશે મળ્યા અને તેને શ્રમનો મહિમા સંભળાવતાં જણાવ્યું :

नानाश्रान्ताय श्रीरस्ति इति रोहित शुश्रुम ।
पापो नृषद्-वरो जन इन्द्र इत् चरतः सखा चरैवेति ॥

સાચે જ, જેણે કોઈ પણ જાતનો પરિશ્રમ કર્યો નથી, તે માણસને શ્રી મળતી નથી; અરે હે રોહિત, જેણે શ્રમ કર્યો, તેને શ્રી મળે છે, એમ અમે સાંભળેલું છે. બીજી રીતે માણસ ભલે શ્રેષ્ઠ હોય, પણ જે શ્રમ કરતો નથી તે તો માણસોમાં વગોવાયેલ — નૃષદ્ અને તુચ્છ પામર — પાપ રૂપ છે. જે શ્રેષ્ઠ પરમેશ્વર ઇન્દ્ર છે, તે પણ જે માણસ હરતોફરતો રહે તેનો મિત્ર બને છે, બેઠાડુ માણસોનો નહીં. માટે તું હરતો-ફરતો રહે. (૧)

पुष्पिण्यौ चरतो जंघे भूष्णुरात्मा फलग्रहिः ।
शेरे अस्य सर्वे पाप्मानः श्रमेण प्रपथे हतः, चरैवेति ॥

જેમ વૃક્ષ વધતું રહે, તો તે ફળફૂલથી શોભી ઊઠે છે, એમ જ જે માણસ હરતોફરતો રહે તેની સાથળો હૃષ્ટપુષ્ટ બને છે; તેનો મધ્યદેહ — આત્મા વધતો રહે છે, અને આરોગ્યરૂપી ફળ ભોગવે છે. તે શ્રમ કરનાર માણસનાં બધાં પાપ, માર્ગે ચાલતાં ચાલતાં, શ્રમને કારણે, નાશ પામી ખરી પડે છે. માટે હે રોહિત, તું હરતોફરતો રહે. (૨)

आस्ते भग आसीनस्य ऊर्ध्वस्तिष्ठति तिष्ठतः ।
शेते निपद्यमानस्य चराति चरतो भगः, चरैवेति ॥

જે માણસ બેઠાડુ — આસીન છે તેનું ભગ — સૌભાગ્ય બેસી રહે છે. જે બેઠાડુવૃત્તિ છોડીને ઉદ્યોગ માટે ઉદ્યત થાય છે, તે ઊભા થનાર માણસનું ભાગ્ય ઊભું થાય છે. જે કામકાજ કર્યા વિના પથારીમાં પડ્યો જ રહે છે, તેનું ભાગ્ય પણ લાંબું થઈને સૂઈ જાય છે. જે દેશવિદેશની યાત્રાઓ કરતો, હરતોફરતો રહે છે, તેનું ભાગ્ય પણ દિવસે દિવસે વધતું રહે છે. (૩)

कलिः शयानो भवति संजिहानस्तु द्वापरः ।
उत्तिष्ठन् त्रेता भवति कृतं संपद्यते चरन्, चरैवेति ॥

જેવી રીતે કળિયુગ, દ્વાપર, ત્રેતા અને સત્યયુગ એ ચાર યુગ જણાવ્યા છે, તે પ્રમાણે માણસના જીવનમાં પણ ચાર યુગો રહેલા છે. અહીં જે માણસ સૂતેલો રહે છે તેનો વખત તો નિદ્રામાં ચાલ્યો જાય છે.

એટલે તેને કળિયુગની જેમ પાપ સંઘરવાનું રહે છે. હવે, જે માણસ નિદ્રા છોડીને જાગી ગયો છે, તેને પાપ ને પુણ્યના બે બે ભાગ ભોગવવાના રહે છે. હવે, જે માણસ ઘર છોડી બહાર જવા માટે ઊભો થયો છે, તેને માટે ત્રેતાયુગ છે, જેને પુણ્યના ત્રણ ભાગ અને પાપનો એક ભાગ ભોગવવાનો રહે છે. હવે, જે માણસ યાત્રા કરવા માટે દેશવિદેશ ફરવા નીકળી પડ્યો છે, તેને તો પગલે પગલે કૃતયુગ છે, એટલે કરેલાં કર્મનાં પુણ્યફળ — कृत મેળવવાનાં હોય છે, માટે હે રોહિત, તું હરતોફરતો રહે. (૪)

चरन् वै मधु विन्दति चरन् स्वादुम् उदुम्बरम्।
सूर्यस्य पश्य श्रेमाणं यो न तन्द्रयते चरन्, चरैवेति ।।

જે માણસ નિરંતર હરતોફરતો રહે છે, તેને તો મધ જેવાં મીઠાં ફળ મળતાં રહે છે; તેને તો સ્વાદિષ્ટ ઉંબરાનાં ફળ જેવાં પોતાના શ્રમનાં ફળ મળતાં રહે છે. હે રોહિત, આ સૂર્યનાં શ્રેય — સૌભાગ્યશ્રીનો મહિમા તું જો તો ખરો! એ સૂર્ય આકાશના વિશાળ માર્ગમાં હરતોફરતો રહે છે. તે કદી તંદ્રા કે આળસ કરતો નથી. એ સૂર્ય તો શ્રમ અને શ્રીનો જીવતોજાગતો નમૂનો છે, તે જોઈને તું હરતોફરતો રહે. (૫)

(ઐતરેય બ્રાહ્મણ, અધ્યાય ૩૩, ખંડ ૩, કંડિકા ૧૪.) (ઋ. પુ. ૬, પા. ૫૩–૫૪)

## રાષ્ટ્રશક્તિ સૂક્ત

શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ પોતાને સર્વગત પરમાત્મારૂપે અનુભવે છે અને તે રીતે 'હું સર્વનો પ્રભવ છું, એટલે કે હું સર્વરૂપ બનું છું' (૧૦, ૮). 'હું સર્વ યજ્ઞોનો ભોક્તા અને પ્રભુ છું.' (૯, ૨૪) એ ભાવ જણાવીને अहंपुरुषનાં દર્શન કરાવે છે. તે પ્રમાણે આ વૈદિક સૂક્ત अहंशक्तिનાં દર્શન કરાવે છે:

अहं रुद्रेभिर्वसुभिश्चरामि। अहमादित्यैरुत विश्वदेवैः।
अहं मित्रावरुणोभा बिभर्मि। अहमिन्द्राग्नी अहमश्विनोभा।। १ ।।

अहम् હું, આ સૂક્તના ઋષિ વાણી વિશ્વરૂપ રાષ્ટ્રભાવનો અનુભવ કરનારી, रुद्रेभिः અગિયાર રુદ્રોના ભાવે, वसुभिः આઠ વસુઓના ભાવે, चरामि વિચરણ કરું છું. अहम् હું आदित्यैः બાર આદિત્યો उत અને विश्वदेवैः અનેક વિશ્વગત દેવોના ભાવે, उभा मित्र वरुणा મિત્ર અને વરુણ બે દેવોને बिभर्मि ધારણ કરું છું. अहम् હું इन्द्राग्नी, ઇન્દ્ર અને અગ્નિને अहम्, હું उभा अश्विना બંને અશ્વિનીકુમારોને (ધારણ કરું છું.)

अहं राष्ट्री संगमनी वसूनाम्। चिकितुषी प्रथमा यज्ञियानाम् ।।
तां मा देवा व्यदधुः पुरुत्रा। भूरिस्थात्रां भूर्यावेशयन्तीम् ।। ३ ।।

(ઋ. પુ. ૫, પૃષ્ઠ ૫૯-૬૦)

राष्ट्री રાષ્ટ્રભાવે જાગ્રત બનેલી શક્તિની ભાવના वसूनाम्, વિવિધ સાધનસામગ્રીઓ संगमनी ભેગી કરનારી, चिकितुषी પ્રત્યક્ષરૂપે રજૂ થનારી, यज्ञियानाम् યજ્ઞ પરોપકાર કરવા તૈયાર થયેલ સેવકોમાંની प्रथमा પહેલી, तां તે રીતે પ્રસિદ્ધ मा મને देवाः દેવોએ पुरुत्रा બહુ રીતે भूरिस्थात्राम्, પદાર્થોમાં રહેનારી भूरि-आवेशयन्तीम् ચેતનરૂપે અનેકમાં પ્રવેશ કરનારી, व्यदधुः કરી છે. (ઋ. પુ. ૫, પા. ૬૦)

संसमिद् युवसे वृषन्नग्ने विश्वान्यर्य आ। ईळस्पदे समिध्यसे स नो वसून्याभर।। १ ।।

હે वृषन् કામના પૂરનાર अग्ने અગ્રણી अर्यः શ્રેષ્ઠ सं सम् इत (संसमिद्) બધી બાજુએથી विश्वानि સર્વ પ્રાણીઓને युवसे ભેગાં કરો છો ईळस्पदे વાણીના સ્થાને શોભનાર समिध्यसे વધો છો सः તે नः અમારાં वसूनि નવ વસાવવા લાયક રત્નોને आभर લાવો.

संगच्छध्वम् संवदध्वं सं वो मनांसि जानताम्। देवा भागं यथा पूर्वे संजानाना उपासते।। २ ।।

संगच्छध्वम् તમે બધા (સંગત) ભેગા થાઓ, संवदध्वम् સાથે વાણી બોલો वः मनांसि તમારાં મન संजानताम् એક પ્રકારનો બોધ મેળવો, यथा જેવી રીતે पूर्वे પહેલા કાળમાં देवाः દેવો भागम् પોતપોતાના ભાગને संजानाना એક મતે બોધ મેળવી લેનાર उपासते સેવે છે.

समानो मन्त्रः समितिः समानी समानं मनः सह चित्तमेषाम्।
समानं मन्त्रमभिमंत्रये वः समानेन वो हविषा जुहोमि ॥ ३ ॥

(ઋ. પુ. ૫, પૃષ્ઠ ૬૭)

समानः मंत्रः મંત્રણાઓ સરખી, समानी समितिः વિષયવિચારિણી સમિતિ સરખી, समानः मनः સંગઠન માટેનાં મન સરખાં, एषाम् આ જનોનાં चित्तम् सह બુદ્ધિની ચેતના સરખી, अभिमंत्रये હું મંત્રણાઓને સંમત માનું, वः તમારા समानेन हविषा સરખા હુતદ્રવ્યથી जुहोमि હોમ કરું.

(ઋ. પુ. ૫, પા. ૬૭–૬૮)

## રાષ્ટ્રગીત

અશ્વમેધના અશ્વને રાષ્ટ્રનું પ્રતીક ગણીને તેનો મહિમા ગાનારું ગીત યજુર્વેદની બધી જ સંહિતાઓમાં છે અને તેનાં વિવેચન-વ્યાખ્યાનો પણ બ્રાહ્મણ ગ્રંથોમાં છે, તૈત્તિરીય (૭, ૫, ૮, ૧), મૈત્રાયણી (૩, ૧૨, ૮), કાઠક (૫, ૧૪, ૧૭), કાણ્વ (૨૪, ૩૦), વાજસનેય (૨૨, ૨૨) તૈ. બ્રા. (૩, ૮, ૧૮), અને શતપથ-બ્રાહ્મણ (૧૩, ૧, ૯,)માં છે. નીચે વા. સં. (૨૨, ૨૨)નો પાઠ આપ્યો છે:

आ ब्रह्मन् ब्राह्मणो ब्रह्मवर्चसी जायताम् आ राष्ट्रे
राजन्यः शूर इषव्योऽतिव्याधी महारथो जायताम्।
दोग्ध्री धेनुर् वोढा अनडवान् आशुः सप्तिः
पुरन्धिर्योषा जिष्णू रथेष्ठाः
सभेयो युवा अस्य यजमानस्य वीरो जायताम्।
निकामे निकामे नः पर्जन्यो वर्षतु।
फलवत्यो न ओषधयः पच्यन्तां योगक्षेमो नः कल्पताम् ॥

(યજુ. પુ. ૧, પૃષ્ઠ ૭૭)

ब्रह्मन् યજ્ઞના મુખ્ય ઋત્વિજ બ્રહ્મા દ્વારા સર્જનના દેવ પ્રજાપતિ બ્રહ્માને સંબોધન છે. ब्राह्मण બ્રહ્મ — બુદ્ધિશક્તિનો પ્રતિનિધિ, બુદ્ધિજીવી, ब्रह्म-वर्चसी બ્રહ્મ-મંત્રને અનુસરતા યજ્ઞ અને પઠનપાઠનમાં તેજસ્વી जायताम् થાઓ; इषव्यः બાણાવળી, अतिव्याधी ધારેલ નિશાનને તાકનાર दोग्ध्री દૂધ આપનારી, वोढा વહનશીલ, ભારવાહી, अनडवान् બળદ, आशुः વેગીલો, सप्ति ઘોડો. पुरन्धिः પુર તે શરીર છે ઘર, તેને ધારણ કરનાર; ઘરકામ સંભાળનાર, योषा નારી, जिष्णुः વિજયી रथेष्ठा મહારથી, सभेयः સભ્ય, वीरः પુત્ર निकामे કામના પ્રમાણે, योगः લાભ क्षेमः કલ્યાણ.

હે બ્રહ્મા, હે પ્રજાપતિ, આ રાષ્ટ્રમાં બુદ્ધિજીવી બ્રાહ્મણવર્ગ યજ્ઞબ્રહ્મનાં વર્ચસ વધે, એ રીતે રાષ્ટ્રના ઉત્પાદનનાં કાર્યો કરતા રહો. શ્રમજીવી રાજપુરુષ વર્ગ શૂરવીર, કુશળ, લક્ષ્યવેધી અને મહારથી બનીને રાષ્ટ્રનાં બલ વધારતા રહો. ગાયો કામધેનુની જેમ દૂધ આપનારી હો. બળદ ભાર વહન કરવામાં સમર્થ બનો. ઘોડો વેગમાં તેજસ્વી હો. નારી ઘરકામ સંભાળી વ્યવહાર ચલાવો. યુદ્ધમાં ગયેલા મહારથી વિજયી બનો. અશ્વમેધના અશ્વને પ્રતીક ગણી, રાષ્ટ્રની સેવા કરનાર યજમાન રાષ્ટ્રપુરુષે જે સેવાકાર્ય સ્વીકાર્યાં છે તેને એક એક યુવાન વીર રાષ્ટ્રની સભાનો પ્રતિનિધિ બનીને રાષ્ટ્રની પ્રતિષ્ઠા વધારનાર બનો.

શતપથ-બ્રાહ્મણ(૧૩, ૧, ૯)માં આ પ્રમાણે છે:

–आ ब्रह्मन् ब्राह्मण एव ब्रह्मवर्चसं दधाति। तस्मात् पुरा ब्राह्मणो ब्रह्मवर्चसी जज्ञे।

– બ્રાહ્મણ બુદ્ધિજીવીમાં રાષ્ટ્રનું બ્રહ્મવર્ચસ મૂકે છે; આથી અહીં સૌ પહેલાં બુદ્ધિજીવીને બ્રહ્મવર્ચસી બનાવ્યો છે.

–आ राष्ट्रे राजन्य एव शौर्यं महिमानं दधाति। तस्मात् पुरा राजन्यः शूर इषव्य अतिव्याधी महारथो जज्ञे।

રાજપુરુષમાં જ શૌર્ય–મહિમાને રાખે છે, તેથી પહેલાં બલવાન વર્ગને મહારથી બનાવ્યો છે.

–'जिष्णुः रथेष्ठाः' इति। राजन्य एव जैत्रं महिमानं दधाति। तस्मात् पुरा राजन्यो जिष्णुः जज्ञे।

જે રાજપુરુષ છે, તે જ તો રાષ્ટ્રના વિજયનો મહિમા ધારણ કરે છે. તેને કારણે તો રાજપુરુષને પહેલેથી વિજયશીલ બનાવ્યો છે. (પ. પુ. ૧, પા. ૭૭–૭૮)

## પશુબંધ યાગ

પહેલાં દેવોએ પરસ્પર સહકાર સાધીને આહુતિઓનાં પ્રદાન કર્યાં. દેવોના તે પરોપકારના કાર્યથી રાજી થઈ, પ્રજાપતિએ પોતાની કાયા આપી દીધી. તેમણે પોતાની કાયાનાં વિસર્જન કર્યાં. પ્રજાપતિની એ કાયા, તે દેવોનો યજ્ઞ ગણાયો. યજ્ઞની આહુતિ એ જ દેવોનું અન્ન છે.

આમ, પ્રજાપતિએ પોતાની જાત દેવોને આપી દીધી; તેની પ્રતિમા બની તેનું નામ યજ્ઞ. આમ, યજ્ઞ છે તે પ્રજાપતિની પ્રતિકૃતિ છે. આ રીતે પ્રજાપતિએ દેવોને યજ્ઞરૂપ પ્રતિમા આપીને પોતાની જાતને ખરીદી પાછી લઈ લીધી.

એ પ્રમાણે ગૃહસ્થ યજમાન યજ્ઞ કરવાનું વ્રત લે છે. હવે, જેમ પ્રજાપતિ દેવોની પાસેથી પોતાની જાતને પાછી લઈ લે છે, એમ જ યજમાન પોતાની જાત દેવોને આપી દે છે, અને યજ્ઞ દ્વારા પાછી ખરીદી લે છે. તેને બદલે તે દેવોને હવિ આપે છે. આ હવિ છે, તે તો દેવોનું અન્ન છે. (શ. બ્રા., ૧૧, ૧, ૮ ૨–૩)

અહીં, પ્રજાપતિને પશુનું રૂપ આપ્યું છે, જે પ્રજાપતિએ સર્જનમાં પોતાનું વિસર્જન કરી પ્રજાજનોનાં સર્જન કર્યાં હતાં. જેણે સેવા કરવી છે અને પરોપકાર કરવા છે તેણે તો બલિદાન આપવાનું છે.

ઋષિઓ, બ્રહ્મવાદીઓ, રહસ્યવેત્તાઓ સમર્પણને, બલિદાનને યજ્ઞ કહે છે. યજ્ઞને પ્રજાપતિની પ્રતિમા કહે છે. યજ્ઞમાં સેવા આપનાર પ્રજાપતિને પશુ કહે છે. નારાયણ પુરુષને તેમ જ અગ્નિ, વાયુ અને સૂર્યને પણ પશુ કહે છે.

અહીં પશુ શબ્દ તેની મૂલ ભાવના સાથે વપરાયો છે. पश्यति स पशुः જે પશ્યક — જોનાર છે તે કશ્યપ પ્રજાપતિ છે. તે નારાયણ કશ્યપ છે. તે અગ્નિ, વાયુ સૂર્ય વગેરે દેવો કશ્યપ છે. તેમની દૃષ્ટિ અદિતિ — વિશાળ છે, ઉદાર છે, તેમને સેવા કરવાની ભાવના જાગે છે; સમર્પણ — આત્માનું બલિદાન આપી તે નવાં સર્જન કરે છે. આ નવસર્જન છે તે યજ્ઞ છે. યજ્ઞ એ પ્રતીક છે, પ્રતિમા છે.

ઋષિમુનિઓ, બ્રહ્મવાદીઓ, રહસ્યવેત્તાઓ પશુનો મહિમા ગાય છે. પશુની પાસેથી માનવ સેવા લે, પશુની સંપત્તિ વધે, સમૃદ્ધિ વધે, તે માટે માનવો યજ્ઞ કરે છે. આ વિશેષ પ્રકારના યજ્ઞને પશુવિધાન, પશુ-બંધ કે નિરૂઢ પશુબંધ યાગ કહ્યો છે.

બ્રહ્મવાદી ઋષિઓએ જુદી જુદી કામના પ્રમાણેની ઈષ્ટિઓની વિચારણા કરી છે, તેમાં આ પશુબંધ, પશુસંબંધ કે નિરૂઢ પશુબંધના રહસ્યને ઉકેલ્યું છે. આ પશુઓ તે લૌકિક પશુઓ નથી જેની હિંસા કરવામાં આવે. અહીં કેટલાક શબ્દો છે, જે દેખીતી રીતે હિંસાનાં સૂચન કરે છે અને તેથી પશુયાગમાં હિંસા રહેલી છે, એ વાતનો કેટલાક વિદ્વાનો સ્વીકાર કરે છે, પણ તે બરોબર નથી. દેખીતી હિંસા બતાવીને તેનું રહસ્ય તારવી લેવું જોઈએ. તે વિશેની એક રૂપક-કથા છે. (પ. પુ. ૪, પા. ૭૬–૮૧)

ભૃગુ ભણીગણીને તૈયાર થયો, એટલે તે ગુરુકુળેથી ઘેર આવ્યો. તેના પિતા વરુણે તેની પરીક્ષા લેવા વિચાર્યું. પિતાએ પુત્રને બોલાવી જણાવ્યું: 'પુત્રક, પૂર્વ દિશાનો પ્રદેશ છે તે તરફ તારે પહેલાં જવાનું છે. ત્યાં તારી નજરે જે દૃશ્ય ચડે તે જોઈને દક્ષિણ દિશા તરફ જવાનું છે. ત્યાં જે દેખાય તે જોઈ પશ્ચિમ તરફ જવાનું. ત્યાંનાં દૃશ્યો જોઈ ઉત્તર દિશાએ જવાનું. આગળ વધી ખૂણાઓના પ્રદેશો જોવાના અને તે બધું ધ્યાનમાં રાખી મારી પાસે આવવાનું છે.'

પિતાની આજ્ઞા માથે ચડાવી ભૃગુ પહેલો પૂર્વ દિશા તરફ ગયો. ત્યાં તેણે એક દૃશ્ય જોયું:

થોડાએક પુરુષો ભેગા મળીને બીજા પુરુષનાં અંગો કાપીકાપીને વહેંચતા હતા અને કહેતા હતા: 'આ તમારાં અંગ અને આ તો અમારાં.' તેમની પાસે જઈ ભૃગુએ પૂછ્યું: 'હે પુરુષો, તમે આ અંગેઅંગ છેદીને વહેંચણી કરો છો તે તો ભયંકર કામ કરો છો.'

પુરુષોએ ઉત્તર આપતાં જણાવ્યું: 'અમે જે પુરુષોનાં અંગ અહીં વહેંચી રહ્યા છીએ તે પુરુષોએ પરલોકમાં અમારાં અંગ વહેંચ્યાં હતાં તે વૈરનો બદલો અમે લઈએ છીએ.' 'ભલા, વૈર લેવું ન પડે તેવું કોઈ પ્રાયશ્ચિત્ત છે?' તેના ઉત્તરમાં પુરુષોએ જણાવ્યું: 'તમારા પિતા વરુણ જાણે છે.'

તે સાંભળી ભૃગુ દક્ષિણ તરફ ગયો. ત્યાં તેની નજરે એક દૃશ્ય ચડ્યું. થોડાએક પુરુષો ભેગા થઈ, બીજાનાં અંગોનાં કર્તન કરતા હતા અને વહેંચતા હતા. તે જોઈ ભૃગુએ પહેલાંની જેમ જ પ્રશ્ન પૂછ્યો અને તેનો ઉત્તર પણ પહેલાંની જેમ તેને મળ્યો.

ત્યાંથી તે પશ્ચિમ તરફ ગયો. ત્યાં કેટલાક પુરુષો ચૂપચાપ બેઠા બેઠા બીજા પુરુષોનાં ભક્ષણ કરતા હતા. ત્યાં પણ પહેલાંની જેમ જ સવાલજવાબ થયા. ત્યાંથી તે ઉત્તર તરફ ગયો. ત્યાં થોડા પુરુષો આક્રંદ કરતા હતા. ત્યાં પણ પહેલાંની જેમ પ્રશ્ન અને ઉત્તર થયા. આમ, ચારેય દિશાઓના પ્રદેશો ઘૂમી લીધા પછી તે ઉત્તર-પૂર્વના અવાંતર પ્રદેશમાં ગયો. ત્યાં તેણે આ દૃશ્ય જોયું:

બે નારીઓ ઊભી હતી; એક કલ્યાણી અને બીજી અતિકલ્યાણી; અર્થાત્ એકની શોભા વધતી જતી હતી, ત્યારે બીજીની શોભા વધતાં અટકી ગઈ હતી. તેને કારણે લોકો તેમને શોભના અને અતિશોભનાને નામે ઓળખતા હતા. તે બંનેની વચમાં એક કૃષ્ણવર્ણનો પુરુષ ઊભો હતો. તેની આંખો પિંગળી હતી અને તેના હાથમાં દંડ હતો.

તે દૃશ્ય જોઈને તો ભૃગુના હૈયે ભય પેસી ગયો. એક તો, ચારે દિશાઓનાં ભયંકર દૃશ્યો જોયાં હતાં; તે ઉપરાંત કૃષ્ણવર્ણના ભયંકર પુરુષને જોયો. ત્યાં તો કશું પૂછવાનું સાહસ પણ થયું નહીં અને ચૂપચાપ ઘેર પાછો ફરી પથારીમાં જઈને સૂઈ ગયો.

પિતાએ તેની પાસે આવી ખબર પૂછી અને જણાવ્યું: 'અરે પુત્રક! તું તારા સ્વાધ્યાય — વેદ-પાઠ તો ભણ. આમ, ચૂપચાપ કેમ છે?' પુત્રે જણાવ્યું: 'હવે હું કયા વેદનાં અધ્યયન કરું? મારે ભણવાનું હતું તે બધું તો મેં પૂરું કર્યું છે.' જોકે તેણે સ્પષ્ટ વાત કરી નહીં, પણ પિતા તો તેના અભિપ્રાયને સમજી ગયા. ખૂબ આગ્રહથી તેમણે પૂછ્યું, ત્યારે ભૃગુએ જે દૃશ્યો જોયાં હતાં તે બધાંનાં વિસ્તારથી વર્ણન કર્યાં. તે સાંભળી પિતા વરુણે જણાવ્યું:

'ભાઈ, પૂર્વ દિશામાં રહેલા પુરુષો બીજાનાં અંગ કાપતા હતા તે કાંઈ પુરુષો ન હતા, પરંતુ પલાશ, ખેર વગેરે વૃક્ષોનાં રૂપ હતાં. તેમની શાખાઓ અને ડાળીઓ કાપીને વહેંચવામાં આવે; તે સુકાઈ જાય ત્યારે સમિધ કે ઇંધન બને. કપાતાં પહેલાં લીલાં હોય, પછી તે સુકાઈ જતાં લાકડાં બને. આમ, તેમના બે જન્મ ગણાય. એ સમિધને અગ્નિમાં રાખવાં, તે કર્મને સમિદાધાન કહે છે: તેને સમિધબંધ કહે છે. તેથી ગૃહસ્થ વૃક્ષ અને વનસ્પતિના લોક પર વિજય મેળવે છે.

'દક્ષિણ દિશામાં રહેલા પુરુષો બીજાનાં અંગોનાં કર્તન કરતા હતા તે તો ચાર પગાળાં દૂધ આપનારાં ગાય વગેરે પશુઓનાં રૂપ હતાં. તેમનાં અંગોનાં કર્તન કરવામાં નહોતાં આવતાં; પરંતુ, તેમના આંચળોમાંથી દૂધ દોહવામાં આવતાં હતાં. ગૃહસ્થ સાંજે ને સવારે દૂધ, દહીં, ઘીની આહુતિઓ આપે છે. તેમ કરવાથી મનુષ્યોનો પશુઓની સાથે સ્નેહનો સંબંધ બંધાય છે. તે કર્મને પશુસંબંધ, પશુબંધ કે નિરૂઢ પશુબંધ કહે છે; તેથી તે પશુલોક પર વિજય મેળવે છે.

'હવે જે ભાઈ, પશ્ચિમ દિશામાં પુરુષો ભક્ષણ કરતા હતા. તે તો કુશ, દૂર્વા, અપામાર્ગ વગેરે યજ્ઞને ઉપયોગી ઔષધિઓનાં રૂપ હતાં. દર્ભ, દૂર્વા વગેરે સળગાવી તેનાં ઉબાડિયાંથી દૂધ વગેરે યજ્ઞમાં ઉપયોગી સામગ્રીને ગરમ રાખવામાં આવે છે. આ કર્મથી ગૃહસ્થ પશુબંધની જેમ ઔષધિબંધ કરે છે. તેથી તે ઔષધિઓના લોક પર વિજય મેળવે છે.

'ઉત્તર દિશામાં રહેલા પુરુષો તો જુદાં જુદાં જલનાં રૂપ હતાં. યજ્ઞમાં ગરમ કરેલાં જલ વપરાય છે, તેમાં બીજાં જલ ઉમેરવામાં આવે છે. આ કર્મથી ગૃહસ્થ જલની સાથે સંબંધ જોડી, જલલોક પર વિજય મેળવે છે.

'અવાંતર દિશામાં તેં બે સ્ત્રીઓ અને એક પુરુષને જોયાં. કલ્યાણી અને અતિકલ્યાણી એ તો ગૃહસ્થની શ્રદ્ધા અને અશ્રદ્ધાનાં રૂપ છે. યજ્ઞમાં જે પૂર્ણાહુતિ — પહેલી આહુતિ આપે તે શ્રદ્ધાનું રૂપ છે; ઉત્તરાહુતિ — બીજી આહુતિ આપે તે અશ્રદ્ધાનું રૂપ છે. ગૃહસ્થ પહેલી આહુતિ આપીને શ્રદ્ધા સાથે સંબંધ જોડે તે કલ્યાણી ભાવના છે. તેથી શ્રદ્ધાલોક પર તે વિજય મેળવે છે.

'બીજી અતિકલ્યાણી નારી, એ તો હૃદયમાં રહેલી અશ્રદ્ધાનું રૂપ છે. યજ્ઞમાં નિંદિત ન કરવાં; અર્થાત્ જે કર્મ સારાં ન હોય તે કરવાની શ્રદ્ધા ન થાય, તે અતિકલ્યાણીનું રૂપ છે. આમ, ગૃહસ્થને હૈયે જાગેલી અશ્રદ્ધા પણ તેનાં કલ્યાણ કરે છે, ઉત્તરાહુતિ આપીને ગૃહસ્થ અતિકલ્યાણીના લોકની સાથેનો સંબંધ જોડી વિજય મેળવે છે.

'હવે જે હાથમાં દંડ સાથેનો, પીળી આંખવાળો કૃષ્ણ પુરુષ તેં જોયો તે ગૃહસ્થને હૈયે રહેલા ક્રોધનું રૂપ છે. ગૃહસ્થ આહુતિઓ આપ્યા પછી, તપેલ સ્રુવા — અગ્નિહોત્ર હવણીમાં પાણી રેડે છે; તેને આપોનિનયન કર્મ કહે છે. તેથી તે ક્રોધને જીતી સર્વ પર વિજય મેળવે છે. (વ. પુ. ૪, પા. ૮૧–૮૪)

## ઋગ્વેદમાં સૂર્યગ્રહણ

### (૧) પારસમણિનો સ્પર્શ/૭

સૂર્યગ્રહણ સ્વર્ભાનુને લીધે થયું હતું; તે સૂર્યનો અંધકાર દૂર કરવા અત્રિઓએ 'અવોધિ'(પ, ૧, ૧)થી શરૂ કરીને સત્તાવીશ સૂક્તો સુધી અગ્નિની સ્તુતિ કરી છે (બૃહદ્ દેવતા પ, ૧૨) શરૂઆતનાં ૧–૨૮ સૂક્તો અગ્નિની તેમ જ ૨૯–૪૦ ઇન્દ્રની સ્તુતિઓ છે. ચાલીસમા સૂક્તમાં સ્વર્ભાનુ — રાહુએ સૂર્યમંડળ ઘેરી લીધું; તે પ્રકારે સૂર્યગ્રહણનો, અને અત્રિએ તે સૂર્યને મુક્ત કર્યો, તે પ્રકારનો નિર્દેશ છે.

સેનગુપ્તા(જે. એ. એલ. બી. એલ. ૭–પૃ. ૯૨)ના જણાવ્યા પ્રમાણે, આ સૂર્યગ્રહણ ઈ. સ. પૂર્વે ૨૬મી જુલાઈ ૩૯૨૮ના દિને થયું હોવું જોઈએ; તેમ જ હિમાલયની કારાકોરમ શિખરમાળાની તળેટીમાં અત્રિનો નિવાસ હોવો જોઈએ.

*

શતપથ-બ્રાહ્મણ (પ, ૩, ૨, ૨)માં પણ અત્રિએ સૂર્યને રાહુ — સ્વર્ભાનુથી મુક્ત કર્યાનો નિર્દેશ છે.

ચાલીસમા સૂક્તનો સંબંધ જોડીને, સોમયાગ સંવત્સર એક વર્ષ ચાલે, તો વચલો દિવસ ભાદરવા માસમાં આવે; તે વિષુવાનના બપોર પછી આ સૂર્યગ્રહણ થયાનો અને ઇન્દ્રની સ્તુતિ સાથેનો નિર્દેશ બંધ બેસે છે.

તે ઉપરાંત, અગ્નિ અને ઇન્દ્રની સ્તુતિઓ ૧–૪૦ સુધી ચાલે છે, તેનો સંબંધ પણ મળે છે. બીજા સૂક્તમાં કુમાર અગ્નિને રાણીઓ છુપાવી દીધાનો નિર્દેશ છે. (ઋ. પુ. ૩, પા. ૮૩–૮૪)

## (૨) સૂર્ય અને નક્ષત્રમાળા

ઐતરેય બ્રાહ્મણમાં આદિત્ય અને બૃહસ્પતિની ઉત્પત્તિ-કથા છે, તે સૌરજગતના સૂર્ય અને ગુરુ નામના બે ગ્રહોની ઉત્પત્તિ સૂચવે છે. ઋગ્વેદના આ ષષ્ઠ મંડળમાં ભરદ્વાજ ઋષિએ સૌરજગતના સૂર્ય, સૂર્યના માર્ગ, સત્તાવીસ નક્ષત્રોના અધિદેવ વગેરેનાં નિરૂપણ કર્યાં છે, તે ઉપરાંત, વર્ષ – સંવત્સરનાં બે અયન, બે સંપાત, છ ઋતુઓ, બાર માસ, બાર રાશિઓ, બાર સૂર્ય, માસ, પક્ષ, અહોરાત્ર વગેરેનાં વર્ણન પણ કરેલાં છે. જ્યોતિષશાસ્ત્ર તેમ જ ખગોળવિદ્યા વિશેનાં પ્રમાણો ઋગ્વેદમાં મળી આવે છે; તે દૃષ્ટિએ અહીં ષષ્ઠ મંડળનાં કેટલાંક સૂક્તોના મંત્રો લઈને સૌરજગતનો સામાન્ય ખ્યાલ રજૂ કર્યો છે.

ષષ્ઠ મંડળનાં વિશ્વદેવા સૂક્તોમાં સત્તાવીસ નક્ષત્રોના અધિષ્ઠાતા સ્વામીઓનાં નામ આવે છે. નિર્ઋતિનો સ્પષ્ટ ઉલ્લેખ નથી અને સર્પનો ઉલ્લેખ આશરે લેવાય છે, બાકી પચીસ દેવોનાં નામ ત્યાં છે.

લગધકૃત વેદાંગ જ્યોતિષમાં આ નક્ષત્રોના સત્તાવીસ દેવોનાં નામ છે. તૈત્તિરીય સંહિતા(૪, ૪, ૧૦)માં નક્ષત્રોની સાથે તેમના સ્વામીઓનાં નામ સ્પષ્ટ રીતે મળે છે. તે બંનેનો ક્રમ નીચે મુજબ છે :

(૧) અગ્નિ – કૃત્તિકા (૨) પ્રજાપતિ – રોહિણી (૩) સોમ – મૃગશીર્ષ (૪) રુદ્ર – આર્દ્રા (૫) અદિતિ – પુનર્વસુ (૬) બૃહસ્પતિ – પુષ્ય (૭) સર્પ – આશ્લેષા (૮) પિતૃઓ – મઘા (૯) અર્યમા – પૂર્વા ફાલ્ગુની (૧૦) ભગ – ઉત્તરા ફાલ્ગુની (૧૧) સવિતા – હસ્ત (૧૨) ત્વષ્ટા – ચિત્રા (૧૩) વાયુ – સ્વાતિ (૧૪) ઇન્દ્રાગ્ની – વિશાખા (૧૫) મિત્ર – અનુરાધા (૧૬) ઇન્દ્ર – જ્યેષ્ઠા (૧૭) નિર્ઋતિ – મૂલ (૧૮) આપ – પૂર્વાષાઢા (૧૯) વિશ્વદેવ – ઉત્તરાષાઢા (૨૦) વિષ્ણુ – શ્રવણ (૨૧) વસુ – ધનિષ્ઠા (૨૨) વરુણ – શતભિષા (૨૩) અજ એકપાત્ – પૂર્વા ભાદ્રપદા (૨૪) અહિ – ઉત્તરા ભાદ્રપદા (૨૫) પૂષા – રેવતી (૨૬) અશ્વિનીકુમાર – અશ્વિની (૨૭) યમ – ભરણી.

સૂર્ય સિદ્ધાંત જ્યોતિષ ગ્રંથ પ્રમાણે હાલ અશ્વિનીથી નક્ષત્રોની ગણના થાય છે, પરંતુ પ્રાચીન કાળમાં કૃત્તિકા નક્ષત્રથી શરૂઆત થતી હતી અને તેથી અગ્નિ વગેરે સ્વામીનો ક્રમ સંગત થાય છે. તે જ રીતે વર્ષ, ઋતુ વગેરેની ગણનામાં પણ ઘણો તફાવત જોવા મળે છે. બાર રાશિઓના ચક્રમાં સત્તાવીસ નક્ષત્રોને અનુસરીને જે ભાગ કરવામાં આવતા, તે પ્રમાણે જોતાં સૂર્ય વસંતઋતુમાં રાશિચક્રના જે સ્થાનમાં આવે, તે સ્થાનમાં દિન-રાત સરખાં થાય, તેને જ મેષરાશિની શરૂઆત ગણીને તેનો યોગતારા રેવતી નક્ષત્ર આવે, જેનો સ્વામી પૂષા સૂર્યનું એક નામ છે. આ પ્રમાણે ઉત્તરાયણમાં શિશિર, વસંત, ગ્રીષ્મ અને વર્ષા, તેમ જ દક્ષિણાયનમાં શરદ અને હેમંત આવે છે.

ઋષિ શબ્દ ઋક્ષ નક્ષત્રના અર્થમાં શતપથ-બ્રાહ્મણે (બીજું કાંડ) વાપર્યો છે. 'બીજાં' નક્ષત્રો તો એક, બે, ત્રણ કે ચાર સંખ્યામાં હોય છે, પરંતુ કૃત્તિકા નક્ષત્રોમાં ઘણા તારા હોય છે. આ કૃત્તિકાઓ ઋષિઓની પત્નીઓ હતી. સપ્તઋષિઓને પ્રાચીન કાળમાં ઋક્ષ કહેતા હતા. આ સપ્તર્ષિઓ ઉત્તર દિશામાં ઉદય પામે છે. (ઋ. પુ. ૩, પા. ૮૫–૮૭)

# વેદ : સૃષ્ટિ-સર્જન

વેદ અનેક વિદ્યાઓનો ભંડાર છે. અન્નપતિ-વિદ્યા, હિરણ્યગર્ભ-વિદ્યા, અગ્નિ-વિદ્યા, અજ એકપાત્-વિદ્યા, સુપર્ણ-વિદ્યા, પુરુષ-વિદ્યા, દેવ-વિદ્યા, સંવત્સર-વિદ્યા, સૂર્ય-વિદ્યા, ગાયત્રી-વિદ્યા, છન્દો-વિદ્યા વગેરે હજારો વિદ્યાઓ દ્વારા વૈદિક ઋષિઓએ મહાન સૃષ્ટિ-વિદ્યાની વ્યાખ્યા કરી છે.

(પુ૦ ૧, ભૂમિકા)

*

## વિશ્વનું રહસ્ય

કોઈ વિલક્ષણ તત્ત્વ આ વિશ્વનું અધિષ્ઠાન હતું. આનું આરંભણ અથવા ઉપાદાન કોણ હતું? આનું નિમિત્ત કેવું હતું — જ્યાંથી વિશ્વદર્શી વિશ્વકર્માએ પૃથ્વી અને દ્યુલોકને પોતાના મહિમાથી પ્રગટ કર્યાં. આ મંત્રોમાં જે ત્રણ પારિભાષિક શબ્દો છે એને સ્પષ્ટતાથી આમ સમજી શકાય છે.

(૧) અધિષ્ઠાન — આસ્થાન — આલમ્બન — અવ્યય બ્રહ્મ — પ્રજ્ઞાન વા મનોમય પુરુષ.

(૨) ગ્રભણ — (ગ્રહણ કરવાવાળો યા પકડવાવાળો) નિમિત્તકારણ — અક્ષર બ્રહ્મ — પ્રાણમય પુરુષ.

(૩) આરમ્ભણ — ઉપાદાનકારણ — ક્ષરબ્રહ્મ — ભૂત વા વાઙ્મય પુરુષ (વૈદિક ભાષામાં પંચભૂતોની સંજ્ઞા (વાક્ છે. કેમ કે ભૂતોમાં સર્વાધિક સૂક્ષ્મ આકાશનો ગુણ શબ્દ વા વાક્ છે.)

પ્રજાપતિ જ ચતુષ્પાદ બ્રહ્મ છે. તેનાં ત્રણ ચરણ વિશ્વનાં ત્રૈધાભાવ વા ત્રિક છે. એનું ચોથું ચરણ એ છે જે સૃષ્ટિમાં નથી આવતું અને અવ્યક્ત બની રહે છે. વૈદિક શબ્દાવલિમાં તે અવ્યક્ત વા અનિરુક્ત પ્રજાપતિની અનેક સંજ્ઞાઓ છે. જેમ કે—

(૧) ગર્ભ પ્રજાપતિ
(૨) ગુહા પ્રજાપતિ
(૩) હૃદય પ્રજાપતિ
(૪) નાભિ વા નભ્ય પ્રજાપતિ
(૫) ઉક્થ પ્રજાપતિ
(૬) અવ્યક્ત પ્રજાપતિ
(૭) કેન્દ્ર પ્રજાપતિ
(૮) અગ્ર પ્રજાપતિ
(૯) એકમેવાદ્વિતીય પ્રજાપતિ
(૧૦) કઃ પ્રજાપતિ
(૧૧) સંપ્રશ્ન પ્રજાપતિ
(૧૨) અનિરુક્ત પ્રજાપતિ
(૧૩) અમૂર્ત પ્રજાપતિ
(૧૪) અમૃત પ્રજાપતિ
(૧૫) પરોક્ષ પ્રજાપતિ
(૧૬) અજ વા અજાયમાન પ્રજાપતિ
(૧૭) યોનિ પ્રજાપતિ
(૧૮) ઊર્ધ્વ પ્રજાપતિ
(૧૯) તત્પ્રજાપતિ
(૨૦) અસૌ પ્રજાપતિ
(૨૧) તૂષ્ણીં પ્રજાપતિ
(૨૨) એકપાત્ પ્રજાપતિ

એ શબ્દોની પાછળ એક જ સમાન તત્ત્વ નિહિત છે. સંહિતા, બ્રાહ્મણ અને પુરાણ પોતપોતાની શૈલીમાં એક મૂળભૂત અવ્યક્ત તત્ત્વની ભિન્ન ભિન્ન સંજ્ઞાઓ આપે છે.

પ્રજાપતિનાં બે રૂપ છે. એક અજાયમાન અર્થાત્ જે અજ વા અજન્મા છે. તે જ ગર્ભ પ્રજાપતિ કહેવાય છે. અવ્યક્ત વા ગર્ભથી જ પ્રજાપતિનું આ રૂપ પ્રગટ થાય છે. જેને 'बहुधा' વા 'विजायमान' કહે છે. આ વિશ્વભુવન જે અવ્યક્ત મૂળ સ્રોતમાં અંતર્નિહિત રહે છે તે જ યોનિ પ્રજાપતિ છે.

શતપથ (બ્રાહ્મણ ગ્રંથ) અનુસાર પ્રજાપતિનાં બે રૂપ છે—અનિરુક્ત અને નિરુક્ત. અર્થાત્ એક શબ્દાતીત છે, બીજું શબ્દ-બ્રહ્મ. વિશ્વ પરિમિત રૂપ છે અને વિશ્વાતીત રૂપ અપરિમિત વા અસીમ છે. જે માત્રા અથવા માપને આધીન હોય તે પરિમિત હોય છે. જેની માત્રા નથી તે અમાત્રક અથવા અપરિમિત કહેવાય છે. માત્રાને વૈદિક ભાષામાં પ્રમા પણ કહે છે. જેની પ્રમા છે, તે બુદ્ધિ અથવા મનથી પણ સમજી શકાય છે. જે પ્રમાથી અતીત છે તે મનથી પણ અતીત રહે છે. એવા પ્રમાહીન પ્રજાપતિને લક્ષ્ય બનાવીને વૈદિક ભાષામાં 'संप्रश्न' કહેવામાં આવ્યો છે. સંપ્રશ્ન તે છે જેનો કોઈ ઉત્તર નથી. જે આદિથી અંત સુધી કોયડો જ છે. તે હમેશાં પ્રશ્નચિહ્ન બની રહે છે. તે પ્રશ્નનું સમાધાન આજ સુધી થયું નથી, ભવિષ્યમાં પણ શબ્દો દ્વારા તેનું સમાધાન શક્ય નથી. તે એક રહસ્ય છે, જેને વેદોમાં 'अपीच्य' અને 'गुह्य' પણ કહેવાય છે. આ રહસ્યનું નામ જ ગુહા છે. અગ્નિ વા પ્રાણનો જન્મ રહસ્યમય છે. વૈદિક ભાષામાં અગ્નિ ગુહાથી જન્મ લે છે. જે મૂળ સ્રોત છે તેને જ નાભિ વા કેન્દ્ર પણ કહેવાય છે. તેની સંજ્ઞા 'उक्थ' છે. જ્યાંથી 'इदंसर्वं' આ વિશ્વ ઉત્પન્ન થાય છે.

દેશ અને કાળથી પર હોવાને લીધે તેને 'अमृत' પણ કહે છે. જે દેશ અને કાળની સીમામાં આવી જાય છે તે સત્ય બની જાય છે. ઇદંસર્વં, વિશ્વભુવન, નિરુક્ત, પ્રત્યક્ષ, પ્રજા, આ બધા મર્ત્ય છે. દેશથી સીમિત છે, માટે એના પર કાળનો અંકુશ છે.

વૃત્તમાં જે કેન્દ્ર છે તે કઃ પ્રજાપતિનું રૂપ છે. તેનો વ્યાસ અને પરિધિ વિશ્વભુવનનું રૂપ છે. કેન્દ્રને માટે વૈદિક સંજ્ઞા 'हृदय' હતી. તેને જ ગીતામાં 'हृद्देश' કહ્યું છે. કઠોપનિષદમાં હૃદ્દેશને જ અંતરાત્મા, મધ્ય આત્મા વા વામન કહ્યો છે. પ્રતીક ભાષામાં અનિરુક્ત અમૂર્ત વા વામન પ્રજાપતિ અંગુષ્ઠ પુરુષ કહેવાય છે. તે જ જ્યારે મહિમાભાવથી યુક્ત થઈને મૂર્ત બને છે ત્યારે તેને ચાક્ષુષ પુરુષ કહે છે.

હૃદય વા કેન્દ્રને માટે બીજી પણ એક ઉત્તમ પરિભાષા છે. તેને 'ऊर्ध्व' કહે છે. અવ્યક્તની સંજ્ઞા ઊર્ધ્વ અને વ્યક્ત વા મંડલની સંજ્ઞા 'अधः' છે. ઊર્ધ્વ-અધઃનો લૌકિક અર્થ ઉપર-નીચે છે. પરંતુ સૃષ્ટિની પ્રક્રિયામાં એ સૂક્ષ્મ અને સ્થૂળ, અમૂર્ત અને મૂર્ત, અનિરુક્ત અને નિરુક્ત, પૂર્વ અને અપર આવા સાપેક્ષ ભાવોનો દ્યોતક છે. કઠોપનિષદમાં વિશ્વને સનાતન અશ્વત્થ કહ્યું છે, જેનું મૂળ વા સ્રોત ઊર્ધ્વ (ઉપર) છે; અને જેની શાખાઓનો વિસ્તાર અવાક્ (નીચે) છે—

ऊर्ध्वमूलोऽवाक्शाख एषोऽश्वत्थः सनातनः (कठ. ६, १)

એને જ ગીતામાં અવ્યય અશ્વત્થ કહ્યો છે. ખરેખર આ સંસારરૂપી વૃક્ષ બે ભાવોની સમષ્ટિ છે. એક અવ્યય, સનાતન અને અમૃત છે, તેને જ અમે અવ્યક્ત વા કઃ પ્રજાપતિ કહીએ છીએ. તે જ આ વિશ્વનો મૂળ આધાર છે. વિશ્વનો બીજો સાપેક્ષ ભાવ વિકાર, પરિવર્તન અને મૃત્યુ છે. જેવી રીતે રથનાં પૈડાંમાં તેનું એક અવિચલ મધ્યબિંદુ (ધરી) હોય છે અને તેનાથી નિયંત્રિત ફરનારી પરિધિ હોય છે, તેવી જ રીતે આ વિશ્વચક્ર વા બ્રહ્મચક્રની સ્થિતિ છે.

એ બંને રૂપોને જ 'तत्' અને 'एतद्' પણ કહે છે. પ્રજાપતિનું પ્રત્યક્ષ રૂપ એતદ્ છે. તેનું પરોક્ષ રૂપ તદ્ છે. एतद् वै तत्(આ તે છે)ના સૂત્ર પ્રમાણે જે વિશ્વ છે તે જ પ્રજાપતિ છે. પ્રજાપતિ રૂપ પુરુષ જ આ વિશ્વયજ્ઞમાં આવ્યો છે. વિશ્વમાં નિત્યકાળરૂપી વિજયસ્તંભથી પ્રજાપતિરૂપ પુરુષ બંધાયેલો છે. પ્રજાપતિનાં બે રૂપ છે. એક सहस्रशीर्षा पुरुष અને બીજું दशांगुल पुरुष. સહસ્રશીર્ષા પુરુષ અનંત અને અમૃત

છે. પ્રજાપતિનું જે રૂપ વિશ્વમાં સમાયેલું છે તે જ દશાંગુલ પુરુષ છે. જે સહસ્રશીર્ષા પુરુષ છે તે દશાંગુલ રૂપમાં પ્રગટ થાય છે. અર્થાત્ દરેક વ્યક્તિ સમષ્ટિનો જ આવિર્ભાવ છે. અધ્યાત્મયજ્ઞ અને અધિદૈવત યજ્ઞ બંને પ્રજાપતિ પુરુષ સમાન છે. એને લક્ષ્યમાં રાખીને પુરુષ વિચો वै यज्ञः કહેવાય છે. જેવો આ છે, તેવો જ તે છે. જે પ્રત્યક્ષ છે તેને 'યથા' અને જે પરોક્ષ છે તેને 'તથા' કહે છે. યથા, તથાને સમાન છે : यथा = તથા, एतद् = તદ્.

एत द्वै तत् કહો વા यथा—तथा કહો ભાવ એક જ છે. આ યથા-તથાના નિયમને જ याथातथ्य કહે છે. પ્રજાપતિની આ સનાતન સૃષ્ટિનું વિધાન, આ યાથાતથ્ય નિયમ અનુસાર જ થયું છે.

याथातथ्यतो अर्थान्। व्यदधाच्छाश्वतीभ्यः समाभ्यः।। (शतपथ. १६)

પ્રજાપતિનું અવ્યક્ત રૂપ અનિરુક્ત વા તૂષ્ણીં છે. તે શબ્દથી અતીત છે. તેનું વ્યક્ત રૂપ નિરુક્ત વા વાક્‌ની પરિધિમાં આવે છે. તૂષ્ણીંને જ 'उपांशु' કહે છે. स यदुपांशु तत् प्राजापत्यं रूपम्।। (शतपथ. १/६।३।२७) પ્રજાપતિની એક સંજ્ઞા 'हृदय' છે. એ અવ્યક્ત કેન્દ્ર તે જ હૃદય છે. હૃદયના આધાર પર જ મનની પ્રતિષ્ઠા હોય છે. મનને હૃત્પ્રતિષ્ઠ કહેવાયું છે. મનના રૂપમાં જ સર્વપ્રથમ વિશ્વ અને વ્યક્તિ બંનેનો આવિર્ભાવ થાય છે. મન જ સંજ્ઞા વા ચેતનાનું કારણ છે. મનના પછી જ પ્રાણ અને ત્યાર બાદ પંચભૂતોની રચના થાય છે.

एष प्रजापतिर्यद्हृदयम्। (शतपथ-४।५।४।१)
या प्रजापतिस्तन्मनः। (जैमिनीय उ. ब्रा. १।३३।२)

વિશ્વની રચનામાં પ્રજાપતિની કામના, તપ અને શ્રમ આ ત્રણ કારણો માનવામાં આવે છે. (सो अकामयत, स तपो अतप्यत् सो अश्राम्यत्). મનના વ્યાપારને કામના, પ્રાણના વ્યાપારને તપ, અને વાક્ અથવા પંચભૂતોના વ્યાપારને શ્રમ કહે છે. પંચભૂતની જ વૈદિક સંજ્ઞા વાક્ છે. સૂક્ષ્મમાંથી સ્થૂળની તરફ આવવું એ જ સૃષ્ટિ છે. સૂક્ષ્મ ભાવોનો ઉત્તરોત્તર વિકાસ સ્થૂળ રૂપમાં હોય છે. આ રીતે સર્વ પ્રથમ મહાન તત્ત્વ બુદ્ધિનો ઉદય થાય છે. તેની ધરતી પર अहं વા व्यष्टिનું કેન્દ્ર જન્મ લે છે. આ રીતે પાછો પંચભૂતોનો સૂક્ષ્મ અને સ્થૂળ રૂપોમાં જન્મ થાય છે. સૂક્ષ્મને તન્માત્રા અને સ્થૂળને ભૂત કહે છે. પંચભૂતોમાં સૌથી સૂક્ષ્મ અને પ્રથમ આકાશ છે. તેની તન્માત્રા શબ્દ છે. શબ્દ જ વાક્ છે. એટલે આકાશનો જે ગુણ શબ્દ વા વાક્ છે તેને જ પાંચે ભૂતોનું પ્રતીક માનવામાં આવે છે. આને ધ્યાનમાં રાખીને કહેવામાં આવ્યું છે કે—

एतन्मयो वा अयमात्मा मनोमयो वाङ्मयः प्राणमयः (शतपथ. १४।४।३।१०)

અર્થાત્ મન-પ્રાણ અને વાક્ વા પંચભૂતોની સમષ્ટિ એ જ આત્મા છે. મન-પ્રાણ અને વાક જ પ્રજાપતિનું વિશ્વમાં આવેલું રૂપ છે. મનને અવ્યય, પ્રાણને અક્ષર, અને વાક્ વા પંચભૂતોને ક્ષર કહે છે. જે સ્થૂળ સૃષ્ટિ છે, તેને સામાન્યતઃ વાક્ કહેવામાં આવે છે.

वाग्वै प्रजापतिः। (शतपथ. ५।१।५।६)
प्रजापतिर्हि वाक् (तैत्तिरीय. १।३।४।५)

અહીં એક બીજી પરિભાષાની તરફ પણ ધ્યાન આપવું જરૂરી છે. જે પરોક્ષ અને અમૃત ભાવ છે તેને 'देव' કહે છે. અને જે પ્રત્યક્ષ દૃશ્ય અને સ્થૂળભાવ છે તેની સંજ્ઞા 'भूत' છે. દેવ અને ભૂત બંનેના સંયોગથી ચિન્મય વિશ્વનો જન્મ થાય છે. ભૂતને જ અસુર પણ કહે છે. દેવ-જ્યોતિ અને અસુર તમસનું રૂપ છે.

વેદોમાં પ્રજાપતિની સંજ્ઞા 'अग्नि' છે. અગ્નિનાં બે રૂપ છે. એક ગુહ્ય, બીજું યજ્ઞીય. જે ગુહ્ય છે તેને નભ્ય પણ કહે છે. અર્થાત્ તે પ્રજાપતિની નાભિ, હૃદય વા અમૂર્ત કેન્દ્રમાં વાસ કરે છે. તે અગ્નિને માથું અને પગ હોતાં નથી. તેનાં આદિ અને અંત બંને છેડા ગુપ્ત હોય છે (अपाद अशीर्षा गुहमानो अन्ता

—ऋक्० ४।१।११). જેને માથું અને પગ વા વિકાસના બંને છેડા નથી હોતા તેનું નામ વામન છે. તેજ ક: પ્રજાપતિ છે. તેજ-કેન્દ્ર જ્યારે બંને બાજુ વિકસે છે ત્યારે તેનાથી રેખા અને પરિધિ બને છે. માનો કે વામનરૂપી કેન્દ્ર વિરાટ રૂપથી આવે છે. વિશ્વના મૂળ સ્રોતની કલ્પના એક સમુદ્ર જેવી કરવામાં આવી છે. જેટલા દેવ અને પ્રગટ શક્તિઓ છે તે બધી સર્વ પ્રથમ તેજ-સમુદ્રમાં લીન હતી. જ્યારે તે અગાધ જળમાં ક્ષોભ પેદા થયો ત્યારે માનો દેવતાઓ નૃત્ય કરવા લાગ્યા અને તેમના પદાઘાતથી ચંચળ ધૂળ ઊડવા લાગી. તે ધૂળના પરમાણુ જ આ વિશ્વ છે.

## પુરુષ પ્રજાપતિ

ભગવાન વેદવ્યાસનું એક અત્યંત મહત્ત્વપૂર્ણ વચન છે, જે તેમના સમસ્ત જ્ઞાનવિજ્ઞાનના મંથનનો સાર છે. તેમણે લખ્યું છે કે—

गुह्यं ब्रह्म तदिदं ब्रवीमि, नहि मानुषात् श्रेष्ठतरं हि किंचित्।

'જે ગુહ્ય તત્ત્વજ્ઞાન છે, જે અવ્યક્ત બ્રહ્મ સમાન સર્વોપરી અને સર્વવ્યાપ્ત અનુભવ છે, તે હું તમને કહું છું કે મનુષ્યથી શ્રેષ્ઠ બીજું કંઈ નથી.' ખરેખર અનંત શાખાપ્રશાખાઓમાં વેદનો ગોપનીય સંદેશ આ જ છે કે પ્રજાપતિની સૃષ્ટિમાં મનુષ્ય પ્રજાપતિની નિકટતમ છે. શતપથ-બ્રાહ્મણમાં સાફ શબ્દોમાં કહ્યું છે—

पुरुषो वै प्रजापतेर्नेदिष्ठम् (શતપથ. ४।३।४।३)

'પુરુષ પ્રજાપતિની નિકટતમ છે.' નિકટતમનું તાત્પર્ય એ જ છે કે તે પ્રજાપતિની સાચી પ્રતિમા છે, પ્રજાપતિનું તદ્દત્ રૂપ છે. પ્રજાપતિ અને તેની વચમાં એવું જ સાન્નિધ્ય અને ઘનિષ્ઠ સંબંધ છે, જેવું પ્રતિરૂપ અર્થાત્ અસલ રૂપ તેની અનુકૃતિમાં હોય છે. પ્રજાપતિ મૂળ છે, તો પુરુષ તેની હૂબહૂ પ્રતિકૃતિ છે. પ્રજાપતિના રૂપને જોવું અને સમજવું હોય તો તેના પૂરા નકશાને આ પુરુષમાં જોઈ અને સમજી શકો છો. સત્ય તો એ છે કે પુરુષ, પ્રજાપતિનો નિકટતમ વા અંતરંગ છે કે તેનો વિચાર કરવાથી એવો જ અનુભવ થાય છે; અને આ જ મોંથી સરી પડે છે કે પુરુષ પ્રજાપતિ જ છે— पुरुषः प्रजापतिः । (શતપથ. ૬।૨।૧।૨૩)

પ્રજાપતિનું જે સ્વરૂપ, કાઠ, અને માનચિત્ર છે, બરાબર એવું જ પુરુષમાં આવેલું છે. માટે જો સૂત્ર-રૂપમાં પુરુષના સ્વરૂપની પરિભાષા બનાવવી હોય તો વૈદિક શબ્દોમાં કહી શકીએ કે—

प्राजापत्यो वै पुरुषः (તૈત્તિરીય ૭।૨।૫।૩)

જે સમસ્ત વિશ્વમાં ફેલાયેલો છે, વિશ્વ જેમાં પ્રતિષ્ઠિત છે અને જે વિશ્વમાં ઓતપ્રોત છે, તે મહાપ્રજાપતિને વૈદિક ભાષામાં સંકેતરૂપથી 'सहस्र' કહેવાય છે. તે સહસ્રાત્મા પ્રજાપતિ જ વૈદિક પરિભાષામાં 'वन' પણ કહેવાય છે. તે અનંતાનંત 'वन'ની અંદર એક એક વિશ્વ, એક એક અશ્વત્થ વૃક્ષ સમાન છે. આ રીતના અનંત અશ્વત્થ તે સહસ્રાત્મા 'वन' નામક પ્રજાપતિમાં છે. તેના કેન્દ્રની જે ધારા સૃષ્ટિમાં પ્રગટ થઈને આગળ વધે છે, તે મૂળ કેન્દ્રથી કેન્દ્રપરંપરા વિકસિત થઈને પુરુષ સુધી આવે છે. કેન્દ્રોના આ વિસ્તારમાં પહેલા કેન્દ્રની પ્રતિમા વા પ્રતિબળ પછીના કેન્દ્રમાં આવે છે. એવી રીતે જે સહસ્રાત્મા પ્રજાપતિ છે તે મૂળ સ્વરૂપ અને વિસ્તારમાં ઠીક ઠીક રીતે આ પુરુષમાં અવતીર્ણ થાય છે; અને થઈ રહ્યો છે. વૈદિક મહર્ષિઓએ ધ્યાન યોગાનુગત થઈને તે મહાન તત્ત્વનો સાક્ષાત્કાર કર્યો અને સૃષ્ટિપરંપરાનો વિચાર કરતાં તેમને આ સાક્ષાત્ અનુભવ થયો કે આ જે પુરુષ છે તે સહસ્રાત્મા પ્રજાપતિની જ સાચી પ્રતિમા છે.

पुरुषो वै सहस्रस्य प्रतिमाः (શતપથ. ૭।૫।૨।૧૭)

જે સહસ્ર પ્રજાપતિ છે, તેના અનંત અવ્યક્ત સ્વરૂપમાં કોઈક અચિન્ત્ય અપ્રતર્ક્ય (અપરિભાષ્ય) બળોનાં સંઘર્ષણોથી વા ગ્રંથિ-બંધનોથી વા સ્પંદનથી સૃષ્ટિની પ્રક્રિયા પ્રવૃત્ત થાય છે....

...શુદ્ધ રસરૂપ પ્રજાપતિમાં અમિતભાવની પ્રધાનતા છે, તેમાં જ્યાં સુધી મિતભાવનો ઉદય ન થાય ત્યાં સુધી સૃષ્ટિની સંભાવના થતી નથી.

... તે રસપરિધિની તરફ વિકસીને જ્યારે બળના રૂપમાં કેન્દ્ર તરફ ફરે છે ત્યારે બે પ્રતિકૂળ ભાવોના ઘર્ષણથી સ્થિતિ અને ગતિ વા ગતિ અને અગતિરૂપ સ્પંદનનાં ચક્ર જન્મ લે છે. સ્પંદનનું નામ પ્રજાપતિ છે. સ્પંદનને વૈદિક પરિભાષામાં છંદ કહે છે. તે છંદ, એ જ પ્રજાપતિ છે–

प्रजापतिरेव छन्दोऽभवत् (શતપથ. ૮।૨।૩।૧૦)

## સૃષ્ટિની મહાન પ્રક્રિયા

સૃષ્ટિની મહાન પ્રક્રિયાની અનેક લોકોમાં, અનેક સ્તરે, પ્રજાપતિના આ છંદની અભિવ્યક્તિ થઈ રહી છે. તે છંદોના સમૂહમાં સહસ્રાત્મા પ્રજાપતિ, પુરુષ રૂપમાં અભિવ્યક્ત થાય છે. સૂર્ય પણ તે જ કેન્દ્રપરંપરાનું એક બિન્દુ છે. એવા પૂર્વ યુગની કલ્પના કરીએ, જ્યારે બધું જ અંધકારમય હતું — અલક્ષણ હતું અને અપ્રજ્ઞાત હતું તે સમયે, રસ અને બળના હેતુથી જે શક્તિનું સંઘર્ષણ થવા લાગ્યું તે સંઘર્ષણના ફળસ્વરૂપ જ્યોતિષ્માન મહાન સૂર્યોનો જન્મ થયો. વૈજ્ઞાનિક ભાષામાં એને જ આમ વિચારી તથા કહી શકીએ કે આરંભમાં શક્તિના સમાનવિતરણના ફળસ્વરૂપ એક શાંત સમુદ્ર ભરાયેલો હતો. પરંતુ ન જાણે ક્યાંથી, કેવી રીતે, કેમ અને ક્યારે તેમાં લહેરોનું સ્પંદન આરંભ થયું અને તે સંઘર્ષના ફળસ્વરૂપ જે શક્તિ સમરૂપમાં ફેલાયેલી હતી તેમાં કેન્દ્ર વા બિંદુ ઉત્પન્ન થવા લાગ્યાં, કે જે પ્રકાશ અને તેજના પુંજ બની ગયા.

આ રીતના ન જાણે કેટલા સૂર્ય, શક્તિની તે પ્રાચીન ગર્ભિત અવસ્થામાં ઉત્પન્ન થયા. વૈદિક ભાષામાં વ્યક્તની સંજ્ઞા हिरण्य છે. અને અવ્યક્ત અવસ્થા हिरण्यगर्भ અવસ્થા હતી. સમભાવથી વિતરિત શક્તિની પૂર્વ અવસ્થા હિરણ્યગર્ભ અવસ્થા હતી, જેમાં આ વ્યક્ત હિરણ્યભાવ સમાયેલો હતો. આગળનો વ્યક્તભાવ તેના પૂર્વના અવ્યક્તમાં લીન હતો.

જો સદાકાળ શક્તિની તેની તે સામ્યાવસ્થા રહી હોત તો કોઈ પણ રીતનો વ્યક્ત ભાવ ઉત્પન્ન થયો જ ન હોત. શક્તિની વિષમતાથી જ મહાન સૂર્ય જેવાં કેન્દ્ર વા બિન્દુ, તે શાન્ત સમુદ્રમાં ઉત્પન્ન થવા લાગ્યાં. પહેલી શાંત અવસ્થાને માટે વેદમાં संयती શબ્દ છે; અને બીજી વ્યક્ત ભાવાપન્ન ક્ષુબ્ધ અવસ્થા માટે क्रन्दसी શબ્દ છે. સંયતી શાંત આત્મા છે. ક્રન્દસી ક્ષુભિત આત્મા છે.

आदित्यं गर्भं पयसा समङ्धि, सहस्रस्य प्रतिमां विश्वरूपम्। (यजु० १३।४१)

શક્તિના શાંત મહાસમુદ્રમાં જે સૂર્ય ઉત્પન્ન થયો, તે પ્રજાપતિનું બાળરૂપ હતું. તેના પોષણ માટે અન્ન અને દૂધની આવશ્યકતા હતી. આ કયું અન્ન હતું, જેણે તે સૂર્યને પુષ્ટ કર્યો? બ્રાહ્મણોની વ્યાખ્યાનુસાર પ્રાણ જ તે પેય વા દૂધ છે, જેનાથી તે સૂર્યરૂપ બાળકનું પોષણ થયું છે. વિરાટ પ્રકૃતિમાં સૌર પ્રાણાત્મક સ્પંદન વા પ્રાણનક્રિયા વડે જ તે વિશ્વરૂપ સૂર્ય જીવનયુક્ત છે. અર્થાત્ સ્વસ્વરૂપમાં સ્થિત છે. તે પોતાનાથી જ, પૂર્વની પરંપરાઓનો પૂર્ણતમ પ્રતિનિધિ છે. એટલા માટે તેને સહસ્રની પ્રતિમા કહેવામાં આવે છે. આપણો જે દૃશ્યમાન સૂર્ય છે, તે એ જ મહાન સૂર્યોની કેન્દ્રપરંપરામાં એક વિશિષ્ટ કેન્દ્ર છે. અથવા તેમની સરખામણીમાં આ શિશુમાત્ર છે. એટલા માટે વૈદિક ભાષામાં द्रप्सश्चस्कन्द કહેવાય છે. અર્થાત્ શક્તિના તે પારાવારહીન મહાસમુદ્રમાં જે શક્તિનું પ્રજ્વલિત કેન્દ્ર ઉત્પન્ન થયું તે આ રીતનું હતું — જાણે સમુદ્રમાંથી એક જળબિંદુ ટપકી પડયું હોય! તે મહાસમુદ્ર કે જે વરાળરૂપમાં હતો અથવા અવ્યક્ત હતો, તેમાં જ આ એક દ્રપ્સ વા બિન્દુ વ્યક્તભાવને પ્રાપ્ત થઈ ગયું છે. એ જ વૈદિક કાવ્યની અને વિજ્ઞાનની ભાષા છે. બધી રીતની સીમાઓથી ઉપર, બધા પ્રકારના ગણિતીય નિર્દેશોથી પર જે શક્તિ તત્ત્વ છે, જ્યાં કોઈ પ્રકારના

આંકડાઓનો સંસ્પર્શ થતો નથી, જેને માટે શૂન્ય વા પૂર્ણ જ એકમાત્ર પ્રતીક છે, તે અનંત સંજ્ઞક પૂર્ણમાંથી આ પ્રત્યક્ષ આદિત્યરૂપી એક બિંદુ પ્રગટ થયું છે; અને એની સંજ્ઞા પણ પૂર્ણ છે. તે अदस् છે, આ इदम् છે. તે પણ પૂર્ણ છે, આ પણ પૂર્ણ છે. આ રીતની રહસ્યમયી ભાષા, સૃષ્ટિથી પ્રાચીન, અચિન્ત્ય અને અવ્યક્ત તત્ત્વોને માટે વિજ્ઞાન અને વેદ બંનેમાં સમાનરૂપથી પ્રયુક્ત થાય છે.

## ભૂતસૃષ્ટિના ત્રણ પ્રકાર

અસલમાં અમારું લક્ષ્ય એના પર છે કે તે અનંત પ્રજાપતિના છંદથી જ પુરુષનું નિર્માણ થયું છે. તે સહસ્રાત્મા પ્રજાપતિની સાક્ષાત્ પ્રતિમા, પુરુષ વા વામન છે. રસ અને બળના તારતમ્યથી પુરુષ, અશ્વ, ગાય, બકરી, ઘેટું, આ પાંચ મુખ્ય પશુ પ્રકૃતિમાં પ્રાણ દેવતાઓને પ્રતિનિધિરૂપમાં પસંદ કરવામાં આવ્યા છે. જ્યારે કે પશુઓની સંખ્યા અનંતાનંત છે. વૈદિક પરિભાષા પ્રમાણે જે ભૂતસૃષ્ટિ છે, તેની જ સંજ્ઞા પશુ વા પ્રજા છે. આ ભૂતસૃષ્ટિ ત્રણ પ્રકારની છે — (૧) असंज्ञ – જેમ કે પથ્થર વગેરે; (૨) अन्तःसंज्ञ – જેમ કે વૃક્ષ વગેરે; (૩) ससंज्ञ – જેમ કે પુરુષ, પશુ વગેરે.

આ ત્રણેમાં જુદો જુદો ભેદ કેમ છે? આ વિષય જુદો વિચાર માગી લે છે. ટૂંકમાં, અસંજ્ઞ સૃષ્ટિમાં કેવળ અર્થમાત્રાની અભિવ્યક્તિ છે. અન્તઃસંજ્ઞ સૃષ્ટિમાં અર્થમાત્રા અને પ્રાણમાત્રા બંનેની અભિવ્યક્તિ છે અને સસંજ્ઞ પ્રાણીઓમાં અર્થ વા ભૂતમાત્રા, પ્રાણમાત્રા એવં મનોમાત્રા, આ ત્રણેયની અભિવ્યક્તિ થાય છે. એમને ભૂતાત્મા, પ્રાણાત્મા અને પ્રજ્ઞાનાત્મા પણ કહે છે. પ્રજ્ઞાનાત્મક જે સૌરપ્રાણ છે તેને જ ઇન્દ્ર કહે છે. માનવ વા મનુષ્યમાં આ સૌર ઇન્દ્ર તત્ત્વની સૌથી વધારે અભિવ્યક્તિ છે. અન્તઃસંજ્ઞ વૃક્ષ-વનસ્પતિઓમાં તે પ્રજ્ઞાનાત્મા ઇન્દ્ર મૂર્છિત રહે છે. તેમનામાં ફક્ત પ્રાણાત્મા વા તૈજસ આત્માનો વિકાસ થાય છે. જ્યાં તેજ વા પ્રાણ છે, ત્યાં વિકાસ છે. બીજ જ્યારે પૃથ્વીમાં જળ, માટી અને પૃથ્વીની ઉષ્ણતાના સંપર્કમાં આવે છે, તે જ ક્ષણે તેમાં વિકાસની પ્રક્રિયાનો આરંભ થઈ જાય છે. માટે ઉપનિષદોમાં કહેવામાં આવ્યું છે કે જે તૈજસ આત્મા છે તે વૃક્ષ-વનસ્પતિઓમાં પણ છે. પરંતુ પ્રજ્ઞાનાત્માનો વિકાસ કેવળ માનવમાં થાય છે. આ દૃષ્ટિથી માનવ સમસ્ત વિશ્વમાં પોતાનું વિશિષ્ટ સ્થાન રાખે છે.

> . . . વૈદિક દૃષ્ટિ અનુસાર પુરુષ દીન-હીન દાસાનુદાસ વા શરણાગત પ્રાણી નથી. તે પ્રજાપતિની નિકટતમ સાક્ષાત્ પ્રતિમા છે. સહસ્રાત્મા પ્રજાપતિનું જે કેન્દ્ર હતું તેની જ પરંપરામાં પુરુષ-પ્રજાપતિના કેન્દ્રનો પણ વિકાસ થાય છે. જે સહસ્રના કેન્દ્રનો મહિમા હતો તે જ પુરુષના કેન્દ્રનો પણ છે—

नहि मानुषात् श्रेष्ठतरं हि किंचित् –

આ લોકોત્તર સત્યનો ઉદ્‌ઘોષ કર્યો છે, તે, તે જ મહામાનવ, અતિમાનવ, વા લોકોત્તર માનવ માટે છે.

## મનુતત્ત્વ

અશ્વત્થવિદ્યા ઉપરાંત બીજો મહત્ત્વપૂર્ણ વિષય મનુતત્ત્વની વ્યાખ્યા છે, જેના કારણે માનવ, માનવ કહેવાય છે. મનુતત્ત્વને જ અગ્નિ, પ્રજાપતિ, ઇન્દ્ર, પ્રાણ અને શાશ્વત બ્રહ્મ, આ નામોથી સંબોધાય છે. જેમ કે મનુના શ્લોકમાં પ્રસિદ્ધ છે. (मनु. ૧૨/૧૨૩)

અધ્યાત્મસંસ્થાને અંતર્ગત ચાર પ્રકારનાં મનસ્તન્ત્ર છે — શ્વોવસીયસ્ મન, સત્ત્વમન, સર્વેન્દ્રિયમન અને ઇન્દ્રિયમન. જ્ઞાન શક્તિમય તત્ત્વને મન કહે છે. આ ચારેયનો સંબંધ ચિદંશ સાથે છે. તેના કારણે આ પ્રજ્ઞાત્મક બને છે. એમાં સૃષ્ટિની જે મૂળભૂત કામના વા કામ છે (कामस्तदग्रे समवर्ततार्धि मनसो रेतः प्रथमं यदासीत्) તે સર્વ જગતના મૂળમાં સ્થિત એટલે પુરુષના મૂળમાં પણ સર્વોપરી વિરાજમાન હૃદય વિશ્વાત્મા મન વા હૃદયભાવથી યુક્ત કામમય પુરુષ શ્વોવસીયસ્ મન છે. એ જ પુરુષમન મૌલિક મનુતત્ત્વ છે.

જે બધાનો સ્તુત્ય અને સર્વનો અંતર્યામી છે. સર્વેન્દ્રિયમનમાં અને અંતમાં વિષયગ્રાહી ઇન્દ્રિયોના અનુગામી ઇન્દ્રિય મનમાં અવતરી, અભિવ્યક્ત થાય છે. ...

...

એક-એક ઇન્દ્રિયના રૂપ-રસ-ઘ્રાણ આદિ નિયત વિષય ઇન્દ્રિય મનથી ગૃહીત થાય છે. એને જ 'पंचेन्द्रियाणि मनः पष्ठानि:' કહેવાય છે. પછી પાંચ ઇન્દ્રિયોના અનુકૂળ પ્રતિકૂળ, વેદનાત્મક જે વ્યાપાર છે તે બધી ઇન્દ્રિયોમાં સમાન હોવાથી સર્વેન્દ્રિયમનનો વિષય છે. એને અનિન્દ્રિયમન કહેવાય છે. જ્યારે ચાલતી વખતે કોઈ એક ઇન્દ્રિયવિષયનો અનુભવ થતો નથી, ત્યારે પણ સર્વેન્દ્રિયમન પોતાનું કાર્ય કર્યા કરે છે. ભોગની ઇચ્છા વિના પણ વિષયોનું ચિંતન આ જ મન કરે છે. સુષુપ્ત દશામાં પોતાનું મન જ્યારે આનંદની દશામાં શાંત થઈ જાય છે ત્યારે બધા ઇન્દ્રિયવ્યાપાર થંભી જાય છે. તે ત્રીજું સત્ત્વગુણસંપન્ન સત્ત્વૈકઘન મહાન મન કહેવાય છે. તે સત્ત્વમનથી પણ ઉપર ચોથો અવ્યય મન વા સૃષ્ટિનું મૌલિક ચિદંશ પુરુષ મન છે, જેને શ્વોવસીયસ્ મન કહે છે અને જેનો સંબંધ પરાત્પર પુરુષની સૃષ્ટિવિધાયક કામનાથી છે. તે જ અણુથી અણુ અને મહાનથી મહાન યાન છે. કેન્દ્રસ્થ ભાવ મન છે. તે જ ઉકથ છે. જ્યારે તેનાથી સૂર્ય વા કિરણો ચારે બાજુ ઉપસ્થિત હોય છે, ત્યારે તેજપરિધિ વા મહિમાના રૂપમાં મનુ કહેવાય છે. એ જ મન અને મનુનો સંબંધ છે. જોકે છેવટે તો બંને જુદા જ છે.

સ્વયંભૂ સ્વયં પ્રતિષ્ઠિત સૃષ્ટિનું મૂળ તત્ત્વ છે. તે સ્વયં વિશ્વસર્ગની ક્રમધારાથી પર રહેવા છતાં, ક્યારેય, કોઈ પણ રીતે અણુભાવમાં બદલાતો નથી. તેને વૃત્તૌજ વા વર્તુળાકાર કહેવામાં આવ્યો છે. પરંતુ તેનાથી જ જ્યારે સૃષ્ટિની પ્રવૃત્તિ આરંભ થાય છે ત્યારે ત્રિવૃત્ ભાવનો વિકાસ થઈ જાય છે. ત્રિવૃત્ ભાવનાં જ બીજાં નામ મન, પ્રાણ, વાક્ છે.

તેના બીજા પણ અનેક પર્યાય વૈદિક સાહિત્યમાં આવે છે. ત્રિવૃત્ વા ત્રિક્ના ઉત્પન્ન થતાં જ સ્વયંભૂનું એક કેન્દ્ર ત્રણ કેન્દ્રોમાં ફેરવાઈ જાય છે. આ ત્રિકેન્દ્રક સૃષ્ટિનું નામ જ આણ્ડસૃષ્ટિ છે, કે જે ભૂમિતિના માપમાં વૃત્તાયત આકૃતિવાળી આણ્ડાકૃતિ હોય છે. એ જ વૈદિક ભાષામાં ત્રિનાભિચક્ર છે. સ્વયંભૂના પછી સૃષ્ટિક્રમધારામાં પાંચ ઈંડાંનો જન્મ થાય છે.

સ્વયં બીજ अस्त्वण्ड છે. તેમાંથી અંકુરનું ફૂટવું અર્થાત્ અવ્યક્ત વૃક્ષનું વ્યક્ત ભાવમાં આવવું હિરણ્મયાણ્ડ છે. ભૂપિણ્ડથી પોતાનો ખોરાક લઈને અંકુરનું વિકસવું તેનું पोषाण्डरूप છે. પછી તે અંકુરના પોતાના સંપૂર્ણ મહિમાભાવને પ્રાપ્ત થઈને પૂર્ણવિકાસ કરવો તે આ બીજનું यशोऽण्ड રૂપ છે. દિક્ચક્રવાલનો વિસ્તાર કરીને જે મહાન વટવૃક્ષ નજરે પડે છે તે અતિસૂક્ષ્મ, એ જ વટબીજના મહિમાનો યશ છે. સર્વથા વિપરિણામ વા પરિપાક પછી દરેક શરીરમાં પોતાના જ જેવું ઉત્પન્ન કરવાની એક શક્તિ આવે છે. તેનું જ ઘનીભૂત રૂપ રેત વા બીજ છે. એ જ रेतोऽण्ड અવસ્થા છે. આ અવસ્થાને પામતાં જ દરેક શરીર ક્ષયોન્મુખ થવા માંડે છે.

. . . વૈજ્ઞાનિક તત્ત્વજ્ઞોએ એટલું હવે નક્કી જાણી લીધું છે કે સ્થૂલ ભૌતિક સૃષ્ટિ જેને આપણે ભૂતમાત્રા, અર્થમાત્રા વા વૈદિક પરિભાષામાં વાક્ કહીએ છીએ, છેવટે શક્તિના સ્પંદનનું જ પરિણામ છે. વિશ્વના બધા પદાર્થ મૂળભૂત શક્તિકિરણોના સ્પંદનથી ઘનીભૂત વા વ્યવસ્થિત થયા છે. આ શક્તિ વિશ્વની પ્રાણન ક્રિયા છે. દરેક ભૂતમાં આ વિદ્યમાન છે. બુદ્ધિજીવી તેને દરેક ભૂતમાં જુએ-ઓળખે છે– भूतेषु भूतेषु विचिन्त्य धीराः।

આજે પરમાણુ યુગને લીધે, શક્તિના આ રહસ્યનું દર્શન માનવને પ્રાપ્ત થઈ શક્યું છે. પરંતુ ભૂતમાત્રા અને પ્રાણમાત્રા જેવું જ ત્રીજું પ્રજ્ઞાનમાત્રા પણ છે, જે સમસ્ત સૃષ્ટિમાં તે જ રીતે વ્યાપ્ત છે, જે રીતે ભૂતમાત્રા અને પ્રાણમાત્રા. ઢેફાં, પથરા વગેરે અસંજ્ઞ, વૃક્ષવનસ્પતિ આદિ અંતઃસંજ્ઞ, અને પશુ-

મનુષ્ય વગેરે સસંજ્ઞ ભૂતોમાં સર્વત્ર અવ્યયાત્માનું શ્વોવસીયસ્ મન અવશ્ય જ વ્યાપ્ત છે. સૌના જન્મ, સ્થિતિ અને લયની પાછળ મૂળભૂત ત્રિક્નો એક સમાન નિયમ છે.

## આઇન્સ્ટાઈન : વૈચારિક ક્રાન્તિ

...પ્રસિદ્ધ વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને આ વિચારોમાં મહાન ક્રાંતિ કરી; અને દેશની સાથે કાળને પણ સૃષ્ટિ નિર્માણના મૌલિક તત્ત્વરૂપમાં સિદ્ધ કર્યું. ગણિત અને ભૌતિકી વિજ્ઞાનની સિદ્ધિ વડે તે તત્ત્વ સર્વમાન્ય થયું. દેશ અને કાળ સૃષ્ટિનિર્માણનાં અનિવાર્ય ચોકઠાં છે. એ જ ઢાંચામાં પડીને ભૂતસૃષ્ટિ આકાર લઈ રહી છે. દેશ અને કાળને જ નામ અને રૂપ કહેવાયાં છે. શતપથ અનુસાર નામ અને રૂપ બે મોટાં યક્ષ છે, જેના પારસ્પરિક સંઘર્ષથી આ બધું થઈ રહ્યું છે. શક્તિની સંજ્ઞા જ યક્ષ છે, પરંતુ નામ અને રૂપ બંને અભ્વ યક્ષ કહેવાય છે. જે હોવા છતાં પણ નથી (भूत्वा न भवतीति) તેને અભ્વ કહે છે. આમ, આખું વિશ્વ વૈદિક દૃષ્ટિથી અભ્વ જ છે. વૈજ્ઞાનિકની દૃષ્ટિએ પણ આ આખું વિશ્વ શક્તિના મૂળ આધાર પર તરંગિત નામરૂપના સિવાય બીજું કંઈ નથી. જે દેશ અને કાળના ટકરાવાથી અસ્તિત્વમાં આવ્યું છે, આવી રહ્યું છે, અને આવતું રહેશે.

વિશ્વવૈજ્ઞાનિક આઈન્સ્ટાઈન પોતાના જીવનની અંતિમ ક્ષણોમાં, વિશ્વની ગૂઢ સમસ્યાને સમજવામાં અતિ વ્યસ્ત હતા; અને તેમના દૃષ્ટિપથમાં આ સત્ય આવવા લાગ્યું હતું કે દેશ અને કાળ સિવાય પણ કોઈ શક્તિ છે જે સૃષ્ટિપ્રક્રિયામાં જરૂરી અંગ સમાન કાર્ય કરી રહી છે; અને તેની સત્તાને પણ સંભવતઃ ગણિતની સિદ્ધિઓ વડે, વ્યક્ત કરવું સંભવ થશે.

...વૈદિક વિજ્ઞાનની જે સામગ્રી આપણી પાસે છે તેનું જ્યારે બુદ્ધિગમ્ય વિવેચન આપણે જોઈએ છીએ ત્યારે આ ધ્રુવ—નિશ્ચિત થઈ જાય છે કે તે કોઈક સત્ ચિત્ આનંદ તત્ત્વે પોતાના ત્રિવૃત્ સ્વરૂપ વડે આ સર્ગનો વિસ્તાર કર્યો છે. અને તે પોતે આમાં રહસ્યમય છે. તે જ અવ્યક્તથી વ્યક્ત ભાવમાં આવ્યો છે.

...વૈદિક વિજ્ઞાન અને અર્વાચીન વિજ્ઞાન આ બંનેની શબ્દાવલિ અને પરિભાષાઓમાં ગમે તેટલો ફરક હોય, મૂળ તત્ત્વની વ્યાખ્યામાં ઘણું એવું સામ્ય છે. ઉપરોક્ત પંચાણ્ડવિદ્યા તેનું નાનું સરખું ઉદાહરણ છે.

...વિજ્ઞાનના નિયમ પ્રમાણે જ મૂળભૂત વૈદિક નિયમ પણ અત્યંત સરળ છે. અધ્યાત્મ, અધિદૈવત અને અધિભૂતના સ્તર પર તે નિયમોને સમજવાનો પ્રયત્ન બ્રાહ્મણ ગ્રંથોમાં જોવા મળે છે.

જ્ઞાન અને વિજ્ઞાનને આત્મસાત્ કરીને જ અંતિમ તત્ત્વનું દર્શન થઈ શકે છે. જ્ઞાન શિરોમૂલા દૃષ્ટિ છે અને વિજ્ઞાન પાદમૂલા દૃષ્ટિ છે. વડમાં બીજનાં દર્શન, અને બીજમાં વડનાં દર્શન આ બંને જ જ્ઞાન-સાધનાના પ્રકાર છે.

**[ડૉ. વાસુદેવશરણ અગ્રવાલના 'વેદરશ્મિ' ગ્રંથમાંથી]**

# ૧ : ઉપનિષદો

વૈદિક યુગની સંસ્કૃતિનો, 'વેદ', 'બ્રાહ્મણો' અને 'આરણ્યકો' પછીનો, અન્તિમ વાઙ્મય આવિર્ભાવ તે ઉપનિષદો. 'શ્રુતિ' શબ્દથી ઓળખાતા વાઙ્મયમાં ઉપનિષદોનો સમાવેશ થાય છે. પણ ભાષાના વિકારામાં, નામનાં અને વિશેષત: ક્રિયાપદોનાં રૂપોમાં થતો આવેલો ઉત્ક્રમ ઉપનિષદોમાં બહુ આગળ વધ્યો છે, અને ત્યાર પછીના, પાણિનીય વ્યાકરણે જેનું આખરી અને અપરિવર્ત્તી રૂપ સ્થિર કર્યું એ, ઉત્તરકાલીન સંસ્કૃતની સમીપ પહોંચ્યો છે; જોકે એમાં હજી વૈદિક સંસ્કૃતના — બ્રાહ્મણો અને આરણ્યકોમાં પ્રયોજાયેલી યજ્ઞવિધિને લગતી પરિભાષાના — કંઈક સંસ્કાર અને શબ્દપ્રયોગો અત્રતત્ર વપરાયા છે.

ઉપનિષદોની પ્રગતિ ચિન્તનના પ્રદેશમાં અપૂર્વ છે. દૃશ્ય વિશ્વની વિભૂતિ રૂપ મનાતા અનેક દેવોની સ્તુતિ કરતાં, બ્રાહ્મણના યજ્ઞકર્મ અને આરણ્યકોની તદનુષંગી રહસ્યમય વિચારસંકુલતા કરતાં, ઉપનિષદોની વિચારસરણી ગહનતર અને ઊર્ધ્વગામી બની છે; સકલ વિશ્વમાં વ્યાપક, સર્વ માનવ પ્રાણીઓનું અન્તર્યામી, સર્વાન્તર્ગત છતાં અદૃશ્ય, માત્ર પ્રતીતિગમ્ય, એવા એક તત્ત્વની શોધમાં, એની મીમાંસામાં અને એના પ્રતિપાદનમાં પ્રવૃત્ત થઈ છે.

જેનું સ્વરૂપ કે જેનો ગુણ ઇન્દ્રિયોથી અને મનથી પર છે એવા એ તત્ત્વના પ્રતિપાદનમાં ઉપનિષદના નિર્માતાઓનું ચિત્ત ઉન્નત આરોહણ કરે છે, એમનું દર્શન અદ્‌ભુત બને છે, અને એમની વાઙ્મય અભિવ્યક્તિ અનેક પ્રતીકોથી, દૃષ્ટાન્તોથી, ભાવોદ્રેકથી કવિત્વમય બને છે.

વિશ્વમાં પ્રવર્તી રહેલ દિવ્ય, અદ્‌ભુત, ઋત અને પ્રતિભાની ઝાંખી થતાં વૈદિક ઋષિના ચિત્તમાંથી આ ઉદ્‌ગાર ઉદ્‌ભવ્યો હતો:

देवस्य पश्य काव्यं महित्वा। [જો દેવનું કાવ્ય — મહિમાથી]

देवस्य पश्य काव्यं न ममार न जीर्यति॥ ઋગ્વેદ ૧૦–૫૫–૫; અથર્વવેદ ૧૦–૮–૩૨. [જો! દેવનું કાવ્ય જે નથી મર્યું, નથી જીર્ણ થતું.]

અલબત્ત, આ ઉદ્‌ગારમાં काव्य પદનો પ્રયોગ સૂક્ષ્મ ક્રાન્તદર્શિની પ્રતિભા, અદ્‌ભુત મેધાશક્તિ, અને ગહનગામિની બુદ્ધિ એ અર્થમાં થયો છે. પણ ઉપનિષદોની વાણીમાં, એ સૂક્ષ્મ પ્રતિભા અને અદ્‌ભુત ગહનતત્ત્વની અન્વેષણા કલ્પનાનાં ઉન્નત શિખરોએ આરોહે છે.

સમગ્ર વિશ્વને વ્યાપી લેતી એ કલ્પનામાંથી જન્મે છે "ईशावास्यम् इदं सर्वम्" [ઈશનું રાજ્ય છે આખું] એ ઉક્તિ. એ પરમતત્ત્વના નિરૂપણ માટે વાણી અલંકૃત બનીને આવે છે:

अनेजद् एकं मनसो जवीयोः नैनद् देवा आप्नुवन् पूर्वमर्शत्।
तद्धावतोऽन्यान् अत्येति तिष्ठत् तस्मिन्नपो मातरिश्वा दधाति।

[આ આત્મતત્ત્વ એકનું એક, જરાયે હલનચલન ન કરનારું, પણ મનથીયે વધારે વેગવાળું છે. દેવો તેને નથી આંબી શકતા, પણ એણે માત્ર દેવોને ક્યારનાયે આંબી લીધા છે. દોડનારા બીજાઓને તે ઊભું રહીને પાછળ પાડી દે છે. પ્રકૃતિ માતાના ખોળામાં રમનારો પ્રાણ, તેની જ સત્તાને જોરે, હલનચલન કરે છે.]

અન્તિમ સત્યની રહસ્યમયતાને,—અગમ્યતાને—વ્યક્ત કરવા માટે ઋષિ પ્રતીકનો આશ્રય લે છે:

हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम्। [સુવર્ણમય પાત્રથી સત્યનું મુખ ઢંકાઈ રહ્યું છે.]

આત્મા, બુદ્ધિ, મન, ઇન્દ્રિયો અને શરીરના અન્યોન્ય સંબંધ દર્શાવવા માટે રથના રૂપકનો ઉપયોગ કરવામાં આવ્યો છે:

आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु। इन्द्रियाणि हयानाहुः विषयांस्तेषु गोचरान्।
बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च॥ आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः॥

—કઠ ૧–૩–૩,૪

[આત્માને રથી (રથવાળો) જાણ, અને શરીરને રથ; બુદ્ધિને સારથિ જાણ અને મનને (એના હાથમાંની) લગામ; ઇન્દ્રિયોને હય કહે છે, વિષયો એમનો વિહરવાનો પ્રદેશ છે; આત્મા ઇન્દ્રિય અને મનથી યુક્ત ભોક્તા છે એમ વિચારવાન વિદ્વાનો કહે છે.]

કઠ ઉપનિષદ(૨–૩–૧)માં સંસારનું એક ભવ્ય રૂપક કલ્પવામાં આવ્યું છે:

ऊर्ध्वमूलोऽवाक्शाखः एषोऽश्वत्थः सनातनः।

આ રૂપક ભગવદ્‌ગીતામાં, થોડાક શબ્દફેર સાથે, આવેલું હોઈને, ઊંચે જેનાં મૂળ છે અને શાખાઓ નીચે, એવો આ સંસાર-અશ્વત્થ પ્રસિદ્ધ બન્યો છે.

પ્રશ્નોપનિષદ (૧–૮) સૂર્યનું, વેદાનુસારી, ભવ્ય વર્ણન આપે છે:

सहस्ररश्मिः शतधा वर्तमानः प्राणः प्रजानामुदयत्येष सूर्यः। સહસ્ર-રશ્મિ, સો પ્રકારે વર્તમાન, પ્રજાનો પ્રાણ એવો આ સૂર્ય ઊગે છે.

આ વિશ્વનો ઉદ્‌ભવ બ્રહ્મમાંથી જ, બાહ્ય ઉપાદાન કે ઉપકરણ વિના, શી રીતે થયો તે મુંડક ઉપનિષદે ઉપમાઓ દ્વારા જણાવ્યું છે: જેમ કરોળિયો સર્જે છે અને સંગ્રહી લે છે; જેમ પૃથ્વી પર ઔષધિઓ ઊગે છે; જેમ જીવતા પુરુષ(ના દેહ)માંથી વાળ અને રુવાંટાં; તેમ અક્ષરમાંથી અહીં વિશ્વ ઉદ્‌ભવે છે.

વિરાટ પુરુષની ઋગ્વેદીય ભવ્ય કલ્પના મુંડક ઉપનિષદ(૨–૧–૪)માં આ પ્રકારે રૂપાન્તરિત થઈ છે.

अग्निर्मूर्धा, चक्षुषी चन्द्रसूर्यौ दिशः श्रोत्रे, वाग्विवृताश्च वेदाः।
वायुः प्राणो हृदयं विश्वमस्य पद्भ्यां पृथिवी, ह्येष सर्वभूतान्तरात्मा।

[અગ્નિ તે મસ્તક, સૂર્ય અને ચન્દ્ર એનાં નેત્રો, દિશાઓ શ્રોત્ર, એની વાણી તે વિસ્તૃત વેદો છે, વાયુ પ્રાણ, વિશ્વ તે એનું હૃદય છે, એના બે ચરણમાંથી પૃથ્વી (થઈ છે)—એ છે સર્વભૂતાન્તરાત્મા.]

અને એ ઉપનિષદમાં, તેમ જ શ્વેતાશ્વતર ઉપનિષદમાં, ઋગ્વેદનો (૧–૧૬૪–૨૦) આ મન્ત્ર શબ્દશઃ પુનરુક્તિ પામ્યો છે:

द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते।
तयोरन्यः पिप्पलं स्वादु अत्ति अनश्नन्नन्यो अभिचाकशीति॥

[સુંદર પાંખવાળાં બે પંખીઓ, સાથીદારો અને સખાઓ, એક સમાન વૃક્ષને વળગીને બેઠાં છે; એમાંનું એક સ્વાદિષ્ટ પિપ્પલ ખાય છે, બીજું કંઈ જ ન ખાતું, જોયા કરે છે.]

જીવાત્મા અને પરમાત્માના—આગળ ઉપર નર અને નારાયણ નામ પામેલા—આ યુગલને અપાયેલું આ રૂપક એવું યથાર્થ છે કે એનું પુનઃ પુનઃ આવર્તન થયા કરે એમાં આશ્ચર્ય નથી.

એવી જ અર્થસમૃદ્ધ છે મુંડક ઉપનિષદ ૨–૨–૩, જમાંની આ રૂપકકલ્પના:

धनुर्गृहीत्वौपनिषदं महास्त्रम् शरं ह्युपासानिशितं सन्धयीत।
आयम्य तद्भावगतेन चेतसा लक्ष्यं तदेवाक्षरं सोम्य विद्धि॥

[મહાન અસ્ત્ર(બાણ)વાળું, ઉપનિષદકથ્યું પ્રણવરૂપી ધનુષ પકડીને, ઉપાસનારૂપ તીક્ષ્ણ શર સાંધવું, અને એની જ ભાવનામાં નિમગ્ન ચિત્તથી એને તાણીને, એ અક્ષર (બ્રહ્મ) રૂપ લક્ષ્યને વીંધ.]

એ જ મુંડક ઉપનિષદ(૩–૨–૮)માં આ વિશ્વ અને વિશ્વનાં સર્વ તત્ત્વો પરબ્રહ્મમાં શી રીતે એકાકાર બની જાય છે, બ્રહ્મજ્ઞ વિદ્વાન શી રીતે બ્રહ્મમાં લીન બને છે, એ દર્શાવવાને નદી અને સમુદ્રની સચોટ ઉપમા યોજી છે: જે પ્રમાણે વહેતી સરિતાઓ સમુદ્રમાં નામરૂપ તજી દઈને અસ્ત (વિલીન) થાય છે, તે પ્રમાણે વિદ્વાન મનુષ્ય નામરૂપથી મુક્ત થઈને પરાત્પર દિવ્ય પુરુષને પામે છે (એમાં લીન થાય છે).

વૈયક્તિક ભિન્ન અસ્તિત્વ તો માત્ર રૂપથી છે, અને એ રૂપને આપેલા નામથી છે; એ નામરૂપ શાશ્વત નથી; શાશ્વત પરાત્પર તત્ત્વમાં એકીભાવ થતાં નથી રૂપ રહેતું, નથી નામ રહેતું, નથી વ્યક્તિત્વ રહેતું, સમષ્ટિમાં અન્તર્ભાવ થાય છે, એ અધ્યાત્મવિચારને વ્યક્ત કરવામાં વાણી અસમર્થ બને એટલે આ ઉપમાથી વાણીનું સામર્થ્ય સાધ્યું છે, વધાર્યું છે.

તૈત્તિરીય ઉપનિષદની બ્રહ્માનન્દવલ્લીમાં બ્રહ્મીભાવના અપરિમેય આનન્દની મીમાંસા કરવામાં આવી છે; તેમાં આરંભમાં 'રસ'નો રૂપક તરીકે સુંદર પ્રયોગ કર્યો છે, જેનો પછીના કાવ્યમીમાંસકોએ, વિશેષત: 'રસગંગાધર'માં પંડિત જગન્નાથે, કાવ્યના બ્રહ્માનન્દસહોદર મનાતા રસરૂપ આનન્દની મીમાંસામાં ઉપયોગ કર્યો છે. એ રૂપક ઉક્ત ઉપનિષદની બ્રહ્માનંદવલ્લીના સાતમા અનુવાકમાં આવે છે.

रसो वै सः। रसं हि एव अयं लब्ध्वा आनन्दी भवति। को हि एव अन्यात् कः प्राण्यात्।। यद् एष आकाश आनन्दो न स्यात्।।

[એ જ રસ છે. એ રસને પામીને (પુરુષ) આનન્દી બને છે. જો આ આકાશ આનન્દ ન હોય તો કોણ શ્વાસ લઈ શકે, કોણ જીવી શકે?]

અહીં 'આકાશ' એ શબ્દ લક્ષણાવ્યાપારથી સકલ વિશ્વને છાઈ રહેલ, વિશ્વમાં વ્યાપી રહેલ, પરિચ્છેદાતીત, બ્રહ્મનો નિર્દેશ કરે છે એ કહેવાની જરૂર ન હોય.

છાન્દોગ્ય ઉપનિષદનો આરંભ (અધ્યાય ૧, ખંડ ૧) ૐની ઉપાસનાથી થાય છે, ત્યાં આ 'રસ' શબ્દનો લક્ષણાથી સારતત્ત્વના અર્થમાં પ્રયોગ થયો છે:

ॐ इत्येतदक्षरम् उद्गीथम् उपासीत। . . . एषां भूतानां पृथिवी रसः, पृथिव्याः आपो रसः। अपाम् ओषधयः रसः, ओषधीनां पुरुषो रसः, पुरुषस्य वाग् रसः, वाचः ऋक् रसः, ऋचः साम रसः साम्नः उद्गीथो रसः।। स एष रसानाम् रसतमः परमः परार्ध्यः अष्टमो उद्गीथः।।

[ઓમ એ અક્ષર-ઉદ્‌ગીથની ઉપાસના કરવી . . . આ ભૂતોનો રસ પૃથ્વી છે. પૃથ્વીનો રસ પાણી છે, પાણીનો રસ ઔષધિઓ છે, ઔષધિઓનો રસ પુરુષ છે, પુરુષનો રસ વાણી છે. વાણીનો રસ ઋચા છે, ઋચાનો રસ સામ છે, સામનો રસ ઉદ્‌ગીથ છે. જે આ ઉદ્‌ગીથ તે રસોનો રસોત્તમ પરમ પરાર્ધ્ય આઠમો રસ છે.]

છાન્દોગ્ય ઉપનિષદના છઠ્ઠા અધ્યાયમાં શ્વેતકેતુને એના પિતા ઉદ્દાલક એ પરમતત્ત્વનો ઉપદેશ આપે છે: येन अश्रुतं श्रुतं भवति अमतं मतम् अविज्ञातं विज्ञातम्। અને મૂલકારણને જાણી લેવાથી એના અનેક કાર્યરૂપ વિવર્તોને જાણી લેવાય છે, એકના જ્ઞાનથી અનેકનું જ્ઞાન આપોઆપ થાય છે, એવો ઉપદેશ આપતાં ઉદ્દાલકે આધિભૌતિક દ્રવ્યોની ઉપમાપરંપરાથી આધ્યાત્મિક તત્ત્વબોધ કરાવ્યો છે:

હે સૌમ્ય! જેમ માટીના એક પિંડથી માટીનું બનેલું બધું જાણી લેવાય, વિકાર તો વાણીની સરજત છે, નામમાત્ર છે, મૃત્તિકા એ જ સત્ય છે;

જેમ, હે સૌમ્ય, એક લોહમણિથી લોહમય બધું જાણી લેવાય, વિકાર તો વાચાની સરજત છે, નામમાત્ર છે, લોહ તે જ સત્ય છે;

સૌમ્ય! જેમ એક નેણીને જોઈને પોલાદનું બનેલું બધું જાણી લેવાય, વિકાર તો વાણીની સરજત છે, નામમાત્ર છે, પોલાદ એ જ સત્ય છે;

એ રીતનો સૌમ્ય! આ આદેશ છે.

બૃહદારણ્યક ઉપનિષદના બીજા અધ્યાયના ત્રીજા બ્રાહ્મણમાં, દેહગત જીવાત્મા વાસનાથી આવૃત થતાં કેવો બને છે એનું વર્ણન અર્થોપકારક ઉપમાઓથી કરવામાં આવ્યું છે:

तस्य ह एतस्य पुरुषस्य रूपम् यथा महारजनं वासः यथा पाण्डु आविकम् यथा इन्द्रगोपः, यथा अग्न्यर्चिः, यथा पुण्डरीकम्, यथा सकृद्विद्युत्तं सकृद् विद्युत्तेव वा अस्य श्रीः भवति ।।

સ્વતઃશુદ્ધ આ જીવાત્મા ઉપર વાસનાનો પ્રભાવ કેવો હોય છે એ અહીં હરિદ્રા રંગેલા વસ્ત્રની, શુભ્ર ઊનની, ઇન્દ્રગોપ નામના લાલ જન્તુની, શ્વેત પુંડરીકની અને ચમકતી વીજળીની ઉપમા વડે કહ્યું છે; અને અદૃશ્ય વાસનાસંસ્કારનો દૃશ્ય પદાર્થોના સાદૃશ્યથી પરિચય કરાવ્યો છે.

અને આ ઉપનિષદના ત્રીજા અધ્યાયમાં યાજ્ઞવલ્ક્યને, એ ખરેખર બ્રહ્મનિષ્ઠ છે કે નહીં એ માટે એની પરીક્ષા કરવાને, અનેક વ્યક્તિઓ અનેક પ્રશ્નો પૂછે છે, એ પ્રશ્નોમાંનો એક પ્રશ્ન, સાતમા બ્રાહ્મણમાં, ઉદ્દાલક આરુણિએ પૂછ્યો છે. એ પ્રશ્ન અન્તર્યામી આત્મા વિશેનો છે અને એનો યાજ્ઞવલ્ક્યે આપેલો ઉત્તર ઉદાત્તભવ્ય શૈલીનું સુંદર ઉદાહરણ છે:

यः पृथिव्यां तिष्ठन् पृथिव्या अन्तरो यं पृथिवी न वेद यस्य पृथिवी शरीरं यः पृथिवीमन्तरो यमयति एष त आत्मा अन्तर्यामी अमृतः ।। ३ ।। × × ×

यः अन्तरिक्षे तिष्ठन् अन्तरिक्षादन्तरो यमन्तरिक्षं न वेद यस्यान्तरिक्षं शरीरम् योऽन्तरिक्षमन्तरो यमयति एष त आत्मा अन्तर्यामी अमृतः ।। ६ ।। × × ×

यः आकाशे तिष्ठन् आकाशादन्तरो यमाकाशो न वेद, यस्याकाशः शरीरम्, य आकाशमन्तरो यमयति, एष त आत्मा अन्तर्यामी अमृतः ।। १२ ।। × × ×

यः सर्वेषु भूतेषु तिष्ठन् सर्वेभ्यो भूतेभ्यः अन्तरः, यं सर्वाणि भूतानि न विदुः, यस्य सर्वाणि भूतानि शरीरम्, यः सर्वाणि भूतानि अन्तरो यमयति, एष त आत्मा अन्तर्यामी अमृतः ।। १५ ।। × × ×

अदृष्टो द्रष्टा, अश्रुतः श्रोता, अमतो मन्ता, अविज्ञातो विज्ञाता; नान्योऽतोऽस्ति द्रष्टा, नान्योऽतोऽस्ति श्रोता, नान्योऽतोऽस्ति मन्ता, नान्योऽतोऽस्ति विज्ञाता; एष त आत्मा अन्तर्यामी अमृतः। अतोऽन्यदार्तम् ।। २३।।

[જે પૃથિવીમાં સ્થિત છે, પૃથ્વીમાં અન્તર્ગત છે, જેને પૃથ્વી જાણતી નથી, પૃથ્વી જેનું શરીર છે, જે અંદર રહેલો પૃથ્વીનું નિયમન કરે છે, એ છે તારો આત્મા, અન્તર્યામી અમૃત. × × ×

જે અન્તરિક્ષમાં સ્થિત છે, અન્તરિક્ષનો અન્તર્ગત છે, જેને અન્તરિક્ષ જાણતું નથી, જેનું અન્તરિક્ષ શરીર છે, જે અન્તરિક્ષનું અંદર રહીને નિયમન કરે છે, એ છે તારો આત્મા, અન્તર્યામી, અમૃત. × × ×

જે આકાશમાં સ્થિત છે, આકાશનો અન્તર્ગત છે, જેને આકાશ જાણતું નથી, જેનું આકાશ શરીર છે, જે આકાશમાં રહીને આકાશનું નિયમન કરે છે એ છે, તારો આત્મા, અન્તર્યામી, અમૃત. × × ×

જે સર્વભૂતોમાં રહેલો છે (ઇત્યાદિ પૂર્વવત્) એ છે તારો આત્મા, અન્તર્યામી, અમૃત. × × ×

અદૃષ્ટ એવો એ દ્રષ્ટા છે, ન સાંભળેલો સાંભળનાર છે, અણચિન્તવેલો ચિન્તવનાર છે, નહીં જાણી શકાયેલો જાણનાર છે; એનાથી અન્ય કોઈ દ્રષ્ટા નથી, શ્રોતા નથી, મન્તા (વિચારનારો) નથી, જ્ઞાતા નથી. આ છે તારો આત્મા, અન્તર્યામી અને અમૃત. એ સિવાયનું અન્ય સર્વ આર્ત્ત છે (વિપત્તિવશ છે, નશ્વર છે).]

વિશ્વનાં સર્વ તત્ત્વોમાં ઘૂમી વળતી યાજ્ઞવલ્ક્યની આ દૃષ્ટિ, અને એમાં એણે કરેલું એક અન્તર્યામીનું દર્શન, એ કેવળ કલ્પનાનો વિલાસ નથી, ક્રાન્તદ્રષ્ટાની અદ્ભુત આન્તર અનુભૂતિનો વિરલ અને ભવ્ય ઉદ્ગાર છે, પુરુષસૂક્તના ભવ્ય કાવ્ય જેવું કાવ્ય છે. આવી ઉદાત્ત ગદ્યશૈલીનું અન્ય ઉદાહરણ આ લેખના વિદ્યાઓ અને ઉપાસનાપ્રકારો એ ખંડના અન્તમાં, એ ત્યાં પ્રસંગપ્રાપ્ત હોઈને મૂક્યું છે.

# अहं ब्रह्मास्मि

માનવીની આધ્યાત્મિક ઉન્નતિનો અને એ દ્વારા પ્રતીત થતી માનવ-આત્માની ઉચ્ચતમ પદવીનો ઉદ્‌ઘોષ કરતો આ ઉદ્‌ગાર બેત્રણ હજાર વર્ષો પૂર્વે આર્યાવર્તના તત્ત્વદ્રષ્ટા ઋષિના કંઠમાંથી નીકળીને વિશ્વમાં ગાજી રહ્યો હતો:

अहं ब्रह्मास्मि ।

આ ઉદ્‌ગાર નહોતો જગતના કોઈ ક્ષુદ્ર માનવનો આત્મશ્લાઘાપરાયણ ગર્વમાંથી ઉદ્‌ભવેલો, અહંભાવ-ભર્યો ઉદ્‌ગાર. એ હતો, જેનો અહંભાવ ગલિત થયો છે, જેણે વિશ્વનાં ચેતન-અચેતન, સ્થાવર-જંગમ સર્વ સત્ત્વોમાં અને પોતામાં પણ બ્રહ્મનો સાક્ષાત્કાર કર્યો છે એવા જ્ઞાનની પરમકોટિએ પહોંચેલા જ્ઞાની તત્ત્વદ્રષ્ટાના ચિત્તનો સ્વયંભૂ ઉદ્‌ગાર. જગતના ઇતિહાસમાં માનવ-આત્માની ઉન્નતતમ દિવ્ય કોટિનું પ્રતિપાદન કરનારો આ ઉદ્‌ગાર, સર્વપ્રથમ ભારતમાં ઉદ્‌ભવ્યો હતો.

આ પરમસત્યની પ્રતીતિની પાછળ આર્યાવર્તના ઋષિની હજારો વર્ષની જ્ઞાનયાત્રા હતી. બહિર્મુખ માનવ-ચિત્તને આ અંતર્મુખ સ્થિતિએ પહોંચતાં હજારો વર્ષ લાગ્યાં હતાં. ધર્મની, સંસ્કૃતિની, જ્ઞાનની દિશામાં પ્રથમ પગલાં માંડતો માનવ આરંભમાં બહિર્મુખ હતો. કઠોપનિષદ કહે છે તેમ: (કઠ ૨–૧–૧)

पराञ्चि खानि व्यतृणत् स्वयंभूः तस्मात् पराङ् पश्यति नान्तरात्मन् ।

[સ્વયંભૂએ ઇન્દ્રિયોને બહિર્મુખ કોતરી છે, તેથી મનુષ્ય બહાર જ જુએ છે, આત્મામાં અંદર નહીં.]

સ્વયંભૂએ દેહધારીની ઇન્દ્રિયોને અંદરથી બહાર જતી બનાવી છે તેથી મનુષ્યની ઇન્દ્રિયપ્રવૃત્તિ બહિ-ર્મુખ જ રહે છે, એ બાહ્ય વિષયોને જુએ છે, અન્તરાત્માને નહીં.

ઋગ્વેદના ઋષિઓની દૃષ્ટિ બહુધા આવી હતી. પૃથ્વીની સપાટી ઉપર રહેલા એ ઋષિઓની દૃષ્ટિ ગગનમાં ઘૂમતી, અન્તરિક્ષમાં આરોહતી, પણ એ બહિર્મુખ તો હતી જ. એ ઋષિઓએ પૃથ્વીમાં પ્રવર્તતા પ્રકૃતિનાં ભવ્ય તત્ત્વોમાં જ, પ્રકૃતિના નિયમોથી પર રહેલી, એ પ્રકૃતિનું નિયમન કરનારી, દિવ્ય વિભૂતિ-ઓનાં દર્શન કર્યાં અને ઇન્દ્ર, વરુણ, અગ્નિ, સૂર્ય વગેરે દેવોની સ્તુતિ ગાઈ. રાત્રિ, અમાવાસ્યા, પૂર્ણિમા, ઉષા, સંધ્યા અને ખુદ પૃથ્વી એ પ્રાકૃતિક તત્ત્વોને એમણે દેવીની પદવી આપી. માનવ ઉપર અનેકવિધ ઉપકાર કરી રહેલાં એ દેવ-દેવીઓનું પ્રત્યુપકાર દ્વારા ઋણ અર્પણ કરવાની ભાવના એ ઋષિઓમાં જાગી. એમણે આ દેવોને યજ્ઞમાં આહુતિઓ આપી. આમ એ વૈદિક ઋષિઓની ધર્મભાવનામાં યજ્ઞનું સ્થાન મુખ્ય હતું. ઋગ્વેદના પુરુષસૂક્તનાં (મંડલ ૧૦, સૂક્ત ૯૦માં) કહ્યું છે તેમ:

यज्ञेन यज्ञमयजन्त देवाः । तानि धर्माणि प्रथमान्यासन् ।।

[દેવોએ યજ્ઞ વડે યજ્ઞ યજ્યો; એ હતા પ્રથમ ધર્મો.]

અને સૃષ્ટિની ઉત્પત્તિમાં પણ એમણે યજ્ઞ જોયો; આ પુરુષસૂક્ત કહે છે તેમ વિશ્વના આદિતમ દિવ્ય પુરુષ એ યજ્ઞનો બલિ હતો, અને એનાં અંગોમાંથી પૃથ્વી, આકાશ, સૂર્ય, ચંદ્ર આદિ તત્ત્વો અને તેજગોલકો નીપજ્યાં, બ્રાહ્મણ આદિ ચાર વર્ણો ઉદ્‌ભવ્યા અને અશ્વ, ગાય, અજા, અવિ, ગ્રામ્ય અને આરણ્ય પશુઓ, એ સકલ પ્રાણીસૃષ્ટિની ઉત્પત્તિ થઈ.

ઋગ્વેદીય ઋષિઓને પણ આ અનેક દેવોમાં રહેલા, કે એ દેવોના સર્વોપરી એવા, કોઈ એક દિવ્ય તત્ત્વની કલ્પના તો થઈ જ હતી. એમણે કહ્યું જ હતું: एकं सद् विप्रा बहुधा वदन्ति । આ એક પરમ-તત્ત્વનો પ્રજાપતિ, હિરણ્યગર્ભ એ નામે સ્તોત્રો ગાતાં સૂક્તો પણ એ ઋષિઓએ રચ્યાં હતાં. આ વિશ્વની ઉત્પત્તિની સમસ્યા સદાસર્વદા અણઉકેલી રહે એવી છે એ વાતની પણ એમને પ્રતીતિ થઈ હતી. એ અજ્ઞેય-તાનો, માનવબુદ્ધિની મર્યાદાનો જગતમાં સર્વપ્રથમ અંગીકાર પણ ઋગ્વેદના નાસદીય સૂક્તોમાં થયો છે:

"અરે કોણે જાણ્યું, કોણે અહીં કહ્યું, કે જન્મી ક્યાંથી આ વિવિધ સૃષ્ટિ કહીંથી? દેવો તો એના સર્જન પછી (થયા); તો કોણ જાણે છે ક્યાંથી (આ) ઉત્પત્તિ થઈ?" — ઋગ્વેદ, ૧૦–૧૨૯–૬

આ અતૃપ્ત રહેવા નિર્માયેલી જિજ્ઞાસા ઉપનિષત્કારોના ચિત્તમાં પણ જન્મી હતી; અને એઓ પણ જાણતા હતા કે અમુક એક વ્યક્તિએ અમુક સમયે અમુક વસ્તુમાંથી અમુક ઉપકરણો વડે આ વિશ્વનું સર્જન કર્યું, કે અમુક વસ્તુમાંથી આ વિશ્વનું રૂપાન્તર રૂપે નિર્માણ થયું, એ પ્રકારનો કોઈ વિશ્વસર્જનવાદ કે વિશ્વોત્પત્તિવાદ આખરી સત્ય તરીકે સ્થાપવો, સ્વીકારવો, સ્વીકારાવવો શક્ય નથી. એમણે જે બ્રહ્મની મીમાંસા કરી એ બ્રહ્મની પણ એમનાં વાણી અને મનને અગોચરતા સમજાઈ. એ બ્રહ્મ પણ નિરાકાર છે, નિર્ગુણ છે, બહિર્મુખ ઇન્દ્રિયોથી કે આન્તર ચિત્તથી અગ્રાહ્ય છે, એનું કંઈ લક્ષણ બાંધવું શક્ય નથી, એ અવ્યપદેશ્ય છે, એ ત્રિકાલથી અબાધિત છે, અનાદિ છે, એવું એમણે કહ્યું. આવા બ્રહ્મ પરત્વે એમણે નેતિ નેતિ એમ કહ્યું. પણ એઓ શૂન્યવાદી નહોતા. એમનું મન કેવલ નકારાત્મક નહોતું. એ શું છે એ ભલે ન કહી શકાય, ભલે એ આ નથી, એ તે નથી એ પ્રકારે (તે સિવાયના અન્ય તત્ત્વનું વ્યાવર્તન કરીને) એના પરત્વે બોલવું જ પડે, છતાં વિશ્વના અધિષ્ઠાનરૂપ, સર્વ પદાર્થોમાં અન્તર્ગત, માનવનું અન્તર્યામી, એવું કંઈક તત્ત્વ છે એવી એ ઋષિઓને આન્તરપ્રતીતિ ઊપજી હતી. એથી જ કઠોપનિષદ એ સર્વાત્મભૂત આ આત્મા વિશે કહે છે કે—

नैव वाचा न मनसा प्राप्तुम् शक्यो न चक्षुषा।
अस्तीति ब्रुवतोऽन्यत्र कथं तदुपलभ्यते ।। (૨–૩–૧૨)

[એ આત્મા વાણીથી, મન અને ચક્ષુથી પામવો શક્ય નથી. એટલે એ છે જ अस्ति એમ કહેનાર તત્ત્વવેત્તાથી (એની એ આન્તરપ્રતીતિથી) અન્યત્ર એને શી રીતે પામી શકાય?]

અને મુંડક ઉપનિષદ કહે છે: જે અદૃશ્ય છે, અગ્રાહ્ય છે, અગોત્ર (મૂલ કે વંશાન્વયરહિત) છે, અવર્ણ (રૂપરંગયુક્ત આકારથી રહિત) છે, જેને ચક્ષુ, શ્રોત્ર અને હસ્ત, ચરણ નથી; જે નિત્ય, વિશ્વવ્યાપક, સર્વાન્તર્ગત અને અત્યન્ત સૂક્ષ્મ છે; તે અવ્યય, સર્વભૂતની યોનિ એવા, પરબ્રહ્મને ધીર એટલે જ્ઞાની, વિવેકી પુરુષો પરિતઃ (સર્વત્ર) જુએ છે.

અને માંડૂક્ય ઉપનિષદ કહે છે તેમ सर्वम् हि एतद् ब्रह्म, अयम् आत्मा ब्रह्म એવી પ્રતીતિ કરે છે. આ ઉપનિષદનો વક્તા આવી પોતાની પ્રતીતિને વ્યક્ત કરે છે ત્યારે, સંભવતઃ, પોતાના હાથ વડે સકલ જગતને બતાવીને કહે છે કે 'આ જે હું જોઉં છું તે સકલ જગત બ્રહ્મ છે', અને કરાંગુલિથી પોતાનો નિર્દેશ કરીને કહે છે કે 'આ (મારામાં ચિદ્ રૂપે રહેલો) આત્મા બ્રહ્મ છે.'

આવી આન્તરપ્રતીતિ જેને થઈ છે એના સાંસારિક જીવનના પ્રપંચોનો અંત આવ્યો છે, એને કંઈ કામ કે કામના અવશિષ્ટ નથી, એના રાગદ્વેષ વિગલિત થયા છે, એ આત્મકામ અને આત્મરતિ છે, એ જીવન્ત છતાં મુક્ત છે—એ જીવન્મુક્ત છે. એ પોતાનામાં અને સર્વત્ર બ્રહ્મનો સાક્ષાત્કાર કરે છે.

આ અનુભૂતિને છાન્દોગ્ય ઉપનિષદ (૭–૨૫) આ રીતે વર્ણવે છે:

अथात आत्मादेश एव आत्मैवाधस्ताद् आत्मा उपरिष्टात् आत्मा पश्चाद् आत्मा पुरस्ताद् आत्मा दक्षिणतः आत्मा उत्तरतः आत्मा एव इदं सर्वमिति।

स वा एव एवं पश्यन् एवं मन्वान एवं विजानन् आत्मरतिः आत्मक्रीडः आत्ममिथुनः आत्मानन्दः स स्वराड् भवति तस्य सर्वेषु लोकेषु कामचारो भवति।

[તો હવે આત્માનો ઉપદેશ: આત્મા જ નીચે છે, આત્મા ઉપર છે, આત્મા પાછળ (કે પશ્ચિમમાં) છે, આગળ (પૂર્વમાં) એ આત્મા છે, આત્મા દક્ષિણે છે, આત્મા ઉત્તરમાં છે. આ સર્વ આત્મા જ છે.

એમ જોનારો, એમ માનનારો, એવું જાણનારો, આત્મામાં નિરત બને છે. આત્માથી જ ક્રીડા કરે છે, આત્માથી જ મૈથુન પામે છે, આત્મામાં જ આનન્દે છે; એ સ્વરાડ્ (નિજ રાજા) બને છે, તેનો સર્વ લોકોમાં યથાકામ સંચાર થાય છે.]

અને એ જ અનુભૂતિને મુંડક ઉપનિષદે ૨–૨–૧૧માં આ શબ્દોમાં વ્યક્ત કરી છે:

ब्रह्मैवेदममृतं पुरस्ताद् ब्रह्म पश्चाद् ब्रह्म दक्षिणतश्चोत्तरेण।
अधश्चोर्ध्वं च प्रसृतं ब्रह्मैव इदं विश्वमिदं वरिष्ठम्॥

[આ અમૃત બ્રહ્મ જ પુરત: છે, બ્રહ્મ પશ્ચાત્ છે, બ્રહ્મ દક્ષિણે છે, બ્રહ્મ ઉત્તરે છે. નીચે અને ઉપર વ્યાપી રહ્યું છે એ બ્રહ્મ. આ આખું વિશ્વ સર્વશ્રેષ્ઠ બ્રહ્મ છે.]

सर्वमिदं ब्रह्म, अयमात्मा ब्रह्म એવી ઉપનિષદુક્ત આ પ્રતીતિ શાસ્ત્રના અને ભૌતિક વિજ્ઞાનોના અભ્યાસથી લભ્ય નથી, એ તો સ્વત: ઉદ્ભવતી અપરોક્ષ અનુભૂતિ છે, એવું પ્રતિપાદન કઠ ઉપનિષદ (૧–૨–૨૨) આ પ્રમાણે કરે છે:

આત્મા પ્રવચનથી, બુદ્ધિથી, અનેક પ્રકારના શ્રાવણથી મળતો નથી; એ તો જેની એ પોતે વરણી (પસંદગી) કરે તેને મળે છે, તેની સમક્ષ આત્મા નિજતનુ—પોતાનું સ્વરૂપ—પ્રકટ કરે છે.

અને જે મહાત્માને અંત:સ્ફુરણાથી આવી અપરોક્ષ અનુભૂતિ થઈ હોય તેના પરત્વે ઈશાવાસ્ય ઉપનિષદ કહે છે:

यस्तु सर्वाणि भूतानि आत्मन्येवानुपश्यति।
सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते॥

यस्मिन् सर्वाणि भूतानि आत्मैवाभूद् विजानतः।
तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यतः॥

[પણ જે આત્મામાં સર્વભૂતોને જુએ છે અને સર્વભૂતોમાં આત્માને જાણે છે, તેને (કોઈથી) જુગુપ્સા નથી હોતી. જ્યાં, વિજ્ઞાનવાન પુરુષને, સર્વ ભૂતો આત્મા જ બની રહે છે, ત્યાં મોહ શો? શોક શો?]

આવી છે સર્વત્ર શુદ્ધનિર્ગુણ બ્રહ્મની પ્રતીતિ.

એ બ્રહ્મ જ વ્યાવહારિક સત્તાની ભૂમિકામાં માયાશબલ અપર બ્રહ્મ છે, સગુણ સાકાર, ભક્તિભાજન ઈશ્વર છે.

## અપરા અને પરા વિદ્યા

બ્રહ્મવિદ્યા સર્વ વિદ્યાઓની પ્રતિષ્ઠા છે. માનવના આન્તરદર્શનની ભવ્ય ઉન્નત પરાકાષ્ઠા છે. વેદો, બ્રાહ્મણો અને આરણ્યકો એ પુરોગામી વાઙ્મયના કરતાં ઉપનિષદમાં આપેલું જ્ઞાન અને એને વ્યક્ત કરતી વાણી ઘણા ઊંચા, ઉચ્ચતમ, શિખરપર્યન્ત આરોહણ કરે છે.

વિદ્યાના નિમ્ન અને ઉચ્ચ એવા બે પ્રદેશો કલ્પીને ઉપનિષદો વેદની અને વેદાંગની વિદ્યાને અપરા વિદ્યા કહે છે અને બ્રહ્મવિદ્યાને પરા વિદ્યા કહે છે.

મુંડક ઉપનિષદ (૧–૧–૩માં) એક આખ્યાયિકાનો ઉપયોગ કરીને કહે છે કે શૌનક નામના ઋષિ આ બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ માટે મહર્ષિ અંગિરા પાસે શિષ્યભાવે ગયા; શૌનકે અંગિરાને પૂછ્યું: कस्मिन् नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति। અર્થાત્ એ પરમતત્ત્વ કયું છે જેના સમ્યક્ જ્ઞાનથી અન્ય સર્વ વેદિતવ્યનું—સર્વ વિદ્યાઓનું જ્ઞાન થાય?

ત્યારે અંગિરાએ ઉત્તર આપ્યો: બે વિદ્યાઓ જાણવી એમ બ્રહ્મવિદો કહે છે: પરા અને અપરા. અને અપરા વિદ્યામાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ એ ચાર વેદો અને શિક્ષા (વેદવાણીના શુદ્ધ ઉચ્ચારની વિદ્યા), કલ્પ (યજ્ઞવિધિ), વ્યાકરણ, નિરુક્ત (વૈદિક પદનો અર્થનિર્ણય), છંદ અને જ્યોતિષ એ છ વેદાંગોની ગણના કરી.

અને જેનાથી અક્ષર, અવિનાશી પરબ્રહ્મનું જ્ઞાન થાય એને જ પરા વિદ્યા કહી. આ પરા વિદ્યા એટલે ઉપનિષદોમાં સમર્પેલું જ્ઞાન; કેવળ ઉપનિષદોનો શબ્દરાશિ નહીં પણ એના તાત્પર્યની, હાર્દની, બ્રહ્મવિષયક પરમતત્ત્વની પ્રતીતિ અને અનુભૂતિ.

બ્રહ્મજ્ઞાન એ માત્ર નામની ઉપાસના, અર્થાત્ નામોપાસના નથી. એનું સ્પષ્ટીકરણ છાન્દોગ્ય ઉપનિષદના સાતમા અધ્યાયના આરંભે નારદ–સનત્કુમારના પ્રસંગમાં કરવામાં આવ્યું છે. નારદ સનત્કુમાર પાસે શિષ્યભાવે ગયા, ત્યારે સનત્કુમારે એને કહ્યું કે પ્રથમ મને કહો કે આજ સુધી તમે શું ભણ્યા છો, પછી હું આગળ ઉપદેશ કરીશ. નારદે જે વિદ્યાઓ પોતે શીખ્યા હતા તેનાં નામો આપ્યાં: ચાર વેદો, ઇતિહાસપુરાણ એ પાંચમો વેદ, વ્યાકરણ, પિત્ર્ય (વંશવિદ્યા), શ્રાદ્ધકલ્પ, રાશિ (ગણિત), દૈવ (વાયુ વગેરે દિવ્ય તત્ત્વોની વિદ્યા), નિધિ (ભૂગર્ભગત ધનની વિદ્યા અથવા સમયગણના શાસ્ત્ર), વાકોવાક્ય (તર્કશાસ્ત્ર, તર્કયુક્ત વિવાદ), એકાયન (નીતિશાસ્ત્ર), દેવવિદ્યા, બ્રહ્મવિદ્યા (બ્રહ્માની, પ્રકૃતિની વિદ્યા), ભૂતવિદ્યા, નક્ષત્રવિદ્યા, સર્પવિદ્યા, દેવ-જનવિદ્યા. અને નારદે ઉમેર્યું કે આટલી આટલી વિદ્યાઓનું મેં અધ્યયન કર્યું છે, પણ તે છતાં હું આત્મવિદ નથી; મેં મહાત્માઓ કનેથી સાંભળ્યું છે કે तरति शोकम् आत्मविद्। એ પ્રમાણે આત્મજ્ઞાનને અભાવે હું શોકગ્રસ્ત રહું છું; તો ભગવન, આપ મને શોકમુક્ત કરો.

આ સાંભળીને સનત્કુમારે જે ઉત્તર આપ્યો તે મહત્ત્વનો છે. એમણે કહ્યું કે જે વિદ્યાઓ તમે શીખ્યા છો તે માત્ર નામ છે. અને પછી સનત્કુમાર નારદને નામની ઉપાસનાના પ્રથમ ક્રમથી ક્રમે ક્રમે, વાક્, મન, સંકલ્પ, ચિત્ત, ધ્યાન, બલ, અન્ન, પાણી, તેજ, આકાશ, સ્વર, આશા, પ્રાણ, સત્ય, વિજ્ઞાન, મતિ, શ્રદ્ધા, નિષ્ઠા, કૃતિ અને ખરું સુખ એ ક્રમિક ઉપાસનાઓ દ્વારા ભૂમાની — પરબ્રહ્મની — જિજ્ઞાસાના અન્તિમ ક્રમ સુધી લઈ ગયા.

અપરા વિદ્યાના, આવી અનેક વિદ્યાંઓના વાણીવ્યવહારની તત્ત્વજ્ઞાન પરત્વે અકિંચિત્કરતાનો અંગીકાર કવિ ગોએથેરચિત 'ફાઉસ્ટ' નાટક('વિશ્વસાહિત્ય–૨', પૃ. ૯–૧૦, ૭૭–૭૫)માં પણ આવે છે. સંભવે છે કે એ જમાનામાં ઉપનિષદોનું અધ્યયન જર્મનીમાં પહોંચ્યું હોઈને 'ફાઉસ્ટ'ના એ પ્રસંગની પ્રેરણા ભારત દેશમાંથી મળી હોય. પણ એ જે હોય તે, એ જર્મન કવિએ જે કહ્યું છે તે છાન્દોગ્ય ઉપનિષદમાંના આ પ્રસંગ જોડે નિકટ સામ્ય દર્શાવે છે એ કારણેય આપણે જોઈ લઈએ:

I have studied now Philosophy
And Jurisprudence, Medicine
And even, alas, Theology
From end to end with labour keen;
And here, poor fool, with all my lore,
I stand no wiser than before.

[મેં હવે તત્ત્વજ્ઞાનનો, ન્યાયના (કાયદાના) શાસ્ત્રનો, વૈદકનો અને વળી અરેરે! ઈશ્વરવિષયક ધર્મશાસ્ત્રનો પણ અભ્યાસ કર્યો છે, આરમ્ભથી અંત સુધી, ઉત્કટ પરિશ્રમ કરીને. અને છતાં આ રહ્યો હું, એ બધી મારી વિદ્યા છતાં બિચારો મૂર્ખ! અગાઉથી જરાયે વધારે ડાહ્યો નહીં!]

છાન્દોગ્ય ઉપનિષદના છઠ્ઠા અધ્યાયના આરંભમાં ઉદ્દાલક આરુણિએ પુત્ર શ્વેતકેતુને કહેલાં વચનો પણ આ સંદર્ભમાં લક્ષયોગ્ય છે. આરુણિએ પુત્રને કહ્યું: 'અનેક વર્ષ વેદોનું અધ્યયન કરીને તું અનૂચાનમાની બન્યો છે (એટલે કે વેદોમાં તને પોતાને નિષ્ણાત માને છે), અને ત્યાં જ સ્તબ્ધ બન્યો છે; તો તું મને કહે તેં તારા આચાર્યને તે પરમતત્ત્વ વિશે પૂછ્યું હતું જેના વડે અશ્રુત (ન સાંભળેલું) શ્રુત બને છે, અમત મત થાય છે (મતિમાં દૃઢ થાય છે), અવિજ્ઞાત વિજ્ઞાત બને છે?' પિતાએ શ્વેતકેતુને પૂછેલો આ પ્રશ્ન, અને તદનન્તર આપેલું જ્ઞાન, અપરા વિદ્યાના કરતાં પરા વિદ્યાની મહત્તાનું પ્રતિપાદન કરે છે.

# ઉપનિષદો અને વેદ

પરા વિદ્યાનો અર્થાત્ ઉપનિષદગત તત્ત્વજ્ઞાનનો આવો, એને વેદાધ્યયનથી ભિન્ન અને ઉચ્ચતર કક્ષાએ સ્થાપતો, મહિમા કહ્યો છે. પણ એથી એમ સહસા માની લેવું યોગ્ય નથી કે જે ઉપનિષદોનો પણ 'શ્રુતિ'માં સમાવેશ થતો મનાય છે એ ઉપનિષદો અને વેદ વચ્ચે કંઈ અનુસન્ધાન નથી, ઉપનિષદે ભાખેલા એક અદ્વિતીય પરમતત્ત્વનો વેદમાં કંઈ જ ઉલ્લેખ નથી. ઋગ્વેદના દશમા મંડલના ૧૧૪મા સૂક્તમાં આ મંત્ર છે: एकं सद् विप्रा वहुधा कल्पयन्ति; અને એથી, દૃશ્ય અનેકના મૂળમાં રહેલા એક તત્ત્વની ઝાંખી એ વૈદિક ઋષિને થઈ હતી એ જોઈ શકાય છે. એવું અન્ય વચન ઋગ્વેદના પ્રથમ મંડલના ૧૬૪મા સૂક્તમાં છે:

इन्द्रं मित्रं वरुणमग्निमाहुरथो दिव्यः स सुपर्णो गुरुत्मान् ।
एकं सद् विप्रा वहुधा वदन्त्यग्निं यमं मातरिश्वानमाहुः ।।

[ઇન્દ્ર, મિત્ર, વરુણ, અગ્નિ એવાં નામો એનાં કહ્યાં છે—એ છે દિવ્ય સુપર્ણ ગરુડ, જે એક જ છે, તેને વિપ્રો અનેક નામે કથે છે—અગ્નિ, યમ, માતરિશ્વા (પવન).]

આ ઋચાઓમાં માત્ર દેવોના એકત્વનો જ, આધિદૈવિક એકત્વનો અર્થાત્ એક ઈશ્વરનો ઉલ્લેખ છે એમ માનવામાં આવે, પણ एकं सत् એ પદોમાં પ્રયોજાયેલ નપુંસક લિંગથી આધ્યાત્મિક એકતાનું, જેને एकमेवा-द्वितीयम् કહેવામાં આવે છે એ એક અદ્વિતીય પરમતત્ત્વનું સૂચન થતું પણ માની શકાય. કઠ ઉપનિષદ (૧–૨–૫) અવિદ્યા અર્થાત્ અપરા વિદ્યા વિશે આ પ્રમાણે કહે છે:

अविद्यायामन्तरे वर्तमानाः स्वयं धीराः पण्डितं मन्यमानाः ।
दन्द्रम्यमाणाः परियन्ति मूढाः अन्धेनैव नीयमाना यथान्धाः ।।

[અવિદ્યામાં રહેલા, પોતાને ધીર પંડિત માનનારા, મૂઢ લોકો વારંવાર અથડાતા-કુટાતા ભટકયા કરે છે—જાણે એક અન્ધે દોરેલા અન્ય અન્ધ પુરુષો!]

અને જે યજ્ઞોને અદૃઢ પ્લવો—તરાપાઓ—કહે છે, તે જ કઠ ઉપનિષદમાં યમદેવ વેદ પરત્વે આમ પણ કહે છે: સર્વે વેદો જે પદને જણાવે છે, તપો બધાં જેને કથે છે, જેને (મેળવવા) ઇચ્છનારા બ્રહ્મચર્ય સેવે છે તે પદ હું તને સંક્ષેપમાં કહું છું. —કઠ, ૧–૨–૧૫.

વળી ઉપનિષદના પ્રવક્તા ઋષિઓ સર્વથા વેદોથી વિમુખ નહોતા એવું દર્શાવનારાં અનેક આન્તરપ્રમાણો ઉપનિષદમાં જ રહેલાં છે. કઠોપનિષદે કહેલ વૈશ્વાનર વિદ્યા, અને છાન્દોગ્યની મધુવિદ્યાનું બીજ વેદમાં છે. શ્વેતાશ્વતર ઉપનિષદના ત્રીજા અધ્યાયના ૧૪મા અને ૧૫મા મન્ત્રોમાં ઋગ્વેદના પુરુષસૂક્તમાંથી અવતરણ છે; મુંડક ઉપનિષદ ૨–૧–૪માં अग्निर्मूर्धा चक्षुषी चन्द्रसूर्यौ ઇત્યાદિ મન્ત્રમાં—અને અન્ય ઉપનિષદોના અમુક મન્ત્રમાં પણ—પુરુષસૂક્તનો અનુવાદ છે. કઠોપનિષદમાં અને નારાયણોપનિષદમાં हंसः शुचिषद् वसुरन्तरिक्षसद् ઇત્યાદિ મન્ત્ર છે તે ઋગ્વેદના ચતુર્થ મંડલના ૪૦મા સૂક્તનો પાંચમો મન્ત્ર છે. મુંડક અને શ્વેતાશ્વતર એ બંને ઉપનિષદો ઋગ્વેદના પ્રથમ મંડલના સૂક્ત ૧૬૪ના આ ૨૦મા મન્ત્રને ટાંકે છે: બે સુંદર-પાંખવાળાં, (અન્યોન્યનાં) સાથીદાર અને મિત્રો, સમાન વૃક્ષને વળગી રહ્યાં છે; એ બેમાંનું એક સ્વાદિષ્ટ પિપ્પલ ખાય છે, બીજું કંઈ ખાધા વિના જોયા કરે છે.

ઐતરેય ઉપનિષદ तद्-उक्तम् ऋषिणा એમ કહીને ઋગ્વેદ મંડલ ૪ સૂક્ત ૨૭નો, વામદેવ ગૌતમ ઋષિએ ઉચ્ચારેલો, गर्भेनु सन् ननु एषामवेदमहं देवानां जनिमानि विश्वा એ મન્ત્ર આપે છે. બૃહદારણ્યક ઉપનિષદના છઠ્ઠા અધ્યાયના ૪થા બ્રાહ્મણમાં સંતાનોત્પત્તિના વિધિમાં અન્ય વૈદિક મન્ત્રો ઉપરાંત અથર્વવેદના ૧૪મા કાંડના સૂક્ત ૨માંનો આ મન્ત્ર આવે છે:

अमोऽहमस्मि सा त्वं [सा त्वमस्यमोऽहम्]
सामाहमस्मि ऋक् त्वम् द्यौरहं पृथिवी त्वम्।
ताविह सं भवाव प्रजामाजनयावहै।।

[હું 'અમ' છું, તું 'સા'; હું સામ, તું ઋચા; હું આકાશ, તું પૃથ્વી. એવાં આપણે બે સમાગમ કરીએ, પ્રજા જન્માવીએ.]

બૃહદારણ્યકમાં આપેલા આ મન્ત્રમાં થોડોક ફેરફાર થઈ ગયો છે: પ્રથમ પંક્તિમાં કૌંસમાં આપેલી પુનરુક્તિ ઉપનિષદમાં છે, અથર્વવેદમાં નથી; અને છેલ્લી પંક્તિ ઉપનિષદ નીચે પ્રમાણે આપે છે:

तावेहि संरभावहै सह रेतो दधावहै पुंसे पुत्राय वित्तये।

[એવાં આપણે બંને, આવ, આલિંગીએ, રેતસ એકત્ર કરીએ, પુમાન પુત્રની પ્રાપ્તિ અર્થે.]

આ ઉપરાંત તે પછીનો विष्णुर्योनिं कल्पयतु ઇત્યાદિ મન્ત્ર ઋગ્વેદ મંડલ ૧૦ના સૂક્ત ૧૮૪માં છે.

આ મુદ્દાનો વિસ્તાર આવશ્યક નથી. આટલાં પ્રમાણો બતાવી આપે છે કે, ઉપનિષદોએ જ્ઞાનમાર્ગમાં અભિનવ પ્રસ્થાન કર્યું છે, યજ્ઞકર્મને ગૌણ સ્થાન આપ્યું છે, છતાં વેદકાળથી ચાલી આવેલી વિચારપરંપરાથી નિતાન્ત વિચ્છેદ તો નથી કર્યો; ત્યારે, ઈશાવાસ્ય ઉપનિષદ તો શુક્લ યજુર્વેદાન્તર્ગત ૪૦મો અધ્યાય જ શબ્દશ: છે.

## ઉપનિષદો: જ્ઞાનમાર્ગ અને ધર્મનીતિ

કર્મકલાપ અને યજ્ઞવિધિમાંથી જ્ઞાનમાર્ગ તરફ, અનેક દેવોનાં સ્તવનોમાંથી એક-ઈશ્વરની આરાધના તરફ અને સગુણ ઈશ્વરથી નિર્ગુણ બ્રહ્મ તરફ પ્રગતિ કરતી ભારતની વિચારયાત્રા એ પુરોગામી તત્ત્વોને યથાવશ્યક, યથાધિકાર સ્થાન આપતી રહી છે. વેદમાં પ્રકૃતિની વિભૂતિઓમાં આરોપાયેલી અનેક દેવોની સ્તુતિ અને પ્રાર્થના હતી, અને એ જ વેદમાં સર્વદેવોના અધિદેવની, એક ઈશ્વરની, ઉપાસના પણ ઉદ્‌ભવી હતી, એનાં અન્ય પ્રમાણોમાંનું એક છે ઋગ્વેદના હિરણ્યગર્ભસૂક્ત(૧૦–૧૨૧)માંની આ ઋચા: દેવોમાં જે એક અધિદેવ, એવા કયા દેવને આપણે હવિષથી યજીએ?

અને કાલાન્તરે વૈદિક દેવોનું એ પ્રાચીન મહત્ત્વ, વિચારના આધ્યાત્મિક આરોહણના સંદર્ભમાં, કમી જણાયું ત્યારે પણ, ભારતીય તત્ત્વજ્ઞાનના અભ્યાસી પંડિત ઝીમરે કહ્યું છે તેમ ગ્રીસમાં થયું એવું ભારતમાં એ દેવોનું સર્વથા વિલોપન ન થયું પણ નવી વ્યવસ્થામાં એ દેવોને યથાયોગ્ય સ્થાન આપવામાં આવ્યું: એક જ ઈશ્વરની ગુણપ્રાધાન્યાનુસાર ત્રણ વિભૂતિઓ કલ્પવામાં આવી: સર્જનના અધિષ્ઠાતા પ્રજાપતિ બ્રહ્મા બન્યા, પાલનના અધિષ્ઠાતા સૂર્ય વિષ્ણુ બન્યા, અને સંહારના અધિષ્ઠાતા રુદ્ર એ જ નામે અથવા શિવ, શંકર આદિ નામે પૂજાતા રહ્યા.

જે યજ્ઞનું સૃષ્ટિના ધારક ધર્મ તરીકે સર્વોપરી સ્થાન હતું — જેને સ્વયમેવ ઈશ્વરનિરપેક્ષ ફલદાતા માન્યો હતો, એની ફલપ્રાપ્તિ માટે ઈશ્વર-આરાધનાની આવશ્યકતા સ્વીકારી, જેનો નિર્દેશ શિવમહિમ્ન: સ્તોત્રમાં આ પ્રમાણે થયો છે:

क्व कर्म प्रध्वस्तं फलति पुरुषाराधनमृते।

[ધ્વંસ પામેલું કર્મ, પુરુષના (ઈશ્વરના) આરાધન વિના, ક્યાંથી ફળ આપે?]

અને ઉપનિષદોએ પણ બ્રહ્મીભાવના અને મુક્તિના અંતિમ સાધન તરીકે નહીં પણ અવાન્તરકમના — વ્યાવહારિક કક્ષામાંના ગૃહસ્થ ધર્મમાં, જ્ઞાનમાર્ગની પૂર્વતૈયારીરૂપે, યજ્ઞનું સ્થાન જાળવી રાખ્યું. એથી છાન્દોગ્ય ઉપનિષદ(૨–૨૩–૧)માં કહ્યું છે: ધર્મના સ્કન્ધો ત્રણ — યજ્ઞ, અધ્યયન અને દાન એ પહેલો, તપ બીજો,

બ્રહ્મચર્ય અને આચાર્યકુલમાં નિવાસ તે ત્રીજો. યજ્ઞના યુગ પછી જેનું મહત્ત્વ વધ્યું હતું એ તપનો પણ આ ધર્મસ્કન્ધ-ગણનામાં સમાવેશ છે.

જ્ઞાનમાર્ગ નિરાકાર નિરંજન નિર્ગુણ સર્વાત્મભૂત જ્ઞાનનો માર્ગ છે, જ્યારે ભક્તિમાર્ગમાં સાકાર સગુણ ઈશ્વરની અપેક્ષા રહે છે. ઉપનિષદો ભૂમિકાભેદે ઈશ્વરતત્ત્વને પણ સ્વીકારે છે: માંડૂક્યમાં આત્માના જાગરિત સ્થાનની, સ્વપ્નસ્થાનની, સુષુપ્તિસ્થાનની અવસ્થાઓનો અને એકાત્મપ્રત્યયસાર અદ્વૈતનિષ્ઠ ચતુર્થ — તુરીય — અવસ્થાનો નિર્દેશ છે, એમાં આ ચતુર્થ ભૂમિકા પરત્વે કહ્યું છે:

अदृष्टम् अव्यवहार्यम् अग्राह्यम् अलक्षणम् अचिन्त्यम् अव्यपदेश्यम् एकात्मप्रत्ययसारं प्रपञ्चोपशमं शान्तं शिवमद्वैतं चतुर्थं मन्यन्ते स आत्मा स विज्ञेयः ।

[જે અદીઠ છે, જેથી વ્યવહાર શક્ય નથી, જે અગ્રાહ્ય, લક્ષણથી પર, અચિન્ત્ય અને નામવ્યપદેશરહિત છે, જેની સર્વગત એક આત્મા તરીકે જ પ્રતીતિ સાચી પ્રતીતિ છે, જેમાં સર્વ પ્રપંચો શમી જાય છે, જે શાન્ત, શિવ, અદ્વૈત છે, તેને (જ્ઞાનીઓ) ચતુર્થ (તુરીય) પદ ગણે છે. એ આત્મા છે, એ જાણવો જરૂરી છે.]

પણ એ પૂર્વેની, સુષુપ્તિ અવસ્થાની, ભૂમિકામાં ઈશ્વર-તત્ત્વનો નિર્દેશ છે: एष सर्वेश्वर एष सर्वज्ञ एषोन्तर्यामी ।—એ સર્વેશ્વર, એ સર્વજ્ઞ, એ અન્તર્યામી.

એક પરમેશ્વરની આરાધના, એ સકલ કલ્યાણમય પ્રભુના અનુગ્રહની અપેક્ષા, એ જ જીવનમાં નીતિની ભાવનાને પ્રેરનારી, દૃઢ કરનારી છે એવું માનનારા ઈશ્વરવાદીઓએ (અર્વાચીન યુગમાં) વેદાન્તમાં — निस्त्रैगुण्ये पथि विहरतां को विधिः को निषेधः એમ બ્રહ્મીભૂત જ્ઞાની વ્યાવહારિક નીતિના વિધિનિષેધોથી પર છે એવું માનતા વેદાન્તમાં — નીતિનિયમોની કંઈક અવગણનાનો અવકાશ રહે છે એવો આક્ષેપ કર્યો હતો. પણ વેદાન્તની — જ્ઞાનમાર્ગની સરણીમાં વ્યાવહારિક નીતિની, સામાજિક ધર્મની અને એ અંગે પ્રાપ્ત થતા કર્તવ્યની આત્યન્તિક ઉપેક્ષા નથી. અને તેથી જ આદિ શંકરાચાર્યે વ્યાવહારિક અને પારમાર્થિક એ સત્તાદ્વયનું અને અધિકારભેદનું સુંદર પ્રતિપાદન કર્યું છે. પારમાર્થિક સત્તાની ઉચ્ચતમ ભૂમિકાએ પહોંચવા માટે વ્યાવહારિક જીવનની કક્ષામાં નીતિનિયમથી સદ્ધર્માચરણથી યોગ્યતા પ્રાપ્ત કરવાની છે. પરમતત્ત્વના ચિંતનરૂપ જ્ઞાનમાર્ગે જવામાં અને આરોહવામાં સાધનરૂપે સર્વ ઐહિક કામનાઓનો સંયમ આવશ્યક છે. આધ્યાત્મિક શ્રેયની સિદ્ધિ માટે લૌકિક પ્રેયનું, દૈહિક-ભૌતિક કામનાઓનું અને એની અનુષંગી લોભ, ક્રોધ, રાગદ્વેષ આદિ અનિષ્ટ મનોવૃત્તિનું નિયમન આવશ્યક છે. કઠોપનિષદ ૧—૨—૧ કહે છે તેમ શ્રેય અને પ્રેય જુદાં છે. બંને, ભિન્ન અર્થમાં પુરુષને બાંધે છે. એ બેમાંથી શ્રેય લેનારનું શુભ થાય છે, જે પ્રેયને પસંદ કરે તે અર્થથી (શુભ લક્ષ્યથી) વંચિત રહે છે. પ્રેયસના પાશમાં ફસાવું નહીં, શ્રેયસને જીવનમાં — મોક્ષ પર્યન્તના સર્વ પુરુષાર્થમાં — પ્રધાન સ્થાન આપવું એ તો નીતિનું, સદાચારનું, મુખ્ય તત્ત્વ છે એની ના કોણ કહી શકે?

આ ઉપરાંત પરમતત્ત્વના ચિંતનની કોટિએ પહોંચવા માટે, ક્રમે ક્રમે, એક સોપાનથી ઉચ્ચતર સોપાને જવા માટે, વિશ્વનાં તત્ત્વો પ્રત્યે વિશિષ્ટ દૃષ્ટિ પ્રબોધતી 'વિદ્યાઓ' અને ધ્યાન અને ચિંતનનો ઉપાસના-ક્રમ પણ ઉપનિષદો આપે છે.

## વિદ્યાઓ અને ઉપાસનાના પ્રકારો

**(क) વિદ્યાઓ :**

જોકે કઠ ઉપનિષદ કહે છે, આ આત્મા પ્રવચનોથી લભ્ય નથી, મેધાથી લભ્ય નથી, બહુ શ્રુત (શ્રવણ, અધ્યયન) દ્વારા પણ લભ્ય નથી; અને કહે છે કે नैषा तर्केण मतिरापनेया — આ જ્ઞાન તર્કની દલીલોથી મેળવી શકાતું નથી — પણ એ તરત જ ઉમેરે છે કે प्रोक्ता अन्येन एव सुज्ञानाय श्रेष्ठ — એ જો કોઈ અન્ય જ્ઞાની ગુરુએ શીખવ્યું હોય તો સુખેથી જાણી શકાય છે. અને વળી એ જ વાતનું પુનરાવર્તન કરીને

એ જ ઉપનિષદ કહે છે : આ આત્મા વાણીથી, ચક્ષુથી કે મનથી પણ પ્રાપ્ત કરી શકાતો નથી; એ છે જ એમ કહેનાર કોઈ (તત્ત્વજ્ઞાની) સિવાય અન્ય કનેથી એને શી રીતે પામી શકાય?

આ વચનો પ્રથમ દૃષ્ટિએ અન્યોન્યવિરોધી જણાય એવાં છે; જે આત્મા પ્રવચનોથી, મેધાથી, વિશિષ્ટ શ્રવણથી પામી શકાતો નથી, જેના ઉપર એની કૃપા થાય એની સમક્ષ એ સ્વયમેવ પ્રકટ થાય (પ્રતીતિવિષય તરીકે એનો સાક્ષાત્કાર થાય); એમ કહીને પછી એ જ ઉપનિષદ કહે છે કે આત્મજ્ઞાન તો કોઈ આત્મજ્ઞાની પ્રબોધે તો થાય.

આ વિરોધાભાસનું નિરાકરણ એ છે કે યદ્યપિ આત્મા અથવા બ્રહ્મ પરોક્ષ જ્ઞાનનો વિષય નથી, સ્વ-પ્રતીતિથી એની અપરોક્ષ અનુભૂતિ થવી જોઈએ, એનો સાક્ષાત્કાર થવો જોઈએ, છતાં એ અનુભૂતિનું, એ સાક્ષાત્કારનું, દિશાસૂચન કોઈ આત્મજ્ઞાની કરી શકે.

ઉપનિષદોએ એ દિશાસૂચન એમાં આપેલ વિશિષ્ટ વિદ્યાઓ અને ઉપાસનાઓ દ્વારા કર્યું છે. બ્રહ્મ-સાક્ષાત્કાર કેવળ अयमात्मा ब्रह्म, प्रज्ञानं ब्रह्म, तत्त्वमसि, अहं ब्रह्मास्मि જેવાં મહાવાક્યોના પઠનથી કે શ્રવણથી કે રટણથી પર્યાપ્ત થતો નથી. એ સાક્ષાત્કારના ઉદય માટે જગત તરફ, જગતનાં વિવિધ તત્ત્વો — પદાર્થો — તરફ સામાન્ય જનથી વિશિષ્ટ એવી દૃષ્ટિ આવશ્યક છે; એ તત્ત્વોની બ્રહ્મરૂપે ઉપાસના કરીને, મનની એકાગ્રતા કેળવીને, ક્રમે ક્રમે આગળ વધતાં, આરોહણ કરતાં બ્રહ્મના સાક્ષાત્કાર પર્યન્ત પહોંચવાનું છે.

એવી વિદ્યાઓ અને ઉપાસનાઓ તે તે ઉપનિષદોમાં આપી છે તેનું દિગ્દર્શન કરીએ.

છાન્દોગ્યના ત્રીજા અધ્યાયમાં મધપૂડાના રૂપકનો આશ્રય લઈને વિશ્વરૂપ વિરાટને મધપૂડો કહીને આદિત્યને દેવમધુ કહ્યો છે; એમાં એ આદિત્યમાં બ્રહ્મદૃષ્ટિ કેળવવાનું સૂચન માની શકાય છે. અને બૃહદા-રણ્યકના બીજા અધ્યાયના પાંચમા બ્રાહ્મણમાં પણ આવી મધુવિદ્યા આપી છે, જેમાં પૃથ્વી, આપ અથવા પાણી, અગ્નિ, વાયુ, આદિત્ય, દિશાઓ, ચન્દ્ર, વિદ્યુત, ગર્જતો મેઘ, આકાશ એ સર્વ પ્રાકૃતિક તત્ત્વોને મધુરૂપે જોવાનો આદેશ છે; ઉપરાંત ધર્મ, સત્ય, મનુષ્ય અને આત્મા અર્થાત્ દેહાત્મા અથવા કહો કે દેહ એ સર્વેમાં પણ મધુદૃષ્ટિ ઉપદેશી છે. આ મધુવિદ્યા પ્રકરણમાંના ચૌદે મન્ત્રોમાંની ઉપદેશ-વ્યવસ્થા એકસમાન છે એટલે અહીં આપણે માત્ર પહેલો મન્ત્ર નમૂના તરીકે જોઈશું :

इयं पृथिवी सर्वेषां भूतानां मधु। अस्यै पृथिव्यै सर्वाणि भूतानि मधु। यश्च अयम् अस्यां पृथिव्यां तेजोमयः अमृतमयः पुरुषः यश्चायम् अध्यात्मम् शारीरस्तेजोमयः अमृतमयः पुरुषः अयमेव स योऽयमात्मा इदममृतम् इदं ब्रह्म इदं सर्वम् ।।

આ પૃથ્વી સર્વ ભૂતોનું મધુ છે (એ મધુ જેવી મિષ્ટ સૌને છે); સવ ભૂતો આ પૃથ્વીનું મધુ છે; અને આ પૃથ્વીમાં તેજોમય અમૃતમય પુરુષ છે, તે જ આ આત્મા છે, એ અમૃત છે, એ બ્રહ્મ છે, એ આ સર્વસ્વ છે.

સર્વ ભૂતોને મધમીઠી લાગતી પૃથ્વી, પૃથ્વીને મધમીઠાં લાગતાં સર્વ ભૂતો એ સર્વમાં, એ મીઠાશનો, એ પ્રિયત્વનો કારણભૂત આત્મા એ સૌમાં શારીર અર્થાત્ પાર્થિવ રૂપે રહેલો છે. અન્યત્ર ઉપનિષદ કહે છે તેમ एतदात्म्यम् इदं सर्वम्. અને પ્રિયત્વનું જે આ કારણ, આ શારીર આત્મા, તે જ પરમાત્મા છે, પરબ્રહ્મ છે.

આ પ્રમાણે ચૌદ મન્ત્રોમાં સર્વત્ર મધુદૃષ્ટિનો ઉપદેશ કરતી આ મધુવિદ્યાનું નિરૂપણ કરીને પન્દરમા મન્ત્રમાં એનું સારસર્વસ્વ આપતાં ઉપનિષદ કહે છે :

स वा अयम् आत्मा सर्वेषां भूतानामधिपतिः, सर्वेषां भूतानां राजा। तद् यथा रथनाभौ च रथनेमौ च आराः सर्वे समर्पिताः एवम् एव अस्मिन् आत्मनि सर्वाणि भूतानि सर्वे देवाः सर्वे लोकाः सर्वे प्राणाः सर्व एते आत्मानः समर्पिताः ।।

[એ આત્મા ખરે જ સર્વ ભૂતોનો અધિપતિ છે, સર્વ ભૂતોનો રાજા છે. જેમ રથના પૈડાની નાભિમાં અને નેમિમાં બધા આરા બેસાડેલા હોય છે તેમ આ આત્મામાં સર્વ ભૂતો, સર્વ દેવો, સર્વ લોકો, સર્વ પ્રાણો, આ સર્વ — આ આત્મામાં — રહેલા છે.]

આમ, આ મધુવિદ્યા ઉપદેશે છે કે સર્વમાં આત્માને જોવો — સર્વ ભૂતોમાં, સર્વ દેવોમાં, સર્વે લોકમાં, સર્વે પ્રાણોમાં અને સર્વે (લૌકિક દૃષ્ટિએ અનેક એવા) શારીર આત્માઓમાં બ્રહ્મદૃષ્ટિ રાખવી.

છાન્દોગ્યના ત્રીજા અધ્યાયના ચૌદમા ખંડમાં શાણ્ડિલ્ય ઋષિએ ઉપદેશેલી શાણ્ડિલ્યવિદ્યા આપી છે, અને ચોથા અધ્યાયના ત્રીજા ખંડમાં સંવર્ગવિદ્યા.

શાણ્ડિલ્યવિદ્યા કહે છે કે ઉપાસકે શાન્ત બનીને આ સર્વ છે તે બ્રહ્મ છે એવી, તજ્જલાન્ એમ, ઉપાસના કરવી. તદ્ જલાન્ શબ્દનો અર્થ એ કરવામાં આવ્યો છે કે તે (બ્રહ્મ) જલાન્ છે; જ એટલે બ્રહ્મમાંથી જન્મેલું; લ એટલે બ્રહ્મમાં લય પામનારું, અને અન્ એટલે બ્રહ્મમાં જ પ્રાણન કરવાવાળું, જીવવાવાળું છે. પછી એ બ્રહ્મનું, એ આત્માનું નિરૂપણ આપતાં કહ્યું છે કે—

> એ મનોમય છે, પ્રાણશરીર છે (પ્રાણનો પણ પ્રાણ છે), ભા(પ્રકાશ)રૂપ છે, સત્યસંકલ્પ છે, આકાશાત્મા (વ્યાપક) છે; સર્વકર્મા, સર્વકામ, સર્વગન્ધ, સર્વરસ છે; સર્વેને આવરી લેનારો છે, અવાકી અર્થાત્ વાગતીત છે, અનાદર અર્થાત્ આદર રહિત (કામના રહિત) છે.
>
> એ મારો આત્મા છે. હૃદયાન્તઃ રહેલો છે, વ્રીહિ, યવ, સર્ષપ કે શ્યામાકથી અણુતર છે તેમ જ પૃથિવીથી, અન્તરિક્ષથી, દ્યુલોકથી મોટો છે — આ ત્રણે લોકથી મોટો છે.
>
> એ બ્રહ્મ છે; આ લોકથી નીકળીને હું એને પામીશ. જેને આવી શ્રદ્ધા છે, તેને કંઈ એમાં વિચિકિત્સા (શંકા) નથી.

સંવર્ગવિદ્યા સરલ છે, ટૂંકી છે. જગતની પ્રત્યેક વસ્તુ અમુક તત્ત્વમાં સંવર્જન પામે છે, ભળી જાય છે એ દૃષ્ટિ પ્રબોધનારી આ સંવર્ગવિદ્યાના બે વિભાગ કહ્યા છે, અધિદૈવત અને અધ્યાત્મ. અધિદૈવત વિભાગ કહે છે કે વાયુ સંવર્ગ છે, કારણ કે અગ્નિ હોલવાઈ જાય ત્યારે અને જળ સુકાઈ જાય ત્યારે વાયુમાં વિલીન થાય છે; અને અધ્યાત્મ સંવર્ગ પ્રાણ છે કારણ કે મનુષ્ય ઊંઘી જાય છે ત્યારે વાણી, ચક્ષુ અને શ્રોત્ર વિલય પામે છે.

પંચાગ્નિવિદ્યા છાન્દોગ્યના પાંચમા અધ્યાયના ખંડ ૪થી ૯ એ ખંડોમાં વિસ્તરેલી છે. એમાં આ લોક, પર્જન્ય, પૃથિવી, પુરુષ અને સ્ત્રી એ પાંચેને અગ્નિરૂપે જોવાનો ઉપદેશ છે; એ પ્રત્યેક અગ્નિના સમિધ, ધૂમ, અર્ચિ, અંગારા અને સ્ફુલિંગો શાં શાં છે તે વર્ણવ્યું છે. ઉપરાંત કહ્યું છે કે આ લોકરૂપી અગ્નિમાં દેવો શ્રદ્ધાને હોમે છે, એ આહુતિમાંથી સોમ ઉદ્‌ભવે છે; પર્જન્યરૂપ અગ્નિમાં દેવો સોમની આહુતિ આપે છે જેમાંથી વૃષ્ટિ ઉદ્‌ભવે છે; પૃથિવીરૂપ અગ્નિમાં દેવો વર્ષાને હોમે છે, જેમાંથી અન્ન ઉત્પન્ન થાય છે; એ અન્નને દેવો પુરુષરૂપ અગ્નિમાં હોમે છે તેમાંથી રેતસ્ (વીર્ય) ઊપજે છે; અને એ રેતસ્‌ને દેવો સ્ત્રીરૂપ અગ્નિમાં હોમે છે જેમાંથી ગર્ભ સંભવે છે.

આ પાંચમી આહુતિથી થતો ગર્ભ ઓરથી વીંટાયેલો હોય છે, અને નવ કે દશ માસે અથવા સર્વાંગ-સંપન્ન થાય ત્યારે જન્મે છે, જન્મ્યા પછી આયુષ્ય હોય તેટલું જીવે છે અને અહીંથી પ્રયાણ કરે ત્યારે અગ્નિ એને ઇષ્ટ લોકમાં — કર્મોપાર્જિત લોકમાં લઈ જાય છે. જ્યાંથી એ આવ્યો ત્યાં જાય છે.

આ પંચાગ્નિવિદ્યાનું તાત્પર્ય પ્રકૃતિનાં તત્ત્વોની અન્યોન્ય ઉપકારકતા દર્શાવવાનું છે. સૂર્યમાં શ્રદ્ધા અર્થાત્ પવિત્રતાત્મક પાણીની આહુતિ, એમાંથી સોમ, એ પર્જન્યમાં હોમાતાં વર્ષા, એ પૃથ્વી પર આવતાં અન્ન, પુરુષાગ્નિમાં અપાયેલ અન્નની આહુતિમાંથી વીર્ય; સ્ત્રીરૂપ અગ્નિમાં હોમાતાં ગર્ભ ઉત્પન્ન થાય છે.

બૃહદારણ્યક ઉપનિષદ અધ્યાય ૬ બ્રાહ્મણ ૨ના મન્ત્ર ૯થી ૧૩માં પંચાગ્નિવિદ્યા ઉપર નોંધેલ છાન્દોગ્યમાંની પંચાગ્નિવિદ્યાથી જરાય જુદી નથી. પણ તે પછીના ૧૪મા મન્ત્રમાં, પુરુષશરીરની અગ્નિમાં આહુતિ અપાય એ અન્ત્યેષ્ટિ વિધિનો નિર્દેશ છે. અને ત્યાર પછી આવે છે દેવયાન અથવા અર્ચિર્માર્ગનું અને પિતૃયાન અથવા ધૂમમાર્ગનું વર્ણન. મરણોત્તર ગતિ વિશેના એ અભ્યુપગમોનો પરિચય હવે પછી કરીશું. અહીં તો એ

લક્ષમાં લેવાનું છે કે આ પંચાગ્નિવિદ્યાએ પ્રબોધેલી, સર્વનાં અગ્નિ અને આહુતિની ભાવના પ્રકૃતિની અને માનવની ઐહિક ઘટનાઓને આવરી લઈને, મરણોત્તર અગ્નિસંસ્કારમાં અન્ત્ય-ઇષ્ટિ, અન્તિમ યજ્ઞઆહુતિ, જેવાની ભાવના પર્યન્ત પહોંચે છે.

(ख) ઉપાસના :

ઉપાસનાની આવશ્યકતા આપણે જોઈ ગયા તેમ મુંડક ઉપનિષદના બીજા મુંડકના બીજા ખંડના આ ત્રીજા શ્લોકમાં સૂચિત થઈ છે: ઉપનિષદકથિત મહાઅસ્ત્રવાળું (પ્રણવરૂપી) ધનુષ પકડીને એના ઉપર ઉપાસાથી — ઉપાસનાથી તીક્ષ્ણ બનેલા શરનું સંધાન કરવું.

આમાં ઔપનિષદ મહાસ્ત્ર અર્થાત્ ધનુષ્ય શું અને શર શું એની સ્પષ્ટતા એ પછીના શ્લોકમાં છે:

प्रणवो धनुः, शरो हि आत्मा, ब्रह्म तल्लक्ष्यम् उच्चते ।
अप्रमत्तेन वेद्धव्यम्, शरवत् तन्मयो भवेत् ॥

[જેમ ધનુષ્યમાંથી છોડેલું બાણ લક્ષ્ય વીંધીને તેમાં પ્રવેશી જાય છે, તે પ્રમાણે પ્રણવરૂપી ધનુષ્યમાંથી આત્મારૂપી શર વડે બ્રહ્મરૂપ લક્ષ્યને વીંધવું, અને આત્માને બ્રહ્મમાં તન્મય બનાવી દેવો.]

પણ આત્મા આ પ્રમાણે બ્રહ્મમય બને તે માટે એક બાબત જરૂરની છે: એ આત્મારૂપી શરને ઉપાસના-રૂપી સરાણ પર નિશિત, તીક્ષ્ણ (લક્ષ્યને ભેદવા તથા એ લક્ષ્યમય થવા સમર્થ) બનાવવો પડે.

આવી છે ઉપાસનાની, બ્રહ્માત્મભાવની પ્રતીતિ પામવા માટેના પ્રયત્નમાં, ઉપયોગિતા.

આ ઉપાસના ચિત્તનો વ્યાપાર છે. મધુવિદ્યા, પંચાગ્નિવિદ્યા એ વિશ્વના તે તે પદાર્થો, તે તે ઘટનાઓ, પ્રત્યે વિશિષ્ટ દૃષ્ટિ કેળવવાની વિદ્યાઓ છે. ઉપાસના એવી દૃષ્ટિ કેળવ્યા પછી, ચિત્તને એકાગ્ર કરવાની, એ માટે પ્રણવ વગેરેમાં એકાગ્રતાનો અભ્યાસ કરવાની માનસિક તાલીમ છે.

અરુન્ધતી-દર્શનન્યાય જાણીતો છે કે અતિસૂક્ષ્મ અને તરત ન દેખાય એવી અરુન્ધતી-તારા બતાવતાં પહેલાં અન્ય, જે અરુન્ધતી નથી એવી તારાઓને બતાવવામાં આવે અને પછી ક્રમે ક્રમે છેવટે અરુન્ધતીનું દર્શન કરાવાય — કે વસ્તુત: અરુન્ધતી આ છે. એ જ પ્રમાણે બ્રહ્મજિજ્ઞાસુને અન્ય તત્ત્વોની બ્રહ્મરૂપે ઉપાસના કરવાનું કહીને ક્રમે ક્રમે બ્રહ્મપ્રતીતિ સુધી લઈ જવાય. આવો ઉપાસનાનો ઉપયોગ છે. આ ઉપાસનાથી જીવાત્મારૂપી શરને તીક્ષ્ણ બનાવવામાં આવે છે જેથી એ બ્રહ્મરૂપી લક્ષ્યનો વેધ સાધી શકે.

કેન ઉપનિષદમાં બ્રહ્મની 'વન'રૂપે, જે વનનીય છે, સંભજનીય છે તે રૂપે ઉપાસના કરવાનો આદેશ આપ્યો છે: तद् वनम् इति उपासितव्यम् અને આદેશ આપતાં પહેલાં ઉપાસનાનું મહત્ત્વ જણાવતો આ મન્ત્ર આપ્યો છે: આ મન બ્રહ્મ તરફ गच्छति इव (તરત જઈ તો શકતું નથી, પણ) જતું જણાય છે, એ મનથી સાધક એ બ્રહ્મનું વારંવાર સ્મરણ કરે છે અને એનો એ રીતે સંકલ્પ થાય છે.

ઉપનિષદોનું શ્રવણ-અધ્યયન કરનારા બ્રહ્મજિજ્ઞાસુઓ બહુધા ઉપનિષદોના બ્રહ્મપ્રતિપાદક, આત્મા-બ્રહ્મનું અદ્વૈત કથનારા, મન્ત્રો પ્રત્યે આકર્ષાય છે, ઉપનિષદોએ આદેશેલા આ ઉપાસનાવિધિ પ્રત્યે વિશેષ લક્ષ આપતા નથી. પણ એ તો ક્રમશ: ઊર્ધ્વ આરોહણ કરાવનારાં સોપાનોની અવગણના કરીને સત્વર શિખરે પહોંચવાનો કૂદકો મારવા જેવું છે.

ખરું છે કે ઉપનિષદોએ અનેક ભિન્ન ભિન્ન તત્ત્વોની ઉપાસના દર્શાવી છે તેને યથાર્થત: જાણવી અને એ શ્રમસાધ્ય માર્ગે પ્રસ્થાન કરવું એ એકદમ રુચિકર બને, આકર્ષક નીવડે એવું નથી. પણ અહીં જણાવ્યા પ્રમાણે ચિત્તને એકાગ્ર કરવા માટે, બ્રહ્મલક્ષ્યનો વેધ કરવાને શરને નિશિત બનાવવા માટે ઉપાસનાની ઘણી ઉપયોગિતા છે. એ ઉપાસનાઓનો અહીં સંક્ષેપમાં નિર્દેશ કરવો ઉચિત છે.

તૈત્તિરીય ઉપનિષદની ભૃગુવલ્લીના દશમા અનુવાકમાં પ્રથમ બ્રહ્મ વાણીમાં ક્ષેમ છે, પ્રાણાપાનમાં યોગ-ક્ષેમ છે, બે હાથમાં કર્મ છે, ચરણોમાં ગતિ છે, પાયુમાં વિમુક્તિ છે એવી 'માનુષી સમાજ્ઞા' આપી છે;

પછી વૃષ્ટિમાં તૃપ્તિ, વિદ્યુતમાં બલ, પશુઓમાં યશ, નક્ષત્રોમાં જ્યોતિ, જનનેન્દ્રિયમાં પ્રજાપતિ અમૃત અને આનન્દ અને આકાશમાં સર્વ એ પ્રમાણે બ્રહ્મનું ચિન્તન કરવાની 'દૈવી સમાજ્ઞા' આપી છે. અને છેવટે આધ્યાત્મિક ક્ષેત્રમાં આ પ્રકારની ઉપાસના ઉપદેશી છે; જેનો અર્થ સુગ્રાહ્ય છે:

तत् प्रतिष्ठा इति उपासीत, प्रतिष्ठावान् भवति। तद् महः इति उपासीत, महान् भवति। तद् मनः इत्युपासीत, मानवान् भवति। तद् नमः इत्युपासीत, नम्यन्ते अस्मै कामाः। तद् ब्रह्म इत्युपासीत, ब्रह्मवान् भवति।

[જે તેને પ્રતિષ્ઠારૂપે (સર્વના આધાર રૂપે) ઉપાસે, તે પ્રતિષ્ઠાવાળો થાય છે. જે મહ: તરીકે ઉપાસે તે મહાન થાય છે. જે મન રૂપે ઉપાસે તે માનવાળો (મનનયુક્ત) બને છે. જે નમ: એમ ઉપાસે તેને સર્વ કામો નમતા આવે છે. એને બ્રહ્મ રૂપે ઉપાસે. તે બ્રહ્મવાન થાય છે (બ્રહ્મને પામે છે).]

અને છેવટે એ બ્રહ્મ પિંડ-બ્રહ્માંડમાં અન્તર્યામી છે એવું આ મન્ત્રથી કહે છે:

सः यश्च अयं पुरुषे, यश्च असौ आदित्ये, स एकः।

[તે જે પુરુષમાં છે, જે પેલો આદિત્યમાં છે, તે એક જ છે.]

છાન્દોગ્ય ઉપનિષદનો આરંભ ओम् इत्येतद् अक्षरम् उपासीत એ ઉપાસના-ઉપદેશથી થાય છે અને પછીના જ ખંડમાં એ ઓમ્‌ની અર્થાત્ ઉદ્‌ગીથની ઉપાસનાનું મહત્ત્વ દર્શાવવા માટે, દેવો અને અસુરોની લડાઈની, અને દેવોએ લીધેલા ઉદ્‌ગીથ-ઉપાસનાના શરણની આખ્યાયિકા આપી છે. દેવોએ ઉદ્‌ગીથની ઉપાસના પ્રથમ નાસિક્ય પ્રાણ (શ્વાસ) તરીકે કરી, પછી વાણી તરીકે, પછી ચક્ષુ રૂપે, પછી શ્રોત્ર રૂપે, પછી મન રૂપે કરી. પણ એ સર્વ ઇન્દ્રિયોના વ્યવહારનો અસુરોએ પાપ્મ(પાપ)થી વેધ કર્યો; એ ઇન્દ્રિયોના વ્યવહારમાં શુદ્ધિ ભેગી અશુદ્ધિ, પુણ્ય પ્રવૃત્તિ સાથે પાપદૂષિત પ્રવૃત્તિ, ભેળવી દીધી. છેવટે દેવોએ મુખ્ય પ્રાણરૂપે ઉદ્‌ગીથની ઉપાસના કરી અને અસુરોનો વિધ્વંસ થયો. આ મુખ્ય પ્રાણ, સર્વ પ્રાણીઓમાં વ્યાપક પ્રાણ અર્થાત્ જીવન (અને એનો અધિષ્ઠાતા આત્મા) પાપસંસ્પર્શથી પર છે એવું આ આખ્યાયિકાનું તાત્પર્ય છે.

આ જ આખ્યાયિકા બૃહદારણ્યક ઉપનિષદના પહેલા અધ્યાયના ત્રીજા બ્રાહ્મણમાં આવે છે. ત્યાં 'મુખ્ય પ્રાણ'ને બદલે 'આસન્ય પ્રાણ' એવો શબ્દપ્રયોગ કર્યો છે. આસન્ય પ્રાણ એટલે આસ્યમાં, મુખમાં રહેલો —અર્થાત્ સમગ્ર દેહને વ્યાપી રહેલો સૌ પ્રાણીઓનો જીવાતુ, પ્રાણ. છાન્દોગ્ય ઉપનિષદે પ્રયોજેલ 'મુખ્ય પ્રાણ' શબ્દયુગ્મમાં 'મુખ્ય'નો અર્થ માત્ર પ્રધાન, પ્રચલિત અર્થમાં મુખ્ય ઉપરાંત મુખમાં—સમગ્ર દેહમાં—રહેલો પ્રાણ એ જ છે એ આથી સ્પષ્ટ થાય છે. મુખગત, એથી જ મુખ્ય, પ્રધાન.

છાન્દોગ્યમાં उद्‌गीथ શબ્દના ઉદ્ ગી અને થ ત્રણ અક્ષરોની, એના વિવિધ અર્થ કલ્પીને, ઉપાસના, તેમ જ 'સામ'ની પણ એ પ્રકારની પ્રત્યક્ષર વિવિધ અર્થની કલ્પના સાથેની ઉપાસના ઉપદેશી છે એનો નિર્દેશ જ પર્યાપ્ત છે. બીજા અધ્યાયમાં એ 'સામ'ની અનેકવિધ ઉપાસના કહી છે: વૃષ્ટિમાં, પ્રાણીમાં, ઋતુઓમાં, પશુઓમાં, પ્રાણોમાં, પંચવિધ ઉપાસના; અને વાણીમાં, આદિત્યમાં સપ્તવિધ ઉપાસના; એ પણ એની ક્લિષ્ટતાથી, કહો કે કૃત્રિમ પ્રતીકકલ્પનાથી માત્ર નિર્દેશને જ પાત્ર છે.

છાન્દોગ્યના ત્રીજા અધ્યાયના અઢારમા ખંડમાં મનની અધ્યાત્મ ઉપાસના અને આકાશની આધિદૈવિક તત્ત્વ તરીકે ઉપાસના બતાવી છે; એમાં મનના જે ચાર પાદ કલ્પ્યા છે—વાણી, પ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર તે પ્રત્યેક પાદ આકાશના અગ્નિ, વાયુ, સૂર્ય અને દિશા એ પાદો સાથે સંકળાયેલા પ્રસિદ્ધ છે. આમ અહીં શાસ્ત્રસંમત વ્યવસ્થા જોઈ શકાય છે.

બ્રહ્મની કે આત્માની આમ વિવિધરૂપે જે ઉપાસના કરવામાં આવે તેથી, એવી ખંડશ: કરેલી પૃથક્ પૃથક્ ઉપાસનાથી, બ્રહ્મની અખિલતાની પ્રતીતિ થતી નથી એવું ઉપાસનાની સંભાવ્ય મર્યાદાનું દર્શન છાન્દોગ્યના અધ્યાય ૧, ખંડ ૧૧થી ૧૮માં અને બૃહદારણ્યકના અધ્યાય ૨, ખંડ ૧માં કરવામાં આવ્યું છે.

છાન્દોગ્ય ઉપનિષદમાંનો પ્રસંગ આ છે:

પાંચ મહાશ્રોત્રિય બ્રાહ્મણોને વિચાર થયો: को नु आत्मा किं ब्रह्म इति અને તેઓ એ જ્ઞાન માટે ઉદ્દાલક આરુણિ પાસે ગયા. પણ ઉદ્દાલક આરુણિએ કહ્યું કે હું સંપૂર્ણ ઉત્તર આપી શકું તેમ નથી. માટે આપણે રાજા અશ્વપતિ કૈકયને પૂછીએ. આ પ્રકારે નિશ્ચય કરીને એ છયે બ્રાહ્મણો રાજા અશ્વપતિ પાસે ગયા. અશ્વપતિએ વારાફરતી પ્રત્યેકને પ્રશ્ન પૂછયો કે कम् त्वम् आत्मानम् उपास्से। અને એ પ્રત્યેકે, અનુક્રમે, નીચે પ્રમાણે ઉત્તરો આપ્યા:

—ઔપમન્યવ કહે: હું દ્યૌને ઉપાસું છું;

—સત્યયજ્ઞ પૌલિષિએ કહ્યું: આદિત્યને;

—ઇન્દ્રદ્યુમ્ન ભાલ્લવેયે કહ્યું: વાયુને;

—જન શાર્કરાક્ષ્યે કહ્યું: આકાશને;

—બુડિલ આશ્વતરાશ્વિએ કહ્યું: પાણીને; અને

—છેલ્લા ઉદ્દાલક આરુણિએ કહ્યું: પૃથ્વીને.

આ ઉત્તરો સાંભળીને અશ્વપતિએ કહ્યું: તમે આત્માની પૃથક્ પૃથક્ સ્વરૂપે — પ્રાદેશિક અર્થાત્ એકદેશવર્તી ઉપાસના કરો છો એ પર્યાપ્ત નથી. કારણ કે આત્મા તો દ્યુલોકથી પૃથ્વી પર્યન્ત સર્વત્ર વ્યાપ્ત છે.

બૃહદારણ્યકમાં આને મળતા પ્રસંગમાં દૃપ્ત બાલાકિ નામે ગાર્ગ્ય વેદવિદ્યાકુશલ બ્રાહ્મણ ગર્વથી કાશીના રાજા અજાતશત્રુને બ્રહ્મઉપદેશ કરવાને ગયો. અને પોતે કયા રૂપે બ્રહ્મને ઉપાસે છે એમ રાજાને જણાવવાને પોતાની ઉપાસનાના બાર પ્રકારો ક્રમશઃ કહ્યા: આદિત્યમાં જે પુરુષ છે, જે ચન્દ્રમાં છે, જે વિદ્યુતમાં છે, જે આકાશમાં છે, જે વાયુમાં છે, જે અગ્નિમાં છે, જે પાણીમાં છે, જે આદર્શમાં દેખાય છે, જે આ ચાલનારાની પાછળ શબ્દ થાય છે, જે દિશાઓમાં છે, જે આ છાયામય પુરુષ છે, જે આ આત્મામાં (શરીરમાં) પુરુષ છે, તેને હું ઉપાસું છું. આ પ્રમાણે દૃપ્ત બાલાકિએ બાર જુદા જુદા પ્રકારની જુદી જુદી ઉપાસના ગણાવી. પણ અજાતશત્રુએ બાલાકિના આ બ્રહ્મજ્ઞાનને અપૂર્ણ માન્યું અને પોતે જ એને એક નિદ્રારૂઢ પુરુષ પાસે લઈ જઈને વિજ્ઞાનમય આત્માનું, સર્વ અનાત્મ તત્ત્વોથી વ્યતિરિક્ત એવા આત્મતત્ત્વનું, જ્ઞાન આપ્યું.

આ બંને પ્રસંગોમાં ખંડશઃ પૃથક્ પૃથક્ કરાયેલી ઉપાસનાની મર્યાદા બતાવવામાં આવી છે. એમાં ધ્યાનમાં લેવા જેવી હકીકત એ પણ છે કે બંને પ્રસંગમાં જિજ્ઞાસુ બ્રાહ્મણ છે, ઉપદેશક ક્ષત્રિય છે!

## ઉપદેશની કલામય ક્રમસરણી

વિશ્વનાં આધિભૌતિક અને આધિદૈવિક તત્ત્વો પરત્વે પણ એમાંથી અધ્યાત્મ પર્યન્ત પહોંચાડે એવી દૃષ્ટિ પ્રબોધતી વિદ્યાઓ, અને અવિદિત પરમતત્ત્વની પ્રતીતિ પર્યન્ત લઈ જનારી વિદિત તત્ત્વોની ઉપાસના, એ બે પ્રકારની ઉપદેશ-પદ્ધતિ આપણે જોઈ. એ ઉપરાંત ક્રમે ક્રમે ગહનતત્ત્વનું ઉદ્ઘાટન કરનારી, જિજ્ઞાસુને જ્ઞાનમાર્ગની ઉચ્ચતમ કોટિએ આરોહણ કરાવનારી, એક ત્રીજી પદ્ધતિનો પણ ઉપયોગ ઉપનિષદમાં કરાયો છે, જેનાં સારાં ઉદાહરણો તૈત્તિરીય, છાન્દોગ્ય અને બૃહદારણ્યક ઉપનિષદોમાં મળે છે.

તૈત્તિરીયની ભૃગુવલ્લીમાં ભૃગુને ઉપદેશ આપતાં પિતા વરુણે માનસશાસ્ત્રીય શિક્ષણપદ્ધતિ અપનાવી છે.

પ્રથમ વરુણ પુત્ર ભૃગુને એક જ આદેશ આપે છે:

यतो वा इमानि भूतानि जायन्ते। येन जातानि जीवन्ति। यत् प्रयान्ति, अभिसंविशन्ति। तज्जिज्ञासस्व। तद् ब्रह्म।

[જેમાંથી જ આ ભૂતો જન્મે છે, જન્મીને જેને આધારે જીવે છે, જેમાં (મૃત્યુ પછી) પ્રયાણ કરે છે, તેની જિજ્ઞાસા કર, તે બ્રહ્મ છે.]

પિતાએ આવું જિજ્ઞાસિત તત્ત્વનું, પછીથી બ્રહ્મસૂત્રમાં जन्माद्यस्य यतः એ સૂત્રમાં છે તેવું, લક્ષણ કહ્યું. અને પુત્રને તપ કરીને, અર્થાત્ સ્વાધ્યાયરૂપ જે તત્ત્વ જાણવું છે તેના સ્વયં અન્વેષણરૂપ તપ વડે એ જ્ઞાન મેળવવાનો આદેશ કર્યો.

જેમાંથી આ સર્વ ભૂતો જન્મે છે, જન્મ્યા પછી જેના વડે જીવે છે, પ્રયાણ (મરણ) થતાં જેમાં ભળી જાય છે એ તત્ત્વ કયું એની સ્વયંગવેષણા આદરી; પ્રથમ એણે અન્ન એ બ્રહ્મ છે એમ જાણ્યું; પછી પ્રાણ એ બ્રહ્મ છે એમ એને સમજાયું; ત્યાર પછી મન એ બ્રહ્મ છે એમ એણે માન્યું; પછી વિજ્ઞાન બ્રહ્મ છે એવી એની બુદ્ધિ થઈ; અને છેવટે એને પ્રતીતિ થઈ કે આનન્દ બ્રહ્મ છે.

આમ એને પિતાએ એક એક સોપાનથી ઉપર ઉપર, કુલ પાંચ સોપાન દ્વારા, આનન્દરૂપ બ્રહ્મ સુધી પહોંચાડયો.

ઉત્તરકાલીન વેદાન્તે અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનન્દમય એ પાંચ કોશોની મીમાંસા કરી છે તેનું બીજ આ ભૃગુવલ્લીમાં છે. આત્મા અન્નમય કોશ અથવા સ્થૂલદેહ નથી, પ્રાણમય કોશ અથવા નર્વસ સિસ્ટમ નથી, મનોમય કોશ અર્થાત્ ઇન્દ્રિયો દ્વારા મળેલ વિષયના જ્ઞાનનું એકીકરણ, વ્યવસ્થાપન કરનારું અન્તઃકરણ નથી, એના પછી જ્ઞાનને અન્તિમ ક્રમે લઈ જનાર વિજ્ઞાન — વિજ્ઞાનમય કોશ — નથી; પણ એ સૌથી વ્યતિરેક એવો આનન્દમય કોશ, વિષયનિરપેક્ષ, નિરવધિ આનન્દ એ બ્રહ્મનું નિકટતમ સ્વરૂપ છે એવી આ ઉપદેશની — અથવા ભૃગુને સ્વતઃ પ્રાપ્ત થયેલા બોધની — ક્રમાનુસારી સરણી છે.

આવી, આ પ્રસંગમાં પ્રયોજાયેલી heuristic (હ્યૂરિસ્ટિક) પદ્ધતિનો વિનિયોગ છાન્દોગ્ય ઉપનિષદના ચતુર્થ અધ્યાયના ૩થી ૯ ખંડોમાં થયો છે. સત્યકામ જાબાલ હારિદ્રુમત ગૌતમ પાસે બ્રહ્મજ્ઞાનના ઉપદેશ માટે ગયો. ગુરુ ગૌતમે એને કૃશ, નિર્બલ ગાય-બળદો સોંપીને કહ્યું: આ ધણને ચરાવવા લઈ જા, એનું અનુસરણ કર, એ વધીને હજારની સંખ્યાએ પહોંચે તે પહેલાં પાછો ન આવતો.

સત્યકામ એ પ્રમાણે ગયો; વર્ષો વીત્યાં; પશુસંખ્યા હજારની થઈ. ત્યારે એને ઋષભે (બળદે) કહ્યું: તને હું બ્રહ્મનો એક પાદ શીખવીશ. અને એણે ચાર દિશાઓ જેની ચાર કલાઓ છે એવા, બ્રહ્મના, ચતુષ્કલ પાદનો ઉપદેશ કર્યો. અને એ પાદનું પ્રકાશવાન પાદ એવું નામ જણાવ્યું.

પછી અગ્નિએ સત્યકામને પૃથિવી, અન્તરિક્ષ, દ્યૌ અને સમુદ્ર એ ચાર કલાના બનેલા, ચતુષ્કલ, અનન્તવાન પાદનો બોધ આપ્યો.

હંસે એને બ્રહ્મનો ત્રીજો ચતુષ્કલ પાદ, જેની અગ્નિ, સૂર્ય, ચન્દ્ર અને વિદ્યુત એ ચાર કલાઓ છે, એવો જ્યોતિષ્માન પાદ કહી બતાવ્યો.

અને છેલ્લે મદ્‌ગુએ (જળમાં ડૂબકી મારીને દૂર સરતા પક્ષીએ, સંભવતઃ કલકલિયાએ) એને જેની પ્રાણ, ચક્ષુ, શ્રોત્ર અને મન એ ચાર કલાઓ છે એવો આયતનવાન નામનો બ્રહ્મનો ચતુષ્કલ પાદ કહ્યો.

આ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી સત્યકામ સહસ્રસંખ્ય ધણ લઈને આચાર્યકુલમાં પાછો ફર્યો. ગુરુએ એને જોઈને પૂછયું: 'સૌમ્ય, તું બ્રહ્મવિદ હો એમ દેખાય છે; કોણે તને અનુશાસન કર્યું?' સત્યકામ કહે: 'મનુષ્યોથી અન્ય એવાઓએ મને બોધ આપ્યો: પણ મેં સાંભળ્યું છે કે આપના જેવા આચાર્ય કનેથી પ્રાપ્ત કરેલી વિદ્યા સર્વોચ્ચ સિદ્ધિએ પહોંચાડે છે.'

પણ ગુરુ ગૌતમે કહ્યું: 'કંઈ જ ઊણું નથી રહ્યું, તારે હવે કંઈ જાણવાનું બાકી નથી રહ્યું.'

આમ સત્યકામ સ્વનિરીક્ષણે બ્રહ્મવિદ બની ગયો; એને આસપાસની પ્રકૃતિનાં તત્ત્વો પાસેથી જ્ઞાન સાંપડયું. એને જ્ઞાન થયું, ક્રમે ક્રમે, બ્રહ્મના ચારેય પાદનું; જેનો પ્રત્યેક પાદ ચતુષ્કલ છે, એકંદરે જેની સોળ કલાઓ કલ્પી છે, એવા સકલ બ્રહ્મનું એને જ્ઞાન થયું. એ પ્રત્યેક પાદના નામમાં રહસ્ય છે: પ્રકાશવાન પાદ એટલે ઉત્તાન પ્રકાશ પ્રદેશ — વિસ્તાર, ચારે દિશાઓ; અનન્તવાન પાદ એટલે અનન્ત વિસ્તારવાળાં અપરિમેય પ્રકૃતિતત્ત્વો —

પૃથ્વી, અન્તરિક્ષ, દ્યૌ અને સમુદ્ર; જ્યોતિષ્માન પાદ જગતને જ્યોતિ—તેજ—આપનારાં અગ્નિ, સૂર્ય, ચન્દ્ર અને વિદ્યુત; અને આયતનવાન પાદ એટલે, જે ઇન્દ્રિયોને અને મનને બુદ્ધ-બોધ્યા તત્ત્વજ્ઞાનમાં આયતન કહ્યાં છે એ, પ્રાણ, ચક્ષુ, શ્રોત્ર અને મન. પાંચ ઇન્દ્રિયો અને મન એમ છ આયતનો બૌદ્ધો કહે છે; તો અહીં ચાર શા માટે એ પ્રશ્ન થાય. એ પ્રશ્નનું સમાધાન આ રીતે કરી શકાય: નાક, રસના અને ત્વચા એ ત્રણ ઇન્દ્રિયોથી વિશેષ ઉપયોગ, શ્રોત્ર અને ચક્ષુનો સત્યકામે એ ખુલ્લા મેદાનમાં, કર્યો હતો, અને પ્રાણની શ્વાસોચ્છ્વાસ ક્રિયા પણ સવિશેષ એ વિશાળ પ્રદેશમાં કરી હતી, અને મન તો મનન—અન્વેષણમાં સતત પ્રવૃત્ત હોય જ.

સત્યકામે વિશાળ નૈસર્ગિક પ્રદેશમાં આમ બોધ મેળવ્યો એ પ્રસંગ શેક્સ્પિયરકૃત 'એઝ યુ લાઇક ઇટ' નાટક(અંક ૨, દૃશ્ય ૧)માંની આ પંક્તિઓનું સ્મરણ કરાવે છે:

And this our life, exempt from public haunt,
Finds tongues in trees, books in the running brooks,
Sermons in stones, and good in every thing.

[જનતાના ધામાથી દૂર એવા આપણા આ જીવનને મળે છે વૃક્ષોમાં બોલતી જિહ્વાઓ, વહેતાં ઝરણાંમાં જ્ઞાનગ્રન્થો, શિલાઓમાં શિખામણ, પ્રત્યેક વસ્તુમાં શુભલાભ.]

છાન્દોગ્ય ઉપનિષદના છઠ્ઠા અધ્યાયમાં ઉદ્દાલક આરુણિએ પુત્ર શ્વેતકેતુને જે ઉપદેશ આપ્યો છે તેમાં દૃષ્ટાન્તો દ્વારા શીખવવાની પદ્ધતિનો ઉપયોગ થયો છે. એ અધ્યાયના ખંડ ૧૨, ૧૩, ૧૪ અને ૧૫માંથી ઉદાહરણો જોઈશું.

ઉદ્દાલક આરુણિ પુત્ર શ્વેતકેતુને કહે છે: 'ન્યગ્રોધફલ (વડનો ટેટો) લઈ આવ; એને ભાંગ; એમાં ધાતા છે—સૂક્ષ્મ બીજો છે—એમાંના એકને તોડ; કહે એમાં શું દેખાય છે તને?'

શ્વેતકેતુ કહે છે: 'ભગવન, કંઈ દેખાતું નથી મને.' એટલે ઉદ્દાલક કહે છે: 'જે અણુતત્ત્વને તું દેખતો નથી, એ અણુમાંથી આ મહાન ન્યગ્રોધ ઊગ્યો છે. શ્રદ્ધાપૂર્વક જાણ, કે એ જે અણિમા, એ સર્વનો આત્મા છે, એ જ સત્ય છે, એ આત્મા તે જ તું છો—तत्त्वमसि श्वेतकेतो।'

પછી ઉદ્દાલક શ્વેતકેતુને લવણનો કટકો પાણીમાં નાખીને વળતી સવારે લાવવા આજ્ઞા આપે છે. અને એ એને લઈ આવ્યો ત્યારે પૂછે છે: રાત્રે લવણ આમાં નાખ્યું હતું તે લાવ. પણ એ તો પાણીમાં પીગળી ગયું છે. એ પાણીને ઉપરથી, વચમાંથી, તળેથી ચાખવાનું પિતા પુત્રને કહે છે. અને લવણ જળમાં મળી ગયું છે, વ્યાપી ગયું છે, અલગ જોઈ કે ચાખી શકાતું નથી એ દૃષ્ટાન્ત વડે ફરીથી ઉપર પ્રમાણેનો ઉપદેશ આપે છે કે એ જ પ્રમાણે આ સર્વ આત્મરૂપ છે, તે સત્ય છે, तत्त्वमसि श्वेतकेतो।

પછી આંખે પાટો બાંધેલા પુરુષનું દૃષ્ટાન્ત આપે છે અને કહે છે કે આંખે પાટો બાંધેલા પુરુષને ગન્ધાર દેશમાંથી દૂર લઈ જઈને નિર્જન પ્રદેશમાં આણી મૂકે, અને એને દિશાનું ભાન ન રહે, પછી એની આંખેથી પાટો છોડીને એને કહેવામાં આવે કે જો, આ દિશામાં ગન્ધાર દેશ છે એટલે એ પૂછતો પૂછતો ગન્ધાર દેશમાં પહોંચે. એ પુરુષ પંડિત અને મેધાવી થઈને ગન્ધાર દેશના માર્ગનું જ્ઞાન મેળવે, એ જ પ્રમાણે આચાર્યવાન પુરુષ સત્યને જાણે છે.

તે પછીનું દૃષ્ટાન્ત આસન્નમરણ પુરુષનું છે. મરણોન્મુખ મનુષ્યની આજુબાજુ બેસીને એનાં સ્વજનો એને એક પછી એક પૂછે કે મને ઓળખો છો? પણ એ પુરુષ ક્યાં સુધી ઓળખી શકે? જ્યાં સુધી એની વાણી મનમાં વિલીન નથી થઈ, મન પ્રાણમાં ભળી ગયું નથી, પ્રાણ તેજમાં અને તેજ પરાદેવતામાં સમાઈ ગયેલ નથી, ત્યાં સુધી જ એ સ્વજનોને પિછાણી શકે છે, એ પછી નહીં.

અને પછી આ સંદર્ભગત પ્રત્યેક ખંડને અન્તે જે જ્ઞાનવચન એણે ઉચ્ચાર્યું છે તે ફરીથી ઉદ્દાલક આરુણિ ઉચ્ચારે છે—અહીં એની મૂળ સંસ્કૃત વાણીના ધ્વનિને સાંભળીએ:

स एव अणिमा, एतदात्म्यमिदं सर्वम्, तत् सत्यम्, स आत्मा, तत् त्वमसि श्वेतकेतो।

[તે જ અણુતત્ત્વ છે, એ આ સર્વનો આત્મા છે, તે જ સત્ય છે, તે આત્મા છે, તે જ તું છો, શ્વેતકેતુ.]

આ રીતે ઉદ્દાલક આરુણિએ શ્વેતકેતુને વડના ટેટાના દૃષ્ટાન્તથી આત્માની સૂક્ષ્મતા સમજાવી; લવણ અને જળના દૃષ્ટાન્તથી આત્મા અગોચર છતાં સર્વવ્યાપી છે એ સમજાવ્યું; આંખે પાટો બાંધેલા—અને પછી પાટો છોડેલા—પુરુષના દૃષ્ટાન્તથી અજ્ઞાનના અંધત્વમાંથી જ્ઞાનની દૃષ્ટિ મેળવવા માટે ગુરુના ઉપદેશની આવશ્યકતા દર્શાવી; અને મરણ વખતે ઇન્દ્રિયો, મન અને પ્રાણ બ્રહ્મમાં વિલય પામે છે એ ઉપદેશ આપ્યો. અને સુપ્રસિદ્ધ મહાવાક્યનો ઉદ્‌ઘોષ કર્યો: तत्त्वमसि श्वेतकेतो।

બૃહદારણ્યક ઉપનિષદમાં યાજ્ઞવલ્ક્યે, ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરતી વખતે, મૈત્રેયીને જે ઉપદેશ આપ્યો તે ઉપનિષદોમાંનું એક વાઙ્મય-રત્ન છે. એમાં સંસારમાં પતિ, પત્ની, પુત્રો, ધન, આ લોક વગેરે કોઈ વસ્તુ સ્વતઃ પ્રિય નથી પણ आत्मानस्तु कामाय सर्वं प्रियं भवति, आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः मैत्रेयि, आत्मनो वा अरे दर्शनेन श्रवणेन मत्या विज्ञानेन इदं सर्वम् विदितम्। [આત્માની કામના ખાતર બધું પ્રિય બને છે, અરે! એ આત્માને જોવો, સાંભળવો, ચિન્તવવો, એનું ધ્યાન ધરવું; હે મૈત્રેયી, અરે એ આત્માના જ દર્શનથી, શ્રવણથી, મનનથી, વિશેષ જ્ઞાનથી, આ સર્વ વિદિત બને છે.] એવો ઉપદેશ આપ્યા પછી દૃષ્ટાન્તશૈલીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

જેમ દુન્દુભિ પર આઘાત કરીએ ત્યારે તેના બહાર પ્રસરતા ધ્વનિને ગ્રહી શકાતો નથી, પણ દુન્દુભિના ગ્રહણથી દુન્દુભિ-આઘાતનો ધ્વનિ પકડાય છે તે જ પ્રમાણે શંખ ફૂંકીએ ત્યારે અને વીણા બજાવીએ ત્યારે એના બાહ્ય ધ્વનિ અગ્રાહ્ય છે પણ એ વાદિત્રના ગ્રહણમાં જ ધ્વનિનું ગ્રહણ થઈ જાય છે. અને એથી એવું સૂચવવામાં આવ્યું છે કે જે એક તત્ત્વના જ્ઞાનથી અન્ય સર્વ તત્ત્વોનું જ્ઞાન થઈ જાય છે તે બ્રહ્મ છે, આત્મા છે.

અને પછી યાજ્ઞવલ્ક્ય સદૃષ્ટાન્ત બોધ આપે છે કે—

स यथा आर्द्र-इन्ध-अग्नेः अभ्याहितात् पृथग् धूमाः विनिश्चरन्ति, एवम् वा अरे अस्य महतो भूतस्य निःश्वसितम् एतद् यद् ऋग्वेदः यजुर्वेदः सामवेदः अथर्वाङ्गिरसः इतिहासः पुराणम् विद्या उपनिषदः श्लोकाः सूत्राणि अनुव्याख्यानानि व्याख्यानानि अस्य एव एतानि सर्वाणि निःश्वसितानि॥

[તે જેમ ભીનાં ઇંધણનો અગ્નિ હોય તેમાંથી અલગ ધુમાડો નીકળે છે, એ પ્રમાણે જ, અરે! એ મહાન, ભૂત(બ્રહ્મ)નું નિઃશ્વસિત છે આ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, ઇતિહાસ, પુરાણ, વિદ્યા, ઉપનિષદો, શ્લોકો, સૂત્રો, વ્યાખ્યાનો અને અનુવ્યાખ્યાનો : એ સર્વ એનાં જ નિઃશ્વસિતો છે.]

અને પછી એ મહદ્ ભૂત, એ બ્રહ્મ જ, સર્વનું પરાયણ છે, એકાયન છે, એ વાત ભવ્ય ગંભીર વચનોમાં કહે છે: स यथा सर्वासाम् अपाम् समुद्र एकायनम्, एवम् सर्वेषां स्पर्शानाम् त्वक् एकायनम्, एवं सर्वेषां गन्धानाम् नासिके एकायनम् एवं सर्वेषाम् रसानाम् जिह्वा एकायनम्, एवं सर्वेषां रूपाणां चक्षुः एकायनम्, एवं सर्वेषाम् शब्दानाम् श्रोत्रम् एकायनम्, एवं सर्वेषां संकल्पानाम् मन एकायनम्, एवं सर्वासाम् विद्यानाम् हृदयम् एकायनम्, एवं सर्वेषां कर्मणाम् हस्तौ एकायनम्, एवं सर्वेषाम् आनन्दानाम् उपस्थ एकायनम् . . . एवं सर्वेषाम् अध्वनाम् पादौ एकायनम् एवं सर्वेषाम् वेदानां वागेकायनम्॥

[તે જેમ સર્વ જળપ્રવાહોનું સમુદ્ર એક ગન્તવ્યસ્થાન છે, એમ સર્વ સ્પર્શોનું ગન્તવ્યસ્થાન ચામડી છે, એમ સર્વ ગન્ધોનું આશ્રયસ્થાન નાસિકા છે, એમ સર્વ રસોનું સ્થાન જિહ્વા છે, એમ સર્વ (દૃશ્ય) રૂપોનું એકસ્થાન ચક્ષુ છે, એમ સર્વે શબ્દોનું ગન્તવ્યસ્થાન શ્રોત્ર છે, એમ સર્વે સંકલ્પોનું એકધામ મન છે, એમ

સર્વ વિદ્યાઓનું સ્થાન હૃદય છે; એમ સર્વે કર્મોનું એક-અયન હાથ છે, એમ સર્વ આનન્દોનું એક-અયન ઉપસ્થ છે : . . . એમ સર્વે માર્ગોનું (ચાલવાનું) એક-અયન ચરણો છે. એમ સર્વવેદોનું વાણી એકાયન છે.]

અને ત્યાર પછી, છાન્દોગ્યમાં આપેલા દૃષ્ટાન્ત જેવું દૃષ્ટાન્ત સંક્ષેપમાં યાજ્ઞવલ્કયે આપ્યું છે:

स यथा सैन्धवखिल्यः उदके प्रास्तः उदकमेव अनुविलीयेत न हि अस्य उद्ग्रहणाय इव स्यात्, यतो यतस्तु आददीत लवणमेव, एवं वा अरे इदं महद्भूतम् अनन्तमपारम्॥

[તે જેમ સૈન્ધવનો ગાંગડો પાણીમાં નાખ્યો હોય તો પાણીમાં ઓગળી જાય, એને પાછો કાઢી શકાય નહીં, પણ જ્યાંથી કોઈ (પાણી) લે ત્યાં લવણ જ જણાય, એ પ્રમાણે જ અરે! આ મહદ્‌ભૂત અનન્ત અને અપાર છે.

જ્ઞાતમાંથી અજ્ઞાત પર્યન્ત શિષ્યોને દોરી જવાની બોધપદ્ધતિનું એક સારું ઉદાહરણ આમ 'અપરા અને પરા વિદ્યા'ના ખંડમાં ઉલ્લેખેલા, છાન્દોગ્યમાંના, નારદ—સનત્કુમારના પ્રસંગમાં મળે છે. નામમાત્રના પરિચયથી બ્રહ્મસાક્ષાત્કાર સુધીની બૌદ્ધિક યાત્રાની ક્રમયોજના, સોપાનોના પૂર્વાપર ક્રમની ઉચિતતા, વિશે કોઈને વિચિકિત્સા (આશંકા ને આનાકાની) થાય એ સંભાવ્ય છે. પણ સમગ્ર ક્રમારોહિણી યોજના સ્તુત્ય છે.

## આત્માનુભૂતિનાં સોપાન

भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः? [ભસ્મીભૂત બનેલો દેહ પાછો ક્યાંથી આવે?] એવી દલીલો ચાર્વાકો કરતા એમ નોંધાયેલું છે.

કોઈ પણ ધીમાન મનુષ્યને આ દલીલ અવશ્ય વજૂદ વિનાની લાગે; છતાં એ પણ હકીકત છે કે ધીમાન છતાં દેહમાં જ પોતાપણું માનતા—વિચારમાં નહીં તો વ્યવહારમાં એવી મતિને વશ થતા—ઘણા યથાર્થ આત્મજ્ઞાનથી, આત્માનુભૂતિથી, વંચિત રહે છે.

આ વ્યાપક પરિસ્થિતિનું એક સુંદર ઉદાહરણ છાન્દોગ્ય ઉપનિષદના અધ્યાય ૮માના ૭થી ૧૨ ખંડમાં, પ્રજાપતિ કને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાને, શિષ્યભાવે ગયેલ દેવાધિદેવ ઇન્દ્ર અને અસુરોના રાજા વિરોચનની આખ્યાયિકામાં આપ્યું છે.

'જે આત્મા અપહત-પાપ્મા, વિજર, વિમૃત્યુ, વિશોક, ભૂખતરસ વિનાનો, સત્યકામ, સત્યસંકલ્પ છે તે જ શોધવાનો છે, તે જ જાણવાનો છે. સર્વ લોકોને અને સર્વ કામોને પામે છે તે પુરુષ જે આ આત્માને શોધીને વિચારીને વિશેષ પ્રકારે જાણે છે', એવું પ્રજાપતિનું વચન જાણીને દેવોને અને અસુરોને સર્વ લોકને તથા સર્વ કામને પ્રાપ્ત કરાવનારું એ આત્મજ્ઞાન મેળવવાની ઇચ્છા થઈ. પછી દેવો વતી ઇન્દ્ર અને અસુરો તરફથી વિરોચન પ્રજાપતિ કને ગયા.

અને પ્રજાપતિએ કહ્યું : 'જે આ આંખમાં પુરુષ છે તે આત્મા છે.' ત્યારે ઇન્દ્રે અને વિરોચને પૂછ્યું : 'જળમાં અને અરીસામાં જે પુરુષ દેખાય છે તે પણ આત્મા છે?'

પ્રજાપતિએ કહ્યું : 'જળના કુંડમાં જુઓ અને ત્યાં આત્માની પ્રતીતિ ન કરી શકો તો મારી પાસે આવજો.' એ બંને જળમાં પ્રતિબિંબ જોઈ આવીને બોલ્યા : 'અમે જોયો, લોમથી નખ પર્યન્તનો એ આત્મા.'

પછી પ્રજાપતિએ એમને સારી રીતે અલંકૃત અને સારાં વસ્ત્રમાં સજ્જ થઈને જલગત પ્રતિબિંબ જોવા કહ્યું.

એ જોઈને વિરોચન કૃતકૃત્ય બનીને ઘેર ગયો. અર્થાત્ અસુરોનું દેહમાં જ આત્મભાન રહ્યું. ઉપનિષદ કહે છે કે આટલી જ અસુરોની ઉપનિષદ, અને એથી જ અસુરો મૃત અસુરના દેહને અન્ન, વસ્ત્ર અને અલંકારથી સજાવે છે, એમ માનીને કે એ રીતે એ પરલોકને જીતશે. આ વચનો મૂળ સંસ્કૃતમાં આસ્વાદવા જેવાં છે:

असुराणां हि एषा उपनिषद् यत् प्रेतस्य शरीरं भिक्षया वसनेन अलंकारेण इति संस्कुर्वन्ति एतेन अमुं लोकं जेष्यन्तो मन्यन्ते ।।

(પ્રેત-શરીરને અન્નથી, વસનથી, અલંકારથી સંપન્ન કરવાની અસુરોની આ 'ઉપનિષદ' મિસર દેશનાં રાજારાણીઓનાં મમીનું સ્મરણ નથી કરાવતી?)

પણ ઇન્દ્રનું શંકાસમાધાન આટલાથી ન થયું: આ નશ્વર દેહ એ જ આત્મા એ વાતમાં એને કંઈ સારતત્ત્વ ન દેખાયું. એટલે એ ફરીથી પ્રજાપતિને પૂછવા ગયો. પ્રજાપતિએ એને કહ્યું કે સ્વપ્નાવસ્થામાં મહિમાને જે પ્રાપ્ત કરે છે તે આત્મા છે. પણ સ્વપ્નમાં પણ નાશ છે, દુઃખ છે એ વિચારતાં ઇન્દ્રનું સમાધાન ન થયું. એટલે એ વળી ફરી વાર પ્રજાપતિ પાસે યથાર્થ આત્મજ્ઞાન લેવા ગયો. પ્રજાપતિએ કહ્યું:

यत्रैतत् सुप्तः समस्तः संप्रसन्नः स्वप्नं न विजानाति एष आत्मा ।

[નિદ્રાવસ્થામાં જે એકીભૂત, સંપ્રસાદયુક્ત (સંપ્રસન્ન) બને, કંઈ સ્વપ્ન ન જુએ, તે આત્મા.]

પણ એથી પણ ઇન્દ્રને સંતોષ ન થયો; એણે વિચાર્યું કે જાગ્રતમાં તો अयम् अहम् अस्मि એવું ભાન હોય પણ સુપ્ત અવસ્થામાં એવું ભાન, એવું જ્ઞાન હોતું નથી—જાણે કે સંવિલય થયો હોય છે.

એટલે જિજ્ઞાસાની પૂર્ણ તૃપ્તિ માટે એ ફરીથી પ્રજાપતિ પાસે ગયો, ત્યારે પ્રજાપતિએ કહ્યું:

मघवन्, मर्त्यं वा इदं शरीरम् आत्तं मृत्युना; तद् अस्य अमृतस्य, अशरीरस्य, आत्मनः अधिष्ठानम् । आत्तो वै सशरीरः प्रियाप्रियाभ्याम्, न वै सशरीरस्य सतः प्रियाप्रिययोरपहतिः अस्ति, अशरीरं वाव सन्तं न प्रियाप्रिये स्पृशतः ।

[આ શરીર મર્ત્ય છે, મૃત્યુથી ગૃહીત છે, એ શરીર અમર આત્માનું અધિષ્ઠાન છે. દેહ હોય ત્યાં સુધી પ્રિય-અપ્રિય છે, અશરીર બનેલાને પ્રિય-અપ્રિય સ્પર્શતાં નથી].

एवमेव एष संप्रसादः—એવો જ છે આ સુષુપ્તિ અવસ્થાનો સંપ્રસાદ.

છાન્દોગ્ય ઉપનિષદની આ આખ્યાયિકામાં પ્રથમ દેહભાનયુક્ત જાગ્રત પછી સ્વપ્નાની અવસ્થા અને છેલ્લે સુષુપ્તિઅવસ્થા એવા ત્રણ સોપાનક્રમો આપ્યા છે. માંડૂક્ય ઉપનિષદ પણ, सर्वं हि एतद् ब्रह्म, अयमात्मा ब्रह्म, सोऽयमात्मा चतुष्पाद् એમ કહીને પછી જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્ત એ ત્રણ અવસ્થાઓનું નિરૂપણ કરે છે અને છેલ્લે એ ત્રણે અવસ્થાઓથી પર એવા આત્માનો નિર્દેશ કરે છે. આત્માનુભૂતિના વિષયના અર્ક જેવા આ માંડૂક્ય ઉપનિષદના એ મન્ત્રો જાણવા-વાંચવા જેવા છે:

जागरितस्थानो बहिःप्रज्ञः . . . स्थूलभुग् वैश्वानरः प्रथमः पादः ।

स्वप्नस्थानः अन्तःप्रज्ञः . . . प्रविविक्तभुक् तैजसः द्वितीयः पादः । . . .

सुषुप्तस्थानः एकीभूतः प्रज्ञानघन एव आनन्दमयः हि आनन्दभुक् चेतोमुखः प्राज्ञः तृतीयः पादः ।

[જાગરિતસ્થિતિમાં રહેલો, બહિર્મુખ પ્રજ્ઞા(જ્ઞાન)વાળો, સ્થૂલ વિષયોનો ઉપભોગ કરવાવાળો વૈશ્વાનર નામનો—(આત્માનો)—પ્રથમ પાદ છે.

સ્વપ્નસ્થિતિમાં રહેલો જેનો જ્ઞાનવ્યાપાર આન્તર (અંદરનો) છે એવો સૂક્ષ્મ આન્તર ઉપભોગ કરનારો તૈજસ નામનો બીજો પાદ છે.

સુષુપ્તિની—ગાઢ નિદ્રાની—સ્થિતિમાં રહેલો, એકરસ બની ગયેલો, પ્રજ્ઞાનઘન જ અને આનન્દમય તથા આનન્દને ઉપભોગતો, ચેતોમુખ, તે પ્રાજ્ઞ નામનો ત્રીજો પાદ છે.]

આ સુષુપ્તિસ્થાન ત્રીજો પાદ આત્માનો, તે છે સર્વેશ્વર, સર્વજ્ઞ, અન્તર્યામી, સર્વનો પ્રભવ અને જેમાં સર્વનો લય થાય છે તે—અર્થાત્ ઈશ્વર. પણ જે બ્રહ્મરૂપ આત્મા છે તે તો તેથી પર છે. એનું અહીં જે વર્ણન છે તે અદ્‌ભુત છે:

न अन्तःप्रज्ञं, न बहिःप्रज्ञं, न उभयतःप्रज्ञम्, न प्रज्ञानघनम् न प्रज्ञम्, न अप्रज्ञम्; अदृष्टम् अव्यवहार्यम् अग्राह्यम् अलक्षणम् अचिन्त्यम् अव्यपदेश्यम्, एकात्मप्रत्ययसारम्, प्रपञ्चोपशमम् शान्तम् शिवम् अद्वैतम् चतुर्थं मन्यन्ते, स आत्मा, स विज्ञेयः ।।

[જેનું જ્ઞાન નથી આન્તર, નથી બાહ્ય, નથી ઉભય પ્રકારનું, જે પ્રજ્ઞાનઘન (જ્ઞાનસઘન) નથી, જે પ્રજ્ઞ (જ્ઞાતા) નથી અને અપ્રજ્ઞ (અજ્ઞાતા) પણ નથી, જે અદૃષ્ટ, અવ્યવહાર્ય (વ્યવહારથી પર), અગ્રાહ્ય, અલક્ષણ (લક્ષણથી પર), અચિંત્ય અને નામથી વ્યપદેશ ન થઈ શકે એવું છે, સર્વ આત્માઓ એક જ છે એવી પ્રતીતિ જ જેનું સારભૂતતત્ત્વ છે, જેમાં પ્રપંચો શમી જાય છે, જે શાન્ત શિવ અદ્વૈત છે, તેને ચતુર્થ (તુરીય) કહે છે; તે આત્મા છે; તેને જાણવાનો છે.]

ખરો જાણવા-અનુભવવાનો જે આત્મા તે તો નથી (સ્વપ્ન માફક) અન્તઃપ્રજ્ઞ, નથી (જાગ્રત માફક) બહિઃપ્રજ્ઞ, નથી (સુષુપ્તિ માફક) પ્રજ્ઞાનઘન; એ અદૃષ્ટ છે, અવ્યવહાર્ય છે, અગ્રાહ્ય છે, અલક્ષણ છે, અચિન્ત્ય છે, અવ્યપદેશ્ય છે.

અર્થાત્ એને જોઈ કે જાણી શકાતો નથી. તો? તો લોકો બ્રહ્મજ્ઞાન, બ્રહ્મજ્ઞાનની વાતો કરે છે તે શું? માંડૂક્ય કહે છે—'એ આત્મા આત્માના એકત્વની પ્રતીતિ સ્વરૂપ છે, સર્વ આત્માના ઐક્યની પ્રતીતિ તે જ ખરું આત્મજ્ઞાન છે.'

આત્મજ્ઞાન પર્યન્ત આરોહણ કરાવનારાં, જિજ્ઞાસુની પોતાની જ અનુભૂતિને ઊર્ધ્વગામિની બનાવનારાં, આરોહણક્રમે બ્રહ્મની સ્વાનુભૂતિના શિખરે લઈ જનારાં, આવાં અન્ય સોપાનોની યોજના પણ ઉપનિષદોમાં છે.

પંચકોશની વિચારણા આ પ્રકારની સોપાનપરંપરા છે, જેનું પ્રથમ પ્રતિપાદન તૈત્તિરીય ઉપનિષદમાં થયું છે એ ભૃગુ અને વારુણિનો પ્રસંગ 'ઉપદેશની કલામય ક્રમસરણી'ના ખંડમાં આપણે જોઈ ગયા છીએ.

અહીં એટલી સ્પષ્ટતા કરીશું કે ત્યાં કહેલા પંચકોશમાંનો અન્નમયકોશ એટલે સ્થૂલ દેહ; પ્રાણમયકોશ એટલે પાંચ પ્રાણ અને પ્રાણપ્રેરિત પંચ કર્મેન્દ્રિયો; મનોમયકોશ એટલે મન અને પાંચ જ્ઞાનેન્દ્રિયો; વિજ્ઞાન-મયકોશ એટલે બુદ્ધિ અને જ્ઞાનેન્દ્રિયો; સૂક્ષ્મદેહમાં મનોમય અને વિજ્ઞાનમય કોશોનો સમાવેશ થાય છે. આનન્દમયકોશ એટલે કારણદેહ.

આત્મા આ સ્થૂલ, સૂક્ષ્મ અને કારણદેહથી પણ પર છે એવો વેદાન્ત સિદ્ધાન્ત છે. કારણદેહમાં જે આનન્દ તે સુષુપ્તિનો આનન્દ છે; જે જ્ઞાન પ્રકાશરૂપ નથી, અજ્ઞાનાવૃત છે; આ અજ્ઞાન જ સ્થૂલ અને સૂક્ષ્મ દેહોનું કારણ છે તેથી આ ત્રીજા દેહને કારણદેહ કહેવામાં આવે છે. જે આનન્દ સ્વયં આત્મા છે તે સુષુપ્તિનો અજ્ઞાનાવૃત આનન્દ નહીં, પણ જાગ્રદવસ્થામાં ખરા તત્ત્વજ્ઞાનથી, આત્મજ્ઞાનથી, થતો જ્ઞાનીજનોનો આનન્દ.

આ આનન્દની અનુભૂતિ બ્રહ્મવિદને, આત્મવિદને લભ્ય છે, કારણ કે એને માયામય લૌકિક જગતના, પરમાર્થદૃષ્ટિએ, મિથ્યાત્વની પ્રતીતિ હોય છે અને સાંસારિક સુખદુઃખને અવસરે તટસ્થવૃત્તિ જાળવી શકે છે, નિષ્કામ રહી શકે છે. તેથી જ કહ્યું છે:

आत्मानं चेद् विजानीयादयमस्मीति पूरुषः ।
किमर्थं कस्य कामाय शरीरमनुसंज्वरेत् ।।

[આત્માને જો પુરુષ જાણી લે કે 'હું આ છું', તો શા અર્થે, કોની કામના માટે, શરીરની પાછળ એ તપ્યા કરે, જ્વર સહ્યા કરે?]

## સત્-ખ્યાતિ

તત્ત્વજ્ઞાનનો વિષય છે આ દૃશ્યમાન અનેક વિવિધ ક્ષણિક રૂપોમાં રહેલા એક શાશ્વત તત્ત્વની મીમાંસા; વિજ્ઞાનનો—આધુનિક ભૌતિક વિજ્ઞાનનો વિષય છે એ દૃશ્યમાન જગતનાં ભૂત-તત્ત્વોની પૃથક્ક્રિયા પ્રયોગ અને એની ગતિવિધિમાં પ્રવર્તતા નિયમોનું અધ્યયન. પણ વિજ્ઞાનના વિકાસ સાથે એવી પ્રતીતિ ઉત્પન્ન થઈ

છે કે અનેક જ્ઞાનપ્રદેશો એના ક્ષેત્રથી—એના બુદ્ધિગમ્ય ક્ષેત્રથી—પર રહે છે. પરિણામે વાસ્તવિક દૃષ્ટિએ વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન વચ્ચે અગાઉ જેવો વિરોધ નથી રહ્યો; વૈજ્ઞાનિકો તત્ત્વજ્ઞાનીની નિકટતર આવતા ગયા છે. આ વિશ્વ અહેતુક છે કે સહેતુક, એની પાછળ, એની અન્તર્ગત કંઈ પ્રયોજનવતી યોજના છે કે નહીં? અધ્યાત્મતત્ત્વ અને ભૌતિક તત્ત્વ વચ્ચેના વિરોધનું અને સંઘર્ષનું કંઈ નિરાકરણ શક્ય છે કે નહીં? મૃત્યુથી શરીરનો નાશ થાય તે પછી અસ્તિત્વ કોઈ પ્રકારે અવશિષ્ટ રહે છે કે નહીં? એવા એવા પ્રશ્નો હજી અનુત્તર રહ્યા છે.

આવા અનુત્તર રહેલા, અને અનુત્તર જ રહે એવા પ્રશ્નોમાંનો મુખ્ય પ્રશ્ન છે આ જગતની ઉત્પત્તિ ક્યાંથી, શેમાંથી, શી રીતે થઈ?

આ પ્રશ્નનો ઉત્તર ઉપનિષદો પોતાની રીતે આપે છે, અને એ ઉત્તરમાં એક સનાતન સત્ય એ રહ્યું છે કે આ સર્વ અનેક, વિનાશી જગતના અન્તિમ મૂળમાં એક અવિનાશી શાશ્વત તત્ત્વ જ હોઈ શકે, અને એ શાશ્વત તત્ત્વ ચેતન અને જડ સર્વ પદાર્થોમાં અન્તર્ગત રહેલું માનવું પડે. ઉપનિષદોએ એ શાશ્વત તત્ત્વ ચેતન જ હોઈ શકે એમ સ્વીકાર્યું અને એને વ્યષ્ટિની દૃષ્ટિએ આત્મા અને સમષ્ટિની દૃષ્ટિએ બ્રહ્મ એવું નામ આપ્યું, અને એ તત્ત્વ એક અને અદ્વિતીય છે એનો સ્વીકાર કરીને જગતમાંનાં સર્વ તત્ત્વોની એકાત્મતાનો અને બ્રહ્માત્મૈક્યનો સિદ્ધાન્ત સ્થાપિત કર્યો.

નશ્વર દેહમાં રહેલા અમર આત્માના સ્વીકારની સાથોસાથ, નચિકેતાને ઊપજેલી વિચિકિત્સાનો (મનુષ્યનું મૃત્યુ પછી અસ્તિત્વ છે કે નહીં એ વિચિકિત્સાનો) એક જ ઉત્તર હોઈ શકે: अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे। [આ (આત્મા) અજન્મા છે, નિત્ય છે, શાશ્વત છે, પુરાતન છે; શરીર હણાયાથી એ હણાતો નથી.]—ગીતા, ૨–૨૦.

અને મર્ત્ય દેહના નાશ પછી પણ ટકી રહેતા અમર શાશ્વત આત્માના સ્વીકારની સાથોસાથ આ પ્રશ્ન આવીને ઊભો રહે જ કે એ આત્માની—યથાર્થતઃ કહીએ તો જીવરૂપે લિંગશરીરથી આવૃત આત્માની—મરણ પછી શી ગતિ થાય છે?

અને મરણોત્તર ગતિનો યુક્તિયુક્ત વિચાર કરતાં, એ ગતિની ઉચ્ચનીચતાના ખુલાસા રૂપે, કર્મનો સિદ્ધાન્ત પણ આવીને ઊભો રહે. અને આત્માની દેહમુક્તિ જેવું ઉન્નતોન્નત લક્ષ્ય પ્રાપ્ત કરવું એ એક જન્મમાં કોઈ વિરલ જ્ઞાની માટે જ શક્ય, સાધારણ જીવ માટે તરતોતરત શક્ય નહીં, એ કારણે પુનર્જન્મનો સિદ્ધાન્ત પણ યુક્તિયુક્ત બનીને આવી રહે.

ઉપનિષદોનું આ વિષયમાં મન્તવ્ય આવું છે: જેઓ બ્રહ્મજ્ઞાની છે, સકલ વિશ્વમાં જેઓને બ્રહ્મતત્ત્વની પ્રતીતિ થઈ છે, જેમણે સર્વ આત્માના ઐક્યની અનુભૂતિ કરી છે તેઓ જન્મમૃત્યુના ફેરામાં નાખનારા કર્મના બન્ધનથી મુક્ત બન્યા હોઈને દેહત્યાગની સાથે જ મુક્તિ મેળવે છે, દેહત્યાગ પૂર્વે પણ જીવન્મુક્ત સ્થિતિ અનુભવે છે: આવી મુક્તિ તે સદ્યોમુક્તિ.

મુક્તિનો આથી નીચી કોટિનો પ્રકાર છે તેને ક્રમમુક્તિ કહે છે. ક્રમમુક્તિના પણ બે માર્ગ છે: એક પિતૃયાન, બીજો દેવયાન. યજ્ઞો અને કર્મોનું પુણ્યફલ એ કરનારને પિતૃયાન દ્વારા પિતૃલોકમાં લઈ જાય છે. એ માર્ગે તેઓની ગતિ ચન્દ્રલોકમાં થાય છે જ્યાં તેઓ પોતાનાં કર્મજન્ય પુણ્યોનું સુખમય ફળ ભોગવે છે, પણ શેષ રહેલાં કર્મ અનુસાર ફરીથી મનુષ્યયોનિમાં અવતરે છે. અને જેઓ આ જીવનમાં શ્રદ્ધા, તપસ્યા, ઉપાસના વડે જ્ઞાનાભિમુખ થયા હોય તેઓ દેહત્યાગ પછી દેવયાનનાં જ્યોતિર્મય સ્થાનોમાં થઈને બ્રહ્મલોકમાં જાય છે, બ્રહ્મીભાવને પામે છે. પિતૃયાન અને દેવયાનનો નિર્દેશ ઋગ્વેદમાં પણ મળે છે.

અને જે જીવો આજીવન ઇન્દ્રિયોપભોગમાં રચ્યાપચ્યા હોય, શુભાશુભ કર્મના વિવેકથી રહિત જીવન જીવ્યા હોય, તે દેહત્યાગ પછી, શુભાશુભ કર્મની અધિકતા અને ન્યૂનતા અનુસાર, ઉચ્ચ કે નીચ પ્રાણીયોનિમાં પુનર્જન્મ પામે છે.

આ કર્મસિદ્ધાન્તને કલ્પના ગણો તોપણ તે યુક્તિપુરઃસરની તર્કસંગત કલ્પના છે; અને એ મનુષ્યને, મરણોત્તર ગતિ તરફ લક્ષ્ય રાખીને, સત્કર્મમાં ઉદ્યુક્ત થવા પ્રેરે છે એ એનો ઐહિક જીવનને, સામાજિક નીતિને, ઉપકારક પ્રભાવ છે. આત્માનું અમરત્વ, શાશ્વતત્વ એ સિદ્ધાન્તે દેહમુક્ત દેહીની મરણોત્તર ગતિ અને એના નિર્ણાયક કર્મસિદ્ધાન્તની ભૂમિકા પૂરી પાડી; તો આત્માના એ શાશ્વતત્વમાંથી જ સ્ફુરતો આ આત્મા અજન્મા છે એ સિદ્ધાન્ત વિશ્વની ઉત્પત્તિના ઔપનિષદિક દર્શનની ભૂમિકા બન્યો. અલબત્ત, ઋગ્વેદનાં સૃષ્ટિવિષયક સૂત્રોમાં નિર્દેશેલ પ્રજાપતિનો પણ ઉપનિષદમાં નિર્દેશ થયો છે. દાખલા તરીકે પ્રશ્ન ઉપનિષદ કહે છે કે પ્રજાની કામનાવાળા પ્રજાપતિએ તપ કર્યું. તપ કરીને એણે મિથુન (સ્ત્રીપુરુષનું જોડું) સર્જ્યું—રયિ અને પ્રાણ. અહીં રયિ અને પ્રાણથી સ્ત્રીપુરુષની સૂચના થયેલી માની શકાય છે, અને એથી એમાં મૈથુની સૃષ્ટિનો નિર્દેશ થયો છે. મૈથુની સૃષ્ટિનો નિર્દેશ બૃહદારણ્યક ઉપનિષદ(અધ્યાય ૧, બ્રાહ્મણ ૪)માં પણ આ રીતે થયો છે: આરંભે આ સર્વ આત્મા હતું, એક જ આત્મા; એણે ઇચ્છા કરી કે મને જાયા (પત્ની) હોય, હું પ્રજોત્પત્તિ કરું. પણ બૃહદારણ્યક ઉપનિષદનો મન્ત્ર કહે છે કે આત્મા એક જ અગ્રે હતો, અર્થાત્ એમાં સૃષ્ટિના આરમ્ભમાં એક શાશ્વત આત્માના જ અસ્તિત્વનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

ઐતરેય ઉપનિષદ પણ એ જ કહે છે:

आत्मा वा इदमेक एवाग्र आसीत्, नान्यत् किंचन मिषत् स ईक्षत लोकान् नु सृजा इति।

[આ બધું પહેલાં આત્મા હતું. બીજું કંઈ ટમકતું નહોતું. એણે ઇચ્છ્યું કે લોકોને સર્જું.]

છાન્દોગ્ય ઉપનિષદ (૬–૧) પણ એમ જ કહે છે. જોકે એમાં આત્માને સ્થાને સત્ શબ્દ પ્રયોજાયો છે.

सदेव सौम्य इदमग्र आसीत्, एकमेवाद्वितीयम् . . . तदैक्षत बहु स्यां प्रजायेयेति।

[અગ્રમાં હે સૌમ્ય, આ સત્ હતું—એક, અદ્વિતીય.—તેણે ઇચ્છ્યું, અનેક બનું, પ્રજોત્પત્તિ કરું.]

આ ઉપનિષદમાં એવા એક મતનો પણ નિર્દેશ, આ સન્દર્ભમાં જ કરવામાં આવ્યો છે, જે સર્વપ્રથમ અસત્ હતું એમ કહે છે: કેટલાક કહે છે કે પહેલાં માત્ર અસત હતું—એક, અદ્વિતીય. એ અસતમાંથી સત જન્મ્યું.

પરંતુ તરત પ્રશ્ન કરવામાં આવ્યો છે કે कुतस्तु खलु सोम्य एवम् स्याद् અર્થાત્ અસતમાંથી સત જન્મ્યું એ કેમ બની શકે?

તૈત્તિરીય ઉપનિષદ પણ અસત્માંથી સત્નો પ્રભવ થયો કહે છે:

असद् वा इदमग्र आसीत्। ततो वै सदजायत। तद् आत्मानं स्वयम् अकुरुत।

અહીં એ લક્ષમાં લેવા જેવું છે કે પ્રથમ ભલે અસત હતું, પણ પછી તરત જ સત ઉદ્ભવ્યું અને સત તે જ આત્મા.

પ્રથમ અસત અને એમાંથી સતની ઉત્પત્તિ, એ કથન ઋગ્વેદના દસમા મંડલના ૭૨મા સૂક્ત જેટલું પ્રાચીન છે.

પરંતુ, જે તત્ત્વદર્શનમાં સત અને શાશ્વત એક તત્ત્વનો સ્વીકાર થયો હોય એમાં જ્યારે આવો નિર્દેશ થયેલો મળે કે અસતમાંથી સત થયું, તો એનો ખરો અર્થ ગંભીર વિચારણા માગી લે. એકદમ એ વચનમાં શૂન્યવાદનું સમર્થન થયું ન માની લેવાય. શંકરાચાર્યે આ વચનોની પરસ્પર સંગતિ લક્ષમાં રાખીને એ વિચાર કર્યો હતો; અને असतः सद् अजायत એ માન્યતાની ઉપપત્તિશૂન્યતા લક્ષમાં રાખીને એવું સમાધાન કર્યું હતું કે આ વચનમાં અસત્ એટલે અવ્યક્ત અને સત્ એટલે વ્યક્ત એ જ અર્થ સમજવાનો છે.

તૈત્તિરીય ઉપનિષદમાં જ, असद् वा इदम् अग्र आसीत् એ કથનની પૂર્વે જ, આ પ્રમાણે કહ્યું છે:

असन् एव स भवति। असद् ब्रह्मेति वेद चेत्। [એ અસત બને છે, જો બ્રહ્મ અસત છે એમ જાણે તો].

અને છાન્દોગ્ય ઉપનિષદમાં પણ આ અસત્ અને સત્ પદોના પ્રયોગ ઉપર મહત્ત્વનો પ્રકાશ પાડે એવું (૩–૧૯–૧માં) કહેવાયું છે:

असद् एव इदम् अग्र आसीत् तत् सद् आसीत्, तत् समभवत्। [આ સર્વ અગ્રે અ-સત હતું, તે સત હતું તેની સંભૂતિ થઈ.]

વસ્તુત: 'આ સર્વ બ્રહ્મ છે, આત્મા બ્રહ્મ છે', એવા સિદ્ધાન્ત જોડે સૃષ્ટિવાદ, એના સામાન્ય અર્થમાં સંગત નથી.

અને અસતનો આ સંદર્ભમાં અવ્યક્ત એવો અર્થ કર્યો ત્યાં એ અવ્યક્ત શબ્દથી કપિલમુનિપ્રણીત સાંખ્યદર્શનની અચેતન પ્રકૃતિ પણ સમજવાની નથી. અવ્યક્ત પ્રકૃતિમાંના સામ્ય અવસ્થામાં રહેલા સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ગુણોમાં વૈષમ્યજનિત સંક્ષોભ ઉત્પન્ન થતાં તેમાંથી, ઉત્તરોત્તર ઉત્ક્રાન્તિના પ્રકારે, મહત્ અથવા બુદ્ધિ, અહંકાર, પંચ તન્માત્રા (આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી એ પંચભૂતો સૂક્ષ્મ અદૃશ્ય રૂપમાં), એમાંથી એ જ પંચકાત્મક મહાભૂતો અને એમાંથી પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને અહંકારમાંથી મન, એ તત્ત્વો ઉત્પન્ન થયાં એવો સાંખ્યસંમત ઉત્પત્તિવાદ છે—અથવા પરિણામવાદ છે. મૂળ પ્રકૃતિ, અને એમાંથી પરિણમેલાં આ ત્રેવીસ તત્ત્વો, મળીને ચોવીસ તત્ત્વો થયાં, તે ઉપરાંત એક પચીસમું તત્ત્વ સાંખ્ય સ્વીકારે છે તે છે પુરુષ, જે પ્રકૃતિથી સ્વતંત્ર છે, જેનાથી પ્રકૃતિ પણ સ્વતંત્ર છે, છતાં જે અવિવેકને કારણે પ્રકૃતિમાં અને જગતમાં સંડોવાયેલો પોતાને માને છે. સાંખ્ય મત પ્રમાણે પુરુષો એક નથી, અનેક છે.

સાંખ્યનો સિદ્ધાન્ત છે કે પ્રકૃતિની પ્રવૃત્તિ, નટીની પ્રેક્ષક અર્થે થતી પ્રવૃત્તિની માફક પુરુષ અર્થે છે; પ્રકૃતિ દૃશ્ય છે, પુરુષ દ્રષ્ટા છે; પ્રકૃતિ ભોગ્ય છે, પુરુષ ભોક્તા છે; અને પુરુષ તટસ્થ છે.

પણ જડ પ્રકૃતિમાં સહજ પ્રવૃત્તિ હોય તોપણ જગતમાં જે યોજના છે તેવી યોજના કરી શકે તેવી પ્રયોજનવતી શક્તિ તેમાં નથી, એ તો ચેતનતત્ત્વમાં જ હોય છે.

જડમાંથી ચેતનની ઉત્પત્તિ થતી હોય એમ માનવું ઉપપન્ન નથી; જડની જે ગતિ, ક્રિયા કે રૂપાન્તર કરવાની પ્રવૃત્તિ છે તે ચેતનની શક્તિના જેવી નથી. પુરુષ ચેતનતત્ત્વ છે, પરંતુ એને તો સાંખ્ય ઉદાસીન અને નિષ્ક્રિય માને છે. માટે સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સર્વપ્રેરક પરબ્રહ્મનો સ્વીકાર આવશ્યક બને છે; કેવળ સ્વતંત્ર જડ તત્ત્વોથી સૃષ્ટિ બની શકે નહીં, નિમિત્તકારણરૂપ ચેતનનો સ્વીકાર કરવો જ પડે.

ભૌતિક શાસ્ત્રોનો વિષય ઇન્દ્રિયગોચર જગત છે, અને એ જગતમાંના પદાર્થો તથા તેનાં અવસ્થાન્તરોમાં પ્રવર્તતા નિયમો તેનું અભ્યાસક્ષેત્ર છે. પરંતુ અધ્યાત્મવિદ્યાનો વિષય ઇન્દ્રિયાતીત છે; સ્વસંવેદ્ય છે: આ ક્ષણિક વિશ્વમાં, એ વિશ્વના પાયામાં કંઈક શાશ્વત તત્ત્વ રહ્યું છે કે નહીં, આ જગતમાં ભાસતી અનેકતામાં સૂત્રરૂપે રહેલું કંઈ એક તત્ત્વ રહ્યું છે કે નહીં?

આ તત્ત્વની પ્રતીતિ થઈ, અવિનાશી સર્વગત છતાં સર્વથી પર એવા જે એક, સર્વ ચેતનોના ચેતન રૂપ, એક તત્ત્વનું દર્શન થયું અને તેને આત્મા, બ્રહ્મ એવું નામ આપવામાં આવ્યું.

આ પરમ તત્ત્વની પ્રતીતિ અનેક ચિન્તકોનાં—અનેક ઋષિઓનાં—અનેક વર્ષો પર્યન્ત સતત ચાલુ રહેલાં—ચિન્તનોનો નિષ્કર્ષ છે, અનેક 'વાદો'ની, જમાનાઓ સુધી ચાલેલી, વિચારણા અને પરીક્ષા કર્યા પછી બ્રહ્મવાદીઓને બ્રહ્મતત્ત્વની ઉપલબ્ધિ થઈ હતી.

શ્વેતાશ્વતર ઉપનિષદ કહે છે:

ब्रह्मवादिनो वदन्ति।
किं कारणं ब्रह्म कुतः स्म जाताः
जीवाम केन क्व च संप्रतिष्ठा
अधिष्ठिताः केन सुखेतरेषु
वर्तामहे, ब्रह्मविदः व्यवस्थाम्।

[બ્રહ્મવાદીઓ કહે છે શું કારણ છે? બ્રહ્મ (કારણ છે)? શામાંથી જન્મીએ છીએ અને જીવીએ છીએ? શાના વડે, ક્યાં આપણી સ્થિર પ્રતિષ્ઠા છે, કોણ અધિષ્ઠાતા છે જેના પ્રભાવે સુખદુઃખની વ્યવસ્થાને અનુવર્તીએ છીએ?]

બ્રહ્મવાદીઓની અન્તિમ કારણની જિજ્ઞાસાનો ઉલ્લેખ કરીને એ ઉપનિષદ પૂર્વપ્રચલિત વાદોમાંથી કેટલાકનો નિર્દેશ કરતાં કહે છે:

कालः स्वभावः नियतिः यदृच्छा भूतानि योनिः पुरुष इति चिन्त्यम्।।

અર્થાત્ આ જગતનું કારણ કાળ છે, કે પદાર્થોની સ્વાભાવિક ગતિવિધિ છે કે નિયતિ છે કે માત્ર આકસ્મિક સંજોગોના પરિણામ જેવી યદૃચ્છા છે, કે જડ ભૂતો છે, કે ચેતન પુરુષ છે—એ ચિન્તનનો વિષય છે.

આ 'વાદો'નો નિર્દેશ કરીને તરત બ્રહ્મતત્ત્વના પ્રતિપાદનમાં પ્રવૃત્ત થનારું આ ઉપનિષદ કહે છે:

ते ध्यानयोगानुगता अपश्यन् देवात्मशक्तिं स्वगुणैर्निगूढाम्।।

[તેઓએ ધ્યાનયોગ સાધીને, નિજ ગુણો વડે જ ગૂઢ રહેલી દેવાત્મશક્તિને જોઈ.]

એ બ્રહ્મજિજ્ઞાસુઓ 'अपश्यन्'; એમણે બ્રહ્મતત્ત્વનું આન્તરદૃષ્ટિથી દર્શન કર્યું અર્થાત્ અધ્યાત્મવિદ્યા એ માત્ર વિદ્યા નથી; એ માત્ર, અન્ય વિદ્યાઓ જેવી, માહિતી આપનારી વિદ્યા નથી, પણ દર્શન છે.

અને એ દર્શન—એ અધ્યાત્મદર્શન—માત્ર ક્ષણિક કે ભૌતિક જિજ્ઞાસાની તૃપ્તિ અર્થે નથી, એનું ઉદાર અને ઉદાત્ત પ્રયોજન છે.

## तरति शोकमात्मविद्

ભગવદ્ગીતાના વિભૂતિયોગ નામના દસમા અધ્યાયમાં, પરમેશ્વરની વિભૂતિરૂપ, સર્વ વસ્તુઓમાંની ઉત્તમ વસ્તુઓ કે તત્ત્વો વર્ણવતાં કહ્યું છે: अध्यात्मविद्या विद्यानाम्।

સર્વ વિદ્યાઓમાં પરમેશ્વરની વિભૂતિ ગણાવાને યોગ્ય શ્રેષ્ઠતમ વિદ્યા તે અધ્યાત્મવિદ્યા છે એમ કહેવાનું કારણ એ છે કે એ જ વિદ્યા માનવીને સાંસારિક ઉપાધિઓમાંથી, સુખદુઃખમાંથી મુક્ત કરનારી છે; ભેદ-દૃષ્ટિથી ઊપજતા ક્લેશોથી અલિપ્ત બનાવીને, જગતની અને જીવનની ક્ષણભંગુરતાથી પર બનાવીને, સર્વ આત્માના ઐક્યના તથા આત્મબ્રહ્મના ઐક્યની પ્રતીતિ કરાવીને, શાશ્વત સાત્ત્વિક આનન્દનો અનુભવ કરાવ-નારી છે, અર્થાત્ મુક્તિમય ભાવસ્થિતિમાં સ્થાપનારી છે.

માંડૂક્ય ઉપનિષદ એ તુરીય અવસ્થાનું વર્ણન સંક્ષેપમાં છતાં ચિત્તને પ્રભાવિત કરે એવા શબ્દોમાં આ પ્રમાણે કરે છે: नान्तःप्रज्ञं न बहिःप्रज्ञं नोभयतःप्रज्ञम्, न प्रज्ञानघनं न प्रज्ञम् न अप्रज्ञम्। अदृष्टम् अव्यवहार्यम् अग्राह्यम् अलक्षणम्, अचिन्त्यम् अव्यपदेश्यम् एकात्मप्रत्ययसारम् प्रपञ्चोपशमम् शान्तम् शिवम् अद्वैतम् चतुर्थं मन्यन्ते, स आत्मा, स विज्ञेयः।। અર્થાત્ જીવાત્માની બહિઃપ્રજ્ઞ (બાહ્ય વિષયોનું ગ્રહણ કરતી) જાગ્રદવસ્થા, અન્તઃપ્રજ્ઞ (આન્તરવિષયનું ગ્રહણ કરનારી) સ્વપ્નાવસ્થા, અને સર્વ કામનાથી અને સ્વપ્ન-દર્શનથી રહિત જ્ઞાનમય, આનન્દમય સુષુપ્તાવસ્થા એ ત્રણ અવસ્થાઓથી પર એવી આ તુરીય અવસ્થામાં, જ્ઞાતૃજ્ઞેયભાવ સર્વથા વિગત હોવાથી, આત્મા બહિઃપ્રજ્ઞ કે અન્તઃપ્રજ્ઞ તો નથી પણ, પ્રજ્ઞ પણ નથી અને અપ્રજ્ઞ પણ નથી. સુષુપ્તિનો આનન્દ અનુભવનારો આત્મા પ્રજ્ઞાનઘન જ્ઞાનમય—જ્ઞાનસઘન—છે, પણ એ પ્રજ્ઞાનઘન સ્થિતિમાં બાહ્યજગતનું અને એના સારભૂત સતતત્ત્વનું એને જ્ઞાન હોતું નથી, જ્યારે તુરીય અવસ્થામાં આત્મા પ્રજ્ઞ પણ નથી (કારણ કે જ્ઞાતૃજ્ઞેયભાવ રહ્યો હોતો નથી) તો અપ્રજ્ઞ પણ નથી કારણ કે એ નિત્ય શુદ્ધબુદ્ધ સ્થિતિ પર્યન્ત પહોંચ્યો હોય છે.

અને એ અવસ્થાથી સૂચવાતું એ તુરીય પદ ઇન્દ્રિયથી ગ્રાહ્ય નથી, મનથી ચિન્ત્ય નથી; એ સ્થિતિ (વસ્તુતઃ બ્રહ્મજ્ઞાનની નહીં, કારણ કે બ્રહ્મ લક્ષણથી જ અજ્ઞેય છે) પણ બ્રહ્મીભાવની સ્થિતિ છે. જેને સાધારણ રીતે 'બ્રહ્મજ્ઞાન' કહેવામાં આવે છે એને, અહીં, યથાર્થ સ્વરૂપે 'એકાત્મપ્રત્યય' કહેલ છે. સર્વ આત્માના એકયની પ્રતીતિ, સ્વપર ભેદદૃષ્ટિનું વિગલન, દ્વૈતબુદ્ધિનો લોપ, અને પરિણામે સર્વ પ્રપંચોનો ઉપશમ, શાન્ત શિવ અદ્વૈતની અનુભૂતિ, એ આ તુરીયપદનું સ્વરૂપ છે.

આ અધ્યાત્મતત્ત્વની પ્રતીતિ અન્તર્મુખ બનીને જ કરી શકાય છે. એ વિશે કઠ ઉપનિષદ કહે છે:

पराञ्चि खानि व्यतृणत् स्वयंभूः तस्मात् पराङ् पश्यति नान्तरात्मन्।
कश्चिद् धीरः प्रत्यगात्मानमैक्षद् आवृत्तचक्षुरमृतत्वमिच्छन् ।।

અર્થાત્ ઇન્દ્રિયોની રચના જ બહિર્મુખ છે તેથી લોક બહારના વિષયોનું જ ગ્રહણ કર્યા કરે છે; અન્તરાત્મામાં નથી જોતો. કોઈ વિરલ ધીર પુરુષ પ્રત્યગાત્માની (આન્તર આત્માની) અન્તર્મુખ બનીને અનુભૂતિ કરે છે, અને એ જ અમૃતત્વને ઇચ્છે છે.

આ બ્રહ્મતત્ત્વની પ્રતીતિ કેવળ તર્કથી—યુક્તિવાદથી કરવી-કરાવવી શક્ય નથી એમ કઠ ઉપનિષદ કહે છે: नैषा तर्केण मतिरापनेया। અને જે પોતે જ સર્વ ઇન્દ્રિયોની પ્રવૃત્તિના મૂળમાં રહેલું છે તેનું એ ઇન્દ્રિયોથી ગ્રહણ થઈ શકતું નથી એમ કેન ઉપનિષદ કહે છે:

यद् वाचा अनभ्युदितं येन वाग् अभ्युद्यते।
यद् मनसा न मनुते येन आहुर्मनो मतम्।
यत् चक्षुषा न पश्यति येन चक्षूंषि पश्यति।
यत् श्रोत्रेण न शृणोति येन श्रोत्रमिदं श्रुतम्।
यत् प्राणेन न प्राणिति येन प्राणः प्रणीयते।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते।

આમ એ બ્રહ્મ શ્રોત્રથી, ચક્ષુથી, વાણીથી, પ્રાણથી, મનથી ગ્રાહ્ય નથી—એ બ્રહ્મ જ એ સર્વ વ્યાપારોને પ્રેરનાર છે. એ બ્રહ્મના પ્રતીકની—દૃષ્ટિગમ્ય કે મનોગમ્ય પ્રતીકની ઉપાસના કરાય ત્યારે એ સત્ય ભૂલવું નહીં કે જેની ઉપાસના થાય છે એ સ્વયં બ્રહ્મ નથી, ઉપાસનાર્થે કલ્પેલું બ્રહ્મનું પ્રતીક છે.

બૃહદારણ્યક ઉપનિષદમાં યાજ્ઞવલ્કયે, એક ભવ્ય શૈલીના પરિચ્છેદને અન્તે, કહ્યું છે: विज्ञातारम् अरे केन विजानीयात्।—જે સર્વનો જાણનારો છે તેને અરે! શી રીતે જાણી શકાય?

અન્યત્ર (બૃહદારણ્યક, ૩–૭–૩માં), પ્રસિદ્ધ બ્રહ્મવેત્તા ઉદ્દાલક આરુણિએ યાજ્ઞવલ્કયને, એની પરીક્ષા કરવાને, અન્તર્યામી કોણ છે, કેવો છે એવો પ્રશ્ન પૂછયો તેના જવાબમાં યાજ્ઞવલ્કય જે વિસ્તારપૂર્વક ઉત્તર આપે છે તેમાં એ ઋષિની વાણીની ભવ્ય સમૃદ્ધિ જોવા મળે છે. એક પછી એક સાગરના તરંગો માફક આવતાં યાજ્ઞવલ્કયનાં વેગીલાં વીસ ઉપરનાં વચનોમાંથી થોડાં જ અહીં જોઈએ:

यः पृथिव्यां तिष्ठन् पृथिव्याः अन्तरः, यं पृथिवी न वेद, यस्य पृथिवी शरीरम्, यः पृथिवीमन्तरो यमयति, एष ते आत्मा अन्तर्यामी अमृतः ।। ३ ।।

*   *   *

यः सर्वेषु भूतेषु तिष्ठन् सर्वेभ्यः भूतेभ्यः अन्तरः, यं सर्वाणि भूतानि न विदुः, यस्य सर्वाणि भूतानि शरीरम्, यः सर्वाणि भूतानि अन्तरो यमयति, एष ते आत्मा अन्तर्यामी अमृतः ।। १५ ।।

[જે પૃથ્વીમાં રહ્યો છે, પૃથ્વીની અન્તર્ગત છે, જેને પૃથ્વી જાણતી નથી, પૃથ્વી જેનું શરીર છે, જે અન્તર્ગત રહીને પૃથ્વીનું નિયમન કરે છે, એ છે તારો આત્મા, અન્તર્યામી અમૃત.

*   *   *

જે સર્વ ભૂતોમાં છે, સર્વ ભૂતોમાં અન્તર્ગત છે, જેને સર્વ ભૂતો જાણતાં નથી, સર્વ ભૂતો જેનું શરીર છે, જે અંદર રહીને સર્વ ભૂતોનું નિયમન કરે છે, એ છે તારો આત્મા, અન્તર્યામી અમૃત.]

મંત્ર ૩થી ૧૫ સુધીના આ બાર મન્ત્રોમાં આત્માને ભૂતોનો અન્તર્યામી જણાવીને ઋષિ કહે છે: इति अधिभूतम्। अथ अध्यात्मम्।

અને પછી આત્મા સર્વ ઇન્દ્રિયોનો, પ્રાણનો, મનનો, અન્તર્યામી છે એમ અનેક વાક્યોમાં કહીને યાજ્ઞવલ્ક્ય કહે છે:

यो विज्ञाने तिष्ठन् विज्ञानाद् अन्तरः, यं विज्ञानं न वेद, यस्य विज्ञानं शरीरम्, यो विज्ञानम् अन्तरो यमयति, एष ते आत्मा अन्तर्यामी अमृतः ।। २२ ।।

[જે વિજ્ઞાનમાં રહ્યો છે પણ જે એ વિજ્ઞાનથી અન્તર્ગત છે, જેને વિજ્ઞાન જાણતું નથી, વિજ્ઞાન જેનું શરીર છે, જે વિજ્ઞાનનું, અંદર રહેલો, નિયમન કરે છે — એ છે તારો આત્મા, અન્તર્યામી, અમૃત.]

અને છેવટે એ ધીર ઉદાત્ત વાણીપ્રવાહ આ વચનોથી સમાપ્ત થાય છે:

अदृष्टो द्रष्टा, अश्रुतः श्रोता, अमतो मन्ता, अविज्ञातो विज्ञाता, नान्यः अतोऽस्ति द्रष्टा, नान्य अतोऽस्ति श्रोता, नान्यः अतोऽस्ति मन्ता, नान्यः अतोऽस्ति विज्ञाता। एष ते आत्मा अन्तर्यामी अमृतः। अतः अन्यद् आर्तम् ।।

[એ દૃષ્ટિનો વિષય નથી, સ્વયં દ્રષ્ટા છે; શ્રોત્રનો વિષય નથી, સ્વયં શ્રોતા છે; મનનો વિષય નથી, સ્વયં મન્તા છે; જ્ઞાનનો વિષય નહીં, જ્ઞાતા છે; એનાથી અન્ય કોઈ દ્રષ્ટા નથી, શ્રોતા નથી, મન્તા નથી, વિજ્ઞાતા નથી. એ છે તારો આત્મા અન્તર્યામી, અમૃત. . . . એ સિવાયનું અન્ય આર્ત છે — નશ્વર છે.]

એ એક અવિનાશી છે, તે સિવાયનું અન્ય સર્વ આર્ત છે, વિનાશી છે.

બૃહદારણ્યક ઉપનિષદમાં યાજ્ઞવલ્ક્યના આવા અપૂર્વ વાણીવૈભવનું દર્શન અનેક વાર થાય છે. યાજ્ઞવલ્ક્યે પોતાની પત્ની મૈત્રેયીને ઉદ્‌બોધેલી न वा अरे पत्युः कामाय पतिः प्रियो भवति आत्मनः तु कामाय पतिः प्रियो भवति — એ વચનપરંપરા પ્રસિદ્ધ છે.

યાજ્ઞવલ્ક્યની આવી ઉદાત્ત વાગ્‌વિભૂતિની પ્રશંસા સંસ્કૃત સાહિત્યના ઇતિહાસના રચનાર વિદ્વાન એ. મૅક્ડોનલે 'સંસ્કૃત સાહિત્યના ઇતિહાસ'માં આ પ્રમાણે કરી છે:

> 'સચોટ દૃષ્ટાન્તોની સુખકર સમૃદ્ધિ તરફ જોતાં, વિચારની સુંદરતા અને પ્રૌઢતા તરફ જોતાં, ઉપનિષદનો આ વિભાગ [અધ્યાય ૪, બ્રાહ્મણ ૩ અને ૪] બીજાં સઘળાં ઉપનિષદો કરતાં, એટલું જ નહીં પણ હિન્દુસ્તાનના સાહિત્યના બીજા કોઈ પણ ગ્રન્થના કરતાં ચડી જાય એવો છે, એવું આપણે દૃઢતાથી કહી શકીએ.' (અનુ. મોહનલાલ પા. દવે)

આ સ્થળે એ વાઙ્‌મયવૈભવની અલ્પ પ્રસાદી લઈએ:

અધ્યાય ૪ બ્રાહ્મણ ૩માંથી (સુષુપ્તિ પ્રકરણમાંથી):

तद् यथा प्रियया स्त्रिया संपरिष्वक्तो न बाह्यं किंचन वेद न आन्तरम् एवमेवायं पुरुषः प्राज्ञेनात्मना संपरिष्वक्तो न बाह्यं किंचन वेद न आन्तरम् तद् वा अस्य एतद् आप्तकाममात्मकामम् अकामम् रूपम् शोकान्तरम् ।। २१ ।।

अथ पिता अपिता भवति, माता अमाता, लोकाः अलोकाः, देवाः अदेवाः, वेदाः अवेदाः, अत्र स्तेनः अस्तेनः भवति भ्रूणहा अभ्रूणहा चाण्डालः अचाण्डालः . . . तापसः अतापसः, अनन्वागतं पुण्येन अनन्वागतं पापेन, तीर्णो हि तदा सर्वान् शोकान् हृदयस्य भवति ।। २२ ।।

यद् वै तन्न पश्यति पश्यन् वै तद् न पश्यति, न हि द्रष्टुर्दृष्टेर्विपरिलोपो विद्यते अविनाशित्वात्। न तु तद् द्वितीयमस्ति ततोऽन्यद् विभक्तं यत् पश्येत् ।। २३ ।।

[તે જેમ પ્રિય સ્ત્રીએ આલિંગેલો પુરુષ નથી જાણતો કંઈ બહારનું કે અંદરનું; એ જ પ્રમાણે આ પુરુષ પ્રાજ્ઞથી (જ્ઞાન રૂપ આત્માથી) આલિંગાયેલો નથી જાણતો કંઈ બહારનું — નથી જાણતો કંઈ અંદરનું. તે જ છે એનું આપ્તકામ, આત્મકામ (આત્માની જ કામનાવાળું), નિષ્કામ, શોકરહિત સ્વરૂપ. ॥૨૧॥

ત્યારે પિતા પિતા નથી રહેતો, માતા માતા નથી રહેતી, લોકો લોકો રહેતા નથી, દેવો દેવો રહેતા નથી, વેદો તે વેદો રહેતા નથી; અહીં ચોર તે ચોર રહેતો નથી; ગર્ભહત્યારો હત્યારો રહેતો નથી, ચાંડાલ તે ચાંડાલ રહેતો નથી. . . . તાપસ તાપસ રહેતો નથી. નથી પુણ્યો પાછળ આવતાં, નથી પાપો એને અનુસરતાં. એ હૃદયના શોકથી પર બને છે. ॥૨૨॥

જે એ જોતો નથી, તે તો જોતાં છતાં જોતો નથી; એમાં જોનારાની દૃષ્ટિનો નાશ થયો છે એમ નથી, કારણ કે એ તો અવિનાશી છે. પરંતુ એનાથી અન્ય, ભિન્ન (જોવાનું) કંઈ જ નથી જેને એ જુએ.॥૨૩॥]

આત્માની સહજાવસ્થાનું પ્રકરણ:

सलिल एको द्रष्टा अद्वैतो भवति एष ब्रह्मलोकः सम्राड् इति हैनमनुशशास याज्ञवल्क्यः। एषा अस्य परमा गतिः, एषाऽस्य परमा संपद्, एषोऽस्य परमो लोकः, एषोऽस्य परम आनन्दः। एतस्य एव आनन्दस्य अन्यानि भूतानि मात्रामुपजीवन्ति ॥ ३२ ॥

[જેમ સલિલમાં (સાગરમાં) તેમ, એ એક જ દ્રષ્ટા, અદ્વૈત છે. એ બ્રહ્મલોક છે હે સમ્રાટ! એમ યાજ્ઞવલ્કયે જનકને ઉપદેશ આપ્યો. આ છે પુરુષની પરમ ગતિ, પરમ સંપત્તિ (વિભૂતિ), એનો સર્વોત્કૃષ્ટ લોક, એનો સર્વોત્તમ પરમ આનન્દ; એ આનન્દની માત્ર એક અલ્પમાત્રાને આધારે પ્રાણીઓ જીવે છે.]

અધ્યાય ૪ બ્રાહ્મણ ૪માંથી. દેહાન્તરપ્રાપ્તિ:

तद्यथा तृणजलायुक्ता तृणस्यान्तं गत्वा अन्यम् आक्रमम् आक्रम्य आत्मानम् उपसंहरति एवमेव अयमात्मा इदं शरीरं निहत्य, अविद्यां गमयित्वा, अन्यम् आक्रमम् आक्रम्य आत्मानम् उपसंहरति ॥ ॥ ३ ॥

અર્થાત્, જે રીતે ઇયળ તૃણને છેડે જઈને અન્યને આક્રમીને અંગને સંકોચી લે છે—ખેંચી લે છે—તે રીતે આત્મા શરીરને (એનો નાશ થતાં) છોડીને, અજાણપણાને પામીને, અન્યનો આશ્રય લઈને સ્થિતિ કરે છે.

तद् यथा पेशस्कारी पेशसो मात्रामुपादाय अन्यद् नवतरं कल्याणतरं रूपं तनुते एवमेवायम् आत्मा इदं शरीरं निहत्य अविद्यां गमयित्वा अन्यद् नवतरं कल्याणकरं रूपं कुरुते ॥ ४ ॥

અર્થાત્ જેમ સુવર્ણકાર સુવર્ણની માત્રા લઈને અન્ય નવીનતર કલ્યાણતર રૂપ ઘડે છે તેમ જ આ આત્મા—શરીરને તજીને—વિસ્મૃતિ પામીને, બીજું નવીનતર કલ્યાણતર રૂપ (ધારણ) કરે છે.

स वा अयम् आत्मा ब्रह्म विज्ञानमयः मनोमयः प्राणमयः चक्षुर्मयः श्रोत्रमयः पृथिवीमयः आपोमयः वायुमयः आकाशमयः तेजोमयः अतेजोमयः, काममयः अकाममयः क्रोधमयः अक्रोधमयः, धर्ममयः अधर्ममयः, सर्वमयः, तद् यदेतद् इदंमयः अदोमयः इति, यथाकारी यथाचारी तथा भवति; साधुकारी साधुर्भवति, पापकारी पापो भवति, पुण्यः पुण्येन कर्मणा भवति पापः पापेन ॥ ५ ॥

આત્મા સ્વયં બ્રહ્મ છે; તે વિજ્ઞાનમય, મનોમય, પ્રાણમય, ચક્ષુમય અને શ્રોત્રમય ઇત્યાદિ "આ-મય" "તે-મય"—અલબત્ત અવિદ્યાથી ઉપહિત થઈને—બને છે અને દેહનાં કર્મોથી સંપૃક્ત થઈને, જેવાં કર્મ કરે, જેવું આચરણ કરે તેવો બને છે: સાધુ કર્મથી સાધુ બને છે; પુણ્યો કરે તો પુણ્ય બને છે, પાપાચરણથી પાપી બને છે.

આત્માના આ વૈયક્તિક ભાવમાંથી મુક્ત થઈને સમષ્ટિભાવ અનુભવવો, સર્વ ભૂતોમાં એકાત્મતા અનુભવવી એવા ઉપનિષદના બોધનું છાન્દોગ્ય ઉપનિદમાં અનેક ઉચિત દૃષ્ટાન્તો વડે વિશદ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. જેનાં થોડાંક ઉદાહરણો આ છે:

જેમ મધુકરે આણેલા અનેક વૃક્ષોના રસોને, મધરૂપ બની જતાં, 'હું અમુક વૃક્ષનો રસ છું' એવો વિવેક રહેતો નથી;

જેમ અનેક દિશાઓથી વહીને સમુદ્રમાં ભળી જતાં સરિતાવારિને 'હું અમુક સરિતાનું જળ છું' એવું ભાન રહેતું નથી;

જેમ મહાવૃક્ષના મૂળમાં, સ્કન્ધમાં, શાખાઓમાં એક જ જીવનતત્ત્વ છે, જેનાથી એ જીવે છે;

જેમ ન્યગ્રોધ ફળને (વડના ટેટાને) ભાંગતાં અલ્પ ધાનાઓ (કણો) દેખાય છે, પણ એ એક કણને ભાંગતાં એમાંનું અણુતમ તત્ત્વ પરખાતું નથી, છતાં તે છે;

તેમ આ સર્વ વિશ્વમાં એક આત્મા ઓતપ્રોત છે—તે તું છો, तत्त्वमसि श्वेतकेतो।

શ્વેતકેતુને ઉદ્દાલક આરુણિએ આપેલો ઉપદેશ દૃષ્ટાન્તપરંપરાની સમૃદ્ધિ માટે અને ગંભીર છતાં પ્રસાદમય શૈલી માટે પ્રસિદ્ધ છે, એટલે એ શૈલીના પ્રત્યક્ષ પરિચય માટે એક દૃષ્ટાન્ત અહીં મૂળ સંસ્કૃતમાં જોઈએ:

लवणमेतद् उदके अवधाय अथ मा प्रातर्; उपसीदथाः इति।

स ह तथा चकार। तम् ह उवाच यद् दोषा लवणम् उदके अवाधाः अङ्ग तद् आहर इति।

तद् ह अवमृश्य न विवेद ।। १ ।।

यथा विलीनमेव अङ्ग, अस्य अन्ताद् आचाम इतिं, कथम् इति लवणमिति; मध्याद् आचाम इति, कथम् इति लवणम् इति; अन्ताद् आचाम इति, कथम् इति लवणमिति।

* * *

तत् शश्वत् संवर्तते; तं ह उवाच अत्र वाव किल सत्, सौम्य न निभालयसे अत्रैव किलेति ।। २ ।।

स एषः अणिमा, एतदात्म्यमिदं सर्वम्, तत् सत्यम् स आत्मा तत्त्वमसि श्वेतकेतो . . . ।। ३ ।।

[આ લવણને પાણીમાં નાખીને પછી સવારે મારી પાસે આવજે. તેણે તે પ્રમાણે કર્યું.

તેને એણે (પિતાએ) કહ્યું : રાતે જે લવણ તેં પાણીમાં નાખ્યું હતું તે લઈ આવ. તેણે તે શોધ્યું પણ મળ્યું નહીં. ॥ ૧ ॥

(પિતાએ કહ્યું) એ ઓગળી ગયું છે; આ પાણીનું એક અન્તથી આચમન કર, કેવું છે? તે પુત્ર કહે, લવણ છે (ખારું છે); હવે મધ્યમાંથી ચાખ, કેવું છે? તો કહે, ખારું છે. હવે અન્તભાગથી ચાખ, કેવું છે? પુત્ર કહે, ખારું છે.

* * *

એ (પાણીમાં) કાયમ રહ્યું છે. અહીં જ છે (સત્), છતાં તું હે સૌમ્ય, એને પારખી શકતો નથી. ॥ ૨ ॥

તે જ અણિમા (સૂક્ષ્મ તત્ત્વ) છે, એ જ આ સર્વનો આત્મા છે. એ સત્ય છે, તે આત્મા છે, તે જ તું છો, હે શ્વેતકેતુ! ॥ ૩ ॥]

લવણ અને ઉદકનું આ દૃષ્ટાન્ત બૃહદારણ્યક ઉપનિષદમાં પણ યાજ્ઞવલ્ક્યે મૈત્રેયીને ઉપદેશ આપતાં ઉપયોગમાં લીધું છે:

स यथा सैन्धवखिल्यः उदके प्रास्तः उदकमेवानुविलीयेत न ह अस्य उद्ग्रहणाय इव स्यात्, यतो यतस्तु आददीत लवणम् एव; एवं वा अरे इदम् महद्भूतम् अनन्तम् अपारं विज्ञानघन एव ।।

[તે જેમ સૈન્ધવનો ગાંગડો પાણીમાં નાખેલો પાણીમાં ઓગળી જાય, એને પાછો પકડી શકાય નહીં, પણ જ્યાંથી (પાણી) લે ત્યાં લવણ જ જણાય; એમ જ અરે! આ મહાભૂત અનન્ત છે, અપાર છે, એકરસ બનેલ વિજ્ઞાન છે.]—બૃહદારણ્યક ૨–૪–૧૨.

યાજ્ઞવલ્ક્યની ધીરગંભીર વારિપ્રવાહ જેવી પ્રસન્ન વહેતી ભવ્ય અને ઓજસ્વિની વાણીનું એક વિશેષ દૃષ્ટાન્ત:

પ્રસંગ ગાર્ગીએ પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપવાનો છે. ગાર્ગીના પ્રશ્ન અને યાજ્ઞવલ્ક્યના ઉત્તર ઉન્નત અને ઉન્નતતર ભૂમિકાએ આરોહે છે. એનું ઉચ્ચતમ શિખર આ ઉત્તર છે એમ કહી શકાય.

स होवाच। एतद् वै तद् अक्षरं गार्गि ब्राह्मणा अभिवदन्ति, अस्थूलम् अनणु, अह्रस्वम् अदीर्घम् अलोहितमस्नेहम् अच्छायम् अतमः अवायुः अनाकाशम्, असंगम् अरसम् अगन्धम् अचक्षुष्कम् अश्रोत्रम् अवाग्, अमनः, अतेजस्कम्, अप्राणम् अमुखम् अमात्रम्, अनन्तरम् अबाह्यम् न तदश्नाति किंचन, न तद् अश्नाति कश्चन ।।

[તેણે કહ્યું: એને જ બ્રાહ્મણો (બ્રહ્મજ્ઞાનીઓ) અક્ષર કહે છે—ન સ્થૂલ, ન અણુ (સૂક્ષ્મ); ન હ્રસ્વ, ન દીર્ઘ; ન લાલ કે ન સ્નિગ્ધ; ન છાયામય (પ્રકાશમય) કે ન તમોમય; ન વાયુ, ન આકાશ; અસંગ, અરસ, અગન્ધ; એને ચક્ષુ નથી, શ્રવણ નથી, વાણી નથી, મન નથી; એ તેજોમય નથી, પ્રાણ નથી, મુખ નથી, એને માત્રા (પરિમાણ) નથી; એ આન્તર નથી અને બાહ્ય નથી; એ કંઈ જ ખાતું નથી, એને કોઈ ખાતો નથી.]

આ વાક્ય બ્રહ્મ શું છે તે કહેવામાં લેવા પડતા अतद्-व्यावृत्तिના આશ્રયનું, બ્રહ્મ શું છે એ કહેવાને બદલે શું બ્રહ્મ નથી એમ કહેવાની રીતનું, જે બ્રહ્મ નથી તેના વ્યાવર્તનનું, પ્રબળ, વાગ્મિતાસંપન્ન, ઉદાહરણ બની રહે છે. એ જ છે માંડૂક્ય ઉપનિષદે કથેલા, પૂર્વોલ્લિખિત, अदृष्टम् अव्यवहार्यम् . . . अचिन्त्यम् अव्यपदेश्यम् એ વચનનું તાત્પર્ય, એ જ છે नेति नेति ઉક્તિનો અર્થ.

અને પછી શરૂ થાય છે આવું જ પ્રભાવક એક મહાવાક્ય. એ મહાવાક્યમાં એક જ પ્રકારના શબ્દવિન્યાસથી રચાતી અનેક વાક્યોની પરંપરામાંથી માત્ર એક જ વાક્ય વાનગી તરીકે લઈએ:

एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि, सूर्याचन्द्रमसौ विधृतौ तिष्ठतः । एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि द्यावापृथिव्यौ विधृते तिष्ठतः ।।

[એ જ અક્ષરના શાસનમાં, ગાર્ગી, સૂર્ય અને ચન્દ્ર વિધૃત (નિજ સ્થાનમાં ટકેલા) રહે છે; એના જ શાસનમાં આકાશ અને પૃથ્વી નિજ સ્થાને ટકે છે.]

આવી એકાત્મતાની, બ્રહ્મીભાવની અનુભૂતિથી થતા આનન્દનો અપાર મહિમા તૈત્તિરીય ઉપનિષદની આનન્દવલ્લીમાં (તૈ. ઉપ. અનુવાક્ ૮મા માં) વર્ણવ્યો છે, અને એ જ રીતે પણ કંઈક સંક્ષેપમાં બૃહદારણ્યક ઉપનિષદમાં (અધ્યાય ૪થાના બ્રાહ્મણ ૩જામાં) નિરૂપ્યો છે.

તૈત્તિરીય ઉપનિષદ કહે છે: सा एषा आनन्दस्य मीमांसा भवति। युवा स्यात् साधु युवाध्यायकः। आशिष्ठो द्रढिष्ठो बलिष्ठः। तस्य इयं पृथिवी सर्वा वित्तस्य पूर्णा स्याद्। स एको मानुष आनन्दः।

[એ આ છે આનંદની મીમાંસા. યુવા હોય, સાધુ (સદ્ગુણી) યુવા વેદનું અધ્યયન કરનારો હોય, એ આશિષ્ઠ (અતિ વેગવાન અથવા આશાભર્યો) હોય, અત્યન્ત દૃઢ અને બલિષ્ઠ હોય, એની હોય આ આખી પૃથ્વી, ધનથી ભરપૂર. એ (યુવકનો) આનન્દ તે एक માનુષ આનંદ છે.]

અને આ આનન્દથી સોગણો આનન્દ મનુષ્ય ગન્ધર્વોનો, એથી સોગણો દેવગાન્ધર્વોનો આનન્દ; એમ પૂર્વથી સોગણો તે પછીના ક્રમનો આનન્દ એવી ઉત્તરોત્તર ગણના કરીને બ્રહ્માના આનન્દને માનુષ આનન્દથી ૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ ગણો જણાવ્યો છે—અને એ બ્રહ્મ-આનન્દની સમાન-કક્ષાએ મૂક્યો છે કામથી ઘવાયેલા નહીં એવા શ્રોત્રિયનો આનન્દ—श्रोत्रियस्य अकामहतस्य (તૈત્તિરીય) અથવા જે શ્રોત્રિય છે, નિષ્પાપ છે અકામહત છે—यश्च श्रोत्रियः अवृजिनः अकामहतः—તેનો આનન્દ (બૃહદારણ્યક).

આવા નિ:સીમ અનન્ત કલ્પનાતીત આનન્દની અનુભૂતિ એ ઉપનિષદના અધ્યાત્મ દર્શનનું પ્રયોજન છે. એ આનન્દનો અધિકારી છે એવો અભેદાનુભૂતિ કરનારો મહાત્મા જે શ્રોત્રિય હોય, અકામહત હોય, અવૃજિન (પાપરહિત) હોય.

ઉપનિષદના આ અધ્યાત્મ-ઉપદેશનું ફળ, એવી અન્તિમ કોટિએ પહોંચ્યા પહેલાં પણ, જીવનમાં પદે પદે પ્રાપ્ત થાય છે. એ ફલ છે કેવળ વ્યક્તિપરતાનો અભાવ, સમષ્ટિના હિતની કલ્યાણમયી ભાવના, પ્રેયસ્‌ના કરતાં શ્રેયસ્‌ની વિશેષ આરાધના, અને આત્મભાવનાનો, વ્યક્તિથી વિશ્વપર્યન્ત વિસ્તરતો જતો — વિશ્વને આ આત્મભાવનામાં સમાવી લેતો — અપરિચ્છિન્ન વિકાસ.

છાન્દોગ્ય ઉપનિષદના ૭મા અધ્યાયમાં નારદ શિષ્યભાવે સનત્કુમાર કને જાય છે એ પ્રસંગ આવે છે. નારદની સનત્કુમાર પાસે પ્રાર્થના આ છે:

सोऽहम् भगवः शोचामि, तं माम् भगवान् शोकस्य पारं तारयतु ॥

[એવો હું, હે ભગવાન, શોક કરું છું; એવા મને શોકની પાર ઉતારો.]

અને એવી પ્રાર્થના કરવાનું કારણ પણ નારદ પોતે જ જણાવે છે:

सोऽहम् भगवः मन्त्रविद् एव अस्मि न आत्मविद्। श्रुतं हि एवं मे भगवदृशेभ्यः तरति शोकम् आत्मविद् इति।

[એવો હું માત્ર મન્ત્ર જ જાણું છું, આત્માને ઓળખતો નથી. અને મેં આપના જેવા પાસેથી સાંભળ્યું છે કે આત્મવેત્તા જ શોકને તરી જાય.]

તેથી જ ઇશાવાસ્ય ઉપનિષદે કહ્યું છે:

यस्मिन् सर्वाणि भूतानि आत्मैवाभूद् विजानतः।
तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यतः ॥

જે જ્ઞાનીજન જાણે છે, સર્વભૂતો નિજાત્મ છે,
તેને શો મોહ, શો શોક? જે જાણે સર્વ એક છે.



કુણ્ડલ

## રામાયણકાલીન આભૂષણો



મણિની વેણી-કુણ્ડલ




સેંથી-પુષ્પવેણી



કેશગુંફન



મુગટ



કડું અને કંગન

સેંથી
કુણ્ડલ
ઉરમાળ
ઉરવલ્લી
બાજુબંધ
કડું
કંગન
કટિમેખલા



આભૂષણોથી સજ્જ મહિલા

# રામાયણકાલીન વેશભૂષા




શિરોવેષ્ટન



સાફો



કેશગુંફન



ખેસ અને ઉપવસ્ત્ર

# ૨ : રામાયણ

'નૈતિક સંસ્કારોનું ઉત્તમ સાધન કલ્પના છે' એ, અંગ્રેજી કવિ શેલીના મતનું શ્રેષ્ઠ સમર્થન ભારતીય પ્રજાના ઇતિહાસમાંથી મળી રહે છે. હિન્દુ ધર્મમાં ઈશ્વર, સૃષ્ટિ, મનુષ્યજીવન વગેરે અંગે ચુસ્ત બૌદ્ધિક માન્યતાઓ(ડૉગ્મા)નું બહુ મહત્ત્વ નથી. બ્રહ્મજિજ્ઞાસુઓએ ભિન્ન ભિન્ન તત્ત્વદર્શનો વિકસાવ્યાં છે, પરંતુ એ દર્શનોના સિદ્ધાન્તો ઉપર જ આધાર રાખી આધ્યાત્મિક સાધનાનો માર્ગ ગ્રહણ કરનારાઓની સંખ્યા હંમેશાં ઘણી નાની રહી છે. પ્રજાનો વિશાળ બહુજનસમાજ તો પરમતત્ત્વનાં વિષ્ણુ, મહેશ્વર, શક્તિ આદિ જુદાં જુદાં સ્વરૂપો વિશેની પ્રચલિત કલ્પનકથાઓમાંથી શ્રદ્ધાબળ મેળવે છે અને એ પ્રમાણે કેળવેલ શ્રદ્ધાની મદદથી હૃદયના સંસ્કારો ઘડે છે.

આવી કલ્પનકથાઓમાં રામકથાનો પ્રભાવ કદાચ સૌથી વધારે રહ્યો છે એમ કહી શકાય. અનેક સ્વરૂપોમાં તે સમગ્ર ભારતવર્ષમાં પ્રચાર પામી છે અને દેશની સર્વ ભાષાઓમાં એ વિશે વત્તાઓછા કાવ્યત્વવાળી કૃતિઓ રચાઈ છે. ગાંધીજીએ એક જાહેર સભામાં કહ્યું હતું તેમ 'રામનું નામ આ દેશનાં પશુઓ, પંખીઓ અને પથ્થરોને પણ હજારો વર્ષથી પરિચિત છે.'

આ આખી પરંપરા જે સંસ્કૃત કાવ્યમાંથી ઉદ્‌ભવી છે તે 'વાલ્મીકિ રામાયણ' તરીકે ઓળખાય છે. પરંતુ આધુનિક વિદ્વાનોનો સર્વસંમત અભિપ્રાય છે કે એ કાવ્ય એક કવિની કૃતિ નથી પણ ક્રમે ક્રમે તેમાં વધારા થતા રહ્યા છે. તો વાલ્મીકિ કોણ હતા, આજે જે કૃતિ એમના નામે પ્રચલિત છે તેમાં એમનો હિસ્સો કેટલો છે, તે હિસ્સાનો અને બાકીના ભાગોનો રચનાકાળ કયો, કથાનો ઐતિહાસિક આધાર કેટલો, વગેરે પ્રશ્નો અંગે વિદ્વાનોએ અનુમાનો કર્યાં છે, પણ હજુ સુધી એમાંના કોઈનો નિશ્ચિત જવાબ આપી શકાયો નથી. સંભવ છે કે મહાભારતમાં આવતું રામોપાખ્યાન અને જે મૂળ કૃતિનો આજના વાલ્મીકિ રામાયણ તરીકે વિસ્તાર થયો તે બંનેનો આધાર કોઈ રાજવંશના ચારણો દ્વારા પ્રચાર પામેલી રામ અને સીતા વિશેની અનુશ્રુતિ (મૌખિક પરંપરા) હશે. તે જે હો તે, અધિકૃત રામાયણ ઓછામાં ઓછા ત્રણ તબક્કે આજનું રૂપ પામ્યું છે એ સ્પષ્ટ છે: મૂળ અનુશ્રુતિને વાલ્મીકિ નામના આદિકવિએ અનુષ્ટુપ શ્લોકમાં શબ્દબદ્ધ કરી, બીજા કવિએ તે કૃતિનું કાવ્યમય સંસ્કરણ કર્યું, પરંતુ કર્તા તરીકે વાલ્મીકિનું નામ ચાલુ રાખ્યું તથા તેમને એ કથા લખવાની પ્રેરણા કેવી રીતે થઈ એ વિશે માહિતી ઉમેરી, અને ત્રીજા કવિએ બાળકાંડનો મોટો ભાગ, આખો ઉત્તરકાંડ અને અયોધ્યાકાંડથી યુદ્ધકાંડ સુધીના ભાગમાં કેટલાક સર્ગો અને આંતરિક કેટલાક શ્લોકો ઉમેર્યા. આ ત્રણમાંથી પહેલા કવિનો હિસ્સો તો કથાના અમુક અંશો, જેવા કે લક્ષ્મણનું પાત્ર, વાલીવધનો પ્રસંગ, એમાં જ જોવા મળે છે. આજનું કાવ્ય બીજા અને ત્રીજા કવિની કૃતિ છે અને તેનો ઉત્તમાંશ બીજા કવિનું સર્જન હોવાનું લાગે છે.

રામાયણની અંતર્ગત સામગ્રીના વિશ્લેષણ ઉપરથી એમ અનુમાન કરી શકાય કે પહેલા અને બીજા તબક્કામાં આ કૃતિ માત્ર એક અસાધારણ પુરુષના પરાક્રમની કથા હતી, અને ત્રીજા તબક્કામાં જ તે વિષ્ણુના એક અવતારની કથા બની. રામ વિષ્ણુના અવતાર હોવાની માન્યતા પ્રજાના હૃદયમાં એટલી દૃઢ થઈ ગઈ છે કે બહુજનસમાજમાં તો રામાયણને સદીઓથી એક અદ્વિતીય ધર્મગ્રંથ તરીકે સ્થાન મળ્યું છે. પરંતુ કૃતિની

એ પ્રતિષ્ઠા જ આજના શિક્ષિત વર્ગમાં એની કળાવિષયક ગુણવત્તા અંગે પૂર્વગ્રહનું કારણ થઈ પડી હોય એમ જણાય છે.

સામાન્ય રીતે એમ માની લેવાય છે કે બોધલક્ષી સાહિત્યકૃતિમાં કલાત્મકતાનું પ્રમાણ ઓછું રહેવાનું. એ પણ સંભવિત છે કે બહુજનસમાજે રામાયણકથામાં જે નૈતિક મૂલ્યો આરોપ્યાં છે તે આજના યુગને અસ્વીકાર્ય લાગતાં હોઈ કૃતિના કલાત્મક અંશોનો આપણે આસ્વાદ કરી શકતા નથી. આધુનિક માનસના આ અને આવા બીજા પૂર્વગ્રહોને તથા આપણી બૌદ્ધિક માન્યતાઓને જો આપણે ઘડીભર બાજુએ મૂકી શકીએ અને જે ગ્રહણશીલ (રિસેપ્ટિવ) વૃત્તિથી શેક્સ્પિયરની 'ટેમ્પેસ્ટ' કે સ્વિફ્ટની 'ગલિવર્સ ટ્રૅવેલ્સ' જેવી કૃતિઓના વાચકો તેમનો રસાસ્વાદ લે છે એ વૃત્તિથી વાલ્મીકિ રામાયણ મૂળ સંસ્કૃતમાં વાંચીએ, તો મોટા ભાગના વાચકોને એમના હૃદય ઉપર ઊંડી પકડ જમાવવાની એની શક્તિની જરૂર પ્રતીતિ થશે.

એમાં મહાકાવ્યોચિત બહુરસમિશ્રિત વિશાળપટ કથાનક, લોકોત્તરલક્ષણયુક્ત નાયક, નાયિકા અને પ્રતિનાયક, માનુષી પાત્રોનું તથા મનુષ્યેતર સૃષ્ટિનાં પાત્રોનું કલ્પનારંજક નિરૂપણ તથા પ્રસંગને અનુરૂપ પ્રકૃતિવર્ણનો — આ સર્વ છે. કૃતિનો વિશિષ્ટ પ્રભાવ પડે છે તેનું રહસ્ય એના આ કલાત્મક અંશોમાં રહેલું નથી પણ એ કલાત્મક અંશો દ્વારા કવિએ આર્યોની તત્કાલીન ધર્મભાવનાને વાચકની કલ્પનાને તૃપ્ત કરે એવો જે સૌન્દર્યદેહ આપ્યો છે તેમાં રહેલું છે. સામાન્ય રીતે આપણે સારાનરસાનો વિવેક આપણી સામાજિક બુદ્ધિથી અથવા શાસ્ત્રના પ્રમાણથી કરીએ છીએ, અને મોટા ભાગનું બોધલક્ષી સાહિત્ય સામાજિક કે શાસ્ત્રોક્ત વિધિનિષેધોને શબ્દશણગારથી કે રંજક કથા દ્વારા આકર્ષક બનાવવાનો પ્રયત્ન કરે છે. પરંતુ જગતસાહિત્યની પ્રશિષ્ટ કૃતિઓ જીવંત ચરિત્રો દ્વારા અથવા એમના શબ્દની અદ્ભુત મંત્રશક્તિથી જે જીવનદર્શન કરાવે છે તે દર્શન એના સૌંદર્યને કારણે વાચકના હૃદયને સ્વયંસ્વીકાર્ય બની રહે છે અને એની કલ્પના ઉપર એક પ્રકારનો વિવશકારી (ઇરિઝિસ્ટિબલ) પ્રભાવ પાડી પકડ જમાવે છે. વાલ્મીકિ રામાયણ આવી પ્રશિષ્ટ કૃતિનો એક ઉત્કૃષ્ટ નમૂનો છે.

જેમ પ્રકૃતિનું અને રંગ તથા સ્વરના આકારનું સૌન્દર્ય છે, તેમ સત્યનિષ્ઠ, નિરભિમાન વર્તનનું અને મનોભાવનું પણ સૌન્દર્ય હોય છે. અંગ્રેજી સાહિત્યમાં શેક્સ્પિયરનાં નાટકો આવા માનવીય સૌન્દર્યનું અનેક રીતે દર્શન કરાવે છે. તેનાં સ્ત્રીપાત્રોમાં 'ટ્વેલ્ફ્થ નાઇટ'ની વાયોલા, 'ઓથેલો'ની ડેઝ્ડિમોના અને 'સિમ્બિલીન'ની ઇમોજન તેમના દેહની સુંદરતાથી છે તે કરતાં વધારે તેમના વ્યક્તિત્વના સૌન્દર્યથી આકર્ષક છે. કાલિદાસની શકુન્તલા અને ગોવર્ધનરામની કુમુદ પણ એ જ સૌન્દર્યસૃષ્ટિનાં પાત્રો છે. વાલ્મીકિનાં રામ, સીતા અને હનુમાન આ સર્વ પાત્રોનાં આદિપૂર્વજો ગણાય.

કળામાત્ર સત્યની આરાધના છે, કારણ કે કવિના જીવનદર્શનની સુંદરતાનું મૂળ તેની સત્યનિષ્ઠામાં છે. પરંતુ દરેક કવિ સત્યને પોતાના વિશિષ્ટ દૃષ્ટિકોણથી જુએ છે. જેમ મહાભારતનો તેમ રામાયણનો પણ પ્રયત્ન જીવનમાં શુભ અને અશુભ, દૈવી અને આસુરી બળો વચ્ચેનો સંઘર્ષ નિરૂપવાનો છે. શેક્સ્પિયરનાં કરુણગંભીર નાટકોનું વસ્તુ પણ આ સંઘર્ષનું હોય છે. વિશ્વના આ ત્રણ મહાકવિઓ — વાલ્મીકિ, વ્યાસ અને શેક્સ્પિયર — જીવનના એક જ સનાતન પ્રશ્નને જે જુદી જુદી દૃષ્ટિએ નિરૂપે છે તેમની વચ્ચેના ભેદનો અભ્યાસ રસપ્રદ થઈ પડે એવો છે.

મહાભારતમાં શુભ અને અશુભનો સંઘર્ષ એક રૌદ્ર સંગ્રામ બની જાય છે, જેની ભીષણતાથી અર્જુન જેવો મહાવીર પણ ઘડીભર થથરી જાય છે, कार्पण्यदोषोपहतस्वभावः (દીન મનોવૃત્તિવાળો) બની જાય છે. પણ વ્યાસ આ સંગ્રામમાંય દૈવી લીલાનું રહસ્ય જુએ છે. આપણી દૃષ્ટિને જો આપણે મનુષ્યજીવનની આયુષ્યમર્યાદા પૂરતી સીમિત રાખીએ તો આ સંગ્રામનો કોઈ અર્થ ન જણાય, અને મનુષ્યના સર્વ પરિશ્રમનું ફળ તેના હૃદયની ઉચ્ચતમ ભાવનાઓની ક્રૂર વિડંબનારૂપ ભાસે. પરંતુ ગીતાના ૧૧મા અધ્યાયના વિરાટદર્શન

દ્વારા કવિ લોકસંહારના એ ભયંકર દૃશ્યને નવું પરિમાણ અર્પે છે. મનુષ્યરૂપે શ્રીકૃષ્ણ પ્રેમ અને સૌન્દર્યની મૂર્તિ છે, પરંતુ જે શાશ્વત પુરુષોત્તમ તત્ત્વના તેમને અવતાર કલ્પ્યા છે તેને તો કવિએ कालोऽस्मि लोकक्षयकृत् प्रवृद्धः (હું લોકોનો નાશ કરવા માટે વિકરાળ બનેલો કાળ છું) એમ કહી વર્ણવ્યું છે. ઉપનિષદ કહે છે કે દરેક મનુષ્યને તેના જીવનમાં કોઈ ને કોઈ એવો પ્રસંગ આવે છે કે જ્યારે તેને શ્રેય અને પ્રેય વચ્ચે પસંદગી કરવાની ફરજ પડે છે. મહાભારતકારના દર્શન અનુસાર આ પસંદગીનાં પરિણામો ભીષણ હોઈ શકે. બાઇબલ-માં જિસસ પણ જ્યારે 'Think not that I am come to send peace on earth,: I came not to send peace, but a sword.' ('હું પૃથ્વી ઉપર શાંતિ ફેલાવવા આવ્યો છું એમ ન માનશો; હું શાંતિ નહીં, સમશેર લઈને આવ્યો છું.') એમ કહે છે ત્યારે તે પણ ધર્મપથના આ રૌદ્ર અંશનું જ સૂચન કરતા નથી લાગતા?

શેક્સ્પિયર જીવનનાં શુભ-અશુભ તત્ત્વો વચ્ચેનો સંઘર્ષ પાત્રોની માનસિક ચેતનાના સ્તર ઉપર નિરૂપે છે. તેનાં નાટકોમાં નાયક-પ્રતિનાયક વચ્ચેના બાહ્ય સંઘર્ષની સાથે સાથે નાયકના હૃદયમાં પણ પરસ્પરવિરોધી વૃત્તિઓ વચ્ચે સંગ્રામ ચાલી રહ્યો હોય છે, અને આ આંતરિક સંગ્રામ જ નાટકનું કેન્દ્રબિન્દુ બની રહે છે. એ સંગ્રામને અંતે નાયકને નવી સત્યદૃષ્ટિ પ્રાપ્ત થાય છે. તેના હૃદયના ઊંડાણમાંથી કોઈ અવર્ણનીય, સુંદર અને શુભ તત્ત્વ પ્રગટ થતું જણાય છે, પરંતુ તે પહેલાં તેનું મૂળ વ્યક્તિત્વ છિન્નભિન્ન થઈ ગયું હોય છે. આ ક્રિયાની તીવ્ર અને અકથ્ય વેદનાનું દર્શન વાચકના હૃદયને ઘડીભર વિષાદની ઘેરી છાયાથી ભરી દે છે. આમ શેક્સ્પિયરનું જીવનદર્શન વાચકોને પોતપોતાની દૃષ્ટિ અનુસાર નિરાશાપ્રેરક કે માંગલ્યદર્શી લાગે છે.

વાલ્મીકિના જીવનમાં જીવનના શુભ-અશુભ સંગ્રામના રૌદ્ર અને કરુણ અંશો તો છે જ; પરંતુ જગતના બીજા કોઈ મહાકવિ પાસે નથી એવું રમણીય અને જીવનોલ્લાસનું પોષક દર્શન એની પાસે છે. આસુરી તત્ત્વોની ભયાનકતાનું વાલ્મીકિનું નિરૂપણ સ્થૂળ અને કિશોરમાનસને રોચક એવી અતિશયોક્તિયુક્ત હોઈ તે વાચકના હૃદયને ક્ષુબ્ધ કરવાને બદલે રમૂજ ઉત્પન્ન કરે છે. રાક્ષસોને કવિએ દેખાવમાં ભયાનક અને બિહામણા કલ્પ્યા છે, પરંતુ તેમના અંદરઅંદરના વર્તનમાં તેઓ કોઈ બાબતમાં મનુષ્યોથી ભિન્ન જણાતા નથી. રાવણ સુરદ્વેષી, આર્યદ્વેષી, ઋષિદ્વેષી હશે, પરંતુ સભાપર્વના દુર્યોધન અને દુઃશાસનની સરખામણીમાં તો તે સજ્જન લાગે છે. તેનામાં નથી શેક્સ્પિયરના ઇયાગોની ક્ષુદ્રતા (મીનનેસ) કે નથી 'કિંગ લિયર'ની ગોનેરિલની કઠોરતા અથવા રિગનની વાચકના હૃદયને થીજવી દે એવી ઠંડી ક્રૂરતા. સીતાના સૌન્દર્યથી રાવણ મોહિત થયો છે, અને પોતાની પ્રેમયાચના અયોગ્ય છે તે જાણવા છતાં એ પ્રેમની ગુલામીમાંથી છૂટી શકતો નથી. સીતાને બળાત્કારે વશ કરવાની કઠોરતા એ દાખવી શકતો નથી, અને એનું કારણ આપતાં એ કહે છે:

वामः कामो मनुष्याणां यस्मिन्किल निबध्यते ।
जने तस्मिंस्त्वनुक्रोशः स्नेहश्च किल जायते ॥

[મનુષ્યોની કામવૃત્તિ અવળચંડી છે. જેના વિશે એ વૃત્તિ થાય છે તેના પ્રત્યે અનુકંપા અને આર્દ્રતા જન્મે છે.]

વિભીષણ, કુંભકર્ણ અને મંદોદરી રાવણને એના વિનાશકારી માર્ગમાંથી વારવાનો પ્રયત્ન કરે છે, પરંતુ મોહની પ્રબળ સત્તા આગળ એ લાચારી અનુભવે છે. આમ શેક્સ્પિયરના મૅક્બેથની જેમ વાલ્મીકિનો રાવણ પણ અમુક અંશે વાચકની અનુકંપાને પાત્ર બની રહે છે. વળી રામના અંતિમ વિજય વિશેની કવિની શ્રદ્ધા પણ વાચકના હૃદયને નિશ્ચિંત કરે છે.

એટલે રામાયણમાં નથી ગીતાના આરંભમાં અર્જુન અનુભવે છે તેવું પુરુષાર્થની નિરર્થકતાનું ભાન કે નથી શેક્સ્પિયરનાં કરુણગંભીર નાટકોનો ઘેરો વિષાદ. તેમાં તો છે આસુરી તત્ત્વો ઉપરના પ્રેમ અને ધર્મ-નિષ્ઠાના વિજયની અચળ શ્રદ્ધા અને ધર્મનિષ્ઠ પ્રેમ દ્વારા હૃદયને થતી ઊંડી તૃપ્તિનું દર્શન. રામાયણના

પાત્રોની ધર્મનિષ્ઠા ક્લેશજનક કે જીવનના આનંદની ઘાતક નથી. તે કઠોર આત્મસંયમ કે પ્યુરિટન દેહદમન માગતી નથી, પરંતુ સહજસ્ફુરિત પ્રેમનું ફળ છે. મહાભારતના યુધિષ્ઠિરની ક્ષમા એક સિદ્ધાન્ત તરીકે કેળવેલો સદ્‌ગુણ છે, તેમાં ગૌતમ બુદ્ધની કરુણાની પ્રતીતિ વ્યાસ કરાવી શક્યા નથી. રામ, ભરત, લક્ષ્મણ, સીતા અને હનુમાનના ત્યાગ અને ભક્તિનું પ્રેરક બળ છે તેમના પ્રેમની પરિપૂર્ણતા. ધર્મ અને પ્રેમ, જીવની જીવ પ્રત્યેની સહ-અનુભૂતિની અભિવ્યક્તિનાં બે ભિન્ન રૂપો છે. શુદ્ધ ધર્મ અને ત્યાગ વ્યક્તિને જીવનથી વિમુખ નથી કરતા, પરંતુ જીવનસાફલ્યનાં સાધન છે. તેમનું મૂળ જીવનના આનંદમાં છે, જે આનંદ વિના ઉપનિષદ કહે છે તેમ, આ વિશ્વમાં ચેતનાનો કોઈ ધબકારો શક્ય જ ન હોત. રામાયણની ધર્મભાવના આ વિશ્વવ્યાપી આનંદની અભિવ્યક્તિરૂપ પ્રેમનું ફળ છે.

રામાયણ શુષ્ક ધર્મગ્રન્થ નથી, 'પ્રેમ' શબ્દના વિશાળ અર્થમાં તે જગતનું સર્વોત્તમ પ્રેમકાવ્ય છે. રામાયણનો પ્રેમ એટલે માત્ર પતિપત્નીનો પ્રેમ નહીં, પણ સમગ્ર ચેતનસૃષ્ટિને એક અદૃશ્ય સૂત્રથી ગૂંથતું બળ. એ પ્રેમમાં મનુષ્ય અને મનુષ્યેતર સૃષ્ટિ વચ્ચે કોઈ ભેદ નથી. રામ અને સીતા પ્રત્યેની હનુમાનની ભક્તિ રામાયણના કાવ્યાત્મક અંશોમાંનો સૌથી વધુ રસણીય અંશ છે, ભારતીય કવિત્વશક્તિનું ઉત્કૃષ્ટ સર્જન છે. સીતાના રક્ષણ અર્થે જટાયુનું આત્મબલિદાન પણ એટલું જ હૃદયસ્પર્શી છે. સીતાહરણના પ્રસંગે સમસ્ત પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિસૃષ્ટિને રામ અને સીતાના દુઃખમાં ભાગ લેતાં કવિએ નિરૂપ્યાં છે. જટાયુને મારી સીતાને પકડવા મથતા રાવણના પાશમાંથી બચવા સીતા દોડી જઈ વૃક્ષોને વળગે છે, જાણે કે સગા ભાઈ-ઓને વળગીને તેમનું રક્ષણ માગતી ન હોય!

રામાયણના આ પ્રેમજગતનું મધ્યબિન્દુ છે રામ. કવિએ એમને એક અલૌકિક ઘટના (ફિનોમિનન) તરીકે વર્ણવ્યા છે. જે પ્રેમ અને આદર તે પિતા, માતાઓ, પત્ની, ભાઈઓ, પ્રજા, મિત્રો—સર્વને આપે છે ને સર્વ તરફથી પામે છે તે જગતસાહિત્યના બીજા કયા પાત્રમાં જોવા મળે છે? જેમ પૃથ્વીની આજુબાજુ ચુંબકીય ક્ષેત્ર છે, તેમ રામના વ્યક્તિત્વની આજુબાજુ કોઈ અદૃશ્ય પણ પ્રબળ પ્રેમાકર્ષણશક્તિનું ક્ષેત્ર પ્રવર્તતું ભાસે છે. તેમના સદ્‌ગુણોનું વર્ણન કરતાં વાલ્મીકિ વારંવાર તેમને सर्वभूतहिते रतः (સર્વ પ્રાણીઓનાં હિતથી આનંદ પામનાર) કહે છે. લંકાની રાક્ષસીઓ પણ યુદ્ધમાં મરી ગયેલા પોતાના પતિ, પુત્ર કે બન્ધુ પાછળ વિલાપ કરતાં सर्वभूतहिते रतः રામની સાથે વેર બાંધવા માટે રાવણને દોષ આપે છે. આ પ્રેમના બદલામાં જગત પણ રામને એટલો જ ઉત્કટ પ્રેમ આપે છે. એમના વનપ્રયાણ સમયે અયોધ્યાના રાજ-મહેલમાં અને નગરની પ્રજામાં શોક અને વિલાપનો જે જુવાળ ઊભરાય છે તેનું વર્ણન વાલ્મીકિની કવિત્વ-શક્તિનું એક ઉત્કૃષ્ટ દૃષ્ટાન્ત છે. રામ જ્યાં જાય છે ત્યાં એમની પ્રેમાકર્ષણશક્તિનો પ્રભાવ જાણે એમનો પુરોગામી થઈને અગાઉથી પહોંચી ગયો હોય એમ લાગે છે.

વાલ્મીકિના આ પ્રેમદર્શનનું એક નોંધપાત્ર લક્ષણ એ છે કે એમાં સ્થૂળ કામનો પણ, જીવનના આનંદની એક પવિત્ર અભિવ્યક્તિ તરીકે, સમાવેશ થાય છે. કવિને રામકથા લખવાની પ્રેરણા 'કામમોહિત' ક્રૌંચયુગલમાંના નરની પારધીને હાથે થયેલી હત્યાના પ્રસંગમાંથી મળી, એ હકીકત સૂચક છે. સીતાના વિયોગ-થી દુઃખી થતા રામનું વર્ણન કરતાં હનુમાન એમને પણ कामवशं गतः (કામને વશ થયેલા) કહે છે. અર્થાત્ કામ પ્રત્યે વાલ્મીકિની દૃષ્ટિમાં કોઈ તુચ્છકારનો ભાવ નથી. કિષ્કિન્ધાકાંડમાં પંપાસરોવર અને વર્ષા-ઋતુનાં વર્ણનો સમગ્ર પ્રાણીસૃષ્ટિમાં વ્યાપ્ત કામોલ્લાસ પ્રતિ કવિની નિર્મળ દૃષ્ટિનું આપણને દર્શન કરાવે છે. તે જ રીતે રાવણના મહેલમાં સીતાને શોધતા હનુમાન રાવણની ઊંઘતી પત્નીઓનું દૃશ્ય જેટલા નિર્દોષ ભાવથી જુએ છે એટલા જ નિર્દોષ ભાવથી વાલ્મીકિ એ દૃશ્યનું વર્ણન કરે છે. ગીતામાં धर्माविरुद्धः (ધર્મથી અવિરુદ્ધ) કામને પૂર્ણ પુરુષોત્તમ તત્ત્વનો અંશ ગણાવ્યો છે. એ વર્ણનમાં સૂચિત કામની નિર્મળતાનું જગત-સાહિત્યમાં સૌથી વધુ રમણીય દર્શન વાલ્મીકિના રામાયણમાં થાય છે એમ કહી શકાય.

કવિનું જીવનદર્શન તર્કનું પરિણામ કે બૌદ્ધિક પ્રતિપાદનનો વિષય હોતું નથી પણ જીવનની કોઈ વિશિષ્ટ પરિસ્થિતિના અનુભવમાં તે ગર્ભિત રૂપે રહેલું હોય છે. અંગ્રેજ કવિ-વિવેચક કોલરિજના મતાનુસાર કાવ્ય વ્યષ્ટિમાં સમદૃષ્ટિનું દર્શન કરાવે છે. અર્થાત્ જે કળાકૃતિમાં કવિનું જીવનદર્શન મૂર્ત થાય છે તે પોતે એક સ્વતંત્ર, સ્વયંપર્યાપ્ત સૃષ્ટિ હોય છે. એ સૃષ્ટિને કવિ કેટલા પ્રમાણમાં પ્રતીતિકર બનાવી શકે છે એના ઉપર એના કવિકર્મની સફળતાનો આધાર રહે છે. આનો નિર્ણય કરવા માટે કોઈ ચોક્કસ નિયમો નથી હોતા કારણ કે કવિની કલ્પનાસૃષ્ટિ આપણને પરિચિત જાગ્રતસૃષ્ટિના કારણકાર્યના જડ, અવિચળ નિયમો-ને આધીન નથી હોતી. તે તો સ્વપ્નસૃષ્ટિની જેમ આપણા અજ્ઞાત માનસના કોઈ અગમ્ય નિયમને વશ વર્તે છે. યુગે યુગે વિવેચકો પોતાના દેશ અને કાળના અનુભવ ઉપરથી રસ-મૂલ્યાંકનના નિયમો તારવી કાઢે છે પરંતુ એક દેશ કે કાળના નિયમો બીજા દેશ કે કાળમાં પ્રમાણભૂત બની શકતા કે ગણાતા નથી. વર્ડ્ઝ્વર્થ કહે છે તેમ દરેક મહાકવિ તેના સર્જનના આસ્વાદ માટે જરૂરી રસદૃષ્ટિ તે સર્જન દ્વારા જ કેળવે છે. વાલ્મીકિનું રામાયણ આનું એક અચ્છું ઉદાહરણ છે. સામાન્ય રીતે એમ કહી શકાય કે દરેક કળાકૃતિની સૃષ્ટિ એક ભાતની રહેવી જોઈએ, નહીં તો કવિએ રચવા ધારેલી માયાસૃષ્ટિ (આર્ટિસ્ટિક ઇલ્યૂઝન) ભાંગી પડે છે. કનૈયાલાલ મુનશીનાં પૌરાણિક નાટકોમાં બે ભાતની સૃષ્ટિઓને લીધે લેખકે સર્જેલું માયાજગત ભાંગી પડતું હોય એવો અનુભવ ઘણા વાચકોને થતો હશે..

પણ રામાયણની સૃષ્ટિ કોઈ એક જ ભાતનું એકરંગી (હોમોજીનિયસ) જગત નથી પણ ચાર ચાર જુદી સૃષ્ટિઓનું જાદુઈ મિશ્રણ છે: અયોધ્યા નગરની, અરણ્યની, કપિલોકની અને રાક્ષસોની. એમાંની પહેલી અને કદાચ બીજી પણ વાલ્મીકિ અને તેના સમકાલીન વાચકો માટે વાસ્તવિક જગતનાં પ્રતિરૂપો હતી તેમ કહી શકાય. ત્રીજી અને ચોથી આપણા માટે તેમ એ વાચકો માટે પણ સંપૂર્ણ કાલ્પનિક હતી. કાલ્પનિક અને વાસ્તવિક સૃષ્ટિઓ એક જ કૃતિમાં સરળતાથી ભેળવી શકાઈ હોય એવાં દૃષ્ટાંતો જગત-સાહિત્યમાં જૂજ છે. હોમરના 'ઇલિયડ'માં દૈવી પાત્રો નિરૂપાયાં છે પરંતુ તે મનુષ્યપાત્રોથી ભાગ્યે જ કોઈ રીતે ભિન્ન જણાય છે. શેક્સ્પિયર એની રોમૅન્ટિક કૉમેડીઓમાં તથા 'હૅમ્લેટ' 'મૅકબેથ' અને 'ટૅમ્પેસ્ટ'માં આવું મિશ્રણ સિદ્ધ કરી શક્યો છે. સ્વિફ્ટના 'ગલિવર્સ ટ્રૅવલ્સ'માં પણ એક માનવી પાત્ર જુદી જુદી કાલ્પનિક સૃષ્ટિમાં પ્રવાસ કરી આવે છે.

આ બાબતમાં વાલ્મીકિની સિદ્ધિ શેક્સ્પિયરની સિદ્ધિ સાથે સરખાવી શકાય એવી છે. તે અયોધ્યાનું મનુષ્યજગત, અરણ્યનું તપસ્વીજગત, કિષ્કિન્ધાનું વાનરજગત અને લંકાનું રાક્ષસજગત એકસરખી રીતે પ્રતીતિકર બનાવી શક્યા છે એટલું જ નહીં પણ અરણ્યકાંડમાં મનુષ્યજગત, તપસ્વીજગત અને રાક્ષસજગતનું, કિષ્કિન્ધાકાંડમાં મનુષ્યજગત અને વાનરજગતનું તથા સુંદરકાંડ અને યુદ્ધકાંડમાં મનુષ્યજગત, વાનરજગત અને રાક્ષસજગતનું અદ્ભુત મિશ્રણ સિદ્ધ કરી શક્યા છે. વળી જુદી જુદી સૃષ્ટિઓમાં વાચકને પ્રવાસ કરાવવા છતાં કવિએ કથાવિષયની એકસૂત્રતા પણ જાળવી છે. તેમની કળાનું જાદુ એટલું સંપૂર્ણ છે કે તેમણે કંઈ જાદુ કર્યું છે એમ વાચકને લાગતું પણ નથી.

ક્રિયાની એકતાના ઍરિસ્ટૉટલના સિદ્ધાન્તમાં અપેક્ષિત છે એવી એકસૂત્રતા કોઈ મહાકાવ્યમાં ભાગ્યે જ જોવા મળે છે. અમુક પ્રમાણમાં હોમરના 'ઇલિયડ'માં એ દેખાય છે એમ કહી શકાય. પરંતુ વિષયની એકસૂત્રતા દરેક કળાકૃતિમાં હોવી આવશ્યક છે અને હોમરની 'ઑડિસી'માં કે વર્જિલના 'ઇનિડ'માં છે તે કરતાં વાલ્મીકિના રામાયણમાં તેનું વધારે ઊંડા સ્તરે દર્શન થાય છે. રામાયણ રામનાં માત્ર પરાક્રમોની કથા નથી. કથાના નાયક રામ છે પણ મહાકાવ્યનો વિષય તો રામના વ્યક્તિત્વનો અલૌકિક પ્રભાવ છે. બાળકાંડના પહેલા સર્ગમાં જ આ વસ્તુ સ્પષ્ટ થાય છે. વાલ્મીકિનો નારદને પ્રશ્ન હતો, એના સમયમાં શ્રેષ્ઠ યુદ્ધવીર કોણ હતો એ નહીં પણ કોણ 'ગુણવાન, વીર્યવાન, ધર્મજ્ઞ, કૃતજ્ઞ, સત્યવાક્ય અને દૃઢવ્રત' હતો એ.

શસ્ત્રભૃતોમાં રામ ભગવાનના અંશ છે એમ ભગવદ્ગીતામાં કહ્યું છે તે, (ઇતિહાસના ઍલેગ્ઝાન્ડર કે નેપોલિયનની જેમ) રામ અજેય યુદ્ધવીર હતા એમ સૂચવવા નહીં પણ એમના વ્યક્તિત્વના, મનુષ્યબુદ્ધિને અગમ્ય એવા દૈવી અંશનો નિર્દેશ કરવા. અયોધ્યાકાંડના પહેલા સર્ગમાં પણ રામનું વર્ણન કરતાં કવિ કહે છે: વિધાતાએ જગતમાં સર્વ મનુષ્યના ગુણદોષ પૂર્ણ રીતે સમજનાર એકમાત્ર સાધુપુરુષ સર્જ્યા છે.

અને વળી

स तु श्रेष्ठैः गुणैर्युक्तः प्रजानां पार्थिवात्मजः।
बहिश्चर इव प्राणो बभूव गुणतः प्रियः॥

[શ્રેષ્ઠ ગુણોથી યુક્ત એ રાજપુત્ર, જાણે બધાં પ્રજાજનોનો બહાર વિચરતો પ્રાણ સમો હતો અને પોતાના ગુણોથી સર્વને પ્રિય થઈ પડ્યો હતો.]

बहिश्चर इव प्राणो એ અર્થસઘન ઉત્પ્રેક્ષામાં કવિએ રામના દૈવી વ્યક્તિત્વનો અર્ક આપી દીધો છે. રામાયણનો ઉદ્દેશ છે રામના વ્યક્તિત્વના આ દૈવી પ્રભાવને એની જીવનકથામાં ઉત્તરોત્તર વધારે સમૃદ્ધ રૂપે પ્રગટ કરવાનો. રામાયણને ભારતીય સંસ્કૃતિના ઇતિહાસમાં જે અપ્રતિમ સ્થાન મળ્યું છે તે હકીકત જ કવિ એમના આ ઉદ્દેશમાં સંપૂર્ણ સફળ થયા છે એની સાક્ષી પૂરે છે.

અયોધ્યાકાંડના રામ એ અસાધારણ રીતે આકર્ષક વ્યક્તિત્વવાળા યુવક છે, પરંતુ તે આપણને પરિચિત જણાતી મનુષ્યસૃષ્ટિના જ વાસી છે. દશરથ, કૈકેયી તથા કૌસલ્યા સાથેના એમના સંબંધમાં આપણે એમને પુત્ર રૂપે જ જોઈએ છીએ, એટલે એમના વ્યક્તિત્વનું લોકોત્તર પરિમાણ (હિરોઇક ડાઈમેન્શન) હજુ પ્રગટ થયું નથી. અરણ્યકાંડમાં એ પરિમાણ પ્રગટ થવાની શરૂઆત થાય છે. અરણ્યમાં વસતા તપસ્વીઓ તરફથી રામને જે માન અને આદર મળે છે તે એમના અસામાન્ય નૈતિક પ્રભાવની વાચકને પૂરી પ્રતીતિ કરાવે છે અને એમને પણ એ તપસ્વીઓની કક્ષાએ મૂકે છે. અયોધ્યાની મનુષ્યસૃષ્ટિમાં રામના, હૃદય અને બુદ્ધિના જે ગુણો કુદરતી બક્ષિસરૂપે દેખાતા હતા તે હવે અરણ્યના મનોરમ, શાંત અને તપઃપૂત વાતાવરણમાં કોઈ સહજપ્રાપ્ત આધ્યાત્મિક વિભૂતિના અંશરૂપે પ્રતીત થાય છે. અને છેવટે ખર-દૂષણ સામેના યુદ્ધમાં રામનો વિજય તેમના અપૂર્વ ક્ષાત્ર સામર્થ્યની સાબિતી આપે છે. અને એ રીતે એમના વ્યક્તિત્વમાં રહેલી સાત્ત્વિકતા અને વીરત્વના અંશોની સમપ્રમાણતા સિદ્ધ થાય છે.

સીતાહરણ પછી રામના પાત્રનું વળી એક નવું પરિમાણ પ્રગટ થાય છે. વાચક હવે અનુભવે છે કે અત્યાર સુધી એણે એક વિરલ ધર્મમૂર્તિ અને ક્ષાત્રવીર તરીકે જોયેલા રામ અત્યંત કોમળ હૃદયના મનુષ્ય પણ છે. સીતા માટેનો એમનો શોક અને વિલાપ લક્ષ્મણને તેમ વાચકને પણ આશ્ચર્યચકિત કરે છે, છતાં એમના વ્યક્તિત્વની દૈવી પ્રતિભા લેશમાત્ર ન્યૂન થતી જણાતી નથી. મનુષ્યવિશેષ અને સામાન્ય માનવીનું આવું સુભગ મિશ્રણ જગતસાહિત્યની બીજી કોઈ કૃતિમાં ભાગ્યે જ જોવા મળશે. કિષ્કિન્ધાકાંડમાં રામની લોકોત્તરતા સંપૂર્ણ સિદ્ધ થાય છે. અયોધ્યાકાંડમાં વાચકે એમની અપૂર્વ લોકપ્રિયતા પ્રત્યક્ષ કરી હતી. એમના સૌમ્ય, ધર્મશીલ વ્યક્તિત્વે એકલા દશરથ અને કૌસલ્યાનો જ નહીં પણ રાજમહેલની અન્ય વ્યક્તિઓ ઉપરાંત રાણીઓનો તથા પોતાના ભાઈઓનો તથા અયોધ્યાવાસીઓનો છલકતો પ્રેમ સંપાદિત કર્યો છે. અરણ્યમાં તે તપસ્વીઓ પાસેથી એવાં જ માન અને આદર પામ્યા છે. પરંતુ કિષ્કિન્ધાકાંડમાં પોતે ઘાયલ કરેલા વાલી તથા તેની પત્ની તારા સહિત સર્વ વાનરોના હૃદય ઉપર થોડા જ સમયમાં રામ જે પ્રભાવ જમાવે છે તે એમની લોકોત્તરતાનું સૌથી શ્રેષ્ઠ પ્રમાણ બની રહે છે.

મનુષ્ય અને મનુષ્યેતર સૃષ્ટિ વચ્ચે આજના યુગે જે દીવાલ ઊભી કરી છે તે પ્રાચીન આર્યોએ જાણી નહોતી. એમની દૃષ્ટિમાં જીવનમાત્ર એક જ વિશ્વવ્યાપી ચેતનાનો આવિષ્કાર હતું એટલે મનુષ્યસૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિ તથા વનસ્પતિસૃષ્ટિ વચ્ચે તેઓ મનુષ્ય-મનુષ્ય વચ્ચેના જેવો જ પ્રેમસંબંધ કલ્પી શકતા. પરંતુ

જે વ્યક્તિની પ્રજ્ઞા સામાન્ય મનુષ્યની ચેતનાના કરતાં ઘણા વધારે ઊંડા સ્તર ઉપર પ્રતિષ્ઠિત થઈ હોય તે જ આવો સંબંધ કેળવી શકે. રામ અને વાનરો વચ્ચે પ્રેમ અને ભક્તિનો સંબંધ સ્થાપી વાલ્મીકિ એમ સૂચવતા જણાય છે કે રામની પ્રજ્ઞાએ દશ વર્ષના અરણ્યવાસ દરમિયાન એવું ઊંડાણ સિદ્ધ કર્યું હતું.

સુંદરકાંડમાં વાચક રામ અને સીતા બંનેને હનુમાનની દૃષ્ટિથી જુએ છે. અત્યાર સુધી કવિએ હનુમાનને એક બુદ્ધિમાન, સ્વસ્થ અને કાર્યકુશળ મંત્રી તરીકે નિરૂપ્યો છે. હવે તે રામ અને સીતાનો ભક્તિવિનમ્ર સેવક બની જાય છે અને વાચક પણ એના ભાવે રંગાય છે. રામ વિશે વાચકે જે કંઈ જોયું ને જાણ્યું છે તેણે પ્રેરેલો આદરભાવ હવે ભક્તિભાવમાં ફેરવાઈ જાય છે. રામના અને સીતાના પરસ્પર પ્રેમમાં એ અકલ્પ્ય સૌન્દર્યનું દર્શન કરે છે અને હનુમાનની જેમ એ પણ રામસીતાને એવા સુંદર પ્રેમથી ધન્ય થયેલાં માને છે. અશોકવાટિકામાં मलिनसंवीतां राक्षसीभिः समावृताम्, उपवासकृशां दीनां निःश्वसन्तीं पुनः पुनः, शोकध्यानपरां दीनां नित्यं दुःखपरायणाम्, प्रियं जनमपश्यन्तीं पश्यन्तीं राक्षसीगणम्.

[જેણે મલિન વસ્ત્ર ધારણ કર્યું હતું તેવી, રાક્ષસીઓથી વીંટળાયેલી, ઉપવાસથી કૃશ થઈ ગયેલી, દીન, વારંવાર નિઃશ્વાસ નાખતી, શોક અને ધ્યાનમાં ડૂબેલી, નિરંતર દુઃખથી ઘેરાયેલી, પોતાના પ્રિયજનને બદલે ચારે બાજુ રાક્ષસીઓને જોતી —]

એવી સીતાના દર્શને હનુમાનના હૃદયમાં ઉત્પન્ન કરેલા ભાવનું વર્ણન —

एवं सीतां तथा दृष्ट्वा हृष्टः पवनसम्भवः ।
जगाम मनसा रामं प्रशशंस च तं प्रभुम् ॥

[એવી સીતાને જોઈ પવનપુત્ર હનુમાનનું હૃદય હર્ષથી ભરાઈ ગયું અને તે રામને યાદ કરી તેમની પ્રભુતાની પ્રશંસા કરવા લાગ્યો.]

મનુષ્યહૃદયના ઊંડામાં ઊંડા ભાવને સાદામાં સાદી ભાષામાં વ્યક્ત કરવાની મહાકવિની શક્તિની પ્રતીતિ કરાવી જાય છે. વાચકનું હૃદય પણ રામને હવે પ્રભુ તરીકે સ્વીકારતું જણાય છે, અને આ નવીન ભાવનો અનુભવ એને એક બીજા સત્યની પણ પ્રતીતિ કરાવે છે, અને તે એ છે કે ધર્મનિષ્ઠાની કૃતકૃત્યતા મિલ્ટને કલ્પેલા ધ ગ્રેટ ટાસ્ક માસ્ટર (કર્તવ્યપાલનનો કડક હિસાબ માગનાર) ઈશ્વરની આજ્ઞાના ભયપ્રેરિત પાલનમાં રહેલી નથી પણ ગીતામાં વર્ણવેલા सुहृदं सर्वभूतानाम् (સર્વ પ્રાણીઓના મિત્ર) એવા તત્ત્વ પ્રત્યે હનુમાનના જેવી પ્રેમકોમળ ભક્તિ અનુભવવામાં છે.

યુદ્ધકાંડમાં વાલ્મીકિ, વાચકના હૃદયમાં આ રીતે પ્રતિષ્ઠિત થયેલા રામનું અજેયત્વ સિદ્ધ કરે છે. દેવોની સામે પણ અજિત રહેલું રાવણનું શરીરબળ અને શસ્ત્રબળ એક ધર્મનિષ્ઠ અને સત્યનિષ્ઠ મનુષ્યના બળ આગળ નિષ્ફળ જાય છે, અને એની સમગ્ર રાક્ષસસેનાનો માત્ર વાનરોના હાથે નાશ થાય છે. સત્યના અજેયત્વ વિશેની આજના યુગમાં બાલિશ લાગતી આ શ્રદ્ધા રામાયણમાં રામના કુશળ પાત્રનિરૂપણને કારણે કૃતિની માયાસૃષ્ટિનો એક અંતર્ગત અંશ બની રહે છે. સદીઓ સુધી ભારતની પ્રજાના હૃદયમાં सत्यमेव जयते नानृतम् એ શ્રદ્ધા જીવતી રહી છે અને અનેક કડવા અનુભવો પણ એ શ્રદ્ધાને ડગાવી શક્યા નથી એ હકીકત, કવિ શેલીએ નિર્દેશેલી હૃદયના સંસ્કાર ઘડવાની કાવ્યની શક્તિનું ઉત્તમ પ્રમાણ પૂરું પાડે છે.

આમ અયોધ્યાકાંડમાં બીજરૂપે જોયેલું તત્ત્વ યુદ્ધકાંડમાં વાચક ફળરૂપે વિકસેલું પ્રત્યક્ષ કરે છે, અને એ રીતે કૃતિમાં વિષયની એકસૂત્રતાનો અનુભવ કરે છે.

વાલ્મીકિની આ અસાધારણ સિદ્ધિનું રહસ્ય તેનું વાર્તાકાર તરીકેનું કૌશલ છે. કવિ વાર્તાના કથનાત્મક, નાટ્યાત્મક, વર્ણનાત્મક અને સંવાદાત્મક અંશોનું કાવ્યોચિત પ્રમાણ સંપૂર્ણ રીતે જાળવી શક્યા છે. તેમ જ

કાવ્યની જુદી જુદી સૃષ્ટિઓનાં મુખ્ય પાત્રોમાંના દરેકનું વિશિષ્ટ, પ્રતીતિકર વ્યક્તિત્વ પણ સર્જી શક્યા છે. વળી અયોધ્યાકાંડથી યુદ્ધકાંડ સુધીના મુખ્ય પાંચ કાંડો, શેક્સ્પિયરનાં નાટકોના પાંચ અંકોની જેમ કથા અને પાત્રોને એકસાથે વિકસાવે છે, કથાપ્રવાહમાં ઉત્તેજના (ટેન્શન) અને વિશ્રાંતિ(રિલેક્સેશન)ની સમુચિત એકાંતરી ક્રમપરંપરા જળવાઈ રહે છે અને છેવટે રામ-રાવણના યુદ્ધમાં વાર્તારસ પરાકાષ્ઠાએ પહોંચ્યા પછી થોડા જ સમયમાં ઉત્તેજના સંપૂર્ણ વિરમી જતાં વાચકને મિલ્ટને વર્ણવેલી 'Calm of mind, all passion spent' ('બધી ઊર્મિઓનો વ્યય થઈ ગયા પછીની માનસિક શાતા') જેવી શાંતિની અનુભૂતિ થાય છે.

## ૨

અયોધ્યાકાંડની શરૂઆત શેક્સ્પિયરના વાચકને 'કિંગ લિયર'ની યાદ આપી જાય છે: શાંત દેખાતા વાતાવરણમાં અણધાર્યું તોફાન. બન્ને કૃતિઓમાં તોફાન અણધાર્યું છે, પરંતુ માત્ર અકસ્માતનું પરિણામ નથી. લિયર અને દશરથે જીવનભર પોષેલી તેમના ચારિત્ર્યની મુખ્ય નિર્બળતાઓ — લિયરની આત્મરતિ અને આપખુદી તથા દશરથની કામાસક્તિ — તેમની વૃદ્ધાવસ્થામાં પરિપાક પામી તેમને માટે મહાવ્યથાનાં અને છેવટે મૃત્યુનાં કારણ બને છે. પરંતુ લિયરના વિનાશની સાથે એ વિનાશનાં નિમિત્ત બનનાર તેની પુત્રીઓ ગૉનેરિલ તથા રિગન અને તેમના પ્રેમી એડમન્ડ ઉપરાંત રાજાની પ્રિય પુત્રી કૉર્ડિલિયાનો પણ વિનાશ થાય છે અને સારાયે રાજ્યમાં એક ગંભીર કટોકટી સર્જાય છે, જ્યારે અયોધ્યાના રાજકુટુંબને તથા તેની પ્રજાને રામની ધર્મજ્ઞતા અને ભરતનો ભ્રાતૃપ્રેમ એવી આપત્તિમાંથી ઉગારી લે છે.

એક કુશળ નાટ્યકારની આંતરસૂઝથી વાલ્મીકિ રામને વાચકની સમક્ષ પ્રત્યક્ષ રજૂ કરતાં પહેલાં તેના અપ્રતિમ ચારિત્ર્યનું વર્ણન કરીને તથા તેને યુવરાજપદે સ્થાપવા માંડલિક રાજાઓની અને રાજ્યનાં સર્વ નગરોના મહાજનોની સંમતિ લેવા દશરથે બોલાવેલી સભામાં તેની લોકપ્રિયતાનું દર્શન કરાવીને તેને વિશે વાચકની જિજ્ઞાસા જાગ્રત કરે છે. પછી એ ધર્મજ્ઞ, સૌમ્ય વિભૂતિનો સત્ત્વાંશ નાટ્યાત્મક રીતે પ્રગટ થાય એવી પરિસ્થિતિમાં એમને પ્રવેશ કરાવે છે. જીવનમાં તેમ સાહિત્યમાં, અક્ષત જીવનશક્તિથી સંપન્ન વ્યક્તિ અમુક પરિસ્થિતિમાં શું કહેશે અથવા કેમ વર્તશે એનું અગાઉથી અનુમાન કરવું ઘણી વખત અશક્ય થઈ પડે છે, પરંતુ જ્યારે એ વ્યક્તિ ખરેખર એવી પરિસ્થિતિમાં મુકાય છે ત્યારે એના શબ્દો અને વર્તન આપણને તદ્દન સ્વાભાવિક, અનિવાર્ય લાગે છે. શેક્સ્પિયર જેવા ઉત્તમ કોટિના કવિઓનાં સર્જનોમાં જ આપણને પાત્રનાં વાણી અને વર્તનની આવી અકળતા (અન્-પ્રિડિક્ટેબિલિટી) અને એની સાથે સ્વાભાવિકતા, અનિવાર્યતા-(ઇંન્એવિટિબિલિટી)ના મિશ્રણનું દર્શન થાય છે. વાલ્મીકિની કૃતિમાં પણ પાત્રોની સજીવતાનાં આવાં અનેક ઉદાહરણો મળી રહે છે.

રામના પહેલા જ પ્રવેશ સમયે વાલ્મીકિની આ પ્રકારની ઉત્કૃષ્ટ સર્જનશક્તિનો વાચકને પરિચય થાય છે. કૈકેયીને એણે માગેલું વરદાન પાછું ખેંચી લેવા માટે આખી રાત આજીજી-કાકલૂદીઓ કરી થાકેલા દશરથ કૈકેયીભવનમાં શૂન્યમનસ્ક પડી રહે છે. પ્રભાત થયું હોવા છતાં રામના યુવરાજપદે અભિષેકની કોઈ તૈયારી ન જોઈ અધીરા બનેલા પુરોહિતો સુમંત્રને અંતઃપુરમાં મોકલે છે, અને તે કૈકેયીની આજ્ઞાથી રામને ભવનમાં બોલાવી લાવે છે. હવે દશરથ રામને આખી પરિસ્થિતિ કેવી રીતે સમજાવશે અને રામ શો જવાબ આપશે એ વિશે વાચક અગાઉથી કોઈ અનુમાન કરી શકતો નથી. પણ વાલ્મીકિએ કરેલા આ પ્રસંગના નિરૂપણમાં દરેક પાત્રનું વર્તન એટલું સ્વાભાવિક લાગે છે કે એ નિરૂપણમાં કવિએ કોઈ વિશિષ્ટ કૌશલ દાખવ્યું છે એવું ભાન પણ વાચકને થતું નથી, અને છતાં તેની રસદૃષ્ટિ સંપૂર્ણ રીતે તૃપ્ત થાય છે. શિષ્ટાચાર પ્રમાણે રામ, દશરથ અને કૈકેયીને પગે લાગે છે, પણ દશરથ માત્ર 'રામ' સિવાય કશું બોલી શકતા નથી. પગે સાપ કરડ્યો હોય તેમ રામના મનમાં ધ્રાસકો પડે છે. 'સામાન્ય રીતે મને જોઈ, પિતાને કોઈ કારણે ક્રોધ

ચડ્યો હોય તો તે પણ ઊતરી જાય છે. તે પિતા આજે મને આનંદથી બોલાવતા કેમ નથી?' (अन्यदा मां पिता दृष्ट्वा कुपितोऽपि प्रसीदति એ એક લીટીમાં કવિએ પિતાપુત્રના પરસ્પર પ્રેમનું કેવું સુંદર દર્શન કરાવી દીધું છે!) તે કૈકેયીને પૂછે છે: 'મારો કંઈ અપરાધ થયો છે? તમે જ એમને શાંત પાડો ને... કદાચ તમે તો એમને કંઈ કઠોર વચન કહી ગુસ્સે કર્યા નથી ને?' (ઍરિસ્ટૉટલે ઉલ્લેખેલા વિધિહાસ, ડ્રૅમેટિક આઇરનીનું આ દૃષ્ટાંત જુઓ.) આગલા દિવસની સાંજ સુધી સરળ દેખાતી કૈકેયી, જેણે મંથરાના ઈર્ષ્યાપ્રેરિત સૂચનના જવાબમાં રામના સદ્ગુણોનું વર્ણન કર્યું હતું અને કહ્યું હતું કે कौसल्यातोऽतिरिक्तं च मम शुश्रूषते बहु (કૌસલ્યાથીયે વિશેષ એ મારી સેવા કરે છે.) તે સ્વાર્થબુદ્ધિ જાગ્રત થતાં કવિ કહે છે તેમ सुनिर्लज्जा બની રામને જવાબ આપે છે: 'હે રામ! રાજાને ન તો કોઈની ઉપર ગુસ્સો થયો છે કે નથી એમને શરીરે કંઈ અસુખ; એમના મનમાં કંઈક વિચાર છે પણ તે તારી બીકથી બોલી શકતા નથી.' સત્યની કેવી વિકૃતિ! અને દશરથની પાસે વરદાન માગતા પહેલાં જેવી રીતે પ્રતિજ્ઞાથી બાંધ્યા હતા તેમ રામને પણ બાંધવાની ઇચ્છાથી કહે છે: 'રાજાના મનમાં જે વાત છે તે તને પ્રિય લાગે કે અપ્રિય, પણ તું તે પ્રમાણે કરીશ તેવી પ્રતિજ્ઞા કરે તો હું જણાવું.'

રામનો જવાબ, તેમના જીવનની આ પહેલી કટોકટીની પળે તેમના સમગ્ર વ્યક્તિત્વનું ભવ્ય રૂપાંતર થઈ જતું બતાવે છે, અને એમનામાં આજ સુધી સુપ્ત રહેલા એક ગુણને પ્રગટ થતો આપણે જોઈએ છીએ.

अहो धिङ् नार्हसि देवि वक्तुं मामीदृशं वचः। तद्ब्रूहि वचनं देवि राज्ञो यदभिकाङ्क्षितम्।
अहं हि वचनाद् राज्ञः पतेयमपि पावके।। करिष्ये प्रतिजाने च रामो द्विर्नाभिभाषते।।

['શરમ છે, દેવી! મને આવું વચન કહેવાનું તમને શોભતું નથી. હું તો મહારાજના કહેવાથી અગ્નિમાં પણ કૂદી પડું. માટે તેમની જે ઇચ્છા હોય તે, દેવી, મને જણાવો. હું પ્રતિજ્ઞા કરું છું કે હું તે પ્રમાણે કરીશ. રામ એક વખત વચન આપી કદી ફરી જતો નથી.']

रामो द्विर्नाभिभाषते ત્રીજા પુરુષમાં બોલાયેલા, પોતાની ધર્મશ્રદ્ધા વિશે અચળ આત્મશ્રદ્ધા વ્યક્ત કરતા આ શબ્દોમાં આછાજતા ગર્વનો અંશ પણ નથી, અને છતાં તે શબ્દો યુવક રામમાં, ભવભૂતિએ એના પ્રખ્યાત वज्रादपि कठोराणि (વજ્રથીયે કઠોર) એ શબ્દોમાં જેનો નિર્દેશ કર્યો છે તે ધર્મદૃઢતાનું, સૂચન કરી જાય છે. 'ઉત્તરરામચરિત'માં ભવભૂતિએ પણ રામની આ ધર્મદૃઢતાને જ તેના वैदेहीमपि मुञ्चतो नास्ति मे व्यथा (સીતાનો પણ ત્યાગ કરતાં મને વ્યથા ન થાય.) એ ઉદ્ગારથી તેમ જ તેના ટૂંક રાજ્યમાં કરેલા અક્ષરશઃ અનુપાલનથી ઉપસાવી છે. અયોધ્યાકાંડના પહેલા સર્ગમાં જેમને વિશે કવિએ કહ્યું હતું કે:

स च नित्यं प्रशान्तात्मा मृदुपूर्वं च भाषते।
उच्यमानोऽपि परुषं नोत्तरं प्रतिपद्यते।

[વળી, તે રામની શાન્તિ કદી ક્ષુબ્ધ થતી નહીં અને તે દરેકની સાથે મૃદુ વાણીથી વાત કરતા. કોઈ તેમને અપ્રિય શબ્દો કહે તોપણ તેનો જવાબ આપતા નહીં.]

તે વિનમ્ર રામમાં रामो द्विर्नाभिभाषते કહેવાની હિંમત અને આત્મશ્રદ્ધા દશરથે પણ નહીં કલ્પી હોય. અને છતાં જે સંદર્ભમાં એ શબ્દો બોલાયા છે તેમાં તે કેટલા સ્વાભાવિક લાગે છે! 'કિંગ લિયર'માં રાજાની માગણીના જવાબમાં એની સૌથી નાની પુત્રી કૉર્ડિલિયાએ કહેલા શબ્દો 'Nothing my lord' ('કશું નહીં, મહારાજ') અને 'So young, my lord, and true' ('એટલી નાની, મહારાજ, છતાં સત્યનિષ્ઠ') પોતાની ધર્મનિષ્ઠા વિશેનો એનો જે સાત્ત્વિક ગર્વ સૂચવે છે તેવો જ ગર્વ રામમાં પણ આ આખા પ્રસંગમાં આપણે જોઈએ છીએ. (રામનો આ 'સાત્ત્વિક ગર્વ' આપણે એક જુદા જ, રાજસિક રૂપમાં, લંકાકાંડમાં સીતાની અગ્નિપરીક્ષાના પ્રસંગમાં જોઈશું.)

દશરથ પાસે પોતે માગેલા વરદાનની વાત કરી કૈકેયી આખી પરિસ્થિતિ, જરા વિકૃત રૂપે, રામને સમજાવે છે ત્યારે રામ એક ક્ષણ માટે પણ સંકોચ પામ્યા વિના કહે છે: एवमस्तु गमिष्यामि वनं वस्तुमहं त्वितः। (ભલે, તો હું વનમાં રહેવા જઈશ.) અને પછી ઉમેરે છે: 'પણ મને એક જ વસ્તુ ડંખે છે. ભરતને યુવરાજપદે સ્થાપવાની પોતાની ઇચ્છા પિતાએ જાતે જ મને કેમ ન જણાવી? તમારા કહેવાથીયે હું ભરતને રાજીખુશીથી સીતા, રાજ્ય, ધન, પ્રાણ, સર્વસ્વ આપી દઉં.' (હા, સીતા પણ! અગ્નિપરીક્ષાના પ્રસંગે રામની આ 'નિષ્ઠુરતા'નું ફરી દર્શન થશે.) 'હું અર્થલોભી બની આ સંસારમાં રહેવા માગતો નથી. ઋષિઓની જેમ મેં પણ પવિત્ર ધર્મપથ સ્વીકાર્યો છે. પિતા મને કહેતા નથી, તોપણ માત્ર તમારા વચનથી જ હું ચૌદ વર્ષ વનમાં જઈ રહીશ.' રામનો આ નિર્ણય સાંભળી દશરથ शोकादशक्नुवन् वक्तुं प्ररुरोद महास्वनम् (શોકને લીધે બોલી શક્યા નહીં અને પોકેપોક મૂકીને રડવા માંડ્યા.) એમની અસહ્ય લાચારી માટે આ महास्वनम् સિવાય બીજી કઈ વધારે યોગ્ય વાચા કલ્પી શકાય?

કવિ કહે છે કે 'વસુંધરા'નું રાજ્ય ત્યજી વનમાં જવા તૈયાર થયેલા રામના મુખ ઉપર દુઃખનું કોઈ ચિહ્ન દેખાતું ન હતું. ઊલટું, કૈકેયીભવનમાંથી નીકળી કૌસલ્યાના મહેલ તરફ જતાં રસ્તામાં મળતાં સર્વ જનોનું તેઓ તેમની સ્વાભાવિક મધુરવા વાચા સન્માન કરતા હતા. પરંતુ તેમને કંઈક દુઃખ તો જરૂર થયું હતું. કવિના જ શબ્દોમાં તે

धारयन् मनसा दुःखमिन्द्रियाणि निगृह्य च।
प्रविवेशात्मवान् वेश्म मातुरप्रियशंसिवान्॥

[પોતાનું દુઃખ મનમાં સમાવી તથા ઇન્દ્રિયોને સંયમમાં રાખીને આત્મજ્ઞાની રામ માતાને અપ્રિય સમાચાર આપવા તેમના મહેલમાં પ્રવેશ્યા.]

પોતાને કારણે લેશમાત્ર દુઃખી ન થનાર રામ, આ વિપત્તિના સમાચાર સાંભળી માતા કૌસલ્યાને જે દુઃખ થશે એની કલ્પનાથી અસ્વસ્થ થયા. કૌસલ્યાને જે રીતે એ સમાચાર આપે છે એમાં એમની અસ્વસ્થતા સંપૂર્ણ રીતે જણાઈ આવે છે. રામ કૌસલ્યાના મહેલમાં પહોંચ્યા ત્યારે કૌસલ્યા પૂજામાં બેઠાં હતાં. પુત્રને જોઈ આનંદઘેલી બનેલી માતા તેને ભેટવા દોડે છે, અને ભાવભીના આશીર્વાદ આપી તેને सत्यप्रतिज्ञ પિતાને મળવા જવાનું કહે છે. अद्यैव त्वां स धर्मात्मा यौवराज्येऽभिषेक्ष्यति ('તે ધર્માત્મા આજે જ તારો યુવરાજપદે અભિષેક કરશે') (!) એમ કહી તે રામને બેસવા માટે આસન આપે છે ને જમવા માટે આગ્રહ કરે છે. પણ

देवि नूनं न जानीषे महद् भयमुपस्थितम्।
इदं तव च दुःखाय वैदेह्या लक्ष्मणस्य च॥ * * *
गमिष्ये दण्डकारण्यं किमनेनासनेन मे। भरताय महाराजो यौवराज्यं प्रयच्छति।
विष्टरासनयोग्यो हि कालोऽयं मामुपस्थितः॥ मां पुनर्दण्डकारण्यं विवासयति तापसम्॥

[દેવી, તમને ખબર નથી કે તમને, વૈદેહીને તથા લક્ષ્મણને દુઃખી કરે એવી મહાન આપત્તિ ઉપસ્થિત થઈ છે. હું તો હવે દંડકારણ્યમાં જવાનો છું, મારે આ આસન શા કામનું? મારે માટે તો દર્ભના આસનનો ઉપયોગ કરવાનો સમય આવ્યો છે... મહારાજ ભરતને યુવરાજપદે સ્થાપે છે અને મને તાપસનું જીવન જીવવા દંડકારણ્યમાં મોકલે છે.]

વાચકની બુદ્ધિ કદાચ પ્રશ્ન કરશે કે 'રાજાની આજ્ઞાથી હું અગ્નિમાં પ્રવેશ કરવા તૈયાર થાઉં' એમ કૈકેયીને બેધડક જવાબ આપનાર રામ, અને કૌસલ્યા સાથેના આ દૃશ્યમાં આપણે જોઈએ છીએ તે રામ, બંને ખરેખર એક જ વ્યક્તિ છે? પણ કવિની કળાના જાદુ આગળ શંકા લાંબો સમય ટકતી નથી. 'સરસ્વતીચંદ્ર'માં સૌમનસ્ય ગુફામાં સરસ્વતીચંદ્ર સાથે સૂક્ષ્મપ્રીતિયોગની ધન્યતા અનુભવતી કુમુદ પણ

પ્રમાદના મૃત્યુના સમાચાર સાંભળી ધ્રુસકે ધ્રુસકે નથી રડી પડતી? અને શેક્સ્પિયરનો હેમ્લેટ પણ, જે ઓફિલિયાનો તેણે Get thee to a nunnery go (જા. વેશ્યાગૃહમાં જા.) કહી ક્રૂર તિરસ્કાર કર્યો હતો, તેનો મૃતદેહ જોઈ તેની સાથે દટાવા ઘોરમાં નથી કૂદી પડતો?

I loved Ophelia: forty thousand brothers
Could not with all their quantity of love
Make up my sum.

[મને ઓફિલિયા માટે પ્રેમ હતો. ચાલીસ હજાર ભાઈઓના પ્રેમનો સરવાળો પણ મારા પ્રેમની તોલે ન આવે.]

ઉપનિષદ કહે છે કે મનુષ્યનું હૃદય એકની પાછળ બીજી અને તેની પાછળ ત્રીજી એમ ગુહાપરંપરા જેવું છે. તેમાં એક પછી એક એમ અનેક પડ હોય છે. કવિની સર્જનપ્રતિભા એ ભિન્ન પડોની પાછળ રહેલી મૂળભૂત એકતાની પ્રતીતિ કરાવે છે. વાલ્મીકિ રામાયણમાં આ જાદુનાં અનેક દૃષ્ટાંતો મળી આવશે.

માતૃપ્રેમે પ્રેરેલું हृदयदौर्बल्य રામની ધર્મનિષ્ઠાને એક ક્ષણ માટે શિથિલ નથી કરતું તેમ એ ધર્મનિષ્ઠાને ટકાવી રાખવા માટે પ્રયત્નપૂર્વક હૃદયની કોમળતાને દબાવી દેવાની પણ રામને જરૂર નથી પડતી. રામના હૃદયમાં પ્રેમની મૃદુતા અને ધર્મની દૃઢતા સાથે વસે છે, અને એ જ એના ચારિત્ર્યની અલૌકિકતા છે. એ બે તત્ત્વો વચ્ચે સંઘર્ષ માત્ર સીતાની અગ્નિપરીક્ષાના પ્રસંગમાં જ આપણે જોઈએ છીએ. રામને એના નિર્ણયમાંથી ચળાવવા કૌસલ્યા કલ્પાંત કરી મૂકે છે, અને રામના પ્રિય ભાઈના મુખમાં જેની આપણે કલ્પના પણ ન કરી શકીએ એવાં વચનો લક્ષ્મણ પણ ઉગ્ર ક્રોધને વશ થઈ દશરથ વિરુદ્ધ બોલે છે. પરંતુ રામ લેશમાત્ર અધીરાઈ દાખવ્યા વિના પ્રેમથી કૌસલ્યાના દુ:ખનું અને લક્ષ્મણના ક્રોધનું સાંત્વન કરે છે. કૌસલ્યા રામને કહે છે: જેમ રાજા તારા વડીલ હોવાથી તારે માટે પૂજ્ય છે તેમ હું પણ પૂજ્ય છું. અને હું તને રજા આપતી નથી. તારે વનમાં જવાનું નથી.

રામ આ દલીલનો તર્કથી જવાબ નથી આપતા; કોઈ જવાબ શક્ય નથી. પુત્રના પ્રેમઅધિકારથી તે માતાને વીનવે છે:

नास्ति शक्तिः पितुर्वाक्यं समतिक्रमितुं मम । अनुमन्यस्व मां देवि गमिष्यन्तमितो वनम् ।
प्रसादये त्वां शिरसा गन्तुमिच्छाम्यहं वनम् ॥ शापितास्मि मम प्राणैः कुरु स्वस्त्ययनानि मे ॥

[પિતાનું વચન ઉથાપવા હું અસમર્થ છું. હું પ્રણામ કરી તમને પ્રસન્ન થવા વીનવું છું. હું વનમાં જવા તૈયાર થયો છું અને તે માટે, હે દેવી! તમે મને રજા આપો. તમને મારા પ્રાણના સમ છે, મને આશીર્વાદ આપો.]

અને અતિક્રોધથી વિવેક ભૂલી ગયેલા લક્ષ્મણને પ્રેમથી

विसृज्य बाष्पं परिसान्त्व्य चासकृत् स लक्ष्मणं राघववंशवर्धनः ।
उवाच पित्रोर्वचने व्यवस्थितम् निबोध मामेष हि सौम्य सत्पथः ॥

[રઘુવંશની વૃદ્ધિ કરનાર રામે લક્ષ્મણનાં આંસુ લૂછી તથા તેને અનેક પ્રકારે શાંત કરી કહ્યું: 'પિતાનું વચન પાળવાનો મેં દૃઢ નિશ્ચય કર્યો છે એમ જાણજે. હે સૌમ્ય! સત્પુરુષોએ સેવેલો માર્ગ આ જ છે.']

કૌસલ્યાના આશીર્વાદ મેળવી રામ સીતા પાસે જાય છે. વાલ્મીકિની સીતા બહુજનસમાજે કલ્પેલી વિનમ્ર, આજ્ઞાંકિત પત્ની નથી. તેને પોતાનું આગવું વ્યક્તિત્વ છે, રામના જેવી જ ધર્મદૃઢતા છે ને તેનો ગર્વ પણ છે. તેનું સ્વમાન ઘવાય છે ત્યારે રામને પણ ઉગ્ર શબ્દોમાં તે સંભળાવી શકે છે. પોતાની ગેરહાજરીમાં અયોધ્યામાં કેવી રીતે રહેવું એ વિશે રામની શાણી સલાહ સાંભળી સીતા प्रणयादेव संक्रुद्धा પ્રેમને લીધે જ (ગુસ્સે થયેલી) રામને કહે છે:

किमिदं भाषसे राम वाक्यं लघुतया ध्रुवम्।
त्वया यदपहास्यं मे श्रुत्वा नरवरोत्तम॥

अनुशिष्टास्मि मात्रा च पित्रा च विविधाश्रयम्।
नास्मि सम्प्रति वक्तव्या वर्तितव्यं यथा मया॥

[રામ, તમે મને નાની સમજી આ શું કહો છો? તમારાં વચનો સાંભળી મને હસવું આવે છે. . . . ક્યારે કેવી રીતે વર્તવું એ વિશે મારાં માતાપિતાએ મને પૂરેપૂરું શિક્ષણ આપ્યું છે. આ પ્રસંગે મારે શું કરવું તે તમારે મને કહેવાની જરૂર નથી.]

એક રાજપુત્રીનો પોતાની કુલીનતા વિશેનો ગર્વ જુઓ! પત્નીને સાથે વનમાં લઈ જતાં રામના ક્ષાત્ર સ્વભાવને કોઈ આશંકા થતી હોય તો સીતા તેનું નિવારણ કરે છે: नय मां वीर विस्रब्धः पापं मयि न विद्यते। (હે વીર, તું મને આશંકા રાખ્યા વિના લઈ જા. મારામાં કોઈ પાપ નથી.) (યુદ્ધકાંડમાં આપણે અગ્નિદેવને આની સાક્ષી પૂરતા જોઈશું.) પછી એ જ આત્મવિશ્વાસથી ઉમેરે છે: सुखं वने निवत्स्यामि यथैव भवने पितुः। (પિતાના મહેલમાં રહેતી હતી તેટલા જ આનંદથી વનમાં રહીશ.) વનમાં લઈ જવા માટે તે રામને વીનવતી નથી પણ

साहं त्वया गमिष्यामि वनमद्य न संशयः।
नाहं शक्या महाभाग निवर्तयितुमुद्यता॥

[હું આજે તમારી સાથે વનમાં જવા નીકળીશ એમાં શંકા નથી. હે મહાભાગ! વનમાં જવા તૈયાર થયેલી મને તમે રોકી નહીં શકો.]

સીતાના આ નિશ્ચયબળનો અનુભવ રાવણને પણ થવાનો છે. પોતાની ધર્મદૃઢતાથી દશરથ અને કૌસલ્યાના પુત્ર મટી તેમના વકીલ જેવા બનેલા રામ સીતાની સમક્ષ આ પળે જરા ઝાંખા પડી જતા લાગે છે. વનવાસનાં અનેક દુઃખનું વર્ણન કરી તે જ્યારે સીતાનું મન બદલવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેમને સીતાના ઉગ્ર તેજનો જીવનમાં (કદાચ) પહેલી વખત અનુભવ થાય છે. કવિએ શરૂઆતમાં જેને પ્રિયવાદિની કહી છે તે સીતા

प्रणयाच्चाभिमानाच्च परिचिक्षेप राघवम्॥
किं त्वा मन्यत वैदेहः पिता मे मिथिलाधिपः।
राम जामातरं प्राप्य स्त्रियं पुरुषविग्रहम्॥

[પ્રેમ અને અભિમાનથી પ્રેરાઈ તેણે રામ ઉપર ઉગ્ર પ્રહાર કર્યા: 'રામ, શરીરે પુરુષ પણ સ્વભાવે સ્ત્રી એવા તમે જમાઈ મળ્યા છો એમ મારા પિતાને ખ્યાલ પણ નહીં હોય.']

અને

स्वयं तु भार्यां कौमारीं चिरमध्युषितां सतीम्।
शैलूष इव मां राम परेभ्यो दातुमिच्छसि॥

['જેમ કોઈ નટ, તેની સાથે લાંબા સમય સુધી રહેલી છતાં કુમારી એવી પોતાની સતી પત્ની અન્ય પુરુષને સોંપી દે તેમ તમે પણ મને અન્ય પુરુષને સોંપી દેવા તૈયાર થયા છો?']

આ ઉગ્ર વચનોથી ગુસ્સે થવાને બદલે

तां परिष्वज्य बाहुभ्यां विसंज्ञामिव दुःखिताम्।
उवाच वचनं रामः परिविश्वासयंस्तदा॥

यत् सृष्टासि मया सार्धं वनवासाय मैथिलि।
न विहातुं मया शक्या प्रीतिरात्मवता यथा॥

* * * * * *

सर्वथा सदृशं सीते मम स्वस्य कुलस्य च।
व्यवसायमनुक्रान्ता कान्ते त्वमतिशोभनम्॥

[દુઃખથી લગભગ બેભાન બનેલી સીતાને બાહુથી છાતીસરસી ચાંપી તેને વારંવાર વિશ્વાસ આપીને રામ બોલ્યા:

'...હે મૈથિલી! તું મારી સાથે વનવાસ ભોગવવા જન્મી છે તો, જેમ આત્મજ્ઞાની પુરુષ પોતાની પ્રસન્નતા છોડી શકતો નથી તેમ હું તને છોડી શકું તેમ નથી....

'પ્યારી સીતા! મારી સાથે આવવાનો તારો નિશ્ચય અતિસુંદર છે અને તે મારા તથા તારા કુળને સર્વ રીતે શોભા આપનારો છે.']

સીતા અને રામ વચ્ચેના પહેલા જ સંવાદમાં કેટલી સુંદર કળાથી વાલ્મીકિએ બેનું અદ્વૈત સિદ્ધ કર્યું છે!

લક્ષ્મણ રામની વિમૂર્તિ (ફૉઇલ) છે. રામના હૃદયમાં સર્વને માટે ઊંડો પ્રેમ અને એટલી જ ઊંડી, નિર્મળ ધર્મનિષ્ઠા છે. લક્ષ્મણના ચારિત્ર્યનું એકમાત્ર પ્રેરક બળ તેનો રામ માટેનો પ્રેમ છે, અને એ રામની સેવા માટે જ જીવતો હોય એમ જણાય છે. પણ એનો પ્રેમ એક પ્રકારની પ્રાણીસહજ આસક્તિ છે. ભરતનો રામ માટેનો પ્રેમ લક્ષ્મણના પ્રેમ જેટલો જ ઉત્કટ છે, પણ સાથે સાથે એનામાં રામના જેવી નિર્મળ ધર્મબુદ્ધિ પણ ખીલી છે. લક્ષ્મણમાં ભરતનાં ધર્મબુદ્ધિ કે વિવેકનું દર્શન થતું નથી. છતાં એનું રામની સેવામાં આત્મ-સમર્પણ એટલું સંપૂર્ણ છે કે એનો કોઈ દોષ કે એના ચારિત્ર્યની કોઈ ત્રુટિ વાચક લક્ષમાં લેવાનો જ નહીં.

લક્ષ્મણના પ્રેમના આગ્રહને વશ થઈ રામ એને પણ વનમાં સાથે આવવાની અનુમતિ આપે છે, અને પછી રામ, સીતા અને લક્ષ્મણ ત્રણે દશરથની રજા લેવા કૈકેયીભવનમાં જાય છે. આ બિંદુથી કથાપ્રવાહનો વેગ અને ઉત્તેજનાની માત્રા એકદમ વધી જાય છે, અને વાલ્મીકિની કથનકળા પૂરેપૂરી ખીલી ઊઠે છે. રામના વનપ્રયાણના સમાચાર વાયુવેગે નગરમાં ફેલાઈ જાય છે. રાજકુટુંબની વિપત્તિ સમગ્ર પ્રજાની વિપત્તિ બની જાય છે અને અયોધ્યામાં જાણે કે શોકનું ઘોડાપૂર ઊભરાય છે. રામની લોકપ્રિયતાનો કંઈક ખ્યાલ તો આ અગાઉ વાચકને આવી ચૂક્યો છે, પણ એની અલૌકિક પ્રેમાકર્ષણશક્તિની પ્રતીતિ હવે જ થાય છે. વનમાં જવા નીકળેલાં રામ, લક્ષ્મણ અને સીતાના રથની આજુબાજુ ફરી વળેલાં લોકોનાં ટોળાં પાછળ નાચતી હોય તેમ અડબડિયાં ખાતી ખાતી દોડતી કૌસલ્યા અને તેની પાછળ દોડવાનો પ્રયત્ન કરતાં પડી ગયેલા અને ઊભા થયેલા તથા રથ રોકવા માટે સુમન્ત્રને મોટેથી બૂમો પાડતા દશરથ, અને આ દૃશ્ય જોઈ ન શકવાથી સુમન્ત્રને ઉતાવળે રથ દોડાવી મૂકવાનું કહેતા રામ — આ ચિત્ર વાચકની કલ્પનામાંથી જલદી ભૂંસાય તેવું નથી. સરયૂ નદીના કિનારે નગરજનોને ઊંઘતા છોડી વહેલી પરોઢે રામનો રથ ચાલી નીકળે છે ત્યાર પછી જ કંઈક શાંતિ અનુભવાય છે. પોતાના જીવનમાં કદાચ પહેલી વખત અનુભવેલી પ્રચંડ સમૂહોર્મિ(મૉસ ઇમોશન)ના દબાણથી રામનાં મન અને હૃદય એટલાં થાકી ગયાં છે કે બીજા દિવસે ગંગા પાર કર્યા પછી, સાંજે એ ત્રણે નિર્વાસિતો એકલાં પડે છે ત્યારે, એ નિર્જન સ્થળની શૂન્યતામાં અને ઊતરતા અંધકારની છાયામાં રામની ધીરતા અને સ્વસ્થતા તદ્દન અદૃશ્ય થઈ જાય છે. અર્જુને પણ નહીં અનુભવેલા એવા હૃદય-દૌર્બલ્યના ક્ષણિક આવેશમાં એ દશરથ અને કૈકેયી ઉપર જે આક્ષેપો કરે છે તે સામાન્ય રીતે રામ સ્વપ્નમાં પણ કરે એમ વાચક માની શકતો નથી. અંતે

एतदन्यच्च करुणं विलप्य विजने बहु।
अश्रुपूर्णमुखो दीनो निशि तूष्णीमुपाविशत्।।

[આ રીતે તથા બીજી અનેક રીતે એ નિર્જન સ્થાનમાં કરુણ વિલાપ કરી, આંસુથી ખરડાયેલા દીન મુખવાળા રામ, રાત્રિ પડતાં સૂનમૂન બેસી ગયા.]

કવિનો ઉદ્દેશ મનુષ્યહૃદયની ઉદાત્તતા અને નિર્બળતા એણે જેવાં જોયાં છે તેવાં નિરૂપવાનો છે. ગાંધીજી કહેતા કે સત્ય એક સ્વયંક્રિયાશીલ બળ છે — Truth is a self-acting force. એને શણગારની જરૂર ન હોય. વાલ્મીકિના રામ પણ પોતે છે તેનાથી વધારે સારા દેખાવાનો કદી પ્રયત્ન નથી કરતા. એમની ધર્મનિષ્ઠા હમેશાં એમના હૃદયની સહજ પ્રવૃત્તિ છે અને તેથી જ તે, જેવી છે તેવી, પ્રતીતિકર બની રહે છે.

વનવાસના પહેલા દિવસના આ ક્ષણિક અનુભવથી રામની છુપાઈ રહેલી નિર્બળતા જાણે કાયમ માટે નીકળી ગઈ હોય તેમ લક્ષ્મણના સાન્ત્વનશબ્દોથી સ્વસ્થ બની તેઓ વનવાસધર્મના આચરણ માટે પ્રવૃત્ત થયા. બીજે દિવસે સવારે 'વિમળ' સૂર્યોદય થયો ત્યારે રામના આંતરિક જીવનમાં પણ જાણે એનો પ્રકાશ ફેલાઈ રહ્યો. ત્રણે જણ અયોધ્યાનો ક્લેશ અને શોક ભૂલી વનલક્ષ્મી નિહાળતાં ગંગાયમુનાના સંગમસ્થાન પાસે આવેલા ભરદ્વાજ મુનિના આશ્રમ તરફ ચાલી નીકળ્યાં. એક રાત્રિ ભરદ્વાજના આશ્રમમાં ગાળી બીજે દિવસે ચિત્રકૂટ તરફ પ્રયાણ કર્યું ત્યારે વનની શોભા સીતાના હૃદયના નિર્દોષ ઉલ્લાસનું પ્રતીક બની રહી હોય એમ વાચકને ભાસે છે. સુરમ્ય ચિત્રકૂટ પાસે પહોંચતાં માલ્યવતી નદીના દર્શને રામનું હૃદય આનંદ અને હર્ષથી ઊભરાઈ ગયું અને તેણે जहौ च दुःखं पुरविप्रवासात् (નગર છોડવાથી જે દુઃખ થયું હતું તેનો ત્યાગ કર્યો.) ચિત્રકૂટમાં થોડા દિવસના નિવાસ પછી રામ સીતાને કહે છે :

न राज्यभ्रशनं भद्रे न सुहृद्भिर्विनाभवः । दर्शनं चित्रकूटस्य मन्दाकिन्याश्च शोभने ।
मनो मे बाधते दृष्ट्वा रमणीयमिमं गिरिम् ॥ अधिकं पुरवासाच्च मन्ये तव च दर्शनात् ॥

* * * * * *

यदीह शरदोऽनेकास्त्वया सार्धमनिन्दिते । उपस्पृशंस्त्रिषवणं मधुमूलफलाशनः ।
लक्ष्मणेन च वत्स्यामि न मां शोकः प्रधर्षति ॥ नायोध्यायै न राज्याय स्पृहये च त्वया सह ॥

* * *

[હે ભદ્રે! આ રમણીય પર્વત જોઈ મને ન તો રાજ્ય ખોયાનું કે ન તો સ્વજનોના અભાવનું દુઃખ રહે છે. . . .

હે નિર્મળ કીર્તિવાળી સીતા, તારી તથા લક્ષ્મણ સાથે અહીં અનેક વર્ષો સુધી રહેતાં પણ મને કંઈ દુઃખ ન થાય. . . .

શુભદર્શના સીતા! ચિત્રકૂટ કે મન્દાકિનીનું દર્શન મને નગરવાસ કે તારા દર્શનથી પણ વધારે આનંદ આપે છે. . . .

નિત્ય ત્રણ કાળનું સ્નાન કરી તથા મધુફળમૂળ ખાઈ તારી સાથે દિવસો પસાર કરતાં અયોધ્યા માટે કે રાજ્ય માટે, કોઈ સ્પૃહા મને રહી નથી.]

રાજવૈભવના સુખ કરતાં પ્રકૃતિસૌંદર્યનો અને પ્રિયજનના સહવાસમાં નિવૃત્ત જીવન ગાળવાનો આનંદ કેટલો વધારે ઊંડો હોઈ શકે છે એની શોધ સાથે રામનું આંતરિક જીવન એક નવી, ઉચ્ચતર ભૂમિકા પ્રાપ્ત કરતું જણાય છે.

રામને સમજાવી અયોધ્યા પાછા લઈ જવા ચિત્રકૂટ આવેલા ભરતની સાથેના મિલનપ્રસંગે રામની આ નવપ્રાપ્ત સ્વસ્થતાનું વાચકને પ્રતીતિકર દર્શન થાય છે. દશરથના મૃત્યુના સમાચારથી વાતાવરણ થોડો સમય ક્ષુબ્ધ થાય છે ખરું, પરંતુ અયોધ્યાનાં ઊર્મિવ્યાકુલ દૃશ્યોનું ચિત્રકૂટ ઉપર પુનરાવર્તન થતું નથી. એક રાત્રિની શોકવાર્તા પછી બીજે દિવસે વાતાવરણ પુનઃ શાંત થઈ જાય છે, અને રામે અયોધ્યા પાછા જવું કે નહીં એ પ્રશ્નની, શાસ્ત્રીઓની સભામાં થતી હોય એમ જરા પંડિતશાઈ ઢબે ચર્ચા થાય છે. વાચક જુએ છે કે અયોધ્યામાં નિશ્ચયબળથી ધર્મપથને વળગી રહેતા રામ કરતાં ચિત્રકૂટ ઉપર ભરત તથા જાબાલિને ધર્મનું રહસ્ય સમજાવતા રામ વધારે ઊંચી ભૂમિકા ઉપરથી બોલે છે. તેમની ધર્મદૃઢતા આગળ બધી દલીલો વ્યર્થ જાય છે, અને ભરતને રામની પાદુકાઓથી સંતોષ માની પાછા ફરવું પડે છે. રામની જીવનકથાનું પહેલું પ્રકરણ અહીં પૂરું થાય છે. અયોધ્યાના રાજકુટુંબમાં દશરથની કામાસક્તિ અને કૈકેયીની મૂર્ખતાને કારણે જે અનિષ્ટ પ્રવેશ્યું હતું તેનું રામ અને ભરતની ધર્મનિષ્ઠા દ્વારા નિવારણ થાય છે અને રઘુકુળમાં ધર્મ અને સંવાદિતાની જે પરંપરા હતી તે વધારે દૃઢ રૂપે પુનઃપ્રસ્થાપિત થાય છે.

એક યુવક માટે ગંભીર ગણી શકાય એવી કટોકટીમાં સિદ્ધ થયેલી ધર્મનિષ્ઠાના બળ સાથે રામ ચિત્રકૂટ છોડી અરણ્યમાં પ્રવેશ કરે છે. વાચકની કલ્પનામાં અરણ્ય એટલે પ્રકૃતિની રમણીયતા અને તપસ્વીઓની સાત્ત્વિક સાધના. પરંતુ પ્રકૃતિના આ ત્રિગુણાત્મક જગતમાં શુભ અને અશુભનું અવિભાજ્ય દ્વંદ્વ પ્રવર્તે છે. શેક્સ્પિયર કહે છે તેમ અનિષ્ટ વસ્તુઓમાં પણ સદ્અંશ રહેલો હોય છે (There is a soul of goodness in things evil) પણ તે જ પ્રમાણે એ પણ સત્ય છે કે There is a soul of evil in things good (સારી વસ્તુઓમાં પણ અનિષ્ટનો અંશ રહેલો હોય છે). અરણ્ય આપણાં આંખ અને મનને પ્રફુલ્લિત કરતી વનશ્રીનું તથા હૃદયને પુનિત કરતી તપસ્યાનું પ્રતીક છે, પણ સાથે સાથે તે મનુષ્યની કલ્પનાને ભયભીત કરતી, તેના અજ્ઞાત માનસની બિહામણી સૃષ્ટિના પ્રતીક સમા રાક્ષસોની સંચારભૂમિ પણ છે. રામનું જીવનકાર્ય એ રાક્ષસજગતને વશ કરી એમાં ધર્મની સ્થાપના કરવાનું છે, અજ્ઞાત માનસના અંધકાર-પ્રદેશ ઉપર બુદ્ધિ અને વિવેકનો અંકુશ સ્થાપવાનું છે. રામચંદ્ર મનુષ્યજીવનમાં પ્રેમની રમણીયતા અને ધર્મબુદ્ધિના પ્રકાશના પ્રતીક છે, અને તેથી જ ભારતની પ્રજાએ એમને સૂર્યવંશી કલ્પ્યા છે.

પ્રકાશ અને અંધકાર વચ્ચેના આ સંઘર્ષની શરૂઆત થાય છે પંચવટીમાં શૂર્પણખાના આગમનથી. સીતાના સંસ્કારી જીવનોલ્લાસની સામે તે સ્વૈરવિહારી, નિરંકુશ કામની પ્રતીક છે, અને રામે તથા લક્ષ્મણે કરેલા તેના અપમાનથી ક્રોધે ભરાઈ પોતાના રાક્ષસભાઈઓને તે રામસીતાના જીવનની સુંદરતા નષ્ટ કરવા પ્રવૃત્ત કરે છે. એ માટે રાવણ મનુષ્યના સૌંદર્યપ્રેમને જ સાધન બનાવે છે. માયામૃગથી સીતાનું મન લોભાય છે, અને રામ એના પ્રેમને વશ થઈ મૃગને જીવતો કે મરેલો પકડી લાવવા તેની પાછળ દોડે છે. (ઍરિસ્ટૉટલે કરુણ-ગંભીર નાટકના નાયક માટે આવશ્યક લેખેલી નિર્બળતા — hamartia — નું જ આ દૃષ્ટાંત. ભેદ એટલો જ કે વાલ્મીકિએ એકલા નાયકમાં નહીં પણ નાયક અને નાયિકા, બંનેમાં એનું દર્શન કરાવ્યું છે.) આ નજીવી દેખાતી ભૂલનું પરિણામ સીતાહરણ અને રામરાવણનું યુદ્ધ, જેની સરખામણી ભારતીય આલંકારિકોના મત પ્રમાણે, રામરાવણના યુદ્ધ સાથે જ થઈ શકે.

સીતાહરણના પ્રસંગને રામાયણની કથાનું કટોકટીબિંદુ ગણાવી શકાય. શેક્સ્પિયરનાં નાટકોમાં પણ આ બિંદુ બીજા અંકને અંતે અથવા ત્રીજા અંકની શરૂઆતમાં આવે છે. એ બિંદુએ નાયક-પ્રતિનાયક-સંઘર્ષમાં પ્રતિનાયક વિજયી થતો જણાય છે. વાલ્મીકિની કથનકળા અહીં ફરી પૂર્ણ રૂપે ખીલી ઊઠે છે, અને પ્રસંગના નાટ્યાત્મક અંશો વાચકની સ્મૃતિમાં ન ભૂંસાય એવી રીતે કોતરાઈ જાય છે. જેણે વાલ્મીકિ રામાયણ મૂળમાં કે અનુવાદમાં નથી વાંચ્યું પણ તેનો કથાસાર જ સાંભળ્યો છે તેવા અનેક વાચકો માટે પણ સીતાહરણનો પ્રસંગ કથાની સૌથી વધુ હૃદયસ્પર્શી સ્મૃતિ બની રહે છે. આનું એક કારણ એ છે કે કથાના મુખ્ય પ્રસંગો — રામનું વનપ્રયાણ, સીતાહરણ, વાલીવધ અને અશોકવાટિકામાં સીતાહનુમાન-મિલન, જે કૃતિનાં અંગભૂત ચાર નાટ્યકાવ્યો (ડ્રૅમૅટિક પોઇમ્સ) છે — તે સર્વમાં સીતાહરણનો પ્રસંગ તેના નાટ્યાત્મક અને કાવ્યાત્મક અંશોની સમપ્રમાણતાથી સામાન્ય વાચક માટે સૌથી વધુ યાદગાર બની રહે છે.

રાવણ અને મારીચ વચ્ચેનો લાંબો સંવાદ નાટકના પૂર્વકથન(પ્રોલૉગ)ની ગરજ સારે છે. તે વાચકને સીતાહરણની યોજનાની રૂપરેખા આપી દે છે, અને એ યોજના હવે કેવી રીતે કાર્યાન્વિત થાય છે એ જોવા વાચક ઉત્સુક બને છે. માયામૃગના વર્ણનરૂપ પ્રથમ દૃશ્ય તો એક સુંદર ઊર્મિકાવ્ય છે. ભૌતિક સૌંદર્યની મોહક શક્તિનું તે પ્રતીક બની રહે છે. સીતા અને રામ એકલાં જ મૃગના અલૌકિક સૌંદર્યથી મોહિત નથી થતાં. કવિ પણ એનો પ્રભાવ સ્વીકારતા જણાય છે અને વાચકને પણ તેનો અનુભવ કરાવે છે. એકલો લક્ષ્મણ માયામૃગની મોહક શક્તિથી અંજાતો નથી. તેનું વ્યક્તિત્વ કવિએ પ્રથમથી જ કલ્પનાવિહીન (અન-ઇમે-

જિનેટિવ) નિરૂપ્યું છે. પરંતુ અત્યાર સુધી જે લક્ષણ તેનામાં દોષરૂપે જણાતું હતું તે આ પ્રસંગે ગુણરૂપે દેખાય છે. રામ અને સીતાની ધર્મનિષ્ઠા કલ્પનાશીલ વ્યક્તિઓમાં જ સંભવે. પણ એવી વ્યક્તિઓની કલ્પના જ કોઈ પ્રસંગે એમની નિર્બળતા રૂપે જણાય. એવા પ્રસંગોમાં એમને, બહુજનસમાજને પરિચિત એવા વાસ્તવિક જગતમાં વસતાં, નક્કર પૃથ્વી ઉપર ચાલતાં અને કલ્પનાની ભાષા પ્રત્યે હમેશાં શંકાશીલ રહેતાં પ્રાકૃત સ્ત્રીપુરુષોના રક્ષણની જરૂર રહે છે.

સીતાહરણના પ્રસંગમાં લક્ષ્મણ રામ અને સીતાને માયામૃગના યથાર્થ સ્વરૂપ વિશે ચેતવણી આપીને એ પ્રકારનું રક્ષણ આપવાનો નિષ્ફળ પ્રયત્ન કરે છે, અને એમ કરવા માટે એને કિંમત ચૂકવવી પડે છે. મારીચના 'હે લક્ષ્મણ, હે સીતા'ના માયાવી પોકારથી એ છેતરાતો નથી, અને રામના રક્ષણાર્થે દોડી જવાની સીતાની આજ્ઞાનો વિરોધ કરે છે. ભયથી વિવેકહીન બનેલી સીતામાં આ પળે જે ક્રોધ ભભૂકી ઊઠે છે અને તેને જે આગઝરતી વાણીમાં તે વ્યક્ત કરે છે તે વાચકને ક્ષણભર આશ્ચર્યમૂઢ કરે છે. સૌમ્યમૂર્તિ જેવી જણાતી સીતાના હૃદયના કયા ખૂણામાં આ ક્રોધનું બીજ છુપાઈ રહ્યું હશે? તેના ક્રોધના પ્રત્યુત્તરરૂપે લક્ષ્મણના હૃદયમાં પણ ક્રોધ સળગી ઊઠે છે. મનુષ્યહૃદયની સુંદર ભાવનાઓનું વિપરીત પરિસ્થિતિમાં આવું અણધાર્યું રૂપાંતર પણ જીવનની એક કરુણ હકીકત છે. શેક્સ્પિયરનાં 'હેમ્લેટ' અને 'ઓથેલો' પણ એ જ સત્યનું દર્શન કરાવે છે. વાચક નથી સીતાને દોષ આપી શકતો, નથી લક્ષ્મણને. વધારામાં રામ પણ લક્ષ્મણને સીતાની આજ્ઞા માનવા માટે ઠપકો આપે છે ત્યારે લક્ષ્મણની સ્થિતિ અસહ્ય બની જાય છે. પરંતુ લક્ષ્મણ અને રામસીતા વચ્ચેની પ્રેમગાંઠ સામાન્ય મનુષ્યોના પ્રેમ કરતાં જુદા જ પ્રકારની છે. એ પ્રેમને વશ થઈ લક્ષ્મણ પોતાનું અપમાન અને પોતાને થયેલો અન્યાય ગળી જાય છે અને આશ્રમ પાછા ફર્યા પછી રામના દુઃખમાં સહભાગી બને છે.

રાવણ સીતાનું હરણ કરવા આવ્યો હતો તે માત્ર શૂર્પણખાના અપમાનનું વેર લેવાની ઇચ્છાથી નહીં. સીતાના સૌન્દર્યના વર્ણનથી એનું કામમૂઢ હૃદય લોભાયું હતું. સ્ત્રીના દેહનું અને સ્વભાવનું સૌન્દર્ય ભારતીય દર્શને કલ્પેલી ઈશ્વરની માયાશક્તિનું શ્રેષ્ઠ સર્જન લેખાય છે, અને સંસ્કારી હૃદયમાં તેનું દર્શન ભક્તિભાવનું પ્રેરક બને છે. વાલ્મીકિનો હનુમાન અને શેક્સ્પિયરના 'ઓથેલો'માં કેસિયો આવી સૌન્દર્યભક્તિનાં રોચક દૃષ્ટાંત છે. પરંતુ પ્રાકૃત કે રાક્ષસી માનસ સ્ત્રીના સ્વભાવ-સૌન્દર્યથી પ્રત્યે દુર્લક્ષ કરે છે અને તેના દેહસૌન્દર્યથી જ આકર્ષાઈ તેને પોતાની કામતૃપ્તિનું સાધન બનાવવાની ઇચ્છા રાખે છે. રાવણનું પાત્ર આ પ્રકારની વિકૃત સૌન્દર્યભક્તિનું પ્રતીક છે. આશ્રમમાં સીતાને એકલી જોઈ તેનું મન લોભાવવા રાવણ તેના સૌન્દર્યનું જે વર્ણન કરે છે તે તેના હૃદયની જ વાણી છે. તે કબૂલ કરે છે કે :

त्वां तु काञ्चनवर्णाभां दृष्ट्वा कौशेयवासिनीम् ।
रतिं स्वकेषु दारेषु नाधिगच्छाम्यनिन्दिते ॥

[રેશમી વસ્ત્ર ધારણ કરેલી અને સુવર્ણ જેવી કાંતિવાળી તને જોઈ, હે નિર્મળકીર્તિ સીતા, હું મારી પોતાની પત્નીઓ પ્રત્યે કામનો આનંદ અનુભવી શકતો નથી.]

સીતાના ઉત્તરમાં રામ પ્રત્યેના તેના અગાધ પ્રેમની સાથે રામના ચારિત્ર્યપ્રભાવ અને એના ક્ષાત્રબળ માટેનો તેનો ગર્વ પણ વ્યક્ત થાય છે. ફરી ફરી બોલેલા રામમહમનુવ્રતા (હું રામને જ વરેલી છું) શબ્દોમાં એ ગર્વનો રણકાર સંભળાય છે. સીતાના ઉત્તરથી રાવણનું અભિમાન ખંડિત થાય છે અને સીતાને છેતરવા માટે ધારણ કરેલું સૌમ્ય સાધુરૂપ ત્યજી તે વાચ્યાર્થમાં (લિટરલી) અને વ્યંગ્યાર્થમાં (મેટફૉરિકલી) પણ પોતાનું મૂળ રાક્ષસરૂપ પ્રગટ કરે છે. અનુનયનો માર્ગ છોડી તે બળાત્કારનો આશ્રય લે છે. અહંમિશ્રિત, સ્થૂળકામજન્ય પ્રેમનો અંત ઘણુંખરું આવો જ નથી હોતો? અનેક કિસ્સાઓમાં આપણે જોઈએ છીએ કે શરૂઆતમાં મધુર જણાતો પ્રેમ બેમાંથી એક પક્ષનું અભિમાન ઘવાતાં કટુતા અને ક્રોધના રાક્ષસી રૂપમાં ફેરવાઈ જાય છે.



**સીતાને ઉપાડી જતા રાવણ**
(અલ્લાહાબાદ મ્યુઝિયમમાં સચવાયેલી શુંગ યુગના માટીકામની તકતી)



**અશોકવાટિકામાં ચિંતામગ્ન સીતા**
(મધ્યપ્રદેશમાં બનેહાટમાંથી મળેલી માટીકામની તકતી)

હસમુખ ધીરજલાલ સાંકળિયા કૃત 'પુરાતત્ત્વ અને રામાયણ'(પ્રકાશક : ગુજરાત વિદ્યાપીઠ)ના આધારે

મનુષ્યજીવનના સીતારૂપી દૈવી અંશ ઉપરના આ રાક્ષસી આક્રમણથી સમગ્ર ચેતનસૃષ્ટિ ક્ષુબ્ધ થાય છે. વાલ્મીકિનું પ્રકૃતિદર્શન વર્ડ્ઝવર્થના દર્શન જેવું છે. તે પ્રકૃતિનાં સુંદર અને મનુષ્યને ઉપકારક તત્ત્વોને જ લક્ષમાં લે છે ને તેનાં રૌદ્ર તત્ત્વોની ઉપેક્ષા કરે છે. લક્ષ્મણના ગયા પછી રાવણ સાધુવેશે આશ્રમ પ્રતિ ચાલ્યો ત્યારે,

तमुग्रं पापकर्माणं जनस्थानगता द्रुमाः ।
संदृश्य न प्रकम्पन्ते न प्रवाति च मारुतः ।।

[ક્રૂર અને પાપાચારી એવા રાવણને જોઈ વાયુ વાતો બંધ થઈ ગયો અને જનસ્થાનનાં વૃક્ષોનું હલન-ચલન બંધ પડી ગયું.]

અને ગોદાવરીનો પ્રવાહ પણ મંદ પડી જાય છે. રાવણ જ્યારે સીતાને બળાત્કારે રથમાં નાખી આકાશમાર્ગે પ્રયાણ કરે છે ત્યારે સીતા

भृशं चुक्रोश मत्तेव भ्रान्तचित्ता यथातुरा ।   आमन्त्रये जनस्थाने कर्णिकारांश्च पुष्पितान् ।
* * *   क्षिप्रं रामाय शंसध्वं सीतां हरति रावणः ।।

[પીડાતી, ચિત્તભ્રમથી આવેશમાં ગાંડી જેવી લાગતી સ્ત્રીની જેમ તે ખૂબ આક્રોશ કરવા લાગી....

'...હે પુષ્પોથી શોભતાં જનસ્થાનનાં કર્ણિકારો, હું તમને વીનવું છું, તમે જલદી જલદી રામને ખબર કરો કે રાવણ સીતાને ઉપાડી લઈ જાય છે.']

ગોદાવરીને તથા અન્ય વનદેવતાઓને વંદન કરી એ જ સંદેશો આપ્યો : भर्तुः शंसत मां हृताम् । (મારા પતિને કહેજો કે મારું હરણ થયું છે.) વૃદ્ધ જટાયુ પંચવટીની આ મનુષ્યેતર સૃષ્ટિનો પ્રતિનિધિ બની રાવણને પડકાર કરે છે ત્યારે વાચકના હૃદયમાં તેને માટે કૃતજ્ઞતાની ઊર્મિ ઊભરાય છે અને અસહ્ય બનતી જતી ઉત્તેજનામાં તે કાંઈક રાહત અનુભવે છે. જટાયુને ઘાયલ કરી રાવણને ઊડી જતો જોઈ

प्रधर्षितायां वैदेह्यां बभूव सचराचरम् ।
जगत्सर्वममर्यादं तमसान्धेन संवृतम् ।।

[વૈદેહીને રાવણ બળાત્કારે હરી જતો હતો ત્યારે સમગ્ર જગત ઘેરા અંધકારથી છવાઈ ગયું.]

અને

समन्तादभिसम्पत्य सिंहव्याघ्रमृगद्विजाः ।
अन्वधावंस्तदा रोषात्सीताच्छायानुगामिनः ।।

[સિંહ, વાઘ, મૃગો, પંખીઓ વગેરે ચારે દિશામાંથી દોડી આવ્યાં અને ક્રોધથી, સીતાની છાયાને અનુ-સરતાં, પાછળ પાછળ દોડવા લાગ્યાં.]

આશ્રમને સીતા વિનાનો જોઈ તેની શોધમાં અહીંતહીં દોડતા રામની ઉન્મત્ત દશાનું વર્ણન, તેમના વ્યક્તિત્વપ્રભાવમાં લેશમાત્ર ન્યૂનતા લાવ્યા વિના વાચકના હૃદયમાં તેમના પ્રત્યે સહાનુભૂતિભર્યો પ્રેમ ઉત્પન્ન કરે એવી તેમના વ્યક્તિત્વની કોમળતાનું દર્શન કરાવે છે. રામની ધર્મવીરતા અને ક્ષાત્રબળ માટે પ્રશંસાભાવ અનુભવી રહેલો વાચક હવે તેમના શોકનો સહભાગી બની તેમની પ્રત્યે એક નવો, સ્નેહાર્દ્રતાનો ભાવ અનુભવે છે, જે ભારતભરમાં પાછળથી પ્રસરેલી રામભક્તિનું મૂળ હોય એમ જણાય છે. ઈશ્વર પ્રેમમય છે ને ઈશ્વર પ્રત્યે પ્રેમ કેળવવામાં જ મનુષ્યજીવનની સર્વોત્તમ સાર્થકતા છે એ બધા ધર્મોનો ઉપદેશ છે. પણ ઈશ્વરપ્રેમ કેવો હોઈ શકે એ શાસ્ત્રી નહીં પણ કવિ જ શીખવી શકે. રામના પાત્રને સર્વપ્રિય (લવેબલ) બનાવી વાલ્મીકિએ આર્ય પ્રજાને ઈશ્વરપ્રેમની ઝાંખી કરાવી, જે સમય જતાં ભક્તિરૂપે વિકાસ પામી.

કિષ્કિન્ધાકાંડ આ નવા ભાવને દૃઢ કરે છે અને સુંદરકાંડમાં વાચક તેની પરાકાષ્ઠા અનુભવે છે. કિષ્કિન્ધાના વાનરોમાં કવિએ મનુષ્યભાવોનું જ આરોપણ કર્યું છે, પરંતુ તે વાનરસ્વભાવને ઉચિત એવા ચંચળ રૂપમાં. વિચારશીલ વાચક વાલ્મીકિની વાનરસૃષ્ટિ તેમ જ રાક્ષસસૃષ્ટિ બંનેમાં મનુષ્યસ્વભાવનાં અમુક લક્ષણોનું જ તેમના આત્યંતિક રૂપમાં દર્શન કરે છે. વાનરોની ચંચળવૃત્તિ અને રાક્ષસોનો પશુદર્પ મનુષ્યજગતમાં પણ આપણને સુપરિચિત છે. વાલ્મીકિના વાનરો અને રાક્ષસો વચ્ચે ભેદ એ છે કે વાનરો પોતાની ચંચળવૃત્તિ સમજી જઈ રામમાં વ્યક્ત થયેલા દૈવી અંશ પ્રત્યે ભક્તિવિનમ્રતા કેળવે છે, જ્યારે રાક્ષસો રામમાં એ અંશનું દર્શન કરવા છતાં એમની સામે યુદ્ધે ચડે છે. મનુષ્યોમાં પણ ચારિત્ર્યની ઉદાત્તતા પ્રત્યે આવી વિરોધી વૃત્તિઓ જોવા મળે છે. બહુજનસમાજ પોતાનાં શક્તિ તથા સ્વભાવની મર્યાદાઓ સ્વીકારી ચારિત્ર્યસમૃદ્ધ વ્યક્તિ-વિશેષ પ્રત્યે ભક્તિભાવ કેળવે છે, જ્યારે એક યા બીજા કારણે પોતાની મોટાઈના દર્પથી પીડાતા લોકો એવી વ્યક્તિઓ પ્રત્યે તિરસ્કાર અનુભવે છે. શેક્સ્પિયરે એના 'ઓથેલો' નાટકમાં ઇયાગોના પાત્ર દ્વારા આવા તિરસ્કારનું કારણ સુંદર શબ્દોમાં સમજાવ્યું છે. કેસિયોને ઉદ્દેશી ઇયાગો કહે છે:

He hath a daily beauty in his life
Which makes me ugly.

[તેના જીવનમાં સદાયે એવી સુંદરતા રહેલી છે કે એની પાસે હું કદરૂપ લાગું છું.]

વાનરો વાનરો મટી તથા રાક્ષસો રાક્ષસો મટી રામ જેવા થવાનો પ્રયત્ન કરે એમ વાલ્મીકિને અભિપ્રેત નથી. વાનરો અને રાક્ષસોમાં, અથવા એમના જેવાં મનુષ્યોમાં પણ એમના સ્વભાવને અનુરૂપ ધર્મબુદ્ધિ હોય છે, અને તેઓ પોતપોતાની મર્યાદાઓ સમજી એ ધર્મબુદ્ધિ પ્રમાણે જીવે અને રામ જેવા વ્યક્તિ-વિશેષનું પોતાના હૃદય ઉપર આધિપત્ય સ્વીકારે એટલું જ કવિને ઇષ્ટ છે. આમ વાલ્મીકિનું દર્શન સહકાર અને સંવાદિતાલક્ષી છે. શેક્સ્પિયરના 'ટેમ્પેસ્ટ'માંના પ્રૉસ્પેરો અને કેલિબન વચ્ચેના સંબંધો અને રામના વાનરો અને વિભીષણ સાથેના સંબંધોની સરખામણી કરવાથી વાલ્મીકિના દર્શનની વિશિષ્ટતા જણાઈ આવશે.

રામ અને વાનરો વચ્ચેનો પ્રેમસંબંધ વાલીવધના પ્રસંગમાં સિદ્ધ થાય છે. વાલી વાનરસ્વભાવના અવિચારીપણાનું પ્રતીક છે. તારાની ચેતવણીને અવગણી તે સુગ્રીવ સાથે લડવા દોડી જાય છે અને રામના બાણથી ઘવાઈ પંડિતોને પરિચિત એવી તર્કબુદ્ધિનો આશ્રય લઈ રામની ઉપર પાપાચારી અને દંભી હોવાનો આક્ષેપ કરે છે. પરંતુ તેનામાં રાક્ષસસ્વભાવનો દર્પ કે હઠાગ્રહ નથી. તેની દલીલોના જવાબમાં રામ તેને કહે છે:

सूक्ष्मः परमदुर्ज्ञेयः सतां धर्मः प्लवंगम।
हृदिस्थः सर्वभूतानामात्मा वेद शुभाशुभम्॥

[સત્પુરુષો જે ધર્મનું પાલન કરે છે તે, હે વાનર, સૂક્ષ્મ અને બુદ્ધિથી સમજવો અતિકઠિન છે. સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેલો આત્મા જ શુભ શું અને અશુભ શું તે જાણે છે.]

રામના જવાબમાં વાલી પ્રત્યે લેશમાત્ર તિરસ્કારનો ભાવ નથી. સુગ્રીવ પ્રત્યેના વાલીના વર્તનમાં રહેલો અધર્મ સમજાવી તે કહે છે: આ અને આવાં બીજાં અનેક ગંભીર, ધર્મયુક્ત કારણોસર તમને જે શિક્ષા કરવામાં આવી છે તેનો સ્વીકાર કરો.

વાલી પણ રામની મહાનુભાવતાને વશ થાય છે. કવિ કહે છે કે 'રામનાં વચનો સાંભળી વાલી અંતરમાં દુ:ખી થયો; ધર્મના સ્વરૂપ વિશે તેને સ્પષ્ટ જ્ઞાન થઈ ગયું અને રામનો દોષ જોતો તે બંધ થઈ ગયો.' અને પોતાનું મૃત્યુ નજીક આવેલું જોઈ અંગદ અને તારાને રામના આશ્રયે સોંપી દે છે.

તારાવિલાપ રામાયણમાંનાં કરુણ દૃશ્યોમાંનું એક છે. ક્રૌંચીના દુ:ખથી વ્યથિત બનેલા કવિ તારાના વિલાપથી એટલા જ વ્યથિત બનતા જણાય છે. તારાનું દુ:ખ જોઈ સુગ્રીવનો વૈરભાવ શાંત થઈ જાય છે અને એ ભાવથી થોડા સમય માટે ઢંકાઈ ગયેલો ભ્રાતૃસ્નેહ જાગ્રત થાય છે.

तामवेक्ष्य तु सुग्रीवः क्रोशन्तीं कुररीमिव।
विषादमगमत् कष्टं दृष्ट्वा चाङ्गदमागतम्।।

[ટિટોડીની જેમ તેને વિલાપ કરતી જોઈ તથા તેની સાથે આવેલા અંગદને જોઈ સુગ્રીવનું હૃદય વિષાદ અને દુ:ખથી ભરાઈ ગયું.]

શોકના પશ્ચાત્તાપમાં તે વાલીની પાછળ અગ્નિપ્રવેશ કરવા તૈયાર થાય છે, અને આ સઘળું દૃશ્ય જોઈ

संजातबाष्पः परवीरहन्ता
रामो मुहूर्तं विमना बभूव।।

[શત્રુઓને હણનાર રામની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં અને તે ઘડીભર ઉદાસ બની ગયા.]

આ રીતે કવિની વિશાળ કરુણાદૃષ્ટિ વાચકને વાનર અને મનુષ્યો વચ્ચેનો ભેદ ભુલાવી દુ:ખમાત્રના દર્શને આર્દ્ર થતા હૃદયની સુંદરતાનું દર્શન કરાવે છે.

સુંદરકાંડનો નાયક હનુમાન વાલ્મીકિની કવિત્વપ્રતિભાનું સર્વાંગસંપૂર્ણ અને જગતસાહિત્યનાં કલ્પના-સૃષ્ટિનાં પાત્રોમાં એક અદ્વિતીય સર્જન છે. એનામાં કવિએ વાનરની મુગ્ધતા તથા મનુષ્યની વિવેકબુદ્ધિ અને સૌન્દર્યભક્તિનું એવું સુભગ મિશ્રણ કર્યું છે કે તેનું પાત્ર જાતે જ એક જીવતુંજાગતું કાવ્ય ભાસે છે. ગાંધીજીએ ગાયને અ લિવિંગ પોઈમ ઑન પિટી—કારુણ્યનું જીવતુંજાગતું કાવ્ય—તરીકે ઓળખાવી હતી. આપણે હનુમાનને અ લિવિંગ પોઈમ ઑન ભક્તિ—ભક્તિનું જીવતુંજાગતું કાવ્ય—કહી શકીએ. એની બુદ્ધિમત્તાનું આપણે પ્રથમથી જ દર્શન કરીએ છીએ, પરંતુ એના હૃદયનું કમળ તો રામ અને સીતાના ચારિત્ર્યની સુંદરતાના પ્રકાશમાં જ ખીલે છે. સુગ્રીવના સચિવ તરીકે રામલક્ષ્મણને તેમના આગમનનું કારણ જાણવા પ્રશ્નો પૂછતો અને રાજમહેલના ભોગવિલાસમાં રામકાર્ય પ્રત્યે પ્રમાદી બનેલા સુગ્રીવને જાગ્રત કરતો હનુમાન કોઈ કુશળ રાજપુરુષની યાદ આપી જાય છે. પરંતુ પોતાની અસાધારણ શક્તિનો એને જરા પણ ગર્વ નથી. સમુદ્રલંઘન માટે યોગ્ય વાનરની શોધ ચાલતી હતી અને સર્વ વાનરો પોતપોતાના બળની મર્યાદા બતાવી કાર્યની જવાબદારી લેવાની અનિચ્છા વ્યક્ત કરતા હતા ત્યારે હનુમાન એક બાજુએ શાંત બેસી રહ્યો હતો. છેવટે પસંદગી તેના ઉપર ઊતરી અને જામ્બુવાને તેના બળનું વર્ણન કરી તેને સ્વાભિજ્ઞાન કરાવ્યું ત્યારે તેનામાં તત્ક્ષણ આત્મશ્રદ્ધા પ્રગટી અને તેણે चकार रूपं महदात्मनस्तदा (પોતાનું શરીર મોટું કરી નાખ્યું). આ બાહ્ય રૂપપરિવર્તન હનુમાનમાં નવી પ્રગટેલી આત્મશ્રદ્ધાનું જ પ્રતીક છે. ઘણી વખત શક્તિશાળી સ્ત્રીપુરુષોની સુપ્ત રહેલી શક્તિઓ તેમના ઉપર કોઈ મહાન કાર્યની જવાબદારી આવી પડતાં અણધારી રીતે ખીલી ઊઠે છે. હનુમાનના કિસ્સામાં આ જ બનતું આપણે જોઈએ છીએ.

હનુમાનના આ બાહ્ય અને આંતરિક પરિવર્તનનું સીધું વર્ણન કરવાને બદલે કવિ તેનાં પરિણામોનું વર્ણન કરે છે અને એ રીતે એ પરિવર્તન વાચકની દૃષ્ટિને પ્રત્યક્ષ કરી આપે છે. પર્વતની ટોચ ઉપરથી કૂદકો મારવા માટે ઉત્સાહથી મહેન્દ્ર પર્વત ઉપર ચડતા હનુમાનનાં પગલાંના દબાણથી પર્વત ઉપર જે ખળભળાટ મચી રહે છે તેનું અને આકાશમાં ઊડતા હનુમાનના વેગથી સમુદ્રમાં ઊછળતાં મહાકાય મોજાંઓનું વર્ણન એમની પોતાની રીતે, પંચવટીમાં માયામૃગના તથા કિષ્કિન્ધાકાંડમાં માલ્યવાન પર્વત ઉપરની વર્ષાઋતુના વર્ણન જેટલું જ કવિત્વમય છે. મનુષ્યહૃદયના ભાવો તથા બાહ્ય પ્રકૃતિ વચ્ચે આવું અનુસંધાન શેક્સ્પિયર પણ, જુદા જ સંદર્ભમાં અને જુદી જ રીતે, એના 'કિંગ લિયર' નાટકનાં તોફાનનાં દૃશ્યોમાં સાધે છે.

લંકામાં સીતાને શોધવા રાવણના રાજમહેલના એક આવાસમાંથી બીજા આવાસમાં ફરતા હનુમાનની મુગ્ધતા અને મૂંઝવણનું દર્શન જરા રમૂજ ઉત્પન્ન કરે છે. એક શય્યા ઉપર મંદોદરીને જોઈ તેને સીતા સમજી ખુશખુશાલ થઈ ગયેલો હનુમાન,

आस्फोटयामास चुचुम्ब पुच्छम् ननन्द चिक्रीड जगौ जगाम।
स्तम्भान्नरोहन्निपपात भूमौ निदर्शयन्स्वां प्रकृतिं कपीनाम्॥

[પોતાની વાનરપ્રકૃતિ વ્યક્ત કરતો હનુમાન પૂંછડી પછાડવા તથા ચૂમવા મંડી પડયો, આનંદ-ઘેલો થઈ ગયો, ગેલમાં આવી ગાવા લાગ્યો, આમતેમ આંટા મારવા લાગ્યો, સ્તમ્ભ ઉપર ચડયો અને વળી કૂદકો મારી જમીન ઉપર પડયો.]

પરંતુ એક ક્ષણમાં એની વિવેકબુદ્ધિ જાગ્રત થતાં એને સમજાયું કે:

न रामेण वियुक्ता सा स्वप्तुमर्हति भामिनी।
न भोक्तुं नाप्यलंकर्तुं न पानमुपसेवितुम्॥

[રામથી વિયુક્ત થયેલી સીતા નિદ્રાવશ થઈ શકે નહીં, ભોગમાં રસ લઈ શકે નહીં, કંઈ અલંકાર સજે નહીં કે મદિરાપાન કરે નહીં.]

થોડો સમય વધુ ઘૂમ્યા પછી હનુમાનને એક બીજી ચિંતા થઈ:

परदारावरोधस्य प्रसुप्तस्य निरीक्षणम्।
इदं खलु ममात्यर्थं धर्मलोपं करिष्यति॥

[નિદ્રામાં પડેલી પરસ્ત્રીઓનું હું જે નિરીક્ષણ કરી રહ્યો છું તે નક્કી મારો સંપૂર્ણ ધર્મલોપ કરશે.]

પરંતુ તુરત એણે આ શંકાનું સમાધાન કર્યું:

कामं दृष्टा मया सर्वा विश्वस्ता रावणस्त्रियः।
न तु मे मनसा किंचिद् वैकृत्यमुपपद्यते॥

मनो हि हेतुः सर्वेषामिन्द्रियाणां प्रवर्तने।
शुभाशुभास्ववस्थासु तच्च मे सुव्यवस्थितम्॥

[એ નિઃશંક છે કે નિર્ભયપણે ઊંઘતી રાવણની સર્વ સ્ત્રીઓને મેં જોઈ પરંતુ તેથી મેં મારા મનમાં કોઈ વિકાર અનુભવ્યો નથી. ઇન્દ્રિયોની શુભ કે અશુભ સર્વ પ્રવૃત્તિઓનું કારણ મન જ હોય છે, અને મારું મન તો સ્થિર છે.]

પોતાની નિર્દોષતાની કેવી વિનમ્ર છતાં ભવ્ય પ્રતીતિ!

રાજમહેલમાં બધે ફરી વળ્યા છતાં સીતાને શોધવામાં નિષ્ફળ રહેલા હનુમાનના મનમાં અનેક તર્કવિતર્ક, આશંકાકુશંકાઓ થાય છે. સીતાની શોધ નિષ્ફળ ગઈ છે એ સમાચાર રામને આપવા કે ન આપવા એ નિર્ણય પણ તે કરી શકતો નથી.

निवेद्यमाने दोषः स्याद् दोषः स्यादनिवेदने।
कथं न खलु कर्तव्यं विषमं प्रतिभाति मे॥

[આ સમાચાર રામને કહેવામાં પણ દોષ છે, અને ન કહેવામાં પણ દોષ છે. શું કરવું તે વિશે મને કંઈ સમજ પડતી નથી.]

છેવટે ધીર બુદ્ધિથી તેણે નિશ્ચય કર્યો:

यावत् सीतां न पश्यामि रामपत्नीं यशस्विनीम्।
तावदेतां पुरीं लंकां विचिनोमि पुनःपुनः॥

[ઉજ્જ્વળ કીર્તિવાળી રામપત્ની સીતા મને જડે નહીં ત્યાં સુધી હું ફરી ફરી લંકામાં એને શોધતો રહીશ.]

અને તે જ સમયે, જાણે કે ઈશ્વરપ્રેરણાથી, હનુમાનની નજર દૂર દેખાતી અશોકવાટિકા ઉપર પડે છે. અને એની નિરાશા તત્ક્ષણ ઉત્સાહમાં ફેરવાઈ જાય છે.

અશોકવાટિકામાં હનુમાન અને સીતાનું મિલન ભાવસૌન્દર્યની દૃષ્ટિએ રામાયણનો સર્વોત્તમ પ્રસંગ છે. નાટક કે મહાકાવ્યનું મુખ્ય પ્રયોજન વાર્તા કહેવાનું છે, અને પાત્રોનાં જે કૃત્યોથી વાર્તા બને છે તેમને

સમજાવવા પૂરતું કવિ એ પાત્રોના મનોભાવોનું નિરૂપણ કરે છે. પરંતુ વ્યક્તિનું વ્યક્તિત્વ તેનાં કૃત્યો કે એ કૃત્યોના પ્રેરક મનોભાવોમાં વ્યક્ત થાય છે તેના કરતાં વધુ ઊંડા સ્તરે, એ કૃત્યોથી ઉત્પન્ન થયેલી પરિસ્થિતિમાં મુકાવાથી તેના હૃદયમાં ઊર્મિના જે તરંગો ઊછળે છે તેમાં વ્યક્ત થાય છે. કૃત્યોના પ્રેરક મનોભાવો બુદ્ધિની મદદથી ઘડાયેલા ચારિત્ર્યના અંશો છે, અને આ ચારિત્ર્ય તો વ્યક્તિના મનઃપિંડની ત્વચા જેવું એક આવરણ છે. એ આવરણની પાછળ જે ચૈતન્યપ્રવાહ વહી રહ્યો છે તેનું વ્યક્તિને પોતાને કે બીજા કોઈને કવચિત જ દર્શન થાય છે. જીવનની વિરલ પળોએ એ ચૈતન્યપ્રવાહ બુદ્ધિની મદદ વિના સ્વયંસ્ફુરણાથી દિશા બદલે છે. શેક્સ્પિયર એનાં નાયક-નાયિકાના જીવનમાં આવી પળોનું દર્શન કરાવે છે અને તેથી જ તે જગતનો શ્રેષ્ઠ નાટ્યકાર લેખાયો છે. 'કિંગ લિયર'નો પ્રખ્યાત કૉર્ડિલિયા-લિયર મિલન-પ્રસંગ આ પ્રકારના દૃશ્યનો એક ઉત્તમ નમૂનો છે. અશોકવાટિકામાં સીતા-હનુમાનનું મિલન પણ બન્નેનાં જીવનમાં આવી એક ધન્ય પળ છે, જ્યારે તેમના હૃદયભાવો તેમણે અગાઉ કદી નહીં અનુભવેલું ઊંડાણ પ્રાપ્ત કરે છે અને એમનાં આંતરિક જીવનને સમૃદ્ધ કરે છે. મનુષ્યના જીવનની કૃતકૃત્યતા પુરુષાર્થથી કોઈ બાહ્ય વસ્તુ કે સ્થાન મેળવવામાં નથી, પરંતુ પોતાના હૃદયમાં વહેતા ચૈતન્યપ્રવાહની ઊંડામાં ઊંડા સ્તરે અનુભૂતિ કરવામાં છે. અશોકવાટિકામાં હનુમાન અને સીતાને આવી અનુભૂતિ થાય છે, અને યુદ્ધકાંડમાં આવતો સીતાની અગ્નિ-પરીક્ષાનો પ્રસંગ એણે અશોકવાટિકામાં અનુભવેલી પ્રેમની પરાકાષ્ઠાની પ્રતીતિરૂપે જ છે. સુંદરકાંડ વાંચ્યા વિના અગ્નિપરીક્ષાનો પ્રસંગ વાંચનારને તે પ્રસંગ અસહ્ય થઈ પડશે.

ચૈત્યપ્રાસાદ નજીક બેઠેલી સીતાનું પ્રથમ દર્શન કરતા હનુમાનના ભાવો જુઓ. જાણે કે સીતાનું દર્શન કરતાં હનુમાન ધરાતો જ નથી એમ સૂચવવા કવિ સીતાના વર્ણનમાં વિશેષણ ઉપર વિશેષણ પ્રયોજે છે.

तां स्मृतिमिव संदिग्धामृद्धिं निपतितामिव। तस्य संदिदिहे बुद्धिस्तथा सीतां निरीक्ष्य च ॥
विहतामिव च श्रद्धामाशां प्रतिहतामिव॥ आम्नायानामयोगेन विद्यां प्रशिथिलामिव ॥
सोपसर्गां यथा सिद्धिं बुद्धिं सकलुषामिव। दुःखेन बुबुधे सीतां हनुमाननलंकृताम्।
अभूतेनापवादेन कीर्तिं निपतितामिव॥ संस्कारेण यथा हीनां वाचमर्थान्तरं गताम् ॥

* * *

[સંદિગ્ધ થઈ ગયેલી સ્મૃતિ જેવી, પતન પામેલી સમૃદ્ધિ સરખી, વિનાશ પામેલી શ્રદ્ધા સમી અને ભગ્ન બનેલી આશા જેવી, આપત્તિગ્રસ્ત સિદ્ધિ સમી, ડહોળાઈ ગયેલી બુદ્ધિ જેવી અને અગાઉ પ્રાપ્ત નહીં થયેલી નિંદાથી વિનાશ પામેલી કીર્તિ જેવી . . . વેદોના અભ્યાસ વિના ક્ષીણ થઈ ગયેલી વિદ્યા જેવી એ સીતાને જોઈ, તેની બુદ્ધિમાં સંદેહ ઉત્પન્ન થયો. સંસ્કાર વગરની અને તેથી બીજો જ અર્થ પામેલી વાણી જેવી તે અલંકાર વગરની સીતાને હનુમાન મુશ્કેલીથી ઓળખી શક્યો.]

રામનો શોક હનુમાને જોયો હતો, અને હવે સીતાનો જોયા પછી બેના પ્રેમના અદ્વૈતનું એને ધન્ય દર્શન થયું:

अस्या देव्या मनस्तस्मिंस्तस्य चास्यां प्रतिष्ठितम्। दुष्करं कृतवान् रामो हीनो यदनया प्रभुः।
तेनेयं स च धर्मात्मा मुहूर्तमपि जीवति॥ धारयत्यात्मनो देहं न शोकेनावसीदति ॥

[આ દેવીનું મન તેમનામાં છે અને તેનું મન પણ આનામાં દૃઢ બનેલું છે; તેથી જ તો આ દેવી અને તે ધર્માત્મા ઘડીભર પણ જીવી શકે છે. સ્વામી રામચન્દ્ર પોતાના દેહને ધારણ કરી રહ્યા છે અને શોકથી મૃત્યુ પામતા નથી એ સાચે જ મુશ્કેલ કાર્ય કરી રહ્યા છે.]

હનુમાનની આંખથી સીતાનું દર્શન કરતો વાચક એના અલૌકિક સૌન્દર્ય અને પ્રભાવનો પણ અનુભવ કરે છે:

यदि राम समुद्रान्तां मेदिनीम् परिवर्तयेत्। राज्यं वा त्रिषु लोकेषु सीता वा जनकात्मजा।
अस्याः कृते जगच्चापि युक्तमित्येव मे मतिः॥ त्रैलोक्यराज्यं सकलं सीताया नाप्नुयात् कलाम्॥

[જો રામ આને કારણે સમુદ્ર સુધીની પૃથ્વીને અવળી કરી નાખે અને તેને માટે સમગ્ર જગતને ઊંધુંચત્તું કરે તો તે પણ યોગ્ય છે એમ હું માનું છું. ત્રણ લોકનું રાજ્ય અને જનકતનયા સીતા એ બેમાં ત્રણે લોકનું રાજ્ય સીતાના અંશમાત્રને પણ પહોંચે નહીં.]

અને આ ક્ષણે હનુમાન તેના હૃદયમાં જે ધન્યતા અનુભવી રહ્યો છે તેમાં જાણે કે વધારો કરતો હોય તેમ

ततः कुमुदखण्डाभो निर्मलं निर्मलोदयः।
प्रजगाम नभश्चन्द्रो हंसो नीलमिवोदकम्॥

[ત્યાં પોયણાંના વન જેવી શોભાવાળો નિર્મળ ચન્દ્ર, હંસ જેમ સ્વચ્છ અને નીલ જલમાં તરે તેમ આકાશમાં આવી પહોંચ્યો.]

હનુમાનના હૃદયમાં ઊભરાતી ધન્યતા હર્ષનાં આંસુ સિવાય બીજી કઈ રીતે વ્યક્ત થઈ શકે?

तां दृष्ट्वा हनुमान् सीतां मृगशावनिभेक्षणाम्। तां क्षमां सुविभक्ताङ्गीं विनाभरणशोभिनीम्।
मृगकन्यामिव त्रस्तां वीक्षमाणां समन्ततः॥ प्रहर्षमतुलं लेभे मारुतिः प्रेक्ष्य मैथिलीम्॥
दहन्तीमिव निःश्वासैर्वृक्षान् पल्लवधारिणः॥ हर्षजानि च सोऽश्रूणि तां दृष्ट्वा मदिरेक्षणाम्।
संघातमिव शोकानां दुःखस्योर्मिमिवोत्थिताम्॥ मुमोच हनुमांस्तत्र नमश्चक्रे च राघवम्॥

[બાલમૃગનાં જેવાં નેત્રોવાળી, ત્રાસ પામેલી મૃગકન્યા જેવી, ચારે તરફ જોતી, પાંદડાંવાળાં વૃક્ષોને પોતાના નિઃશ્વાસથી બાળી નાખતી, શોકના રાશિ સમી અને દુઃખની વહી આવેલી લહરી જેવી, એકદમ છૂટાં પડી ગયેલાં અંગોવાળી પૃથ્વી જેવી અને આભરણ વિના શોભતી મિથિલારાજકન્યા સીતાને જોઈને મરુત્પુત્રને અમાપ આનંદ થયો. આરક્ત નેત્રોવાળી તેને જોઈને હનુમાનની આંખમાં હર્ષનાં આંસુ ઊભરાયાં અને તેણે રામને નમસ્કાર કર્યા.]

ધન્યતાની પરાકાષ્ઠાનો અનુભવ મનુષ્યના અહંને ઓગાળી દઈ હૃદય કેવું ભક્તિવિનમ્ર બનાવે છે તેનું આથી વધુ સુંદર દૃષ્ટાંત બીજે ક્યાંય જોવા નહીં મળે.

સીતાના અલૌકિક સૌન્દર્યના દર્શનથી હનુમાનના હૃદયમાં ઊભરાઈ ઊઠેલા ભક્તિભાવનું આલેખન કરી કવિ, એ જ સૌન્દર્યથી મોહિત બનેલા રાવણની મનોદશાનું નિરૂપણ કરે છે. સીતાના પ્રેમની જાણે ભીખ માગતો હોય તેમ તે કબૂલ કરે છે કે પરસ્ત્રીહરણ રાક્ષસોને સ્વાભાવિક હોવા છતાં

एवं चैवमकामां त्वां न च स्प्रक्ष्यामि मैथिलीम्। यद् यत् पश्यामि ते गात्रं शीतांशुसदृशानने।
कामं कामः शरीरे मे यथाकामं प्रवर्तताम्॥ तस्मिंस्तस्मिन् पृथुश्रोणि चक्षुर्मम निबध्यते॥
* * * क्लिष्टकौशेयवसनां तन्वीमप्यनलंकृताम्।
त्वां दृष्ट्वा स्वेषु दारेषु रतिं नोपलभाम्यहम्॥

[આમ કામમુક્ત એવી તારો હું કદી સ્પર્શ નહીં કરું, ભલે પછી કામદેવ મારા શરીરમાં તેની ઇચ્છા મુજબ પ્રવૃત્ત બને . . . હે ચન્દ્રમુખી, તારું જે જે અંગ હું જોઉં છું તેમાં મારાં નેત્રો, હે વિશાળજઘના, સ્થિર થઈ જાય છે. . . મેલા રેશમી વસ્ત્રવાળી તને તન્વંગીને જોઈ, જોકે તું અલંકાર વિનાની છે તોપણ, મારી સ્ત્રીઓમાં મને આસક્તિ થતી નથી.]

આવા કામનું અંતિમ ફળ ક્રોધ સિવાય બીજું શું સંભવી શકે? રાવણ સીતાને વિચાર કરવા બે માસની મુદત આપે છે અને એ મુદત વીતે मम त्वां प्रातराशार्थे सूदाश्छेत्स्यन्ति खण्डशः (મારા રસોયા સવારના નાસ્તા માટે તારા ટુકડેટુકડા કરી નાખશે) એમ ક્રૂર ધમકી આપી ચાલ્યો જાય છે.

રાવણના ગયા પછી નિરાશામાં ડૂબેલી સીતા આપઘાત કરવાની તૈયારી કરે છે ત્યારે હનુમાનની બુદ્ધિની સૌથી વધુ કપરી કસોટીની પળ આવીને ઊભી રહે છે. કઈ રીતે સીતા સમક્ષ પ્રગટ થવું કે જેથી રાક્ષસીઓના ભયથી ત્રાસેલી સીતા પોતાને જોઈ વધારે ચમકે નહીં? અને પ્રગટ થયા પછી કઈ રીતે એની નિરાશાને દૂર કરી એને ધીરજ બંધાવવી? આ પ્રશ્નોનો વિચાર કરતો હનુમાન સર્વ વિકલ્પો તપાસી જુએ છે. (તેના મનમાં આ અને બીજા પ્રસંગોએ થતી તર્કમાળા રજૂ કરવા વાલ્મીકિ જે રીતે સ્વગતોક્તિનો ઉપયોગ કરે છે તે રીત સદીઓ પછી ઇંગ્લંડમાં શેક્સ્પિયર પણ અજમાવે છે અને પાત્રોનાં હૃદયનાં ગૂઢતમ પડો ઉઘાડવા તેનો ઉપયોગ કરે છે.) પરંતુ આવે પ્રસંગે વ્યક્તિની વિચારશક્તિ કામમાં નથી આવતી. હૃદયના કોઈ ખૂણામાંથી જ પ્રેરણા થઈ આવે છે. હનુમાનના ભક્તહૃદયમાં પણ એની ભક્તિને અનુરૂપ પ્રેરણા થઈ આવી:

रामम‍क्लिष्टकर्माणं सुबन्धुमनुकीर्तयन् ।
नैनामुद्वेजयिष्यामि तद्बन्धुगतचेतनाम् ।।

इक्ष्वाकूणां वरिष्ठस्य रामस्य विदितात्मनः ।
शुभानि धर्मयुक्तानि वचनानि समर्पयन् ।।
श्रावयिष्यामि सर्वाणि मधुरां प्रब्रुवन् गिराम् ।
श्रद्धास्यति यथा सीता तथा सर्वं समादधे ।।

[આનું ચિત્ત પ્રિયજન રામમાં પરોવાયેલું છે. તેથી જો હું ધર્મકૃત્યો કરનાર એ પ્રિયજન રામની કીર્તિ ગાઈશ તો તેને ઉદ્વેગ નહીં થાય. ઇક્ષ્વાકુવંશીઓમાં ઉત્તમ અને આત્મજ્ઞાની તે રામનાં કલ્યાણકારી અને ધર્મયુક્ત સર્વ વચનો મધુર વાણીમાં કહી સંભળાવીશ. જે રીતે સીતાને શ્રદ્ધા ઉત્પન્ન થાય તે રીતે સઘળું હું યોજીશ.]

આમ વિચારી પોતે લંકામાં શા માટે અને કેવી રીતે આવ્યો હતો ત્યાં સુધીની રામકથા હનુમાને કહી સંભળાવી. સીતાને જાણે કે પુનર્જીવન પ્રાપ્ત થયું હોય તેમ,

जानकी चापि तच्छ्रुत्वा विस्मयं परमं गता ।
ततः सा वक्रकेशान्ता सुकेशी केशसंवृतम् ।
उन्नम्य वदनं भीरुः शिंशुपामन्ववैक्षत ।।

निशम्य सीता वचनं कपेश्च
दिशश्च सर्वाः प्रदिशश्च वीक्ष्य ।
स्वयं प्रहर्षं परमं जगाम
सर्वात्मना राममनुस्मरन्ती ।।

[તે સાંભળીને સીતાને ઘણું આશ્ચર્ય થયું. પછી સુંદર અને વાંકડિયા છેડાવાળા કેશવાળી તે ભીરુ સ્ત્રી પોતાના કેશથી ઢંકાયેલા મુખને ઊંચું કરીને શિંશુપા વૃક્ષ તરફ જોવા લાગી. વાનરનું વચન સાંભળીને સર્વ દિશાઓમાં નજર નાખતી, રામનું પોતાના સમગ્ર હૃદયથી સ્મરણ કરતી તે સીતા પોતે અત્યંત હર્ષ પામી.]

હનુમાન પાસેથી રામની કુશળતાના સમાચાર સાંભળી સીતા હર્ષથી પ્રફુલ્લિત થઈ ઊઠી, પરંતુ,

यथा यथा समीपं स हनुमानुपसर्पति ।
तथा तथा रावणं सा तं सीता परिशङ्कते ।।

[હનુમાન જેમ જેમ પાસે આવતો ગયો તેમ તેમ સીતા તે રાવણ હશે એમ શંકા કરવા લાગી.]

અને ભયભીત થઈ હનુમાનને વીનવે છે:

मायां प्रविष्टो मायावी यदि त्वं रावणः स्वयं ।
उत्पादयसि मे भूयः संतापं तन्न शोभनम् ।।

[જો માયાવી રૂપ ધારણ કરી આવેલો તું પોતે માયાવી રાવણ હો અને મને ફરી વાર સંતાપ ઉત્પન્ન કરાવવા આવ્યો હો તો તે તને શોભતું નથી.]

નિરાશાના ઘોર અંધકારમાં આશાના પ્રકાશને જોતાં આવી શંકાની (It is too good to be true-ની) લાગણી કેટલી સ્વાભાવિક છે! બુદ્ધિના તર્કની સામે હૃદય જુદી જ સાક્ષી પૂરે છે:

अथवा नैतदेवं हि यद् मया परिशङ्कितम्।
मनसा हि मम प्रीतिरुत्पन्ना तव दर्शनात्।।

[અથવા મેં જે શંકા કરી છે તેવું નહીં જ હોય, કારણ કે તારા દર્શનથી મારા મનમાં આનંદ ઉત્પન્ન થયો છે.]

છતાં શંકા દૂર થતી નથી તેથી વધુ ખાતરી કરવા સીતા હનુમાનને રામલક્ષ્મણ વિશે વિગતે પ્રશ્નો પૂછે છે, અને હનુમાન રામે આપેલી મુદ્રિકા બતાવે છે ત્યારે જ સીતાને વિશ્વાસ બેસે છે.

અને પછી સીતાના હૃદયનાં દ્વાર હનુમાનની આગળ ખૂલી જાય છે. રામની કુશળતા વિશે પ્રશ્ન ઉપર પ્રશ્ન પૂછી સીતા કહે છે:

न चास्य माता न पिता न चान्यः स्नेहाद् विशिष्टोऽस्ति यथा समो वा।
तावद्धचहं दूत जिजीविषेयं यावत् प्रवृत्तिं श्रुणुयां प्रियस्य।।

[તેને માતા કે પિતા કે બીજી કોઈ વ્યક્તિ ઉપર મારા કરતાં વધારે અથવા મારા જેવો પણ પ્રેમ નથી. હે દૂત, હું જ્યાં સુધી પ્રિયજનના સમાચાર સાંભળતી રહીશ ત્યાં સુધી જ મને જીવવાની ઇચ્છા રહેશે.]

સીતાના વિયોગથી થયેલી રામની દશાનું વર્ણન કરતાં હનુમાન કહે છે:

नित्यं ध्यानपरो रामो नित्यं शोकपरायणः।
नान्यच्चिन्तयते किञ्चित् स तु कामवशं गतः।।

[રામ હમેશાં તમારા વિચારમાં રહે છે, હમેશાં શોકમાં ડૂબેલા રહે છે. તે બીજા કશાનો વિચાર કરતા નથી, પણ કેવળ કામને વશ થઈ ગયા છે.]

સીતાનો ઉત્તર:

अमृतं विषसम्पृक्तं त्वया वानर भाषितम्।
यच्च नान्यमना रामो यच्च शोकपरायणः।।


[હે વાનર, રામ બીજા કોઈનો વિચાર કરતા નથી અને શોકમાં ડૂબેલા રહે છે એવું તારું વચન ઝેર-મિશ્રિત અમૃત જેવું છે.]

સ્ત્રીહૃદયનું કેવું રમણીય દર્શન કરાવે છે!

હનુમાનના રામ પ્રત્યેના ભક્તિભાવને કારણે સીતાના હૃદયમાં એને માટે થોડા જ સમયમાં એવી પ્રેમની ગાંઠ બંધાઈ જાય છે કે રામ માટે તેનો સંદેશો લઈ વિદાય થવા તૈયાર થયેલા હનુમાનને તે જવા દઈ શકતી નથી:


ततस्तं प्रस्थितं सीता वीक्षमाणा पुनःपुनः।
भर्तृस्नेहान्वितं वाक्यं सौहार्दादनुमानयत्।।
यदि वा मन्यसे वीर वसैकाहमरिंदम।
कस्मिंश्चित् संवृते देशे विश्रान्तः श्वो गमिष्यसि।।
मम चैवाल्पभाग्यायाः सान्निध्यात् तव वानर।
अस्य शोकस्य महतो मुहूर्तं मोक्षणं भवेत्।।

[જવા તૈયાર થયેલા હનુમાન તરફ વારંવાર જોઈ સીતા પતિપ્રેમથી પ્રેરાઈને સ્નેહભાવે તેને કહેવા લાગી: 'હે વીર! જો તને ઠીક લાગે તો કોઈ એક ગુપ્ત સ્થાનમાં એક દિવસ રહી, આરામ કરીને, હે શત્રુપીડક, આવતી કાલે જજે. હે વાનર, હતભાગિની એવી મને તારી હાજરીમાં મારા મહાન શોકમાંથી ઘડીભર રાહત મળશે.']




રામાયણમાં નિરૂપિત ભૂમિપ્રદેશ

[દીવાન બહાદુર સી. એન. મહેતા કૃત 'સુંદરકાંડ'ના આધારે]



હસમુખ ધીરજલાલ સાંકળિયા કૃત 'પુરાતત્ત્વ અને રામાયણ' : (પ્રકાશક ગૂજરાત વિદ્યાપીઠ)ના આધારે

પોતાના અસહ્ય દુઃખનો અંત લાવવા માટે રામને આગ્રહ કરવા હનુમાનને વારંવાર વિનંતી કરી સીતા તેને કહે છે:

यथा तं पुरुषव्याघ्रं गात्रैः शोकाभिकर्शितैः।
संस्पृशेयं सकामाहं तथा कुरु दयां मयि॥

[તેમને માટે આસક્તિ રાખતી હું શોકથી કૃશ થઈ ગયેલાં અંગો વડે તે પુરુષશ્રેષ્ઠના દેહનો સ્પર્શ કરી શકું તેવી મારા પર દયા કર.]

અને

तमुत्पातकृतोत्साहमवेक्ष्य हरियूथपम्। वर्धमानं महावेगमुवाच जनकात्मजा॥
अश्रुपूर्णमुखी दीना बाष्पगद्गदया गिरा॥ हनुमन् सिंहसंकाशौ भ्रातरौ रामलक्ष्मणौ।
सुग्रीवं च सहामात्यं सर्वान् ब्रूया अनामयम्॥

[કૂદકો મારવા તૈયાર થયેલા, મહાવેગવાન અને (બળમાં) વધતા તે વાનરશ્રેષ્ઠને જોઈને આંસુથી ખરડાયેલા મુખવાળી તે દીન જનકપુત્રી ગદ્‌ગદ વાણી વડે કહેવા લાગી: 'હે હનુમાન, સિંહ જેવા બે ભાઈઓ રામ-લક્ષ્મણને, મંત્રીઓ સહિત સુગ્રીવને અને અન્ય સર્વને કુશળ પૂછજે.']

પ્રથમ રાવણ અને રાક્ષસીઓની ધમકીથી ભય અને ત્રાસ, પછી હનુમાનના દર્શનથી અને રામલક્ષ્મણની કુશળતાના સમાચારથી હર્ષ અને છેવટે હનુમાનની વિદાયથી હૃદયના ચીરા કરતું દર્દ — થોડા કલાકના ગાળામાં કવિએ સીતાને કેવા કેવા અનુભવોમાંથી પસાર કરાવી છે!

કિષ્કિંધાકાંડ અને સુંદરકાંડમાં મંદ પડેલો કથાપ્રવાહ યુદ્ધકાંડમાં વેગ પકડે છે. વાચકને પાત્રોના ભાવ-સરોવરના ઊંડાણમાં વિહાર કરાવ્યા પછી વાલ્મીકિ તેને ફરી પાછો સપાટી ઉપર લાવી મૂકે છે. આ કાંડનો નાયક રાવણ છે. તે રાક્ષસ હોઈ સ્વભાવે બહિર્મુખ (એક્સ્ટ્રોવર્ટ) છે. શાંત, સ્વસ્થ ચિત્તે કોઈ પ્રશ્નનો વિચાર કરવાની એણે ટેવ કેળવી નથી. તેના જીવનના મુખ્ય રસો છે, કામ અને યુદ્ધ. એની પોતાની રીતે એ સૌન્દર્યનો પૂજારી છે, પરંતુ તેની દૃષ્ટિ દેહના બાહ્ય સૌન્દર્ય સુધી જ સીમિત છે. પોતાના સ્વૈરાચારી જીવનમાં આજ સુધી એણે હાર અને નિષ્ફળતાનો અનુભવ કર્યો નથી. યુદ્ધકાંડમાં વાલ્મીકિ એને એ અનુભવ કરતો નિરૂપે છે. પરંતુ કવિની દૃષ્ટિમાં દ્વેષ કે વૈરવૃત્તિનો આનંદ નથી, બલ્કે શેક્સ્પિયરના જેવી દુષ્ટ પાત્રો પ્રત્યે પણ કરુણાની છાયા છે. સાચા કવિને તો માતાનો તેનાં સંતાનો પ્રત્યે હોય છે તેવો જ ભાવ પોતાનાં બધાં સર્જનસંતાનો પ્રત્યે હોય છે, અને દુષ્ટ પાત્રની દુષ્ટતાથી માની જેમ તે ક્રોધને બદલે વિષાદ અનુભવે છે.

સીતાહરણની યોજનામાંથી પોતાને વારવા માટે રાવણ મારીચ પ્રત્યે ગુસ્સે થયો હતો અને તેને મારી નાખવાની ધમકી આપી હતી. તે જ રાવણ, હનુમાન સીતાને અશોકવાટિકામાં મળી ગયો અને લંકા બાળી સહીસલામત પાછો ચાલ્યો ગયો ત્યાર પછી સ્વેચ્છાએ જ મંત્રીઓની સલાહ માગે છે, પણ ह्रिया किंचिद्-अवाङ्मुखः (શરમથી જરા આડું મોં રાખીને). બીજા મંત્રીઓની વિરુદ્ધમાં વિભીષણની સલાહ સાંભળી રાવણ विसर्जयित्वा तान् सर्वान् प्रविवेश स्वकम् गृहम् (સર્વને રજા આપીને પોતાના મહેલમાં પ્રવેશ્યો). કંઈક વિચારમાં પડી ગયો હશે? બીજી સભામાં તે મંત્રીઓની સમક્ષ પોતાની સ્થિતિનું વર્ણન કરતાં કહે છે:

'હુતાગ્નિની જ્વાળા જેવી (અને) સૂર્યની કાન્તિ જેવી તેને તથા સુન્દર (ઊંચા) નાકવાળા, કાન્તિવાળા અને સુંદર નેત્રોવાળા તેના તે આકર્ષક મુખને અવશપણે જોતાં હું કામદેવને વશ થઈ ગયો છું.... માર્ગે દોડતા અશ્વની જેમ હું સતત (પીડતા) કામથી થાકી ગયો છું.'

સ્વાભાવિક રીતે જ તેની આવી કામપરવશ સ્થિતિમાં રાવણને વિભીષણની સલાહ કડવી લાગે છે અને તે તેનું અસહ્ય અપમાન સુધ્ધાં કરે છે. યુદ્ધમાં પોતાના અગ્રણી સેનાનીઓ મરાયા પછી રાવણ જાતે રણે

ચડયો, પણ રામની દયાથી જીવતો ભાગી છૂટયો. હારના આ પ્રથમ અનુભવથી भग्नदर्पस्तदा राजा बभूव व्यथितेन्द्रियः (જેનો ગર્વ નાશ પામ્યો છે એવા, એ રાજાની ઇન્દ્રિયો વ્યાકુળ બની ગઈ) અને એ વિચારમાં પડયો:

सर्वं तत् खलु मे मोघं यत् तप्तं परमं तपः। इदं तद् ब्रह्मणो घोरं वाक्यं माममभ्युपस्थितम्।
यत् समानो महेन्द्रेण मानुषेण विनिर्जितः।। मानुषेभ्यो विजानीहि भयं त्वमिति तत्तथा।।

[જે મહાન તપ મેં કર્યું છે તે બધું નિષ્ફળ નીવડયું, કારણ કે મહેન્દ્ર સરખો હું એક મનુષ્યથી જિતાયો. 'તને મનુષ્યથી ભય ઊભો થશે' એ બ્રહ્માનું ભયજનક વચન ખરું પડવાનો સમય આવ્યો જણાય છે.]

પોતે લીધેલો માર્ગ ખોટો હતો એમ પહેલી વખત સ્પષ્ટ એકરાર કરતાં તે કુંભકર્ણને કહે છે:

विभ्रमाच्चित्तमोहाद् वा बलवीर्याश्रयेण वा। अस्मिन् काले तु यद् युक्तं तदिदानीं विचिन्त्यताम्।
नाभिपन्नमिदानीं यद् व्यर्था तस्य पुनः कथा।। गतं तु नानुशोचन्ति गतं तु गतमेव हि।।

[બુદ્ધિભ્રમને કારણે કે મનના મોહને લીધે, અથવા મારા બળ અને પરાક્રમ ઉપરના અતિવિશ્વાસથી જે મેં ન સ્વીકાર્યું તેની અત્યારે વાત કરવી નકામી છે. અત્યારના સમયે જે યોગ્ય હોય તેનો વિચાર કરો. થઈ ગયેલાનો વિચાર કરવો યોગ્ય નથી કારણ કે થયું ન થયું બનતું નથી.]

રાવણના જેવી પરિસ્થિતિમાં મુકાયેલા મૅકબેથને તેની પત્ની લગભગ આવા જ શબ્દોમાં આશ્વાસન આપે છે:

Things without all remedy
Should be without regard: what is done is done.
[જેનો કંઈ ઉપાય નહીં તેની ચિંતા વ્યર્થ છે. થયું તે થયું.]

કુંભકર્ણના વધ પછી રાવણને એક ક્ષણ માટે ખરેખરો પશ્ચાત્તાપ પણ થતો જણાય છે:

तदिदं मामनुप्राप्तं विभीषणवचः शुभम्।
यदज्ञानान्मया तस्य न गृहीतं महात्मनः।।

[મહાત્મા વિભીષણનું જે કલ્યાણકારી વચન મેં મારા અજ્ઞાનમાં નહોતું સ્વીકાર્યું તે હવે ખરું પડતું જણાય છે.]

પરંતુ શુભ અને અશુભ, સર્વ કર્મોનો પોતપોતાનો ગતિવેગ (મોમેન્ટમ) હોય છે અને અશુભનો માર્ગ લેનાર એ માર્ગેથી પોતાની ઇચ્છા હોવા છતાં, સહેલાઈથી પાછો વળી શકતો નથી. શેક્સ્પિયરે મૅકબેથના પાત્ર દ્વારા આ પ્રકારની લાચારીને સુંદર રીતે વાચા આપી છે:

I am in blood
Stepped in so far, that, should I wade no more,
Returning were as tedious as go o'er.

[લોહીની નદીમાં હું એટલો આગળ વધ્યો છું કે હવે વધુ આગળ ન જાઉં તો પાછા ફરવું આગળ વધવા જેટલું જ કંટાળાજનક નીવડે.]

રાવણની મનોદશા પણ વાલ્મીકિએ કંઈક આવી જ નિરૂપી છે. હાર્યો જુગારી બમણું રમે એમ તે પોતાના શ્રેષ્ઠ યોદ્ધાઓને એક પછી એક રણમાં મોકલે છે, અને છેલ્લે પોતાના પ્રિય પુત્ર ઇન્દ્રજિતને મોકલે છે. એના વધના સમાચારથી રાવણના પુત્રવત્સલ હૃદયને જે અસહ્ય આઘાત થાય છે તેના વર્ણનમાં આપણે જોઈએ છીએ કે વાલ્મીકિની કરુણાદૃષ્ટિ દુશ્મન પ્રત્યે પણ એના દુઃખની ક્ષણે અનુકંપા વરસાવી શકે છે ને વાચકને એનો અનુભવ કરાવી શકે છે. પરંતુ તેના રાક્ષસી સ્વભાવ પ્રમાણે રાવણ, એ દુઃખના કારણે

ક્રોધથી આંધળો બની પોતાની રહીસહી વિવેકબુદ્ધિ પણ ફગાવી દે છે. સીતા માટે અત્યાર સુધી જે કંઈ કોમળ લાગણીઓ એ અનુભવતો હતો તેને કચડી નાખી તે સીતાનો વધ કરવા ખુલ્લી તલવાર લઈ દોડે છે. એના ક્રોધની ઉગ્રતાનું વર્ણન કરતાં કવિ કહે છે:

तस्य प्रकृत्या रक्ते च रक्ते क्रोधाग्निनापि च ।
रावणस्य महाघोरे दीप्ते नेत्रे बभुवतुः ।।

तस्य क्रुद्धस्य नेत्राभ्यां प्रापतन्नश्रुबिन्दवः ।
दीपाभ्यामिव दीप्ताभ्यां सार्चिषः स्नेहबिन्दवः ।।

* * *

[સ્વાભાવિક રીતે જ લાલ રહેતાં તેનાં નેત્રો, ક્રોધરૂપી અગ્નિથી વધારે લાલ બની મહાભયંકર અને પ્રદીપ્ત બન્યાં...ક્રુદ્ધ થયેલાં તેનાં નેત્રોમાંથી પ્રદીપ્ત દીપકોમાંથી જ્વાલાવાળાં તેલબિન્દુઓ ટપકે તેમ અશ્રુબિન્દુઓ ટપકવા લાગ્યાં.]

હર્ષની જેમ ક્રોધનાં પણ આંસુ હોઈ શકે છે! એ આંસુ રાવણની ઊંડે ઊંડે જીવતી રહેલી વિવેકબુદ્ધિનાં સૂચક હશે? કારણ, એના આ ઘોર ક્રોધને પણ એનો મંત્રી શાન્ત કરી શકે છે.

સર્વનાશ તરફ ધકેલાઈ રહેલા રાવણની દશા મૅકબેથની દશા સાથે સામ્ય ધરાવે છે છતાં તેનાથી ભિન્ન છે. એની જિંદગીમાં કદાચ પહેલી વખત તેનું હૃદય દીનતાનો અનુભવ કરે છે. છેલ્લા યુદ્ધની યોજના કરવા 'દીન અને અતિ દુ:ખી થઈ ગયેલો એ રાજા સભામાં પ્રવેશીને મુખ્ય આસન પર બેઠો અને ક્રુદ્ધ થયેલા સિંહની જેમ ફૂંફાડા મારવા લાગ્યો. પુત્રના મૃત્યુથી દુ:ખી થયેલો રાવણ તે સર્વ સેનાનાયકોને, હાથ જોડી કહેવા લાગ્યો...'

ગર્વિષ્ઠ રાવણ પોતાના મંત્રીઓને હાથ જોડી વીનવે એ દૃશ્ય વાલ્મીકિની કવિદૃષ્ટિનું એક યાદગાર સર્જન નથી? આની વિરુદ્ધ મૅકબેથ એના જીવનના અંતે પોતાનું કે બીજાનું દુ:ખ અનુભવવાની શક્તિ તદ્દન ગુમાવી બેસે છે. રાણીવાસમાં અચાનક સ્ત્રીઓનો વિલાપ સાંભળી એ કહે છે:

I have almost forgot the taste of fears . . .
I have supped full with horrors;
Direness, familiar to my slaughterous thoughts,
Cannot once start me.

[ભયનો સ્વાદ મેં ગુમાવી દીધો છે. ભયાનકતાઓનો અનુભવ મેં ગળા સુધી લીધેલો છે. ભીષણતા મારા હિંસક વિચારોને પરિચિત છે અને મને ડારી શકશે નહીં.]

અને એ વિલાપ પોતાની પત્ની માટે છે એમ સાંભળી:

She should have died hereafter. (એણે ભવિષ્યમાં કોઈ દિવસ મરી જવું હતું.)

આજે પત્ની માટે શોક કરવાનો એને સમય નથી! પોતાની છેલ્લી સેનાના નાશ પછી,

आर्तानां राक्षसीनां तु लंकायां वै कुले कुले ।
रावणः करुणं शब्दं सुश्राव परिदेवितम् ।

स तु दीर्घं विनिःश्वस्य मुहूर्तं ध्यानमास्थितः ।
बभूव परमक्रुद्धो रावणो भीमदर्शनः ।।

[લંકામાં ઘેરે ઘેર દુ:ખી રાક્ષસીઓનું કરુણ રુદન રાવણે સાંભળ્યું. ઊંડો નિ:શ્વાસ નાખીને તે થોડી વાર વિચાર કરતો બેસી રહ્યો, અને પછી ભયંકર દેખાવવાળો તે ઉગ્ર ક્રોધને વશ થયો.]

જીવનને અંતે બીજાને દુ:ખે દુ:ખી થતા રાવણનું આ દર્શન વાચકને શેક્સ્પિયરે જેનો નિર્દેશ કર્યો છે તે Soul of goodnees in things evil(અનિષ્ટ વસ્તુમાં રહેલ સદ્અંશ)ની પ્રતીતિ કરાવી જાય છે. એના વધ પછી રામ પણ એને અંજલિ આપતાં કહે છે: 'આ દાનવ ભલે અધર્મ અને અસત્યને વરેલો હોય, પણ તે તેજસ્વી, બળવાન અને યુદ્ધમાં હમેશાં શૂર હતો.... મૃત્યુથી વેરનો અંત આવે છે. (વળી)

અમારું કાર્ય પણ સિદ્ધ થયું છે. જેમ તમારો (સ્વજન) હતો તેમ મારો પણ તે (સ્વજન) છે, માટે એના મૃત્યુસંસ્કાર કરો.' ઘોર સંગ્રામ અને વિનાશને અંતે શત્રુને પોતાના ભાઈ તરીકે જોઈ શકનાર મનુષ્યહૃદયનો આ ઉદાર ભાવ કેટલો રમણીય લાગે છે!

રાવણના વધ સાથે રામનું જીવનકાર્ય સમાપ્ત થયું હોય તેમ એમના ચારિત્ર્યનો દૈવી અંશ આપણે ઘડીભર લુપ્ત થતો જોઈએ છીએ. એ દૈવી અંશ પોતાના હૃદયના પ્રકાશથી શુભ-અશુભ વચ્ચે વિવેક કરવાની રામની શક્તિમાં રહ્યો હતો. એ શક્તિ હવે જાણે અદૃશ્ય થઈ ગઈ હોય તેમ, રામનો સીતા પ્રત્યેનો ભાવ આપણે સમૂળો બદલાઈ જતો જોઈએ છીએ. એમના આ અકલ્પ્ય પરિવર્તનથી વાચકની જેમ કવિ પણ આશ્ચર્યમૂઢ થઈ જતા જણાય છે. રામનો સંદેશો લઈ સીતાને મળી આવેલા હનુમાન રામને નિવેદન કરે છે:

यन्निमित्तोऽयमारम्भः कर्मणां यः फलोदयः। सा हि शोकसमाविष्टा वाष्पपर्याकुलेक्षणा।
तां देवीं शोकसंतप्तां द्रष्टुमर्हसि मैथिलीम्।। मैथिली विजयं श्रुत्वा द्रष्टुं त्वामभिकाङ्क्षति।।

[જેને માટે આ પરિશ્રમ આદર્યો હતો, જે આપણાં કાર્યોનાં ફળોદયરૂપ છે, તે શોકથી દુઃખી થયેલી દેવી મૈથિલીને મળવાની કૃપા કરો. શોકથી ઘેરાયેલી, આંસુથી વ્યાકુળ નેત્રોવાળી તે મૈથિલી આપના વિજયની વાત સાંભળીને આપને જોવા આતુર થઈ છે.]

પણ

एवमुक्तो हनुमता रामो धर्मभृतां वरः। स दीर्घमभिनिःश्वस्य जगतीमवलोकयन्।
आगच्छत् सहसा ध्यानमीषद्बाष्पपरिप्लुतः।। उवाच मेघसंकाशं विभीषणमुपस्थितम्।।

[હનુમાનનાં આ વચનો સાંભળીને ધર્મધારીઓમાં શ્રેષ્ઠ એવા રામની આંખો થોડી અશ્રુભીની થઈ ગઈ, અને તેઓ એકદમ વિચારમાં પડી ગયા. ઊંડો નિઃશ્વાસ નાખીને તથા આજુબાજુના જગતને જોઈને પોતાની પાસે આવી ઊભેલા મેઘ જેવા શ્યામ વિભીષણને કહેવા લાગ્યા.]

શા માટે આંખમાં આંસુનું બિન્દુ અને આ 'દીર્ઘ' નિઃશ્વાસ? સીતાને સ્નાન તથા શણગાર કરાવી પોતાની સમક્ષ લાવવાની રામ સૂચના આપે છે, પરંતુ

एवमुक्ता तु वैदेही प्रत्युवाच विभीषणम्।
अस्नात्वा द्रष्टुमिच्छामि भर्तारं राक्षसेश्वर।।

[સીતાને જ્યારે આમ કહેવામાં આવ્યું ત્યારે તેણે વિભીષણને જવાબ આપ્યો કે, 'હે રાક્ષસેન્દ્ર, હું સ્નાન કર્યા વગર જ સ્વામીને જોવા ઇચ્છું છું.']

છેવટે સીતા સ્નાન કરીને જ આવે છે, પણ રામ

तामागतामुपश्रुत्य रक्षोगृहचिरोषिताम्।
रोषं हर्षं च दैन्यं च राघवः प्राप शत्रुहा।।

[રાક્ષસના ઘરમાં લાંબો વખત રહેલી તે પોતાની સમક્ષ આવી છે એમ સાંભળીને, શત્રુનો નાશ કરનાર રામચન્દ્રને ક્રોધ, આનંદ અને દીનતાની લાગણીઓ થઈ આવી.].

આ રોષ, હર્ષ અને દૈન્યનું મિશ્રણ हृदिस्थः सर्वभूतानामात्मा वेद शुभाशुभम् (સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેલ આત્મા શુભ શું અને અશુભ શું તે જાણે છે.) કહેનાર રામનો નહીં પણ પોતાની પત્નીના હરણથી અપમાનિત થયેલા સામાન્ય ક્ષત્રિયપુત્રનો ભાવ છે. સીતા માટે વાનરોને હડસેલી માર્ગ કરતા વિભીષણને તે કહે છે: 'મારી અવગણના કરીને તમે આ લોકોને શા માટે હેરાન કરો છો? આ કલેશ દૂર કરો. આ સર્વ મારાં સ્વજન છે.' જાણે કે સીતા કરતાં વાનરો રામને વધારે પ્રિય હતા!

લક્ષ્મણ, સુગ્રીવ અને હનુમાન રામનું આ નવું રૂપ જોઈ ચિંતામાં પડી જાય છે અને अप्रीतमिव सीतायां तर्कयन्ति स्म राघवम् (રામ સીતા પ્રત્યે ખૂબ નારાજ થઈ ગયા હોય તેમ માનવા લાગ્યા.) રામની સામે હાથ જોડી ઊભી રહેલી સીતાને રામે પોતાના હૃદયના ભાવો કહેવાનું શરૂ કર્યું અને જાણે કે સીતાને માથે વીજળી પડી!

एपासि निर्जिता भद्रे शत्रुं जित्वा रणाजिरे। अद्य मे पौरुषं दृष्टमद्य मे सफलः श्रमः।
पौरुषाद् यदनुष्ठेयं मयैतदुपपादितम्।। अद्य तीर्णप्रतिज्ञोऽहं प्रभवाम्यद्य चात्मनि।।

* * *

[હે ભદ્રે, શત્રુને સંગ્રામમાં જીતીને મેં તને પાછી મેળવી છે. પરાક્રમથી જે કરવું જોઈએ તે મેં કર્યું છે...આજે મારું પરાક્રમ દેખાયું, આજે મારો શ્રમ સફળ થયો. આજે મેં મારી પ્રતિજ્ઞા પૂરી કરી અને હવે હું મારું મસ્તક ઊંચું રાખી શકું છું.]

रामो द्विर्नाभिभाषते (રામ એક વખત વચન આપી કદી ફરી જતો નથી.) શબ્દોમાં વ્યક્ત થયેલા સાત્ત્વિક ગર્વનું જ આપણે અહીં બીજા રૂપે દર્શન નથી કરતા? અને સાથે સાથે રામના ચારિત્ર્યમાં વાચકે અત્યાર સુધી નહીં જોયેલી નિર્બળતાનું દર્શન થાય છે:

पश्यतस्तां तु रामस्य समीपे हृदयप्रियाम्।
जनवादभयाद् राज्ञो बभूव हृदयं द्विधा।।

[હૃદયપ્રિયા સીતાને પોતાની પાસે ઊભેલી જોઈ, લોકનિન્દાના ભયને લીધે તે રાજાનું હૃદય ચિરાવા લાગ્યું.]

લોકાપવાદનો ભય રામ જેવા મહાનુભાવને પણ કેવા ફફડાવી મૂકે છે અને નિષ્ઠુર બનાવી શકે છે તેનું કવિની સત્યદૃષ્ટિએ કરેલું નિરૂપણ જુઓ:

रक्षता तु मया वृत्तमपवादं च सर्वतः।
प्रख्यातस्यात्मवंशस्य न्यङ्गं च परिमार्जता।।

प्राप्तचारित्रसंदेहा मम प्रतिमुखे स्थिता। तद् गच्छ त्वानुजानेऽद्य यथेष्टं जनकात्मजे।
दीपो नेत्रातुरस्येव प्रतिकूलासि मे दृढा।। एता दश दिशो भद्रे कार्यमस्ति न मे त्वया।।

[મેં જે કર્યું છે તે સદાચારનું રક્ષણ કરવા, સર્વ તરફના અપવાદનું નિવારણ કરવા તથા મારા વિખ્યાત રાજવંશના કલંકને ધોઈ નાખવા માટે. જેના ચારિત્ર વિશે સંદેહ થયો છે એવી મારી સામે ઊભેલી તું, જેમ નેત્રરોગીને દીવો પ્રતિકૂળ બને તેમ મને અત્યંત પ્રતિકૂળ બની છે. હે જનકતનયા, હું તને રજા આપું છું, જ્યાં ઠીક પડે ત્યાં તું જા, આ દશે દિશાઓ તારે માટે ખુલ્લી છે. હે ભદ્રે, મારે તારું કોઈ કામ નથી.]

અને છેલ્લો ઘા:

तदद्य व्याहृतं भद्रे मयैतत् कृतबुद्धिना। शत्रुघ्ने वाथ सुग्रीवे राक्षसे वा विभीषणे।
लक्ष्मणे वाथ भरते कुरु बुद्धिं यथासुखम्।। निवेशय मनः सीते यथा वा सुखमात्मना।।

[હે ભદ્રે, હું તને નિશ્ચય કરીને કહું છું કે તું સુખેથી લક્ષ્મણમાં કે ભરતમાં તારું મન પરોવ; અથવા તો તારી ઇચ્છા પ્રમાણે, શત્રુઘ્ન કે સુગ્રીવ અથવા તો રાક્ષસ વિભીષણમાં મન પરોવ.]

સુંદરકાંડમાં વાચકે જોયેલી સીતાને આ વચનોથી કેવો આઘાત લાગ્યો હશે એની કલ્પના પણ અસહ્ય થઈ પડે એવી છે. એક ગ્રીક ફિલસૂફે કહ્યું છે, 'Call no man good till he is dead!' (કોઈ પણ મનુષ્યને તેના મૃત્યુ પહેલાં સારો ન કહેવો.) તેનું જ આ દૃષ્ટાંત.

પરંતુ રામ અને સીતાના અદ્વૈતનું કવિ હવે જ ખરું દર્શન કરાવે છે. રામની ઉજ્જ્વળ ઉદાત્તતાને કલંકિત કરતું જે વાદળ ઘેરાયું હતું તેમાંથી સીતા એને કેવી રીતે બચાવી લે છે તે જુઓ:

सा तदाश्रुतपूर्वं हि जने महति मैथिली । श्रुत्वा भर्तृवचो घोरं लज्जयावनताभवत् ।।
प्रविशन्तीव गात्राणि स्वानि सा जनकात्मजा । वाक्शरैस्तैः सशल्येव भृशमश्रूण्यवर्तयत् ।।
ततो बाष्पपरिक्लान्तं प्रमार्जन्ती स्वमाननम् । शनैर्गद्गदया वाचा भर्तारमिदमब्रवीत् ।।
किं मामसदृशं वाक्यमीदृशं श्रोत्रदारुणम् । रूक्षं श्रावयसि वीर प्राकृतः प्राकृतामिव ।।

[આગાઉ કદી સાંભળ્યાં ન હોય તેવાં પતિનાં આ ભયંકર વચનો વિશાળ જનમેદની સમક્ષ સાંભળીને સીતાએ લજ્જાથી નીચું મુખ કરી દીધું. તે વાક્યરૂપી બાણોથી વીંધાઈ હોય તેમ જનકપુત્રી જાણે પોતાનાં ગાત્રોમાં સમાઈ જવા લાગી અને આંસુની ધારા વહાવવા લાગી.

પછી આંસુથી ચોતરફ ખરડાયેલા પોતાના મુખને લૂછતી તે ગદ્ગદ કંઠે સ્વામીને ધીમેથી કહેવા લાગી : 'આવું અણછાજતું, કાનને ભયંકર લાગે તેવું કઠોર, અને કોઈ અસંસ્કારી પુરુષ એના જેવી સ્ત્રીને સંભળાવે તેવું વચન તમે મને કેમ સંભળાવો છો?']

સીતાના આ ઉગ્ર રૂપનું વાચકે આગળ અયોધ્યાકાંડમાં પણ દર્શન કર્યું છે. અને પછી સીતાના આ શબ્દો જુઓ, જેને હિંદુ સમાજ સદીઓ સુધી ભૂલી ગયો હતો:

यदहं गात्रसंस्पर्शं गतास्मि विवशा प्रभो । कामकारो न मे तत्र दैवं तत्रापराध्यति ।।
मदधीनं तु यत् तन्मे हृदयं त्वयि वर्तते । पराधीनेषु गात्रेषु किं करिष्याम्यनीश्वरी ।।

['હે પ્રભુ, વિવશ બનીને હું અન્યના અંગનો સ્પર્શ પામી તે મારી ઇચ્છાથી ન હતું. તેમાં તો નસીબનો જ વાંક હતો. જે મારે આધીન — મારું હૃદય — તે તો તમારે વશ છે. શરીરનાં અંગો પરાધીન હોય ત્યારે મારી જાત ઉપરના કાબૂ વિનાની હું શું કરી શકું?']

રામના પ્રેમથી વંચિત બનેલી સીતાને પોતાના અસહ્ય દુઃખમાંથી છૂટવાનો એક જ ઉપાય સૂઝે છે:

चितां मे कुरु सौमित्रे व्यसनस्यास्य भेषजम् ।
मिथ्यापवादोपहता नाहं जीवितुमुत्सहे ।।

['હે લક્ષ્મણ, આ સંકટના ઔષધ સમી મારે માટે ચિતા તૈયાર કરો. ખોટા આળથી ઘવાયેલી હું જીવવાને ઉત્સુક નથી.']

લક્ષ્મણ રામની સામે જુએ છે, અને એના મુખ ઉપરના ભાવો ઉપરથી એમની અનુમતિનું અનુમાન કરી ચિતા તૈયાર કરે છે. એ ભાવનું વર્ણન કરતાં કવિ કહે છે:

नहि रामं तदा कश्चित् कालान्तकयमोपमम् ।
अनुनेतुमथो वक्तुं द्रष्टुं वाप्यशकत् सुहृत् ।।

[તે વખતે કાલનો નાશ કરનાર યમરાજ સમા રામને કોઈ મિત્ર કંઈ સમજાવી શક્યો કે કહી શક્યો નહીં કે એમની સામે જોઈ શક્યો પણ નહીં.]

સીતા રામની પ્રદક્ષિણા કરી અગ્નિદેવને પ્રાર્થે છે:

यथा मे हृदयं नित्यं नापसर्पति राघवात् । तथा लोकस्य साक्षी मां सर्वतः पातु पावकः ।।
* * *
आदित्यो भगवान्वायु दिशश्चन्द्रस्तथैव च । अहश्चापि तथा संध्ये रात्रिश्च पृथिवी तथा ।
यथान्येऽपि विजानन्ति तथा चारित्रसंयुताम् ।।

['જો મારું હૃદય રામથી કદી દૂર જતું ન હોય તો જગતના સાક્ષી એવા અગ્નિ મારું રક્ષણ કરો . . . ભગવાન સૂર્ય, વાયુ, દિશાઓ તથા ચન્દ્રમા, (અને) દિવસ, બે સંધ્યાઓ, રાત્રી અને પૃથ્વી તથા બીજા મને ચારિત્ર્યયુક્ત જાણતા હોય (તે સર્વ મારું રક્ષણ કરો).']

અગ્નિની પ્રદક્ષિણા કરી સીતા અગ્નિમાં પ્રવેશ કરે છે ત્યારે,

चुक्रुशुः स्त्रियः सर्वास्तां दृष्ट्वा हव्यवाहने ।
पतन्तीं संस्कृतां मन्त्रैर्वसोर्धारामिवाध्वरे ॥

तस्यामग्निं विशन्त्यां तु हाहेति विपुलस्वनः ।
रक्षसां वानराणां च सम्बभूवाद्भुतोपमः ॥

*　*　*

[યજ્ઞમાં મન્ત્રોથી સંસ્કાર પામેલી અને (અગ્નિમાં અપાતી) આહુતિદ્રવ્યની ધારા જેવી તેને અગ્નિમાં પડતી જોઈને સર્વ સ્ત્રીઓ આક્રંદ કરવા લાગી... તેણે અગ્નિમાં પ્રવેશ કર્યો ત્યારે રાક્ષસો અને વાનરોએ, કોઈએ કદી ન સાંભળ્યો હોય એવો હાહાકાર કરી મૂકયો.]

'ઓથેલો'નું છેલ્લું દૃશ્ય, જેમાં ઑથેલો ડેઝ્ડિમોનને ગળું દબાવી મારી નાખે છે તે અંગ્રેજ વિવેચક ડૉ. જૉનસનને એટલું કરુણ લાગ્યું હતું કે વર્ષો સુધી એ દૃશ્યને તે ફરીથી વાંચી શક્યો ન હતો. સીતાની અગ્નિ-પરીક્ષાના દૃશ્ય વિશે પણ કોઈ વાચકને એવો અનુભવ થાય તો નવાઈ નહીં.

સીતા કસોટીમાંથી પાર ઊતરે છે અને રામ એનો પ્રેમપૂર્વક સ્વીકાર કરે છે, પરંતુ દૃશ્યની કરુણતા વાચકની સ્મૃતિમાંથી ભૂંસાતી નથી. આ પ્રસંગ દ્વારા વાલ્મીકિ શું સૂચન કરવા માગતા હશે? હિંદુ સમાજે તો તેનો એવો અર્થ ઘટાવ્યો છે કે સ્રીની ધર્મનિષ્ઠા અને સહનશક્તિ જ મનુષ્યની સંસ્કૃતિનું ખરું રક્ષક બળ છે. પરંતુ વાલ્મીકિને આવો કોઈ અર્થ અભિપ્રેત હોય એમ જણાતું નથી. સીતાની પરીક્ષા આવશ્યક હતી એમ આખા પ્રસંગના નિરૂપણમાં ક્યાંય સૂચિત થતું નથી અને રામના વર્તનનો કોઈ બચાવ કરવાનો કવિએ પ્રયત્ન કર્યો નથી.

સંભવ છે કે વાલ્મીકિએ રામ વિશે જે કથા સાંભળી હતી તેમાં આ પ્રસંગ હતો અને તેથી તેણે એક કવિની સત્યનિષ્ઠાથી એને પોતે સમજી શક્યો એ રૂપે નિરૂપ્યો છે. કવિએ રામને જે લોકોત્તર ભૂમિકા પર જીવતા આલેખ્યા છે એ ભૂમિકામાંથી આ પ્રસંગે એમનું પતન થતું એ બતાવે છે, અને છતાં એમના વ્યક્તિત્વ માટેનો કથાનાં અન્ય પાત્રોનો કે વાચકનો આદર, કવિએ ઓછો થવા દીધો નથી. રામના ચારિત્ર્યની વિશિષ્ટતા જ એ છે કે એમની ઉદાત્તતા એ એમના પોતાના પુરુષાર્થથી કેળવાયેલો ગુણ નથી જણાતો, પરંતુ ઈશ્વરદત્ત બક્ષિસરૂપે પ્રતીત થાય છે. એવી ઈશ્વરી શક્તિનો પ્રવાહ કોઈક પ્રસંગે થોડાક સમય પૂરતો લુપ્ત થાય તો તે માટે વ્યક્તિને દોષ ન હોઈ શકે; કારણ કે, બાઈબલ કહે છે તેમ, The spirit bloweth where it listeth (ઈશ્વરકૃપા રૂપી વાયુ એની ઇચ્છામાં આવે તેમ વિચરે છે.) રામ પોતે તો ઈશ્વરે આપેલી શક્તિના ગીતાકારને અભિપ્રેત એવા નિર્મમ વાહક બની રહે છે, અને એ નિર્મમત્વ જ એમના વ્યક્તિત્વની રમણીયતાનું રહસ્ય છે. એમના ચારિત્ર્યના આ લક્ષણને કારણે હિંદુસમાજે ભવિષ્યની સદીઓમાં એમને વિષ્ણુના અવતાર કલ્પ્યા હશે. એ કલ્પના શક્ય બનાવી એ વાલ્મીકિની કવિત્વપ્રતિભાની અનન્ય સિદ્ધિ.

સામાન્ય રીતે મહાકાવ્ય પ્રજાના નિકટના ભૂતકાળને સ્મૃતિબદ્ધ કરે છે, અને પછી એ સ્મૃતિ પ્રજાની પરંપરાનો એક મૂલ્યવાન અંશ બની રહે છે. વાલ્મીકિનું રામાયણ પણ ભારતીય પરંપરાનો એક અગત્યનો અંશ બની રહ્યું છે, પરંતુ તે માત્ર એક સ્મૃતિગ્રંથ તરીકે નહીં. એની કથામાં આર્ય-અનાર્યના સંઘર્ષરૂપે રહેલા ઐતિહાસિક અંશને ભારતીય પ્રજાએ બહુ મહત્ત્વ આપ્યું નથી. એના મનમાં તો વસી ગયો છે કવિએ રામ અને સીતાના જીવનમાં મૂર્ત કરેલો રમણીય હૃદયધર્મ. એ ધર્મ માત્ર સ્મૃતિના અવશેષરૂપે પ્રતીત થતો નથી, પરંતુ સદીઓ સુધી બહુજનસમાજ એને યથાશક્તિ આત્મસાત્ કરતો રહ્યો છે, અને એ રીતે વાલ્મીકિનું જીવનદર્શન પેઢી દરપેઢી પુનર્જીવન પામતું રહ્યું છે. કૌટુમ્બિક સંબંધોમાં જીવતા રહેલા રામાયણના આ ધર્મઆદર્શો ભારતના રાજકીય ઇતિહાસની અંધકારભરી સદીઓ દરમ્યાન પ્રજામાં સંસ્કારદીપ જલતો રાખ્યો છે અને એના દ્રષ્ટાને પ્રજાએ આપેલું 'આદિકવિ'નું બિરુદ સાર્થક ઠરાવ્યું છે.

# ૩ : મહાભારત

મહાભારત એ પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો કેવળ વિશ્વકોશ નથી, પ્રાચીન ભારતના 'ઇતિહાસ'નો માત્ર આકરગ્રંથ નથી, માનવજીવનના અપાર વૈવિધ્યને આલેખતો સાહિત્યગ્રંથ જ નથી, પણ 'વિરાટ' શબ્દના તમામ અર્થોને સાર્થક કરતો, વ્યાપકમાં વ્યાપક જીવનદર્શન કરતો અને કરાવતો એ મહત્તમ 'ગ્રંથસાગર' છે.

પ્રાચીન બૃહદ્ ભારત અથવા તો પ્રાચીન સમયના ભારતને જ્ઞાત જગતના ઇતિહાસ, સાહિત્ય, ઉત્કીર્ણ લેખો, પ્રાચીન અને ઉત્તરકાળનું સંસ્કૃત સાહિત્ય અને તત્ત્વજ્ઞાન, જૈન-બૌદ્ધ આનુગમોનું સાહિત્ય, સંત-સાહિત્ય, આધ્યાત્મિક જ્ઞાનવિજ્ઞાનો અને વૈદિક સાહિત્યથી માંડીને ઉત્તરકાળના વૈદિક સંપ્રદાયો — એ સર્વેને જોડતા પ્રમુખ સેતુ રૂપ કોઈ હોય તો તે મહાભારત છે. તે ઉપરાંત, માનવજીવનના અંતિમ લક્ષ્ય ઉપર પ્રકાશ વેરતા વિશ્વના સર્વોત્તમ કાવ્ય ભગવદ્‌ગીતાને કેન્દ્રમાં રાખીને કવીન્દ્ર વેદવ્યાસે પોતાની મનોહર, મનોરમ, શીતળ, લાલિત્યભરી, દૃઢ અને નિર્બળતાની છાંટ વિનાની અનોખી સર્જક શૈલીમાં પૌરાણિક આખ્યાનો, ઇતિહાસો અને કર્મ-ભક્તિ તથા જ્ઞાનવિજ્ઞાનનાં તમામ વૃક્ષોને મૂળ તથા શાખાપ્રશાખાઓ સહિત મહાભારતમાં ગૂંથીને એ ભગવદ્‌ગીતા ઉપર મહાભાષ્ય રચ્યું છે.

માનવી ભાવોના પ્રલયંકર ઝંઝાવાતોને વીંઝતાં ગ્રીસનાં જગત્પ્રસિદ્ધ વીરરસપૂર્ણ મહાકાવ્યો 'ઇલિયડ' અને 'ઓડિસી'નાં એકઠાં કદ કરતાં આઠગણાં તથા બાઇબલ કરતાં કદમાં સાડાત્રણ ગણા મોટા મહાભારતની રચનાનો કાળ નક્કી કરવો એ કઠણ કાર્ય છે. તે છતાં એટલું નિઃશંક છે કે ઈ. સ. પૂર્વે પાંચમી સદી પહેલાં મહાભારત અને શ્રીમદ્ ભગવદ્‌ગીતાની રચના થઈ ચૂકી હતી, અને તે પ્રમાણ તરીકે ટાંકી શકાય એટલાં પુરાણાં અને જાણીતાં પણ થઈ ચૂક્યાં હતાં. 'અષ્ટાધ્યાયી'માં પાણિનિ (ઈ. સ. પૂર્વે પાંચમી સદી) મહાભારતનો અને શ્રી શ્રીકૃષ્ણ-અર્જુન સહિત મહાભારતનાં ઘણાં મુખ્ય પાત્રોનો ઉલ્લેખ કરે છે. એ જ રીતે ઈ. સ. પૂર્વે આઠમીથી ચોથી સદી વચ્ચે કોઈ સમયે રચાયેલાં 'આશ્વલાયન ગૃહ્યસૂત્ર', 'શાંખાયન શ્રૌતસૂત્ર', 'બૌધાયન ધર્મસૂત્ર' અને 'બૌધાયન ગૃહ્યસૂત્ર' પણ મહાભારત, ભગવદ્‌ગીતામાંનાં મુખ્ય પાત્રો અને મહાભારતના યુદ્ધ વગેરેનો નિર્દેશ કરે છે.

## ઐતિહાસિક ભૂમિકા

મહાભારત જેના ભાષ્યરૂપ છે તે શ્રીમદ્ ભગવદ્‌ગીતાની ઐતિહાસિક ભૂમિકા જોઈ લઈએ :

'યુદ્ધ એ ખરાબ વસ્તુ છે, સંસ્કૃતિ-વિનાશક છે, એ ટાળવાનો આપણે બધા પ્રયત્ન કરીએ. એમાં જો કોઈનેય સફળતા મળે એમ હોય તો શ્રીકૃષ્ણને જ મળી શકે', એવી આપસમાં વાતો કરી પાંડવપક્ષના મહારથીઓએ શ્રીકૃષ્ણને વિષ્ટિ કરવા હસ્તિનાપુર મોકલ્યા. એમાં ભીમસેન અને અર્જુન પણ યુદ્ધ ટાળવાના પક્ષમાં હતા. પણ એ વાટાઘાટો 'સોયની તીણી અણી ઉપર રહે એટલી ભૂમિ પણ હું આપવાનો નથી,' એવા દુર્યોધનના ઇન્કારથી તૂટી પડી. યુદ્ધ ફરજિયાત આવી પડ્યું પણ યુદ્ધ ચાલુ થવાની ક્ષણો ગણાતી હતી ત્યાં તો પાંડવોના સરસેનાપતિ ધૃષ્ટદ્યુમ્નના પણ ઉપરી સેનાપતિ અર્જુનના હૃદયમાં 'સ્વજનવધ'થી થતા મહાપાપના વિચારને કારણે મૂઢતા વ્યાપી ગઈ. ત્યારે સરસેનાપતિ-પતિના પણ નેતા — ભગવાન શ્રીકૃષ્ણે એને

'યુદ્ધ અપરિહાર્ય છે' એ સમજાવ્યું અને આ અપરિહાર્ય કર્તવ્ય પાર પાડવું એ ક્ષત્રિયના સ્વધર્મ છે એમ ઠસાવીને નર અર્જુનને મંત્ર આપ્યો : 'અસૂયા વિના (ન્યાય માટે) યુદ્ધ કરવું, (પ્રજાજનોનું) રક્ષણ કરવું, અને (કર્મફલ ત્યાગીને થતાં કર્મોરૂપી) યજ્ઞ કરવો.' શ્રીકૃષ્ણે દૈવી સંપત્તિવાળા અર્જુનમાં આધ્યાત્મિક શૌર્ય રેડ્યું અને અનાસક્ત 'સામ્યયોગ' શીખવ્યો. નરમાંથી નરોત્તમ સર્જ્યો.

મહાભારતના કર્તા વિશાળબુદ્ધિ મહામુનિ વ્યાસના ક્રાંતદર્શી પુરુષાર્થના પ્રતાપે વૈદિક સંહિતાગ્રન્થો હજારો વર્ષ પછી આજે પણ મૂળ સ્વરૂપે ઉપલબ્ધ થાય છે. એમ જણાય છે કે સંપાદકશિરોમણિ વેદવ્યાસે બદરિકાશ્રમમાં કોઈ સ્થળે, સંભવત: હાલ જ્યાં બદરિનારાયણનું સુપ્રસિદ્ધ મંદિર છે તે 'વિશાલા' આસપાસ, કોઈ સમયે, તપ:ક્ષેત્ર, ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્ર એવા પોતાના વિશુદ્ધ ચિત્તમાં ભગવાન વાસુદેવ સંજ્ઞાથી ઓળખાતા અચિન્ત્ય, અપરિમેય તત્ત્વનો સાક્ષાત્કાર કર્યો હશે અને તીવ્ર ભગવદનુસન્ધાન દ્વારા તે સમયે કુરુક્ષેત્રના સમરાંગણ ઉપર સ્વયં ભગવન્મુખે ગવાયેલા દિવ્ય ગીતનું સંપૂર્ણ અર્થોદ્‌ઘાટન સહિત શ્રવણ કર્યું હશે -- આજની પરિભાષામાં મૂકીએ તો, ભગવદ્‌ગીતાની 'રચના' કરી હશે. ત્યાર પછી, અનેક મહાન સર્જક ઋષિ–કવિ–વિદ્વાનો–શિષ્યોની સહાય લઈને, પ્રચલિત કૌરવ-પાંડવ યુદ્ધની રમ્ય કથા, અને એ મહાયુદ્ધના સૂત્રધાર ભગવાન શ્રીકૃષ્ણના અપૂર્વસુંદર લોકોત્તર ચારિત્ર્યની ધર્મનાં સર્વ તત્ત્વોનું ઉદ્‌ઘાટન કરવાની ક્ષમતા પારખીને એનો ગીતાના ભાષ્યરૂપ મહાભારતની રચના કરવામાં વિનિયોગ કર્યો હશે.

મહાભારતનું એ આદિ રૂપ કેવું હશે તે જાણવા આપણી પાસે કંઈ સાધન નથી. પણ એટલું ચોક્કસ છે કે, અત્યારે આપણને મહાભારતની જે વાચના (પાઠ) મળે છે તેમાં પ્રાપ્ત થતાં કથા અને ધર્મ-તત્ત્વજ્ઞાનના સૂત્ર ઘણે અંશે એ મૂળ રચના અનુસાર છે. આ ગ્રન્થનો પ્રમુખ ઉદ્દેશ 'ધર્મ' વર્ણવવાનો છે : "ધર્મ એટલા માટે 'ધર્મ' કહેવાય છે કે એ ધારણ કરે છે — અધોગતિમાં જવાથી બચાવે છે અને જીવનનું રક્ષણ કરે છે; તેથી જે કંઈ ધારણ-પોષણ કરનાર હોય છે, તે ધર્મ છે એવો ધર્મવેત્તાઓનો નિર્ણય છે." અને આ ધર્મતત્ત્વનું સ્ફુરણ દર્શાવવા માટે આ ગ્રંથમાં 'ગાન્ધારીની ધર્મશીલતા, વિદુરની બુદ્ધિમત્તા, કુન્તીનું ધૈર્ય, શ્રીકૃષ્ણનું માહાત્મ્ય, પાંડવોની સત્યપરાયણતા અને કૌરવોના દુર્વ્યવહારનું ચિત્રણ કર્યું છે; અને એ દ્વારા મનુષ્યોને જે શાશ્વત, ચિરંતન અને નિત્ય છે તે પામવાનું વિજ્ઞાન શીખવ્યું છે; તથા પુરુષાર્થ કરવાનીય પ્રેરણા આપી છે. આને કારણે મહાભારતમાં આવતી કૌરવ-પાંડવની મુખ્ય કથા તો એ 'ગ્રંથાર્ણવ'ના ચોથા કરતાંય ઓછો ભાગ રોકે છે.

મહાભારતમાં જ પ્રાપ્ત થતા 'જય', 'ભારત' અને 'મહાભારત' એ શબ્દોને કારણે એવી માન્યતા ફેલાઈ છે કે 'જય' એ મહાભારતના આદિ રૂપનું નામ છે તથા જય, ભારત અને મહાભારત એ નામની ત્રણ સંહિતાઓ અનુક્રમે રચાઈ હશે. પણ ખરેખર એવું નથી. 'જય' સંજ્ઞા તો જેમાં વિજયકથા હોય કે વિજય મેળવવાનો ઉપદેશ હોય એવા જુદા જુદા ગ્રંથો, કથાઓ કે આખ્યાનો માટે એક સર્વસામાન્ય નામ તરીકે વપરાતી હોય એવું જણાય છે. જેમ કે : (૧) મહાભારતની કથા એ મન્યુ, અર્થાત્ આસુરી સંપત્ ઉપરના ધર્મના, અર્થાત્ દૈવી સંપત્‌ના, જયની કથા છે; (૨) માતા કુન્તીએ પાંડવોનો યુદ્ધોત્સાહ પ્રજ્વલિત કરવા માટે શ્રીકૃષ્ણ મારફતે પાંડવોને 'વિદુરાપુત્ર-અનુશાસન' નામથી વિખ્યાત સંદેશો પાઠવ્યો હતો. એમાં સિંધુરાજથી હારીને દીન તથા નાસીપાસ થઈ બેઠેલા સૌવીરના રાજા સંજયને, તેની વીર ક્ષત્રિયાણી માતા વિદુરાએ આપેલા સમર્થ પ્રોત્સાહનથી ઉત્તેજિત થઈને એણે પોતાના શત્રુઓ ઉપર વિજય મેળવ્યો તેની કથા છે. આ 'વિદુરાપુત્રાનુશાસન'ને મહાભારતમાં 'જય' સંજ્ઞા આપેલી છે; (૩) મહાભારતના શાન્તિપર્વમાંના 'નારાયણીય'માં રુદ્રનારાયણ યુદ્ધની કથા છે. એ કથાનું નામ 'નારાયણજય' છે; (૪) પાંચરાત્ર સંપ્રદાયની ત્રણ મુખ્ય સંહિતાઓ પૈકી એક મુખ્ય સંહિતા 'જય' કે 'જયાખ્યસંહિતા' છે. ભક્તોના 'જય' માટે અને પોતાના હિત માટે નારદે પ્રશ્ન કરવાથી ભગવાન કમલલોચન નારાયણે 'જયાખ્યસંહિતા' કહી હતી; અને (૫)

હિન્દુ પરંપરા પ્રમાણે, અઢારે પુરાણો, રામાયણ, વૈષ્ણવ અને શૈવ ધર્મશાસ્ત્રો સહિતના ગ્રન્થોને 'જય' સંજ્ઞા આપેલી છે.

એ જ રીતે મહાભારતમાં અને ભાગવત આદિ અન્ય પ્રાચીન ગ્રન્થોમાં પણ 'ભારત' અને 'મહાભારત' એ બન્ને નામોનો સમાન અર્થમાં છૂટથી ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ 'ભારત' અથવા 'મહાભારત' ગ્રંથ, જેમાં વિજયકથા આવતી હોઈ 'જય' પણ કહેવાતો, તેની મૂળથી જ અનેક પરંપરાઓ જણાય છે. મહર્ષિ વ્યાસના પાંચ શિષ્યો સુમંતુ, જૈમિની, પૈલ, શુકદેવ અને વૈશંપાયને મહાભારતની પાંચ અલગ આવૃત્તિઓ તૈયાર કરેલી. અત્યારે પ્રચલિત છે તે મહાભારત એ વૈશંપાયન અને વ્યાસના છઠ્ઠા શિષ્ય સૂત લોમહર્ષણે સંયુક્ત રીતે તૈયાર કરેલી અને ભાર્ગવ ઋષિઓએ સંપાદિત કરેલી એક લાખ શ્લોકવાળી 'શતસાહસ્રીસંહિતા' છે.

મહાભારત એ 'ભારત' અથવા 'મહાભારત' શાથી કહેવાય છે તેનાં જુદાં જુદાં સ્પષ્ટીકરણો મહાભારતમાં જ આપેલાં છે. જેમ કે : (૧) એમાં ભારતોનાં મહાન જન્મવૃત્તાંતો વર્ણવ્યાં છે તેથી મહા-ભારત; (૨) મહત્તા અને ભારવત્તા — ગૌરવને કારણે મહાભારત; (૩) પ્રાચીન કાળમાં ભેગા થયેલા દેવો અને ઋષિઓએ એક પલ્લામાં વેદો અને બીજા પલ્લામાં ભારત ત્રાજવામાં મૂક્યાં હતાં, ત્યારે (ગ્રન્થના) મહત્ત્વમાં અને (અર્થના) ગુરુત્વમાં એ અધિક નીવડયું હતું માટે મહાભારત.

મહાભારતની સંખ્યાબંધ અલગ વાચનાઓ, તેની પેટાવાચનાઓ અને તેમાં પણ પાછી થોકબંધ પરંપરાઓ, પાઠાંતરો અને ક્ષેપકો, તથા તે પણ અનેક લિપિઓમાં — આ બધુંય પ્રસ્તુત મહાન ઇતિહાસકાવ્ય કેટલું જીવંત છે અને ભારતીય જનહૃદયમાં તેનું સ્થાન કેટલું ઊંડું છે તે સિદ્ધ કરે છે.

આ મહાગ્રન્થ ઓછામાં ઓછાં અઢી હજાર વર્ષ કરતાં વધુ સમયથી ભારતની પ્રજાને ઓજસ્વી પયઃપાન કરાવીને યુગે યુગે નવપલ્લવિત કરે છે, તથા નવજીવન અર્પે છે; એટલું જ નહીં પણ ભારતીય પ્રજા મારફતે એ ગ્રન્થ વિશ્વની પ્રજાઓને અને અન્ય ધર્મોને પણ લગભગ બે હજાર વર્ષ કરતાં વિશેષ સમયથી ઉત્થાન પામવામાં, પોતાના સૂર્યપ્રકાશસમા જીવનદાયી કાવ્યમય તત્ત્વજ્ઞાનથી ગણનાપાત્ર મદદ કરી રહ્યો છે.

સૌથી મહત્ત્વની વાત તો એ છે કે, વેદવ્યાસે મહાભારતની રચના કર્યા પછી એ તો પ્રજામાં ઓતપ્રોત થઈ ગયું. તે જે જે પ્રદેશમાં પહોંચ્યું તે તે પ્રદેશના લોકોનાં ચિત્ત એણે હરી લીધાં. પરિણામે દરેક પ્રદેશના કવિઓ, પ્રાજ્ઞો, પંડિતો, ભાટચારણો અને લહિયાઓ સુધ્ધાંની 'કારીગરી'નો લાભ એને મળયા કર્યો. આ જીવંત ધર્મકાવ્ય જે જે પ્રદેશમાં ગયું ત્યાંના પ્રાદેશિક રીતરિવાજો, માન્યતાઓ, સમય-પરિસ્થિતિ અને જ્ઞાનના પણ સીમાડાઓ ફરવાને કારણે તે તે પ્રદેશવિશેષના લોકોને તેમાં જે અસંગત લાગ્યું તે તેમાંથી કાઢી નાખ્યું અને જે સંગત લાગ્યું તે તેમાં ઉમેરી દીધું. આમ, આ કાવ્યનો વિસ્તાર અને પ્રચાર ચોમેર વધતો જ ગયો. એની લોકપ્રિયતા એટલી હદ સુધી વધી ગઈ કે લોકોને પોતાના પરાક્રમી પૂર્વજોનાં મૂળ એમાં જોવાની તથા પોતાનાં વીરો ને સતીઓનાં પરાક્રમોને એમાં ગૂંથી દેવાની અદમ્ય તલપ લાગી. દરેક ધર્મપ્રવર્તક આચાર્યને પોતાના ધર્મસિદ્ધાંતોને એમાં માન્યતા (રેકગ્નિશન) મળી છે એ બતાવવાની અભીપ્સા જાગી. પછી તો, આ ચમત્કારિક મહાકાવ્યના આશ્રય નીચે બધા પ્રકારની પુરાણકથાઓ, 'ઇતિહાસો', ધર્મસંપ્રદાયો, દર્શનો, 'વાદો', પરંપરાઓ, સર્જક કૃતિઓ, કાવ્યો અને શાસ્ત્રો દાખલ થઈ ગયાં, અને એને હિન્દુસ્તાનની 'નૅશનલ લાઇબ્રેરી' — રાષ્ટ્રીય ગ્રંથનિધિસમું બનાવી દીધું. ફલસ્વરૂપે મહાભારતની બે મુખ્ય વાચનાઓ — ઉત્તર ભારતીય અને દક્ષિણ ભારતીય — અસ્તિત્વમાં આવી. એનાય વળી કેટલાય પેટાવિભાગ થયા. પાઠ સુધારવાની — ફાવતું ઉમેરવાની, નહીં ફાવતું કાઢવાની, તેમ જ બને તેટલું બધું સમાવવાની — આ પ્રવૃત્તિ ઈસુની નવમી-દસમી સદી સુધી તો બરાબર જોરમાં ચાલી; ત્યાર પછીય ભારતમાં પુસ્તક છાપવાની કળા આવી ત્યાં સુધી એટલે કે સત્તરમી સદી સુધી, ઓછેવત્તે અંશે ચાલેલી જણાય છે!

મહાભારત ભારતની બહાર બૃહદ્ ભારતમાં પણ વિસ્તર્યું. કમ્બોડિયામાંથી ઈ. સ. ૬૦૦ આસપાસનો એક ઉત્કીર્ણ લેખ મળ્યો છે તેમાં નિર્દેશ્યા પ્રમાણે જેમ હિન્દુસ્તાનમાં મહાભારતનાં કથા-પારાયણ થતાં એમ કમ્બોડિયામાં પણ એટલા પ્રાચીન કાળમાંય સાર્વજનિક સ્થાનોએ મહાભારતનાં કથા-પારાયણ થતાં; અને તે પણ ખાસ પારાયણ કરવાના હેતુથી જ દાન આપવામાં આવેલી મહાભારતની પોથીઓ દ્વારા. મહાભારતની પ્રાચીન જાવાનીઝ ભાષાની વાચના ઉપલબ્ધ થાય છે, જે નિ:શંકપણે ઈ. સ.ની દસમી સદી પૂર્વેની છે. એમાં સંસ્કૃત અવતરણો પ્રચુર પ્રમાણમાં છે. મહાભારતનું એક ભાષાંતર તિબેટની ભાષામાં થયેલું છે. અહીં એ નોંધવું પ્રસ્તુત છે કે અકબરે સોળમી સદીમાં તૈયાર કરાવેલ મહાભારતનું ફારસી રૂપાંતર પણ ઉપલબ્ધ છે.

'શાન્તિપર્વ'માંના 'નારાયણીય'માં ઈરાનના જરથુસ્તી ધર્મનું રૂપાંતર પણ જોવા મળશે. અહુરમઝ્દ અહીં 'હરિમેધસ્' તરીકે ઓળખાયા છે. વૈદિક ધર્મની 'ત્રિકાળ' ઉપાસનાથી વિશિષ્ટ રીતે અલગ પડતી, અને જરથોસ્તીઓમાં પ્રચલિત 'પંચકાળ'-ઉપાસનાનો વિધિ અહીં છે. અવેસ્તામાં નિર્દેશેલ રાજા વિશ્તાસ્પના અવતાર જેવો રાજા ઉપરિચર વસુ જરથુસ્તી ધર્મના સિદ્ધાંતો હૂખત (સૂક્ત, સત્યવચન), હૂમત (સુમત, નિર્મળ મન) અને હૂવર્શ્ત(સુવૃત્ત, સદાચરણ)ને આચારમાં ઉતારનારો છે. . . . ઈ. સ. આશરે બેહજાર — બાવીસસો વર્ષ પૂર્વે કોઈ સર્વધર્મસમભાવી ગુણગ્રાહી સાત્વત ઋષિએ મહાભારતમાં આનો સમાવેશ કર્યો હોય એવું જણાય છે.

અઢી હજાર વર્ષ કે તે પૂર્વે રચાયેલા અને અનેક નવસંસ્કાર પામેલા આ મહાગ્રન્થમાંની સામગ્રીના સમયમાં પણ અપાર વૈવિધ્ય છે: એમાંની કેટલીક સામગ્રી (કથાઓ, 'ઇતિહાસો', કાવ્યો કે ગાથાઓ) વૈદિક સમય જેટલી અર્થાત્ પાંચ-છ હજાર વર્ષ જેટલી પ્રાચીન હોઈ શકે, તો કેટલીક ઍલેક્ઝાન્ડરની ચઢાઈ પછીના ભારતનું અથવા તો ગુપ્તકાલીન ભારતનું દર્શન કરાવતી હોય એમ બની શકે. ભાંડારકર ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, પૂના દ્વારા મહાભારતની અધિકૃત સંશોધિત વિશ્વમાન્ય વાચના આપણને આશરે ઈ. સ. પૂર્વે બીજી સદીથી ઈ. સ.ની બીજી સદીના ગાળાના, અર્થાત્ આશરે બે હજાર વર્ષ પૂર્વેના મહાભારતનો એકંદર ઉત્તમ ખ્યાલ આપે છે.

## રચયિતા મહામુનિઃ રચનાહેતુ

મહાભારતના આદિ રચયિતા મહામુનિ કૃષ્ણ-દ્વૈપાયન-વેદવ્યાસ તરીકે આર્યાવર્તમાં પ્રખ્યાત છે. કાળા હતા તેથી કૃષ્ણ કહેવાયા; યમુનાના દ્વીપ ઉપર જન્મ થયો હતો તેથી દ્વૈપાયન બન્યા; અને વેદોનો વિસ્તાર કરવા એમણે સમગ્ર વૈદિક વાઙ્મયની પુનઃરચના કરી અને ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એમ ચાર સ્વતંત્ર સંહિતામાં એને વહેંચી નાખ્યું અને ચારે વેદોની વિભિન્ન શાખાઓ અને શિષ્યપરંપરાઓનું નિર્માણ કર્યું તેથી વેદવ્યાસ કહેવાયા. વિશેષ ઓળખાણ કરીએ તો, આધુનિક પરિભાષામાં મૂકીએ તો, તેઓ વ્યવસાયે અધ્યાપક હતા; અને અધ્યાપકનું કામ તો જ્ઞાન અને ચારિત્ર્યના વિસ્તારનું ને? એમનું આ વિદ્યાવિતરણનું, વેદવિતરણનું કાર્ય કેવા ઋજુ હૃદયનું હતું તે, અભ્યાસ પૂરો કર્યા પછી તેમણે શિષ્યોને કરેલી આજ્ઞા ઉપરથી સમજાય છે:

સર્વસ્તરતુ દુર્ગાણિ સર્વો ભદ્રાણિ પશ્યતુ।
શ્રાવયેચ્ચતુરો વર્ણાન્કૃત્વા બ્રાહ્મણમગ્રતઃ॥
૧૨–૩૧૪–૪૫

વેદસ્યાધ્યયનં હીદં તચ્ચ કાર્યં મહત્સ્મૃતમ્।
સ્તુત્યર્થમિહ દેવાનાં વેદાઃ સૃષ્ટાઃ સ્વયંભુવા॥
૧૨–૩૧૪–૪૬

[સર્વ પ્રાણીઓ સંકટોને ઓળંગી જાઓ, સર્વ કલ્યાણને પ્રાપ્ત કરો. (એવું ઇચ્છતા તમારે) બ્રાહ્મણને (—બ્રહ્મનિષ્ઠને) આગળ કરીને ચારે વર્ણોને (વેદ) સંભળાવવા. આ વેદાધ્યયનનું કાર્ય મહાન ગણાય છે, કારણ સ્વયં બ્રહ્માએ દેવોની સ્તુતિ કરવા માટે વેદોને સર્જ્યા છે.]

અને આમ શૂદ્ર સમેત ચારે વર્ણોને વેદ સંભળાવવાનો આદેશ આપતું આ વ્યાસવચન પાછળથી વધી પડેલી અને પરિણામે હિન્દુસ્તાનને દારિદ્ય, દુઃખ અને પરાવલંબનમાં ફસાવનારી સંકુચિતતા ઉપર પ્રકાશ પાડે છે.

આ વેદજ્ઞાન આપતાં, સંભળાવતાં બ્રાહ્મણ અર્થાત્ બ્રહ્મનિષ્ઠ પુરુષને સમીપમાં રાખવાનો આદેશ છે, તે બ્રહ્મનિષ્ઠ કેવો હોય?

इष्टीश्च विविधाः प्राप्य क्रतूंश्चैवाप्तदक्षिणान्।
नैव प्राप्नोति ब्राह्मण्यमभिध्यानात्कथंचन॥
१२–२४३–४

न योनिर्नापि संस्कारो न च श्रुतं न च संततिः।
कारणानि द्विजत्वस्य वृत्तमेव तु कारणम्॥
१३–१३१–४९

[વિવિધ યજ્ઞો કરવાથી કે સંપૂર્ણ દક્ષિણાવાળા ક્રતુઓથી કદી બ્રાહ્મણત્વ પ્રાપ્ત થતું નથી, કારણ કે એમાં અભિધ્યાન અર્થાત્ ફળની ઉત્કટ આકાંક્ષા સમાયેલી છે. . . . જન્મ, સંસ્કાર, વિદ્વત્તા કે સંતતિ એ કંઈ દ્વિજત્વનાં કારણ નથી, પણ શુદ્ધ ચારિત્ર્ય જ કારણ છે.]

આવો ચારિત્ર્યશીલ બ્રાહ્મણ સમીપમાં રાખવાનું કારણ એ છે કે જન્મે દ્વિજ છતાં દુઃશીલ વિદ્યાસભામાં પેસી ન જાય—એનો દુરુપયોગ ન કરી જાય, અને જન્મે શૂદ્ર છતાં સુશીલ માત્ર તેના જન્મના કારણે જ માતા સરસ્વતીની પ્રસાદીથી વંચિત ન રહી જાય.

મહામુનિ વ્યાસના મતે તો જન્મપ્રાપ્ત બ્રહ્મત્વનું મહત્ત્વ અલ્પ છે. ચારિત્ર્ય અને પ્રજ્ઞાથી આવતું બ્રાહ્મણત્વ એમને માન્ય છે. વેદવ્યાસ માટે એમ જ હોય. હકીકતે તો હિન્દુ ધર્મને મજબૂત, સર્વસારગ્રાહી, વિશાળ અને ચિરંજીવ બનાવનાર એ મહર્ષિ, દાશ (માછી જાતિની) માતા અને બ્રાહ્મણ પિતાના પુત્ર હોઈ, જડ માન્યતા અનુસાર વર્ણસંકર કે તેથીય ઊતરતી કક્ષાના ગણાય; દાશ માતા અને ઋષિ પિતાના આ બ્રાહ્મણ-શ્રેષ્ઠ પુત્રે ચારે વેદોનું સંપાદન કરીને બરાબર વ્યવસ્થિત કર્યા, તેના કાળજીપૂર્વકના અભ્યાસની ગોઠવણ કરી અને 'બ્રાહ્મણધર્મ' અર્થાત્ વિશાળતાના ધર્મની, સત્ય ધર્મની પરંપરા અનુસારનો મહાગ્રન્થ મહાભારત જગતને ભેટ ધર્યો. એમની આ મહત્તાની પ્રશંસા વૈદિક કવિઓએ તથા સ્વયં મહાભારતની છેલ્લી વાચના તૈયાર કરનારાઓએ તો કરી જ છે, પણ તદુપરાંત અન્ય ભારતીય અનુગમો—ધર્મ-સંપ્રદાયોના વિદ્વાનો, જેવા કે 'બુદ્ધચરિત'ના કર્તા અશ્વઘોષ (ઈ. સ. બીજી સદી), 'કુવલયમાળા'ના કર્તા દાક્ષિણ્યચિહ્ન ઉદ્દ્યોતન સૂરિ (આઠમી સદી) અને 'તિલકમંજરી'ના કર્તા ધનપાલ (દસમી સદી) જેવા જૈન અને બૌદ્ધ કવિઓએય કરી છે. વળી 'તન્ત્રાખ્યાયિકા' તથા 'પંચતંત્ર' જેવા કેવળ રાજનીતિ આલેખતા ગ્રન્થોના કર્તાઓએ પણ એની પ્રશંસા કરી છે. એટલું જ નહીં પણ 'અનુયોગ દ્વાર' અને 'નન્દિસૂત્ર' જેવા જૈન આગમ ગ્રંથોએ પણ મહાભારત આદિ ગ્રંથોને 'મિથ્યાશ્રુત' કહેવા છતાં, 'યથાર્થ રીતે ગ્રહણ કરાયેલા મહાભારત આદિ ગ્રન્થો સમ્યક્ દૃષ્ટિવાળાઓને સમ્યક્ શ્રુત છે, અથવા મિથ્યા દૃષ્ટિવાળાઓ માટે પણ આ સમ્યક્ શ્રુત છે, કારણ કે એમના સમ્યક્ત્વમાં એ કારણભૂત થાય છે, અને એમ એમાંથી પ્રેરણા લઈને પોતાની મિથ્યાદૃષ્ટિ ત્યજી દે છે—સમ્યક્ દૃષ્ટિ પ્રાપ્ત કરે છે', કહીને મહાભારતની પ્રતિષ્ઠા, મહત્તા અને વિશાળ દૃષ્ટિનો સ્વીકાર કર્યો છે.

તેઓ ધર્મ અને ધર્મના અનુબંધ, અર્થ અને અનર્થના અનુબંધ, કામ અને કામના અનુબંધ (અનુબંધ=અભ્યાસનો અધિકારી, વિષય, પ્રયોજન અને સંબંધ. વેદવ્યાસ સર્વ પુરુષાર્થોનાં પ્રસ્તુત ચારે અંગના જ્ઞાતા હતા.) તથા તે દરેકના વિપરીત વ્યવહારોનો બુદ્ધિથી બરાબર વિચાર કરીને સમ્યક્ પ્રકારે વ્યવસાય કરનારા હતા. સામાન્યતઃ બ્રહ્મચર્યવ્રતધારી એ મહાત્માએ માતાની ઇચ્છાને માન આપી પાંડુ, ધૃતરાષ્ટ્ર અને વિદુરને જન્મ આપી કુરુવંશનું પુનઃસ્થાપન કર્યું હતું અને એ વખતની પ્રથા અનુસાર માતૃઋણમાંથી મુક્ત થયા હતા. પોતાનાં સંતાનો વચ્ચે થયેલા આન્તરવિગ્રહના એ સાક્ષી રહ્યા હતા. લગભગ દરેક પ્રસંગે એમણે

સમતાપૂર્વક ન્યાય અને ધર્માનુસાર સલાહ આપી વિગ્રહ ટાળવાનો પ્રયત્ન કર્યો હતો. એમાં તેઓ નિષ્ફળ ગયા અને તેમણે ભીતરનો પ્રકાશ જોયો. એ પ્રકાશનો એમણે ઇતિહાસ આલેખ્યો. અને એવો ઇતિહાસ આલેખ્યો કે એ સામાન્ય સામાજિક, રાજકીય કે ધાર્મિક ઇતિહાસ ન રહેતાં 'માનવઆત્માનો સનાતન ઇતિહાસ' બની રહ્યો.

એની ગ્રંથપ્રશસ્તિમાં લખ્યું છે:

श्रुत्वा त्विदमुपाख्यानं श्राव्यमन्यन्न रोचते।
पुंस्कोकिलरुतं श्रुत्वा रूक्षा ध्वाङ्क्षस्य वागिव॥ १–२–२३६
इतिहासोत्तमादस्माज्जायन्ते कविबुद्धयः।
पञ्चभ्य इव भूतेभ्यो लोकसंविधयस्त्रयः॥ १–२–२३७
क्रियागुणानां सर्वेषामिदमाख्यानमाश्रयः।
इन्द्रियाणां समस्तानां चित्रा इव मनःक्रियाः॥ १–२–२३९
अनाश्रित्यैतदाख्यानं कथा भुवि न विद्यते।
आहारमनपाश्रित्य शरीरस्येव धारणम्॥ १–२–२४०
इदं सर्वैः कविवरैराख्यानमुपजीव्यते। १–२–२४१

[જેમ નરકોકિલનું મધુર કૂજન સાંભળ્યા પછી કાગડાનો રુક્ષ સૂર સાંભળવો નથી ગમતો તેવી રીતે આ આખ્યાન સાંભળ્યા પછી બીજું સાંભળવું ગમતું નથી. જેવી રીતે પંચભૂતોથી ત્રણે લોકનું સંવિધાન થાય છે, તેવી રીતે આ ઉત્તમ ઇતિહાસથી કવિબુદ્ધિ ઉત્પન્ન થાય છે. . . . જેવી રીતે મનની જુદી જુદી ક્રિયાઓ સમસ્ત ઇન્દ્રિયોનું આશ્રય — સંગમ — સ્થાન છે, તેવી રીતે આ આખ્યાન સર્વ ક્રિયાઓ તથા સર્વ ગુણોનું આશ્રયસ્થાન છે. જેમ આહારના આધાર સિવાય શરીરધારણ શક્ય નથી તેમ આ આખ્યાનના આશ્રય સિવાયની એકે કથા પૃથ્વી ઉપર વિદ્યમાન નથી. સર્વ કવિવરો આ મહાભારત-આખ્યાનનું શરણું લે છે.]

વળી કહે છે:

यथा समुद्रो भगवान्यथा च हिमवान्गिरिः।
ख्यातावुभौ रत्ननिधी तथा भारतमुच्यते॥ १–५६–२७; १८–५–५२
धर्मे चार्थे च कामे च मोक्षे च भरतर्षभ।
यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत्क्वचित्॥ १–५६–३३; १८–५–३८

[જેમ ભગવાન સમુદ્ર અને હિમવાન ગિરિ બન્ને રત્નનિધિ તરીકે પ્રખ્યાત છે તેમ મહાભારત પણ રત્નનિધિ કહેવાય છે. હે ભરતર્ષભ (જનમેજય)! ધર્મ, અર્થ (સાધનસંપત્તિ), કામ (સુખ) અને મોક્ષ (સર્વ પ્રકારનાં બંધનમાંથી મુક્તિ) સંબંધમાં જે અહીં — આ ગ્રંથમાં છે તે જ બીજે છે અને જે અહીં નથી તે બીજે ક્યાંય નથી.]

સંતાનોનો આન્તરવિગ્રહ, પાંડવોનો કૌરવો ઉપરનો જય, ધર્મનો મન્યુ ઉપરનો જય, ભૌતિક તત્ત્વોના માળખામાં આસુરી તત્ત્વો ઉપરનો આત્માનો જય આલેખતાં નિષ્કામ કર્મ અર્થાત્ યજ્ઞાર્થ કર્મ, તે દ્વારા ચિત્ત શુદ્ધિ અને તે દ્વારા યથાર્થ જ્ઞાનની (અહેતુકી ભક્તિ, સ્થિતપ્રજ્ઞતા, ગુણાતીતાવસ્થા, સમત્વની) પ્રાપ્તિના સિદ્ધાંતનું, હિંદુ ધર્મે વેદો દ્વારા જગતને ભેટ કરેલ સર્વશ્રેષ્ઠ સિદ્ધાંતનું, તેનાં અનેક પાસાંઓ ઉપર તાત્ત્વિક અને વ્યાવહારિક વિચાર કરીને, અને નિષ્કામ ધર્મની પાવકતા તથા તેના વડે પ્રચલિત નીતિમૂલ્યોને મૂળભૂત રીતે પલટી નાખનારી ક્રાંતિકારી, તીક્ષ્ણ બુદ્ધિમત્તા અને સંવાદ સ્થાપનારી નિરૂપણદૃષ્ટિ વડે આ ઇતિહાસમાં ભાષ્ય કર્યું છે. (સ્વયં મહાભારત ઇતિહાસ, સંહિતા, આખ્યાન વરિષ્ઠ, આખ્યાન પુરાણ, પાંચમો વેદ, કાર્ષ્ણ વેદ, ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, મોક્ષશાસ્ત્ર વગેરે જુદાં જુદાં નામે પોતાની ઓળખાણ આપે છે.)

# મહાભારત અંગે મહાત્મા ગાંધી

"મહાભારતને કોઈ ઉપમા આપવી હોય તો તે ગણ્યાંગાંઠ્યાં સુંદર જવાહિરોવાળી કોઈ તિજોરીની સાથે ન આપી શકાય પણ કોઈ અખૂટ ખાણ સાથે જ સરખાવી શકાય કે જેને જેમ ઊંડે ખોદીએ તેમ તેમ તેમાંથી વધારે કીમતી જવાહિર નીકળતાં જાય... એ ચમત્કારિક કાવ્યને માટે એવો દાવો થાય છે કે તેમાં ઉપયોગી અને સરસ એવું અને જે બીજા ગ્રંથમાં મળે એવું કશું છોડી દેવામાં નથી આવ્યું. એ મહાકાવ્ય એ દાવો ઠીક સિદ્ધ કરે છે." ('યરવડાના અનુભવ', પ્રકરણ ૧૨).

"મારે મતે હિન્દુ ધર્મની ખૂબી તેની સર્વગ્રાહિતામાં રહેલી છે. મહાભારતના દિવ્ય પ્રણેતાએ પોતાની મહાન કૃતિ માટે જે કહ્યું છે તે હિન્દુ ધર્મ માટે પણ એટલું જ સાચું છે. બીજા કોઈ પણ ધર્મમાં જે સત્-સારતા છે તે હિન્દુ ધર્મમાં તો હમેશાં જોવા મળવાની જ અને જે તેમાં નહીં હોય તે નિઃસાર અથવા અનાવશ્યક જ હશે." ['હિંદુ ધર્મ' (અંગ્રેજી), પૃ. ૨].

---

ઈશોપનિષદ, જેમાં કર્મ કરવાનો અને સાથે જ તેનો અર્થાત્ ફલાસક્તિનો ત્યાગ કરીને આત્મતત્ત્વનું આકલન કરવાનો આદેશ છે, તેના ઉપર પરમર્ષિ વ્યાસે કવિત્વમય વિવરણ આપ્યું છે. પુત્ર શુકદેવે એમને પ્રશ્ન કર્યો :

यदिदं वेदवचनं कुरु कर्म त्यजेति च।
कां दिशं विद्यया यान्ति कां च गच्छन्ति कर्मणा॥ ૧૨–૨૩૩–૧

["આવું વેદવચન છે કે, 'તું કર્મ કર અને કર્મનો ત્યાગ કર.' તો જ્ઞાનથી કઈ ગતિ પ્રાપ્ત થાય છે અને કર્મથી કઈ ગતિમાં જવાય છે?"]

જવાબમાં વ્યાસે 'સર્વ વેદોના રહસ્યરૂપ, અનુમાન કે આગમ પ્રમાણથી સમજાય નહીં પણ સ્વાનુભવથી જ સમજાય તેવું, ધર્મ અને સત્યને લગતાં બધાં આખ્યાનો અને ઋગ્વેદની દસ હજાર ઋચાઓમાંથી મંથન કરીને તારવેલું' પ્રવચન કર્યું. એમાં એમણે 'ચાર આશ્રમને ચાર પગથિયાંવાળી, બ્રહ્મલોકમાં પહોંચાડનારી નિસરણી સાથે સરખાવ્યા છે, કે જેના વડે મનુષ્ય અનુક્રમે વિકાસ સાધી રાગદ્વેષ દૂર કરીને બ્રહ્મવિદ થાય છે. અર્થાત્ આસક્તિ નિર્મૂળ થાય તેવી રીતે નિષ્કામ કર્મયોગ આચરી પરમ ગતિ મેળવે છે', અને 'કર્મફળનો ત્યાગ કરવાથી કર્મ કર્તાને કોઈ રીતે બંધનમાં નાખી શકતું નથી' એમ અસંદિગ્ધપણે જણાવ્યું છે.

તો વળી, બીજે એક સ્થળે આ વિચારનું નિરૂપણ કરતો પ્રસંગ આ પ્રમાણે છે: દ્યૂતમાં હાર્યા પછી વનમાં જતાં પાંડવોનાં કલ્યાણ અને મનોરંજન માટે નિષ્કામ ભાવે—દાન કે ભિક્ષાવૃત્તિની સહેજ પણ લાલચ વિના—તેમની સાથે જવા સંખ્યાબંધ બ્રાહ્મણો તૈયાર થયા, ત્યારે અતિથિસત્કાર માટે પાસે પૂરતું ધન નહીં હોવાને લીધે શોકાતુર યુધિષ્ઠિરે તેમને સાથે નહીં આવવાની વિનંતી કરી. 'બ્રાહ્મણ' શબ્દના ખરા અર્થમાં જેઓ બ્રાહ્મણ હતા એવા તે સર્વેએ તો ધર્મરાજને પોતાના પોષણની ચિંતા ન રાખવા જણાવ્યું અને કહ્યું: 'અમે જાતે જ અમારા આહારની વ્યવસ્થા કરીશું.' પણ ધર્મરાજનું મન માન્યું નહીં અને બહુ શોક કરવા લાગ્યા. એટલે યોગ અને સાંખ્યમાં કુશળ શૌનકે હર્ષ, શોક અને દુઃખ વધારનારી તૃષ્ણા તથા ધનસંચયની અનર્થકારિતા વિશે ચર્ચા કરી તેમને સમજાવવા "મોહરાગથી આક્રાન્ત અને ઇન્દ્રિયોને વશ મૂર્ખ મનુષ્ય અનેક જાતનાં (કામનાસભર) 'ધાર્મિક' કાર્યો કરે છે, વિષયો સેવે છે અને પછી બ્રહ્માથી માંડીને તૃણપર્યંતની યોનિઓમાં ભટકે છે," એમ કહી વિશુદ્ધ ચિત્તે અને નમ્રતાપૂર્વક ધર્મમાર્ગ આચરવાના આદેશ સાથે બે જાતના અષ્ટાંગિક માર્ગ બતાવ્યા. એમાં પ્રથમ અષ્ટાંગિક માર્ગ વૈદિક પરંપરા અનુસાર છે, અને બીજો અષ્ટાંગિક માર્ગ બૌદ્ધ પરંપરાને મળતો છે, જેમાં બૌદ્ધ અનુગમનું સારસત્ત્વ કુશળતાથી સમાવી લેવામાં આવ્યું છે:

'(૧) યજ્ઞ, અધ્યયન, દાન, તપ, સત્ય, ક્ષમા, સંયમ અને અલોભ — આ ધર્મનો અષ્ટવિધ માર્ગ છે. તેમાં પહેલાં ચાર પિતૃયાન માર્ગમાં લઈ જનાર છે (કારણ તે દંભથી પણ સેવી શકાય છે.); જ્યારે પાછળનાં ચાર (સત્ય, ક્ષમા, સંયમ અને અલોભ) દેવયાન માર્ગે લઈ જનાર છે (કારણ તે મનના ભાવોની શુદ્ધિ વિના આચરી શકાતાં નથી), માટે જે કર્તવ્ય કર્મ છે તે અવશ્ય કરવાં, પણ નમ્રતાથી કરવાં. સત્પુરુષો સદા તેનું આચરણ કરે છે. (૨) વળી સંસાર જીતવાની ઇચ્છાવાળાઓ સમ્યક્ સંકલ્પના સંબન્ધથી, સમ્યક્ ઇન્દ્રિય-નિગ્રહથી, સમ્યક્ વ્રતવિશેષથી (અહિંસાથી), સમ્યક્ ગુરુસેવનથી, સમ્યક્ આહારયોગથી, સમ્યક્ આગમ-અધ્યયનથી, કર્મ(ફળ)ના સમ્યક્ સંન્યાસથી અને ચિત્તના સમ્યક્ નિરોધથી — સમાધિથી કર્મ કરે છે.' છેવટે કર્મ કરવાની અને નમ્રતા રાખીને કર્મથી બંધાવાય નહીં તે માટે કર્મફળની આશાનો ત્યાગ કરવાની ઈશાવાસ્ય શ્રુતિની આજ્ઞાની શૌનકે યાદ આપી:

यदिदं वेदवचनं कुरु कर्म त्यजेति च।
तस्माद्धर्मानिमान्सर्वान्नाभिमानात्समाचरेत्।। ૩–૨–૭૦ (જુઓ ઈશાવાસ્ય શ્રુતિ ૧, ૨.)

પણ આ કર્મફલત્યાગનો ધર્મ સહેલાઈથી કેમ સિદ્ધ થાય? અનાસક્તિ નમ્રતા વિના સંભવી ન શકે. અત્યંત ધાર્મિક અને પવિત્ર પુરુષો પણ થોડાક અહંકાર કે આસક્તિને કારણે પતન પામ્યાનું મહાભારતમાં ઠેકઠેકાણે નોંધાયેલું છે. એનાં કેટલાંક ઉદાહરણ જોઈએ: (૧) રાજર્ષિ યયાતિ પોતાનાં અતુલ તપ અને પુણ્યના પ્રભાવથી સ્વર્ગમાં ગયો. પણ ત્યાં ઇન્દ્ર સાથે વાર્તાલાપ કરતાં એણે બીજાઓના તપના પ્રભાવને જાણ્યા વિના પોતાના તપને અભિમાનપૂર્વક સર્વ દેવ-મનુષ્ય-મહર્ષિઓ કરતાં શ્રેષ્ઠ જણાવતાં એનું સ્વર્ગમાંથી તત્કાળ પતન થયું. (૨) પાંચે પાંડવો અને દ્રૌપદી મહાપ્રસ્થાન કરવા નીકળ્યાં ત્યારે માર્ગમાં અનુક્રમે દ્રૌપદી, સહદેવ, નકુલ, અર્જુન અને ભીમસેનનું પતન થયું. તેમાં દ્રૌપદીના પતનનું કારણ અર્જુન પ્રત્યેનો તેનો પક્ષપાત હતો, જ્યારે ચાર પાંડવોના પતનનું કારણ તેમનો ચોક્કસ બાબતોનો અહંકાર હતો. (૩) 'યવક્રીતોપાખ્યાન'માં વરદાન મેળવીને વગર અભ્યાસે વેદનું જ્ઞાન મેળવીને છકી ગયેલા યવક્રીતનો વિનાશ બતાવ્યો છે. (આ આખ્યાનની અન્તર્ગત કથામાં વરદાનથી ચિરાયુ બનેલા બાલધી ઋષિના પુત્રનો ગર્વના કારણે કેવી રીતે વિનાશ થયો તેનું રસપ્રદ નિરૂપણ છે.)

આમ, એક તરફ અસામાન્ય ઉન્નતિને લીધે અથવા બીજા કોઈ કારણથી આવતા ગર્વથી પતન થાય છે, તો બીજી તરફ ખરેખર શ્રેષ્ઠતર ધર્માચરણી પણ ધર્માચરણ કરતાં ક્યાંક એવી સંકડામણમાં ફસાઈ જાય છે કે એને સ્વાર્થે નહીં તો પરમાર્થે ધર્માચરણમાંથી કિંચિત્ ડગવાની ફરજ પડે છે. કઠ ઉપનિષદ કહે છે એમ આ માર્ગ, સત્યનો માર્ગ અસ્ત્રાની ધાર ઉપર ચાલવા જેવો કઠણ છે. 'હે ભીમસેન! તું મારી સત્ય પ્રતિજ્ઞા સાંભળ. હું ધર્મને અમૃત તથા જીવિતથી પણ અધિક ગણું છું. રાજ્ય, પુત્રો, યશ અને ધન એ સર્વ મળીને ય સત્યની એક કલાને પણ પહોંચી શકે નહીં' એમ આચરીને કહેનાર યુધિષ્ઠિર — જેમને માટે વિરોધીઓને પણ પાકી ખાતરી હતી કે 'તેઓ મોહ, કૃપણતા, લોભ, ભય, કામના અને અર્થને માટે પણ કદીયે અસત્ય બોલ્યા નથી, આવા મહાન સત્યધર્મા પણ જ્યારે ભારતયુદ્ધની મહાભયાનક કટોકટીની ઘડી આવી ત્યારે અસત્યાચરણના ભયથી ડરતા હોવા છતાં, સૈન્ય સહિત પોતાના રક્ષણ માટે અને જયની થોડીક આસક્તિથી, 'અશ્વત્થામા હાથી હણાયો છે' એમ ધીમેથી બોલ્યા. બોલ્યા તો 'સાચું', પણ અર્થ અને આચાર 'ખોટો', એટલે કે સત્યનો આભાસ ઉત્પન્ન કર્યો. (મહાભારતમાં ક્યાંય 'नरो वा कुंजरो वा' નથી!) ધર્મરાજના અસત્યાચરણ માટે આમ કહી શકાય: આ મહાન સંનિષ્ઠ ધર્માચરણી સત્યવાદીઓ વર્ષો સુધી અન્યાયી રીતે દુઃખ જ ભોગવ્યા કર્યું — વ્યક્તિગત, કૌટુંબિક અને સામાજિક એમ ત્રિવિધ રીતે. આનો છેડો મહાભારત યુદ્ધથી લાવવાનું નક્કી થયું. તેમાં દરેક વખતે શ્રીકૃષ્ણની મૌલિક સૂઝ અને તીક્ષ્ણ બુદ્ધિમત્તાથી પાંડવો પાર ઊતરતા; પણ દુર્યોધનના વાક્પ્રહારથી છંછેડાયેલા દ્રોણાચાર્યે અધર્મયુદ્ધથી એક બાજુ પાંડવસેનાનો

ધાણ કાઢવા માંડ્યો, બીજી બાજુ અર્જુન ગુરુ દ્રોણની સામે મન મૂકીને લડવા તૈયાર નહોતો. આવા સમયે વિજયી પાંડવો પરાજિત બનવાની અણી ઉપર આવી ગયા, ત્યારે યુધિષ્ઠિર થોડા સમય માટે વિહ્વળ થઈ ગયા. યુધિ-સ્થિર, અસ્થિર થઈ ગયા. અને એમણે મહામુશ્કેલીથી – કૃચ્છ્રેણ – આવું સત્યાભાસી અસત્ય બોલવાનું સ્વીકાર્યું. તેમાં પણ કેવળ સ્વાર્થ ન હતો. અધર્મથી યુદ્ધ કરતા એક અતિરથીના મારામાંથી, (પાંડવો માટે ધર્મયુદ્ધ કરીને પ્રાણાર્પણ કરવા આવેલા, પશુઓની જેમ રેંસાઈ જવા નહીં, એવા) પોતાના સૈન્યના માણસોનું રક્ષણ કરવાનો પણ એક મહત્ત્વનો ભાવ હતો જ. એ પ્રસંગ સિવાય ધર્મરાજે ક્યાંય અસત્યાચરણ કર્યું નથી. એ પ્રસંગ દ્વારા મહર્ષિ વ્યાસે બતાવ્યું છે કે સત્યાચરણ સુકર હોવા છતાં કેટલું દુષ્કર છે. સ્વાર્થે નહીં તો પરમાર્થે પણ અતિ દૃઢ મનોબળવાળાનું મનોબળ પણ ઢીલું પડી જાય અને કદાચિત્ અસત્યાચરણ કરવું પડે. તેથી સદાચારીએ હમેશાં નમ્રતાથી – નિરભિમાનપણે શૂન્યવત્ થઈ ધર્મ આચરવો.

આ યુધિષ્ઠિર રાજા તે વ્યક્તિ હોવા છતાં પ્રાણીમાત્રના હૃદયમાં વસેલી ધર્મવૃત્તિ પણ છે. ધર્મરાજ છે, ધર્મપુત્ર છે, ધર્મનો અવતાર થવા મથતા મહાનુભાવ છે. અધર્મથી કશુંય લેવાની ઇચ્છા રાખતા નથી, પણ હિંસક યુદ્ધમાં એ ધર્મવૃત્તિને થોડુંક ચળવું પડ્યું. કવિએ તે માટે એમના તરફ તટસ્થ અને ઉદાર દૃષ્ટિ રાખી છે. (યુદ્ધ અહિંસક હોય તો આવું ધર્મસંકટ ઊભું ન થાય એવો આ પ્રસંગનો ગર્ભિતાર્થ છે.) પણ કાર્યકારણ-ભાવના અટળ નિયમથી ધર્મરાજ પણ પર નથી. તેમનો રથ પૃથ્વીથી ચાર આંગળ ઊંચો ચાલતો તે અસત્યા-ચરણથી પૃથ્વીને અડ્યો – તેમની લોકોત્તર પ્રતિષ્ઠા નાશ પામી – એમ બતાવ્યું છે, અને અલ્પ સમય માટે તેમને નરકદર્શન કરાવ્યું છે.

જે નિષ્કામ કર્મયોગ અને નમ્રતાનું નિરૂપણ વેદવ્યાસે કર્યું હતું તેનું અને તેના ફલસ્વરૂપી સમતાનું તેઓ પોતે કેવું પાલન કરતા? મહાભારતનાં પાત્રોના સાહિત્યિક અને ભૌતિક જનક વ્યાસને પોતાની આત્મ-કથાસમા મહાભારતમાં પાંડવો પ્રત્યે પક્ષપાત હતો. પાંડવોને અન્યાય થતો ત્યારે તેઓ ધૃતરાષ્ટ્ર અને દુર્યોધનને એમ ન કરવા સમજાવતા; દ્યૂતમાં હારીને વનમાં ગયેલા પાંડવોને હેરાન કરવા અને બને તો મારી નાખવાના આશયથી દુર્યોધન વગેરે ઊપડ્યા, ત્યારે પણ ઋષિ વ્યાસને ખબર પડતાં, તેમને જતા અટકાવીને એમણે ધૃતરાષ્ટ્રને કહ્યું હતું: 'મારે જેવો પાંડુ પુત્ર છે તેવો તું અને વિદુર પણ છો. તારે એકસો એક પુત્રો છે, પાંડુને પાંચ, તેય તરછોડાયેલા (હીન) અને દુઃખી; તેઓ કેમ કરીને સારી રીતે જીવે અને આગળ વધે એમ મારા મનમાં થયા કરે છે. વળી જો કૌરવ જીવતા રહે એમ તમે ઇચ્છતા હો તો પણ દુર્યોધને પાંડવો સાથે સુલેહ કરવી જોઈએ.'

વળી, સમદર્શી વ્યાસને જેમ પુત્રો પ્રત્યે સમભાવ છે તેમ પુત્રોના ઉચ્છેદક પ્રત્યે પણ સમભાવ છે. નિશાયુદ્ધમાં પાંડવસેના અને પાંડવોના પુત્રોની હત્યા કરી અશ્વત્થામાએ વ્યાસાશ્રમ પાસે આશ્રય લીધો. ભીમ-અર્જુને તેનો પીછો પકડ્યો, અને ત્યાં અર્જુન-અશ્વત્થામા વચ્ચે યુગાન્તકારી તીવ્ર અગ્નિ ઓકતાં બ્રહ્મા-સ્ત્રોથી યુદ્ધ થયું. બ્રહ્માસ્ત્રોના સંઘર્ષણથી યુદ્ધની જોડે જેમને કંઈ લેવાદેવા નહોતી તેવાં સર્વ પ્રાણીઓ ભયમાં આવી પડ્યાં એટલે સર્વભૂતહિતૈષી ઋષિઓએ બન્નેને વાર્યા અને અસ્ત્રોનો ઉપસંહાર કરવા આદેશ આપ્યો. સંયમી શિવસંકલ્પી અર્જુને, ઋષિઓના આદેશને માન આપી બ્રહ્માસ્ત્રનો ઉપસંહાર કર્યો (બ્રહ્માસ્ત્ર મૂકતાં પણ અર્જુને 'પ્રથમ આચાર્યપુત્ર અશ્વત્થામાનું કલ્યાણ થાઓ' એવો સંકલ્પ કરીને અસ્ત્ર મૂકેલું.) પણ ચારિત્ર્યહીન અશ્વત્થામાથી તે ન બન્યું. એટલે તેણે અર્જુનની પુત્રવધૂ ઉત્તરાના ગર્ભ ઉપર તે મૂક્યું. વેદવ્યાસ અને શ્રીકૃષ્ણે અશ્વત્થામાને તેના કૃત્ય બદલ ઠપકો આપ્યો. સામે અશ્વત્થામાએ આ બંને મહાનુભાવોનું અપમાન કર્યું. પરિણામે ભયાનક પાપકૃત્યના બદલામાં શ્રીકૃષ્ણે તેને ત્રણ હજાર વર્ષ સુધી અસહાય અને પીડિત હાલતમાં જગતમાં ભટકવાનો શાપ આપ્યો. અત્યંત દુઃખી દુઃખી થઈ ગયેલા અશ્વત્થામાએ પાંડવોને પોતાના માથાનો

અમૂલ્ય મણિ આપીને જાન બચાવ્યો. અને 'બ્રહ્મન્! હવેથી હું કેવળ આપની સાથે જ (આપની કાળજી નીચે, આપના માર્ગદર્શન નીચે) રહીશ,' બોલીને અશ્વત્થામાએ વ્યાસની જોડે રહેવાનું નક્કી કર્યું — વ્યાસનો આશ્રય માગ્યો. કરુણાનિધિ વ્યાસે એનો તિરસ્કાર ન કર્યો. એણે કરેલા ઘોર દુષ્કૃત્ય અને પોતાના અપમાન તરફ ન જોતાં એને સ્વીકાર્યો. 'પાપકૃતાં વરિષ્ઠ'ને પણ સુધરવાની તક છે જ એવું કવીન્દ્ર વ્યાસનું આ માર્ગદર્શન મનુજ જાતિનું મંગલમય ભાવિદર્શન કરાવે છે.

આ તો વ્યાવહારિક સમદૃષ્ટિની વાત થઈ. પણ સર્વોચ્ચ સમદૃષ્ટિમાં વેદવ્યાસ પોતાના પુત્ર શુકદેવ કરતાં ઓછા ઊતર્યા તે બતાવતી રસમય કથા અત્યંત લાઘવથી વર્ણવી છે :

વ્યાસે શુકદેવને યોગ અને સાંખ્યનો અભ્યાસ કરાવીને મિથિલાના જનક પાસે પ્રમાણ લેવા મોકલ્યો. 'પ્રમાણ' ('સર્ટિફિકેટ') લઈ કૃતકૃત્ય થઈ પાછા આવેલા શુકદેવને વ્યાસે બીજા ચાર શિષ્યો — સમંતુ, જૈમિનિ, વૈશંપાયન અને પૈલની સાથે હિમાલય ઉપર સંપૂર્ણ વેદાધ્યયન કરાવ્યું. અભ્યાસ પૂરો થતાં શિષ્યો નીચે મેદાનમાં ગયા અને શુકદેવને વેદાધ્યયન કરવાની આજ્ઞા આપી વ્યાસ વ્યોમગંગા તરફ ગયા. દરમિયાન નારદ ઋષિએ શુકદેવને કલ્યાણકારી માર્ગ વિશે તત્ત્વોપદેશ કર્યો. પરમબુદ્ધિમાન શુકદેવે નારદના એ પ્રવચનનો ધૈર્યપૂર્વક વિચાર કર્યો અને યોગથી દેહસંબન્ધ છોડી દેવાનો નિર્ણય કર્યો. તેમણે નારદની અનુજ્ઞા લીધી. પછી ત્રણે લોકમાં એકાત્મભાવ નિશ્ચિત કરીને અવ્યગ્ર, અકુતોભય અને એકાગ્ર મનવાળા શુકદેવ પરમ સિદ્ધિ માટે યોગનો આશ્રય કરીને અંતરીક્ષમાં ઊડયા. રસ્તામાં પંચચૂડા, ઉર્વશી, પૂર્વચિત્તિ વગેરે અપ્સરાઓએ શુકની સિદ્ધિની પ્રશંસા કરી. વળી આગળ જતાં મંદાકિનીમાં અપ્સરાઓ આનન્દપૂર્વક ક્રીડાઓ કરતી હતી પણ શુકદેવને શૂન્ય જેવા અને નિર્વિકાર જોઈને તેઓ નિર્વસ્ત્ર જ રહી. એમ પ્રવાસ કરતાં નિર્ધૂમ અગ્નિની જેમ ઝળહળતા શુકદેવે અનુક્રમે જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્‌ભિજજ એ ચાર જાતના લોકો, આઠ પ્રકારનો તમોગુણ, પાંચ પ્રકારનો રજોગુણ અને છેવટે સત્ત્વગુણનો પણ ત્યાગ કરીને એ સર્વથી પર જે તત્ શબ્દથી ઉલ્લેખાતું નિત્ય, નિર્ગુણ, ચિહ્નરહિત બ્રહ્મ છે તેમાં પ્રવેશ કર્યો.

શુકદેવ ઉપરામ પામ્યાના સમાચાર મળતાં જ મહાયોગી વ્યાસ દોડતા આવ્યા અને યોગગતિનો આશ્રય કરીને નિમિષમાત્રમાં, શુકદેવ જે માર્ગે ગયા હતા તે માર્ગે આવી પહોંચ્યા. અને શુકદેવને 'હે શુક! હે શુક!' એમ હાંક મારી બોલાવવા માંડ્યા. સર્વવ્યાપી, સર્વના આત્મા અને સર્વરૂપ થયેલ ધર્માત્મા શુકદેવે તેનો પડઘો પાડયો.

પછી પુત્રના અપાર તેજનો વિચાર કરતા મહર્ષિ ત્યાં પર્વતશિખર ઉપર બેઠા. તેમને ત્યાં જોતાં જ ક્રીડા કરતી અપ્સરાઓ સંભ્રમમાં આવી પડી, અને વિહ્‌વળ થઈને જ્યાં લાગ મળ્યો ત્યાં સંતાવા માંડી અથવા તેમણે કપડાં પહેરી લેવા માંડયાં. આ જોઈને વ્યાસમુનિ પુત્રની મુક્તદશા જાણીને રાજી થયા અને પોતાની આસક્તિ જોઈ — કારણ અપ્સરાઓ પોતાને જોઈ લજવાઈ ગઈ તેથી — શરમાઈ ગયા.

જેમાં પોતે પુત્રથી ઊતરતા સાબિત થયા તે વાત વ્યાસ બીજાઓને પણ કહેતા; પોતાના શિષ્ય વૈશંપાયનને તો વારંવાર કહેતા એવું વૈશંપાયને જ જનમેજયને જણાવ્યું છે. આ રીતે તેમણે સમદૃષ્ટિની દુષ્કરતા અને પોતાના અતિશય અલ્પદોષનો પણ વારંવાર સ્વીકાર કરીને સમીક્ષા કરવાની વિવેકી દૃષ્ટિનો પરિચય આપ્યો છે; અને પોતાના લોકસંગ્રહી સમદર્શનનું દૃષ્ટાંત પૂરું પાડયું છે.

ઉપર જેનો ઉલ્લેખ કર્યો છે તે શુકદેવને નારદે કરેલા તત્ત્વોપદેશમાં મહાભારતકારે જૈન ધર્મની પરિપાટી અનુસારના કર્મનિયમનું રહસ્ય 'ભગવાન તીર્થવિતે' (અર્થાત્ તીર્થંકર ભગવાને) કરેલા ઉપદેશ તરીકે સંગૃહીત કર્યું છે. 'પ્રાણીઓના શરીરમાં રહેલો આત્મા આદિ-અંતથી રહિત, અવ્યય, અકર્તા અને અમૂર્ત છે, એમ ભગવાન તીર્થવિતે કહ્યું છે. પોતે કરેલા કર્મથી કાયમ દુઃખી રહેતું પ્રાણી એના પ્રતિઘાત માટે અનેક પ્રાણીઓને હણે છે, તે દ્વારા બીજાં અનેક (હિંસક) કર્મો એકઠાં કરે છે, અને જેમ રોગી અપથ્ય આહારથી વધુ રોગગ્રસ્ત થાય

છે, એમ ફરીથી (કર્મોના વિપાકથી) દુઃખી થાય છે. (જેમ વલોણાને બાંધવામાં, મથવામાં અને પાછું છોડવામાં આવે છે એમ) પ્રાણી કર્મ-ઉદય વડે 'સુખ' એવી સંજ્ઞાવાળાં દુઃખોમાં બંધાય છે, મથાય છે અને છૂટાં થાય છે; એમ સંસારમાં ચક્રની જેમ ફરીને એ બહુ વેદના પામે છે. (હે શુકદેવ!) તું એ કર્મબન્ધમાંથી નિવૃત્ત થા, નવાં કર્મોથીય નિવૃત્ત થા, સર્વવિત તથા સર્વજિત થા, અને (સંસારના) ભાવોને ત્યજીને સિદ્ધ થા. સંયમથી નવાં અને તપના બળથી બીજાં કર્મબન્ધો દૂર કરી અનેક પુરુષો નિર્બાધ અને સુખોદયી સિદ્ધિને પામ્યા છે.'

શાન્તિપર્વના ૩૧૬મા અધ્યાયમાં સંગ્રહાયેલા આ ઉપદેશની સાથે જૈન દર્શનનાં મંતવ્યોનો સંક્ષેપમાં પણ સચોટ રીતે બોધ કરાવે એવા અને શ્વેતાંબર-દિગંબર સહિત સર્વ જૈનોને માન્ય, ઉમાસ્વાતિ કૃત 'તત્ત્વાર્થ સૂત્ર' (અધ્યાય છઠ્ઠાનાં સૂત્ર ૧૧થી ૧૬ અને આખો નવમો અધ્યાય) વાંચતાં બન્ને ઉપદેશમાં રહેલું સામ્ય સ્પષ્ટ દેખાય છે. મહાભારતકારે એમની પરિપાટી મુજબ જેમ વેદ, ઉપનિષદ, જરથોસ્તી પરંપરા અને બૌદ્ધ પરંપરા સમેત તે યુગમાં પ્રચલિત અન્ય સર્વ ઊર્ધ્વગામી પરંપરાઓનું રહસ્ય સરળતાપૂર્વક પ્રકટ કર્યું છે, એમ એવી જ સરળતાથી જૈન આગમનું રહસ્ય પણ સંક્ષેપમાં પ્રકટ કરી જ્યાં જે કંઈ સારું હોય તે આત્મસાત્ કરવાની ઉચ્ચ પ્રણાલીનું તેજસ્વી ઉદાહરણ રજૂ કર્યું છે.

## ભવ્ય કથા – વિરાટ પાત્રવૈભવ

મહાભારતનાં મુખ્ય પર્વ અઢાર છે: આદિ, સભા, આરણ્યક, વિરાટ, ઉદ્યોગ, ભીષ્મ, દ્રોણ, કર્ણ, શલ્ય, સૌપ્તિક, સ્ત્રી, શાન્તિ, અનુશાસન, આશ્વમેધિક, આશ્રમવાસિક, મૌસલ, મહાપ્રસ્થાનિક અને સ્વર્ગારોહણ. આ અઢાર પર્વો પૈકી મોટા ભાગનાં પર્વોમાં નાનાં નાનાં પેટાપર્વ આવે છે, જે આશરે એકસો જેટલાં છે. આ અઢારે પર્વ અને મહાભારતનું પરિશિષ્ટ મનાય છે તે 'હરિવંશ' સહિત મહાભારતના શ્લોકોની સંખ્યા આશરે એક લાખ થાય છે, તેથી મહાભારત 'શતસાહસ્રીસંહિતા' તરીકે વિખ્યાત થયું છે.

કવીન્દ્ર વ્યાસે પોતાની આત્મકથા જેવા આ ત્રૈકાલિક ઇતિહાસ-કાવ્યમાં કેટલાં ઓછાં પાત્રોની સહાય લઈને માનવજીવનના લગભગ સર્વ સંબન્ધોને તેની સૂક્ષ્મતમ લાગણીઓના સ્પર્શો સહિત, તથા જ્ઞાનવિજ્ઞાનની શાખા-પ્રશાખાઓને એનાં વિધવિધ પાસાંઓ સહિત આવરી લીધાં છે! — એટલું જ નહીં પણ દ્રૌપદી જેવી કુલવધૂને ભરી રાજસંસદમાં નગ્ન કરવાના કુપ્રયત્ન અને ભીમે કરેલા દુઃશાસનના રુધિરપાનના નિકૃષ્ટતમ પ્રસંગથી માંડીને નર અર્જુને કરેલા વિશ્વરૂપદર્શન તથા શુકદેવ અને ધર્મરાજના સ્વર્ગારોહણ સુધીની સૂક્ષ્મતમ અને દિવ્યતમ ભૂમિકાઓને નિરૂપીને, માનવજીવનનો આદર્શ (નર-નારાયણના વિશિષ્ટ સખ્યનું અપરોક્ષ જ્ઞાન, પરમાત્માની પ્રાપ્તિ, 'સ્વાસ્થ્ય') ભારે કુશળતાથી દર્શાવ્યો છે. તે સ્વાસ્થ્યપ્રાપ્તિ માટે સતત પુરુષાર્થ કરવાનો, 'કામ'રૂપી — આસક્તિરૂપી દુર્જેય શત્રુ સાથે સંઘર્ષ કરીને તેનો નાશ કરવાનો અનુરોધ કર્યો છે. અને 'નર' કે જે વસ્તુતઃ નારાયણનું રૂપ છે (नारायणो नरश्चैव सत्त्वमेकं द्विधा कृतम् ।) તેનો અચૂક વિજય થશે જ એવી અનુભૂત ખાતરી પણ વારંવાર ઉચ્ચારી છે: यतो धर्मस्ततो जयः । (જ્યાં ધર્મ છે ત્યાં જય છે); यतः कृष्णस्ततो धर्मो यतो धर्मस्ततो जयः । (જ્યાં શ્રીકૃષ્ણ અર્થાત્ સદા-આનન્દરૂપ, ભક્તભયદુઃખહારી પરમાત્મા છે ત્યાં ધર્મ છે, અને જ્યાં ધર્મ છે ત્યાં જય છે) અને આ સદાઆનન્દરૂપ પરમાત્મા ક્યાં પ્રગટે છે તે પણ એમણે દર્શાવ્યું છે.

यतः सत्यं यतो धर्मो यतो ह्रीरार्जवं यतः ।
ततो भवति गोविन्दो यतः कृष्णस्ततो जयः ॥ ૫–૬૬–૯

[જ્યાં સત્ય, ધર્મ (સદ્‌ગુણસમૂહ), હ્રી (અકાર્યમાં લજ્જા) અને આર્જવ હોય છે ત્યાં ગોવિન્દ પ્રગટે છે, તેથી જ્યાં કૃષ્ણ છે ત્યાં જય છે.]

ચન્દ્રવંશી યયાતિના પાંચ દીકરા: યદુ, તુર્વસુ, દ્રુહ્યુ, અનુ અને પુરુ. એમાં યદુના વંશમાં આનકદુન્દુભિ વસુદેવ થયા, જેમને ત્યાં શ્રીકૃષ્ણ-બલરામ જન્મ્યા. સૌથી નાના પુરુના વંશમાં દુઃષ્યન્ત (દુષ્યન્ત) થયો, જેના પ્રતાપી પુત્ર ભરતના નામ ઉપરથી હિન્દુસ્તાન 'ભારત' કહેવાય છે. ભરતના વંશમાં કુરુ થયો. અને કુરુની પછી કેટલીક પેઢીઓ શાંતનુ થયો. શાંતનુને ગંગાથી વિખ્યાત દેવવ્રત ભીષ્મ જન્મ્યા. ઘણી મોટી વયે બીજો પુત્ર પ્રાપ્ત કરવાની લાલસાએ, અને તે સાથે કામલાલસા પૂર્ણ કરવા સારુ અન્ય યુવતી સાથે લગ્ન કરવા ઇચ્છતા પિતાને અનુકૂળ થઈ ભીષ્મે ૪૦ વર્ષની ભરયુવાન વયે 'આજથી આરંભીને હું બ્રહ્મચારી રહીશ' એવી દુષ્કર પ્રતિજ્ઞા લીધી. ભીષ્મપ્રતિજ્ઞા પછી શાંતનુ અને મત્સ્યગંધા ઉર્ફે સત્યવતીનું લગ્ન થયું. શાંતનુને સત્યવતીથી ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય એમ બે પુત્ર જન્મ્યા. સત્યવતીને લગ્ન અગાઉ પરાશર મુનિથી વેદવ્યાસ પુત્રરૂપે પ્રાપ્ત થયા હતા. આમ ચિત્રાંગદ, વિચિત્રવીર્ય, વેદવ્યાસ અને ભીષ્મ એ ચારે ભાઈ થતા હતા. કમનસીબે પોતાની કૂખે જન્મેલા ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય નાની વયે મૃત્યુવશ થતાં સત્યવતીની વિનંતીથી વિચિત્રવીર્યની પત્નીઓ અંબિકા અને અંબાલિકાએ વેદવ્યાસ સાથેના નિયોગથી અનુક્રમે ધૃતરાષ્ટ્ર અને પાંડુને જન્મ આપ્યો. પણ ધૃતરાષ્ટ્ર અંધ અને પાંડુ ફિક્કો હોઈ ક્ષતિ વિનાના ત્રીજા પુત્રની સત્યવતીની વિનંતી વેદવ્યાસે માન્ય કરી. પરન્તુ વ્યાસની વિરૂપતા અને વેશથી ગભરાયેલી અંબિકાએ પોતાનો વેશ પહેરાવીને દાસીને મોકલતાં, દાસીથી ધર્માત્મા વિદુર જન્મ્યા. આમ ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર એ ત્રણે (વેદવ્યાસના પુત્રો હોઈ) ભાઈ થતા હતા. વેદવ્યાસ આ રીતે માતૃઋણમાંથી મુક્ત થઈને પોતાના આશ્રમે ચાલ્યા ગયા. પણ દિવ્યજ્ઞાનયુક્ત હોઈ તેઓ પોતાના પુત્રો અને પૌત્રો જ્યારે જ્યારે આફતમાં મુકાઈ જતા ત્યારે ત્યારે તેમને માર્ગદર્શન આપવા હાજર થઈ જતા.

ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર એ ત્રણે ભાઈઓને મોટા કાકા ભીષ્મે ઉછેરી મોટા કર્યા, અને તેઓ પુખ્ત ઉંમરે પહોંચ્યા ત્યાં સુધી હસ્તિનાપુરનો રાજકારભાર સંભાળ્યો. મોટો ધૃતરાષ્ટ્ર અંધ હતો તેથી અને વિદુર શૂદ્રાનો પુત્ર હોઈ રાજા ન થઈ શકે, એટલે વચેટ પાંડુ રાજા થયો. એ પછી ભીષ્મે ધૃતરાષ્ટ્રનું લગ્ન ગાન્ધારના સુબલની પુત્રી ગાન્ધારી સાથે (સંભવત: સુબલની બીજી નવ પુત્રીઓ સાથે પણ) કરાવ્યું. એક સ્વયંવરમાં કુન્તીભોજની દત્તક પુત્રી પૃથા ઉર્ફે કુન્તી પાંડુને વરી. આ કુન્તી યાદવ શૂરની પુત્રી અને વસુદેવની બહેન થાય એટલે કે શ્રીકૃષ્ણની ફોઈ થાય. પિતા કુન્તીભોજે કુન્તીનું લગ્ન થયું તે અગાઉ તેને ઋષિ દુર્વાસાની સેવા કરવા મૂકેલી. એની અનુપમ સેવાથી પ્રસન્ન થયેલા ઋષિએ કુન્તીને વશીકરણ મંત્ર શિખવાડ્યો અને કહ્યું: 'આ મંત્રથી તું જે દેવનું આવાહન કરીશ તે દેવના પ્રભાવથી તને પુત્ર થશે.' ત્યાર બાદ કુન્તીને મંત્રની પ્રતીતિ કરવાની જિજ્ઞાસા થઈ. એણે મંત્રજાપ કરીને સૂર્યનું આવાહન કર્યું. સૂર્ય આવ્યા. સૂર્યને આવેલા જોઈને એને વિસ્મય થયું. સૂર્યથી કુન્તીને કવચ-કુંડલયુક્ત કર્ણ જન્મ્યો. લોકભયથી કુન્તીએ કર્ણને નદીમાં વહેતો મૂકી દીધો. નદીમાંથી એ સૂત અધિરથને મળ્યો. સૂત અધિરથ અને એની પત્ની રાધાએ કર્ણનું પાલન-પોષણ કર્યું અને તેનું વસુષેણ નામ પાડયું. એ વિકર્તન(સૂર્ય)નો પુત્ર હોઈ વૈકર્તન પણ કહેવાતો. એ સૂર્યનો એકનિષ્ઠ ઉપાસક હતો. દરરોજ પોતાની પીઠ ઉપર તડકો આવે ત્યાં સુધી — અર્થાત્ મધ્યાહ્ન પછી સૂર્ય નમવા માંડે ત્યાં સુધી — એ સૂર્યની ઉપાસના કરતો.

કુન્તી સાથે લગ્ન થયા પછી મદ્રના શલ્યને પુષ્કળ ધન અને રત્નો આપીને તેની બહેન માદ્રી સાથે પાંડુનું બીજું લગ્ન ભીષ્મે કરાવ્યું. લગ્ન પછી પાંડુએ દિગ્વિજય કરીને હસ્તિનાપુરનું રાજ્ય અને યશ વિસ્તાર્યાં. ચોમેર કૌરવવંશની યશપતાકા લહેરાવી અનર્ગળ ધન લાવીને ભીષ્મ, ધૃતરાષ્ટ્ર તથા વિદુરને આપ્યું, અને પોતે તો મૃગયાનો શોખીન હોઈ મૃગયા કરવા માટે વનમાં ચાલ્યો ગયો. અહીં ધૃતરાષ્ટ્રે એ અનર્ગળ દ્રવ્યથી — અંધને શ્રૌતયજ્ઞો કરવાનો અધિકાર નથી તોપણ — એકસો અશ્વમેધ યજ્ઞ કર્યા! દરમિયાન ભીષ્મે વિદુરનું લગ્ન પણ રાજા દેવકની પુત્રી સાથે કરાવ્યું.

વનમાં મૃગયા કરવા માટે ઘૂમ્યા કરતા પાંડુને કિંદમ નામના મૃગરૂપધારી મુનિએ કામસુખ ભોગવતાં મૃત્યુ પામવાનો શાપ આપ્યો. પરિણામે, પાંડુએ બ્રહ્મચર્યવ્રત ધારણ કરીને સંન્યાસવૃત્તિથી જીવવાનું નક્કી કર્યું. એની બન્ને રાણીઓ કુન્તી અને માદ્રીએ પણ વાનપ્રસ્થાશ્રમ સ્વીકારી તપશ્ચર્યા કરવાની ઇચ્છા પ્રકટ કરતાં ત્રણે હિમાલયમાં શતશૃંગ ગિરિ ઉપર તપ કરવા ચાલ્યાં ગયાં. ત્યાં પાંડુના અતિ આગ્રહથી કુન્તીએ દુર્વાસાના આપેલા મંત્રો દ્વારા અનુક્રમે ધર્મ, વાયુ અને ઇન્દ્રનું આવાહન કરી યુધિષ્ઠિર, ભીમસેન અને અર્જુનને જન્મ આપ્યો. એ પછી પાંડુની આજ્ઞાથી એણે માદ્રીને મંત્રપ્રદાન કર્યું એ મંત્રના પ્રભાવથી માદ્રીએ અશ્વિની-કુમારોનું આવાહન કર્યું અને એને બે જોડિયા પુત્ર નકુલ-સહદેવ જન્મ્યા. આ પાંચે ભાઈઓ એકેક વર્ષના આંતરે જન્મ્યા હતા.

યુધિષ્ઠિર બધા પુત્રોમાં જ્યેષ્ઠ હતા. એમના જન્મ સમયે આકાશવાણી થઈ હતી: 'પાંડુનો આ પ્રથમ પુત્ર યશસ્વી, તેજસ્વી અને સદાચારી થશે. આ મહાપુરુષ ધર્માચરણીઓમાં શ્રેષ્ઠ, પરાક્રમી અને ત્રણે લોકમાં વિખ્યાત રાજા થશે.' અમાપ બલિષ્ઠ ભીમસેનના જન્મકાળે આકાશવાણી થઈ હતી: 'આ બાળક જગતના બળવાનોમાં શ્રેષ્ઠ થશે.' એક વખત ભીમને ખોળામાં લઈને બેઠેલી કુન્તી એક વાઘને જોતાં ડરથી ઉદ્વિગ્ન થઈને સહસા ઊભી થઈ જતાં એ કુમાર ખડક ઉપર પછડાયો. એના પછડાવાથી ખડકના ચૂરા થઈ ગયા પણ આ વજ્રકાય કુમારને તો કંઈ ન થયું! અર્જુનના જન્મકાળે મહાગંભીર નિર્ઘોષવાળી અશરીરી વાણી થઈ હતી: 'આ પુત્ર કાર્તવીર્ય, શિબિ, ઇન્દ્ર, જામદગ્ન્ય રામ અને વિષ્ણુતુલ્ય પરાક્રમી થશે. ચોમેર દિગ્વિજય કરીને એ કુરુવંશની લક્ષ્મીને ધારણ કરશે ... અને નષ્ટ થયેલી શ્રીને આ પુરુષશ્રેષ્ઠ પાછી લાવશે.' નકુલ-સહદેવના જન્મકાળે 'આ બન્ને સત્ત્વ, રૂપ અને ગુણમાં અન્ય લોકોથી અધિક થશે,' એવી આકાશવાણી થઈ હતી.

ધૃતરાષ્ટ્રની રાણી ગાન્ધારીએ વેદવ્યાસને સેવાથી પ્રસન્ન કરી એકસો પુત્ર પ્રાપ્ત કરવાનું વરદાન મેળવ્યું. તદનુસાર તેને દુર્યોધન, દુઃશાસન અને વિકર્ણ સહિત એકસો પુત્ર અને દુઃશલા નામની એક પુત્રી એમ એકસો એક સંતાન થયાં. ગાંધારીની પ્રસૂતિ દરમિયાન ધૃતરાષ્ટ્રની પરિચર્યા કરતી એક વેશ્યા દાસીથી તેને યુયુત્સુ નામનો એક સજ્જન અને બુદ્ધિશાળી પુત્ર થયો. એને કૌરવોનો દુર્વ્યવહાર ગમતો નહીં. એકંદરે ધૃતરાષ્ટ્રને કુલ એકસો ને બે સંતાન થયાં. આ સંતાનોમાં દુર્યોધન સૌથી મોટો હતો. જોકે, યુધિષ્ઠિરનો જન્મ તેના એક વર્ષ અગાઉ થઈ ચૂક્યો હતો. પણ પુત્રપ્રેમમાં અંધ અને રાજ્યના લાલચુ ધૃતરાષ્ટ્રે ભીષ્મ, વિદુર અને ઘણા બ્રાહ્મણોની સભા બોલાવીને એમને પૂછી જોયું હતું: 'આપણો કુલવર્ધન યુધિષ્ઠિર પાટવી કુંવર છે, તેથી જન્મજાત લાયકાતને કારણે જ એ રાજ્યને પામે એમાં આપણે કંઈ કહેવાનું ન હોય. પણ એના પછી આ દુર્યોધન રાજા થઈ શકશે ખરો?' ધૃતરાષ્ટ્રનાં આ ગૃધ્રવૃત્તિથી ભરેલાં વચન સમાપ્ત થતાં જ ઘોર માંસભક્ષી પ્રાણીઓએ અને શિયાળવાંઓએ લાળી કરીને વાતાવરણ ગજાવી મૂક્યું. આવાં અશુભ નિમિત્તો જોઈને બ્રાહ્મણોએ અને વિદુરે કહ્યું: 'મહીપતિ! તમારા એકસો પુત્રોમાંથી ભલે એક ઓછો થતો. કુલના હિતાર્થે એક પુરુષને ત્યજવો, ગામના હિતાર્થે કુલને ત્યજવું, જનપદના હિત માટે ગામ ત્યજવું અને આત્મા-ના માટે (સત્ત્વસંશુદ્ધિ માટે) સમગ્ર પૃથ્વીને પણ ત્યજવી જોઈએ. માટે આ એક પુત્રનો ત્યાગ કરીને જગતનું તથા કુળનું રક્ષણ કરો.' પરન્તુ પુત્રસ્નેહની ઘેલછાને લીધે ધૃતરાષ્ટ્રે આ હિતકારી સલાહ માની નહીં.

[મહાભારતમાં વેદવ્યાસે સ્વયં પોતાની, પોતાની માતાની, પોતાના પુત્ર-પૌત્રોની, તથા ભીષ્મ, દ્રોણ, કૃપ, દ્રૌપદી, ધૃષ્ટદ્યુમ્ન આદિ મુખ્ય પાત્રોની અમાનુષી ઉત્પત્તિ વર્ણવી છે. તેમ જ લૌકિક અને અલૌકિક બનાવોને પોતાની અપાર સામર્થ્યવતી ગાથાઓમાં ગૂંથીને અગાધ ઊંડાણવાળું એવું તો ભવ્ય-સુંદર વાતાવરણ ખડું કરી દીધું છે કે તેના અક્ષરને વળગવાની સામે પૂરતી ચેતવણી તો મળી જ જાય; સાથે જ યુગે યુગે તેના નવા નવા અર્થો વિકસિત કરવાની તથા તેમાંના મર્મને પામવાની પ્રેરણાઓ જાગ્રત શ્રોતા-વાચકોને અસ્ખલિતપણે મળ્યા જ કરે.]

વાનપ્રસ્થ અવસ્થામાં રહીને વનમાં વિચરણ કરતા પાંડુ એક વખત કામાવેગથી અભિભૂત થઈને શાપની વાત ભૂલ્યા અને મૃત્યુ પામ્યા. માદ્રી પોતાના બન્ને બાળક પુત્રો કુન્તીને ભળાવી સતી થઈ. શતશૃંગના ઋષિઓ કુન્તી, બાળક પાંડવો તથા પાંડુ-માદ્રીના અવશેષોને લઈને હસ્તિનાપુર આવ્યા અને તે સર્વની ધૃતરાષ્ટ્રને સોંપણી કરી. પાંડુ-માદ્રીની પૂરા સમ્માન સહિત ઉત્તરક્રિયા કરવામાં આવી. તે પછી વેદવ્યાસે માતા સત્યવતીને કપરો કાળ આવી રહ્યો હોવાનું સૂચવી તપોવનમાં જઈ યોગયુક્ત થવા કહ્યું. સત્યવતી પોતાની બન્ને પુત્રવધૂઓને લઈને વનમાં ગઈ અને ત્યાં મહાન તપસ્યા કરીને ત્રણે જણાં સદ્ગતિ પામ્યાં.

પાંડવ-કૌરવ સાથે ઊછરતા હતા એટલે ભેગા રમે એ સ્વાભાવિક છે. પરન્તુ પાંડવો રમતગમતમાં વિશિષ્ટ રીતે અલગ તરી આવતા હતા. તેમાંય ભીમ દોડવામાં, નિશાન તાકવામાં, ભોજનમાં તેમ જ ધૂળ ઉડાડવામાં પણ બધા કૌરવો કરતાં હમેશાં આગળ રહેતો અને દ્રોહબુદ્ધિથી નહીં પણ બાળકબુદ્ધિથી (बाल्यान्न तु द्रोहचेतसा) કૌરવોને હેરાનપરેશાન કરીને તોબા પોકરાવતો. એને કારણે જન્મથી જ ઈર્ષાળુ, ધર્મહીન, મોહથી ભરેલા અને ઐશ્વર્યના લોભી દુર્યોધનની બુદ્ધિ વધુ પાપી થઈ. એણે ભીમસેનને મારી નાખીને તે પછી અર્જુન-યુધિષ્ઠિરને કેદ કરીને એકલા કૌરવો જ રાજ્યશાસન કરે એવા પેંતરા ગોઠવવા માંડ્યા.

[વેદવ્યાસે માર્મિક નોંધ કર્યા પ્રમાણે ભીમસેનનું વર્તન, દ્રોહબુદ્ધિયુક્ત નહીં પણ બાળકબુદ્ધિયુક્ત હતું. તે છતાં આવા અણસમજુ વર્તને મૂળથી જ ઈર્ષ્યાળુ અને લોભી દુર્યોધનનાં ઈર્ષ્યા-લોભને ઓર ભડકાવી મૂક્યાં. અર્થાત્ એમાંથી અધર્મપરંપરા ચાલી અને સર્વનાશ થયો. કવિ અહીં સૂચવે છે કે બાળપણથી જ બાળકોને યથાર્થ વર્તનની કેળવણી મળવી જોઈએ. ભીષ્મ જેવા નિર્મળ વડીલોએ પણ જરાય ઉદાસીન ન રહેવું જોઈએ. અને ધૃતરાષ્ટ્ર જેવા લાલચુ વડીલોએ પોતાના વંશસહિત સર્વના ભલા માટે લોભ-લાલચના પડદાને આંખ આગળથી હટાવી નિર્મળ બનીને બાળકોને કેળવવા જોઈએ, જેથી અનર્થની પરંપરાને પોષણ મળે નહીં.]

દરમિયાન ભીષ્મે રાજકુમારોને શિક્ષણ આપવા આચાર્ય દ્રોણને રોક્યા. ગુરુએ સૌ કુમારોને સમાન શિક્ષણ આપી તૈયાર કર્યા, તે છતાં અર્જુન બધી બાબતોમાં વિશિષ્ટ થયો. એ રથ-યૂથપ-યૂથપ (રથસેનાના સર્વશ્રેષ્ઠ સેનાપતિ) તરીકે જગતમાં પ્રસિદ્ધ થયો. અર્જુન બુદ્ધિ, ઉપાય, બળ અને ઉત્સાહથી સર્વ અસ્ત્રોમાં સિદ્ધ હતો, એટલું જ નહીં ગુરુ પ્રત્યેની ભક્તિમાં પણ તે સૌ કરતાં વિશિષ્ટ હતો. ગુરુને પણ એ પુત્રથીય પ્રિયતર હતો. ગુરુએ તો સૌને તુલ્ય શિક્ષણ આપ્યું પણ સમર્થ અને શીલજ્ઞાનનો નિધિ અર્જુન એકલો જ પોતાના સૌષ્ઠવને લીધે અતિરથી થયો.

રાજકુમારોનું અસ્ત્રશિક્ષણ પૂરું થતાં તેમની પરીક્ષા લેવાનું નક્કી થયું. તે માટે રંગભૂમિ અને પ્રેક્ષાગાર તૈયાર કરવામાં આવ્યાં. એ રંગભૂમિ ઉપર સૌ કુમારોએ પોતાની અસ્ત્રશિક્ષા દર્શાવી. તે પછી અર્જુનનો વારો આવ્યો. એણે અદ્ભુત કૌશલ્ય દાખવ્યું. જુદાં જુદાં દિવ્યાસ્ત્રોના પ્રયોગ કર્યા. ચક્કર ચક્કર ફરતા લોખંડના વરાહના મુખમાં પાંચ બાણોને, જાણે તે એક જ બાણ હોય એવી રીતે, માર્યાં. દોરાથી લટકાવેલા અને હાલતા, બળદના શિંગડાના કાણામાં એણે એકવીસ બાણ છોડ્યાં. એ જ રીતે ખડ્ગ, ધનુષ અને ગદાયુદ્ધના પ્રયોગો પણ એણે અત્યંત કુશળતાપૂર્વક કરી બતાવ્યા. ત્યાર પછી આ સમારંભ સમાપ્ત થવામાં હતો ત્યાં તો કર્ણ રંગભૂમિમાં પ્રવેશ્યો. એણે પણ અર્જુને કરેલા સર્વ પ્રયોગો કરી બતાવી અર્જુન સાથે દ્વંદ્વયુદ્ધ કરવાની માગણી કરી. પણ દ્વંદ્વયુદ્ધ નિયમ મુજબ સમોવડિયા વચ્ચે જ ખેલાતું હોઈ કૃપાચાર્યે કર્ણને પોતાનાં માબાપ અને કુળનું નામ કહેવા સૂચવ્યું. 'સૂતપુત્ર' કર્ણ શું બોલે? વર્ષાના જળથી ભીંજાઈ ગયેલા કમળની જેમ કર્ણ આંખો પડી ગયો. ઈર્ષ્યાળુ દુર્યોધનને એમાં તક દેખાઈ. એણે તાત્કાલિક જ કર્ણને અંગદેશનો રાજા બનાવ્યો અને બદલામાં કર્ણની ગાઢ મૈત્રી મેળવી.

કુમારોને અસ્ત્રવિદ્યામાં નિપુણ થયેલા જોઈને દ્રોણે એમની પાસે પાંચાલ રાજા દ્રુપદને કેદ કરી લાવવાની ગુરુદક્ષિણા માગી; કારણ કે દ્રોણના એક વખતના સહાધ્યાયી દ્રુપદે એમનું ભારે અપમાન કર્યું હતું. કુમારોએ દ્રુપદ ઉપર ચડાઈ કરી અને તેને કેદ પકડયો. મનમાં વેર હતું જ છતાં કંઈક વક્ર ક્ષમાવૃત્તિ દાખવી દ્રોણે દ્રુપદને અર્ધું રાજ્ય પાછું આપ્યું. દ્રુપદને આ અપમાન હાડોહાડ લાગી ગયું. એણે વેર વસૂલ કરે એવાં સંતાન મેળવવા યજ્ઞ કર્યો. યજ્ઞવેદીમાંથી ધૃષ્ટદ્યુમ્ન અને દ્રૌપદી જન્મ્યાં.

અહીં, દુર્યોધન ભીમનું બળ, અર્જુનની વિદ્યા અને સમગ્રપણે પાંડવોની લોકપ્રિયતા જોઈને બળવા લાગ્યો. તે અને તેના મળતિયા કર્ણ-શકુનિ વગેરે પાંડવોનું કાસળ કાઢવા અનેક પ્રકારનાં પ્રયત્નો કરવા લાગ્યા. પણ પાંડવો વિદુરની સલાહ પ્રમાણે ચેતીને ચાલતા અને વાત ખાનગી રાખતા. દરમિયાન પાંડવોના સદ્‌ગુણો જોઈને પ્રજાજનોમાં વાતો ચાલવા માંડી કે, 'અંધ ધૃતરાષ્ટ્ર પહેલાંય રાજા નહોતો, તો હવે (પુત્રો મારફત) કેવી રીતે રાજા થઈ શકે? વળી મહાવ્રતધારી ભીષ્મે તો પૂર્વે જ રાજ્યત્યાગ કર્યો છે તેથી હવે તેઓ પણ રાજ્ય નહીં સ્વીકારે માટે આપણે તરુણ છતાં વૃદ્ધ જેવા ઠરેલ, સત્યનિષ્ઠ અને કરુણાળુ પાટવી કુમાર યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક કરીએ.' ચાલાક દુર્યોધન ચેતી ગયો. એણે મનમાં મેલી મુરાદવાળા પિતા ધૃતરાષ્ટ્ર જોડે મંત્રણા કરીને પાંડવોની આડખીલી દૂર કરવાની યોજના કરી.

ત્યાર બાદ ધૃતરાષ્ટ્ર-કૌરવોએ પાંડવોને પશુપતિના ઉત્સવ અને મેળામાં વિહાર કરવા જવાના બહાને વારણાવત નગરમાં ધકેલ્યા. એ સાથે જ ત્યાં એમને જીવતા સળગાવી દેવા માટે પુરોચન નામના પોતાના એક વિશ્વાસુ સચિવને વારણાવત મોકલ્યો. શણ, ઘી, તેલ, રાળ, ચરબી અને લાખ વગેરે જલદી સળગી ઊઠે એવા પદાર્થોમાંથી તૈયાર કરેલા સુંદર લાક્ષાગૃહમાં પાંડવોને જીવતા જલાવી દેવાનો સ્પષ્ટ હુકમ આપી દીધો હતો.

પાંડવો વારણાવત આવ્યા. ત્યાં પ્રજાએ એમનું ઉષ્માભર્યું-સ્વાગત કર્યું. પાંડવો પણ પોતાનું રાજવી-પણાનું અભિમાન ત્યજીને શૂદ્રો સહિત સૌ પ્રજાજનોને ઘેર જઈને મળી આવ્યા. એમ ત્યાં દસ દિવસ રહ્યા એટલામાં 'શિવગૃહ' (શુભગૃહ) નામનું, પણ ખરેખર તો 'અશિવ' (અશુભ) લાક્ષાગૃહ તૈયાર થઈ ગયું. પુરોચનના કહેવાથી પાંડવો ત્યાં રહેવા ગયા. દરમિયાન વિદુરે મોકલેલા ખાણિયા પાસે પાંડવોએ આ લાક્ષા-ગૃહમાં સુરંગ ખોદાવી અને એ દ્વારા નાસી જવાની યોજના વિચારી લીધી. એવામાં એક દિવસ કુન્તીએ બ્રાહ્મણભોજન કરાવ્યું. તે વખતે યદૃચ્છાએ એક નિષાદી તેના પાંચ પુત્રો સાથે અન્નની આશાએ ત્યાં આવી. પાંડવોએ તેમને ખવડાવ્યું અને ખૂબ શરાબ પાયો. મદવિહ્‌વલ થઈને એ છયે રાત્રે લાક્ષાગૃહમાં સૂતાં. પાંડવોને લાગ મળી ગયો. ભીમે લાક્ષાગૃહને આગ ચાંપી અને સુરંગ દ્વારા છયે જણાં—પાંચ પાંડવો અને માતા કુન્તી છટકી ગયાં. અહીં પાંડવો રાત્રે નાસી ન જાય તેની તકેદારી રાખવા લાક્ષાગૃહના દરવાજા આગળ સૂઈ રહેતા પુરોચન સહિત નિષાદી અને તેના પાંચે પુત્રો બળી મૂઆં. લોકોએ માન્યું કે પાંડવો બળી મૂઆ! ધૃતરાષ્ટ્રે વિલાપ કર્યો અને સૌની મોભાસર ઉત્તરક્રિયા પણ કરી!

આ તરફ પાંડવો સુરંગમાંથી બહાર નીકળીને ઘોર જંગલમાં આગળ વધવા માંડયા. થાકયા એટલે એક વડના ઝાડ નીચે વિસામો કર્યો. બધાં ઊંઘી ગયાં. એકલો ભીમસેન ચોકી કરવા માટે જાગતો રહ્યો. રાત્રે ભીમે રાક્ષસ હિડિમ્બને માર્યો અને તેની બહેન હિડિમ્બા સાથે લગ્ન કર્યું. હિડિમ્બાથી એને ઘટોત્કચ નામનો મહાપરાક્રમી પુત્ર થયો.

ત્યાંથી પિતામહ વેદવ્યાસની પ્રેરણાભરી સલાહ અનુસાર પાંડવો એકચક્રા નગરમાં ગયા. ત્યાં એક બ્રાહ્મણને ત્યાં રહ્યા. અહીંના નિવાસ દરમિયાન ભીમે બક નામના રાક્ષસનો વધ કરીને બ્રાહ્મણના કુટુંબને તેમ જ એકચક્રા નગરીને આ ભયાનક રાક્ષસ તથા તેના પરિવારના ત્રાસમાંથી મુક્ત કર્યાં. બકવધ પછી પિતામહ વેદવ્યાસની સૂચના મળતાં પાંડવા રાજા દ્રુપદના નગરમાં ગયા. ત્યાં દ્રૌપદીનો સ્વયંવર યોજાયો હતો. દ્રુપદનો

ગુપ્ત ઇરાદો કન્યા દ્રૌપદી અર્જુનને આપવાનો અને એ રીતે અતિરથી અર્જુન સાથે વિવાહને કારણે મૈત્રી-સંબંધ બાંધવાનો હતો. જો એ સંબન્ધ બંધાય તો દ્રુપદ દ્રોણ સાથેનું વેર વસૂલ કરી શકે. તેથી એણે એક અણનમ દૃઢ ધનુષ્ય તૈયાર કરાવ્યું કે જેને માત્ર અર્જુન જ નમાવી શકે. જે નરવીર આ ધનુષ્યનો ઉપયોગ કરીને ઊંચે ઘૂમતા યન્ત્રના છિદ્રમાં થઈને પાંચ બાણો વડે તેની પાછળ રહેલા નિશાનને વીંધે તેને કન્યા દ્રૌપદી આપવાનું ઠરાવવામાં આવ્યું હતું.

ભવ્ય સ્વયંવરોત્સવના સોળમા દિવસે અપ્રતિમ રૂપશાલિની દ્રૌપદી રંગભૂમિ ઉપર આવી. એને આવેલી જોઈને એકઠા મળેલા રાજાઓ ઘેલા થઈ ગયા અને આવી અનુપમ સુંદરી પોતાને જ વરે એવી ઇચ્છાથી સુહૃદોનોય દ્રોહ કરવા લાગ્યા. યાદવોના સંઘમાં આ સમયે શ્રીકૃષ્ણ, બલરામ, સાત્યકિ અને કૃતવર્મા એ ચાર વીરપુરુષો લક્ષ્યવેધ કરવાની ક્ષમતા ધરાવતા હોવા છતાં યાદવો અચળ રહ્યા. કારણ કામવાસનાનું પ્રાબલ્ય અને તેથી થતી ફૂટને જાણતા શ્રીકૃષ્ણ આવા મોટા સમારંભમાં આવવું અનેક દૃષ્ટિએ જરૂરી હોઈ યાદવોને લઈને આવ્યા હતા ખરા, પણ યાદવોને આ હરીફાઈમાં ભાગ લેવાની એમણે મનાઈ કરી હતી. સ્વયંવરની શરત મુજબ ક્ષત્રિયો લક્ષ્યવેધ કરવા માટે પ્રયત્ન કરવા લાગ્યા, પણ કર્ણ અને શલ્ય સહિત સૌ નિષ્ફળ ગયા. ત્યારે, બ્રાહ્મણના વેશમાં રહેલા અર્જુને ઊઠીને લક્ષ્યવેધ કર્યો. લક્ષ્યવેધ થતાં ઓળખાઈ જવાય નહીં તે માટે યુધિષ્ઠિર નકુલ-સહદેવને લઈને શીઘ્ર પોતાના ઉતારા તરફ ચાલ્યા ગયા, અને ગૌરવથી હસતી દ્રૌપદી શ્વેત પુષ્પોની વરમાળા પહેરાવીને અર્જુનને વરી.

[એવી માન્યતા પ્રચલિત છે કે કર્ણ જ્યારે લક્ષ્યવેધ કરવા આવ્યો ત્યારે દ્રૌપદીએ, 'नाहं वरयामि सूतम्' કહીને તેનું અપમાન કરીને તે લક્ષ્યવેધ કરે તોપણ એને વરવાની ના પાડેલી. દ્યૂત સમયે દ્રૌપદી તરફનું કર્ણનું હલકટ વર્તન અને મહાયુદ્ધ ભડકાવવામાં તેનો ભારે હિસ્સો આ અપમાનને આભારી છે એવો ભ્રમ ફેલાયેલો છે. એ નિરાધાર ભ્રમના આધારે મોટા ભાગના વિદેશી અને દેશી વિદ્વાનો તથા બીજા રાજજનો અનેક વખતે દ્રૌપદી જેવા ભારતીય સાહિત્યના ધીર, નિર્મળ, ઉદાત્ત અને નિર્ભય તેજસ્વી પાત્રને અનર્થક અન્યાય કરે છે. ખરેખર તો કર્ણ લક્ષ્યવેધ કરવા ગયેલો પણ તે તેમાં નિષ્ફળ ગયેલો.]

પણ દ્રૌપદી ક્ષત્રિયને બદલે બ્રાહ્મણને વરી તેથી 'પરાક્રમી' ક્ષત્રિયો દુભાયા! દ્રૌપદીના હાથના મુખ્ય હરીફો કર્ણ-શલ્યની આગેવાની નીચે એમણે દ્રુપદ ઉપર હુમલો કર્યો પણ અર્જુન-ભીમે તેઓને હરાવ્યા.

અર્જુન-ભીમ દ્રૌપદીને લઈને ઉતારે, કુંભારના નીંભાડાની જગ્યાએ આવ્યા. સ્વયંવરમાં દ્રૌપદી મેળવ્યાની હકીકત માતાને જણાવી. ત્યાર પછી ભાઈઓમાં ભેદ ન પડે, સંપ ન તૂટે, તે માટે પાંચે ભાઈઓ દ્રૌપદીને પરણે તેવો, વૈદિક સાહિત્યમાં જેને સહેજ પણ ટેકો નથી અને મહાભારતના સમગ્ર ઉલ્લેખોમાં (આ નિર્ણયને પ્રમાણ બનાવવા માટે તૈયાર કરેલાં પૌરાણિક આખ્યાનો સિવાય) એકમાત્ર અપવાદરૂપ એવો, આપાતિક જેવો જણાતો, છતાં ધર્મના સૂક્ષ્મતમ સ્તરને એટલે કે સ્નેહભાવને — ઐક્યને સ્પર્શતો, અભૂતપૂર્વ નિર્ણય લેવામાં આવ્યો. રાજા યુધિષ્ઠિરે પોતાના ભાઈઓને કહ્યું, 'આ શુભલક્ષણા દ્રૌપદી આપણા સૌની પત્ની થશે.' (૧–૧૮૨–૧૫)

હિમાલયમાં વસતી ખાસા જાતિમાં બહુપતિત્વની પ્રથા છે. એવી કોઈ જાતિની અસરને લીધે દ્રૌપદી પાંચ પાંડવોની સહિયારી પત્ની બની એમ ઘણા માને છે. પણ જો એ જ કારણ હોય તો પાંચે પાંડવ ભાઈઓને બીજી પત્નીઓ હતી જ, અને તે તે પત્નીઓને એક જ પતિ હતો. વળી દરેક પાંડવ ભાઈ પોતાની ભોજાઈઓ પ્રત્યે ધર્મશાસ્ત્રાનુસાર વર્તતો. એટલે તો અહીં કવિ વેદવ્યાસ બહુપતિત્વના નિર્ણયને, જગતવ્યવહાર અને વેદધર્મથી વિરુદ્ધ ગણવા છતાં, શાશ્વત ધર્મ કહે છે: धर्मश्चैष: सनातनः । મહાભારતકારનો મહામંત્ર છે: भिन्नानामतुलो नाशः क्षिप्रमेव प्रवर्तते (આપસમાં લડનારાઓનો શીઘ્ર અતુલ વિનાશ થાય છે.)

પાંચાલરાજ દ્રુપદ જેવા સમર્થ રાજવી સાથે સંબન્ધ બંધાવાથી હવે પાંડવો જાહેર થયા. ધૃતરાષ્ટ્રને પણ લાગ્યું કે રાજ્યના ભાગ પાડીને વહેંચણી કરવામાં શાણપણ છે. એણે પોતાના પુત્રના ભાગમાં હસ્તિનાપુર

રાખ્યું અને પાંડવોને યમુના નજીકનું પાંડવપ્રસ્થ આપ્યું. પાંડવો એ ઘોર જંગલ જેવા વિસ્તારમાં ઇન્દ્રપ્રસ્થ નગર વસાવી ત્યાં ધર્મપૂર્વક કાયદા મુજબ, વ્યવસ્થિત રાજ્ય કરવા લાગ્યા.

ભાઈઓમાં ઐક્ય સચવાય અને ભેદ ન પડે તે માટે દેવર્ષિ નારદની સલાહ પ્રમાણે પાંડવોએ આપસમાં એવો ઠરાવ કર્યો કે, 'આપણામાંથી દ્રૌપદી સાથે બેઠેલા એક ભાઈને જો બીજો ભાઈ જોઈ જાય તો તે બાર વર્ષ સુધી વનવાસ અર્થાત્ દેશવટો ભોગવે!' પ્રસ્તુત ઠરાવ કર્યા પછી એક વખત એક બ્રાહ્મણનું ગોધન બચાવવા અર્જુનને આ નિયમનો ન છૂટકે ભંગ કરવો પડ્યો. તેથી તે બાર વર્ષના દેશવટે નીકળ્યો. દેશવટા દરમ્યાન એ કૌરવ્ય નાગની બાલવિધવા પુત્રી ઉલૂપીને પરણ્યો. એનાથી એને પુત્ર ઇરાવાન જન્મ્યો. તે પછી અર્જુન મણલૂરપુર(મણિપુર)ની ચિત્રાંગદાને પરણ્યા. એનાથી એને બભ્રુવાહન જન્મ્યો અને છેવટે અર્જુન દ્વારકામાં ગયો. ત્યાં ગિરિમહમાં (પર્વતના ઉત્સવમાં) તેણે શ્રીકૃષ્ણની ભગિની સુભદ્રાને દીઠી. અર્જુનની ઇચ્છા એને વરવાની થઈ. એટલે શ્રીકૃષ્ણની સાથે મંત્રણા કરીને, એમની સલાહથી યુધિષ્ઠિરની અનુમતિ મેળવીને, અર્જુને સુભદ્રાનું હરણ કર્યું. અર્જુન-સુભદ્રા પરણ્યાં. બાર વર્ષ પૂરાં થતાં અર્જુન ઇન્દ્રપ્રસ્થ પાછો ફર્યો.

એ પછી, સુભદ્રાને અભિમન્યુ અને દ્રૌપદીને પાંચ પાંડવથી પાંચ પુત્ર જન્મ્યા. અર્જુન અને શ્રીકૃષ્ણે થઈ ખાંડવદહન કર્યું અને ઇન્દ્રપ્રસ્થના રાજ્યનો યશ વિસ્તાર્યો. ખાંડવદાહમાંથી બચી ગયેલા દાનવોના મહા-નિપુણ વિશ્વકર્મા મયદાનવે યુધિષ્ઠિર માટે અનુપમ સભા(જેમાં સંસદખંડ હોય તેવા રાજપ્રાસાદ)ની રચના કરી. ત્યાર બાદ નારદ આદિ ઋષિઓના સૂચનથી, અને લોકસંગ્રહી હૃદયતોપણ કાર્ય કરવાં એવી શ્રીકૃષ્ણની સલાહથી, યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કરવાનો, તથા જેને વૈદિક આર્યધર્મમાં જરાય સ્થાન નથી એવા જરાસંધે કરવા ધારેલા નરમેધ યજ્ઞના મહાન અપકૃત્યને અટકાવવાનો, નિરધાર કર્યો.

શ્રીકૃષ્ણની નીતિયુક્ત સલાહ પ્રમાણે ભીમસેને જરાસંધનો વધ કર્યો. નરબલિ માટેના 'યજ્ઞપશુ' બનેલા છયાસી રાજાઓને છોડાવ્યા, અને રાજસૂય યજ્ઞ ચાલુ થયો. તેમાં ભાગ લેવા એ સમયના બૃહદ્ ભારતના સર્વ રાજાઓ આવ્યા. યજ્ઞ પ્રસંગે અગ્રણી પ્રત્યે આદર પ્રગટ કરવાની પ્રથા હોઈ નારદના સૂચનથી પ્રથમ અર્ઘ્યપૂજા શ્રીકૃષ્ણને અર્પણ કરવાનું નક્કી થયું. ચેદિના શિશુપાલે એનો સખત વિરોધ કર્યો. છેવટે એણે જ્યારે યજ્ઞભંગ કરવાની પેરવી કરવા માંડી ત્યારે રાજસૂય યજ્ઞના રક્ષણની જવાબદારી સ્વીકારેલી હોઈ શ્રીકૃષ્ણે પોતે એનો વધ કર્યો.

રાજસૂય વખતે યુધિષ્ઠિરની ઝળહળતી શ્રી દેખીને દુર્યોધન ઈર્ષ્યાની આગથી સળગવા માંડ્યો. એણે અંધ ધૃતરાષ્ટ્રને સમજાવી સુંદર સભા તૈયાર કરાવી અને યુધિષ્ઠિરને દ્યૂત રમવા તેડાવ્યા. દ્યૂતના દોષો સમજવા છતાં — आहूतो न निवर्तेयम् इति मे व्रतम् आहितम्। (આહ્વાન થતાં પાછું ન ફરવું એવું મારું વ્રત છે) શું કરું? વિધિ બલવાન છે, એમ બોલતા 'વ્રતધારી' યુધિષ્ઠિર ક્રમને દુર્યોધનના પ્રતિનિધિ શકુનિ સાથે દ્યૂત રમ્યા. અને અનુક્રમે ધન, રાજ્ય, ભાઈઓ, પોતાની જાત અને છેવટે દ્રૌપદીનેય હારી ગયા. ભૂતપૂર્વ સમ્રાજ્ઞી અને પોતાની ભાભી દ્રૌપદીને દાસી ગણીને કૌરવ દુ:શાસન ચોટલો પકડીને સભામાં ઢસડી લાવ્યો. એકવસ્ત્રા, રજસ્વલા, પાંચ-પાંચ બળવાન નાથ છતાં અનાથ જેવી દ્રૌપદીને, ભરી સભામાં ભીષ્મ-દ્રોણ જેવા વડીલોની હાજરીમાં, નવસ્ત્રી કરવાનો હીનતમ પ્રયત્ન થયો. પણ સાધ્વી દ્રૌપદીએ ડર્યા વિના, નિર્ભયપણે પોતે આચરેલા ધર્મના બળથી દુષ્ટોનો સામનો કર્યો. આ કપરી આપત્તિમાં એણે સનાતન સખા 'ગોવિન્દ'નું મનમાં સ્મરણ કર્યું, અને શ્રીકૃષ્ણની સખી કૃષ્ણા પોતાના ધર્મતેજથી બચી ગઈ. એટલું જ નહીં પણ એણે પોતાના પતિઓને પણ દાસભાવમાંથી છોડાવ્યા! દરમિયાન ભીમસેને દુ:શાસનની છાતી ચીરીને એનું લોહી પીવાની તેમ જ દુર્યોધનની સાથળો ભાંગવાની ભીષણ પ્રતિજ્ઞાઓ લીધી.

વળી પુત્રઘેલા ધૃતરાષ્ટ્રની મૂર્ખાઈ અને લોભથી તથા યુધિષ્ઠિરના વ્રતને લીધે પુન: દ્યૂત ખેલાયું. એમાં હારીને પાંડવો તથા દ્રૌપદી બાર વર્ષના પ્રગટ અને એક વર્ષના ગુપ્તવાસ મળીને કુલ તેર વર્ષના વનવાસ

જગતભરની પ્રજાઓમાં પ્રચલિત 'જળપ્રલય'ની કથાઓનું પ્રાચીનતમ રૂપ 'શતપથ-બ્રાહ્મણ'(ઈ. સ. પૂર્વે ૪૦૦૦થી ઈ. સ. પૂર્વે ૧૧૦૦ સુધી)માં મળે છે. તે કથાનું આ પ્રાચીનતર રૂપાંતર છે. બાઈબલના 'જૂના કરાર'માં 'ઉત્પત્તિ'ના પ્રથમ અધ્યાયમાં આવતી નૂહની કથા ઉપર મહાભારતના 'મત્સ્યોપાખ્યાન'ની અસર પડેલી જણાય છે.

માટે ગયાં. વનમાં શ્રીકૃષ્ણ એમને મળવા આવ્યા. પાંડવો તથા દ્રૌપદીને એમણે આશ્વાસ્યાં. અહીં વનવાસ દરમિયાન અર્જુને તપ કરીને કિરાતવેશધારી શંકરને પ્રસન્ન કર્યા અને પછી તે સ્વર્ગમાંથી દિવ્યાસ્રો પ્રાપ્ત કરી લાવ્યો.

વનવાસ દરમિયાન માર્કંડેય આદિ ઋષિઓ પાંડવોને પ્રમુદિત રાખવા અને સાન્ત્વન આપવા અનેક જાતની કથાઓ કહેતા. તેમાં 'મત્સ્યોપાખ્યાન' નામની સુપ્રસિદ્ધ 'જળપ્રલય'ની કથા પણ એક છે.

અરણ્યવાસ દરમિયાન ધૃતરાષ્ટ્રના જમાઈ જયદ્રથે દ્રૌપદીનું હરણ કરવાનો પ્રયાસ કર્યો, પણ તેમાં નિષ્ફળ ગયો અને પાંડવોના હાથે ભૂંડી રીતે હાર્યો.

આ અરણ્યવાસમાં ઋષિઓએ નલોપાખ્યાન, ઋષ્યશૃંગોપાખ્યાન, અષ્ટાવક્રોપાખ્યાન, બ્રાહ્મણ-વ્યાધ-સંવાદ, રામોપાખ્યાન, સાવિત્રી-ઉપાખ્યાન વગેરે આખ્યાનો અને કેટલીક કથાવાર્તાઓ તથા ઉપદેશો આપીને પાંડવોનું મનોરંજન કર્યું. પ્રકટ વનવાસના બારમા વર્ષે એક બ્રાહ્મણીની ખોવાયેલી અરણી (ખલ) અને મંથનદંડને શોધવા નીકળેલા ચાર પાંડવ ભાઈઓ મૃત્યુ પામ્યા. એ પછી યુધિષ્ઠિરનો યક્ષરૂપી સાક્ષાત્ ધર્મ સાથેનો વિખ્યાત પ્રશ્નોત્તર પણ પ્રગટ અરણ્યવાસના આ અંતિમ સમયે થયો, અને ત્યાર બાદ યક્ષરૂપી ધર્મે ચારે પાંડવ ભાઈઓને પુન: સજીવન કર્યા.

એ પછીનું ગુપ્તવાસનું એક વર્ષ પાંડવોએ વિરાટના રાજ્યમાં ગુપ્ત વેશે ગાળ્યું. (સત્યવાદી ધર્મરાજાને માથે સાવધાનપણે પોતાની સાચી ઓળખ છાવરીને વિચરવાનું આવ્યું!) ત્યાંના નિવાસ દરમિયાન વિરાટના સેના-પતિ કીચકની નજર દ્રૌપદી ઉપર બગડી. ભીમે આ કીચકનો અને તેના એકસો પાંચ ભાઈઓનો વધ કર્યો. ગુપ્તવાસનું વર્ષ લગભગ પૂરું થયું તે અરસામાં પાંડવોની તપાસ કરતા કૌરવોએ વિરાટનું ગોધન હરણ કરવા ચડાઈ કરી. અર્જુન-ભીમે એ લોકોને હરાવી પાછા કાઢ્યા. પાંડવો વિરાટના દરબારમાં છતા થયા. રાજા વિરાટે પોતાની પુત્રી ઉત્તરા અર્જુનને પરણાવવાનો પ્રસ્તાવ કર્યો. પણ આચાર્યના સર્વ ગુણોથી સંપન્ન જિતેન્દ્રિય અર્જુને શિષ્યા ઉત્તરાને પરણવાના આ પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો. છેવટે એમણે પુત્ર અભિમન્યુ માટે ઉત્તરાનો સ્વીકાર કર્યો.

અભિમન્યુના લગ્ન પછી વિરાટે પાંડવોના ભાવિ કાર્યક્રમ અંગે મંત્રણા યોજી. એમાં દ્રુપદના પુરોહિતને રાજદૂત તરીકે વિષ્ટિ કરવા દુર્યોધનને ત્યાં મોકલવાનું નક્કી થયું. દૂત વાટાઘાટ કરવા હસ્તિનાપુર ગયો.

શ્રીકૃષ્ણ-બલરામ દ્વારકા ગયા. ત્યાર બાદ તેમની મદદ લેવા માટે દુર્યોધન અને અર્જુન પણ દ્વારકા ગયા. ત્યાં શ્રીકૃષ્ણે બંનેને પૂછયું: 'એક બાજુ યુદ્ધ નહીં કરનાર મંત્રી (સલાહકાર) એવો હું અને બીજી બાજુ એક અક્ષૌહિણી સેના છે, કોને હું શું આપું?' શ્રેયાભિલાષી અર્જુને સંગ્રામમાં નહીં લડનાર શ્રીકૃષ્ણને પસંદ કર્યા. મૂર્ખ દુર્યોધન તો લાખો યોદ્ધા મેળવીને પોતે શ્રીકૃષ્ણને તળિયાઝાટક કરી નાખ્યા એમ સમજીને હરખાવા લાગ્યો. પછી દુર્યોધન બલરામ પાસે મદદ માગવા ગયો. પણ બલરામ શ્રીકૃષ્ણ સામે લડે જ નહીં. એમણે યુદ્ધમાં ભાગ લેવાની અનિચ્છા વ્યક્ત કરી. પછી અર્જુને શ્રીકૃષ્ણને પોતાના સારથિ થવા વિનંતી કરી. શ્રીકૃષ્ણે તે સ્વીકારી. [નરોત્તમ નરે, યશસ્વી નારાયણને આસુરી સંપત્ સામેના ઘનઘોર યુદ્ધમાં સારથિ — માર્ગ-દર્શક બનવા પ્રાર્થ્યા. નારાયણે પ્રાર્થના સ્વીકારી.]

શ્રીકૃષ્ણ અને અર્જુન પાંડવોની છાવણી ઉપપ્લવ્યમાં આવ્યા. દરમિયાન હસ્તિનાપુર ગયેલા દ્રુપદના પુરોહિત સાથેની વાટાઘાટોના અનુસંધાનમાં કૌરવોનો રાજદૂત સંજય વિશેષ મંત્રણાઓ કરવા આવ્યો. એણે અર્વાચીન પીઢ રાજપુરુષોનેય ટપી જાય એવી હેતુવાદોથી ભરેલી વકીલાત કરી. પણ શ્રીકૃષ્ણે એનું નિરસન કર્યું અને જણાવ્યું :

'સંજય! વીફરેલા મામલાને સુધારવા હું જાતે જ હસ્તિનાપુર આવીશ. હું ત્યાં આવું ત્યારે જો કૌરવો મારો આદર કરીને મારી ધર્મારામ (સર્વનું સંરક્ષણ કરીને આનન્દ આપનારી), અર્થવાળી (હિત કરનારી અથવા સંપત્તિ વધારનારી), અહિંસક (પ્રેમસભર), કાવ્યવાણીને (૧. આર્ષવાણી. ૨. કાવ્ય એટલે કે શુક્રાચાર્યની રાજનીતિ અનુસારની જાણીને) ધ્યાનમાં લે તો જ એ બની શકે. નહીં તો પોતાના દુષ્કર્મથી જ બળી રહેલા એ મૂર્ખ કૌરવોને રથી અર્જુન અને શસ્ત્રસજ્જ ભીમસેનના હાથે ફેંકાઈ ગયેલા જ જાણજે . . . સુયોધનરૂપી એક મન્યુમય (ઈર્ષ્યાથી ભરેલું રોષપૂર્ણ) મહાવૃક્ષ છે. શકુનિ તેની ડાળીઓ છે: દુઃશાસનરૂપી ફળફૂલથી તે લચેલું છે. બીજું યુધિષ્ઠિરરૂપી ધર્મમય મહાવૃક્ષ છે. અર્જુન તેનું થડ છે. ભીમસેન તેની ડાળીઓ છે. માદ્રીપુત્રો નકુલ-સહદેવરૂપી ફળફૂલથી તે લચેલું છે, અને હું બ્રહ્મ તથા બ્રહ્મવિદો તેનું મૂળ છીએ.'

ત્યાર પછી એકચથી થતી ઉન્નતિનું મહત્ત્વ દર્શાવતાં ઉમેર્યું :

'પુત્રો સહિત રાજા ધૃતરાષ્ટ્ર વન છે અને હે સંજય! પાંડવો તેમાંના વાઘ છે. માટે વાઘ સાથેના વનને કાપો નહીં. તેમ જ વનમાંથી વાઘનો નાશ પણ ન થાઓ. વન વિનાનો વાઘ માર્યો જાય છે અને વાઘ વિનાના વનને લોકો કાપી નાખે છે. આથી વાઘ વનનું રક્ષણ કરે અને વન વાઘનું પાલન કરે એ જ ઠીક છે . . . પાંડવો બલવત્તર છે, તોપણ તેઓ શુશ્રૂષા કરવા તૈયાર છે. ધર્મચારી પાંડવો શાંતિ ચાહે છે પણ તે દૈન્યને લીધે નહીં. તેઓ યોદ્ધાઓ છે અને સહાયકોથી સમૃદ્ધ છે, તેથી યુદ્ધ કરવા તૈયાર છે. આ બધું સંજય! તું હસ્તિનાપુરમાં યથાતથ કહેજે.'

સંજય હસ્તિનાપુર ગયો. જે રાત્રે સંજય હસ્તિનાપુર પહોંચ્યો તે રાત્રે તે શી માહિતી લાવ્યો હશે તેના અજંપાથી ધૃતરાષ્ટ્રની ઊંઘ ઊડી ગઈ. એટલે એણે વિદુરને બોલાવ્યા. રાત્રે પહેલાં તો વિદુરે 'વિદુરનીતિ' નામથી પ્રખ્યાત 'નીતિશાસ્ત્ર' ધૃતરાષ્ટ્રને સંભળાવ્યું તથા એ પછી બ્રહ્માના માનસપુત્ર સનત્સુજાતે આવીને એને 'સનત્સુજાતીય' નામથી જાણીતું બ્રહ્મવિદ્યાનું શાસ્ત્ર સંભળાવ્યું.

અહીં ઉપપ્લવ્યમાં પાંડવોની મંત્રણાપરિષદ મળી. એમાં ઠરાવ્યા પ્રમાણે સંધિનો છેવટનો પ્રયત્ન કરવા માટે શ્રીકૃષ્ણને હસ્તિનાપુર મોકલ્યા. વેદવ્યાસે નોંધ્યું છે એ પ્રમાણે, દુર્યોધને પાંડવોને વારણાવત નગરમાં લાક્ષાગૃહમાં જીવતા બાળી મૂકવાનું કાવતરું કર્યું હતું ત્યારે પાંડવપક્ષને નિર્બળ કરવા માટે ભીષ્મને પગારથી, દ્રોણને પગાર અને અશ્વત્થામા સાથેની મૈત્રીથી અને પ્રજાના પ્રતિષ્ઠિત વર્ગને માનસન્માનથી નવાજી, પોતાના પક્ષમાં લેવાની યોજના કરી હતી. માત્ર વિદુરને કોઈ રીતે બાંધી લેવાયા નહોતા; પણ એકલા વિદુર કંઈ જ કરી નહીં શકે એમ માની તેમની ઉપેક્ષા કરી હતી. વળી યુદ્ધ પૂર્વે પાંડવોના મામા શલ્યને સન્માન કરીને ભોળવીને પોતાના પક્ષમાં લઈ લીધો હતો. પણ આ બધાથી અનોખા એવા ભગવાન શ્રીકૃષ્ણ એ એક જ વ્યક્તિ એવી હતી, જે અર્થદાસત્વથી તો મુક્ત હતી જ, પણ દુર્યોધનના વિવિધ ફાંસલા, શકંજા અને પકડથી માહિતગાર હતી; તથા તેને તોડી નાખવાને કટિબદ્ધ હતી. अर्थस्य पुरुषो दासो दासस्त्वर्थो न कस्यचित्। એમ ભીષ્મ વગેરે ગુરુજનો બોલ્યા એ અગાઉ થોડાક દિવસ પૂર્વે વિષ્ટિ માટે આવતા શ્રીકૃષ્ણને પોતાના પક્ષમાં લેવા, જેમ શલ્યનો ભરપૂર સત્કાર કરી તેને પોતાના પક્ષમાં લીધો હતો તેમ, શ્રીકૃષ્ણના માનમાં દુર્યોધને ઠામઠામ ખાવાપીવાની તથા વૈભવવિલાસની અમૂલ્ય સામગ્રીઓ સાથેનાં રમણીય સભાસ્થાનો રચાવ્યાં; પણ ભગવાન તો તેની સામે નજર પણ નાખ્યા વિના સીધા જ હસ્તિનાપુર ચાલ્યા આવ્યા. આમ છતાંય

શ્રીકૃષ્ણને લોભાવવા ધૃતરાષ્ટ્રે તેમને ખૂબ માનપાન અને અમૂલ્ય ભેટો આપવા અંગે વિદુર સાથે મન્ત્રણા કરી. પણ વિદુરે તો ચોખ્ખું સંભળાવ્યું : 'શ્રીકૃષ્ણ આટલું માનપાન તો શું પણ આખી પૃથ્વી સમર્પણ કરવા યોગ્ય છે. પણ તમે જે અર્પણ કરવા ધારો છો તે ધર્મથી કે પ્રેમભાવથી નહીં પણ એમને ઠગવા કરો છો; પરંતુ તમો ધન, ખટપટ કે નિંદાથી શ્રીકૃષ્ણને અર્જુનથી જુદા નહીં પાડી શકો. એ શ્રીકૃષ્ણ તો જળથી ભરેલો કુંભ, પગ-ધોવાનું પાણી અને કુશળપ્રશ્ન સિવાયની તમારી કોઈ ચીજની સામે પણ નહીં જુએ.' શ્રીકૃષ્ણે ખરેખર એમ જ કર્યું.

नाहं कामान्न संरम्भान्ना द्वेषान्नार्थकारणात्।
न हेतुवादाल्लोभाद्वा धर्मं जह्यां कथंचन।। ५-८९-२४

[હું કામથી, ક્રોધપૂર્ણ આડાઈથી, દ્વેષથી, ધન માટે, હેતુવાદોથી (દલીલબાજીથી) કે લોભથી કોઈ રીતે ધર્મનો ત્યાગ કરતો નથી.]

એમ કહી એમણે વિદુરનું આતિથ્ય સ્વીકાર્યું, દુર્યોધનનું નહીં.

કર્મયોગી શ્રીકૃષ્ણની નિષ્કામ કર્મ કરવાની નિષ્ઠા પણ કેવી છે! રાત્રે જમીને વાતો કરતાં શાણા વિદુરે વિષ્ટિ કરવાથી કંઈ મળે એમ નથી માટે વિષ્ટિ માટે ન જવું એવી શ્રીકૃષ્ણને સલાહ આપી. શ્રીકૃષ્ણે વિદુરનાં વચનોનું અભિનન્દન કરતાં કહ્યું : 'તમારી વાત ખરી છે. પણ જ્યારે આખી દુનિયા લડીને નાશ પામવા તૈયાર થઈ છે, ત્યારે જે માણસ એને મૃત્યુપાશમાંથી મુક્ત કરશે તે અતિશય શ્રેષ્ઠ ધર્મને પામશે. શક્તિ અનુસાર માણસ ધર્મકાર્ય કરવા પ્રયત્ન કરે છતાં કાર્યસિદ્ધિ ન થાય તોપણ એનું પુણ્ય મળે છે જ એમાં શંકા નથી... માટે મારે દુર્યોધનને તથા એના મંત્રીઓને હિતવચનો કહેવાં જરૂરી છે. મારાં હિતવચનો માટે દુર્યોધન શંકા ઉઠાવશે તોપણ મારા હૃદયમાં કર્તવ્ય બજાવ્યાની ઋણમુક્તિનો આનન્દ થશે. વળી મૂર્ખ, અધર્મી અને અસુહૃદ માણસો પાછળથી એમ ન કહી જાય કે, કૃષ્ણ શક્તિશાળી હતો પણ એણે ક્રોધે ભરાયેલા કૌરવ-પાંડવોને વાર્યા નહીં. જો મારાં હિતવચનો દુર્યોધન નહીં સાંભળે તો એના નસીબમાં લખ્યું તે થશે. પણ હું જો પાંડવોના હિતને નુકસાન કર્યા વિના સલાહ કરાવું તો મેં પુણ્યકાર્ય કર્યું ગણાય અને કૌરવો મૃત્યુના જડબામાંથી છૂટી જાય.'

શ્રીકૃષ્ણે કૌરવોની સંસદમાં સમાધાન માટે ઘણો પ્રયત્ન કર્યો. રાજસંસદમાં ઉપસ્થિત પરશુરામ, કણ્વ અને નારદ એ ઋષિઓએ તથા ભીષ્મ-દ્રોણ-ગાન્ધારી અને વિદુરે પણ દુર્યોધનને બહુ સમજાવ્યો. પણ એ તો માન્યો જ નહીં. એણે તો 'તીક્ષ્ણ સોયની અણીથી વીંધાય એટલી ભૂમિ' પણ પાંડવોને આપવાનો ધરાર ઇન્કાર કરી દીધો અને સ્વયં શ્રીકૃષ્ણને કેદ પકડવાની ગોઠવણ કરી. પણ સદાજાગ્રત સમર્થ શ્રીકૃષ્ણના હાથ ઘણા લાંબા હતા. શ્રીકૃષ્ણને કેદ પકડી શકવાને બદલે દુર્યોધન પોતાના પાટનગરમાં અને પોતાની જ રાજસંસદમાં સપરિવાર કેદ પકડાઈ જાય એવી પરિસ્થિતિ ઉદ્ભવી. પરંતુ શ્રીકૃષ્ણ કદી પણ કોઈ પણ પ્રકારે નિન્દિત કે પાપી કૃત્ય કરે જ નહીં, તેથી એમણે દુર્યોધનને કેદ કર્યો નહીં. એ પછી પાપી કૌરવોને પોતાનો પ્રભાવ દર્શાવવા કૌરવોની સંસદમાં શ્રીકૃષ્ણે વિશ્વરૂપ દેખાડ્યું, અને પછી બહાર નીકળીને ફોઈબા કુન્તીને મળવા ગયા. કુન્તીએ પાંડવોને પાનો ચડાવતો સંદેશો મોકલ્યો. એમાં એણે બહુશ્રુત ક્ષત્રિયાણી વિદુલાનું શૌર્ય ચડાવતું 'વિદુલોપાખ્યાન' કહ્યું. વળી પાંડવોનો જુસ્સો વધારવા માટે શ્રીકૃષ્ણને કહ્યું : 'ક્ષત્રિયાણી જે કાર્ય માટે દીકરાને જન્મ આપે છે તે સમય આવી ગયો છે.' વળી ચીરહરણ વેળા સભામાં દ્રૌપદીએ જે નમૂનેદાર ધૈર્ય, નીડરતા અને ક્ષાત્રતેજવાળી વીરોચિત આહ્વાન-ભાવના પ્રદર્શિત કરી હતી તે યાદ કરીને અર્જુનને કહાવ્યું :

गत्वा ब्रूहि महाबाहो सर्वशस्त्रभृतां वरम्।
अर्जुनं पाण्डवं वीरं द्रौपद्याः पदवीं चर।।

[સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ વીર પાંડવ અર્જુનને, હે મહાબાહો! તમે જઈને કહેજો કે તું દ્રૌપદીના પગલે ચાલ.]

એવો કુન્તી માતાનો સંદેશો લઈને શ્રીકૃષ્ણ પાંડવોની છાવણીએ આવવા નીકળ્યા. સાથે કર્ણને રથમાં લીધો. તેને પાંડવોના પક્ષમાં આવી જવા બહુવિધ રીતે સમજાવ્યો. કર્ણ માન્યો જ નહીં, પણ આનાથી એનો જુસ્સો ઘણો ઘટી ગયો. એણે નિખાલસપણે શ્રીકૃષ્ણને પોતાનો આંતરિક અભિપ્રાય આપ્યો: 'જેના નેતા હૃષીકેશ છે અને જેનો યોદ્ધો ધનંજય છે તે ધર્માત્મા રાજા યુધિષ્ઠિર જ હમેશને માટે રાજા થાઓ... જેના નિધિ (આધાર અથવા ભંડાર) જનાર્દન! તમે છો, તેની પૃથ્વી છે અને તેનું જ રાષ્ટ્ર છે (દુર્યોધન જેવાનું નહીં.)'

આમ, શ્રીકૃષ્ણની વિષ્ટિ નિષ્ફળ ગઈ. કૌરવોની અગિયાર અને પાંડવોની સાત એમ અઢાર અક્ષૌહિણી સેનાઓ કૂચ કરીને ધર્મક્ષેત્ર એવા કુરુક્ષેત્રની રણભૂમિ ઉપર આવી. એમાં જગતભરની સર્વ જાતિઓના લોકો હતા. કૌરવોની સેનાના સેનાપતિ ભીષ્મ નિમાયા. પાંડવોના સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ન, સેનાધિપતિ અર્જુન અને અર્જુનના પણ નેતા તથા માર્ગદર્શક શ્રીકૃષ્ણ નિમાયા.

દરમિયાન વેદવ્યાસ પુત્ર ધૃતરાષ્ટ્ર પાસે આવ્યા. જો યુદ્ધ નજરે જોવાની ઇચ્છા હોય તો દૃષ્ટિદાન કરવાની મરજી દર્શાવી. ધૃતરાષ્ટ્રે સગાવહાલાનો કચ્ચરઘાણ નીકળતો જોવાની ના પાડી, પરંતુ વૃત્તાંત સાંભળવાની ઇચ્છા વ્યક્ત કરી. એટલે વ્યાસે સંજયને દિવ્યચક્ષુ આપ્યાં અને તે માત્ર મનથી ચિંતવે એટલે તેને યુદ્ધના સંપૂર્ણ વૃત્તાંતોનું સંદર્ભો સહિત જ્ઞાન થવાનું, તથા શસ્ત્રોથી નહીં છેદાવાનું, થાક નહીં લાગવાનું ઇત્યાદિ પ્રકારનાં વરદાનો આપ્યાં.

પિતા વેદવ્યાસ ગયા પછી ધૃતરાષ્ટ્રે સંજયને ભૂમિના ગુણ પૂછ્યા. ભૂમિના ગુણો વર્ણવતાં સંજયે ઉત્તર આપ્યો: '... જો સારી રીતે કાળજીથી દોહવામાં આવે તો ભૂમિ કામધેનુ સમી છે, એટલે શૂરા રાજાઓ ભૂમિ માટે પ્રાણત્યાગ કરે છે... કૂતરા જેમ માંસના ટુકડા માટે ખેંચાખેંચ કરે છે એમ વસુંધરાને ભોગવવા ઇચ્છતા રાજાઓ (અને રાજકર્તાઓ) ખેંચાખેંચ કરે છે, પણ શ્વાન જેવા એમની કોઈનીય કામના તૃપ્ત થતી નથી. પાંડવ-કૌરવો પણ એટલા માટે જ યત્ન કરે છે. પરન્તુ નરશ્રેષ્ઠ! જો દોષરહિત સમ્યક્ સાચવણી થાય તો ભૂમિ સૌના પિતા, માતા, પુત્ર અને આકાશ તથા સ્વર્ગરૂપ જ થઈ પડે.' આમ, રાજવીઓની ઉપર માર્મિક પ્રહાર કર્યા પછી સંજયે સંગ્રામની માહિતીનો વૃત્તાંત ધૃતરાષ્ટ્રને આપવાનું શરૂ કર્યું.

## ભીષણ યુદ્ધ: બાહ્ય અને આંતરિક

બન્ને સેનાઓ વ્યૂહબદ્ધ થઈને સામસામે ઊભી રહી. કૌરવોની વિશાળ સુસજ્જ સેનાને જોઈને યુધિષ્ઠિરને વિષાદ થયો; પણ અર્જુને એમને સાન્ત્વન આપ્યું: "જ્યાં ધર્મ છે ત્યાં જય છે. વળી જય તો શ્રીકૃષ્ણનો સેવક છે અને માધવની પાછળ પાછળ જાય છે. બીજી રીતે કહેતાં વિનમ્રતા એ શ્રીકૃષ્ણનો સર્વોત્તમ ગુણ છે અને એ જ એમનો (સાર્વત્રિક) વિજય છે... પૂર્વે, દેવાસુરસંગ્રામ કાળે, 'અમે તો શ્રીકૃષ્ણને (પરમાત્માને) અનુસરીને જીતીશું' એમ બોલતા દેવો જીત્યા હતા, તેથી તમારે પણ ફિકર ન કરવી. કારણ કે દેવાધિદેવ શ્રીકૃષ્ણ તમારો જય વાંછે છે."

યુધિષ્ઠિરને ધૈર્ય મળ્યું. પણ હવે ઘેરો વિષાદ પામવાનો અર્જુનનો વારો આવ્યો. ઘણા ઓછા અને અમુક ચોક્કસ પ્રકારના માણસોને જ લડવા પડતા કે લડવા મળતા ભૌતિક યુદ્ધનું વર્ણન આપતું દૃશ્ય બદલાયું. માનવમાત્રને અનુભવવા પડતા વાસ્તવિક આંતરિક યુદ્ધનું દૃશ્ય આવ્યું; અને જગતના સર્વોત્તમ ધર્મકાવ્યનું ગાન થયું. એને સ્વયં ભગવાને ગાયું. આત્મીય સખાને માટે ગાયું. એના વિષાદ-રોગનું નિદાન અને ચિકિત્સા કરવા ગાયું. એને વિગતજ્વર અને નિર્ભય બનાવ્યો. સ્થિતપ્રજ્ઞ, ગુણાતીત અને ભક્ત બનાવ્યો. એના હૃદયમાંની સર્વ દુર્બળતાઓને દૂર કરી ઊભો કર્યો, દોર્યો. નિરંતર પોતાનું—ભગવાનનું—સ્મરણ

કરીને શ્રદ્ધાપૂર્વક નિમિત્તમાત્ર થઈને યુદ્ધ કરવા પ્રેર્યો; અને તેજસ્વી, અનન્ત, પરમ આદિ, અદ્ભુત વિશ્વરૂપનું દર્શન કરાવી એની મૂંઝવણ ટાળી, અભિમાન, મોહ, આસક્તિ, ભય, ક્રોધ અને સંદેહની પકડમાંથી મુક્ત કરીને કેવળ અન્તર્યામીની જ આજ્ઞા માનવા કૃતનિશ્ચય કર્યો.

મહાભારતની અનેક વિશિષ્ટતાઓમાં તે ભગવદ્ગીતાનું સમર્થ ભાષ્ય છે એ સૌથી વધુ મહત્ત્વની વિશિષ્ટતા છે. મહાભારતનો સાદ્યંત જાગ્રત અભ્યાસ કરવાથી આ બીના તરત જ જણાઈ આવે છે. એટલે તો કહેવાયું છે :

भारतामृतसर्वस्वगीताया मथितस्य च।
सारमुद्धृत्य कृष्णेन अर्जुनस्य मुखे हुतम्॥

[(મહા-)ભારતરૂપી અમૃતના સર્વસ્વ ગીતાનું મંથન કરી તેનું સારતત્ત્વ શ્રીકૃષ્ણે અર્જુનના મુખમાં (અંતઃકરણમાં) હોમ્યું છે.]

રણમેદાન ઉપર અર્જુન પુનઃ આક્રમણ કરવા સજ્જ થઈ ગયા. ત્યાં તો ઋજુ યુધિષ્ઠિર કૌરવ સેનામાં નિઃશસ્ત્ર થઈને પગપાળા પ્રવેશ્યા. ગુરુજનો ભીષ્મ, દ્રોણ, કૃપ અને શલ્ય પાસે વિજય પામવાના આશીર્વાદ માગ્યા. સૌ ગુરુજનોએ તેમને જય પામવાના આશીર્વાદ આપ્યા. યુધિષ્ઠિરે કૌરવ સેનામાંથી કોઈને પણ પાંડવોના પક્ષમાં આવવું હોય તો આવી જવા આમંત્રણ આપ્યું. ધૃતરાષ્ટ્રનો સદાચારી વૈશ્યાપુત્ર યુયુત્સુ તે સ્વીકારીને પાંડવોના પક્ષમાં આવી ગયો. પછી તો અમર્યાદ વિગ્રહ શરૂ થયો. યુદ્ધ લડવા માટે નિયમો કરેલા તે તો કોરે રહી ગયા! મનમાં જાણે કોઈ ભૂત ભરાયું હોય એવા ઝનૂનથી સૈન્યો લડવા લાગ્યાં. પર્વત જેવી કાયા-વાળા ગજરાજો રણભૂમિ ઉપર ઘૂમીને યોદ્ધાઓ અને ઘોડાઓને છૂંદવા લાગ્યા. ટકરાતી ગદાઓનો અંગારા ઝરતો મહા તુમુલ અવાજ થવા લાગ્યો. મેઘના જેવો ગડગડાટ કરતા મહારથો એકબીજા સામે આક્રમણ કરવા લાગ્યા. સૂર્યપ્રકાશનેય ઢાંકી દેતાં અને સણસણાટ છૂટતાં હજારો બાણોની જાળોથી આકાશ છવાઈ ગયું. લોહીની નદીઓ વહી. શંખો, ભેરીઓ, ઢોલના અવાજ, યોદ્ધાઓના સિંહનાદ અને હાથીઘોડાની હણહણાટી તથા મનુષ્યોની કિકિયારીઓનો મહાભયાનક કોલાહલ થવા માંડ્યો. ભાંગી ગયેલાં વાહનો અને માર્યા ગયેલા હાથી-ઘોડા-મનુષ્યોનાં મુડદાંઓથી છવાઈને રણાંગણ યમરાજાની રાજધાની જેવું રૌદ્ર બની ગયું.

લડાઈના દસમા દિવસે મહાન ભીષ્મ શરશય્યા પર પોઢ્યા. પણ એમણે પિતાએ આપેલા સ્વેચ્છા-મૃત્યુના વરદાનને યાદ કરીને, ઉત્તરાયણમાં મૃત્યુ થાય એવી ધારણા રાખીને, પ્રાણ ટકાવી રાખ્યા. તેરમા દિવસે અર્જુન અને શ્રીકૃષ્ણની તોલે આવે એવા મહારથી અભિમન્યુને કૌરવોના છ મહારથીઓએ ઘોર અધર્મયુદ્ધ કરી નિર્દય-પણે રેંસી નાખ્યો. સામે પક્ષે બીજા જ દિવસે શોકવિહ્વળ અર્જુને અભિમન્યુ-વધનું નિમિત્ત બનેલા જયદ્રથનો વધ કરી વેર વસૂલ કર્યું. ચૌદમા દિવસે બંને પક્ષોએ યુદ્ધના સર્વ નીતિનિયમોને નેવે મૂકીને રાત્રિયુદ્ધ કર્યું. એમાં શ્રીકૃષ્ણના કુશળ આયોજનને કારણે, કર્ણે અર્જુનનો વધ કરવા રાખી મૂકેલી ઈન્દ્રે દીધેલી શક્તિ ઘટોત્કચ ઉપર વેડફાઈ ગઈ. ઘટોત્કચ જેવો કર્તવ્યનિષ્ઠ પ્રેમાળ દીકરો વીરગતિને પામવાથી પાંડવો શોકાતુર થયા, પણ શ્રીકૃષ્ણે તેમને આશ્વાસ્યા. પંદરમા દિવસે ફસાઈ પડેલા પાંડવોએ અસત્યભાષણનો આશ્રય લઈ અધર્મ-યુદ્ધની અવધિ કરતા આચાર્ય દ્રોણનો વધ કર્યો. દ્રોણપતન પછી કર્ણ સેનાપતિ થયો. કર્ણના સેનાપતિપદ દરમિયાન જ ભીમે દુઃશાસનને ચુંગાલમાં લીધો. એના કંઠ ઉપર પગ મૂકી તલવારથી એની છાતી ચીરીને ભીમે એના કવોષ્ણ રુધિરનું પાન કર્યું અને હર્ષોન્મત્ત થઈને નાચવા માંડ્યો. દ્રૌપદીના વસ્ત્રાહરણ પ્રસંગે લીધેલી ભયાનક પ્રતિજ્ઞાનું એણે અક્ષરશઃ પાલન કર્યું. ભીમસેનના આ રાક્ષસી કૃત્યને જોઈને 'આ તો મનુષ્ય નથી' એમ બોલતા બીજા મનુષ્યો ત્યાંથી ભયભીત થઈને પલાયન થઈ ગયા. સત્તરમે દિવસે કર્ણનું પતન થયું. અને અઢારમે દિવસે બપોરે કૌરવોનો છેલ્લો સરસેનાપતિ શલ્ય પણ યુધિષ્ઠિરના હાથે હણાયો. ત્યાર પછી કત્લેઆમ થઈ એમાં દુર્યોધન, અશ્વત્થામા, કૃતવર્મા અને કૃપાચાર્ય સિવાયના બધા સેનાપતિઓ કપાઈ

મૂઆ. સંજયને સાત્યકિએ કેદ કરેલો અને તેને મારી નાખત પણ વેદવ્યાસ તે અરસામાં જ ત્યાં આવી પહોંચ્યા અને તેને છોડાવ્યો.

દુર્યોધન જીવ બચાવવા ભાગી છૂટ્યો અને દ્વૈપાયન સરોવરમાં સંતાયો. પાંડવોએ એને શોધી કાઢ્યો. યુધિષ્ઠિરે એમની સ્વભાવસિદ્ધ દયાથી પ્રેરાઈને એને કોઈ પણ એક પાંડવ ભાઈ સાથે દ્વંદ્વયુદ્ધ કરી હારવા કે જીતવા જણાવ્યું. પણ પાંડવોના સદ્‌ભાગ્યે અભિમાની દુર્યોધને તુલ્યબળ ભીમ સાથે જ લડવાનું પસંદ કર્યું. તુમુલ ગદાયુદ્ધ શરૂ થયું. છેવટે ભીમસેને દ્રૌપદી-વસ્ત્રાહરણ પ્રસંગની પોતાની ભીષણ પ્રતિજ્ઞાનું સ્મરણ કરીને ગદાયુદ્ધના નિયમ વિરુદ્ધ દુર્યોધનની સાથળો ભાંગી નાખી; અને દ્રૌપદીના ઘોર અપમાનનો બદલો લેતો હોય એમ એણે દુર્યોધનના માથા ઉપર લાતો મારી; અને અઢારમા દિવસની સાંજે દુર્યોધનનું પતન થયું.

વિજેતા પાંડવોએ કૌરવોની છાવણીનો કબજો લીધો. કુશળ નયવિધાનજ્ઞ (મુત્સદ્દી) શ્રીકૃષ્ણને અશ્વત્થામાની પાપી મનોવૃત્તિનો અણસાર આવી ગયો હોઈ એમણે પાંડવોને આ રાત્રે શિબિરની બહાર વસવા સલાહ આપી. રાત્રે જ અશ્વત્થામાની રાહબરી નીચે કૃપ અને કૃતવર્માએ પાંડવોની છાવણીમાં વિજયના કેફથી નિરાંતે ઊંઘતા દ્રૌપદીના પુત્રો અને સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ન સહિત સમગ્ર પાંડવસૈન્યનો સંહાર કરી નાખ્યો. એકમાત્ર ધૃષ્ટદ્યુમ્નનો સારથિ આ હત્યાકાંડમાંથી બચી ગયો.

આ રીતે, અઢાર અક્ષૌહિણી સેનાઓમાંથી પાંડવોના પક્ષે — પાંચ પાંડવ, સાત્યકિ અને શ્રીકૃષ્ણ એ સાત, અને કૌરવોના પક્ષે — અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા એમ ત્રણ એ દસ જ ગણનાપાત્ર વીરપુરુષો બચ્યા. બાકી સૌ કાળના ખપ્પરમાં હોમાઈ ગયા. યુદ્ધની શરૂઆત થવા અગાઉ છેલ્લી ઘડીએ દુર્યોધન વગેરેને સુયોગ્ય સલાહ આપીને સુલેહ કરી લેવા માટે વેદવ્યાસે પુત્ર ધૃતરાષ્ટ્રને ભારપૂર્વક શિખામણ આપતાં કહ્યું હતું: 'ભાઈ! યુદ્ધમાં કંઈ જ લાભ નથી. એ તો મહાદોષ છે. એટલે તો યુદ્ધ વ્યઙ્ગ (વિકૃતિ) કહેવાય છે. એમાં તો સર્વનાશ થાય છે. જીતનારાનો પણ એમાં ક્ષય થાય છે, માટે માની જા.' પણ ઈર્ષા-લોભથી અંધ ધૃતરાષ્ટ્રે, 'જગત સ્વાર્થી છે અને હુંય સ્વાર્થી જગતનો જ જીવ છું. . . . આમ તો, મારી બુદ્ધિ પાપ કરે એવી નથી પણ પેલા મારા પુત્રો મારા વશમાં નથી! બાકી તમે તો મારા માનવંતા પિતાજી છો;' કહીને એમની વાત માની જ નહીં ને!

હત્યાકાંડમાંથી બચી ગયેલા ધૃષ્ટદ્યુમ્નના સારથિએ કતલના સમાચાર શિબિરની બહાર વસેલા રાજા યુધિષ્ઠિરને પહોંચાડ્યા. વજ્રપાત જેવા આ સમાચાર સાંભળતાં યુધિષ્ઠિર બેહોશ થઈ ગયા. ભાન આવતાં શોક-વિહ્વળ થઈને વિલાપ કરતાં બોલવા લાગ્યા: 'હાય! લોકો હારીનેય જીતે છે ત્યારે અમે તો જીતીને હાર્યા છીએ. અમે ભાઈઓ, મિત્રો, પિતા સમાન પુરુષો, પુત્રો, પૌત્રો, અમાત્યો આદિની હત્યા કરીને વિજયી થયા પણ હવે અમે હારી ગયા! કોઈ વાર અનર્થ (નુકસાન) લાભ જેવો હોય છે અને લાભ હાનિ જેવો હોય છે. એ પ્રમાણે અમારો આ વિજય પરાજયનું રૂપ ધારણ કરીને આવ્યો હતો તેથી તો જય પણ પરાજયમાં પલટાઈ ગયો! . . . અભિમન્યુ અને દ્રૌપદીના પ્રિય પુત્રોને મરાવી નાખીને મેળવેલો આ વિજય, ભગવાન! મને પરાજય જેવો લાગે છે. जयोऽयमजयाकारो भगवन्प्रतिभाति मे ।।'

શ્રીકૃષ્ણે સુલેહની વાટાઘાટ કરવા હસ્તિનાપુર તરફ પ્રયાણ કર્યું ત્યારે ધર્મરાજે પોતે યુદ્ધનાં કેવાં ભયંકર દુષ્પરિણામો આવે એ જણાવી જે યુદ્ધનિન્દા કરેલી તે બરાબર સાચી પડી. એમણે વર્ણવ્યા કરતાંયે વિશેષ પ્રણાશ (વિનાશ), અધર્મ, દુઃખ, આંસુ અને ક્લેશનો એમણે અનુભવ કર્યો. એમણે અંધકારમય ભાવિ નિહાળ્યું. પ્રણાશ તે કેવો! પાંચે પાંડવોનો એકે પુત્ર બચ્યો નહીં, પૌત્ર પણ નહીં. (પરીક્ષિતનો જન્મ તો હજુ હવે થવાનો હતો.) પાંચ પતિથી થયેલા પાંચ પુત્રોમાંથી દ્રૌપદીનો એકે પુત્ર ન બચ્યો. એના પિતા સિવાયના બધાં સગાંવહાલાં યુદ્ધની આગમાં હોમાયાં. ગાન્ધારીને એકસો પુત્રો હતા છતાં જાણે પેટ જ નહોતું ગાંઠ્યું એવી દશા આવી. જીતનાર અને હારનાર બંને સરખા! કુન્તી તો આ બન્નેની જેમ પુત્રમૃત્યુનો પ્રકટ શોક

પણ નહોતી કરી શકતી. સૂતપુત્ર ગણાયેલા ગૂઢોત્પન્ન કર્ણની ઉદકદાન — જલતર્પણ — ક્રિયા કરવા યુધિષ્ઠિરને કહેતાં જાણે એ શરમથી ભોંયમાં ભંડારાઈ જતી હતી. 'સહોદર ભાઈએ (અર્જુને) ભાઈનો ઘાત કર્યો છે', જાણતાં યુધિષ્ઠિર રૂના ઢગલામાં આગ ચંપાઈ હોય એમ દુ:ખી થઈ ગયા. આટલું અધૂરું હોય એમ દ્રૌપદીએ શોકવિહ્‌વલ થઈને એમને તીક્ષ્ણ ઉપાલંભો આપ્યા. આ બધી વ્યથા એ ઉદાત્ત મહારાજાએ શી રીતે જીરવી હશે, તે તો જે એટલો ઉદાત્ત હોય એ જ કહી શકે.

આ તરફ સોએ સો પુત્ર માર્યા ગયાના હૃદયવિદારક સમાચારથી ધૃતરાષ્ટ્ર ભાંગી પડ્યો. પ્રથમ સંજયે, પછી વિદુરે અને તે પછી (પ્રાણીમાત્રના પિતા સમ) પિતા વેદવ્યાસે એના પુત્રશોકના ભડભડતા હુતાશનને પ્રજ્ઞા અર્થાત્ સદ્‌બુદ્ધિરૂપી જળથી શાન્ત કરવાનો અનુરોધ કરી આશ્વાસન આપ્યું. ત્યાર બાદ, પાંડવો ધૃતરાષ્ટ્ર-ગાન્ધારીને મળવા આવ્યા. આ વખતે પુત્રશોકથી વ્યથિત ગાન્ધારીનું ચિત્ત વિચલિત થઈ ગયું. એણે પાંડવોને શાપ આપવાનું ઈચ્છયું પણ વેદવ્યાસ પ્રાણીમાત્રના હૈયામાં ઉદ્‌ભવતા ભાવોને દિવ્યચક્ષુથી જોઈ-જાણી શકતા હતા. એટલે તેઓ તુરત આવી પહોંચ્યા અને પુત્રવધૂ ગાન્ધારીને શાપ આપતાં અટકાવી.

એ પછી શ્રીકૃષ્ણની સાથે ગાન્ધારી રણભૂમિ જોવા ગયાં. ગાન્ધારીએ ત્યાં શું જોયું? છૂટા વાળ પીંખતી, ટિટોડી પેઠે વિલાપ કરતી, પુત્રો, ભાઈઓ અને પતિઓનાં શબ ખોળતી, દોડાદોડ કરતી વીરમાતાઓ, વીર-ભગિનીઓ, વીરપુત્રીઓ અને વીરપત્નીઓથી ઘેરાયેલું સમરાંગણ. ચારે બાજુ હિંસક પ્રાણીઓનાં ટોળાં માંસની ખેંચાખેંચ કરતાં, રમતાં કે ઘોરતાં પડ્યાં છે. સુવર્ણનાં કવચો, નિષ્કો (સુવર્ણના સિક્કા), મણિઓ, બાજુબંધો, માળાઓ, વીરપુરુષોનાં હાથ-પગ-ધડ-માથાં, તલવારો, ગદાઓ, બાણ, ધનુષ્યો, ભાંગેલા રથ, મરેલા ઘોડાઓ અને રાજ્યાભિષિક્ત રાજાઓનાં ધૂળ ચાટતાં શબોથી યુદ્ધભૂમિ ઊભરાઈ રહી છે. એમાં પ્રિયજનની શોધ કરતી નારીઓ ધડ મળે તો માથું નહીં અને માથું મળે તો ધડ નહીં એવા દેહભાગોને એકઠા કરી મેળવી જોતી હતી. પ્રિયજનોનાં મુડદાંને ફોલતાં ગીધ-કાગડાઓને ઉડાડવાનો અને ખેંચી જતાં કૂતરાં તથા શિયાળવાંને હાંકી મૂકવાનો પ્રયત્ન કરતી હતી; અને ભૂતકાળનાં સુખોનું સ્મરણ કરીને પ્રિય સ્વજનોની અધર્મથી હત્યા કરનારાને ફિટકાર આપતી, ગરમ ગરમ નિ:શ્વાસો નાખતાં નાખતાં પથ્થરનેય પિગળાવીને અશ્રુધારા કઢાવે એવા કરુણ વિલાપ કરતી હતી. ચિતાઓ સળગતી હતી અને સામસૂક્તોનાં ગાન ચાલતાં હતાં. આ બધાં હલાવી મૂકે એવાં દૃશ્યોથી અકળાઈને શોકાવિષ્ટ થયેલાં ગાન્ધારીએ પોતાના તપોબળના સામર્થ્યથી શ્રીકૃષ્ણને એમના યદુકુળનો આંતરવિગ્રહમાં સર્વનાશ થવાનો શાપ આપ્યો. જાણે કે મહાસમર્થ ભગવાને એ બહાને પવિત્ર ગાન્ધારીના દુ:ખતપ્ત અન્ત:કરણમાંથી નીકળતા વિનાશક તીવ્ર લાગણીઓના હુતાશનને પોતાના ઉપર ઝીલીને પાંડવોને બચાવી લીધા.

આ ક્રંદનો, વિલાપો, ફિટકારો, અધર્મકૃત્યના આઘાતો, ભૂતકાળનાં 'સુખો'નાં સ્મરણો, એના પ્રત્યાઘાતો, સળગતી ચિતાઓ, ગવાતાં સામગાનો અને ઉષ્ણ નિ:શ્વાસો શાનાં ફળ હતાં? ઈર્ષા અને લોભનાં. યુદ્ધ તો એનું સ્થૂળ સ્વરૂપ હતું. મૂળે તો, ધૃતરાષ્ટ્રે પાળેલી અને દુર્યોધન-કર્ણ-શકુનિએ પોષેલી ઈર્ષાનું નિવારણ શી રીતે કરવું એ મોટો કોયડો હતો. જુદી જુદી રીતે એનો ઉકેલ કરવા પ્રયત્ન થયો હતો. શ્રીકૃષ્ણ વાસુદેવે અનાસક્ત રહીને યુદ્ધ કરવાનો સાચો સૈદ્ધાંતિક નિર્ણય કર્યો હતો. પણ હિંસક યુદ્ધ કદીયે અનાસક્ત રહીને લડાય ખરું? એ શુદ્ધ ધર્મ સાચવી રાખીને જીતી શકાય ખરું? એનાં આનુષંગિક દૂષણો ન હોય એમ બને ખરું? યુધિષ્ઠિર અર્થાત્ દૈવી સંપત પાસે ક્રંદન કરાવી, યુદ્ધ દરમિયાન અનેક પ્રસંગોએ, અને છેવટે દુર્યોધનના મૃત્યુના પ્રસંગ દ્વારા, કવિએ આ બધાય પ્રશ્નોનો ઉત્તર 'ના'માં આપ્યો છે.

બીજી બાજુ આ બહારના વિગ્રહ કરતાંય ચિત્તમાં સદૈવ ચાલતા દૈવાસુર સંપત્તિઓના વિગ્રહને કવિએ એનાથી વિશેષ આકરો ગણાવ્યો છે. અને જેમાં બાણો, સેવકો કે બંધુઓની જરૂર પડતી નથી તથા જેમાં

સ્વકર્મને છોડીને — સ્વકર્મ સિવાય — બીજું કંઈ મદદગાર નથી, એવા કેવળ પોતાના આત્મા વડે જ લડવાના યુદ્ધમાં મનને જીતીને કાબૂમાં લેવાનો અનુરોધ કર્યો છે.

પરમર્ષિ વ્યાસે વૈયક્તિક ચિત્તમાં થતા ઘર્ષણને સત્યના આધારવાળી અહિંસાથી કેમ જીતવું એ પૂરી સફળ રીતે બતાવ્યું છે, પણ વૈયક્તિક ચિત્તનાં આંતરિક ઘર્ષણો મોટા પાયા ઉપર સામૂહિક ચિત્તક્ષોભ પેદા કરી એમાંથી તીવ્ર અસમાધાન, કટુતા, હિંસા, દમન અને અન્યાય જન્માવે તો તેનું સમાધાન અહિંસક માર્ગોએ થાય કે કેમ તે તેમણે સ્પષ્ટ બતાવ્યું નથી. 'અનાસક્તિપૂર્વક યુદ્ધ' એનો એક આદર્શની દૃષ્ટિએ ઉકેલ ખરો. પણ એ તો ભૂમિતિની આદર્શ 'લીટી' કે લોલકની વજન વિનાની આદર્શ 'દોરી' જેવો છે. વ્યવહારમાં એ કદીયે સંપૂર્ણતયા અમલમાં આવી શકે નહીં. એટલે તો યુદ્ધની તૈયારી ન થાય એ માટે, તૈયારી દરમિયાન, યુદ્ધ દરમિયાન, યુદ્ધાંતે અને તે પછીનાં છત્રીસ વર્ષનો ઇતિહાસ મહાભારતમાં આલેખાયેલો છે, એ સૌમાં યુદ્ધથી થતી ખાનાખરાબી, રુદન અને નૈતિક હ્રાસની લંગાર દર્શાવી છે. એમ વેદવ્યાસ યુદ્ધની નિરર્થકતા તથા પ્રેમની સર્વોપરીતા દર્શાવીને અટક્યા છે. યુદ્ધના વિકલ્પો કયા એ પ્રશ્નોનો એમણે ઘણો વિચાર કર્યો છે; વિસ્તૃત અને સૂક્ષ્મ ચર્ચાવિચારણાઓથી મહાભારતમાં એ વ્યક્ત થાય છે. સૂત્રધાર શ્રીકૃષ્ણને નિઃશસ્ત્ર રહેતા દેખાડીને ભવિષ્યના નરોત્તમ (નર) ઉપર એમણે પ્રશ્નનો ઉકેલ છોડી દઈને સંતોષ માન્યો જણાય છે.

યુદ્ધમાં માર્યા ગયેલા સગાઓને લીધે આવેલા સૂતકની નિવૃત્તિ પછી યુધિષ્ઠિરે હસ્તિનાપુરમાં વિજય-પ્રવેશ કર્યો. ત્યાં સુવર્ણના સિંહાસન ઉપર ધામધૂમ અને ઠાઠમાઠથી એમનો રાજ્યાભિષેક થયો. ત્યાર પછી યુધિષ્ઠિરે પ્રધાનમંડળની રચના કરી. ભીમ, વિદુર, સંજય, નકુલ, અર્જુન, ધૌમ્ય અને સહદેવ એ સાત પ્રધાનોને ખાતાં વહેંચી આપ્યાં. મૃત્યુ પામેલાઓનાં શ્રાદ્ધ કર્યાં. ભાઈઓને રહેવા માટે પ્રાસાદો ફાળવ્યા. પછી સ્વજનોના વધથી અત્યંત અશાંત અને વ્યગ્ર યુધિષ્ઠિર શરશય્યા ઉપર સૂતેલા ભીષ્મ પાસે શ્રીકૃષ્ણના આદેશથી શાન્તિબોધ મેળવવા ગયા. ભીષ્મે ધર્મરાજને સમગ્ર જ્ઞાનનિધિનો ઉપદેશ કરી શાન્તિબોધ કર્યો. એ શાન્તિબોધ શાન્તિપર્વ અને અનુશાસનપર્વ નામનાં બે વિશાળ પર્વોમાં સંખ્યાબંધ 'ઇતિહાસો', પુરાણો, આખ્યાનો, પ્રાણી-કથાઓ, દૃષ્ટાંતો અને સંવાદો વગેરેના રૂપમાં સંગૃહીત છે. હિન્દુસ્તાને સૈકાઓથી ઉપાર્જિત કરેલી બહુમુખી અને અનુભૂત જ્ઞાનવિજ્ઞાનની શ્રીથી એ અત્યંત સમૃદ્ધ છે. શાન્તિબોધ સમાપ્ત થતાં ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞા લઈ પિતામહ ભીષ્મે યોગવિધિ અનુસાર દેહત્યાગ કર્યો.

ભીષ્મે આટઆટલો શાન્તિબોધ કર્યો તોપણ યુધિષ્ઠિર શાન્ત ન થયા. ત્યારે એમને વેદવ્યાસ અને શ્રીકૃષ્ણે આશ્વાસ્યા. અને છેવટે વેદવ્યાસના માર્ગદર્શન મુજબ એમણે અશ્વમેધ કરવાનું નક્કી કર્યું.

બધું થાળે પડી ગયું, એ પછી શ્રીકૃષ્ણ અને અર્જુન આરામ માટે ઇન્દ્રપ્રસ્થ ગયા. સંગ્રામકાળના અસહ્ય દબાણને લીધે અર્જુન ભગવદ્‌ગીતાનો ઉપદેશ ભૂલી ગયા હોઈ ત્યાં શ્રીકૃષ્ણે એમને ભગવદ્‌ગીતાના મહાભારત-પ્રોક્ત ભાષ્ય જેવી 'અનુગીતા'નો ઉપદેશ કર્યો. ત્યાર બાદ પાંડવો અશ્વમેધ કરવા માટે ધનરાશિ લેવા હિમાલય ગયા. દરમિયાન હસ્તિનાપુરમાં અભિમન્યુની પત્ની ઉત્તરાને પેટે મૃત અવસ્થામાં પરીક્ષિત જન્મ્યો. શ્રીકૃષ્ણે પોતાના તપઃસંચિત જ્ઞાનનિધિથી તથા સત્યસંકલ્પથી એને સજીવન કર્યો. પરીક્ષિત એક માસનો થયો તે અરસામાં પાંડવો હિમાલયમાંથી ઢગલાબંધ રત્નો લઈને પાછા આવ્યા અને ધામધૂમથી ભવ્ય અશ્વમેધ યજ્ઞ કર્યો. પણ મહાકવિએ તો, ભારતના એકછત્ર સમ્રાટનો આવો અભૂતપૂર્વ મહાયજ્ઞ પણ, ગરીબ યાચકને પોતાનો આખરનો કોળિયો — અલ્પ સર્વસ્વ — આપી દેનાર અકિંચન મહાનુભાવના હૃદયથી થતા યજ્ઞાર્થ કર્મના (નિષ્કામ કર્મના) પુણ્ય આગળ, કંઈ વિસાતમાં નથી એવું સિદ્ધ કર્યું. તેને લીધે ઉત્તરોત્તર શુદ્ધચિત્ત થતા જતા ધર્મરાજની કામનાઓ ઓગળી ગઈ. તેઓ ઉપશાન્ત થયા, અને કર્તવ્ય બજાવવાની ભાવનાથી એમણે રાજ્યધુરા ગ્રહણ કરી, પ્રજાને પ્રમુદિત કરી.

ગાન્ધારી, ધૃતરાષ્ટ્ર અને સાથે કુન્તી પણ વનમાં ગયાં, અને વનમાં જ સદ્‌ગતિ પામ્યાં. આ તરફ, યુદ્ધ પછી બરાબર છત્રીસ વર્ષે યાદવોને ઐશ્વર્યનો મદ ચડ્યો. શ્રીકૃષ્ણની તાલીમ ભૂલીને તેઓ છકી ગયા. વ્યસનોના દાસ બન્યા. આપસમાં લડવા માંડ્યા, અને છેવટે માંહોમાંહે કપાઈ મૂઆ. શ્રીકૃષ્ણે યદુકુળનાં સ્ત્રી-બાળકોને દ્વારકા આવીને લઈ જવા અને તેમની સંભાળ રાખવાનો સંદેશો અર્જુનને મોકલ્યો. વનમાં આવ્યા. ઇન્દ્રિયો, વાણી અને મનનો સંપૂર્ણ નિરોધ કરી મહાયોગનો આશ્રય કરી પરમ બ્રાહ્મી સ્થિતિમાં પોઢી ગયા. એવામાં એક પારધીએ મૃગ ધારીને એમના પગના તળિયાને બાણથી વીંધી નાખ્યું. કરુણાળુ શ્રીકૃષ્ણ પશ્ચાત્તાપ કરતા પારધીને આશ્વાસન આપીને સ્વધામ પધાર્યા.

અર્જુન દ્વારકા આવ્યા. ત્યાંથી વૃદ્ધો અને સ્ત્રી-બાળકોને લઈને હસ્તિનાપુર આવવા નીકળ્યા. દ્વારકા નગરી સમુદ્રમાં ડૂબી ગઈ. હસ્તિનાપુર આવતાં માર્ગમાં અર્જુનને આભીરોએ લૂંટી લીધા — સદા અપરાજિત મહાન અર્જુન, હવે શ્રીકૃષ્ણ નહોતા તેથી લૂંટાયા! ભૌતિક ઘટના દ્વારા કવિવર વ્યાસે દર્શાવ્યું કે 'નારાયણ'ની સહાય વિના 'નર' કંઈ નથી.

કાળબળ પારખીને પાંડવોએ મહાપ્રસ્થાન કર્યું.

## ઉપસંહાર

મહાભારતની મુખ્ય કથાની આપણે આછી રૂપરેખા જોઈ. પણ આ કથાનો આશ્રય લઈને કૃષ્ણ-દ્વૈપાયન વેદવ્યાસ સત્ય, અહિંસા, નિષ્કામ કર્મયોગ અને બ્રહ્મવિદ્યા ઉપર અનુભૂત વિવેચન કરે છે, તથા વિશ્વને આદર્શ તથા આચારની અદ્વિતીય ઉચ્ચતાનું દર્શન કરાવે છે. વર્ણ અને આશ્રમ, લગ્ન અને સંતાન, પતિ-પત્ની, ભાઈઓ, માતાપિતા અને સંતાનો તેમ જ મિત્રો વગેરેનો પરસ્પરનો પ્રેમભાવ આદિનો વિમર્શ કરી તેની મહત્તા અને મર્યાદા દર્શાવી સામાજિક જીવનને નિરામય રાખનાર અને 'સુખો'ની નશ્વરતા પારખી તેમાં અનાસક્તિ રાખી આત્મિક ઉન્નતિ પામવાનો, વીતરાગભયક્રોધ થવાનો માર્ગ ચીંધે છે અને 'ફૂટ તત્કાળ સર્વનાશ નોતરે છે' એમ કહીને કલહ કદી લાભકારક ન હોય, તેનાથી તો વિનાશ જ થાય એમ સાબિત કરે છે. ફૂટ અને સૌમ્ય રાજનીતિઓનું તથા કપરા અને સરળ વ્યવહારોનું રસમય નિરૂપણ કરી, સરળ વ્યવહાર એટલે મૂર્ખ વ્યવહાર નહીં પણ જેમાં દક્ષતા અનિવાર્ય અંગ છે એવો નિષ્કપટ વ્યવહાર એમ બતાવી સૌમ્ય નીતિ જ સફળ થાય છે એમ દર્શાવે છે; અને ક્રમશઃ સૌમ્ય નીતિનિપુણ થયા પછી આત્મવિદ્યા — બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવાની યોગ્યતા મળે છે એ સત્ય વિશદ કરે છે. એમણે આત્મા-પરમાત્મા-ઈશ્વર-બ્રહ્મ વિશે અનેક પ્રવચનો આપ્યાં છે અને વિશ્વના તંતુએ તંતુમાં એ એક પરમાત્માનો વાસ છે, બધી સત્તા એની છે અને તેથી કોઈનુંય કંઈ લેવાની ઇચ્છા કર્યા વિના તેના નિમિત્તે કાર્યો કરવાથી, અને 'સુખો'માં 'વૈરાગ્ય' રાખીને પરમાત્મામાં અનુરાગ રાખવાથી, પરમાત્માનું સમગ્રપણે દર્શન થાય છે જ એ બતાવ્યું છે.

---

સાહિત્યની દૃષ્ટિએ મહાભારત એ ગ્રંથ નહીં હોતાં આખું સાહિત્ય — 'ગ્રંથાર્ણવ' જ છે. એમાં શકુન્તલોપાખ્યાન, નલોપાખ્યાન, સાવિત્રી-ઉપાખ્યાન અને ઋષ્યશૃંગ-ઉપાખ્યાન જેવાં મનોહર ઉપાખ્યાનો; રામોપાખ્યાન અને વિદુરાપુત્રાનુશાસન જેવાં વીરકાવ્યો; વ્યાધ-બ્રાહ્મણસંવાદ, તુલાધાર-જાજલિસંવાદ, કપિલ-સ્યૂમરશ્મિસંવાદ, પિતા-પુત્રસંવાદ અને જનકસંવાદ જેવા જ્ઞાનસંવાદો; ગૌતમી-લુબ્ધક-વ્યાલ-મૃત્યુ કાલસંવાદ જેવાં સ્વયંપૂર્ણ દૃષ્ટાંતો; વિદુરનીતિ, સનત્સુજાતીય, હંસગીતા, મંકિગીતા, શંપાકગીતા, બોધ્યગીતા, સેનજિત્‌ગીતા, કામગીતા આદિ અનેક દૃષ્ટિએ અભ્યાસનીય વિભાગો અને વૈવિધ્યપૂર્ણ, સહજપણે જ્ઞાન આપતી પ્રાણીકથાઓ અને પુરાણકથાઓ છે.

---

આ ગ્રંથમાં નિરૂપાયેલા ભગવાન શ્રીકૃષ્ણ કાયદાની કે જડધર્મની કોઈ પકડમાં આવતા નથી. પોતાની સ્થિર પ્રજ્ઞા વડે એ પ્રાપ્ત પરિસ્થિતિમાં સર્વોત્તમ રીતે વર્તે છે. એમનામાં અપ્રતિમ સામર્થ્ય, કરુણા અને ધર્મનિષ્ઠા છે. અંગત મહત્ત્વાકાંક્ષા કે સત્તાલાલસા મુદ્દલ નથી. કેવળ લોકકલ્યાણ અર્થે કંસનો વધ કર્યા પછી યાદવોના રાજા તેઓ જ થઈ શકે, પણ તેમણે રાજા થવાનું પસંદ ન કર્યું, અને આ કારણે કેટલાય કડવા ઘૂંટડા પીવા પડ્યા. એ પીને પણ એમણે યાદવોને પ્રસન્ન ચિત્તે તાલીમ આપીને તૈયાર કર્યા. યુધિષ્ઠિરે એમને સમ્રાટ બનીને 'રાજસૂય' તથા 'અશ્વમેધ' કરવાની બે વખત વિનંતી કરી, તેય એમણે નમ્રતાપૂર્વક નકારી.

શ્રીકૃષ્ણે તો સમગ્ર જગતના હિત અર્થે ધર્મસૂત્ર અને રાજસૂત્ર ઉપર નજર રાખીને સૌને સુખી કરવાનો પુરુષાર્થ કર્યો છે. એમણે વ્યક્તિગત દુશ્મનાવટની ઉપેક્ષા કરી પણ સામાજિક દુશ્મનાવટની ઉપેક્ષા કદી નથી કરી. તેઓ દક્ષ અને બળવાન હોવા સાથે ક્ષમાશીલ છે. એ સર્વના પ્રિયકામ, સર્વના સહાયક અને નિર્ભય છે. સર્વના મિત્ર અને જ્ઞાન-કર્મયોગી છે. એ પાપનું ઉન્મૂલન કરવા સદા ઉદ્યુક્ત છે, એ સાથે સજ્જન-દુર્જન સર્વ પ્રત્યે નિર્વૈર એવા સમત્વનિષ્ઠ મહાયોગેશ્વર છે. દુર્યોધન એમનો દ્વેષી હતો પણ એમણે તો દુર્યોધન અને તેના દુષ્ટ ગોઠિયાઓ સહિત સૌનું હિત ચાહ્યું. દુર્યોધનનાં કાળાં કૃત્યોનો અંજામ કાર્યકારણનિયમ અનુસાર સર્વનાશમાં જ પરિણમે, તોપણ 'અકાર્ય કરતા મિત્રને વિનાશની ગર્તામાં પડતા અટકાવવા સંપૂર્ણ શક્તિથી પ્રયત્ન કરવો જોઈએ અને અપકાર્યરૂપી સંકટમાં ફસાઈ પડેલા મિત્રને જે સહાય નથી કરતો તે ઘાતકી છે', એમ બોલતા અને આચરતા શ્રીકૃષ્ણમાં વેરીઓ પ્રત્યેય મૈત્રીભાવ છે અને તેમનું ભલું કરીને બચાવવાની ઉત્કટ ભાવના છે. નિષ્કામ કર્તવ્ય આચરતાં નિષ્ફળ જવાય તોપણ કર્તવ્ય બજાવ્યાની ઋણ-મુક્તિનો હૃદય-તોષણ આનંદ મેળવવાની અભીપ્સા છે. સફળતા મળશે તો શ્રેષ્ઠ ધર્મફળ પ્રત્યક્ષ થશે અને નિષ્ફળ જવાશે તોપણ એનું પુણ્યફળ તો મળવાનું જ એવી ખાતરી સાથે, આ પરમ વીરપુરુષ, કૌરવ જેવા કટ્ટર વેરીઓની વચ્ચે, વેરીઓ સહિત સૌના હિત માટે, નિષ્કપટ ભાવે સુલેહની વાટાઘાટો કરવા ગયા હતા.

શ્રીકૃષ્ણના અન્તર્યામી સ્વરૂપની ઝલકો પણ અહીં જોવા મળે છે. ઉન્માર્ગે જતા જીવને પાછો વાળવા અન્તર્યામી કૃષ્ણ મિત્રભાવે તેની પાસે જાય છે. આસુરી વૃત્તિઓથી અવલિપ્ત જીવ (દુર્યોધન) અન્તર્યામી પ્રત્યે શંકા અને વેર રાખે છે, પણ જીવનો સનાતન સખા તો એની મદદ કરવા નિષ્કામ ભાવે સદા તત્પર છે. જીવ આ સર્વમિત્રની મદદ ઠુકરાવે છે તોપણ એ જગતહિતકારી બ્રહ્મણ્યદેવ પોતાની ફરજ નિષ્કપટપણે બજાવવા ઉદ્યુક્ત છે. એની ધીરજ અનન્ત છે. એના પ્રેમપૂર્ણ અક્ષયપાત્રસમા હૈયામાંથી નીકળતો પ્રેમબોધ સમગ્ર વિશ્વને પ્લાવિત કરી શકે એવો નિઃસીમ છે. અકાર્ય કરી પ્રાણાશને પંથે પરવશના જીવને એ ચોટલી ઝાલીને પાછો વાળવા હિતબુદ્ધિથી પૂર્ણ પ્રયત્ન કરે છે. સહનશીલતા રાખીને શાન્તિની વાટાઘાટ કરવા સામે પગલે જાય છે અને આસુરી સંપત્તિની મધ્યમાં જતા અન્તર્યામીના ગૌરવભંગની બીકથી ડરતી દૈવી સંપત્તિને (યુધિષ્ઠિર આદિને) પોતાના અકુતશ્ચિદ્ભય — પૂર્ણ નિર્ભય રૂપની ઝાંખી કરાવે છે. તો બીજી બાજુ કટોકટીની ધાર ઉપર ઊભેલા, આસુરી સંપત્તિની (કામ-ક્રોધ-લોભની) ભયાનક જાળથી અસ્વસ્થ અને મૂર્છિત બનેલા દૈવી સંપત્તિના સેનાની અર્જુનને સ્વયં ભગવાન હૃષીકેશે (ઇન્દ્રિયોના સ્વામીએ) મૂર્છામાંથી જગાડીને ગુડાકેશ (નિદ્રાજિત, સદા અપ્રમત્ત) બનાવ્યો તેનું અહીં યથાતથ દર્શન છે. ભગવાન તો સમદર્શી છે. એટલે એમણે મૂઢ, આસુરી જીવોના હૃદયમાંય રહેલી દૈવી સંપદાના પ્રતીક શીલવાન, દૃષ્ટિમાન સંજય દ્વારા મૂઢ જીવોના પ્રતીક અંધ ધૃતરાષ્ટ્રને પણ આ વિજ્ઞાન આપ્યું છે.

અહીં શ્રીકૃષ્ણ અને અર્જુનની મૈત્રીના માનુષી જણાતા ચોકઠામાં નર-નારાયણના દિવ્ય સખ્યનું, જીવાત્મા અને અન્તર્યામીનું અદ્વૈત સૂચવતી અદ્વિતીય મૈત્રીનું અલૌકિક સામર્થ્યથી નિદર્શન થયું છે. અને તેથી

અનુરક્ત નરોત્તમ નર એવા અર્જુનમાં પરમાત્મામાં રહેલી અપરિમિત શક્તિનું, નરમાંથી નારાયણને પામવાની અને/અથવા નારાયણરૂપ થવાની શક્તિનું ઉદ્‌ઘાટન કરેલું છે.

મહાભારતના ધર્મરાજ મહાધાર્મિક હોવા છતાં 'ધર્મ'ની સૂક્ષ્મતામાં ક્યાંક અટવાઈ પડે છે. તેઓ દ્યૂતના દુર્ગુણો જાણે છે છતાં આહ્‌વાન સ્વીકારવાનું 'વ્રત' લીધેલું હોઈ છેવટે સર્વનાશમાં પરિણમેલી અનર્થપરંપરામાં ફસાઈ પડે છે . . . અને દાશરથિ રામ જેવા ધર્મજ્ઞ દેવવ્રત ભીષ્મ? — જેમણે પિતા માટે રાજ્યસુખ અને કામસુખ ત્યજીને નિષ્ઠાપૂર્વક બ્રહ્મચર્ય પાળ્યું હતું, જેમને ભગવાન શ્રીકૃષ્ણે 'બ્રહ્મમયનિધિ' — જ્ઞાનસાગર કહીને એવી ભવ્ય અંજલિ આપી હતી કે 'તમે મહારાજ્યનું શાસન કરતા હતા, સંપૂર્ણ તંદુરસ્ત હતા અને અસંખ્ય સ્ત્રીઓથી વીંટાયેલા રહેતા હતા તોપણ હું તો તમને સતત ઊર્ધ્વરેતા — નૈષ્ઠિક બ્રહ્મચારી જ જોઉં છું.' આવા જિતેન્દ્રિય, મહાપ્રાજ્ઞ, સર્વશાસ્ત્રનિપુણ ભીષ્મ પણ 'ધર્મ'ની સૂક્ષ્મતામાં ક્યાંક ગૂંચાઈ જતા. જ્યારે પૌત્રવધૂ દ્રૌપદીનાં કેશ અને ચીર ખેંચાતાં હતાં ત્યારે, આ હીનતમ કૃત્યનો સક્રિય વિરોધ કર્યા સિવાય તેઓ સભાખંડ છોડી ગયા હતા. તે વખતે 'ધર્મ'ની સૂક્ષ્મતામાં અટવાઈ જવા બદલ એ 'સર્વધર્મશાસ્ત્રવિશારદ' મહાનુભાવના ચિત્તમાં કેવી ઊથલપાથલ થઈ હશે? અને દુર્યોધન-દુઃશાસન-કર્ણ-શકુનિની ચંડાળચોકડીને તેમનાં અધર્મ કૃત્યો બદલ વારંવાર તતડાવવા છતાં, રાજનો પગાર ખાતા હોઈ, 'અર્થદાસ' બન્યા હતા તેથી દુર્યોધનના પક્ષે રહીને પાંડવો ઉપર અસ્ત્રશસ્ત્રોના ઘા કરતાં, એમણે વિષના કેવા પ્યાલા પીધા હશે!

અર્જુન તો, પાર્થસારથિને જ પોતાના રથની લગામ સોંપી દે છે, અને 'હે પાર્થ! તું મારાથી જુદો નથી તથા હું તારાથી જુદો નથી; કોઈનાથી પણ આપણા બન્ને વચ્ચેનું અંતર સમજી શકાય એમ નથી', એવું ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી 'પ્રમાણ' મેળવીને પ્રભુનો પ્યારો બને છે.

શાણા વિદુર કોઈનાથીય દબાયા વિના પોતાનો અભિપ્રાય બરાબર વ્યક્ત કરે છે, એટલું જ નહીં પણ તદનુસાર આચરણ પણ કરે છે. તો, ઊગતો યુવાન વિકર્ણ દ્રૌપદીવસ્ત્રાહરણ પ્રસંગે, જ્યારે ભીષ્મ, દ્રોણ અને વિદુર સુધ્ધાં અસહાય થઈને બેસી રહ્યા હતા ત્યારે, 'આ તો આડું વહેરે છે', 'અરણી વૃક્ષામાંથી પ્રકટેલો અગ્નિ અરણીને જ બાળી મૂકે છે', 'આ તો પ્રાજ્ઞવાદિક મહામૂર્ખ છે' વગેરે કટાક્ષવચનો સહન કરીનેય ભાઈઓના દુર્વર્તન સામે નીડરપણે પોતાનો બુલંદ અવાજ કાઢે છે.

મહાભારતનાં સ્ત્રીપાત્રો કેવાં તેજસ્વી છે! ધૃતરાષ્ટ્રને દુર્યોધનનો ત્યાગ કરવાનું કહેનારાં, દ્રૌપદીવસ્ત્રાહરણનો વિરોધ કરનારાં, યુદ્ધની શરૂઆતમાં આશીર્વાદ માગવા આવેલા પુત્ર દુર્યોધનને પોતાના પર આવી પડનારા ઘોર સંકટની વાત જાણવા છતાં यतो धर्मस्ततो जयः। — જ્યાં ધર્મ છે ત્યાં જય છે એવો જ આશીર્વાદ આપનારાં, અને એવી ધર્મનિષ્ઠાને લીધે આવેલા અતુલ ધર્માચરણને કારણે સ્વયં ભગવાન શ્રીકૃષ્ણને પણ શાપ આપી શકવાનું ઓજસ્ ધરાવનારાં જાણે સાક્ષાત્ મતિદેવીનો અવતાર સતી ગાન્ધારી. તો, સુભદ્રાનું હરણ કરી લાવનાર અર્જુનને તતડાવતી, સામ્રાજ્યની આય-વ્યયનો વહીવટ કરતી, ચીરહરણના પ્રસંગે પોતાના ધર્મશીલને આશ્રયે રહીને ભીષ્મ જેવા વડીલો કે દુર્યોધન જેવા દુષ્ટોનેય મૂંઝવતી, ચીરહરણ પછી ભોંય પર સૂઈને કઠોર બ્રહ્મચર્ય વ્રત પાળતી કે પાંડવોને શૂરાતન ચડાવતી, અપાર બુદ્ધિમતી અને શ્રીકૃષ્ણની સખી દ્રૌપદી!

અને, માતા કુન્તી? પાંડવો જ્યારે રાજ્ય છોડી વનમાં ભટકતા હતા ત્યારે એમને પરાક્રમ દ્વારા પુનઃ સ્વરાજ્ય પ્રાપ્ત કરવાની આવેશપૂર્વક પ્રેરણા આપતાં પ્રેમાળ માતા; જ્યારે પુત્રોએ સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું અને સુખ ભોગવવાના દિવસ આવ્યા ત્યારે, શત્રુઓનાં માતાપિતા વૃદ્ધ જેઠ-જેઠાણી ધૃતરાષ્ટ્ર-ગાન્ધારીની સાથે, પોતાનાં સાસુ-સસરાની જેમ પ્રેમથી સેવા કરવાના અને તપ કરવાના આશયથી વનમાં જતાં ઉત્તમ આર્યા; પાંડવોએ દુઃખી દુઃખી થઈને માતાને વન જતાં અટકાવ્યાં ત્યારે, "મેં કંઈ મારા લાભને માટે

શ્રીકૃષ્ણ દ્વારા તમને 'વિદુરાપુત્રાનુશાસન'નો સંદેશો નહોતો પાઠવ્યો, પણ એ તો તમે ડૂબો નહીં અને તરો તે માટે પાઠવેલો, મને પુત્રોએ જીતેલા રાજ્યફળને ભોગવવાની લેશમાત્ર કામના નથી . . . માટે તમે પાછા વળો, તમારી બુદ્ધિ ધર્મમાં સ્થિર રહો અને તમારું હૃદય વિશાળ હો" એમ ધૈર્યથી ઉત્તર આપતાં કર્તવ્યશીલ મહાન નારી કુન્તી ઉપરાંત ઉપાખ્યાનોમાંનાં તેજસ્વી પાત્રોમાં સત્યની તેમ જ નારીની મૂળભૂત પ્રતિષ્ઠા અને મહત્ત્વ દર્શાવનાં સમગ્ર ભારતીય સાહિત્યનાં શણગારરૂપ વચનો દુ:ષ્યન્તને સંભળાવતી માનિની શકુન્તલા; જનક રાજાને સંસદમાં તત્ત્વજ્ઞાનની ચર્ચામાં માત કરતી સુલભા અને એવાં બીજાં સ્ત્રીપાત્રો સ્ત્રીઓ પ્રત્યે વ્યાસની કેવી દૃષ્ટિ હતી તે બતાવે છે.

વળી, બ્રાહ્મણોને ઉપદેશ આપનાર ધર્મવ્યાધ, તુલાધાર કે ચાંડાળ જેવાં શૂદ્ર કે વૈશ્ય પાત્રો, કે જનકની સંસદમાં વાદવિવાદ કરતો બાળક અષ્ટાવક્ર અને વડીલોને વિધિપુરસ્સર શિષ્ય બનાવ્યા પછી જ વેદાધ્યયન કરાવનાર દધીચિ ઋષિનો બાળક પુત્ર સારસ્વત જેવાં પાત્રો — દરેકેદરેક જાણે કે એક આખા વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે.

મહાભારતનો મહિમા ગાતાં એને માટે કહેવાયું છે: 'ધર્મ, અર્થ (સાધનસંપત્તિ), સુખ અને મોક્ષ સંબંધમાં જે આ ગ્રંથમાં છે તે જ બીજે છે અને જે અહીં નથી તે બીજે ક્યાંય નથી'. તેને સ્વામી-વિવેકાનંદ, શ્રી અરવિંદ અને ગાંધીજીએ યથાર્થ માન્યું છે.

આ અનુપમ ગ્રંથના કેટલાક વિભાગ વિશ્વસાહિત્યમાં અમર બન્યા છે. શ્રીમદ્ ભગવદ્ગીતા તો છે જ, તે ઉપરાંત શકુન્તલોપાખ્યાન, નલોપાખ્યાન, ઋષ્યશૃંગોપાખ્યાન, સાવિત્ર્યુપાખ્યાન અને વિદુરાપુત્રાનુશાસન જેવા ભાગો વિશ્વસાહિત્યમાં માનવંતું સ્થાન ભોગવે છે. અને કોઈ પણ સંપ્રદાયવાદથી પર અને વિશ્વના સર્વ ધર્મોને એકસરખી રીતે ઊર્ધ્વ કરનાર જગતવિખ્યાત 'મધુબિન્દુ' દૃષ્ટાંત પણ મહાભારતનું છે, સાથે જ ભારતના નિર્મળ સંતસાહિત્યનું ઉત્તમ પ્રતિનિધિ પણ છે.

મહાભારત યુદ્ધને અંતે, ભીષ્મના પ્રયાણ પછી, વિદુરે ધૃતરાષ્ટ્રને અમૃત સમાં વચનોથી સમભાવપૂર્વક આશ્વાસન આપ્યું. વિદુરના આશ્વાસનમાં સંસારની વિચિત્રતાઓનું વર્ણન અને ધર્મપાલનની મહત્તા સાંભળી, ઉત્કંઠિત થઈને, ધૃતરાષ્ટ્રે પ્રશ્ન કર્યો : 'જો આ ગહન ધર્મ બુદ્ધિથી સમજી શકાય એવો હોય તો મને આખો બુદ્ધિમાર્ગ વિસ્તારપૂર્વક કહો.' જવાબમાં વિદુરે 'મધુબિન્દુ' દૃષ્ટાંત કહ્યું હતું.

મહાભારતના 'સ્ત્રીપર્વ'માં આવતા પ્રસ્તુત 'મધુબિન્દુ' દૃષ્ટાંતનું જૈન રૂપાંતર સંઘદાસગણિ કૃત 'વાસુદેવ હિંડી'માં (પાંચમી સદી), દિગંબર અમિતગતિ કૃત 'ધર્મપરીક્ષા' ગ્રન્થમાં (ઈ. સ. ૧૦૧૩), આચાર્ય હેમચન્દ્રના 'સ્થવિરાવલી ચરિત'માં (બારમી સદી) અને બીજા અનેક જૈન ગ્રન્થોમાં મળે છે. આ કથાનાં બૌદ્ધ રૂપાંતરો 'અવદાનો'ના ચીની અનુવાદોમાં મળ્યાં છે. એના ઉપરથી આ કથા બૌદ્ધ-ખ્રિસ્તી-કથાગ્રંથ 'બારલામ અને જોઆસફ' દ્વારા તથા વિશ્વવિખ્યાત પ્રાણીકથા ગ્રંથ 'કલિલગ વ દમનગ' ('પંચતંત્ર'ના પહેલવી, ફારસી, સીરિયન અનુવાદોનું નામ) દ્વારા યુરોપમાં પ્રવેશી જણાય છે. યુરોપની લગભગ બધી ભાષાઓમાં ઉપર્યુક્ત ગ્રંથોના પહેલવી, અરબી કે સીરિયન અનુવાદો ઉપરથી અનુવાદ થયા છે. પી. રુકર્ટ નામના જર્મન કવિએ આ વિષય ઉપર 'Es War in Mann in Syrerland' શીર્ષક નીચે સુંદર કાવ્યરચના કરી છે અને તે જર્મનીમાં ખૂબ લોકપ્રિય છે. રુકર્ટના કાવ્યનું મૂળ જલાલુદ્દીન રૂમીનું ફારસી કાવ્ય છે. વિદ્વાનોએ સમસ્ત વિશ્વનાં સાહિત્યોમાં ખરેખરી અસાંપ્રદાયિક અને ધર્મના મૂળભૂત અર્થમાં 'ધાર્મિક' એવી પ્રસ્તુત કથાનાં રૂપાંતર ખોળી કાઢ્યાં છે. લગભગ બધી માનવપ્રજાઓમાં ફરેલી અને કોઈ પણ વાડાબંધીથી પર એવી આ કથાઓ વૈદિકો, બૌદ્ધો અને જૈનોની જેમ જ સમાન રીતે મુસ્લિમો, યહૂદીઓ અને ખ્રિસ્તીઓનું ઊર્ધ્વીકરણ કરવામાં પોતાનો ફાળો આપ્યો છે.

આવી આવી ઉત્તમ રચનાઓ ઉપરાંત મહાભારતના બીજા કેટલાયે વિભાગ એવા છે કે જે યથાયોગ્ય અભ્યાસના અભાવે જ વિશ્વસાહિત્યમાં સ્થાન નથી પામ્યા. જે કંઈ બહાર ગયું છે તે મોટે ભાગે વિદેશી વિદ્વાનો અને અભ્યાસીઓની મહેનતથી ગયું છે.

*

મહાભારતને અંતે આવેલો 'ભારતસાવિત્રી' નામથી વિખ્યાત પાંચ શ્લોકોનો ગુચ્છ મહાભારતમાં સારભૂત અને તેના મૂળ વિચારરૂપ ગણાય છે. જાણે કે આ નાના બીજમાંથી- અસંખ્ય વડવાઈઓવાળું મહાભારતરૂપી વિશાળ વટવૃક્ષ ઊગી નીકળ્યું છે. 'ભારતસાવિત્રી'નો એ શ્લોકગુચ્છ આ પ્રમાણે છે :

मातापितृसहस्राणि पुत्रदारशतानि च ।
संसारेष्वनुभूतानि यान्ति यास्यन्ति चापरे ।।

हर्षस्थानसहस्राणि भयस्थानशतानि च ।
दिवसे दिवसे मूढमाविशन्ति न पण्डितम् ।।

ऊर्ध्वबाहुर्विरौम्येष न च कश्चिच्छृणोति मे ।
धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते ।।

न जातु कामान्न भयान्न लोभात्-
धर्मं त्यजेज्जीवितस्यापि हेतोः ।
नित्यो धर्मः सुखदुःखे त्वनित्ये
जीवो नित्यो हेतुरस्य त्वनित्यः ।।
इमां भारतसावित्रीं प्रातरुत्थाय यः पठेत् ।
स भारतफलं प्राप्य परं ब्रह्माधिगच्छति ।।

સ્વર્ગારોહણપર્વ, અધ્યાય ૫, શ્લોક ૪૭થી ૫૧

[સંસારમાં પ્રાણીઓને હજારો (અર્થાત્ અગણિત) માતાપિતાઓનો અને સેંકડો (અર્થાત્ અગણિત) સ્ત્રી-પુત્રોનો સમાગમ થયો છે, થાય છે અને થશે. (આ સંસારમાં) હર્ષનાં હજારો સ્થાન છે અને ભયનાં પણ સેંકડો સ્થાન છે. પરંતુ એ હર્ષ અને ભય દરરોજ મૂર્ખ માણસોમાં જ પ્રવેશ કરે છે, પંડિતોમાં નહીં.

(વ્યાસ કહે છે) આ હું હાથ ઊંચા કરીને પોકાર કરું છું કે, 'ધર્મથી અર્થ અને કામ પ્રાપ્ત થાય છે તો (હે લોકો!) તમે એ ધર્મનું કેમ સેવન કરતા નથી?' — પણ મારું કોઈ સાંભળતું નથી.

કામના, ભય, લોભ કે જીવિતના નિમિત્તે પણ કદી ધર્મનો ત્યાગ કરવો નહીં, કારણ ધર્મ નિત્ય છે અને સુખદુઃખ અનિત્ય છે; જીવ નિત્ય છે અને જીવનું કારણ (સંસાર) અનિત્ય છે.

જે મનુષ્ય પ્રાતઃકાળમાં ઊઠીને આ ભારતસાવિત્રીનું પઠન કરે છે તે મહાભારત(નો અભ્યાસ કર્યા)નું ફળ મેળવીને અંતે પરબ્રહ્મને પામે છે. (મહાભારત, સ્વર્ગારોહણપર્વ, અધ્યાય ૫, શ્લોક ૪૭ થી ૫૧)]

'કોઈ એક દ્વિજ એક સમયે જેમાં સ્વયં મૃત્યુ પણ બી મરે એવા દુર્ગમ વનમાં (ગહન સંસારમાં) આવી ચડ્યો. એમાંનાં હિંસક પશુઓથી (શારીરિક અને માનસિક વ્યાધિઓ) બચવા એણે ચારે બાજુ ફાંફાં મારવા માંડ્યાં પણ કશું આશ્રયસ્થાન દેખાયું નહીં. એટલામાં એણે એક ભયંકર સ્ત્રીને (વૃદ્ધાવસ્થાને) પોતાના બાહુઓ પહોળા કરીને ફરતી જોઈ, તેમ જ પાંચ પાંચ માથાવાળા પર્વત જેવા મોટા નાગો પણ જોયા (પાંચ વિષયો ભોગવનારી મનોવૃત્તિઓ). આ સર્વથી ગભરાઈને નાસતાં નાસતાં એ બ્રાહ્મણ ઘાસ અને વેલાઓથી ઢંકાયેલા (દેહરૂપી) એક કૂવામાં ગબડી પડ્યો, અને અંદરના વેલાઓમાં ઊંધા મસ્તકે લટકવા માંડ્યો. લટકતાં લટકતાં નીચે જોયું તો કૂવામાં એક મહાનાગ (કાળ) હતો. ઊંચે જોયું તો કૂવાના મૂળ પાસે એક છ મોંવાળો, અર્ધો કાળો અને અર્ધો ધોળો તથા બાર પગવાળો ધીમે ધીમે આગળ ધપતો એક હાથી (છ ઋતુ અને બાર માસવાળો સંવત્સર), તથા જેને આધારે એ લટકી રહ્યો હતો એ વેલાઓને (જીવવાની આશાને) કાપી નાખના કાળા અને ધોળા ઉંદરોને (રાત્રિદિવસો) જોયા. ત્યાં આજુબાજુ મહાભયંકર ભમરાઓ (જાતજાતની કામનાઓ) જેને અજ્ઞાનીઓ ઇચ્છે છે એવા સ્વાદિષ્ટ મધવાળા મધપૂડાઓમાં રહેતા હતા. એ મધપૂડાઓમાંથી અનેક મધધારાઓ (જેના સ્વાદમાં મનુષ્ય નિમગ્ન થઈ જાય છે તે કામરસો) ઝરતી હતી. આવી ભયંકર, કઠોર અને દુઃખી હાલતમાં પણ આ બ્રાહ્મણ એ મધધારાઓને એકસરખી રીતે પીધા કરતો હતો અને જરાયે તૃપ્ત નહોતો થતો! એટલું જ નહીં પણ જીવન ઉપરનાં ઘોર સંકટો — વનમાં શિકારી પશુઓ, પરમ ઉગ્ર સ્ત્રી, કૂવામાં રહેલો નાગ, બહાર રહેલો હાથી અને ઉંદરો વેલા કાપી નાખે તો કૂવામાં ઊંધા માથે પડી જવાનો ભય વગેરે — હોવા છતાં એ તો અતૃપ્ત રહીને મધધારાઓને પીવાની જ ઇચ્છા કર્યા કરતો હતો, અને પોતે મરશે કે જીવશે એનો ખેદ નહોતો કરતો!'

રૂપક છોડતાં પ્રાજ્ઞ વિદુરે કહ્યું : 'સંસારચક્રના આવા પરિભ્રમણને જાણીને જેઓ એનાં બંધનોને અનાસક્તિથી છેદી નાખે છે તેઓ જ વિદ્વાનો છે . . . જેઓ તૃષ્ણાતુર ક્રોધ-લોભ વિનાના, સંતોષી અને સત્યવાદી હોય છે તેમને શાન્તિ મળે છે!'

# ૪ : સંસ્કૃત નાટક

## ઉદ્‌ભવ : પરંપરા

સંસ્કૃત નાટકના પ્રાચીનતમ નમૂના અશ્વઘોષ(ઈ. સ. પ્રથમ — દ્વિતીય સદી)ને નામે પ્રાપ્ત થાય છે. તેમાં સંસ્કૃત નાટકનું નાટ્યશાસ્ત્રે વિચારેલું પૂર્ણવિકસિત સ્વરૂપ જ જોવા મળે છે. આથી સંસ્કૃત નાટકના ઉગમ અને ક્રમિક વિકાસના મૂળ અંગે આપણી સમક્ષ ધૂંધળું ચિત્ર જ ઊપસે છે. એટલું તો ચોક્કસ કે ઈસવી સનની પહેલી સદી પહેલાં ઘણા વખત પૂર્વે સંસ્કૃત નાટ્યરચનાની પ્રવૃત્તિ આરંભાઈ હશે અને અશ્વઘોષમાં તો ફક્ત તેના અવશેષો જ પ્રાપ્ત થાય છે. આ ખંડિત અવસ્થામાં પ્રાપ્ત થતાં બૌદ્ધ નાટકો અને કાલિદાસ(ઈ. સ. ચોથી સદી)ની કૃતિઓ ઉપરથી એક વિપુલ અને કદાચ સમૃદ્ધ પણ, એવા નાટકસાહિત્યની પૂર્વસ્થિતિનું અનુમાન ચોક્કસ રીતે તારવી શકાય. ભરત(ઈ. સ. પહેલી-બીજી સદી)ના નાટ્યશાસ્ત્ર તથા કામ-સૂત્ર (ઈ. સ. ૩૦૦), પતંજલિનું મહાભાષ્ય (ઈ. સ. પૂ. ૧૫૦), પાણિનિ(ઈ. સ. પૂ. ૭૦૦)ની અષ્ટાધ્યાયી, કલિંગના રાજા ખારવેલ (ઈ. સ. પૂ. ૧૬૦) અને અશોક(ઈ. સ. પૂ. ૨૭૩–૨)ના શિલાલેખોમાંના નટમંડળીઓ અંગેના ઉલ્લેખો, ચાણક્ય(ઈ. સ. પૂ. ૪૦૦)ના અર્થશાસ્ત્રના કેટલાક સંદર્ભો વગેરેનો ખ્યાલ રાખતાં આપણે સંસ્કૃત નાટકની હયાતી ઈ. સ.પૂ. ૪૦૦માં હતી એવો ચોક્કસ અભિપ્રાય બાંધી શકીએ તેમ છીએ. નટ્‌નો પ્રયોગ પાણિનિ સૌ પ્રથમ કરે છે. અને 'નટસૂત્ર' અને તેના રચયિતાના ઉલ્લેખ પણ આપે છે. આ રીતે પાણિનિના સમયમાં નાટક જાણીતું હતું એ નિર્વિવાદ સિદ્ધ થાય છે, અને આપણે ઈ. સ. પૂ. ૭૦૦માં તેની હયાતી હોવાનું વિચારીએ તોપણ ખોટું નથી.

સંસ્કૃત નાટકની ચોક્કસ હયાતીનાં એંધાણ તારવ્યા પછી છેક અશ્વઘોષ સુધીના ગાળાની કૃતિઓના ચોક્કસ અવશેષો નથી મળ્યા એ પણ જરૂર આશ્ચર્યકારક લેખી શકાય. કાળબળે અથવા અશ્વઘોષ, કાલિદાસ વગેરેની પ્રતિભાના નિરતિશય પ્રકાશથી ઢંકાઈને એ સઘળું લુપ્ત થયું હોય એ પણ બનવાજોગ છે. આ સમૃદ્ધ સાહિત્યના ઉગમ અને ક્રમિક વિકાસના સંદર્ભમાં પણ અનેક તર્કવિતર્કો પ્રયુક્ત થયા છે; અને ભારતના 'દૈવી ઉદ્‌ગમ'ના મત વિરુદ્ધ આધુનિક વિદ્વાનોના ઘણા મતો ગોઠવાઈ જાય છે.

વેદસાહિત્ય(ઈ. સ. પૂ. ૧૫૦૦)માંથી પ્રાપ્ત થતા સંવાદસૂક્તોને આધારે સંસ્કૃત નાટકની ઉત્પત્તિ તેમની સાથે જોડવાનું પણ વિચારાયું છે. આવાં સંવાદસૂક્તોના પાઠ દરમિયાન તેમાં નાટ્યતત્ત્વ જાણેઅજાણે વણાઈ જાય એ અસ્વાભાવિક નથી. છતાં, નાટ્યાત્મક ક્રિયાકાંડ ઉપરથી ક્રિયાકાંડમૂલક નાટકનું તારણ કાઢવું એ હેત્વાભાસમૂલક જ લેખી શકાય. એવી જ રીતે મૃતપૂજામાં નાટકનું મૂળ જોવાનો પ્રયાસ પણ ગ્રાહ્ય નથી. ધાર્મિક ઉત્પત્તિના સૂચનના પ્રતિભાવ રૂપે સંસ્કૃત નાટકની નિધર્મી મૂળમાંથી ઉત્પત્તિ થઈ એવું વિચારી તેનું મૂળ પુત્તલિકા — પૂતળી-ખેલ અથવા છાયાનાટકમાં જોવાનો પ્રયાસ પણ ચોક્કસ પુરાવાઓના અભાવમાં ગ્રાહ્ય જણાતો નથી. ધાર્મિક ઉત્પત્તિનો અસ્વીકાર કરીએ તોપણ ધર્મ અથવા સંપ્રદાયની ઘેરી અસર નકારી શકાય તેમ નથી. સંસ્કૃત નાટકનાં પુરોગામી સાહિત્યસર્જનોમાં મહાભારત અને રામાયણને સ્થાન આપીએ તો તે યોગ્ય જ છે. આ બે વીરકાવ્યોની ગીત અને હાવભાવ સાથેની રજૂઆતને નાટકના મૂળ સાથે અમુક અંશે જોડીએ તો તે વાંધાજનક ન લેખી શકાય.

કેટલીક સમાન્તર વિગતોને ધ્યાનમાં રાખીને કેટલાક પશ્ચિમી વિદ્વાનોએ સંસ્કૃત નાટકનાં મૂળ ગ્રીક નાટકમાં જોવાનોય પ્રયત્ન કર્યો છે. ઇતિહાસના ક્ષેત્રનાં સંશોધનોએ ભારતમાં ગ્રીક હકૂમતની શક્યતા સ્વીકારી છે. ગ્રીક અસર દરમિયાન સંસ્કૃત નાટક વિકસ્યું હશે એની પણ સર્વથા ના પાડી શકાય તેમ નથી. કલાનાં બીજાં ક્ષેત્રોમાં અને વિજ્ઞાનમાં જે રીતે ભારતીય પ્રતિભાએ પરદેશી અસરને પોતાની રીતે અપનાવી છે એ જોતાં આ ક્ષેત્રે ભારતીય પ્રતિભા અન્ય અસર ન અપનાવે એમ માનવાને કારણ નથી. પણ, આ તો આવી અસરની અશક્યતાના અભાવનું પ્રતિપાદન થયું. બીજે પક્ષે, ચોખ્ખી સાબિતી પણ એટલી જ દુર્લભ છે. વિટ (વિદૂષક જેવો નાયક કે ગણિકાનો સાથી), વિદૂષક અને શકાર (રાજાની રખાતનો મૂર્ખ ને ગર્વિષ્ઠ ભાઈ) — આ બધાં પાત્રોમાં રહેલા સામ્યને આધારે પણ ચોક્કસ નિર્ણય તારવી શકાય તેમ નથી. વળી, ગ્રીક વેપારીઓ પાસેથી આણેલા કાપડને 'યવનિકા' (જવનિકા: પડદો) કહેવાતું હોય તોપણ તેથી ગ્રીક નાટકની અસર પુરવાર થતી નથી. ટૂંકમાં, ગ્રીક નાટકની સંસ્કૃત નાટક ઉપરની અસર માટેના વિધેયાત્મક પુરાવાઓની ખોજ આપણને એ અંગેના નિષેધાત્મક પરિણામ તરફ જ લઈ જાય છે. આથી બંને વચ્ચેનાં સામ્યો સહેતુકને બદલે આકસ્મિક માનવાં વધુ હિતાવહ છે.

•

સંસ્કૃત નાટક સાહિત્ય મુખ્યત્વે રસલક્ષી હોવા છતાં એક વિગત બહુ સ્પષ્ટ રીતે તરી આવે છે કે ભાસ, કાલિદાસ, શૂદ્રક વગેરે એ સાહિત્યના પ્રાચીન સ્વામીઓ એ વાત સારી પેઠે જાણતા હતા કે નાટક એ ભજવવાની કળા છે અને વિષયવસ્તુ તથા વાચિક અભિનયને નિમિત્તે જ તેમાં સાહિત્યકળા પ્રવેશ પામે છે. સાહિત્યકળાના વધુ પડતા શાસનમાંથી એમણે એમની કૃતિઓને મુક્ત રાખી અને નાટક તથા સાહિત્ય એ બંને કળાઓનો સાચો સમન્વય તેમણે સિદ્ધ કર્યો. સંસ્કૃત નાટ્યશાસ્ત્રીઓએ સંસ્કૃત રૂપકના મુખ્ય દસ અથવા વધુ ભેદો કલ્પ્યા છે અને એ દ્વારા જીવનનાં વિવિધ પાસાં અને ભિન્ન ભિન્ન ભાવોને સ્પર્શી લેવાના પ્રયાસો કર્યા છે. આ પરંપરાઓ જીવંત હતી. નાટ્યશાસ્ત્રીઓએ તો ફક્ત એની નોંધ જ લીધી છે. ચતુર્ભાણી, ભગવદજ્જુકીય વગેરેમાં ભાણ (જેમાં રંગભૂમિ પર એક જ પાત્ર પ્રવેશે છે એવો નાટ્યપ્રકાર) અને પ્રહસનનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો મળે છે, તથા કાલિદાસ અને શૂદ્રક, તથા અશ્વઘોષની ખંડિત અવસ્થામાં પ્રાપ્ત થતી કૃતિઓમાં 'નાટક' અને 'પ્રકરણ'નાં પ્રાચીન ઉદાહરણો મળે છે. (કવિકલ્પિત વસ્તુવાળા દશ અંકી નાટકને પ્રકરણ કહેવાય છે.) આ પ્રકારો એ કોઈ રૂઢ પ્રણાલીનું અંધ અનુસરણ માત્ર નહીં, પણ સંસ્કૃત રંગભૂમિ ઉપર થયેલા વૈવિધ્યપૂર્ણ પ્રયોગોની સાબિતીરૂપ બની રહે છે. ભાસ, કાલિદાસ અને શૂદ્રકથી આરંભાયેલો યુગ હર્ષ, વિશાખદત્ત અને ભટ્ટનારાયણ તથા ભવભૂતિની કૃતિઓને આવરી લઈ એક પ્રતિભાયુગનું ચક્ર પૂરું કરી આપે છે. તે પછી મુરારિ અને રાજશેખરથી આરંભાતા યુગમાં પ્રતિભાનો આવિષ્કાર નવનવી તરકીબો દ્વારા થતો રહે છે. આ યુગને આધુનિક વિદ્વાનોએ સંસ્કૃત નાટકોનો 'અવનતિકાળ' કલ્પ્યો છે એ બરાબર નથી. વાસ્તવમાં આ ગાળામાં પણ સત્ય હરિશ્ચન્દ્ર, ઉલ્લાઘરાઘવ, ચંદ્રકલા નાટિકા, વૃષભાનુજા-નાટિકા, અદ્ભુત દર્પણ, દૂતાંગદ કે મહાનાટકમાં પણ પ્રતિભાના ઉન્મેષો જોવા મળે છે. ખાસ કરીને તો નવનવીન પ્રયુક્તિઓ ધ્યાન ખેંચી રાખે છે. જમાને જમાને થતા રુચિપરિવર્તનના સંદર્ભમાં જ આપણે આ સઘળું જોવું ઘટે.

વાસ્તવમાં સંસ્કૃત નાટકની રસલક્ષિતા અને હેન્રી વેલ્શે તારવેલું તેમાં સાકાર થતું વિશિષ્ટ સમતોલન એ એની અપૂર્વ સિદ્ધિરૂપ છે. સંસ્કૃત નાટકના દેહમાં પંચસંધિઓ તથા સંધ્યાંગો વગેરેની કલ્પના તથા રસરૂપી આત્મતત્ત્વને અનુલક્ષીને થતો સમુચિત પ્રયોગ તેને નાટ્યશાસ્ત્રીઓએ એક સચેતન વિગત, એક જીવંત તંત્ર તરીકે વિચાર્યું હોવાની સાક્ષી પૂરે છે. સંસ્કૃત નાટકસાહિત્યનાં કેટલાંક નામો — જેવાં કે, ભાસ, કાલિદાસ, શૂદ્રક, ભવભૂતિ, હર્ષ, વિશાખદત્ત વગેરે — સ્થળકાળનાં બંધનો અતિક્રમી જગતસાહિત્યની ક્ષિતિજે અજરામર

જ્વલંત જ્યોતિપુંજો સમા બની નિત્ય પ્રકાશિત થતા રહ્યાં છે અને તેમના સમર્થ અનુગામીઓમાં પણ જે તે જમાનાની અભિરુચિ સાકાર બની છે. આપણે અહીં આ વિસ્તૃત સાહિત્યના પ્રધાન નાટ્યકારોનો સ્વલ્પ પરિચય કેળવી સંતોષ માનીશું.

## ભાસ

### સ્વપ્નવાસવદત્તા

ભાસની કહેવાતી કૃતિઓમાં મહાભારત ઉપર આધારિત વસ્તુવાળી કૃતિઓ જેમ કે, મધ્યમવ્યાયોગ, ઊરુભંગ, પંચરાત્ર, દૂતવાક્ય, દૂતઘટોત્કચ તથા કર્ણભાર; અને કૃષ્ણકથા ઉપર આધારિત બાલચરિત; રામાયણ ઉપર આધારિત વસ્તુવાળાં સર્જનો જેવાં કે અભિષેકનાટક અને પ્રતિમાનાટક; ઉદયનકથા ઉપર આધારિત કૃતિઓ જેવી કે પ્રતિજ્ઞાયૌગંધરાયણ અને સ્વપ્નવાસવદત્તા; તથા સામાજિક વસ્તુવિષયવાળી કૃતિઓ જેમ કે દરિદ્ર ચારુદત્ત અને અવિમારકનો સમાવેશ થાય છે. આમાં પંચરાત્ર સિવાયની મહાભારત ઉપર આધારિત કથાવસ્તુવાળી પાંચ કૃતિઓ એકાંકી છે, જ્યારે બાકીની કૃતિઓ ચાર, પાંચ, છ કે સાત અંકોવાળી છે. આ બધી કૃતિઓ ગુણવત્તાની દૃષ્ટિએ એકસરખી નથી. વાસ્તવમાં તો કર્ણભાર, પ્રતિજ્ઞાનાટક, સ્વપ્નનાટક અને પ્રતિમાનાટકને જ આપણે ન ભૂલી શકાય તેવી કૃતિઓ લેખીએ તો એ અસ્થાને નથી. ઊરુભંગમાં જીવનની અંતિમ પળોમાં ઝડપાયેલા વીર ને માની દુર્યોધનનું ચિત્ર, કે સહજાત કવચકુંડળની ભેટ આપી પોતાને વિશે ખુલ્લો બનતો છતાં, 'શક્ર જ મારાથી છેતરાયો છે' એવો સાત્ત્વિક સંતોષ માનતો કર્ણ અવિસ્મરણીય છે.

પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ અને સ્વપ્નવાસવદત્તા એ બંને કૃતિઓ વત્સરાજ ઉદયન અને વાસવદત્તાના અર્ધ ઐતિહાસિક કથાવસ્તુને નાટ્યદેહ અર્પે છે. છતાં બંનેમાં ક્યાંય રતિપ્રધાન શૃંગારનું નિરૂપણ નથી. ભાસના ઉપલબ્ધ નાટકોમાંના લગભગ દરેકમાં બાહ્ય બનાવોના અનુસંધાનમાં મનોભાવોની ગૂંથણી વગેરે જોવા મળે છે. પણ કર્ણભાર, પ્રતિમાનાટક અને સ્વપ્નવાસવદત્તામાં એ સવિશેષ છે. ઉદયનકથા ઉપર આધારિત પ્રતિજ્ઞા-યૌગંધરાયણ જો ઉદયનની વાસવદત્તા-પ્રાપ્તિના સમયને સ્પર્શે છે, તો સ્વપ્નનાટકમાં ઉદયન અને વાસવદત્તાના લગ્ન પછીના સમયગાળાની વિગતો વણી લેવાય છે. તેમાં ઉદયન રાજ્ય ગુમાવે છે અને પુન: પ્રાપ્ત કરે છે એ રાજકીય વસ્તુ ગૌણ કથા રૂપે સમાવિષ્ટ થાય છે.

વાસવદત્તામાં જ નિરંતર રત ને રમમાણ ઉદયને પોતાની રાજા તરીકેની ફરજો વિસારે પાડી દીધી. તેના એક શત્રુએ આ મોકો ઝડપી લઈ તેના રાજ્યનો સારો એવો હિસ્સો પડાવી લીધો. પ્રધાન યૌગંધરાયણે વિચાર્યું કે મગધરાજ દર્શકની બહેન પદ્માવતી સાથે ઉદયનનું ચોકઠું ગોઠવાય તો મગધરાજની સહાયથી ઉદયનના રાજ્યની અવદશા દૂર કરી શકાય. પણ વાસવદત્તાની હયાતીમાં ઉદયન બીજા લગ્નનું વિચારે જ શાનો? એટલે અન્ય પ્રધાનો અને વાસવદત્તાની સંમતિ લઈ યૌગંધરાયણે રાજા મૃગયાએ ગયો હતો ત્યારે રાજમહેલને આગ લગાવડાવી તથા પોતે ને વાસવદત્તા બેઉ બળી ગયાંની અફવા પ્રસરાવી. યૌગંધરાયણ ને વાસવદત્તા અનુક્રમે પરિવ્રાજક ને આવન્તિકા(અવન્તીની નારી)ના વેશ લઈ ચાલી નીકળ્યાં. 'મારી આ પ્રોષિત-ભર્તૃકા (જેનો પતિ પ્રવાસે ગયો છે એવી) બહેનને થોડા સમય માટે સાચવો . . .' એ મતલબનું કહી યૌગંધરાયણે ખુદ પદ્માવતીને જ વાસવદત્તાની સોંપણી કરી. . . .

નાયક અને નાયિકાનું વિખૂટા પડવું અને તેમનું પુનર્મિલન એ નાટકનું મુખ્ય વસ્તુ છે. મિલન, વિરહ અને પુનર્મિલનની વચ્ચે નાયકના જીવનમાં એક બીજું પાત્ર રાજકુમારી પદ્માવતી પ્રવેશે છે. ઉદયન અને વાસવદત્તા બંનેનાં જીવનમાં પદ્માવતી એવી તો ઓતપ્રોત થઈ જાય છે કે એ ત્રીજી વ્યક્તિ બની રહેતી નથી. પદ્માવતીને ત્યાં જ અજ્ઞાતવાસ ભોગવતી વાસવદત્તાને નસીબે ઉદયન માટેની પદ્માવતીની વરમાળા ગૂંથવાનું આવે છે ત્યારે તેના મનોભાવોને ભાસે ખૂબ નાજુકતાથી આલેખ્યા છે. ઉદયન અને પદ્માવતીના

લગ્નની ઘડી જેમ જેમ નજીક આવે છે તેમ તેમ વાસવદત્તા કેવી એકલતા અને અંધકાર અનુભવે છે તે તેના જ શબ્દોમાં સ્પષ્ટ થઈ શકે એમ છે :

यथा यथा त्वरते तथा तथा अन्धीकरोति मे हृदयम् ।
[જેમ જેમ ત્વરા થાય છે તેમ તેમ મારું હૃદય અંધકાર પામે છે.]

આ પછી છેક ચોથા અંકમાં પદ્માવતી સાથે પરણેલા નાયકનો પ્રવેશ નિરૂપાયો છે. ઉદયન છેક ચોથા અંકમાં સૌ પ્રથમ પ્રવેશે છે છતાં પહેલા ત્રણ અંકોમાં પદ્માવતી અને વાસવદત્તા એની વાતો કરતાં જ રહે છે તેથી આપણને તો એ ચિરપરિચિત જ લાગે છે. પદ્માવતીનું પાણિગ્રહણ કર્યા છતાં ઉદયનનું ચિત્ત વાસવદત્તા સાથે જેવું ને તેવું બંધાયેલું છે એની પ્રતીતિ ખૂબ કલાત્મક એવા પ્રમદવનના બેવડા દૃશ્યમાં નાટ્યકાર કરાવે છે. વાસવદત્તા ઉદયનનો એકરાર पद्मावती बहुमता मम यद्यपि रूपशीलमाधुर्यैः । वासवदत्ता-बद्धं न तावन्मे मनो हरति । [રૂપ, શીલ અને માધુર્યથી પદ્માવતી મને બહુમત છે. પણ વાસવદત્તામાં બંધાયેલું મારું મન (તે તેવું) હરતો નથી] સાંભળી ધન્યતા અનુભવે છે : दत्तं वेतनं अस्य परिस्वेदस्य । अहो ! अज्ञातवासोऽपि बहुगुणः संपद्यते । (આ શ્રમનું વેતન અપાઈ ગયું. અહો, અજ્ઞાતવાસ પણ બહુગુણવાળો થયો.) આ ઉદ્ગારોમાં અપૂર્વ હૃદયપરિતોષ વ્યંજિત થાય છે.

જાગૃતિની અવસ્થામાં ઉદયનની હૃદયસ્વામિની વાસવદત્તા છે, તો તેના અસંપ્રજ્ઞાત મનની ઉપર પણ તેનો જ અબાધિત અધિકાર છે એ વિગતની પ્રતીતિ ભાસ પાંચમા અંકમાં સ્વપ્નદૃશ્યમાં કરાવે છે. આખા દૃશ્યનું આયોજન ખૂબ કલાપૂર્ણ રીતે વિચારાયું છે. પદ્માવતીની અસ્વસ્થતાના સમાચાર સાંભળી તેના કુશળ વર્તમાન પૂછવા ઉદયન રામી સાંજે સમુદ્રગૃહમાં મિત્ર વસંતક સાથે આવી ચડે છે અને ત્યાં કોઈ પણ કારણસર પદ્માવતી અનુપસ્થિત હોઈ તેને માટે તૈયાર કરેલી શય્યામાં રાજા આરામ કરે છે. વાત સ્વાભાવિક રીતે વાસવદત્તા તરફ વળે છે. રાજા દુ:ખી થાય છે. તેના મનોવિનોદ માટે વિદૂષક વાર્તા માંડે છે અને મંદ મંદ સમીરની લહરીઓથી રાજા નિદ્રાધીન થાય છે. વસંતક પોતાની શાલ લેવા જતો રહે છે. દરમ્યાન લગભગ અંધારા ખંડમાં પદ્માવતીની અસ્વસ્થતાથી દુ:ખી થઈને તેની ખબર પૂછવા આવન્તિકાના વેશમાં રહેલી વાસવદત્તા પ્રવેશે છે અને દૂરથી પલંગમાં સૂતેલી વ્યક્તિને પદ્માવતી માની લે છે. ઉદયન અને વાસવદત્તા નાટકમાં પ્રથમ વાર જ મળે છે પણ તે સમયે ઉદયન નિદ્રસ્થ હોય છે અને વાસવદત્તાને પોતે કોની પાસે આવી ચડી છે તેનો ખ્યાલ પણ નથી હોતો.

વાસવદત્તા વિચારે છે : 'અહો! સેવકો કેટલા પ્રમાદી છે! અસ્વસ્થ પદ્માવતીની પાસે એકલો દીવો મૂકી બધાં જતાં રહ્યાં છે. આ પદ્માવતી સૂતી છે. લાવ બેસું; અથવા બીજા આસન ઉપર બેસીશ તો એને ઓછું આવશે. તેથી આ શય્યામાં બેસું. (બેસે છે.) અરે! એની સાથે બેસતાં મારા હૃદયમાં આનંદ કેમ થાય છે? સુખેથી લાંબા શ્વાસ લે છે! વેદના મટી ગઈ હશે; અથવા પથારીમાં એક બાજુએ સૂતી છે, એથી એમ સૂચવે છે કે, મને ભેટ. લાવ સૂઈ જઉં!' (શયનનો અભિનય કરે છે.)

કેટલોય દૂર ફંગોળાયેલાં પ્રણયીઓને નાટ્યકાર કેવી હળવાશથી ભેગાં કરી દે છે!

એ પછી દૃશ્ય આગળ ચાલે છે. વાસવદત્તાની યાદ સાથે નિદ્રસ્થ ઉદયન સ્વપ્નમાં વાસવદત્તાને જ જુએ છે. સ્વપ્નની સુંદરી સાથે રાજા વાર્તાલાપ કરે છે પણ પ્રિયતમાની સાક્ષાત્ ઉપસ્થિતિનો તેને કંઈ જ ખ્યાલ નથી! વાસવદત્તાને સાચી સ્થિતિનો ખ્યાલ આવતાં જ તે ચાલી જવાનું કરે છે, પણ રાજા નિદ્રસ્થ છે એની ખાતરી થતાં દૃષ્ટિ અને હૃદયને ક્ષણભર સંતોષવાનું ટાળી શકતી નથી. દૃશ્ય ખૂબ સ્વાભાવિકતાથી આગળ વધે છે :

રાજા — હા વાસવદત્તે!

વા. — હું, આર્યપુત્ર! પદ્માવતી નથી! મને જોઈ તો નહીં હોય! જો મને જુએ તો આર્ય યૌગંધરાયણનો મહાન પ્રતિજ્ઞાભાર એળે જાય. (રાજા ઊંઘમાં જ લવ્યે જાય છે).

રા. — હા, અવન્તિરાજપુત્રી, મને ઉત્તર આપ. હા, પ્રિયે! પ્રિયશિષ્યે! બોલને.

વા. — બોલું છું સ્વામી, બોલું છું!

રા. — શું કુપિત થઈ છે?

વા. — ના ના, દુઃખી છું.

રા. — જો ગુસ્સો નથી તો અલંકાર કેમ ધારણ કર્યા નથી?

વત્સરાજ સ્વપ્નમૂર્તિને જાણે અલંકૃત કરવા હાથ લંબાવે છે. હાથ શય્યાની બહાર ઝૂલી રહે છે. વાસવદત્તા એને વ્યવસ્થિત કરી નીકળી જવાનું કરે છે. રાજા ઝબકીને જાગી ઊઠે છે અને અંધકારમાં ઓગળી જતી વાસવદત્તાની ઝાંખી કરે છે. દરમ્યાનમાં વિદૂષક આવે છે અને તેને પોતાને થયેલા અનુભવની વાત વાત રાજા કરે છે જે વિદૂષક હસી કાઢે છે.

રાજ્યની પુનઃપ્રાપ્તિ સિદ્ધ થતાં ભાસ ઉદયન-વાસવદત્તા સાથેનું પુનર્મિલન, બનાવોની પરંપરા સર્જીને ગોઠવી આપે છે.

શુદ્ધ નાટકની દૃષ્ટિએ જોતાં પણ ભાસની કૃતિની ઉત્તમતા સ્વતઃસિદ્ધ જણાય છે. નવનવીન પ્રસંગો અને પરિસ્થિતિઓનું આયોજન, પ્રસંગને અનુરૂપ ધારદાર સંવાદ, સ્પષ્ટ રેખાઓમાં અંકિત થતું પાત્રનિરૂપણ અને સફળ વસ્તુગ્રથન ભાસને જગત્સાહિત્યના ઉત્તમ નાટ્યકારોમાં સ્થાન અપાવે અને કાલિદાસના મનમાં પણ માનબુદ્ધિ પ્રેરે તો એ સર્વથા યુક્ત જ છે.

વિખ્યાત નાટ્યવિવેચક હેન્રી વેલ્સે પોતાની રીતે આ કૃતિનું સુંદર ભાવન કરાવ્યું છે:

સ્વપ્નનાટકમાં પ્રતિજ્ઞાને મુકાબલે રોમૅન્ટિક ભાવો રજૂ કરતા શ્લોકોની સમૃદ્ધિ ધ્યાન ખેંચે તેવી છે અને બે રાણીઓના પ્રણયનું હૃદ્ય નિરૂપણ એ કરે છે. ભાસનું આ નાટક વસ્તુની દૃષ્ટિએ વિચારતાં સારું એવું આધુનિક પણ કહી શકાય. તેમાં પ્રાઉસ્ટની રીત મુજબના કાલના નિકટવર્તિત્વ અને સ્મૃતિ વચ્ચેના વિરોધી દાવાઓની અસરકારક રજૂઆત થયેલી છે. આવી જ રીતે સત્ય અને ભ્રમ, જાગૃતિ અને સ્વપ્ન વચ્ચેના દાવાઓ પણ અભિવ્યક્તિવાદની ઢબે નિરૂપાયા છે. ખૂબ જ સંક્ષિપ્ત અને લગભગ પૂર્ણ એવી આ કલાકૃતિમાં એક પણ શબ્દ નકામો પ્રયુક્ત થયો નથી.

સંસ્કૃત નાટકોમાં વેલ્સને મતે એક પ્રકારનું આધ્યાત્મિક સમતોલન સાકાર થાય છે. અહીં ઉદયન સ્વપ્નમાં પોતાના મનોરાજ્યની અધિષ્ઠાત્રીને જુએ છે એ ઉપરથી નાટકનું નામાભિધાન થયેલું છે. શીર્ષકમાં વાસવદત્તાના નામનો ઉલ્લેખ અને ઉદયનના નામનો અનુલ્લેખ વ્યંજનાસભર છે. કઈ દિશામાં આપણું ધ્યાન કેન્દ્રિત થવું જોઈએ એનો ઈશારો એમાંથી પ્રાપ્ત થાય છે. લગભગ અર્ધું નાટક પૂરું થાય છે ત્યાં સુધી નાયકનો રંગભૂમિ ઉપર પ્રવેશ થતો નથી. એના મનમાં ડોકિયું કરતાં આપણને તેના નહીં પણ તેની બે રાણીઓનાં દર્શન થાય છે. સ્થૂળ દૃષ્ટિએ અહીં રાજકુમારી પદ્માવતી જે પાછળથી ઉદયનની રાણી થાય છે તે અને તેની આશ્રિતા તરીકે આવન્તિકારૂપે રહેલી વાસવદત્તા જણાય છે. પણ નૈતિક રીતે વિચારતાં આ બંને રાણીઓ નાયિકાઓ છે, કારણ સામાન્ય વ્યવહારમાં આ બંને વચ્ચે દ્વેષ અને ઈર્ષ્યા જ અપેક્ષિત હોય, છતાં તેમ ન થતાં બંને વચ્ચે ભગિનીસ્નેહનાં દૃઢ બંધનો જોવા મળે છે. બે ઉત્તમ સ્ત્રીપાત્રો વચ્ચે જામતી આ ઔદાર્યની હરીફાઈ સંસ્કૃત નાટકને માટે સાવ અસામાન્ય નથી, અને મૃચ્છકટિકમાં પણ કંઈક અંશે એ જણાય જ છે. જોકે, અહીં એ સમતોલન ખૂબ અસરકારક રીતે વ્યંજિત કરે છે. એવી જ રીતે બીજું વધુ સૂક્ષ્મ સમતોલન કદાચ શીર્ષકમાં ઉલ્લેખિત થતા 'સ્વપ્ન' શબ્દ વડે પામી શકાય છે. ઉદયનના મનનો તાગ કાઢવા બેસીએ ત્યારે કૃતિના અંતરંગનો પરિચય મળે છે અને કાર્ય પણ એ જ સંદર્ભમાં મૂલવ

વાનું રહે છે. આપણને, વર્તમાન અને ભૂતકાલ, જાગ્રત અને સ્વપ્ન, બાહ્યદૃષ્ટિ અને આંતરદૃષ્ટિ, ચર્મચક્ષુ અને મનઃચક્ષુ વગેરે વચ્ચેના માનસિક તનાવનો અનુભવ સતત થતો રહે છે.

આ પ્રકારનો તનાવ એ કદાચ આધિભૌતિક છે. કવિ કદાચ એવો નિર્ણય તારવે છે કે સત્ય, માનવ-જાતને લાગેવળગે છે ત્યાં સુધી, આ બંને વિગતોના સમતોલનમાં સમાયેલું છે. કૃતિનું બંધારણ કે જેમાં ઝીણામાં ઝીણી રજૂઆતનું ધ્યાન રખાયું છે, તે આના ઉપર નિર્ભર છે. બંને નાયિકાઓ વચ્ચે અંગતથીય અનેકગણો સંબંધ આપણે જોઈએ છીએ. એક જ ચિત્તમાં વિભાજિત અને અવિભાજિત નિષ્ઠાનું રાસાયણિક સંયોજન પામી શકાય છે. આમાં જે સ્વસ્થતાનો અનુભવ થાય છે તે ભાવાત્મક રીતે હલાવી નાખે તેવો અને તત્ત્વતઃ સૂક્ષ્મ છે. કદાચ આનું સામ્ય સંગીત સાથે જ જોઈ શકાય. આ કૃતિમાં પ્રતિસ્પર્ધી રાણીઓ નહીં પણ પ્રતિસ્પર્ધી વસ્તુઓનું સંયોજન એવી રીતે થયું છે કે જેથી બધા જ સંવિભાગોની સમતોલન સ્વસ્થતા પ્રાપ્ત થાય, કે જેને આપણે સૌંદર્યનું નામ ખુશીથી આપી શકીએ. આવી સમતોલ સ્વસ્થતા જગતના નાટ્યસાહિત્યના અભ્યાસીને અન્યત્ર મળવી દુર્લભ જણાશે.

## કાલિદાસ

કાલિદાસની નાટ્યકૃતિઓના અધ્યયનથી સૌ પ્રથમ ઊપસતી છાપ એ છે કે તેમાં કવિની પ્રતિભાનો ક્રમિક વિકાસ થતો ભાગ્યે જ જણાય છે. તેનાં નાટકો શું કે કાવ્યો શું, દરેકમાં લગભગ એકસરખી લાક્ષ-ણિકતાઓ અને સિદ્ધિ-મર્યાદાઓ નજરે પડે છે. આથી જ તેમની કૃતિઓની આનુપૂર્વી વિશેની કલ્પનાઓ બહુધા કલ્પનાઓ જ બની રહે છે. તેમની ત્રણ નાટ્યકૃતિઓમાં અભિજ્ઞાનશાકુન્તલ એ કદાચ એમની પ્રતિભાનો સર્વોત્કૃષ્ટ આવિર્ભાવ છે. તે કૃતિમાં તેમની સફળતા કેવળ નાટ્યતત્ત્વ ઉપર નિર્ભર નથી. પણ નાટ્ય અને કાવ્યની એવી અપૂર્વ મિલાવટ તેમણે સાધી છે, જેમાં અનેક વાદ્યોનો સામૂહિક ફાળો હોય તેવી એક સુંદર સંગીતમય રચનાની અસર ઉત્પન્ન થાય છે. નાટ્યકાર તરીકેની કાલિદાસની સિદ્ધિ એમની કવિ તરીકેની શક્તિ ઉપર નિર્ભર છે જ એ નિઃશંક વિધાન છે.

પોતાનાં વસ્તુ, પાત્રો અને પ્રસંગો અથવા પરિસ્થિતિઓની પસંદગીમાં તેઓ પોતાના કવિમાનસના વલણને જ અનુસરે છે એમ કહેવું એ અતિશયોક્તિ નથી. તેમની ત્રણેય કૃતિઓમાં તેનાં વિવિધ પાસાં સાથે શૃંગારરસ જ મુખ્ય વસ્તુ બની જાય છે — દરબારી વાતાવરણમાં પાંગરતો ને નિરવરોધ વિલસતો શૃંગાર હોય, કે કોઈ અપ્સરા અંગે ઉન્મત્તતાની હદ સુધી પહોંચતો પ્રેમ હોય, કે પછી કોઈ શાંત તપોવનમાં ઉદ્ભવીને એવા જ શાંત વાતાવરણમાં પોતાની પૂર્ણતા અનુભવતો પ્રેમ હોય! કવિને આ દ્વારા પોતાના સૂક્ષ્મ દર્શન અને કવનના નિરૂપણની તક પ્રાપ્ત થતી જણાય છે. માનવહૃદયના સૂક્ષ્મ ભાવો અને વિવિધ પાસાં ભિન્ન ભિન્ન સંજોગોમાં જે અભિનવ નામરૂપ પામે છે, તે સઘળાંનું કાવ્યમય નિરૂપણ તેઓ કરતા રહે છે. વિનોદ અને કરુણા, માનવતા અને ડહાપણ વગેરેની સૂક્ષ્મ સમજ તેમની નાટ્યકૃતિઓને અલંકૃત કરે છે. છેવટે એક વાત નક્કી કે નાટક એ ભજવવાની કળા છે — 'પ્રયોગ' માટે છે, એ બાબત તેઓ સતત તેમની સન્મુખ રાખતા જણાય છે.

### માલવિકાગ્નિમિત્ર : વિક્રમોર્વશીયમ્

અગ્નિમિત્ર અને માલવિકાના પ્રણયવસ્તુને કેન્દ્રમાં રાખતા માલવિકાગ્નિમિત્ર નાટકમાં વસ્તુગ્રથન કલાત્મક રીતે થયું છે. નાટકમાં દરેક પ્રસંગ આના અનુસંધાનમાં પ્રયુક્ત થયો છે. ઇરાવતી અને ધારિણીની વર્તણૂક દ્વારા કવિ સંઘર્ષનું તત્ત્વ પૂરું પાડે છે. અંતે સુંદર સમતોલન સિદ્ધ થાય છે. કાર્યનો દોર મુખ્યત્વે વિદૂષક ગૌતમ અને પંડિતા કૌશિકી સંભાળે છે. કાલિદાસે પ્રયુક્ત કરેલું આ પરિવ્રાજિકાનું પાત્ર પાછળથી સંસ્કૃત નાટ્યકારો માટે કદાચ વધુ પ્રિય બન્યું અને પરિણામે આપણે ભવભૂતિમાં પણ માલતી અને માધવને મદદ

કરવા આવો ગોગિનીઓનો સમૂહ ઊતરી આવતો જોઈએ છીએ. આ નાટકમાં સ્વપ્નનાટકમાં છે તેમ અન્ય કોઈ ગૌણ વસ્તુ ગૂંથાયેલું નથી. નાટકમાં ગીત અને નૃત્યનું તત્ત્વ દાખલ કરાયું છે, જે રસનિષ્પત્તિમાં ઉપકારક બને છે. કલાના સંદર્ભમાં જેની પરખ કરાવવામાં આવી છે એવી માલવિકા પોતે પણ નખશિખ કલામૂર્તિરૂપ જ બની રહે છે. પ્રણયની નજાકતભરી વિગતો કવિએ કુશળતાથી નિરૂપી છે.

હેન્રી વેલ્સ નોંધે છે તેમ, આ કૃતિ એક ઉત્તમ કસબીનો કસબ અભિવ્યક્ત કરે છે, અને વસંતોત્સવની પૂર્તિ કરનાર કૃતિ તરીકે આ હળવી અને શોભાયુક્ત કૃતિ અત્યંત રોચક બની રહે છે. વેલ્સ માને છે કે, આ કૃતિથી વધુ આકર્ષક કૉમેડી નિર્બન્ધ ('આઉટ-ઑફ-ડોર') ગ્રીષ્મ નાટકશાળાને ભાગ્યે જ પ્રાપ્ત થશે.

માલવિકા નાટકની રચના પછી કવિને ઇતિહાસનો પ્રદેશ કદાચ સાંકડો પડયો હોય એમ જણાય છે. આથી જ ઉદ્દામ કલ્પનાવિલાસને અવકાશ પ્રાપ્ત થાય એ હેતુથી વિક્રમોર્વશીયમ્‌ની વસ્તુપસંદગીમાં કંઈક ભિન્નતા જણાય છે. નાટકનું વસ્તુ ઐતિહાસિક ન રહેતાં પૌરાણિક બને છે. પોતાના વિક્રમ અર્થાત્ પરાક્રમથી અપ્સરા ઉર્વશીને પ્રાપ્ત કરનાર કથાનાયક પુરૂરવા અગ્નિમિત્રની માફક પૃથ્વીપતિ તો ખરો જ, પણ તેથી પણ કંઈક વિશેષ છે. તે નરપતિ હોવાં ઉપરાંત कवीनां कविः ['કવિઓનો (પણ) કવિ'] કહી શકાય તેવો છે. તેની કલ્પના અને કવિતા ગગનવિહારી છે અને તે પોતે પણ સદેહે એવી જ આસાનીથી નક્ષત્રમંડળમાં ઘૂમી શકે છે. સ્વર્ગમાં પણ એની સદેહે ગતિ છે. દેવરાજ ઇન્દ્રનો એ પ્રિય વયસ્ય છે. સૂર્યમંડળમાં એને પ્રવેશ સુપ્રાપ્ય છે તથા ગંધર્વરાજ એની પ્રત્યેના વર્તનમાં સવિશેષ વિનય વ્યક્ત કરે છે. ટૂંકમાં નાયક જન્મે માનવબાળ છતાં પ્રભાવે કરીને દૈવી છે. એનું પરાક્રમ એને દિવ્યતા અર્પે છે. નાયિકા ઉર્વશીમાં પણ દૈવી અને માનુષી ભાવોની એવી જ કલાત્મક મિલાવટ છે. આવાં પરસ્પરને અનુરૂપ, સમાનશીલ નાયકનાયિકાના ભવ્ય શૃંગારની યશોગાથાનું નિરૂપણ વિક્રમોર્વશીયમ્‌ને વસ્તુગત ભવ્યતા — અપૂર્વતા — બક્ષે છે. કોઈ મહાધરણીધરના સર્વોચ્ચ શિખરે આકાશની પરમા જ્યોતિ નિત્યનિવાસિની બની રહે તેવી ભવ્યતા અહીં સર્જાય છે.

મનુષ્ય નાયક અને અપ્સરા ઉર્વશીના પ્રણયનું નિરૂપણ કરતી આ કાવ્યમય કૃતિની સિદ્ધિ-મર્યાદાનો વિચાર કરતાં જણાય છે કે આખો વખત કોઈ વસ્તુ ઝડપી લેવામાં અને તેને આંખ સામે રજૂ કરવાની કળામાં કાલિદાસનો કોઈ જોડિયો નથી. એનામાં આપણે કંઈક એવું નવીન દર્શન કરીએ છીએ કે જે પહેલાં કોઈએ કરાવ્યું નથી; કંઈ એવી પૂર્ણતા નિહાળીએ છીએ જે પૂર્વે કોઈને લાધી નથી; કંઈક એવું જણાય છે જેની સરખામણી થઈ શકે તેમ નથી. બ. ક. ઠાકોરના શબ્દમાં કહીએ તો કાલિદાસમાં, "પ્રસન્નોર્મિ અને પ્રતિભાનું, એની જ દૃગહર ઉપમા વાપરીએ તો, સહકાર અને અતિમુક્ત લતાના જેવું, સાંગોપાંગ પરિષ્વજન (આલિંગન — સં.) સધાયું છે. અદ્‌ભુત રસાસ્વાદ એ તેની શૈલીની અંતિમ અસર છે."

### અભિજ્ઞાનશાકુન્તલ

અભિજ્ઞાનશાકુન્તલ કાલિદાસની જગપ્રસિદ્ધ નાટ્યકૃતિ છે જેમાં દુષ્યંત અને શકુંતલાના પ્રણયવસ્તુનું કવિએ ખૂબ કલાત્મક નિરૂપણ કર્યું છે. આ નાટકની પ્રસ્તાવનામાં જ કવિની કલાના ચમકારા વર્તાવા માંડે છે. ઉમાશંકર જોશી આ સંદર્ભમાં નોંધે છે:

"પ્રસ્તાવના પ્રણાલિકા મુજબની હોવા છતાં, નાટક પ્રસ્તુત કરવા માટેની ભૂમિકા ઉત્તમ કલામય રીતે રચી દે છે. . . . કાલિદાસે સંગીતની યોજના કરી એકાગ્રતા સંપૂર્ણ રીતે સાધી છે. કાવ્યકળા કાનની કળા છે. શ્રોત્રપેય કળા છે, દૃશ્યકાવ્યે પણ શ્રુતિપ્રસાદન કરવાનું છે — જરૂર હોય ત્યાં ગેય કાવ્યાંશો દ્વારા પણ — એનું પણ સૂચન મળે છે . . . પ્રસ્તાવનામાં કવિનામસંકીર્તન હોય છે. કાલિદાસે પોતાને માટે એક પણ વિશેષણ વાપર્યું નથી. નાટકને માટે પણ પોતે 'જેનું વસ્તુ ગૂંથ્યું છે' — એટલું જ વર્ણન છે (પોતાના નામનો ઉલ્લેખ પણ એમાં ન-છૂટકાનો

જ જાણે કર્યો છે). વસ્તુ નવું નથી, વસ્તુગ્રથન પૂરતું જ નાટક 'નવું' છે. વિનમ્ર કવિએ અનિવાર્ય એવા ઓછામાં ઓછા શબ્દો યોજ્યા છે, પણ તે સારગર્ભ છે. વસ્તુગ્રથન એ જ મોટી કસોટી છે. . . . સંગીતના શાંત સંવાદી વાતાવરણમાંથી એક આછા સરખા હેલારાથી કવિ રૌદ્ર અદ્ભુત એવી ઘટના સમક્ષ આપણને અત્યંત સ્વાભાવિકતાથી લાવી મૂકે છે."

સૂત્રધાર નટીને ગાવાનું કહે છે અને એ ગીતના મનોહર રાગથી પોતે કયા નાટકની રજૂઆત કરવાની છે એ વાત જ ભૂલી જાય છે અને તેને તેની યાદ આપવામાં આવે છે ત્યારે તે જણાવે છે કે નટીના ગીતરાગથી પોતે અતિ વેગીલા કુરંગથી ખેંચાતા દુષ્યંતની માફક ખેંચાઈ ગયો હતો. વેગીલા કુરંગને અનુસરતો દુષ્યંત કણ્વાશ્રમમાં ખેંચાઈ આવે છે જ્યાં દૈવ તેને શકુન્તલારૂપી યશસ્તિલક કરે છે. કણ્વનું તે સમયે શકુન્તલાના પ્રતિકૂળ ભાગ્યના શમન નિમિત્તે સોમતીર્થ જવું દુષ્યંત અને શકુન્તલાના સીધા મિલનમાં નિમિત્ત રૂપ બની રહે છે, કારણ શકુન્તલાને કણ્વે અતિથિસત્કાર માટે નિયુક્ત કરી હતી. પહેલાં શકુન્તલા અને તેની સખીઓ ન જાણે એ રીતે થોડી વાતો સાંભળી લઈને અવસર પ્રાપ્ત થતાં રાજા ત્રણે સખીઓની વચ્ચે ઉપસ્થિત થાય છે. અને પોતાની સાચી ઓળખ પ્રથમ મિલનમાં સહેતુક છુપાવે છે. જોકે, શકુન્તલાની ચાલાક સખીઓ આગળ તે લગભગ ખુલ્લો તો પડી જ જાય છે. વાતચીત દરમ્યાન રાજા શકુન્તલા તરફ મનોમન ખેંચાણ અનુભવે છે પણ એ ક્ષત્રિયને વરવા યોગ્ય છે કે કેમ એની ખાતરી કરવાનો વિવેક જરૂર દાખવે છે. પ્રથમ ત્રણ અંક પૂરા થતાંમાં નાટ્યકાર નાયક અને નાયિકાનું મિલન ને ગાંધર્વવિવાહ યોજી આપે છે અને રાજા શકુન્તલાનો સ્વીકાર કરતાં એની સખીઓને જણાવે છે:

પત્ની અનેક છે તોયે બે પ્રતિષ્ઠા કુળે મમ
સમુદ્રમેખલા પૃથ્વી, આ તમારી સખી વળી.
(૩–૨૧, અનુ. ઉ. જોશી)

ચોથા અંકમાં આવીને કણ્વ દિવ્ય શક્તિથી પરિસ્થિતિ પામી શકુન્તલાને વિદાય આપે તે પહેલાં એક પ્રસંગ બની જાય છે જેને કવિએ વિષ્કંભકમાં નિરૂપ્યો છે. (વિષ્કંભક એટલે નાટકના બે અંકો વચ્ચે આવતો ભાગ, જેમાં વચ્ચે શું બની ગયું તે સામાન્ય પાત્રો ટૂંકામાં કહી દે છે.) દુષ્યંતના વિચારમાં ધ્યાનમગ્ન શકુન્તલા જેને પોતાની જાતનુંય ભાન નથી તો આગંતુકનું ક્યાંથી રહે એવી એકલી બેઠી હોય છે તેવામાં પ્રકૃતિથી વક્ર, સુલભકોપ મહર્ષિ દુર્વાસા આવે છે અને આતિથ્યસત્કાર અંગે વાટ પણ જોયા વગર પહેલી જ ક્ષણે આતિથ્યસત્કાર નથી થયો તેમ લાગવાથી શકુન્તલાને 'જેના ધ્યાનમાં મગ્ન બની મારો સત્કાર નથી કર્યો તે તને ભૂલી જશે' એવો શાપ આપીને જાય છે. સખીઓ આ ક્ષણે શકુન્તલાના સૌભાગ્યદેવતાના અર્ચન માટે ફૂલ વીણવા ગઈ હતી. તે આ સાંભળી દુર્વાસાને લાખ અનુનય કરી, છેવટે કાંઈક અભિજ્ઞાન બતાવવાથી શાપમાંથી મુક્તિ થશે એવું વચન લઈ પાછી આવે છે, ત્યારે પણ શકુન્તલા એવી જ પ્રણયસમાધિમાં નિમગ્ન છે.

સંઘર્ષ માટેનું તત્ત્વ આ રીતે ચોથા અંકમાં વિષ્કંભકમાં જ કાલિદાસ પૂરું પાડે છે. શાપ અંગેના વિષ્કંભક પછી મુખ્ય દૃશ્ય શરૂ થાય છે. પલટાયેલા સમયનું સૂચન શિષ્યની પ્રભાતવર્ણનની ઉક્તિથી વ્યંજિત થાય છે. રંગમંચ પર હાવરીબાવરી — અપટીક્ષેપથી — પ્રવેશતી અનસૂયા ગર્ભાધાન કરી ચૂકેલી અને કહીને ગયા છતાં ન તેડાવાયેલી શકુન્તલાને વિશે ચિંતિત છે. રાજાનું આચરણ એને અનાર્ય લાગે છે અને રાજા બેવચની જણાય છે. વળી કણ્વ આવી પહોંચ્યા છે તેમને સઘળું કેમ કરી જણાવવું એ વાત પણ એને મૂંઝવે છે. રાજાના વર્તનમાં કદાચ શાપનો પ્રભાવ હોય એમ પણ વિચારે છે. શાપવિમુક્તિમાં સૂચવાયા પ્રમાણે અભિજ્ઞાનરૂપ વીંટી રાજાને પહોંચાડવી પણ કેવી રીતે? શું કરવું? આમ અનસૂયા અકળામણ અનુભવતી હોય છે. એવામાં

શકુન્તલાવિદાયની તૈયારી કરવાની ખુશખબર આપતી પ્રિયંવદા આવે છે અને કણ્વને સઘળો વૃત્તાંત કેવી રીતે પ્રત્યક્ષ થયો તથા તેમણે તે અંગે કેવો પ્રતિભાવ આપ્યો તે સઘળું કહી સંભળાવે છે તેથી અનસૂયા પણ શાંતિ અનુભવે છે. દિવ્યવાણીએ શકુન્તલાને જગતહિતાર્થે દુષ્યંતનું તેજ ધારણ કરતી અગ્નિગર્ભા શમી જેવી ઓળખાવી એ ઓછું સૂચક નથી. શકુન્તલા અને દુષ્યંતના દાંપત્યમાં કોઈ ઊણપ કવિ જોતા હોય એવો ઇશારોય પ્રાપ્ત થતો નથી.

શકુન્તલા વિદાય લે છે તે વખતે સૌ આશીર્વચન ઉચ્ચારે છે. પ્રકૃતિનું તો શકુન્તલા અપત્ય છે. એટલે આશીર્વચન ઉચ્ચારવામાં પ્રકૃતિમાતા પણ સાદ પુરાવે છે. કણ્વ આજુબાજુનાં તપોવન-તરુઓને ઉદ્દેશીને કહે છે:

પહેલી જે જળ ના પીએ, નવ તમે પીધેલું હો ત્યાં સુધી
વ્હાલાં આભરણો, ન તોય ચૂંટતી સ્નેહે કરી પલ્લવો,
બેસે પ્હેલી જ વાર ફૂલ તમને તે જે ગણે ઉત્સવ,
તે આ જાય શકુન્તલા પતિગૃહે, આપો અનુજ્ઞા સહુ!
(૪–૧૧, અનુ. ઉ. જોશી)

કણ્વના આ ઉદ્‌બોધનના જવાબમાં કુહૂરવ જ બસ નથી, સાક્ષાત્ પ્રકૃતિમાતા ઉત્તર આપતાં હોય તેવી આકાશોક્તિ કવિ પ્રયુક્ત કરે છે. માનવ અને પ્રકૃતિનું આવું તાદાત્મ્ય જગત્સાહિત્યમાં પણ વિરલ લેખી શકાય. અને આ સાક્ષાત્કાર કેવળ શબ્દોમાં નથી, નર્યો વાસ્તવિક છે. કણ્વના શબ્દોનો જવાબ આવતો હોય તેમ સંભળાય છે:

વચ્ચે રૂડાં સર ભર્યાં નલિનીથી લીલાં,
છાયાદ્રુમો રવિ તણો તડકો નિવારે;
પદ્મો તણી રજ સમો મૃદુ—રેણુ એનો
શાન્તાનુકૂલ પવને, શિવપંથ હોજો!
(૪–૧૩, અનુ. ઉ. જોશી)

ઉમાશંકર જોશી નોંધે છે તેમ 'વિદાયની આ મધુરતાથી હવે પછીના પાંચમા અંકમાં નિરૂપાવાના પ્રત્યાખ્યાન-(અસ્વીકાર)ની કરુણતાને ભારે ઉઠાવ મળે છે.'

પાંચમા અંકની શરૂઆતમાં રાજા અને વિદૂષક જણાય છે. સંગીતના સૂર કાને પડતાં વિદૂષક રાજાનું ધ્યાન એ તરફ દોરે છે અને જણાવે છે કે હંસપદિકા રાણી ગાવાનો અભ્યાસ કરી રહ્યાં છે. રાજાને એ સ્વર સ્પષ્ટ સંભળાય છે અને હંસપદિકાનું ગીત કવિ આકાશોક્તિ દ્વારા રજૂ કરે છે:

અભિનવ મધુ-લોભી એ રીતે
લળી લળી આમ્રની મંજરી ચૂમી,
મધુકર! કયમ વીસરી ગયો,
કમલનિવાસ મળ્યે સુખી બની!
(૫–૧૦, અનુ. ઉ. જોશી)

આ ગીતિની અસરથી એનું હૃદય કોણ જાણે કેમ વ્યથિત બને છે—

રાજા (સ્વગત)—ખરે જ ગીતનો અર્થ સાંભળતાં, ઇષ્ટજનના વિરહ વિના પણ કેમ ભારે અજંપો અનુભવું છું. અથવા—

રમ્યો નિહાળી, મધુરા સુણતાં જ શબ્દ,
બેચેન થાય બહુ જે સુખિયોય જીવ,
તે તો સ્મરે મન વડે, વિણ પૂર્ણભાન,
સંસ્કારથી સ્થિર ભવોભવ કેરી પ્રીતિ.

(૫–૨, અનુ. ઉ. જોશી)

શકુન્તલાને શાપની અસર નીચે ભૂલ્યા છતાં, એ અધિદેવતાની માફક એવી તો ચિત્તમાં જડાઈ છે કે એની યાદ સ્પષ્ટ ઊઠતી ન હોવા છતાં, રાજાના ચિત્તને કોરી ખાય છે. ધુમ્મસછાયી ખીણ જેવું રાજાના હૃદયનું દૃશ્ય સર્જાય છે. એમાં વસ્તુ પડેલી છે અને તેની ઝાંખી જ માત્ર થાય છે, ઓળખાતી નથી. યોગીને સત્યનું દર્શન હાથવેંતમાં હોય અને છતાં એનું પ્રાકટ્ય ન થયું હોય એ ક્ષણોની અકળામણ જાણે રાજા અનુભવે છે. શકુન્તલાનો ઇન્કાર થશે તે ધર્મથી અવિરુદ્ધ કામની પાળ જાળવવાના અનુસંધાનમાં જ.

કેવળ રાણી હંસપદિકાની નજરે જ દુષ્યંતને જોવા કરતાં કાલિદાસની નજરે તેને જોવો વધુ ઇષ્ટ નથી? કાલિદાસે ઠેકાણે ઠેકાણે દુષ્યંતનો પરિચય આપ્યો છે. એટલે હંસપદિકાના ગીતમાં કદાચ શકુન્તલાના વિસ્મરણ પૂરતી જ વ્યંજના આપણે વાંચીએ તો કાલિદાસની વધુ નિકટ નહીં હોઈએ? ધુમાડાથી અંધ બન્યા છતાં આહુતિ અગ્નિમાં જ પડી છે અને સુશિષ્યને આપેલી વિદ્યાની માફક શકુન્તલા અશોચનીયા બની છે એ કણ્વની ઉક્તિ દુષ્યંતના વ્યક્તિત્વ અંગે ઓછી સૂચક માનીશું? કણ્વ ઋષિ દુષ્યંત ઉપર જે સંદેશો પાઠવે છે એ પણ આ દૃષ્ટિએ સૂચક છે. શબ્દો છે —

ગણાય અગ્રેસર તું સુપાત્રમાં
ને સત્ક્રિયા મૂર્તિમતી શકુન્તલા.
ગુણે વધૂને વરતુલ્ય જોડીને,
નિંદા ન પામ્યો વિધિ કૈં દિનો પછી.

(૫–૧૫, અનુ. ઉ. જોશી)

દુષ્યંતનું ચરિત ખુલ્લી કિતાબની માફક વાંચી શકાય તેવું છે. ['ભદ્રે, પ્રસિદ્ધ છે દુષ્યંતનું ચરિત. પણ (તેમાં) આવું જોવામાં આવતું નથી.']

રાજાની સ્મૃતિને શાપનું ખગ્રાસ ગ્રહણ લાગ્યું છે અને આ બાજુ કોડભરી શકુન્તલાને લઈને કણ્વના શિષ્યો શારદ્વત અને શાર્ઙ્ગરવ આવી પહોંચે છે. સાક્ષાત્ ઉપસ્થિત શકુન્તલાને કે કણ્વાશ્રમની કોઈ પણ વ્યક્તિને રાજા ઓળખી શકે તેમ નથી. આથી પરસ્પર આક્ષેપો થાય છે. રાજાએ શકુન્તલાના અનુસંધાનમાં પરભૃત–પારકાએ ઉછેરેલ–ની ઉપમા આપી. તેમાંથી વ્યંજના તારવી નાયિકા તેને 'अनार्य' કહી બેસે છે. શકુન્તલાના અકૃત્રિમ કોપથી રાજા પ્રભાવિત જરૂર થાય છે, પણ અહીં એનું આર્ય મન સાક્ષીમાં નથી પછી કેવી રીતે શકુન્તલાનો સ્વીકાર થઈ શકે? બંને પક્ષે સત્ય છે. સત્ય અને સત્ય વચ્ચેનો આ સંઘર્ષ ખૂબ કલાત્મક અને નાટ્યક્ષમ રજૂઆત પામે છે. કણ્વનો શિષ્ય શારદ્વત જણાવે છે કે કોઈ સવાલ-જવાબથી કંઈ વળવાનું નથી. આથી 'આ તમારી પત્ની છે, સ્વીકારો કે ત્યજો. આપ માલિક છો' — આટલું કહી આશ્રમવાસીઓ ચાલવા માંડે છે. શકુન્તલા નિ:સહાય બની અનુસરવાનું કરતાં શાર્ઙ્ગરવ એને ક્રોધ સાથે રોકીને તરછોડે છે :

કહી વદે નૃપ એવી જ હોય તું,
કુલકલંકિનીને શું કરે પિતા?
વળી ગણે શુચિ જો વ્રત તારું, તો
પતિકુલે તુજ દાસ્યય યોગ્ય છે.

(૫–૨૭, અનુ. ઉ. જોશી)

શકુન્તલા કંપી ઊઠે છે, અટકી જાય છે. રાજા કણ્વના શિષ્યને જ આ બાબતમાં માર્ગદર્શન આપવા જણાવે છે :

કાં હું મૂઢ છું, કાં બોલે મિથ્યા તે, એમ સંશયે
પત્નીત્યાગી બનું છું વા પરસ્ત્રી-સ્પર્શ-દોષિત?
(૫–૨૯, અનુ. ઉ. જોશી)

આનો જવાબ શાર્ઙ્ગરવ પાસે નથી. રાજપુરોહિત શકુન્તલાને પ્રસવ સુધી આશ્રય આપવાનું સૂચવે છે, અને દૈવી આગાહી પ્રમાણે એનો પુત્ર ચક્રવર્તીનાં લક્ષણોવાળો થાય તો તેની સચ્ચાઈ સ્વીકારી તેને અપનાવવાનું સૂચવે છે. સ્વમાની શકુન્તલા તો પૃથ્વીને માર્ગ આપવા વિનંતી કરે છે અને તેના અનુસંધાનમાં આકાશમાંથી ઊતરી આવેલી કોઈ દિવ્ય જ્યોતિ તેને સદેહે જ ઉપાડીને અદૃશ્ય થઈ જાય છે. દુષ્યંત ખૂબ વ્યથિત મને વિચારતો રહે છે :

સાચે, તરછોડેલી મુનિતનયાને સ્મરું ન પત્ની શી,
પણ પ્રતીતિ ઉપજાવે જાણે ઉર અતિ-રિબાતું મને.
(૫–૩૧, અનુ. ઉ. જોશી)

ઉમાશંકર કહે છે : 'પણ ગમે તેવા શાપના પ્રભાવને, ભલે ક્ષણ માટે પણ, હટાવીને પ્રિયતમાનો પ્રેમ અવારનવાર પ્રગટી ઊઠ્યા વગર રહેતો નથી એ સત્યને દુષ્યંતમાં સાકાર કરી કવિ આપણી સહાનુભૂતિ એને માટે મેળવી શક્યા છે. આ સત્યને લીધે તો શકુન્તલાને મળેલો જાકારો કાંઈક સહ્ય બને છે, અવશ્યંભાવી ભાવિમિલનનો પણ આપણા મનને સધિયારો રહે છે.'

છઠ્ઠો અંક પ્રત્યભિજ્ઞાન રૂપી વીંટીની પ્રાપ્તિ થતાં પ્રિયતમાનું પુનઃસ્મરણ કરીને વિરહથી પીડાતા દુષ્યંતનો પરિચય કરાવે છે. રાજાને આ ઘેરા વિષાદમાંથી બહાર લાવી એના ધર્માચરણના જાણે ફળરૂપે હોય એ રીતનું મિલન સાતમા અંકમાં કાલિદાસ ગોઠવે છે. રાજા દેવોની મદદે અસુરોને પરાસ્ત કરવા જાય છે અને વળતાં મારીચના આશ્રમમાં તેને બાળક સર્વદમન સાથેની શકુન્તલા મળે છે. આ પુનર્મિલન કાલિદાસે ખૂબ ધીરજથી અને કલાપૂર્ણ રીતે પ્રયોજ્યું છે. રાજાની દારુણ વિસ્મૃતિ અંગે મારીચ ઘટસ્ફોટ કરે છે અને શકુન્તલાના ચિત્તમાંથી પરિત્યાગનું લજ્જાશલ્ય પણ દૂર થાય છે.

કાલિદાસે આ કૃતિમાં નાયક અને નાયિકાના પ્રથમ મિલનના પહેલા ત્રણ અંકો આપ્યા છે. સાતમા અંકમાં રચાતા પુનર્મિલનની પૂર્વભૂમિકા રૂપે ચાર, પાંચ અને છ એમ ત્રણ અંકો આપ્યા છે. એ દૃષ્ટિએ કાલિદાસની સંવિધાનકલાની ભવભૂતિ સાથે તુલના કરતાં ઉમાશંકર જોશી નોંધે છે :

"અંકયોજનામાં કાલિદાસનું કૌશલ ભવભૂતિના 'ઉત્તરરામચરિત'ની અંકયોજનાનો વિચાર કરવાથી તરત સ્ફુટ થશે. ભવભૂતિ જેવો શિષ્ય કાલિદાસને ભાગ્યે જ મળ્યો હશે. કાલિદાસમાંથી એ ઘણું શીખ્યા છે. બલકે, 'શાકુન્તલ'માં શકુન્તલાનું પ્રત્યાખ્યાન છે તો 'ઉત્તરરામચરિત'માં સીતાનો પરિત્યાગ છે અને 'ઉત્તરરામચરિત'ના અત્યંત સુંદર ત્રીજા અંકમાં પણ શાકુન્તલના છઠ્ઠા અંકની પ્રેરણા (અદૃશ્ય સાનુમતીની સાથે શકુન્તલાને કલ્પવાથી) હોય પણ ખરી. 'ઉત્તરરામચરિત'માં પરિત્યાગનો પ્રસંગ પહેલા જ અંકમાં અને પરાકાષ્ઠા ત્રીજા અંકમાં આવી જાય છે ને પછી રામ-સીતાને જગતની દૃષ્ટિએ મેળવવા પહેલાંની તૈયારીમાં ત્રણ (૪–૫–૬) અંકો ખરચાય છે. કાલિદાસ પરાકાષ્ઠા પાંચમા અંકમાં સાધે છે અને દુષ્યંત શકુન્તલાને મેળવવા આડે માત્ર એક જ — છઠ્ઠો — અંક બસ ગણે છે, એથી કૃતિની સંકલના શિથિલ બનતી નથી અને સપ્રમાણતા સચવાય છે.

'સાત અંકના નાટકની યોજના હોઈ કાલિદાસને પણ એકબે અંકનો પ્રસ્તાવ કરવાનું પ્રાપ્ત થાય છે. પણ તે એમણે આરંભમાં નાયકનાયિકાનાં પ્રથમ મિલનોની મધુર કથામાં એવી રીતે કરી લીધું છે કે ખબર ન

પડે. પ્રથમ અંકના ભ્રમરબાધા પ્રસંગ પછી શકુન્તલા સાથેના મિલનની માદક કથા પહેલા અંકમાં ઊભરાય છે. તે બીજા અને છેક ત્રીજા અંકના લતામંડપવાળા પ્રણયસિદ્ધિ પ્રસંગ સુધી પહોંચે છે. અંક તો કવિએ કર્યો છે પણ ટૂંકો, અને ત્રીજાના પ્રવેશરૂપે પણ એને સંક્ષેપમાં મૂકી શકાયો હોત. પણ એક અથવા બેને બદલે ત્રણ અંક આ રીતે આપવા પાછળ કવિનો એક બીજો આશય પણ છે જ. દુષ્યંત-શકુન્તલા નર્યા શારીરિક આકર્ષણના ક્ષણિક આવેશથી સંબંધમાં આવે એમ એ ઇચ્છતા નથી. કાલિદાસ રસરાજ શૃંગારના ગાયક છે તેને પણ આ પ્રથમ ત્રણ અંકની સંકલનાની તક મળે છે. જાણે એ ઓછું હોય તેમ છઠ્ઠા અંકમાં પણ પાછી આ આશ્રમની પ્રણયકથા ગુંજી ઊઠે છે.' (પૃ. ૨૬–૨૭)

કાલિદાસમાં જણાતું સંવિધાનકલાનું લાઘવ સ્વયંસ્પષ્ટ છે.

કાલિદાસની શૈલીમાં રહેલી, બ.ક.ઠા.એ કથેલી 'ઘૂંટેલી રોનક' કોનાથી અછતી છે? પ્રસન્ન અને મધુર તથા વ્યંજનાસભર રચના એ એમની આગવી સિદ્ધિ છે, તથા પ્રમાણભાન એ એની ગજકલગી છે. વર્ણન અથવા ભાવના અતિરેકમાં તણાઈ જતા ભવભૂતિને સ્મરી લેવાથી ઉપર્યુક્ત વિધાનની સાર્થકતા બેવડી સ્ફુટ થશે.

હેન્રી વેલ્સ કાલિદાસને ભારતીય નાટ્યકારોમાં સોફોક્લીસ તરીકે બિરદાવે છે, અને ઉમેરે છે કે, તેઓ ખૂબ લલિત અને સુરુચિપૂર્ણ છે, તથા દરેક વખતે એકસરખી રીતે બંધબેસતી સ્વસ્થતાવાળા અને અત્યંત શાંત અને સ્વસ્થ, પ્રસન્ન અને ગંભીર, તથા અવ્યગ્ર છે. શાકુન્તલમાં કામ અને ધર્મનું અપૂર્વ સમતોલન કવિએ સિદ્ધ કર્યું જણાય છે. અતિરેક અને ન્યૂનતા વચ્ચેના દોર ઉપર ચાલવાનું કપરું કાર્ય જાણે આ નાટક સાધે છે.

## શૂદ્રક

### મૃચ્છકટિકમ્

શૂદ્રકના મૃચ્છકટિકને આપણે આસાનીથી સંસ્કૃત નાટ્યસાહિત્યના ચાર કીર્તિસ્તંભોમાંનું એક લેખી શકીએ. તેમાં ચીલાચાલુ પદ્ધતિનો ત્યાગ કરી કોઈ નવી જ દિશામાં નાટ્યકાર પ્રયાણ આરંભે છે અને કદાચ વધુ વ્યાપક, વધુ ઊંડા અને વધુ સભર એવા જીવનનો આલેખ પૂરો પાડે છે. આ કૃતિ નાટ્યમય કાવ્ય અથવા કાવ્યાતિરેકવાળા નાટક એમ બંનેનું સ્વરૂપ ત્યજી સાચા અર્થમાં નાટક બની રહે છે. અને આધુનિક સુરુચિને વધુ સ્વીકાર્ય અને આસ્વાદ્ય જણાય છે. ઝડપથી વિકસતું વસ્તુ અને સાદ્યંત જળવાતો રસ, પાત્રો, અને દૃશ્યોનું વૈવિધ્ય, વર્ણનોના અતિશયનો ત્યાગ, પાત્રનિરૂપણની સુરેખતા અને સચોટતા, સંસ્કૃત અને પ્રાકૃત વૃત્તોનો પ્રયોગ, ચમત્કારભર્યા સંવાદ અને જીવંતતા વગેરેને કારણે 'મૃચ્છકટિક' આગવી છાપ ઉપસાવે છે. એમાં ઘેરો કરુણ અને હળવો વિનોદ એકસાથે વણાયા છે. કદાચ આથી જ એને સંસ્કૃત નાટકોમાં સૌથી વધુ 'શેક્સ્પિયરિયન' કહ્યાનું હશે! એ વાંચતાં રસિકજન જાણે પોતે કાલિદાસ અને ભવભૂતિના કવિતાલોકમાંથી શૂદ્રકની વાસ્તવભૂમિમાં અવતરણ ન પામતો હોય તેવો મનોભાવ અનુભવે છે. અને છતાંય નાટક કાવ્યતત્ત્વ અને રસતત્ત્વથી એટલું જ સભર છે.

સુન્દરમના શબ્દોમાં કહીએ તો,

" 'મૃચ્છકટિક'નું વસ્તુ લોકસંશયવાળું છે. આજની ભાષામાં કહીએ તો તે મધ્યમવર્ગ અને આમજનતાનું અને ક્રાન્તિનું નાટક છે... એની વિશેષતા તેમાં મૂર્ત થતા જનજીવનમાં છે."

મૃચ્છકટિકમ્‌માં અવંતીપુરીનો બ્રાહ્મણ સાર્થવાહ ચારુદત્ત, જે યુવાન અને દરિદ્ર છે, તે કથાનાયક છે અને વસંતની શોભા જેવી ગણિકા વસંતસેના તેની ગુણાનુરાગી બની છે. તેમના પવિત્ર સુરતોત્સવને આલેખતું, નયનો પ્રચાર કરતું અને વ્યવહારની દુષ્ટતાનું નિરૂપણ કરતું, વળી ખલજનોના સ્વભાવને અને ભવિ-

તવાતાનાં તત્ત્વોને આવરી લેતું આ 'પ્રકરણ' નાટક શૂદ્રક કવિએ રચ્યું. વિધિની લીલાનું નિરૂપણ એ કવિનો એક લક્ષ્યાંક તો ખરો જ, અને એની પ્રતીતિ નાટકને અંતે (૧૦-૬૦) પણ થાય છે. કોઈને રાય બનાવવા કોઈને રંક કરનાર, કોઈને ઉપર ઉઠાવનાર તો બીજાને નીચે હડસેલો મારનાર, એમ વિરુદ્ધ દ્વંદ્વોથી જગતને વિમોહિત કરનાર કૂપયંત્રઘટિકા(રેંટ)ન્યાયે પ્રવર્તતા વિધિતત્ત્વનો ઉલ્લેખ થાય છે. વળી, નાટકની અપૂર્વ સિદ્ધિમાં ઉમેરો કરતી નાયક-નાયિકાના મુખ્ય પ્રણયવસ્તુ અને રાજકીય ગૌણ વસ્તુની ગૂંથણી પણ ધ્યાનપાત્ર છે. ગૌણકથામાં શર્વિલક અને મદનિકાની પ્રણયબેલડીની પ્રીતનું નિરૂપણ પણ ખૂબ નાજુકતાથી કરાયું છે. બંને વસ્તુને સાંકળતા અનેક તાણાવાણા પ્રયુક્ત થયા છે જેથી સમગ્ર રીતે જોતાં સંવિધાનમાં ક્યાંય ઊણપ જણાતી નથી.

સુખના દિવસો અનુભવ્યા બાદ દારિદ્ર્યમાં સપડાયેલો ચારુદત્ત જેને જીવન સદેહે મોતસમું ભાસે છે, અને ધનલોભી અને કુલીન ન હોવાનાં મહેણાં ટાળી કુળવધૂ બનવાના કોડ સેવતી ગુણલબ્ધા ગણિકા વસંતસેના, એમ બંને નાયકનાયિકાના માર્ગ કાંટાળા તો છે જ.

જાહોજલાલી જેને માટે ભૂતકાળ બની ગઈ છે એવા કથાનાયકનો પરિચય પ્રથમ અંકના પ્રથમ દૃશ્યમાં થાય છે. ભાગ્યક્રમથી ધન તો આવે ને જાય પણ નિર્ધનનું સૌહાર્દ પણ પુરજનો અભિનંદતા નથી એ વાતે ચારુદત્ત દુઃખી છે છતાં નિત્ય ધાર્મિક વિધિ અંગેની જાગરૂકતા પણ તે બતાવે છે. નાયક ધ્યાનકાર્યમાં મગ્ન બને છે એ સાથે દૃશ્ય આટોપાય છે અને ધીરશાંત નાયકના મનોભાવોને આલેખતા આ દૃશ્યને મુકાબલે બીજા દૃશ્યમાં આપણને નાયિકાને બળપૂર્વક ગ્રહવાની કોશિશ કરતા રાજાનો સાળો સંસ્થાનક શકાર તથા તેનો મિત્ર વિટ તથા ઘાયલ હરિણીની માફક ભાગતી નાયિકા જોવા મળે છે. શકાર વસંતસેનાનો પીછો કરે છે. કામથી એનું હૃદય જાણે અંગારા ઉપર પડેલા માંસના ટુકડાની માફક શેકાઈ રહ્યું છે. વસંતસેનાને શકાર, વિટ અને તેનો સાથી ચેટ પડકારતા રહે છે, અને અવંતીની સંધ્યાવિલયથી અંધકારમય બનેલી ગલીઓમાં નિઃસહાય નારીને બળપૂર્વક આંતરનાર નરાધમો અને જાતને બચાવવા જીવ લઈને નાસતી નાયિકા વચ્ચે ખરાખરીની ખેલાય છે. શકારના ઉદ્‌ગારો એની વિચિત્રતાઓ અને કુટિલતા, હલકટતા અને ભીરુતાના સૂચક બની રહે છે. વિટની ઉક્તિઓમાં સંસ્કારિતા અને કાવ્યમયતા પણ રહેલી છે. આ દોડધામમાં ડાબી બાજુએ ચારુદત્તનું ઘર હોવાનો ઈશારો મળતાં અંધારાનો લાભ લઈ નાયિકા એ તરફ સરકે છે.

ચારુદત્તની આજ્ઞા પ્રમાણે બલિ નાખવા માટે એનો સર્વકાલમિત્ર મૈત્રેય બહાર નીકળે છે એ તકનો લાભ લઈ વસ્ત્રની ઝપટથી દીવો ઓલવી ખુલ્લાં દ્વારમાંથી નાયિકા નાયકના ઘરમાં પ્રવેશે છે, જાણે ચારુદત્તના ઘરમાં પુનઃ સમૃદ્ધિ પ્રવેશી! બીજી બાજુ ચારુદત્તની દાસી રદનિકા બહાર નીકળે છે ત્યાં તે શકારના હાથમાં ઝડપાય છે. રદનિકા વસંતસેના નથી એનો શકારને ખ્યાલ આવે છે. મૈત્રેય અને શકાર વચ્ચે ચકમક જામે છે. છેવટે શકાર ચારુદત્તને માટે એક સંદેશો આપીને જાય છે. તેમાં તે જણાવે છે કે સ્વેચ્છાએ જો વસંતસેના પોતાને સ્વાધીન કરવામાં આવશે તો ઠીક છે, નહીં તો આમરણ વેર થશે!

દરમ્યાનમાં, વસંતસેનાને રદનિકા માનીને ચારુદત્ત તેના ઉપર ઉપરણો નાખે છે અને તેને ગૃહપ્રવેશ માટે આજ્ઞા આપે છે. પોતે ગણિકા હોવાથી વસંતસેના ગૃહપ્રવેશ કરતાં ખચકાય છે. નાયકને થાય છે કે પોતાના દારિદ્ર્યને કારણે ચાકર વર્ગ પણ આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે! એટલામાં મૈત્રેય અને રદનિકા આવે છે અને વાતનો ઘટસ્ફોટ થાય છે. વસંતસેના વિદાય લેતાં યુક્તિપૂર્વક અલંકારો ન્યાસ (થાપણ) તરીકે મૂકતી જાય છે. અલંકારન્યાસની સાથે પ્રણયવસ્તુનો ન્યાસ પણ શૂદ્રક કલાત્મક રીતે સાધે છે.

બીજા અંકમાં વિવિધ પ્રસંગો યોજી શૂદ્રક વસંતસેનાના ચારુદત્ત પ્રત્યેના ગાઢ અનુરાગને વ્યંજિત કરે છે, અને એના ગુણાનુરાગમાં વધારો પણ.

ત્રીજા અંકમાં બે મુખ્ય પ્રસંગોમાં શર્વિલકની ચોરીનું દૃશ્ય અને ચારુદત્તની પત્ની આર્યા ધૂતાની રત્નમાળાનો પ્રસંગ સમાવેશ પામે છે. વસંતસેનાની દાસી મદનિકા જે પોતાની પ્રેયસી છે, તેને વસંતસેનાથી ઋણમુક્ત કરવા શર્વિલક ચોરીનું સાહસ કરે છે અને ચારુદત્તના ઘરમાં જ ખાતર પાડે છે. વિધિની વક્રતા એ છે કે દરિદ્ર એવા ચારુદત્તના ઘરમાંથી એને વસંતસેનાનાં જ ઘરેણાં ઉપલબ્ધ થાય છે. એ આપીને તે મદનિકાને છોડાવવા ઇચ્છે છે.

ચોથા અંકમાં મદનિકાને એ ઘરેણાં બતાવે છે ત્યારે મદનિકા ચારુદત્તના કુટુંબના ક્ષેમકુશળની ચિંતા કરે છે. શર્વિલકને તેનાથી માઠું લાગે છે. પણ વાતનો ફોડ પાડતાં મદનિકા સમજાવે છે કે જે ઘરેણાં તે લાવ્યો છે એ તો વાસ્તવમાં વસંતસેનાનાં જ છે. આ વાતો વસંતસેના સાંભળતી હોય છે. છેવટે આ બે પ્રેમીઓ – શર્વિલક અને મદનિકા – નક્કી કરે છે કે ચારુદત્તે થાપણ પાછી મોકલી છે એમ કહી ઘરેણાં વસંતસેનાને સોંપી દેવાં. વસંતસેના એનો સ્વીકાર કરી બદલામાં તેમને આશ્ચર્યમુગ્ધ કરતાં કહે છે કે મને ચારુદત્તે કહાવ્યું છે કે જે આ ઘરેણાં લઈને આવે તેને મદનિકા આપવી. મદનિકાને તે મુક્ત કરીને તેના પ્રિયતમ સાથે વળાવે છે.

દરમ્યાન એવી ઘોષણા સંભળાય છે કે વર્તમાન રાજા પાલકને ઉથલાવીને આર્યક નામે વ્યક્તિ રાજપદ પ્રાપ્ત કરે તેવી ભીતિ હોઈ સર્વ સૈનિકોએ સાવધ રહેવું. આ સાંભળતાં જ, મદનિકાને યોગ્ય સ્થાને પહોંચાડવાની વ્યવસ્થા કરી, શર્વિલક મિત્ર આર્યકની વહારે ધાવાનો સંકલ્પ કરે છે.

બીજી બાજુ, ઘરેણાંની ચોરીની ઘટના અંગેની શંકાના ખ્યાલે પોતાના ચારિત્ર્યને દોષ લાગશે એ ભયે ચારુદત્ત ધૂતાનો કીમતી હાર મૈત્રેય દ્વારા વસંતસેનાને મોકલાવે છે અને કહેવડાવે છે કે પોતે ઘરેણાં પોતાનાં માની જુગારમાં હારી ગયો તેથી આ રત્નાવલી મોકલી છે. વસંતસેના એ હાર સ્વીકારી લે છે અને પોતે એ જુગારીને મળવા આવશે એવો સંદેશો આપે છે.

ચારુદત્ત અને શર્વિલક બંને બ્રાહ્મણકુળના વિદ્યાસંપન્ન યુવકો છે. પણ પહેલાએ દારિદ્ર્યને ધીરજથી વેઠ્યું છે જ્યારે બીજો સાહસિક હોવાથી પરાક્રમનો માર્ગ ગ્રહે છે. નાયક ચારુદત્તના શાંત પ્રતિભાવમાં એનું ગૌરવ દીપી ઊઠે છે જ્યારે 'સાહસમાં જ શ્રી વસે છે' એમ માનતા ઉપનાયક શર્વિલકની નસોમાં વિપ્લવવાદીનું ગરમ લોહી ધબકે છે. સામાજિક અન્યાયને તે મૂંગે મોઢે સહન કરતો નથી. તે જ પ્રમાણે મદનિકા અને વસંતસેના વચ્ચેનું ઘેરું સામ્ય પણ સ્વયંસ્પષ્ટ છે. બંને 'વધૂ' શબ્દને ઝંખે છે.

પાંચમા અંકમાં વસંતસેના અભિસારે જાય છે. ચારુદત્તને પોતાની દરિદ્રતાનું અભિમાન હોવાથી ગણિકા સાથેના પ્રેમસંબંધમાં એ ખામોશ રહે છે. નાયિકા પોતે જ પ્રણયસૂત્ર હાથ ધરે છે. ચારુદત્તની રત્નાવલીના સ્વીકાર પાછળ વસંતસેનાનો આશય એ જ હતો કે નાયક ઋણમુક્તિ અનુભવે અને પોતાના સ્વમાનભંગની ભીતિમાંથી ઊગરી જાય તથા સમાન ભૂમિકાએ મળવામાં તેનું આત્મગૌરવ પોષાય. પ્રેમ અને પ્રિયતમનું આત્મગૌરવ બંનેનો પરિપોષ નાયિકા સંભાળપૂર્વક કરે છે. પાંચમા અંકમાં નાયકનાયિકા મળે છે. પણ આ મિલન પૂર્ણ મિલન કહી શકાય તેવું નથી. નાયિકાને હજી 'વધૂ' શબ્દ પ્રાપ્ત થયો નથી, નાયકનું દારિદ્ર્ય પણ હજી દૂર થયું નથી. શકાર ચારુદત્ત સામે વેરભાવના સંઘરીને બેઠો છે એની પણ નોંધ લેવી જોઈએ.

છઠ્ઠો અંક કદાચ નાટકના મુખ્ય અને ગૌણ વસ્તુના અનુસંધાનમાં ધરીની માફક રહેલો છે. માટીની ગાડીનો પ્રસંગ ચારુદત્તના પુત્ર રોહસેનની નિર્દોષતા, નાયકની દરિદ્રતા, શૂદ્રકની વ્યંજનાક્ષમતા વગેરેનો પરિચય આપે છે. રોહસેનની માતા તરીકે વસંતસેનાને સૌએ આવકારી છે. રોહસેનની માટીની ગાડી વસંતસેનાના અલંકારથી ભરીને જાણે નાટ્યકાર ચારુદત્તના ભાગ્યવિપર્યયનો અને કુળના ભાવિ અભ્યુદયનો સંકેત કરી રહે છે. વળી, આ પ્રસંગની સૂચનક્ષમતા ઉપર પોતે જ પ્રસન્ન થયા હોય તેમ નાટ્યકાર નાટકનું નામાભિધાન પણ તે પ્રસંગને અનુલક્ષીને જ કરે છે!

આ અંકમાં બનતો ગાડીની અદલાબદલી(પ્રવહણવિપર્યય)નો પ્રસંગ પરિસ્થિતિમાં અણધાર્યો પલટો લાવનાર બને છે.

વસંતસેના સારુ ચારુદત્તે મંગાવેલી ગાડી, એમાં ગાદી રહી જતાં, ગાડીવાળો પાછી લઈ જાય છે. એવામાં શકારની એ રસ્તેથી પસાર થતી ગાડી તે જ સ્થળે આવી થોભે છે. વસંતસેના એને ચારુદત્તે મંગાવેલી સમજી એમાં ચડી બેસે છે. બીજી બાજુ, પેલી ગાડી ગાદીસોતી પાછી ફરતી હોય છે ત્યારે, નાસી છૂટેલો રાજકેદી આર્યક એમાં દાખલ થઈ જાય છે.

એટલે સાતમા અંકમાં વસંતસેનાની પ્રતીક્ષા કરી રહેલા ચારુદત્ત સમક્ષ ગાડીમાંથી ઊતરે છે આર્યક!

અને વિપર્યયનું બીજું પરિણામ? શૂદ્રક એનો સ્ફોટ આઠમા અંકમાં કરે છે. પોતાની ગાડીમાંથી વસંતસેનાને ઊતરતી જોઈ શકાર પ્રેમચેષ્ટાઓ આરંભે છે. પણ વસંતસેના એને અપમાનિત કરે છે. એથી ઉશ્કેરાયેલો શકાર એને ગળે ટૂંપો દઈ, મરેલી માની, ચાલતી પકડે છે.

પણ વસંતસેનાને મારી નાખ્યા માત્રથી ધરવ વળે તો શકાર નહીં. એ તો ચારુદત્તે જ ઘરેણાં ખાતર વસંતસેનાનું ખૂન કર્યું છે એવો આરોપ ઉપજાવી કાઢે છે. નવમો અંક ન્યાયાલયમાં ચારુદત્ત પર ચલાવાતા કામની ને એને ફરમાવાતા દેહાંતદંડની રજૂઆત કરી જાય છે.

દસમા અંકમાં ચારુદત્તને વધસ્થળે લઈ જવાય છે. ત્યાં તો, સાધુ સંવાહકની સહાયથી મૃતપ્રાય અવસ્થામાંથી ભાનમાં આવેલી વસંતસેનાનું આગમન થતાં ચારુદત્તની નિર્દોષતા પુરવાર થાય છે. બીજી બાજુએ શર્વિલકના પ્રયત્નો સફળ થાય છે; આર્યક પાલકને મારી નાખે છે; અને આર્યકને રાજત્વ પણ પ્રાપ્ત થાય છે. રાજા આર્યક ચારુદત્તને કુશાવતીનું રાજ્ય આપે છે,' અને વસંતસેનાને મહામૂલું 'વધૂશબ્દાવગુંઠન'.

મૃચ્છકટિકનાં મુખ્ય ને ગૌણ કથાનકોના પ્રસંગો, આમ, ઢાલલકડીના દાવની પેઠે ઝપાટાબંધ બને છે; પણ એ સઘળાની પૂર્વતૈયારીઓ શૂદ્રકે કરી જ હતી. . . .

નાટ્યકાર તરીકે શૂદ્રકની સિદ્ધિઓ સ્વયંસ્પષ્ટ છે. વસ્તુની પસંદગી, મૌલિક રીતે અનુરૂપ પરિસ્થિતિઓ, પ્રસંગો અને દૃશ્યો દ્વારા તેનો સધાતો વિકાસ, મુખ્ય અને ગૌણ વસ્તુનું કલાત્મક સંયોજન વગેરે એમની સંવિધાનકલાના દ્યોતક અંશો છે. નાટ્યશાસ્ત્રમાં જેને પ્રકરણ પ્રકારનું રૂપક કહેવાયું છે તેવા પ્રકારની પસંદગીથી જ નાટ્યકારને જીવનને તેની અખિલાઈમાં પ્રતિબિંબિત કરવાનો અવસર સુલભ બને છે. આમ છતાં શૂદ્રક આમાં પણ નાટ્યશાસ્ત્રના નિયમોનું આંધળું અનુસરણ કરતા નથી. નાટકનું પ્રાણવસ્તુ નાયકાધીન ન રાખતાં નાયિકાધીન રાખીને અનેરી ભાત ઉપસાવાઈ છે. પાત્રવૈવિધ્ય એની સર્વકાલીનતા અને સર્વદેશીયતાને કારણે વિશિષ્ટ છે. રાજાઓ, વિપ્લવવાદીઓ, જુગારીઓ, સાધુઓ, સજ્જનો, ગણિકાઓ, હલકટ અને કેવળ રાજા ઉપર અવલંબતા ભ્રષ્ટાચારી અધિકારીઓ, ધૂર્તો, કામુક લંપટો, ન્યાયાધિકારીઓ, ચાંડાલો વગેરે બધાં મળીને અવંતીપુરીને જીવતી કરી દે છે. આ બધું શૂદ્રકે આપ્યા પછી એનાં પાત્રો વિશ્વનાગરિકત્વ ધરાવે તેવાં છે કે કેવળ હિંદુ છે એવી ચર્ચા અસ્થાને છે. શૂદ્રકનો વિનોદ એ પણ એમની આગવી સિદ્ધિ છે. પોતાનાં પાત્રો દ્વારા શૂદ્રક વ્યંગ પણ કરી લે છે. ક્યાંક જગતની વિષમતાઓએ પ્રેરેલું છૂપું ડૂસકું કે ઊનો નિઃશ્વાસ પણ સંભળાઈ જાય છે.

શૂદ્રકની શૈલી સરળ, પ્રવાહી અને પ્રાસાદિક છે. કાલિદાસની કવિતાકામિનીના ઉદ્દામ વિલાસ અને ભવભૂતિની 'આત્માની અમર કળા'ના ચમત્કારિક આવિર્ભાવો અહીં કદાચ સુલભ ન જણાય; કાલિદાસ અને ભવભૂતિનાં પાત્રોની સંસ્કારિતા, અથવા કદાચ અતિસંસ્કારિતા અને નાગરિકી વૃત્તિના દર્શન સહૃદયને અહીં ન પણ થાય; પણ શૂદ્રકમાં કંઈક અંશે જણાતા ખરબચડાપણામાં અથવા રૂક્ષતામાં વધારે ઉષ્મા અને જીવનના જણાય તો નવાઈ નહીં. શૂદ્રકે પીરસેલાં નર્મ અને મર્મ એમનાં પોતાનાં જ છે. પ્રાકૃતના પ્રયોગમાં જણાતું વૈવિધ્ય બીજી કોઈ પણ નાટ્યકૃતિમાં ભાગ્યે જ જોવા મળશે.

ડૉ. રાઇડર યુરોપીય આધુનિક સુરુચિને સૌથી વધુ અનુકૂળ કૃતિ તરીકે મૃચ્છકટિકને અભિનંદે છે ત્યારે આપણને કોઈ જાતનું આશ્ચર્ય થતું નથી.

હેન્રી વેલ્સ માને છે કે –

ભાસના સ્વપ્નનાટકની માફક અહીં પણ નાટકનું શીર્ષક ખૂબ સૂચક છે. નાટક અનેક પાત્રોથી મંડિત હોવા છતાં એનું પ્રધાન આકર્ષણ તેના નાયક અને નાયિકામાં જ કેન્દ્રિત થયેલું છે. અહીં રચાયેલા સંબંધોમાં ઘેરાં વૈષમ્ય અને સામ્ય બંને છે. ચારુદત્ત ગરીબીમાં જીવે છે, તેનું ઘર જીર્ણ બન્યું છે, જ્યારે વસંતસેના અમીરીમાં આળોટે છે અને તેનું ભવન મોટા રાજમહેલ જેવું ભવ્ય છે. ચારુદત્ત દરિદ્રતાની ગર્તામાં ધકેલાતા જાય છે, જ્યારે વસંતસેના ભૌતિક સમૃદ્ધિની ટોચ ઉપર છે; ફક્ત દુર્લભ એવું 'વધૂશબ્દાવગુંઠન' — વધૂ તરીકેનું પદ તેને નાટકની છેલ્લી પળોમાં જ પ્રાપ્ત થાય છે. બંને એકલાં, વૈયક્તિક રીતે, અપૂર્ણ છે, પણ બંને સાથે મળતાં એક પૂર્ણતા સાકાર થાય છે; જાણે ઋતુઓનાં ક્રમિક આવાગમનનાં પ્રતીકરૂપ ન હોય! ચારુદત્ત વગરની વસંતસેના શકારને હાથે લગભગ મોતને ઘાટ ઉતારાય છે, અને વસંતસેના વગરનો ચારુદત્ત ખૂનનો આરોપ પામે છે અને ચાંડાલોના ખડ્ગથી લગભગ રહેંસાઈ જાય છે. નાટકમાં આ બંને દ્વારા અનેક પ્રકારનાં દ્વૈતો સૂચવાય છે. આ નાટકનું શીર્ષક તેમનું સ્વભાવગત, સામાજિક, નૈતિક અને આધિભૌતિક સ્તરનું વૈષમ્ય પ્રગટ કરે છે. તે ચારુદત્તની દરિદ્રતા અને નાયિકાના વૈભવનું વ્યંજક છે. માટીની ગાડી અને સુવર્ણની ગાડી જાણે માનવજાતને અનુભવના કપરા માર્ગે મુસાફરી કરાવે છે. નાટકનું મુખ્ય વસ્તુ આ બંને વચ્ચેના સમતોલનને મૂર્ત કરે છે.

## સંસ્કૃત નાટકની વિલક્ષણતા

સંસ્કૃત નાટકોમાં વ્યંજિત થતું આ સમતોલન સ્વપ્નનાટકમાં સ્વપ્ન અને જાગૃતિ વચ્ચેનું, શાકુન્તલમાં ધર્મ અને કામ વચ્ચેનું, વિક્રમોર્વશીયમ્‌માં પૃથ્વી અને સુખ તથા આનંદ અને જડતા વચ્ચેનું, મુદ્રારાક્ષસમાં માન અને મૈત્રી વચ્ચેનું તથા મૃચ્છકટિકમાં દારિદ્ય અને વૈભવ વચ્ચેનું રચાયેલું જોવા મળે છે. આ સાતે કૃતિઓનું આ પ્રધાન વસ્તુ જણાય છે, અને દરેકમાં પોતાની રીતે આ સમતોલનની સિદ્ધિ ગ્રથનના મુખ્ય તત્ત્વને આવરી લે છે. છતાં ભારતીય નાટ્યકૃતિ અથવા નાટ્યસિદ્ધાંત, એ બંનેમાં, પશ્ચિમમાં જેને 'પ્રૉબ્લેમ પ્લે' કહેવાય છે તેવું ભાગ્યે જ જોવા મળે છે. સંસ્કૃત નાટક એટલા ઊંડા કાવ્યતત્ત્વથી સભર છે કે તે આવા ઢાંચામાં જકડાતું નથી. તે પોતાની મુખ્ય વિગત બંધનકારક નહીં પણ પ્રકાશયુક્ત રહે એવું વધારે પસંદ કરે છે. આથી આવું સમતોલન નાટકના મુખ્ય વસ્તુમાં જ નહીં, પણ અનેકાનેક ઝીણી વિગતોમાં પણ સિદ્ધ થતું જણાય છે, અને તેનાં અનેક પાસાં આ વસ્તુને સ્પર્શે છે. કૃતિનું બંધારણ, વિચાર, ભાષા, કાર્ય અને આખીય સંગીતમય સંવાદિતા આ સમતોલનથી સભર જણાય છે.

શૂદ્રકના નાટકનું સામાન્ય બંધારણ અયુરોપીય હોવા છતાં ધ્યાન ખેંચે એવું સંવાદમય છે. નાટકને અંતે તાણાવાણા છૂટા પડતા નથી અથવા ગૂંચ ઉકેલાતી હોય એવો ભાવ નથી થતો પણ પાકી ગ્રંથિ બંધાતી હોય એવું લાગે છે. ઉકેલ માટે શરૂઆતમાં કોઈ કોયડો રજૂ કરવામાં આવતો નથી. એવી કોઈ ગૂંચ નથી જણાતી જેને ઉકેલવા મથામણ કરવાની હોય, એને સ્થાને વેરવિખેર પડેલા તાણાવાણા ધીમે ધીમે સુગ્રથિત થતા જાય છે અને અંતે એક સુચારુ ગ્રંથન હૃદયને પરિતોષ આપે છે.

પશ્ચિમી નાટકમાં સામાન્ય રીતે ગૂંચવણભરી પરિસ્થિતિ અથવા કૂટપ્રશ્નથી શરૂઆત કરી તેના ઉકેલ સાથે પૂર્ણાહુતિ રચાય છે. ભારતીય રંગભૂમિ સ્વાભાવિક અનુભૂતિઓના સંમિશ્રણ સાથે આરંભ કરે છે, અને અંતે આપણને એવી પ્રતીતિ થાય છે કે આ આખીય સફર દરમ્યાન કવિના માર્ગદર્શક હાથથી આપણે જાણે દોર-વાયા કરીએ છીએ. એક પદ્ધતિ મૂળિયાંથી શરૂ કરી ડાળાંમાં વિભક્ત થાય છે, જ્યારે બીજીમાં સ્વરૂપ વગેરેની

એકસરખી સૂઝ સાથે, ડાળાંથી શરૂઆત કરી મૂળના રહસ્યને અંતે પ્રગટ કરવામાં આવે છે. કેટલાક પશ્ચિમી વિવેચકોને આથી જ મૃચ્છકટિકમાં પણ સ્વરૂપગત ત્રુટિઓ જણાય છે. વાસ્તવમાં અહીં કલાના સિદ્ધાંત બાબતનો થોડો મતભેદ ધ્યાનમાં રાખવા જેવો છે.

બધી જ વિગતો આ સમતોલનમાં સ્થાન પામે છે. પહેલા અંકમાં શકાર અને વિટ વગેરેથી અનુસરાતી, રાતે અંધારી ગલીઓમાં દોડતી નાયિકા જાણે એની પોતાની પાંચમા અંકમાં પિયુમિલનાર્થે આરંભાયેલી દુર્દિનને અવગણતી યાત્રાની સામે ગોઠવાઈ જાય છે. બંનેમાં વસ્તુ ઊલટાસૂલટી થયેલી છે. એકમાં તેના ઘાતકથી નાસી છૂટવાનું છે, બીજામાં એના પિયુનું અભિસરણ છે. આ બંને પરિસ્થિતિઓ શકાર અને ચારુદત્તની વધુ અગત્યની વિભ્રમ-જોડીને, તેમની સન્નિધિને સૂચવી જાય છે. ચારુદત્તની નાગરિકતા, સંસ્કારિતા, બુદ્ધિમત્તા અને સહૃદયતા સામે શકારની જંગલી, કઠોર, મૂર્ખ અને ઘાતકી વૃત્તિ તોળાય છે. બંને વચ્ચેનું બહુવિધ વૈષમ્ય પ્રગટે છે. પહેલા અંકમાં શકાર ચારુદત્તને પડકારે છે અને છેલ્લા અંકમાં તેને લગભગ મોતને હવાલે કરી દે છે. ચારુદત્તની તેના તરફની ક્ષમાશીલતા તેને વધુ મહાન બનાવે છે અને શકારને અપાતી ક્ષમા એ ચારુદત્તનું અંતિમ ઉદાર કાર્ય બની રહે છે.

ઉપરના જેટલું સ્પષ્ટ નહીં પણ સૂક્ષ્મ રીતે વણાયેલું એક બીજું સમતોલન પણ ધ્યાન ઉપર આવે છે. શકારનો સેવક ચેટ એક ગૌણ પાત્ર છે પણ એ ખૂબ સ્પર્શી જાય તેવાં વેધક વિધાનો કરે છે. એક વખત નાયિકાને બચાવતાં અને બીજી વખત નાયકને બચાવતાં એને સહન કરવું પડે છે. તેનામાં એક ઉદાર પણ શક્તિહીન પુરુષ છુપાયેલો છે જે બંને વખતે રક્ષ્યનું રક્ષણ કરવામાં નિષ્ફળ જાય છે. એની સામે ચારુદત્તનું ઔદાર્ય અને સફળતા ખૂબ સચોટ રીતે તોળાય છે. બંને વખતે ચેટ પોતે કરવાનું કાર્ય કર્યા છતાં અ-સફળતાના મનદુઃખ સાથે બહાર ધકેલાઈ જાય છે. સામાન્ય અનુચરને કોઈ કૃતિમાં આવો સ્પર્શી જાય તેવો ભાગ ભાગ્યે જ ભજવવાનો આવ્યો હશે.

સંસ્કૃત નાટકોમાં ઘણે સ્થળે મનુષ્યની પેઢીઓને એકબીજાની સન્નિધિમાં ગોઠવવા માટેનો ખાસ પ્રયત્ન થતો જણાય છે. જેમ કે, શાકુન્તલ, વિક્રમોર્વશીય અને ઉત્તરરામચરિતમાં વૃદ્ધો, નાયકનાયિકા અને તેમનાં સંતાન સાથે ગોઠવાય છે. અહીં પણ ચારુદત્ત રોહસેન અને ચારુદત્તથી ઉંમરે કદાચ મોટા એવા મૈત્રેયથી વીંટળાય છે.

શૈલીમાં પણ ચીવટપૂર્વકનું સમતોલન સધાયું છે. સૌ પ્રથમ સંસ્કૃત અને પ્રાકૃત વચ્ચેનો સંવાદ રચાયો છે. એ પછી એવી જ રીતે શિષ્ટાચારના ડોળવાળી વાક્યરચના અને બોલચાલની ભાષા, તથા પદ્ય અને ગદ્ય વચ્ચેનું સમતોલન પણ નોંધપાત્ર છે. ગ્રીક નાટકમાં સંવાદના ફકરાઓ જુદા તારવવામાં આવે છે. એમાં સંવાદના ફકરાઓમાં કાર્ય અને કાવ્યનું સંયોજન હોય છે, જ્યારે સમૂહગાનના ફકરાઓમાં સંગીત, નૃત્ય અને તદ્દન ભિન્ન પ્રકારનું કાવ્ય છે. સંસ્કૃત નાટકશાળા જાણે કે વધુ વૈવિધ્યવાળા તાણાવાણાવાળું ઘટ્ટ પોત ધારણ કરે છે. એના સૌથી સમૃદ્ધ ફકરાઓમાં નૃત્ય, કાર્ય, કાવ્ય અને સંગીતગત ઊંચામાં ઊંચી નાટ્યાત્મક સિદ્ધિ એક-સાથે વણાય છે; તથા એમાં ગદ્યસંવાદોથી ભિન્ન એવી, જેનો પાઠ કરવાનો છે તેવી, પદ્યરચનાઓ પણ આવરી લેવાય છે. દૃષ્ટાંત રૂપે, પ્રથમ અંકના વસંતસેનાના ત્રસ્ત ગમનમાં નૃત્યમય ગતિ અને કલાત્મક મૂક અભિનય જોવા મળે છે. આવું જ પાંચમા અંકમાં તેના અભિસરણમાં નોંધી શકાય. એવી જ રીતે દશમા અંકનું ચારુદત્તનું વધસ્થાન તરફનું ગમન ઊર્મિકાવ્ય અને નાટ્યમય કાર્યનું સુભગ સંગીતમય સંયોજન સાધતું જણાય છે. આની સંગીતમય સંવાદિતા (કોરિયોગ્રાફી) ભાવનાસભર હૃદયનો તત્કાલ કબજો લઈ લે છે. ચારુદત્તની લગભગ મૃત્યુ તરફની આ દીર્ઘયાત્રામાં ખાસ કરીને કવિતાનાં અનેકાનેક ધ્રુવપદો અથવા ટેક, પુનરુક્તિઓ સંભળાયા કરે છે. પાત્રનો ઉલ્લેખ થતામાં જ તે પાત્ર જણાય છે અને સ્વરૂપના સૌંદર્યને વધારે છે. આ રચનાની મૂળભૂત સંગીતમયતા બે પાત્રો કેટલીક વાર એક જ ઉક્તિઓ બોલે છે એમાં જાણે સાકાર

બને છે. શ્લોક ૧૦-૩૪ની ઉક્તિ ચારુદત્ત ફરી ફરી દોહરાવે છે. તેમાં તે પોતાનો બચાવ કરવાનું વસંતસેનાને કહે છે, અને જાણે તેના જવાબમાં હોય તેમ, સાક્ષાત્ પ્રિયતમા આવીને ચારુદત્તને બચાવી નાટકનો સુખદ અંત સાધી આપે છે; અને સંસ્કૃત નાટકના ચમત્કારિક અને અપૂર્વ ઘટનાત્મક સમતુલ બંધારણને તે સૂચવી લે છે. શ્લોકો અને ઉક્તિઓનું જ નહીં, વાક્યખંડોનું પુનરુચ્ચારણ કે જે શકારના વિડંબનાત્મક અભિનયના ભાગરૂપ છે, તે પણ આ જ દિશામાં સૂચન કરે છે. એ સાથે કાર્યને અનુરૂપ પુનઃપુનઃ પ્રયુક્ત થતા હાવભાવો પણ તેને પુષ્ટ કરે છે. આનું ઉદાહરણ વસંતસેનાના મહેલની મૈત્રેયની મુલાકાતમાં જોવા મળે છે. દરેક કોઠામાં અમુક પુનરુચ્ચારણો વણાયાં છે.

વધારે ઊર્મિમય ફકરાઓની રચના ચોક્કસ અને સમતુલ રીતે વસંતસેનાના પ્રથમ પ્રવેશના ત્રસ્ત ગમનમાં વણાયેલી જણાય છે. બધી જ ઉક્તિઓ જાણે अ, ब, क ના ક્રમમાં શકાર, વિટ અને ચેટના મુખમાં મુકાઈ છે. ત્રણેમાં બોલી જુદી પડે છે. એ જાણે સમૂહ સંગીતરચના ન હોય તેવું ભાસે છે, અને દરેક વક્તા જાણે એક એક જુદું વાજિંત્ર હોય તેમ સાદ પુરાવે છે. રૂઢ સંકેતાનુસાર તૈયાર કરાતી કલાકૃતિઓનું ઉત્તમ ઉદાહરણ સંસ્કૃત નાટક પૂરું પાડે છે. આ દ્વારા સ્વરૂપગત સમતુલા સિદ્ધ થાય છે.

જેમ જેમ ઝીણો ભાગ તપાસવામાં આવે છે, તેમ તેમ નાટકના સામાન્ય સ્વભાવનો ખ્યાલ સ્પષ્ટ બને છે. વસંતસેનાને ગળે ટૂંપો દેવાય છે એ પહેલાંના તેના શબ્દો અને ચારુદત્ત ઉપર ચાંડાલનું ખડ્ગ તોળાય છે ત્યારના શબ્દો એકસરખા છે. બંને એકબીજાને ચાહે છે. તેઓ એકબીજાને ખાતર, એકબીજાને યાદ કરતાં, એકબીજા દ્વારા રક્ષણની અપેક્ષા કરતાં અને શકારને હાથે જ મૃત્યુના મુખમાં હડસેલાય છે. આ પ્રકારની સમતુલા ખૂબ અસરકારક છે. જાણે એકેએક વિગત બીજી તેવી વિગતમાં મેળથી ગોઠવાઈ જાય છે. રમકડાની ગાડી રમકડાની ગાડી સામે ગોઠવાય છે. મનુષ્યે મનુષ્ય અને સ્ત્રીએ સ્ત્રી સામસામાં મળી રહે છે!

શર્વિલક આ નાટકમાં એક ચાલક શક્તિ તરીકે કેન્દ્રનું સ્થાન પૂરે છે. એ જે ભાષા બોલે છે એ દ્વારા પણ એના પાત્રની અગત્ય ઉપર ભાર મુકાયો છે. એ ચોરી કરનારો છે, (હેન્રી વેલ્સ નોંધે છે તેમ એને યુલિસિસની માફક ઘર ફોડનારો લેખી શકાય.) છતાં શર્વિલક એક ઉમદા સજ્જન પણ છે. તે દલિતો અને પીડિતોનો મુક્તિદાતા છે, ગુલામોને છોડનાર, પવિત્ર બ્રાહ્મણ અને સાચો નાયક છે. કાર્યવેગને લાગેવળગે છે ત્યાં સુધી આખી કૃતિના બંધારણની તે ચાવીરૂપ છે, અને ચારુદત્તને માન આપે છે તથા વસંતસેનાની કૃપાનું પાત્ર બને છે. તેની માનીતી દાસી મદનિકાને તે દાસ્યમાંથી છોડાવીને તેની સાથે પરણે છે. તેનાં વિચારો અને કાર્યો ચારુદત્ત અને વસંતસેનાને પ્રેક્ષકોનાં મનમાં જોડેલાં રાખવા સમર્થ થાય છે; જોકે, ઘણાં દૃશ્યોમાં આ નાયક તથા નાયિકા વિયુક્ત રહે છે. શર્વિલક પત્ની કરતાં મૈત્રીના દાવાને વધુ માન આપે છે. મદનિકા કરતાં આર્યક તરફ વિશેષ ધ્યાન આપે છે. તેવી જ રીતે ચારુદત્ત પણ વસંતસેનાને મુકાબલે આર્યકનું રહસ્ય વધુ જાળવે છે. શર્વિલક દ્વારા જ નાટકનાં નાયકનાયિકાનાં સામ્ય અને વૈષમ્ય સ્ફુટ થાય છે, તથા તેમની સમતુલા મૂર્ત થાય છે. શકાર કદાચ ચારુદત્તનું વિરોધી ચિત્ર છે, અને તે ખલપાત્ર છે અને નાટકની વાત કે જે કવિતારૂપ છે, તેમાં ઓછું મહત્ત્વનું સ્થાન ધરાવે છે; જ્યારે શર્વિલકનાં કાર્યો નિર્હેતુક રીતે પણ નાયક તથા નાયિકાનાં પોતાનાં કાર્યોનું ઉદયશૃંગ પણ બની રહે છે.

ગૌણ પાત્રોમાં પણ સમતુલા જળવાય છે. જેમને જગતની રચના કેવળ પાસાના અકસ્માત ઉપર જ અવલંબતી લાગે છે એવા જુગારીઓ અને સંવાહક જેવા સાધુઓ જે ન સમજાવી શકાય તેવી ગૂઢ રચનામાં માને છે અને તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે, — એ બંને વચ્ચે એક સમતોલન સરજાય છે. જુગારી અંધાધૂંધી અને અવ્યવસ્થામાં અટવાય છે, જ્યારે સાધુ સત્ય અને વ્યવસ્થા તરફ પ્રયાણ આદરે છે. સંસ્કૃત નાટકોમાંનાં કોઈ પાત્રો ખાસ કરીને કેવળ ધાર્મિક ઉદ્દેશવાળાં હોતાં નથી, — અલબત્ત આ વિધાનમાં આપણે કેટલીક રૂપકાત્મક

રચનાઓનો અપવાદ કરીશું, પણ લગભગ દરેકમાં કેટલીક ધાર્મિક, નૈતિક અને આધ્યાત્મિક માન્યતાઓ અનુસ્યૂત થયેલી તો જોવા મળે જ છે.

'મૃચ્છકટિક' પણ બાહ્ય રીતે તો આ જગત જોડે જ સંકળાયેલું છે. 'માટી' જોડે જ સંકળાયેલું છે. પણ એના અંતરંગમાં સુવર્ણની ગાડી રહેલી છે. તત્ત્વ છુપાયેલું છે, દિવ્ય પ્રાજ્ઞતા ભરેલી પડી છે. આથી કદાચ તેનું એક પાત્ર આમ માટી અને સુવર્ણ બંનેને પોતાનામાં સમતુલ કરે છે. સૌ પ્રથમ જણાય ત્યારે શર્વિલક જુગારી હોય છે અને છેલ્લે નાયિકા વસંતસેનાનો અને તે દ્વારા નાયક ચારુદત્તનો પ્રાણ બચાવનાર પરમનો ઉપાસક સાધુ હોય છે. ઇન્દ્રિયસંતર્પકતા અને આધ્યાત્મિકતા, ઇહલૌકિકતાનું અને પરલૌકિકતાનું આ કલાત્મક સંયોજન છે. અને તે બંનેની વચ્ચે નાટકનો પ્રવાહ વહેતો રહે છે. આ પાત્ર જાણે નાટ્યપ્રવાહના બંને કિનારા મૂર્ત કરે છે, જાણે નાટ્યજગતની સીમાઓ અંકિત કરે છે. શરૂઆતમાં એ નાયકનો અનુચર હોય છે, અને પછી નાયિકાનો આશ્રિત અને અંતે બંનેનો ઉદ્ધારક બને છે. શર્વિલકની માફક સંવાહકનું ગૌણ પાત્ર નાયકનાયિકામાં કેટલું ઓતપ્રોત બનેલું છે! આમ આધ્યાત્મિક અને નાટ્યાત્મક સમતોલન સિદ્ધ થાય છે.

શૂદ્રક અને કદાચ ઘણા બધા સંસ્કૃત નાટ્યકારોને વિષમ અથવા વિરોધી વિગતોનું સમતોલન જ કલાનું રહસ્ય અને જ્ઞાનનું પરમતત્ત્વ હોય તેમ જણાય છે. પણ સૌ પ્રથમ અને અંતે તેઓ સાચા કલાકારો જ છે અને તેમને મન સમતોલન આધ્યાત્મિક રીતે સિદ્ધ થતી સ્વસ્થતામાં રહેલું છે. તર્ક દ્વારા પ્રાપ્ત થતા કોયડામાં કે બાહ્ય દેખાવ કે ડોળમાં નથી રહેલું. આની સરખામણી સંગીતમય રચનાની સંવાદિતા સાથે થઈ શકે. આ સમતોલનને મૂર્ત કરવામાં જ આ નાટકોનાં સૌંદર્ય અને ચિરકાલીન ચમત્કાર સમાયેલાં છે.

## શ્રીહર્ષ

શૂદ્રક પછીના મહત્ત્વના નાટ્યકારોમાં શ્રીહર્ષનું નામ બાજુ ઉપર રાખી શકાય તેવું નથી. હર્ષના ત્રણ નાટકોમાંથી, નાગાનંદને બાદ કરતાં, રત્નાવલી અને પ્રિયદર્શિકામાં વસ્તુગત અને સ્વરૂપગત સામ્ય અતિઘેરું છે. નાટ્યશાસ્ત્રમાં જેને 'નાટિકા' તરીકે ઓળખાવાય છે તેવા ચાર અંકોવાળા આ પ્રકારો છે. બંનેમાં નાયક ઉદયનની પ્રણયકથાઓનું નિરૂપણ છે. નાટ્યશાસ્ત્રીઓમાં શાસ્ત્રીય વિગતોનાં ઉદાહરણો આપતી વખતે રત્નાવલી સવિશેષ પસંદગી પામ્યું છે. છતાં બંને કૃતિઓમાં રહેલું બંધારણવિષયક સામ્ય તથા પાત્રો અને પરિસ્થિતિઓની એકરૂપતા કેવળ આકસ્મિક લેખી શકાય તેવાં નથી. જેનાં પ્રણયસાહસો ગાવામાં ઉજ્જયિનીના લોકો મગ્ન રહેતા એવો ઉદયન બંને કૃતિઓનો કથાનાયક છે અને સાથે બંનેમાં એકસરખી રીતે નાયકનો મિત્ર વિદૂષક વસંતક, નાયકની રાણી દેવી વાસવદત્તા તથા વાસવદત્તાની મુખ્ય દાસી કંચનમાલા વગેરે આવે છે. રત્નાવલીની નાયિકા સાગરિકા અને પ્રિયદર્શિકાની નાયિકા આરણ્યકા એ બંનેનાં મૂળ નામો જુદાં છે, પણ તેમનાં જીવનમાં બનેલા સાગર અને અરણ્યને લગતા મહત્ત્વના પ્રસંગો ઉપરથી આવાં નામો થોડા સમય માટે તે પામ્યાં છે.

આ બંને નાયિકાઓનો ઉલ્લેખ લોકકથાઓમાં નથી, અને એટલે અંશે મૌલિકતાને અહીં અવકાશ રહે છે. પણ છતાં બંનેને જાણે એક સિક્કાની બે બાજુઓ જેવી જ ચીતરી છે, એ ઘટના આકસ્મિક ન લેખી શકાય. પ્રસંગો પણ બંને કૃતિઓમાં લગભગ એકના એક છે, બીજા અંકનું પ્રમદવનનું દૃશ્ય, નાયિકાની નિ:સહાયતાની વિગત, આત્મઘાતનો પ્રયત્ન, છેવટે મિલનમાં પરિણમતી સયુક્તિક રચના, વિદૂષક અને નાયિકાને રાણી જેલમાં નાખે છે એ વિગત, પાછળથી થતો નાયિકાનો છુટકારો, અને છેલ્લી ઘડીએ રાજા દ્વારા કરવામાં આવતો બચાવ, પાછળથી નાયિકાઓની રાજકુંવરી તરીકેની જાહેરાત અને રાણી વાસવદત્તા સાથેના નિકટના સગપણની વિગત, રાજાની દુશ્મનો ઉપર થતી જીતની જાહેરાત વગેરે બંને કૃતિઓમાં સમાન છે. ચિત્રની વિગત, પાંજરામાંથી છટકતા મર્કટની વાત, ભયમાંથી નાયિકાનો નાયક વડે થતો બચાવ, વસંતોત્સવ,

કૌમુદીમહોત્સવ વગેરે સર્વસાધારણ વિગતોનો ઉપયોગ પણ થયો છે. કાલિદાસ અને ભવભૂતિમાં મર્કટને સ્થાને અનુક્રમે હાથી અને વાઘ જોવા મળે છે. આ કૃતિઓમાં રાણી અને નાયિકાના મનમેળમાં એક પ્રકારનું સમતોલન સિદ્ધ થાય છે.

આ બંને નાટિકાઓ હળવી પ્રણયકથાઓ જ છે. તેમાં નાયક રાજા અજ્ઞાત મોભાવાળી અને શરૂઆતમાં કુલીન ન મનાતી કન્યકા સાથે પ્રણય આદરે છે. તેઓનાં ગુપ્ત મિલનો નાયિકાની સખીની અને નાયકના મિત્ર વિદૂષકની મદદથી ગોઠવાતાં રહે છે. નાયકની પત્ની રાણી વાસવદત્તાની ઈર્ષ્યા એકસરખી રીતે નિરૂપાય છે. પાછળથી એ નાયિકા રાણીની પોતાની જ કોઈ રીતે સગી છે એવી વાતનો ખ્યાલ આવવાથી રાણી પોતે જ લગ્નની અનુમતિ આપે છે. આમ વસ્તુની પસંદગીમાં ભાગ્યે જ કંઈ નવી તક પ્રાપ્ત થાય છે. નવીન વસ્તુ અને કલ્પનાનાવીન્ય માટેનો નાટ્યકારનો વિશેષ આગ્રહ હોય તેમ પણ લાગતું નથી. ફક્ત બાજી ગોઠવવામાં જ સઘળી કલ્પનાશક્તિ કામે લગાડાય છે. વસ્તુવિકાસ અને પાત્રગત અતિસામ્યને પરિણામે એક નાટક તે બીજાની નકલ માત્ર હોય તેવી છાપ ઊપસે છે. ગર્ભાંકનો પ્રયોગ એ એક નવી જ વિગત પ્રિયદર્શિકા આપે છે, જેની અસરથી ભવભૂતિ અને અનુગામી નાટ્યકારો વંચિત નથી જણાતા. એ પ્રયોગની નરી વાસ્તવિક રજૂઆતને કારણે જ રાણી પણ શંકિત થાય છે. આ સિવાય, પ્રિયદર્શિકા એ રત્નાવલીનું એક રીતે પુનરાવર્તન માત્ર કહી શકાય.

નાગાનંદ એ પાંચ અંકનું નાટક છે. રત્નાવલી અને પ્રિયદર્શિકા બંને ચતુરંકી નાટિકાઓ હતી. નાગાનંદમાં સ્વરૂપભેદ ઉપરાંત તેનો પ્રધાન સૂર પણ જુદો જ છે. આ રીતે સ્વરૂપભેદ અને સ્વભાવભેદ બંને સ્પષ્ટ છે. બંને નાટિકાઓ વત્સરાજ ઉદયનનાં પ્રણયપરાક્રમો નિરૂપે છે, જ્યારે નાગાનંદ એ જીમૂતવાહન રાજકુમારના મહાન સ્વાર્પણની બૌદ્ધ આખ્યાયિકાને નાટ્યદેહ આપે છે. આ કથા મૂળ બૃહત્કથાની બંને વાચનાઓમાં વિસ્તાર અને સમાસથી બે વખત વાંચવા મળે છે. નાટકના આમુખમાં જણાવ્યા પ્રમાણે આ કથા કોઈ વિદ્યાધર જાતકમાં મૂળ કહેવાયેલી છે. પણ એ અંગે હાલ કોઈ માહિતી ઉપલબ્ધ નથી. મંગલ-શ્લોકમાં બુદ્ધને પ્રણતિ પાઠવવામાં આવે છે પણ સાથે ગૌરીનો પણ અનુપ્રવેશ થાય છે. નાટકના આ મંગલ શ્લોકમાં શમપ્રધાન વસ્તુ ઉપરાંત શૃંગારવિષયક ગૌણવસ્તુનો પણ ઉલ્લેખ વણી લેવાયો છે. અને નાયકના મલયવતી સાથેના મેળાપ અને પરિણયનો ઇશારો અહીં પ્રાપ્ત થાય છે.

આ પ્રણયવસ્તુ નાટકના ત્રણ અંકો રોકી લે છે. નાયક અને નાયિકા કોઈ પણ અવરોધ વગર જ સરળતાથી એકબીજાને પામે છે. આમ, પહેલા ત્રણ અંકો પેલી બે નાટિકાઓની સાથે પરિસ્થિતિ, સામાન્ય સૂર અને વાક્યખંડો વગેરેનું સામ્ય ધરાવે છે. આથી જ કદાચ પહેલા ત્રણ અંકો અને પાછળના બે અંકો વચ્ચે સારું એવું અંતર ઊભું થઈ જતું જણાય છે. પાછળના બે અંકો નાયકની સ્વાર્પણની અજોડ ભાવનામાં કેન્દ્રિત થાય છે. આમ, નાટકનો પૂર્વાર્ધ કદાચ ઉત્તરાર્ધના વિકાસ માટે અનિવાર્ય ન પણ જણાય. આથી કાર્યગત એકરૂપતા — યુનિટી ઑફ ઍક્શન — જોખમાતી હોય તેવું પણ લાગે. જીમૂતવાહન નાટકની શરૂઆતમાં પ્રણયથી અભિભૂત થયેલો અને મલયવતીને માટે ઝૂરતો નિરૂપાયો છે. પાછળથી સ્વાર્પણની તથા અભૂતપૂર્વ ભલાઈ અને ઉદારતાની ઘડીએ એ મલયવતીનું સ્મરણ પણ નથી કરતો એ પણ ઘણું વિચિત્ર તો લાગે જ છે, પણ નાટ્યકાર કદાચ રાગ અને વિરાગ વચ્ચેનું સમતોલન જાળવવાનો પ્રયાસ કરતા હોય એમ પણ બને.

વિશાખદત્તનું નામ તેમની એકમાત્ર કૃતિ મુદ્રારાક્ષસથી અમર થયું છે. ભાસના પ્રતિજ્ઞાયૌગન્ધરાયણની માફક કેવળ રાજકીય દાવપેચને જ પ્રધાનવસ્તુ તરીકે નિરૂપી વિશાખદત્તે એક અનોખી સિદ્ધિ હાંસલ કરી છે, તેનો ઉલ્લેખ કરીને તથા વીરરસને પ્રધાનરસ તરીકે નિરૂપતી ભટ્ટ નારાયણની કૃતિ વેણીસંહારનો પણ ફક્ત નામોલ્લેખ જ કરીને આપણે ભવભૂતિનો પરિચય પામીશું.

# ભવભૂતિ

ભવભૂતિની ત્રણ નાટ્યકૃતિઓમાંનું મહાવીરચરિત રામના પૂર્વજીવનનું સાત અંકમાં નિરૂપણ કરે છે. તેમાં નાટ્યકારની પ્રતિભાનો ફક્ત અણસાર જ પ્રાપ્ત થાય છે. દસ અંકનું માલતીમાધવ એ પ્રકરણ પ્રકારનું નાટક છે જેમાં માલતી અને માધવનું પ્રણયવસ્તુ આલેખાયું છે. કથાનકનું ગુંફન બરાબર સુશ્લિષ્ટ હોવાની છાપ તે પાડતું નથી તથા ભવભૂતિના વધુ પડતા ઊર્મિ-ઉદ્રેકો તેમાં ઘણી વાર જોવા મળે છે.

ભવભૂતિને સર્વકાલીન જગત્સાહિત્યમાં ઊંચું સ્થાન અપાવનાર તો ઉત્તરરામચરિત જ છે. રામકથા ઉપર આધારિત આ સપ્તાંકી કૃતિ સાચે જ અમૃત આત્માની કળાની માફક વિરાજે છે.

નાટકની પ્રસ્તાવનામાં પૂર્વ-કવિઓને નાટ્યકાર પ્રણામ પાઠવે છે અને અમર કવિવાણીને પણ બિરદાવે છે :

પૂર્વના કવિઓને આ નમસ્કાર સમર્પીએ;<br>
વન્દીએ દિવ્ય તે વાણી—અમૃતા આત્મની કલા.

(અનુ. ઉ.જોશી)

પ્રસ્તાવનામાં એમ જણાવવામાં આવે છે કે, વસિષ્ઠ અને રામની માતાઓ સમેત તમામ વડીલવર્ગ ઋષ્યશૃંગના યજ્ઞસત્રમાં હાજરી આપવા ગયો છે. પૂરા દહાડા જતા હોવાને કારણે સીતાને, અને (સીતાના વિનોદ માટે) રામને સાથે લઈ જવામાં આવ્યાં નથી. વનમાંથી પાછા આવ્યા પછી સદ્યારૂઢ રાજા રામ અને પ્રસવના દિવસો ગણતી સીતા બંને અયોધ્યામાં એકલાં જ છે. પ્રસ્તાવનાને અંતે પ્રથમ અંકની શરૂઆતમાં રામ સીતાનું મનોવિનોદન કરવાનો પ્રયાસ કરે છે. રામનું આ સ્વરૂપ એ જ એમનું સાચું સ્વરૂપ છે એવી છાપ કવિ ઉપસાવે છે. રામ બાકીનું જે કંઈ કરે તે એમની નિર્બળતા કે સામર્થ્ય — જે હોય તે, પણ રામના સીતાના વિશેના પ્રેમનો આ પ્રથમ પરિચય એ જ કાયમી છે, અને એના સંદર્ભમાં જ એમની ત્રુટિઓનું પણ મૂલ્યાંકન કરવાનું છે.

ગુરુજનો ગયા છે એના અનુસંધાનમાં રામ સીતાને આશ્વાસન આપવા પ્રયાસ કરે છે. રામના આશ્વાસનમાં પણ એમના સ્વભાવનું દર્શન અછતું નથી રહેતું. વડીલો સ્નેહથી ભરેલા હૃદયવાળા હોવા છતાં સંસારીના સ્વાતંત્ર્ય ઉપર અનુષ્ઠાનનિત્યત્વ અર્થાત્ અનિવાર્ય નિત્યકમનું નિયંત્રણ કવચિત્ અકળાવે પણ છે, અને છતાં સ્વધર્મ તો બજાવવો જ પડે છે. આ સ્વધર્મનો સાદ રામને તેમની પ્રત્યેક અવસ્થામાં એક-સરખો સંભળાય છે; અને રામ એકસરખી રીતે તેનો પ્રતિભાવ પાડતા રહે છે.

સીતા પણ આ સઘળું ક્યાં નથી જાણતાં? પણ સ્વજનોના વિપ્રયોગો સંતાપ આપનારા હોય છે. સ્વજનોના વિપ્રયોગો! — પ્રથમ બાળકના આગમનની ચિંતામાં મન વ્યગ્ર હોય ત્યારે પ્રણયી અને પ્રેયસી કેવી વાતોએ ચડી જાય છે? કંઈક કંઈક મધુરું, અસ્પષ્ટ, ગમી જાય તેવું લવવાને બદલે આ વિપ્રયોગની વાતો કાં ઉખે ચડે છે? વિધિ દુર્નિવાર્ય છે! હૃદયના મર્મને છેદી નાખતા આ સંસારભાવો કે જેનાથી અકળાઈને મનીષીઓ અરણ્ય સેવે છે, તે આ દંપતીને આ સમયે કેમ અકળાવે છે? એક અગાધ સાગર, કેવળ લંકાનો નહીં, વિપત્તિ અને વિપ્રયોગનો પણ, તરીને આ બંને મળ્યાં છે. બંનેનાં હૈયાંઓ અપૂર્વ યોગ સાધ્યો છે તેવે સમયે આ વિપ્રયોગની વાતોએ આ દંપતી કાં ચડી ગયાં? કાલિદાસની માફક ભવભૂતિ પણ વ્યંજનાના સ્વામી છે એવું કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. ફક્ત કાલિદાસની માફક વ્યંજના નિરૂપીને કલાકારનું અકળ મૌન અને સંયમ એ કવચિત્ ગુમાવી બેસે છે એ જ વાંધો છે. સીતા અને રામના આ મિલનમાં શબ્દો કરતાંય અનેકગણા ભાવો વ્યંજિત થાય છે, જે બંને પામી ચૂકે છે. એવામાં જ કંચુકી રામભદ્ર — હવે તો 'રાજા' રામ — ને વસિષ્ઠની પાસેથી આવેલા અષ્ટાવક્રના આગમનની જાણ કરે છે.

રામ અને સીતાને માટે અષ્ટાવક્ર બબ્બે સંદેશા લાવ્યા છે. વસિષ્ઠે જાનકી વીર પુત્રોને જન્મ આપનારી બને એવા આશીર્વાદ પાઠવ્યા છે. રામ વસિષ્ઠનાં વચનોના સાફલ્ય ઉપર વધુ વિશ્વાસ જાહેર કરતાં જણાવે છે કે આદ્ય ઋષિઓના શબ્દોને અર્થ અનુસરે છે. ઋષ્યશૃંગ અને દેવીઓએ સીતાને કહાવ્યું છે કે તેની નાજુક અવસ્થાના અનુસંધાનમાં જ તેને ત્યાં નથી લઈ જવામાં આવી અને રામભદ્રને પણ તેના મનોવિનોદન માટે જ ત્યાં રાખ્યા છે. અરુંધતી અને દેવીઓ વગેરેએ રામને પહેલું તો એ કહાવ્યું છે કે સીતાને જે કંઈ ગર્ભદોહદ થાય તે અવશ્ય અને તાત્કાલિક જ પૂરવો. છેલ્લે વસિષ્ઠે રામને કહાવ્યું છે કે અમે બધાં યજ્ઞકાર્યમાં પરોવાયેલાં હોવાથી અને તું બાળક અર્થાત્ બિનઅનુભવી છે તથા રાજ્ય નવુંસવું છે, તો સદાય પ્રજાના અનુરંજનમાં મતિવાળો બનજે. તેમાંથી જ યશની પ્રાપ્તિ થશે, જે તારું પરમ ધન છે!

રામને પાઠવવામાં આવેલા બે સંદેશાઓમાંના પહેલાનો કેવી વિચિત્ર રીતે ઉપયોગ થાય છે એ આપણે જોઈશું. ચિત્રવીથિકાના દર્શન દરમ્યાન પુન: એ વનપ્રદેશોમાં ભ્રમણ કરવાની ઇચ્છા સીતા વ્યક્ત કરે છે અને એ દોહદની પૂર્તિ સીતાના પરિત્યાગમાં ઉપયુક્ત થાય છે. કેવી કરુણ વક્રતા! બીજા સંદેશાના અનુસંધાનમાં રાજા રામ પ્રજાનું રંજન કરવાના શપથ ગંભીરતાપૂર્વક ઉચ્ચારતાં કહે છે:

સ્નેહ, કિંવા દયા, સૌખ્ય, અથવા જાનકી કદી,
લોક આરાધના અર્થે ત્યાગતાં ન મને વ્યથા.

(ઉ. ચ., ૧–૧૨; અનુ. ઉ. જોશી)

સીતા આ ઉત્સાહપૂર્વક બોલાયેલાં વચનોમાં જ રામચંદ્રનું ગૌરવ જુએ છે. રામ અથવા સીતા બેમાંથી એકેયને તે ક્ષણે ખ્યાલ નથી કે આ શબ્દો — ખાસ કરીને, 'અથવા જાનકી કદી' — વિચિત્ર સંજોગોમાં સાચા પડશે! રામે તો સ્નેહ ત્યજવાનું પણ ઉચ્ચાર્યું છે, પણ કદાચ સ્નેહનો તો ત્યાગ તેઓ કરી શકતા નથી. જાનકીને ત્યજતાં અને સ્નેહને સાચવતાં રામ દ્વિધાથી ભિન્ન થાય છે અને એ જ વાત એ પોતે ત્રીજા અંકની એક ઉક્તિમાં સ્પષ્ટ રીતે નોંધે પણ છે. રામની આ છિન્નભિન્ન મનોદશા જ કદાચ એમના પાત્રને વધુ જીવંત અને ચાહી શકાય તેવું બનાવે છે. રામ રાજકાજમાં બાળક, બિનઅનુભવી છે, એવો વસિષ્ઠ દ્વારા થયેલો ઇશારો પણ રામ જે નિર્ણય લેવાના છે તેમાં જે વાત રહી જવાની છે એ સૂચવી દે છે.

એવામાં કુમાર લક્ષ્મણ આવે છે. ચિત્રકારે તૈયાર કરેલી ચિત્રવીથિકા સીતા અને રામને બતાવવાનો ઉપક્રમ છે. આવનાર વિયોગની પૂર્વભૂમિકામાં રામ અને સીતાના અપૂર્વ યોગનું ચિત્ર ખૂબ અસરકારક ભૂમિકા પૂરી પાડે છે. ઉમાશંકર નોંધે છે: '...બંને પ્રેમિકોના સમગ્ર સહજીવનના સ્નેહસંગીતનો એકેએક તાર પહેલા અંકમાં ઝણઝણી ઊઠે તે યોગ્ય છે. સ્વાભાવિક રીતે જ ઉત્તરરામચરિત એ પશ્ચાદ્દર્શન(રિટ્રોસ્પેક્ટ)નું નાટક છે. પહેલા અંકમાં ચિત્રદર્શનની મદદથી અદ્ભુત કલામયતાપૂર્વક... બધી માર્મિક ઘટનાઓને કવિ સ્પર્શવાનું ચૂક્યા નથી. તે તે પ્રસંગની લાગણીઓ વર્તમાનની લાગણીઓ સાથે ગૂંથાઈ જાય છે, એમાં તો કોઈ શંકા જ નથી; પણ ભાવિનો રણકાર પણ એમાં ક્વચિત્ ક્વચિત્ ગુંજી ઊઠે છે. કવિએ ભારે સંવિધાનશક્તિથી ભૂતકાળના પુન:કથનમાં ભાવિના કથનને ભેળવી દેવા જેવું કર્યું છે... પશ્ચાદ્દર્શનનો આધુનિક નાટ્યકલામાં ઇબ્સને કર્યો છે તેવો માર્મિક ઉપયોગ કરવાની ફાવટ કવિને પહેલા અને બીજા અંક વચ્ચે, બલકે પહેલા અંક પછી તરત બનેલી ઘટનાને છેક સાતમા અંકમાં ગર્ભનાટકરૂપે મૂકવા સુધી, પશ્ચાદ્દર્શનને યોજવા પ્રેરે છે.' (ઉ. ચ., પૃ. ૫૭–૫૮)

ચિત્રવીથિકાના દર્શન દરમ્યાન રામ અને સીતા પોતાનાં જીવનના અનેક પ્રસંગો જાણે પુન: અનુભવે છે. જાણે પોતે જ તે પ્રદેશમાં અને તે જ સમયમાં હોય એવો સુમધુર ભાવ સીતાને થઈ આવે છે. એ પણ એક કરુણતા જ છે કે આ દંપતીને આ આખાય નાટકમાં જેને સાચા સુખની ક્ષણો કહીએ તેવી ક્ષણો

કદાચ આ ચિત્રદર્શન દરમ્યાન જ પ્રાપ્ત થાય છે, અને તે પણ પૂર્વનાં અનેકાનેક સંસ્મરણોને જ્યારે બંને વાગોળતાં હોય છે એ દરમ્યાન જ. અને એ સુખદ ભૂતકાળ વાગોળાતો હોય છે એ દરમ્યાન પણ ક્રૂર ભાવિના ઓળા ઊતરતા જ રહે છે. આ અપૂર્વ સંયોગની ક્ષણોમાં પણ વિરહના ભણકારા અને ભીતિ ઊપસ્યા જ કરે છે. ચરમ સુખની ઘડીઓ પણ નિર્ભેળ નથી રહેતી! સુખ અને દુ:ખનો અનેરો વ્યતિકર (સંયોગ) નાયકનાયિકા અનુભવી રહે છે. જનસ્થાન અને તેમાં રહેલા પ્રસ્રવણ પર્વતનું ચિત્ર વળી મધુર દિવસોને તાદૃશ કરી દે છે. રામ કવિતામાં ખોવાઈ જાય છે.

ભવભૂતિને ઊર્મિકવિ તરીકે બિરદાવતા ભાવકોની પ્રશંસા અસ્થાને નથી જ. ફક્ત જે લોકો તેમને ઊર્મિકવિ માનીને ત્યાં જ અટકે છે એ લોકો ભીંત ભૂલે છે. આ કવિતા અને નાટયનો અદ્‌ભુત સુમેળ કાલિદાસ સિવાય અન્યત્ર વિરલ જણાય છે. પ્રસ્રવણ પર્વત ઉપરના મધુર પ્રસંગોની યાદ સીતાને આપાવતાં એમણે અનુભવેલા મધુર ભાવો કવિતામાં ઉતારતાં નાયક નાયિકાને પૂછે છે કે,

સુતનુ દિન સ્મરે છે તે, રહ્યાં'તાં નિરાંતે,
કરી હતી જવ સેવા લક્ષ્મણે પર્વતે તે?
સ્મરતી સરસ તીરે સ્હોતી ગોદાવરીને?
સ્મરતી તું વળી તેની પાસ ઘૂમ્યાં કંઈ તે?
(૧–૬, અનુ. ઉ. જોશી)

અને વળી,

કંઈક કંઈક ધીરું ધીરું સામીપ્યયોગે
ક્રમ વિણ લવતાં દૈને કપોલે કપોલ,
ઉભયભુજ વીંટાયો ગાઢ આલિંગને, ત્યાં
પ્રહર ગત ન જાણ્યા, રાત્રિ પોતે જ વ્હૈ ગૈ.
(૧–૨૭, અનુ. ઉ. જોશી)

એ પછી જનસ્થાનમાં બનેલું ઘણું જાણે પ્રત્યક્ષ થઈ રહે છે. રામે કરેલાં એ હૈયાફાટ રુદનો [—'રુએ એથી તો પથ્થર પણ, તૂટે વજ્ર હૃદય' (૧–૨૮)] વગેરેની કવિ કલાત્મક નોંધ લે છે. જટાયુના પરાક્રમને આલેખતા ચિત્ર તરફ લક્ષ્મણ સહુનું ધ્યાન દોરે છે. વડીલોના અપત્યસ્નેહની હૂંફ જાણે ફરી સીતાને સ્પર્શી જાય છે. એ પછી ચિત્રકુંજવાન નામનો જનસ્થાનની પશ્ચિમે રહેલો પ્રદેશ, ઋષ્યમૂક ઉપરનું મતંગનું આશ્રમસ્થાન, શ્રમણા શબરી અને છેવટે પંપા સરોવર લક્ષ્મણ બતાવે છે. પંપા સરોવર સાથે સંકળાયેલું રામનું કલ્પાંત સીતાને યાદ આવી જાય છે. રામ પણ આંસુના ઊભરાવા અને સરી જવા વચ્ચેના સમય-અન્તરાલમાં એ સરોવર પોતાને કેવું જણાયું હતું તેનું ખૂબ ચિત્રાત્મક વર્ણન આપતાં જણાવે છે:

એમાં મેં મદકલ મલ્લિકાક્ષ પાંખે
હાલેલાં સ્ફુરત સુદંડ શ્વેત પદ્મો
જોયાં, નીલકમલના વિભાગ જેવાં
આવી અશ્રુજળ સ્રવંત તે વચાળે.
(૧–૩૧, અનુ. ઉ. જોશી)

ભવભૂતિએ કાલિદાસની માફક જ પ્રકૃતિને પણ એવી જ સૂક્ષ્મ નજરથી નિહાળી છે. ઉમાશંકર યથાર્થ રીતે જ નોંધે છે કે, 'માનવ ભાવના વેધક નિરૂપણ ઉપરાંત ભવભૂતિની કવિતાનું બીજું સિદ્ધિશિખર છે પ્રકૃતિચિત્રણ. કાલિદાસના મેઘદૂતમાં જણાતી ચિત્રાત્મકતા ભવભૂતિમાં પણ ઠેરઠેર જોવા મળે છે.'

આ પછી હનુમાનને આલેખેલા જોયા બાદ લક્ષ્મણ માલ્યવાન પર્વત નિર્દેશે છે, . . . અને રામ એની સાથે સંકળાયેલી કરુણ વિગતને વચ્ચેથી કાપતાં જાણે દ્વિગુણિત કરતા હોય તેમ વિપ્રયોગને વ્યંજિત કરે છે :

લક્ષ્મણ :

તે આ પેલો કકુભ-સુરભિ માલ્યવાન્ શૈલ, જેના
શૃંગે લે આશ્રય સુભગ આવી નવો નીલ મેઘ,
આર્ય તેના . . .

રામ :

આવ્યો મારે ફરીથી વળી શું જાનકીનો વિયોગ?

(૧–૩૩, અનુ. ઉ. જોશી)

ઉમાશંકર જોશી નોંધે છે :

"હનુમાનના દર્શનથી જરીક સુખ-આનંદનો ચમકારો થયો હતો. ત્યાં વિયોગના 'સમ' ઉપર અંકનું સંગીત પાછું આવી ગયું . . . જોવાનું એ છે કે બહુ જણાઈ ન આવે તે રીતે પણ કૌશલપૂર્વક કવિએ 'આવ્યો મારે ફરીથી વળી શું જાનકીનો વિયોગ?' એવા રામના ઉદ્ગાર આગળ ચિત્રદર્શનની સમાપ્તિ કરી છે." (પાદટીપ, પૃ. ૪૦–૪૧)

ચિત્રદર્શનથી સીતાને પુન: એ જ વનભૂમિઓ જોવાનો દોહદ થાય છે જે પાછળથી બહુ કરુણ વક્રતાસભર રીતે પૂરો કરાય છે. નાટ્યકારની સંવિધાનકલાની ઉત્કૃષ્ટતા પ્રથમ અંક, તૃતીય અંક અને સપ્તમ અંક એમ ત્રણ કેન્દ્રો ઉપર નિર્ભર છે, અને તેમાંય પ્રથમ અંક કદાચ સર્વોચ્ચ શૃંગ હોય તેવી છાપ ઊપસે છે. સીતાના દોહદની પૂર્તિ માટે માતા વગેરેના આદેશાનુસાર 'અચિરેણ' — તાત્કાલિક — વ્યવસ્થા વિચારી રામ લક્ષ્મણને રથ તૈયાર કરવા આદેશ આપે છે. એ રથ સીતાના વિનોદન માટે કલ્પાયો છે અને વિયોગાર્થમાં પરિણમે છે!

ચિત્રવીથિકાના દર્શન પછી શ્રમિત સીતાને આરામ માટે રામ પોતાના હાથનું ઓશીકું ગોઠવે છે અને સાથે 'સ્થિરપ્રસાદ' એવા રામ 'દાંપત્યસ્નેહનું સ્તોત્ર' ઉચ્ચારે છે :

ગૃહે આ લક્ષ્મી, ને અમૃતસળી છે એ નયનની,
શરીરે સ્પર્શો શા રસભર, શકે ચંદનરસ!
ગળે બાહુ આ તે શિશિરમૃદુ મુક્તાસર સમો!
ન શું એનું પ્રેયસ્! અસહ પણ તે માત્ર વિરહ.

(૧–૩૮, અનુ. ઉ. જોશી)

આ શબ્દો વિરહની નોંધ સાથે પૂરા થતામાં જ તો રામની ઉક્તિનો છેલ્લો શબ્દ 'વિરહ' 'આવી પહોંચ્યો છે' એવા પ્રતિહારીના શબ્દો સાથે જોડાઈ જતાં પ્રેક્ષક વર્ગ આગળ એકાએક સાક્ષાત્ વિરહ મૂર્તિમાન થઈને પ્રવેશતો હોય એવું ચિત્ર ઊપસી આવે છે. ચાલુ વાત સાથે આબાદ જોડાઈ જવા છતાં વાસ્તવમાં તો હવે પછી બનનારા આગંતુક બનાવનું ઇંગિત કરતાં આવાં પતાકાસ્થાનકો ભાસ વગેરે કવીશ્વરોએ ખૂબ સફળતાથી પ્રયુક્ત કર્યાં છે.

સીતા અંગેના જનાપવાદની કાને પડેલી વિગત રામને જણાવવા પ્રતિહારી દુર્મુખ આવે છે તે વખતે સીતા રામના સાન્નિધ્યમાં નિદ્રસ્થ છે અને નિદ્રામાં પણ વિરહના ભયે થથરતી હોય તેમ લવે છે. રામના કર્ણમાં દુર્મુખ વિષ રેડે છે. એ પછી ભવભૂતિએ ખૂબ અસરકારક એવી રામની એકોક્તિ પ્રયોજી છે. રામ જતે જતે સીતાની ભાળ રાખવા વસુંધરાને પ્રાર્થના કરે છે.

બીજા અંકના લાંબા વિષ્કંભકમાં સીતાત્યાગ પછીનાં બાર વર્ષોમાં બનેલી ઘટનાઓનો ખ્યાલ અપાય છે. કોક કર્તવ્યની પૂર્તિ અર્થે રામ આ વિસ્તારની મુલાકાતે આવે છે. રામના દર્શનમાત્રથી ખ્યાલ આવે છે કે સીતાત્યાગનું શલ્ય બાર વર્ષે પણ એમને જેવું ને તેવું જ દુ:ખદ બની રહે છે.

ત્રીજા અંકના વિષ્કંભકમાં જ રામના હૃદયમાં વ્યાપેલા ઘેરા કરુણનો અણસાર કવિ આપી દે છે. પંચવટીના તે તે પરિચિત પ્રદેશો જોઈ એ અમર્યાદ બની જવાનો છે. પંચવટીના દર્શનથી,

દુ:ખાગ્નિ જે પડયો હૈયે જ્વલશે આજ જોરથી
તે પહેલાં, ધૂમ્રગોટાશો મોહ લે આવરી મને.

(૩–૯, અનુ. ઉ. જોશી)

રામ પ્રવેશતાં પહેલાં જ મૂર્છાવશ થાય છે. તેમને પુન: સ્વસ્થ કરવાના ઉપાય તરીકે અદૃશ્ય રીતે ઉપસ્થિત સીતાને તાપસી સ્નેહસ્પર્શ અર્પવાનું સૂચવે છે. રામ અદૃશ્ય સીતાને જોઈ શકતા નથી પણ એના સ્પર્શથી એમનામાં ચેતનાનો પુન:સંચાર થાય છે:

આ પૂર્વનો પરિચિત પ્રિયસ્પર્શ એ જ
સંજીવનીસમ, વળી મનમોહકારી,
સંતાપની હરી લઈ ક્ષણમાંહી મૂર્છા,
આનંદ અર્પી ફરી જે જડતા પ્રસારે.

(૩–૧૨, અનુ. ઉ. જોશી)

રામની આ ઉક્તિ સાંભળી સીતાનો રોષ લગભગ દૂર થઈ જાય છે. જોકે રામની વેદના અનુભવતી સીતા જે બન્યું છે તે અને જે જુએ છે એ બંને વચ્ચે મેળ બેસાડી શકતી નથી. અલબત્ત એ રામને વિશે અનુકૂળ જરૂર થાય છે પણ પરિત્યાગની લજ્જાનું શલ્ય હજી પૂરેપૂરું દૂર થયું નથી. ભવભૂતિ આ અંકમાં બેવડું દૃશ્ય પ્રયોજે છે જેમાં એક બાજુ રામ અને વાસંતી રહેલાં છે જ્યારે બીજી બાજુ તે બંનેથી અદૃશ્ય એવા તમસા અને સીતા છે. આ દૃશ્યમાં ભવભૂતિની સંવિધાનકલા પૂરો ઉત્કર્ષ પામે છે.

રામચંદ્ર સ્પર્શ ઓળખે છે પણ પ્રિયાને પામતા નથી. મનમાં થાય છે કે આમાં તો માનસિક સંકલ્પોના અભ્યાસની પટુતા જ કારણરૂપ હશે. નેપથ્યમાંથી 'ભારે થઈ, ભારે થઈ!' એવા શબ્દોના અનુસંધાનમાં સીતાના માનસપુત્ર — પુત્રકૃતક કરિકલભ ઉપર હુમલો થયાનું જાણી રામ પોતે જ તેને બચાવવા દોડે છે. સીતા એ જોઈ સંતોષ અનુભવે છે. રામ અને વાસંતીનું મિલન પ્રયોજાય છે. વાસંતી કરિકલભને બચાવવા જણાવે છે પણ એ તો મોટા હાથી સામે વિજયી થયો હતો એ તરત જ ખ્યાલમાં આવે છે. કરિકલભના પ્રસંગનું માહાત્મ્ય રામ અને વાસંતીના મિલનમાં અને રામ અને સીતાને વાસંતીના ઉલ્લેખ દ્વારા એકબીજા તરફ વધુ અભિમુખ કરવામાં રહેલું છે. હાથણી સાથેના કરિકલભને જોઈ સીતા પોતાનાં વાલ્મીકિને સોંપેલાં બાળકોને સ્મરે છે અને સ્નેહથી ભીંજાય છે. બાળકના પિતાને પ્રત્યક્ષ જોઈને એનો એમના પ્રત્યેનો રોષ પણ જવા માંડયો છે.

કરિકલભ પછી સીતાના બીજા પુત્ર મોરની યાદ વાસંતી આપે છે. ધીમે ધીમે વાસંતી આખી પંચવટીને સીતામય કરી મૂકે છે. એ પછી રામ અને સીતા વડે પૂર્વે ઉપયોગમાં લીધેલી શિલા-પથારી ઉપર રામને બેસવાનું વાસંતી સૂચવે છે. રામ એ શિલા-પથારી જોઈ વિવશ થાય છે. સીતાની પણ એવી જ દશા થાય છે. સીતા કહે છે: 'સખી વાસંતી, આર્યપુત્રને અને મને એ બતાવીને તેં આ શું કર્યું? અરેરે હાય! એના એ જ આર્યપુત્ર! એનું એ જ પંચવટી વન! એની એ જ પ્રિયસખી વાસંતી! એના એ જ આ વિવિધ વિશ્રંભના સાક્ષી એવા ગોદાવરી પરના વનપ્રદેશો! એનાં એ જ આ પેટનાં જણ્યાં જેવાં મૃગો, પક્ષીઓ અને વૃક્ષો! પણ મારે મંદભાગિનીને માટે એ બધું દેખાતું છતાં એમાંનું કાંઈયે નથી.' એ પછી, વાસંતી સીતાત્યાગના પ્રશ્નને મધુર રીતે છેડીને તે અંગે રામનું વલણ જાણવાનો ઉપક્રમ રચી રહે છે.

વાસંતી આખી પંચવટીની ભૂમિને રામનું સ્વાગત કરવાનું કહે છે. ભવભૂતિ અહીં પ્રકૃતિના 'રુદ્રરમ્ય' સ્વરૂપનો પરિચય આપે છે. ઉમાશંકર જોશી નોંધે છે:

'પ્રકૃતિના કવિ તરીકે ભવભૂતિએ ઉત્તરરામચરિત દ્વારા સંસ્કૃત સાહિત્યમાં જ નહીં પણ વિશ્વસાહિત્યમાં ઘણું ઊંચું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ચિત્રદર્શન પ્રસંગે જ ઠેર ઠેર પ્રકૃતિકવિતાના ફુવારા ઊડતા જોવા મળે છે. બીજા અંકમાં તો એ ધસમસતા ધોધવારૂપે પ્રતીત થાય છે. અને ત્રીજા અંકમાં પ્રકૃતિકવિતા એક સ્થિર-ગંભીર કાસાર સ્વરૂપે દેખાય છે, જેમાં રામ અને સીતાની અપૂર્વ વિરહશ્રી નિઃશેષપણે પ્રતિબિંબિત થયેલી જોવા મળે છે. પંચવટીમાં જ ત્રીજા અંકની હૃદયસમૃદ્ધિ ઠાલવવી શક્ય હતી. પ્રકૃતિપ્રેમના પરિવેશમાં માનુષ પ્રેમ કેવો આનંદસાંદ્રરૂપે વિકસી શકે છે તેનો અનુભવ પણ ભવભૂતિની પ્રકૃતિ કવિતા દ્વારા થાય છે. ભવ-ભૂતિની સૃષ્ટિમાં વનદેવતા ત્રિલોકવાહિની ગંગા અને સ્વયં ભૂતધાત્રી વસુંધરા એ પ્રકૃતિસત્ત્વો પ્રત્યક્ષ પાત્રો રૂપે સંચરે છે. સીતા, વાસંતી (૨–૯નો અપવાદ બાદ કરતાં) અને રામની ઉક્તિઓમાં પ્રકૃતિની લલિતતા અને મંગલતા પ્રગટ થાય છે, તો જનસ્થાનવાસી શૂદ્રતાપસ શંબૂકની ઉક્તિઓ દ્વારા પ્રકૃતિની વિચિત્રરૂપતા (ગ્રોટેસ્કનેસ) અને ઊર્જિતતા (સબ્લિમિટી) રેખાન્વિત બને છે. નિબિડ અરણ્યોનાં વિકટ ગિરિગહ્વરોમાં ઘૂમતાં ભયંકર હિંસક શ્વાપદોનાં ટોળાં, ભુજંગોના શ્વાસથી જેમાં અગ્નિ પ્રજવલી ઊઠે છે એવી વનની સૂની સીમો, અજગરનો પરસેવો પીતા કાચિંડા, બરાડા પાડતા કુહરવાસી રીંછડાઓ, ફળથી લચી પડતી જાંબુની શ્યામ કુંજો, વાંસના ઝુંડમાં માળામાં લપાયેલા કાગડાઓને મૂંગા કરી દેતા ઘુવડોના ઘુઘવાટ, મયૂરની કેકાથી ફફડી ઊઠી ચંદન તરુના જીર્ણ થડથી ઝૂલી રહેલા સર્પો, ગિરિકુહરો ગજવતા ગોદાવરીના ગદ્‌ગદ્ અવાજો, કલ્લોલકોલાહલે એકમેકથી અથડાતા સરિત્સંગમો — એ બધું પ્રત્યક્ષ કરાવતા શમ્બૂકના ઉદ્‌ગારો પ્રકૃતિનાં ભયાનક અને અદ્‌-ભુત પાસાંમાં રહેલી ઊર્જિતતાનો અનુભવ કરાવે છે. ઉત્તરરામચરિતના કરુણના આલેખનમાં પ્રકૃતિકવિતાનો તાર સતત ગુંજ્યા કરે છે, અને વચ્ચે વચ્ચે વિરહવીણાના ઝંકારમાં વિરાટ પ્રકૃતિની અદ્‌ભુત ભયંકરતાની મીંડ બોલી ઊઠે છે.' (ઉ. ચ., પૃ. ૭૭–૭૮)

વાસંતી સીતાત્યાગની વાત ધીરેથી છેડીને રામને ઉપાલંભ આપતાં કહે છે :

તું મારું જીવિત, વળી હૃદય દ્વિતીય.
તું કૌમુદી નયન કેરી, સુધા તુ અંગે.
એવાં શત પ્રિયથી રીઝવી જેહ મુગ્ધા
તેને જ — શાંત રહું વા, વધુ બોલીને શું?
(૩–૨૬, અનુ. ઉ. જોશી)

આ પછી રામ મૂર્છિત થાય છે. સીતાનું ચાલત તો એ વાસંતીને આવું બોલતાં અટકાવત. એ પછી રામનો વિલાપ મોકળો બનીને વ્યક્ત થાય છે. તેમાં ભાવોની કોરી અકાવ્યમય અભિધા — શબ્દશક્તિ અને અત્યુક્તિ કરવાનો ભવભૂતિનો દોષ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. પુનઃ રામ અચેતન થતાં ફરી સીતાના સ્પર્શનો ઉપાય લેવાય છે. આ બધામાં પુનરુક્તિદોષ જોઈ શકાય છે. સીતાને પણ થાય છે કે પરિત્યાગની લજ્જાનું શલ્ય આર્યપુત્રે દૂર કર્યું છે. સીતાને થતી આ પ્રતીતિ પુનર્મિલનના સંદર્ભમાં અનિવાર્ય છે.

ત્રીજા અંકમાં સીતાનું હૃદ્‌ગત શલ્ય દૂર થયું. તેનાં સ્વજનો જેવાં કે, જનક વગેરેના શલ્યને દૂર કરવા ચોથો અંક પ્રયુક્ત થયો છે. અંક ચાર, પાંચ અને છમાં બાળકોની ઓળખાણ પણ ધીમે ધીમે આકાર લે છે જે સાતમા અંકમાં પૂર્ણતા પામે છે.

સાતમો અંક ગર્ભાંકના પ્રયોગ દ્વારા લોકોને સીતાના પાવિત્ર્યની પ્રતીતિ કરાવે છે અને અંતે રામ અને સીતાનું લવકુશ સહિત મિલન સાધી આપે છે. ગંગા અને પૃથિવી ચિત્રદર્શન વખતે ઉચ્ચારાયેલાં રામનાં વિધાનો ટાંકી પોતે ઋણમુક્ત થવાનો ભાવ વ્યક્ત કરે છે, અને એ દ્વારા આ સુખદ અંત નાટ્યકારે પહેલેથી જ કલાપૂર્ણ રીતે વિચારેલો હતો એની દૃઢતર પ્રતીતિ થાય છે.

# ઉપસંહાર

સંસ્કૃત નાટ્યસાહિત્ય અંગે વિચાર કરતાં આપોઆપ જ કાલિદાસ અને ભવભૂતિનાં નામો ભાવકના મનમાં આવી જાય છે. સંવિધાનકલામાં લાઘવ, વ્યંજના અને તખ્તાલાયકીનો ગુણ બંનેની કૃતિઓમાં એકસરખો જણાય છે. એ બંને અંગે વિચારતાં ઉમાશંકર નોંધે છે :

'કાલિદાસની ભવભૂતિ કરતાં (અથવા બીજા કોઈ પણ કવિ કરતાં) વિશેષતા હોય તો તે જીવનનું અખિલાઈપૂર્વક દર્શન કરવાની એનામાં ઊંચા પ્રકારની શક્તિ છે તેને લીધે છે. ભાષાની, વ્યક્તિની, સંવિધાનની એમની વિશેષતાઓ જીવનને અખંડપણે જોવાની એમની આ વિશેષતાને પરિણામે છે, એ એ વિશેષતાના નિદર્શનરૂપ છે. અન્ય કવિઓ ઘણુંખરું જીવનના એકદેશનું દર્શન કરતા હોય છે. એમની અનુભૂતિ જીવન-રહસ્યના એક એક પાર્શ્વની અને તેથી પરિમિત હોય છે, જ્યારે કાલિદાસની કાવ્યાનુભૂતિમાં કાંઈક અપરિમેયતા વરતાય છે, અખિલાઈને આવરી લેતી કલાનો અણસારો મળે છે.' (પૃ. ૮૧)

ભવભૂતિ સાથે સંસ્કૃત નાટકની પ્રતિભાના એક તબક્કાનો અંત આવે છે. એ પછીના નાટ્યકારોમાં પ્રતિભાનો અભાવ હતો કે એ પછીનો યુગ એ સંસ્કૃત નાટક સાહિત્યનો અવનતિકાળ હતો એમ કહેવાનો આશય નથી. પણ એ વાત નક્કી કે પછીના નાટ્યકારો કલાકારો કરતાં કસબીઓ હોવાની છાપ વધુ દૃઢ થાય છે. નાટ્યવસ્તુના નાવીન્યને સ્થાને નવનવીન તરકીબોની અજમાયશ ધ્યાનપાત્ર બને છે. નાટ્યાંશ અને કાવ્યાંશના સમતોલન ઉપર બહુ ધ્યાન અપાતું નથી. આથી જ મુરારિને આપણે કવિ તરીકે જ વધુ યાદ કરીશું. રાજશેખરને બાલરામાયણ માટે ભાગ્યે જ યાદ રાખીશું, જોકે એનાં કર્પૂરમંજરી અને વિદ્ધશાલભંજિકા યાદ રહી જાય તેવાં છે. એમાં સર્જનાત્મક પ્રતિભાના ચમકારા જરૂર જોવા મળે છે. કૃષ્ણમિશ્રનું પ્રબોધ ચંદ્રોદય રૂપકાત્મક હોવા છતાં એક સફળ કૃતિ છે. વત્સરાજે છ રૂપકો નાટ્યશાસ્ત્રીય પ્રકારવિશેષોને પુનઃસ્થાપિત કરવા જ લખ્યાં છતાં તેની ગુણવત્તા ઓછી નથી. ગુજરાતના નાટ્યકારોમાં બિલ્હણ, રામચંદ્ર, સોમેશ્વર વગેરેનાં નામો નોંધપાત્ર છે. સંસ્કૃત નાટ્યકારોએ જે અભિનવ પ્રયોગો કર્યા તેમાં ઉલ્લાઘરાઘવના સાતમા અંકનો ખાસ ઉલ્લેખ કરી શકાય. બે પાત્રોના સંવાદના અનુસંધાનમાં પ્રસંગોની હારમાળા રજૂ થતી રહે છે. સંસ્કૃત નાટકોની પ્રણાલિકા લગભગ આધુનિક કાળ સુધી ચાલુ રહી છે, છતાં સોળમી સત્તરમી સદીમાં એ જીવંત પરંપરાનો, મુસલમાનોની રાજનીતિ વગેરે જેવાં અનેક કારણોથી, અંત આવ્યો. છતાં, કવિપ્રતિભાના ચમકારા છેક સુધી ચાલુ રહ્યા હતા. મહાદેવ કવિનું અદ્ભુતદર્પણ એક હેરત પમાડે તેવો પ્રયોગ આપે છે જેમાં ચાર સમાંતર દૃશ્યો એકી સાથે રજૂઆત પામે છે — નાટ્યકારોના પ્રયોગકૌશલનું આ અવિસ્મરણીય ઉદાહરણ છે. આ ઉપરાંત ભાણ અને પ્રહસનો, છાયાનાટક તથા હનુમન્નાટક અથવા મહાનાટક પણ સંસ્કૃત રંગભૂમિના પ્રયોગવૈવિધ્યની સાક્ષી પૂરે છે.

સંસ્કૃત નાટકની રસલક્ષિતા એ એની અપૂર્વ સિદ્ધિ છે. સંસ્કૃત નાટ્યદેહમાં પંચસંધિ અને સંધ્યંગો વગેરેની કલ્પના તથા તેમનો રસરૂપી આત્માને અનુરૂપ સમુચિત પ્રયોગ એ તેને નાટ્યશાસ્ત્રીઓએ એક જીવંત તંત્ર — લિવિંગ ઑર્ગેનિઝમ — તરીકે કલ્પ્યાની ગવાહી પૂરે છે.

# સંસ્કૃત રંગભૂમિ

"જગતના નાટ્યસાહિત્યમાં પ્રયુક્ત થતી કોઈ પણ રંગભૂમિની તરકીબનો અહીં અભાવ નહીં જણાય. અહીં એકોક્તિઓ, અપવાર્યોક્તિઓ તથા જનાન્તિકો, મૂક અભિનયથી વ્યક્ત થતાં દૃશ્યો અને રંગસામગ્રી, કલ્પનાયુક્ત સંગીતવિધાન, સંગીતાત્મક અલંકૃતિ, સમાંતરોક્તિઓ, એકસાથે રજૂ થતાં બે કે તેથી વધુ દૃશ્યો, વિસ્તૃત મોન્ટેજ, રૂઢિગત અભિનય, સ્વાભાવિક અભિનય, કાવ્યાત્મક અભિવ્યક્તિ, યથાર્થ અને બોલ-ચાલની અભિવ્યક્તિઓ, પ્રભાવવાદ, અભિવ્યક્તિવાદ, ભૌતિક અને આધિભૌતિક, ધર્મનિરપેક્ષ અને દિવ્ય તત્ત્વ, ક્રિયાકાંડ, હાસ્ય, ભાવાત્મક તીવ્રતા, ફારસ, પૅરડી, કપોલકલ્પિતતા — આ બધું વિકાસના ઊંચા તબક્કે પહોંચ્યું છે. અલબત્ત પશ્ચિમના નાટકમાં છે તેવી ઘણી વિગતોનો હિંદુ નાટકમાં અભાવ છે. તો વિપક્ષે પશ્ચિમનું નાટક જે સિદ્ધ નથી કરી શક્યું તેવું ઘણું તેણે સિદ્ધ કરી બતાવ્યું છે. ચરિત્રાંકન, સમાધાન ન સ્વીકારતી અડગ સંકલ્પશક્તિની અભિવ્યક્તિ, કરુણ વિરેચન, વ્યંગાત્મક ધાર, તાર્કિક કે દ્વંદ્વાત્મક ચિંતન વગેરે વધારે ઉચ્ચ સ્વરૂપે અહીં નથી આવતાં. ઘણાખરાં યુરોપીય નાટકો કરતાં સંસ્કૃત નાટકમાં નિરૂપાતા ભાવો અધિક ભીષણ હોય છે. પણ સહજ રીતે તેની અભિવ્યક્તિ ન કરતાં સહાનુભૂતિભરી રજૂઆતમાં તેનું ઇંગિત કર-વામાં આવે છે. અહીં લાગણીના સીધા નિરૂપણ કરતાં સ્વરૂપ અને સંયમ માટેની સૌંદર્યલક્ષી માગ વધારે ચડિયાતી સિદ્ધ થાય છે. આધ્યાત્મિક સમતોલન, વિરોધો વચ્ચેની સ્વસ્થતા અને ભીષણ ગતિના કેન્દ્રબિંદુમાં શાંતિ અને સંપ્રાપ્તિ — એ બધાં ભારતીય નાટકોમાં મુખ્ય વિષય હોય છે. પશ્ચિમના દૃષ્ટિકોણથી સંસ્કૃત નાટક એક સનાતન વિરોધાભાસ છે, એક સફળ ચિંતનાત્મક નાટક છે."

—હેન્રી વેલ્સ

# ભારતીય જીવનદૃષ્ટિ

"પશ્ચિમની શૅક્સ્પિયર જેવાની જીવનદૃષ્ટિ પ્રમાણે દુરિતના હાથ અંતે તો હેઠા પડે છે એમ નિર્દેશાય છે. પણ તે માનવોત્તમોના પ્રાણને ભોગે, અર્થાત્ માનવજીવનમાંથી ઊછળતા અગાધ કારુણ્યરૂપે જ માંગલ્યનાં દર્શન થાય છે એમ કહી શકાય. ભવભૂતિ જેવામાં પ્રગટ થતી ભારતીય જીવનદૃષ્ટિ પ્રમાણે પણ એ જ રીતે માંગલ્યનાં દર્શન થાય છે. માત્ર દુરિતની લીલા સામે ટકી રહેવા પ્રેરતી કોઈક શ્રદ્ધાને બળે, માનવો ગમે તેટલું સહન કરવું પડે છતાં (સહન કરવાનું બળ એ શ્રદ્ધા-માંથી મળી રહે છે) નિષ્કંપ રહેતાં હોઈ અંતે એ શ્રદ્ધાના બળ આગળ આપોઆપ ગળી જતા દુરિતના સાક્ષી બને છે અને તેમનો ઐહિક પરાભવ કે નાશ થતો નથી. બંને જીવનદૃષ્ટિઓ પ્રમાણે કારુણ્ય(ધ ટ્રૅજિક)નો અંતિમ અનુભવ એકસરખો જોઈ શકાય પણ અવાંતરક્રમમાં તેમ જ તેના નિરૂ-પણમાં મહત્ત્વનો તફાવત છે.

"... વિશ્વક્રમના અન્વયમાં ઉત્તરરામચરિતમાં સાકાર થયેલી અનુભૂતિનું મહત્ત્વ જોતાં ભવભૂતિને વિશ્વકાવ્યના એક ઉદ્‌ગાતા (કૉસ્મિક પોએટ) કહીએ તો તે ભાગ્યે જ અયથાર્થ ગણાશે."

—ઉમાશંકર જોશી

# ભારતીય સૌંદર્યશાસ્ત્ર

"ભારતીય સૌંદર્યશાસ્ત્રનું રહસ્ય એ છે કે તે સામાન્ય રીતે નટને વિશે રસાસ્વાદની સંભાવના સ્વીકારતું નથી અને પ્રેક્ષક ઉપર પડતા ભાવો લૌકિક હોવાનું પણ તેને સ્વીકાર્ય નથી. સંસ્કૃત નાટ્યશાળા લાંબી પરંપરા પ્રમાણે એક આભાસવાદ (ઇલ્યુઝનિઝમ) જ છે. હૃદયને અપીલ કરવામાં આ કળા ખૂબ સાગ્રહી છે. આવી કળા પોતાની રીતે આનંદરૂપ છે, પાયાના ભાવમય જીવન સાથે સંકળાયેલી છે, અને તેની અસર તાપશામક

જેવી છે. તેનું પરિણામ સુખદ છે અને સંતર્પક છે, તથા કલ્યાણ અને સમતોલનનો ભાવ જગાડનારી છે. આનાથી વધુ 'શુદ્ધ કળા' પશ્ચિમે ભાગ્યે જ પ્રાપ્ત કરી છે, કદાચ ભાગ્યે જ ચરમસીમાએ ગયેલા રોમૅન્ટિસિઝમમાં પશ્ચિમે આટલી સઘન મનશ્ચક્ષુની દૃષ્ટિની ભાવમય અનુભવને વિશેની નિશ્ચલતા અનુભવી હોય!

"...પશ્ચિમને ન સમજાય તે રીતે ભારતમાં હૃદય અને બુદ્ધિ સંયોજિત થાય છે. ભવભૂતિની કૃતિમાં હૃદયનો નાદ જેવો ગુંજે છે, તેવો પશ્ચિમી નાટકમાં ભાગ્યે જ અનુભવાય છે. એવી જ રીતે શૂદ્રકમાં જણાતી વિશિષ્ટતા પણ પશ્ચિમનાં નાટકોમાં નથી જણાતી. ટ્રૅજેડી અને સેટીરિકલ કૉમેડી પશ્ચિમમાં જરૂર વધુ સારસ રીતે નિરૂપાઈ છે, અને કદાચ એ સાચું છે કે ભારતીય નાટ્યસાહિત્યમાં 'ટ્રૅજેડી' નથી અથવા 'સમસ્યા નાટકો' (પ્રૉબ્લેમ પ્લેઝ) પણ નથી. મેથ્યૂ આર્નોલ્ડ જણાવે છે તેવાં ક્રિટિસિઝમ ઑફ લાઈફ બન્યાં હોય તેવાં નાટકો પણ નથી. ગંભીર બૌદ્ધિક કક્ષાની કૉમેડી પણ અહીં નથી.

ભારતે 'હૅમ્લેટ' કે 'કૅન્ડિડા' આપ્યાં નથી, 'ઑડિપસ રેક્સ' કે 'એનિમી ઑફ ધ પીપલ' પણ આપ્યાં નથી. પણ પોતાની રીતે સંસ્કૃત નાટ્યકારોમાં ખૂબ વૈવિધ્ય છે. પશ્ચિમની સૌથી મહાન ટ્રૅજેડીમાં તત્ત્વદર્શન તરફ ઝોક હોય છે, અને કૉમેડી વ્યંગપ્રધાન હોય છે. ટ્રૅજેડી ભાગ્ય ઉપરના વ્યંગરૂપ બને છે, કૉમેડી સમાજના અદના માનવ ઉપરના વ્યંગરૂપ બને છે. આ દરેક વિગતોમાં પૂર્વ જ્યાં વિભાજન કરે છે ત્યાં પશ્ચિમ સંયોજન કરે છે."

**—તપસ્વી નાન્દી**

# ૫ : પુરાણો

## પ્રવેશક

વેદો, રામાયણ અને મહાભારતની જેમ પુરાણો ભારતની અણમોલ સાહિત્યિક સંપત્તિ છે. ભારતીય સાહિત્યમાં પુરાણ સાહિત્ય ઘણું પ્રાચીન છે અને આ સાહિત્યનાં આદિ બીજ તેથી પણ પ્રાચીનતર છે. વિશાળ સંસ્કૃત સાહિત્યનો આ એક અગત્યનો અને બૃહદ અંશ છે; એટલું જ નહીં પરંતુ પ્રાચીન ભારતીય ઇતિહાસ, સંસ્કૃતિ, ધર્મ અને સમાજના અધ્યયન માટેના મૌલિક ગ્રંથોમાં આ સાહિત્ય અગત્યનું સ્થાન ભોગવે છે; નવી અર્વાચીન હિન્દુ ધાર્મિક પ્રણાલીઓનાં વિવિધ પાસાંઓના અધ્યયન માટે પણ પુરાણોનું અધ્યયન આવશ્યક છે. પુરાણોને આપવામાં આવેલા 'પંચમ વેદ'ના બિરુદથી તેની અગત્ય અને પવિત્રતા સૂચિત થાય છે.

ભારતીય સાહિત્યના અને સંસ્કૃતિના મૂલાધાર એવા વૈદિક સાહિત્યમાં પુરાણ શબ્દનો ઉલ્લેખ અનેક સ્થળે પ્રાપ્ત થાય છે. સૌ પ્રથમ તેનો ઉલ્લેખ ઋગ્વેદની કેટલીક ઋચાઓમાં વિશેષણ તરીકે પ્રાપ્ત થાય છે; ત્યાં એ 'જૂનું — પ્રાચીન' એવા અર્થમાં પ્રયુક્ત થયેલો છે. પુરાણ શબ્દ ઉપરાંત 'પુરાણી' શબ્દનો પ્રયોગ પણ ઋગ્વેદમાં પ્રાચીનનો બોધક છે અને વિશેષણ તરીકે વપરાયો છે. અથર્વવેદમાં પુરાણ અને 'ઇતિહાસ' શબ્દ જોવા મળે છે; પરંતુ પુરાણ શબ્દનો પ્રયોગ તે નામના કોઈ એક ગ્રંથ માટે છે કે તેવા અનેક ગ્રંથોનો બોધક છે, તે નિશ્ચિત રીતે કહી શકાય એમ નથી. અહીં એ નોંધવું રસપ્રદ છે કે અથર્વવેદમાં 'પુરાણવિત્' શબ્દ પણ પ્રાપ્ત થાય છે.

બ્રાહ્મણ સાહિત્યમાં, દા. ત. શતપથ-બ્રાહ્મણ, ગોપથ-બ્રાહ્મણ ઇત્યાદિમાં, પુરાણ શબ્દના અનેક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. ગોપથ-બ્રાહ્મણ વેદનિર્માણનો ઉલ્લેખ सपुराणाः (वेदाः निर्मिताः सपुराणाः) તરીકે કરે છે. તેમાં અન્યત્ર પુરાણનો ઉલ્લેખ पुराणवेद તરીકે થયો છે, અને તેનું નિર્મિતિસ્થાન ઊર્ધ્વાથી (અર્થાત્ 'મસ્તકની ઉપરની દિશામાંથી') નિરૂપવામાં આવે છે. શતપથ-બ્રાહ્મણમાં પુરાણનો ઉલ્લેખ 'ઇતિહાસપુરાણ' એમ સામાસિક શબ્દમાં પ્રાપ્ત થાય છે. વળી તેનો પૃથક્ પ્રયોગ પણ મળે છે. ગોપથ-બ્રાહ્મણમાં 'ઇતિહાસવેદ'-નો પણ ઉલ્લેખ મળે છે. 'ઇતિહાસવેદ' અને 'પુરાણવેદ'ના ઉલ્લેખો બીજા વેદો અને વિદ્યાઓ સાથે પ્રાપ્ત થાય છે. શતપથ-બ્રાહ્મણ જણાવે છે કે પારિપ્લવના નવમા દિવસે પુરાણનો પાઠ કરવો જોઈએ.

ઉત્તરવૈદિક સાહિત્યમાં તો પુરાણનો ઉલ્લેખ વધતો જાય છે. તૈત્તિરીય આરણ્યકમાં 'ઇતિહાસ' અને 'પુરાણો'(पुराणानि)નો પ્રયોગ દૃષ્ટિગોચર થાય છે. આના સંદર્ભમાં મહામહોપાધ્યાય ડૉ. પાંડુરંગ વામન કાણે જણાવે છે કે ઉત્તરવૈદિક કાળમાં 'પુરાણ' નામક ત્રણ કે તેથી વધુ ગ્રંથોના અસ્તિત્વ અને અધ્યયન વિશે અનુમાન કરવું, અને અશ્વમેધ જેવા યજ્ઞોના પ્રસંગે તેમનું વાચન પણ થતું હશે એમ અનુમાન કરવું, અયોગ્ય નહીં ગણાય. બૃહદારણ્યક ઉપનિષદ 'ઇતિહાસપુરાણ'ને મહાનભૂત(પરબ્રહ્મ)ના 'નિઃશ્વસિત' તરીકે વર્ણવે છે. છાંદોગ્ય ઉપનિષદ ઇતિહાસપુરાણને पञ्चमो वेदानां वेदः અને पुराणं पञ्चमम् તરીકે વર્ણવે છે. આ ઉલ્લેખો ઉપરથી પ્રતીત થાય છે કે પુરાણોને શાથી વેદનું બિરુદ આપવામાં આવ્યું છે અને શાથી તે વેદ જેટલાં નિત્ય છે.

મહાભારતમાં પુરાણોનો ઉલ્લેખ વિશિષ્ટ ગ્રંથો તરીકે જોવા મળે છે. મહાભારતના આદિપર્વના શ્લોક મુજબ પુરાણોમાં અનેક દિવ્ય કથાઓ અને વિશિષ્ટ બુદ્ધિમાન પુરુષોના આદિવંશોનાં વર્ણનોનો ઉલ્લેખ છે. પુરાણોમાં વિદ્વાન કવિસત્તમો આસ્તિક્ય, સત્ય, શૌચ, દયા, આજ્ય અને માહાત્મ્ય વર્ણવે છે, એમ કહેવામાં આવ્યું છે. વળી, સત્યવતીસુત વ્યાસે અઢાર પુરાણો રચ્યાં એમ પણ મહાભારત જણાવે છે. આદિપર્વનો એક (પ્રક્ષિપ્ત) શ્લોક જણાવે છે કે પુરાણરૂપી પૂર્ણચન્દ્રમાએ શ્રુતિ(વેદ)રૂપી જ્યોત્સ્નાને પ્રકાશિત કરી; અર્થાત્ વેદનું સમુપબૃંહણ ઇતિહાસ અને પુરાણોથી કરવું જોઈએ. આ બતાવે છે કે પુરાણો અને વેદોનો સંબંધ ઘનિષ્ઠ છે. ઉપરાંત, મહાભારતના આરણ્યક પર્વમાં મત્સ્યપુરાણનો અને વાયુપુરાણનો ઉલ્લેખ પ્રાપ્ત છે.

વાલ્મીકિકૃત રામાયણના અયોધ્યા કાંડમાં સુમન્ત્ર 'પુરાણવિત્' તરીકે વર્ણવાયા છે. બાલકાંડમાં 'પુરાણ' શબ્દ બહુવચનમાં મળે છે. (શ્રૂયતાં યત્ પુરાવૃત્તં પુરાણેષુ યથાશ્રુતમ્ ।)

પુરાણોનો ઉલ્લેખ કૌટિલીય અર્થશાસ્ત્ર, ગૌતમધર્મસૂત્ર, ભિન્ન ભિન્ન સ્મૃતિઓ અને દાર્શનિક ગ્રંથોમાં પણ પ્રાપ્ત થાય છે. બાણભટ્ટ હર્ષચરિતમાં પવમાનપ્રોક્તં પુરાણમ્ એવો વિશિષ્ટ ઉલ્લેખ કરે છે. આ ઉલ્લેખો પુરાણોની પ્રાચીનતા દર્શાવે છે.

'પુરાણ' શબ્દની ભિન્ન ભિન્ન નિરુક્તિઓ પ્રાપ્ત થાય છે. વાયુપુરાણ પુરા+ √ अन् પરથી પુરાણ શબ્દની વ્યુત્પત્તિ આપે છે. પદ્મપુરાણ પુરા+ √ वश् પરથી પુરાણ શબ્દની વ્યુત્પત્તિ આપે છે. બ્રહ્માંડપુરાણ पुरा + √ भू પરથી પુરાણ શબ્દ સમજાવે છે. નિરુક્તમાં પુરાણ શબ્દની વ્યુત્પત્તિ पुराणं नवं (पुरा + नवं भवति)થી આપવામાં આવી છે. અન્યત્ર વળી પુરાતનઃ શબ્દ ઉપરથી પુરાણ શબ્દની વ્યુત્પત્તિ આપવામાં આવે છે. ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ વિચારતાં આ બધી વ્યુત્પત્તિઓ સંતોષકારક લાગતી નથી. બીજા એક મતે પુરાણ શબ્દનાં નિરુક્તિ पुरा + न(ण)થી આપવામાં આવી છે.

આ બધી વ્યુત્પત્તિ ઉપરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે પુરાણનો વિષય પ્રાચીન બાબતોને લગતો છે.

અહીં એક બાબતની નોંધ લેવી જોઈએ કે સામાસિક શબ્દ इतिहासपुराणમાં વપરાતો 'ઇતિહાસ' શબ્દ અને 'પુરાણ' શબ્દ ભિન્ન ભિન્ન અર્થના છે. શરૂઆતમાં તે બંનેના વર્ણ્ય વિષય વચ્ચેની વિભાજન-રેખા ઘણી ઝાંખી હતી; પરંતુ કાળના વહેણ સાથે પુરાણ અને ઇતિહાસનું પાર્થક્ય સ્પષ્ટ થયું. વાસ્તવિક ઘટનાઓના બોધક શબ્દને 'ઇતિહાસ' અને આગળ ચર્ચવામાં આવશે તે પ્રમાણે પંચલક્ષણ અથવા દશલક્ષણ આવરી લેતા અર્થવ્યાપને 'પુરાણ'પરક ગણવામાં આવ્યા.

## પુરાણનો વિકાસ

પ્રાચીન યુગમાં બે વિચારધારાઓ જોવા મળે છે : (૧) ઋષિધારા અને (૨) મુનિધારા (માર્કણ્ડેયપુરાણ). ઋષિધારા વેદધારા તરીકે અને મુનિધારા પુરાણધારા તરીકે પણ જાણીતી છે. પુરાણધારાના બે ઉપવિભાગ કરવામાં આવે છે : (૧) વ્યાસ-પૂર્વકાલીન ધારા અને (૨) વ્યાસોત્તરકાલીન ધારા. પુરાણના આવિર્ભાવનો ઉલ્લેખ વાયુપુરાણ અને મત્સ્યપુરાણમાં મળે છે. આ પુરાણોમાં નોંધવામાં આવેલી પરમ્પરા પ્રમાણે પુરાણો વેદથી પૂર્વકાલીન જણાવવામાં આવ્યાં છે, કારણ કે બ્રહ્માએ પહેલાં પુરાણોનું સ્મરણ કર્યું અને પછીથી અન્ય સાહિત્યનું સ્મરણ કર્યું; વળી, પુરાણ સાહિત્યનો વિસ્તાર શતકોટિ કહેવામાં આવ્યો છે. અને આ વિશાળકાય 'શતકોટિપુરાણ' સમયના વહેણ સાથે ૧૮ પુરાણોમાં પ્રવિભક્ત કરી ભગવાન વેદવ્યાસે ચાર લાખ શ્લોકોમાં સંક્ષિપ્ત કર્યું. જોકે આ મત સાથે ઘણા વિદ્વાનો સંમત નથી.

પુરાણોનું વર્ગીકરણ સામાન્ય રીતે બે વિભાગોમાં કરવામાં આવે છે : (૧) મહાપુરાણો, (૨) અને ઉપપુરાણો. ભાગવતપુરાણમાં 'ઉપપુરાણ'ને સ્થાને 'ક્ષુલ્લક' શબ્દનો પ્રયોગ થયો છે.

અષ્ટાદશ મહાપુરાણો નીચે મુજબ છે:

मद्वयं भद्वयं चैव व्रत्रयं वचतुष्टयम्।
नालिपाग्नि पुराणानि कूस्कं गारुडमेव च ॥
(देवी भागवत)

मद्वयं — (૧) મત્સ્ય અને (૨) માર્કણ્ડેય; भद्वयं — (૩) ભાગવત અને (૪) ભવિષ્ય; व्रत्रयं — (૫) બ્રહ્મ (૬) બ્રહ્માંડ અને (૭) બ્રહ્મવૈવર્ત; वचतुष्टयम् — (૮) વામન (૯) વાયુ (૧૦) વરાહ અને (૧૧) વિષ્ણુ, ना — (૧૧) નારદ; लि — (૧૩) લિંગ; पाग्नि — (૧૪) પદ્મ અને (૧૫) અગ્નિ; कूस्कं– (૧૬) કૂર્મ અને (૧૭) સ્કન્દ તથા गारुडम् — (૧૮) ગરુડ.

કેટલાંક મહાપુરાણોમાં ઉપપુરાણોનો ઉલ્લેખ મળે છે:

દા. ત. મત્સ્યપુરાણમાં નારસિંહ, નન્દીપુરાણ, સામ્બપુરાણ અને આદિત્યપુરાણનો ઉલ્લેખ છે. મત્સ્ય-પુરાણની દૃષ્ટિએ ઉપપુરાણોનાય 'ઉપભેદ' (વિભાગ) છે; જ્યારે કૂર્મપુરાણ તેમને 'સંક્ષેપ' ગણાવે છે, અને તે મુનિઓએ કરેલાં છે એમ જણાવે છે. જોકે ડૉ. આર. સી. હાજરાના મતે ઉપપુરાણો પણ મહાપુરાણો જેટલાં જ ભારતીય પ્રાચીન ઇતિહાસ અને સંસ્કૃતિના અધ્યયન માટે — તેમ જ પ્રાદેશિક, ધાર્મિક, સામાજિક સ્થિતિના અધ્યયન માટે પણ — આવશ્યક અને ઉપયોગી છે. કેટલાંક ઉપપુરાણો મહાપુરાણો કરતાં પણ પ્રાચીન છે. જોકે ઉપપુરાણો સામાન્યત: સામ્પ્રદાયિક છે. ઉપપુરાણોની સંખ્યા પણ અઢાર ગણવામાં આવે છે: (૧) ભાર્ગવ, (૨) સનત્કુમાર, (૩) નૃસિંહ, (૪) નન્દી, (૫) શિવધર્મપુરાણ, (૬) દુર્વાસા, (૭) નારદ, (૮) કપિલ, (૯) માનવ, (૧૦) ઉશનસ્, (૧૧) બ્રહ્માંડ, (૧૨) વારુણ, (૧૩) કાલી, (૧૪) વાસિષ્ઠ, (૧૫) સાંબ, (૧૬) સૌર, (૧૭) પારાશર, (૧૮) મારીચ.

મહાપુરાણો અને ઉપપુરાણો ઉપરાંત બીજો એક પુરાણસમૂહ છે. તેને જ્ઞાતિપુરાણો અથવા સ્થલપુરાણો કહી શકાય. દા. ત. (૧) ધર્મારણ્ય પુરાણ (મોઢ વાણિયા અને બ્રાહ્મણો વિશે); (૨) શ્રીમાલપુરાણ (શ્રીમાળી વાણિયા અને બ્રાહ્મણો વિશે); (૩) અનાવિલ પુરાણ (અનાવિલ બ્રાહ્મણો વિશે); (૪) વાયુપુરાણ (વાયડા બ્રાહ્મણ અને વાણિયા વિશે; (૫) કાલિકાપુરાણ (કંસારા જ્ઞાતિ વિશે); (૬) મલ્લપુરાણ (જ્યેષ્ઠીમલ્લ ઉર્ફે જ્યેષ્ઠી ઉર્ફે જેઠી જ્ઞાતિ વિશે); (૭) નાન્દીપુરાણ (નન્દવાણા બ્રાહ્મણો વિશે); ઉપર્યુક્ત વિભાગીકરણ ઉપરાંત બીજું એક વિભાગી-કરણ આપવામાં આવે છે. તે છે 'અતિપુરાણ'ની કલ્પના. તેની સંખ્યા પણ અઢાર ગણવામાં આવે છે: (૧) કાર્તવીર્ય, (૨) ઋભુ, (૩) આદિ, (૪) મુદ્ગલ, (૫) ગણેશ, (૬) પશુપતિ, (૭) સૌર, (૮) પરાનન્દ, (૯) બૃહદ્ધર્મ, (૧૦) મહાભાગવત, (૧૧) દેવી, (૧૨) કલ્કિ, (૧૩) ભાર્ગવ, (૧૪) વસિષ્ઠ, (૧૫) ચંડી, (૧૬) કૌર્મ, (૧૭) ગર્ગ અને (૧૮) લક્ષ્મી.

'મહાપુરાણો', 'ઉપપુરાણો' અને 'અતિપુરાણો'ની યાદી બતાવે છે કે તેમાં કેટલાંક પુરાણો બેવડાય છે. કેટલાંક પુરાણો મહાપુરાણ અને ઉપપુરાણ એમ બન્ને અભિધાન ભોગવે છે. દા. ત. શિવપુરાણ અને વાયુપુરાણ.

ઉપર્યુક્ત વર્ગીકરણ ઉપરાંત પુરાણોનું ત્રિગુણ-આધારિત વર્ગીકરણ નીચે મુજબ સૂચવવામાં આવ્યું છે: (અ) સાત્ત્વિક પુરાણો: આ સાત્ત્વિક પુરાણોમાં હરિનું માહાત્મ્ય અધિક વર્ણવવામાં આવે છે: વિષ્ણુ, નારદીય, ભાગવત, ગરુડ, પદ્મ અને વરાહ. (બ) રાજસ પુરાણો: આ પુરાણોમાં બ્રહ્માનું માહાત્મ્ય અધિક ગાવામાં આવ્યું છે: બ્રહ્માંડ, બ્રહ્મવૈવર્ત, માર્કણ્ડેય, બ્રહ્મ, વામન અને ભવિષ્ય. (ક) તામસ પુરાણો: આ પુરાણોમાં શિવનું માહાત્મ્ય અધિક વર્ણવવામાં આવ્યું છે: મત્સ્ય, કૂર્મ, લિંગ, શિવ, અગ્નિ અને સ્કન્દ. વળી, અગ્નિના માહાત્મ્યને અધિક ગાતાં પુરાણોને 'તામસ' પુરાણો તરીકે અને સરસ્વતી અને પિતૃઓના માહાત્મ્યનું ગાન ગાતાં પુરાણોને 'સંકીર્ણ' પુરાણો તરીકે મત્સ્યપુરાણ વર્ણવે છે.

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ વિવિધ પુરાણોમાં ચર્ચાતા વિષયોને અનુલક્ષીને નીચે મુજબ એક નવું વર્ગીકરણ પણ સૂચવ્યું છે:

(૧) વિશ્વકોશ પુરાણો: આમાં ગરુડ, અગ્નિ અને નારદ પુરાણોનો સમાવેશ થાય છે. આ પુરાણોમાં વ્યાકરણ, આયુર્વેદ, નાટ્યશાસ્ત્ર, જ્યોતિષ, સંગીત વગેરે અનેક વિદ્યાશાખાઓની સારાંશમાં ચર્ચાઓ પ્રાપ્ત થાય છે.

(૨) તીર્થવર્ણનપરક અને વ્રતવર્ણનપરક પુરાણો: આમાં પદ્મ, સ્કન્દ અને ભવિષ્ય પુરાણોનો સમાવેશ થાય છે. એમ માનવામાં આવે છે કે આ પુરાણોમાંનું મૌલિક વિષયવસ્તુ નષ્ટ પામ્યું છે; અને કાળના વહેણ સાથે આ પુરાણોમાં અન્ય વિષયોનો ઉમેરો થતાં અનેકવિધ રૂપાંતરો થયાં છે.

(૩) બ્રહ્મ, ભાગવત અને બ્રહ્મવૈવર્ત પુરાણો: આ પુરાણોમાં બે વખત થયેલાં પરિવર્તનો અને પુનરાવર્તનો (રિવિઝન્સ) સ્પષ્ટતયા માલૂમ પડે છે.

(૪) ઐતિહાસિક: આ વિભાગમાં બ્રહ્માંડ અને વાયુ પુરાણોનો સમાવેશ થાય છે. (મૂળ વાયુપુરાણ નષ્ટ પામ્યું છે, ફક્ત એમાંનો થોડો ભાગ એક પોથીમાં પ્રાપ્ત થાય છે.)

(૫) સામ્પ્રદાયિક: આ વિભાગમાં લિંગ, વામન અને માર્કણ્ડેય પુરાણોનો સમાવેશ થાય છે. લિંગપુરાણમાં લિંગપૂજાનું વર્ણન આપવામાં આવ્યું છે અને માર્કણ્ડેય પુરાણમાં દેવીમાહાત્મ્ય આપવામાં આવ્યું છે.

(૬) બાકીનાં પુરાણો: આમાં વરાહ, કૂર્મ અને મત્સ્ય પુરાણનો સમાવેશ કરવામાં આવે છે.

પુરાણોના કાળનો નિર્ણય કરવાનો પ્રશ્ન અતિ વિકટ છે. કારણ કે પુરાણો જ્યારથી જેવાં રચાયાં, એવાં જ મૂળભૂત સ્વરૂપમાં અત્યારે પ્રાપ્ત થતાં નથી; વૈદિક ગ્રન્થોની માફક પુરાણ ગ્રન્થોની પાઠશુદ્ધિ સચવાઈ નથી, અને કાળના વહેણ સાથે વધારા ઘટાડા — આવૃત્તિ, પુનરાવૃત્તિઓ થતાં રહ્યાં છે. એટલે અમુક પુરાણનો અમુક સમય એમ કહેવું કઠિન છે, અને તેથી જ મહામહોપાધ્યાય ડૉ. પાંડુરંગ વામન કાણે જણાવે છે તે મુજબ કોઈ પણ સમગ્ર પુરાણનો કાળનિર્ણય મુશ્કેલ છે, કેમ કે, તેમાંના અમુક શ્લોકો અને ઉલ્લેખો પ્રાચીન કાળના હોય અને બીજા સદીઓ પછીના. ઉદાહરણ તરીકે, મત્સ્યપુરાણમાં આવતી 'વ્યૂહ'ની વિચારધારાનો ભાગ ઈ. સ.ના બીજા શતકમાં મુકાય, અને રાધાનો ઉલ્લેખ કરતો ભાગ ઈ. સ.ના દસમા વા અગિયારમા શતકમાં મૂકી શકાય, જોકે, ઘણાં પુરાણોમાંના કેટલાય ભાગ એવા છે કે ઈ. સ. પૂર્વેના ચોથા શતકમાં પણ મૂકી શકાય. આ રીતે જોતાં સ્પષ્ટ થાય છે કે પુરાણ અંગેની પ્રવૃત્તિ પ્રાચીન કાળથી શરૂ થઈ હતી; અને બ્રહ્મવૈવર્ત પુરાણ (ઈ. સ. ચૌદમી સદીથી ઈ. સ. સોળમી સદી) અને મલ્લપુરાણ(ઈ. સ. ૧૫મી સદીથી ઈ. સ. ૧૬૭૪)નો કાળ જોતાં આ પ્રવૃત્તિ અર્વાચીન કાળ સુધીની ગણી શકાય. (અરે, વીસમી સદીમાં हिप्पिपुराणम् નામનું નાનું કાવ્ય પણ લખાયું છે!) એકંદરે, પુરાણ પ્રવૃત્તિને ગુપ્તકાળમાં સારો વેગ મળ્યો હતો અને મહામહોપાધ્યાય ડૉ. પાંડુરંગ વામન કાણે વાયુ, બ્રહ્માંડ, વિષ્ણુ, મત્સ્ય અને માર્કણ્ડેય જેવાં અદ્ય ઉપલબ્ધ પુરાણોને ઈ. સ. ૩૦૦થી ઈ. સ. ૬૦૦માં મૂકે છે; વિષ્ણુ ધર્મોત્તર, અગ્નિ અને ગરુડ પુરાણોને ઈ. સ. ૬૦૦થી ઈ. સ. ૯૦૦માં મૂકે છે. આ વિવિધ પુરાણો ભારતના જુદા જુદા પ્રદેશોમાં રચાયાં હોય એમ લાગે છે. દા.ત. મત્સ્યપુરાણ નર્મદા નદી-પ્રદેશમાં રચાયું હોય એમ લાગે છે. બ્રહ્મવૈવર્તપુરાણ બંગાળમાં રચાયું હોય એમ લાગે છે.

## પુરાણોનો વર્ણ્ય વિષય

પુરાણોના મૂળ નિશ્ચિત વર્ણ્ય વિષય વિશે કહેવું અશક્ય છે, છતાં પુરાણસાહિત્યના અધ્યયન પરથી લાગે છે કે એવું લગભગ કશું જ નથી કે પુરાણોમાં જેનો ઉલ્લેખ કે ચર્ચાવિચારણા દૃષ્ટિગોચરતા ન પામે.

અમરસિંહે અમરકોશમાં પુરાણોનાં પંચલક્ષણ આપ્યાં; પછીથી ભાગવતમાં દશલક્ષણ આપવામાં આવ્યાં. આ પંચલક્ષણી અને દશલક્ષણી વર્ણ્ય વિષયો ઉપરાંત રાગીઓના, વિરાગીઓના, યતિઓના, બ્રહ્મચારીઓના,

ગૃહસ્થોના, વૈશ્યોના ધર્મોનું વર્ણન; યજ્ઞ, તપ, વ્રતો, દાન, મહાદાન, યમનિયમ, યોગધર્મો, ભક્તિમાર્ગ, જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ, ઉપાસના વગેરેનું વર્ણન; બૌદ્ધ, શૈવ, વૈષ્ણવ, સૌર, શાક્ત વગેરે સંપ્રદાયોનું વર્ણન અને પડ્દર્શનોનું તત્ત્વજ્ઞાન (દા. ત. વાયુપુરાણ); ઇષ્ટાપૂર્ત યાત્રાનિમિત્ત કથન, સ્વપ્નમાંગલ્ય કીર્તન, અવતારો (દા. ત. વામન માહાત્મ્ય ઇત્યાદિ), દેવાસુર કથાઓ, વાસ્તુવિદ્યા, પ્રતિમાલક્ષણ, દેવતારાધન, પ્રસાદલક્ષણ, મંડપલક્ષણ, શ્રાદ્ધ કલ્પ વર્ણન, પિતૃગાથા કીર્તન, દ્વીપાદિવર્ણન, રાજધર્માદિવર્ણન, મહાદાનાનુકીર્તન (દા. ત. મત્સ્યપુરાણ), આખ્યાન, ઉપાખ્યાન, (દા. ત. વિષ્ણુપુરાણ, બ્રહ્માંડપુરાણ), સાહિત્યશાસ્ત્ર, આયુર્વેદ, રત્ન પરીક્ષા, સામુદ્રિકશાસ્ત્ર, જુદી જુદી વિદ્યાઓ (દા. ત. અનુલેપન વિદ્યા, સર્વભૂતહુતવિદ્યા) વગેરે વગેરે વિષયોનો પાર નથી.

વર્ણ્ય વિષયસૂચિ પરથી સ્પષ્ટ થાય છે કે પુરાણોમાં ધર્મશાસ્ત્રવિષયક ચર્ચાઓનો સારા પ્રમાણમાં સમાવેશ થયેલો છે. અને તેથી કરીને કેટલાંક પુરાણોમાં મનુસ્મૃતિ ઇત્યાદિ સ્મૃતિના શ્લોકો યથાવત્, પાઠભેદ સહિત, અથવા રૂપાન્તરિત છે. વળી એ પણ કહેવું જરૂરી છે કે પુરાણોના કેટલાક શ્લોકો ધર્મશાસ્ત્રી નિબંધકારોએ યથાવત્ અથવા થોડા ફેરફારો સાથે ઉદ્ધૃત કર્યા છે; પુરાણો વેદનું ઉપબૃંહણ કરતાં હોવાથી પુરાણોમાં અને વળી મહાભારતમાં, આખ્યાનો ઉપલબ્ધ થાય છે. આ આખ્યાનો અને ઉપાખ્યાનો કેટલીક વાર વૈદિક વિચારવિભાવનાનું ઉપબૃંહણ કરતાં હોય છે. અથવા તો નૈતિક ઇત્યાદિ મૂલ્યોનું ઉદાહરણ પૂરું પાડતાં હોય છે. દા. ત. શતપથ-બ્રાહ્મણમાં ઉપનયનના ખંડમાંના आचार्यो गर्भीभवति શ્રુતિવચનનું પૌરાણિક ઉપબૃંહણ મત્સ્યપુરાણમાં કચ અને શુક્રાચાર્યના આખ્યાનમાં, કચ શુક્રાચાર્ય પાસેથી કયા સંજોગોમાં સંજીવની વિદ્યા પ્રાપ્ત કરે છે, તેમાં જોવા મળે છે. પૃથુ આખ્યાનનું તાત્પર્ય સમજાવતાં નીલકંઠ કહે છે કે જો રાજા સત્યનિષ્ઠ હોય, સ્વધર્મનું પાલન કરતો હોય, તો પૃથ્વી શસ્યાદિપ્રચુર હોય છે, અને પ્રજા પણ સુખી હોય છે, આમ છતાં, પુરાણોનાં પંચલક્ષણ કે જે પુરાણોનો વર્ણ્ય વિષય સૂચવે છે તે નીચે મુજબ છે:

सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च।
वंश्यानुचरितं चेति पुराणं पञ्चलक्षणम्॥

(૧) સર્ગ: જગત અને બીજા નાના પદાર્થોની ઉત્પત્તિને સર્ગ કહેવામાં આવે છે.

(૨) પ્રતિસર્ગ: સર્ગથી વિરુદ્ધ પ્રક્રિયાને પ્રતિસર્ગ અર્થાત્ પ્રલય કહેવામાં આવે છે. વિષ્ણુપુરાણમાં પ્રતિસર્ગને સ્થાને 'પ્રતિસંચર' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

(૩) વંશ: બ્રહ્મા દ્વારા જે રાજાઓની સૃષ્ટિ થઈ અને તેની ત્રૈકાલિક (ભૂત, વર્તમાન અને ભવિષ્ય) સન્તાન-પરમ્પરાને વંશ કહેવામાં આવે છે.

(૪) મન્વન્તર (મનુ + અંતર): સૃષ્ટિના જુદા જુદા કાલમાન માટે આ શબ્દ દ્યોતક છે. આવા ચૌદ મન્વન્તરો માનવામાં આવ્યા છે. દરેક અંતર (કાલમાન) માટે જુદા જુદા મનુ હોય છે.

(૫) વંશ્યાનુચરિત: પૂર્વોક્ત વંશોમાં ઉત્પન્ન થયેલા વંશધરો અને મૂલપુરુષ રાજાઓના વિશિષ્ટ વિવરણને 'વંશ્યાનુચરિત' કહેવામાં આવે છે; આ ચરિતોમાં મનુષ્યવંશમાં ઉત્પન્ન થયેલ મહર્ષિ વગેરેનો પણ સમાવેશ કરવામાં આવે છે.

આ ઉપર્યુક્ત પંચલક્ષણો શરૂઆતમાં મહાપુરુષોનાં માનવામાં આવતાં હતાં; એનો અર્થ એ નહીં કે અન્ય પુરાણોમાં આ પંચલક્ષણેતર ચર્ચાઓ કે સામગ્રી પ્રાપ્ત ન થતી હોય. કાળના વહેણ સાથે મહાપુરાણનાં લક્ષણોનો વિકાસ થયો અને પાંચ મટીને દશ થયાં; અને પૂર્વોક્ત પંચલક્ષણો ઉપપુરાણનાં ગણવામાં આવ્યાં. શ્રીમદ્ ભાગવતપુરાણ નીચે પ્રમાણે દશ લક્ષણો વર્ણવે છે:

सर्गश्चार्थ विसर्गश्च वृत्ती रक्षान्तराणि च।
वंशो वंशानुचरितं संस्था हेतुरपाश्रयः॥

## મત્સ્ય પુરાણમાં

## ચતુર્દ્વીપી અને સપ્તદ્વીપી ભૂગોળ

૭ વટવૃક્ષ
૬ મત્સ્ય ભગવાન્
૫ મહાભદ્ર સરસ્
૪ સાવિત્ર વન
૩ સોમા નદી
૨ પર્વત શૃંગવત્, મરુધિ [દેવપર્વત]
૧ ઉત્તરકુરુ

૧ કેતુમાલ
૨ ઋષભ, પારિયાત્રપર્વત
૩ નદી–સ્વરક્ષુ
૪ વૈભ્રાજ–વન
૫ શીતોદ સરસ્
૬ વરાહ ભગવાન્
૭ અશ્વત્થવૃક્ષ


મેરુ
ઇલાવૃતવર્ષ


૧ ભદ્રાશ્વ
૨ દેવકૂટ
૩ નદીસીતા
૪ ચૈત્રરથવન
૫ અરુણોદ સરસ્
૬ હયગ્રીવ ભગવાન્
૭ ભદ્રકદમ્બ વૃક્ષ

૧ ભારતવર્ષ
૨ કૈલાસ, હિમવત પર્વત
૩ અલકનંદા [ગંધમાદન પર્વતમાંની નદી]
૪ નન્દનવન
૫ માનસ સરસ્
૬ કચ્છપ ભગવાન્
૭ જમ્બૂવૃક્ષ

નકશા માટે પાછળ જુઓ

[ પ્રા. વાસુદેવશરણ અગ્રવાલ કૃત : 'મત્સ્ય પુરાણ – અ સ્ટડી', પ્રકાશક : ઑલ ઇન્ડિયા કાશીરાજ ટ્રસ્ટ, વારાણસી ]



उत्तर-कुरु
वर्ष
थियेन शान प०
पश्चिम-समुद्र
(= कैस्पियन सी)
मेरु
(= पामीर)
निषध प०
(= हिन्दूकुश)
सीता न० (= यारकंद दर्या), सिंधु-मरु
(= तकलामकान मरु)
शीतोद सर (= सिरीकोल भील)
वितस्ता (= च्यर्थ, जे हलम) न०
शिवालिक
सिंधु नद
(= जम्बु द्वीप)
अरब सागर
मान १" = २०००००००



स्वादुदसमुद्र
पुष्कर द्वीप
क्षीरसमुद्र
शाक द्वीप
दधिसमुद्र
क्रौंचद्वीप
घृत समुद्र
कुश द्वीप
सुरा समुद्र
शाल्मलि द्वीप
इक्षुरस समुद्र
प्लक्ष द्वीप
क्षार-समुद्र
उत्तर-कुरु
शृंगवान् प०
हिरण्मय वर्ष
श्वेत प०
रम्यक वर्ष
नील प०
निषध प०
हरिवर्ष
हेमकूट प०
किंपुरुष वर्ष
हिमवान् प०
भारतवर्ष
प०

चतुर्द्वीप



પશુ-શણગાર : રામાયણકાલીન





(૧) સર્ગ : પદાર્થોની ઉત્પત્તિ. (૨) વિસર્ગ : જીવની સૃષ્ટિ. (૩) વૃત્તિ : માનવ જીવનના નિર્વાહ માટે ધારણ અને સંરક્ષણની પ્રવૃત્તિ. (૪) રક્ષા : દેવતાદિ, વેદત્રયી અને વેદધર્મના રક્ષણાર્થે ભગવાનની અવતાર-લીલા. (૫) અન્તર : મન્વન્તર. (૬) વંશ : વંશપરંપરા. (૭) વંશાનુચરિત : વિશિષ્ટ વંશચરિત. (૮) સંસ્થા : પ્રતિસર્ગ એટલે કે પ્રલય. (૯) હેતુ : પોતાના અદૃષ્ટ દ્વારા જીવ જગતની ઉત્પત્તિઓ અને પ્રલયનું કારણ બને છે, તેથી તે 'હેતુ' સંજ્ઞા પ્રાપ્ત કરે છે. (૧૦) અપાશ્રય : આ શબ્દથી બ્રહ્મનું અભિધાન થાય છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણ જીવની અવસ્થાઓ છે. અને જીવ આ ત્રણે અવસ્થાનુસાર અનુક્રમે વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ સંજ્ઞા પ્રાપ્ત કરે છે. આ અવસ્થા ત્રયીથી પરની અવસ્થા ('તુરીય' અવસ્થા) કહેવાય છે. આ તુરીયાવસ્થાની પ્રાપ્તિ એ બ્રહ્મપ્રાપ્તિ છે. આ વિચારધારા ગૌડપાદની માણ્ડૂક્યોપનિષત્કારિકામાં પ્રાપ્ત થાય છે.

## ભુવનકોશવર્ણન (પુરાણોમાં ભૂગોળ)

ભુવનકોશવર્ણન પુરાણોનો અગત્યનો વર્ણ્ય વિષય છે. પૃથ્વીને પદ્માકાર કલ્પવામાં આવી છે (पद्माकारा समुत्पन्ना पृथ्वी — વાયુપુરાણ). અને પૃથ્વીના વિભિન્ન ભાગોનું વર્ણન, અને ભારતવર્ષની ભૂગોળનું વર્ણન સુરેખ આલેખવામાં આવ્યું છે. આ ભુવનકોશવર્ણનમાં 'ચતુર્દ્વીપા' વસુમતી (વાયુપુરાણ) અને 'સપ્તદ્વીપા' વસુમતીની વિભાવનાઓ પ્રાપ્ત થાય છે. સપ્તદ્વીપા વસુમતીની વિભાવના ગુપ્તકાળનું પ્રદાન છે, ત્યારે ચતુર્દ્વીપા વધુ પ્રાચીન છે. અન્યત્ર અષ્ટદ્વીપાની વિભાવના પણ જોવા મળે છે.

સપ્તદ્વીપોની કલ્પના એ પૌરાણિક ભુવનકોશવર્ણનની વિશિષ્ટતા છે. આ પદ્માકાર પૃથ્વીનું કર્ણિક મેરુ પર્વત માનવામાં આવે છે. આ દિવ્ય મેરુ પર્વતને आदित्य तरुणाभासो विधूम इव पावकः— આ રીતે મત્સ્યપુરાણમાં વર્ણવવામાં આવ્યો છે અને તેને સુવર્ણ રંગનો તેજસ્વી અને ચાતુર્વર્ણ્ય કહેવામાં આવ્યો છે. આ મેરુ પર્વતને ૮૪,૦૦૦ યોજન ઉચ્છ્રિત, ૨૮,૦૦૦ યોજન વિસ્તૃત અને ૧૬,૦૦૦ યોજન ઊંડો વર્ણવવામાં આવ્યો છે. મત્સ્યપુરાણમાં તેને અવ્યક્ત-જન્મા બ્રહ્માનો नाभिवन्धनसंभूतः કહેવામાં આવ્યો છે. પુરાણ પરમ્પરાનુસાર તે ઈલાવૃત્તની મધ્યમાં આવેલો છે. મેરુના નિષ્કમ્ભ તરીકે ચાર પર્વતો છે : (૧) પૂર્વમાં મન્દર, દક્ષિણે ગન્ધમાદન, પશ્ચિમે વિપુલ અને ઉત્તરમાં સુપાર્શ્વ. અનેક વિદ્વાનોએ મેરુ પર્વતની ઓળખ પામિર પર્વત સાથે કરી છે. ડૉ. હર્ષ મેરુ પર્વતની હયાતી અલતાઈ (મંગોલિયન શબ્દ 'આલતાઈ' = સુવર્ણનો પર્વત; પુરાણો મેરુને 'સૌવર્ણ' તરીકે વર્ણવે છે) પર્વતના વિસ્તારમાં માને છે અને ડૉ. બળદેવ ઉપાધ્યાય પણ આ મત સાથે સહમત થતાં જણાવે છે કે 'મેરુ પર્વત હિમાલયની ઉત્તરમાં સ્થિત છે અને ઘણો સંભવ છે કે તે પશ્ચિમ સાઈબીરિયામાંનો વર્તમાન આલતાઈ પર્વત જ છે.'

'ચતુર્દ્વીપા વસુમતી'ની વિભાવનામાં કેન્દ્રીય સ્થાનમાં રહેલા મેરુ પર્વતને લક્ષમાં રાખીને ચાર દ્વીપો ગણવામાં આવે છે : પૂર્વમાં ભદ્રાશ્વ, દક્ષિણમાં જમ્બૂદ્વીપ (ભારત), પશ્ચિમમાં કેતુમાલ અને ઉત્તરમાં કુરુ (ચીની તુર્કસ્તાન). આ દરેક દ્વીપમાં પોતપોતાનાં વિશિષ્ટ પર્વત, નદી, વન, સરોવર, વૃક્ષ તથા ભગવાન છે. (દા. ત. જમ્બૂદ્વીપમાં હિમવત્ પર્વત, અલકનન્દા નદી, નન્દનવન, માનસ સરોવર, જમ્બૂ વૃક્ષ તથા વિશિષ્ટ રૂપધારી કચ્છપ ભગવાન છે.)

સપ્તદ્વીપા વસુમતીની વિભાવનામાં જમ્બૂદ્વીપને મધ્યમાં કલ્પવામાં આવે છે અને તેની આજુબાજુ સાત દ્વીપની વિભાવના કરવામાં આવી છે. આ દરેક દ્વીપ એક એક સમુદ્ર દ્વારા વેષ્ટિત હોવાથી તે દરેક 'દ્વીપ'(અથવા 'વર્ષ')થી પૃથક્ થાય છે. આ સાત 'વર્ષ' (દ્વીપ):

૧ : જમ્બૂદ્વીપ : ક્ષારોદધિથી વેષ્ટિત છે (આની ઓળખ ભારત સાથે કરવામાં આવે છે);

૨ : ગોમેદકદ્વીપ અથવા પ્લક્ષદ્વીપ : આ દ્વીપ ઈક્ષુરસ સમુદ્રથી વેષ્ટિત છે;

૩ : શાલ્મલિદ્વીપ અથવા શાલ્મલદ્વીપ : આ દ્વીપ સુરોદથી વેષ્ટિત છે;

૪ : કુશદ્વીપ : આ દ્વીપ ઘૃત સમુદ્રથી વેષ્ટિત છે. (આ દ્વીપની ઓળખ ઇથોપિયા સાથે કરવામાં આવે છે.)

૫ : ક્રૌંચદ્વીપ : આ દ્વીપ ઘૃતોદથી વેષ્ટિત છે.

૬ : શાકદ્વીપ : આ દ્વીપ ક્ષીરસાગરથી વેષ્ટિત છે. (આ દ્વીપ અંગે ઘણી માહિતી પુરાણોમાં મળે છે. આ દ્વીપમાં સૂર્યપૂજા હતી. દક્ષિણ રશિયાથી માંડીને કાસ્પિયન સમુદ્રના પૂર્વ, ઉત્તર અને પશ્ચિમ પ્રદેશોને આવરી લે છે),

૭ : પુષ્કરદ્વીપ : આ દ્વીપ સ્વાદૂદકથી વેષ્ટિત છે.

જમ્બૂદ્વીપ(ભારત)નાં નવ વર્ષ (વિભાગ) ગણવામાં આવે છે:

(૧) ભારત ઉર્ફે હૈમવત (આની ચર્ચા હવે પછી કરવામાં આવી છે).

(૨) કિમ્પુરુષ : આદિમાં આ શબ્દ હિમાલય પ્રદેશની જાતિ માટે વાપરવામાં આવતો હતો, પણ ઉત્તર કાળમાં કલ્પિત (?) જાતિ માટે વાપરવામાં આવ્યો. આને આર્ય જનપદ તરીકે વર્ણવવામાં આવ્યું છે.

(૩) હરિ : આ વર્ષ કિમ્પુરુષ વર્ષથી આગળ આવેલું છે. આ વર્ષના લોકો સુવર્ણ વર્ણના છે અને સદા યૌવનમાં હોય છે. [આ કદાચ સોગ્ડિયા (Sogdia) અથવા બોખારા પ્રાન્ત હોય.]

(૪) ઇલાવૃત્ત : આ વર્ષનું નામ ઇલ નામક રાજા ઉપરથી પડેલું છે. વિખ્યાત પુરૂરવા આ ઇલ રાજાનો પુત્ર હતો. આ વર્ષ દેવભૂમિ ગણાય છે, અહીં બલિએ ઘણા યજ્ઞો કર્યા હતા.

(૫) રમ્યક : આ વર્ષ ઇલાવૃત્ત અને નીલ પર્વત વચ્ચે સ્થિત છે. સંભવત: આ પ્રદેશ દૂર પૂર્વના રમિ અથવા રમ્ની (લામ્બિરી) ટાપુઓનો સૂચક છે.

(૬) હિરણ્યક ઉર્ફે હિરણ્યમય : આ વર્ષ રમ્યકથી આરંભી શ્વેત પર્વત સુધી વિસ્તરેલું છે. જે બદકશા પ્રદેશનું દ્યોતક છે.

(૭) કુરુ ઉર્ફે શૃંગશાક : આ વર્ષ શૃંગ પર્વતની ઉત્તરે આવેલું છે. આ વર્ષમાં આભરણો, વસ્ત્રો ઇત્યાદિનું ઉત્પાદન ત્યાંના વિશિષ્ટ ક્ષીરી વૃક્ષોને આભારી છે.

(૮) ભદ્રાશ્વ : આ વર્ષમાં ભદ્રાશ્વ નામક વનમાં કાલામ્ર નામક વિખ્યાત વૃક્ષ આવેલું છે. અહીંના લોકો સદા યુવાન હોય છે. (આની ઓળખ સંભવત: ચીન સાથે થાય; બીજા મતે, જેકસાર્ટિસ ખીણના પ્રદેશ સાથે આની ઓળખ થાય છે.)

(૯) કેતુમાલ : અમરગંડિક અને ગન્ધમાદન પર્વત પાસે વસતા લોકો આ નામથી પ્રસિદ્ધ છે. અહીંની લલનાઓ રૂપવતી અને નીલામ્બુજવર્ણી હોય છે અને દિવ્ય મનસવૃક્ષના રસનું પાન કરતી હોય છે. વળી, એવી પણ માહિતી પ્રાપ્ત થાય છે કે વંક્ષુ યાને ઑક્સસ નદી (આમુ-દરિયા નદી) આ પ્રદેશમાં થઈ વહે છે. આ નદી મધ્ય એશિયામાં આવેલા તુરાનના સૂકા પ્રદેશમાં થઈ એરલ સરોવરને મળે છે.

## ભારતવર્ષ

ભારતવર્ષનું નામ આદિમાં 'હૈમવત' (જુઓ વાયુપુરાણ) અને 'અજનાભ' (જુઓ ભાગવત) હતું. હૈમવત નામ પડવાનું કારણ સીમાવિભાજક હિમવત્ (હિમાલય) પર્વત છે. ભારતવર્ષની નિરુક્તિ આપતાં મત્સ્યપુરાણ જણાવે છે કે મનુએ પ્રજાનું ભરણપોષણ અને રક્ષણ કર્યું, માટે તેઓ ભરત કહેવાયા; અને તેમના નામથી પડેલ વર્ષ 'ભારત' કહેવાયું. બીજી એક પરમ્પરા પ્રમાણે દુષ્યન્તના પુત્ર ભરત પરથી ભારત નામ પડેલું છે. ભારતવર્ષ એ કર્મભૂમિ છે, (पृथिव्यां भारतं कर्मभूमिरुदाहृता) અને એક પવિત્ર તીર્થ છે (जाम्बवे भारतं वर्षं तीर्थं त्रैलोक्यविश्रुतम् कर्मभूमिर्यतः पुत्र तस्मात् तीर्थं तदुच्यते — બ્રહ્મપુરાણ).

પુરાણોમાં આ ભારતવર્ષના નવ ભેદ આપવામાં આવે છે. ગુપ્તકાળમાં ભારતના સમ્બન્ધો આજુબાજુના દેશો સાથે વધ્યા અને નવા નવા સીમાડા ઉમેરાયા.

વરાહમિહિરના બૃહત્સંહિતા નામક ગ્રન્થમાં અને માર્કણ્ડેયપુરાણમાં ભારતવર્ષની આકૃતિ કચ્છપાકાર માનવામાં આવી છે અને તેનાં ભિન્ન ભિન્ન અંગોનાં સાદૃશ્ય પર ભારતવર્ષને નવ વિભાગમાં વહેંચવામાં આવ્યો છે. મત્સ્યપુરાણ મુજબ ભારતવર્ષના નવ ભેદો આ પ્રમાણે છે:

(૧) ઈન્દ્રદ્વીપ અથવા ઈન્દ્રદ્યુમ્ન: આ દ્વીપની પાસે લવણોદધિને નલિની નામક નદી મળે છે. આ દ્વીપની ઓળખ આંદામાન ટાપુ સાથે કરવામાં આવી છે;

(૨) કશેરુ: આની ઓળખ મલય દ્વીપ સાથે કરવામાં આવી છે;

(૩) તામ્રપર્ણ: આની ઓળખ શ્રીલંકા (સિલોન) સાથે કરવામાં આવી છે;

(૪) ગભિસ્તિમાન: આની ઓળખ લક્કદીવ અને મલય ટાપુઓ સાથે કરવામાં આવી છે;

(૫) નાગદ્વીપ: આની ઓળખ નિકોબાર ટાપુઓ સાથે કરવામાં આવી છે;

(૬) સૌમ્ય: કદાચ સિયામ સાથે ઓળખાવી શકાય;

(૭) ગન્ધર્વ: આની ઓળખ ગાંધાર પ્રદેશ સાથે કરવામાં આવી છે;

(૮) વારુણ: આની ઓળખ બોર્નિયો ટાપુ સાથે કરવામાં આવી છે;

(૯) કુમારીદ્વીપ: આની ઓળખ ભારતવર્ષની મુખ્ય ભૂમિ સાથે કરવામાં આવી છે.

આ પ્રમાણે દ્વીપોના ઉલ્લેખો મળે છે: વારુશક (બરોસ), યવ (જાવા), બાલિ (બાલી), કર્મરંગ અથવા કાર્ટ્રંગ અથવા ચર્મરંગ (મલાયાનો એક વિભાગ); કટાહ (કેડા), કર્પૂરદ્વીપ (બોર્નિયો અથવા ફૉર્મોસા) અને કમલદ્વીપ (ખ્મેર અથવા કંબોડિયા).

મત્સ્યપુરાણના શ્લોકો ઉપરથી એ પણ માલૂમ પડે છે કે નવીન ભૌગોલિક નામકરણવિધિમાં મુખ્ય ભારતવર્ષને કુમારીદ્વીપ નામ પ્રાપ્ત થયું હતું, તેની સીમાઓ દક્ષિણમાં કન્યાકુમારીથી શરૂ થઈ છેક ઉત્તરમાં હિમાલય સુધી—ગંગાના ઉગમ સુધી—પહોંચે છે. અત્યારે પણ 'સંકલ્પવાક્ય'માં ભૌગોલિક પરિવર્તનના ફેરફારોની નોંધ જોવા મળે છે.

પુરાણકાલીન ભારતવર્ષમાં સાત 'કુલપર્વતો' આવેલા મનાય છે: (૧) મહેન્દ્ર: કલિંગથી શરૂ થતી પૂર્વઘાટની પર્વતમાળા; (૨) મલય: દક્ષિણ ભારતમાં આવેલી નીલગિરિની હારમાળા અને ત્રાવણકોરની મહાન હારમાળાઓ; (૩) સહ્ય અથવા સહ્યાદ્રિ: પશ્ચિમઘાટની પર્વતમાળા; (૪) શક્તિમાન: છત્તીસગઢથી માંડી સાંથલ પરગણાંઓનો પર્વતીય પ્રદેશ; (૫) ઋક્ષ અથવા ઋક્ષ્યવત્: સાતપુડાની હારમાળા; (૬) વિન્ધ્ય: સુપ્રસિદ્ધ વિંધ્યાચળ પર્વત; (૭) પારિયાત્ર: પશ્ચિમે વિંધ્યાચળ અને અરવલ્લીની હારમાળાઓ.

આ દરેક કુલપર્વતમાંથી જુદી જુદી નદીઓ નીકળે છે: દા. ત. (૧) ઋક્ષ્યવત્ પર્વતમાંથી શોણ, નન્દના, સુકૃશા વગેરે; (૨) વિન્ધ્યમાંથી તાપી, પયોષ્ણી, વગેરે; (૩) સહ્યમાંથી ગોદાવરી, ભીમરથી, કૃષ્ણવેણી

---

**'સંકલ્પ વાક્ય'**

हरिः ॐ तत्सदद्य श्रीमद् भगवतो महापुरुषस्य विष्णोराज्ञया प्रवर्तमानस्य श्रीब्रह्मणोऽह्नो द्वितीये प्रहरार्द्धे श्रीश्वेतवाराह कल्पे वैवस्वत मन्वन्तरे अष्टाविंशति कलियुगे कलिप्रथमचरणे जम्बूद्वीपे भरतखण्डे भारतवर्षे कुमारिकाखण्डे आर्यावर्तैकदेशे अमुकक्षेत्रे अमुकस्थाने विक्रमशके बौद्धावतारे अमुकनाम्नि संवत्सरे अमुकमासे अमुकपक्षे अमुकतिथौ अमुकवासरे अमुकशर्माऽहं ममोपात्त दुरितक्षयद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं प्रातः सन्ध्योपासनं करिष्ये।

---

વગેરે; (૪) મલયમાંથી તામ્રપર્ણી, કૃતમાલા વગેરે; (૫) મહેન્દ્રમાંથી લાંગુલિની (ચીકાકોલ પાસેથી વહેતી હાલની લાંગુલિયા), કાંશધરા (કલિંગપટ્ટમ્ અને ચીકાકોલ પાસેથી વહેતી હાલની કાંશધરા); (૬) શુક્તિમત્‌માંથી કાશિકા, સુકુમારી વગેરે; (૭) પારિયાત્રમાંથી વેદસ્મૃતિ, વેત્રવતી વગેરે.

ભારતવર્ષ અથવા કુમારીદ્વીપ જુદાં જુદાં જનપદોમાં વહેંચાયેલો હતો. દા. ત. મધ્યપ્રદેશનાં જનપદોમાં કુરુપાંચાલ, શાલ્વ, જાંગલ વગેરે જનપદોનો સમાવેશ થતો હતો; ઉદીચ્ય દેશનાં જનપદોમાં બાહ્‌લિક, વાટધાન વગેરે, પ્રાચ્ય વિભાગમાં અંગ, વંગ, મદ્‌ગુરક વગેરે; દક્ષિણ અને અપરાન્ત વિભાગમાં પાંડ્ય, કેરલ, ચોલ વગેરે; અને વિન્ધ્ય પર્વતની પશ્ચિમે આવેલા વિભાગનાં જનપદોમાં માલવ, દશાર્ણ, વૈદિશ વગેરે જનપદોનો સમાવેશ થતો હતો; તો પર્વતાશ્રયી દેશોમાં નિરાહાર, સર્વગ, કુપથ વગેરે પ્રદેશોનો સમાવેશ થાય છે. ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ જણાવે છે કે આ પુરાણોક્ત પર્વતાશ્રયી દેશોનો ઉલ્લેખ પાણિનિના પર્વતદેશીય 'આયુધજીવીઓ'ના ઉલ્લેખમાં જોવા મળે છે. અને તેમની ઓળખ ભારતના વાયવ્ય સરહદના પ્રાન્તો અને ત્રિગર્ત દેશની સાથે કરી શકાય. વળી, આ પૌરાણિક ભૂગાળમાં ભારતને પણ એક જનપદ તરીકે વર્ણવવામાં આવે છે, અને ભારતભૂમિના વિજેતાને 'સમ્રાટ' પદ પ્રાપ્ત થાય છે; તથા આ ભૂમિના રહેવાસીઓ આર્યો છે એમ જણાવવામાં આવ્યું છે.

## રાજવંશાનુચરિત (પુરાણોમાં ઇતિહાસ)

પુરાણનાં પંચલક્ષણમાં રાજવંશાનુચરિત એ એક અગત્યનું લક્ષણ છે અને મહાપુરાણોમાં વધતા-ઘટતા અંશે રાજવંશાનુચરિત વર્ણન પ્રાપ્ત થાય છે. આ વંશાનુચરિતના વર્ણનને બે વિભાગમાં વહેંચી શકાય: પૂર્વકલિયુગીય રાજવંશવર્ણન; અને કલિયુગીય રાજવંશવર્ણન.

ભારતીય વિદ્યાના અધ્યયનકાળનો એક ગાળો એવો હતો કે જ્યારે પુરાણોને ઇતિહાસના અધ્યયન માટે નિરર્થક ગણવામાં આવતાં હતાં; પરન્તુ કાળના વહેણ સાથે પુરાણોનું અધ્યયન વિકાસ પામતું રહ્યું અને ઉપર્યુક્ત દૃષ્ટિબિંદુમાં ફેરફાર થવા માંડ્યો. ઈ.સ. ૧૯૫૫માં ડૉ. એ. ડી. પુસાળકરે સ્પષ્ટપણે જણાવ્યું કે 'પ્રાચીન ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિના અધ્યયનના મૂલાધાર સાહિત્યમાં પુરાણોની અવગણના કરી શકાય એમ નથી અને તે એક અગત્યનો મૂલાધાર બની રહે છે.' આ વિધાનની સ્પષ્ટતા માટે થોડાંક ઉદાહરણો જોઈએ.

એફ. ઈ. પાર્જિટરે મત્સ્યપુરાણ, વાયુપુરાણ, બ્રહ્માંડપુરાણ, વિષ્ણુપુરાણ, ભાગવતપુરાણ, ગરુડપુરાણ, અને ભવિષ્યપુરાણના આધારે તૈયાર કરેલો 'ધ પુરાણ ટેક્સ્ટ ઑફ ધ ડિનેસ્ટિઝ ઑફ ધ કલિ એજ'– ગ્રંથ ઈ. સ. ૧૯૧૩માં બહાર પડ્યો. આ ગ્રંથમાં તેમણે તે વખતે મળતા બીજા પાઠો તેમ જ પ્રાપ્ય અભિલેખો અને મુદ્રાઓને ઉપયોગમાં લીધાં છે. ત્યાર બાદ અત્યાર સુધીમાં આ વિષયમાં ઘણું ખેડાણ અને સંશોધન થયું છે. તેના આધારે તે ગ્રંથમાં જે કેટલીક કડીઓ સ્પષ્ટ થતી ન હતી તે હવે સ્પષ્ટ થતી જાય છે. અને પૌરાણિક રાજવંશવર્ણનની વિશ્વસનીયતામાં વધારો કરતી જાય છે: દા. ત. 'શકચમાન મહિષીઓનો રાજા હતો' (એજન, પૃ. ૭૩) આ પંક્તિ સ્પષ્ટ થતી ન હતી.

બાદ કેટલાક સિક્કા પ્રાપ્ત થતાં તેના આધારે ડૉ. વા. વિ. મિરાશીએ અર્થ સ્પષ્ટ કરી આપ્યો છે: 'મહિષ્ય દેશનો શક માન રાજા હતો'. તે જ રીતે 'મઘ' વંશના રાજાઓ અંગેની ગૂંચ (એજન, પૃ. ૫૧) પણ પાછળથી મળેલા શિલાલેખો અને સિક્કાઓના આધારે ઊકલી છે. એકંદરે, પુરાણોના અધ્યયનમાં અન્ય શાસ્ત્રો (દા. ત. પુરાવસ્તુવિદ્યા, મુદ્રાશાસ્ત્ર) તથા અભિલેખો, શિલાલેખો, બૌદ્ધ સંદર્ભો ઇત્યાદિ પૂરક બન્યાં છે અને અર્થઘટનમાં સહાયરૂપ બન્યાં છે.

## વંશાનુચરિતની ઝાંખી

પુરાણોમાં પ્રાપ્ત થતાં વંશાનુચરિતોનો આરંભ મનુથી થાય છે, અને ચૌદ મનુઓમાં સ્વાયમ્ભુવ મનુ અને વૈવસ્વત મનુ વિશેષ મહત્ત્વપૂર્ણ છે. સ્વાયમ્ભુવ મનુ બ્રહ્માના પ્રથમ પુત્ર અને પૃથ્વીના સમ્રાટ હતા. તેમને પત્ની શતરૂપાથી ઉત્તાનપાદ અને પ્રિયવ્રત નામક બે પુત્રો થયા; આ વંશમાં ઘણા બળવાન અને પરાક્રમી રાજાઓ થયા. તો, વૈવસ્વત મનુ સૂર્યવંશના પ્રથમ રાજા હતા. મનુપુત્રી ઈલાનો વિવાહ સોમપુત્ર બુધ સાથે થયો હતો, તેનાથી ઐલ પુરૂરવાનો જન્મ થયો હતો. આ રીતે ચંદ્રવંશની શરૂઆત થઈ હતી. વંશાવલી કોષ્ટક પરથી જે તે વંશમાં ઉત્પન્ન થયેલા રાજવીઓની કેટલીક માહિતી મળી રહે છે. આ વંશાવલીઓમાં શાસકપરમ્પરા સચવાયેલી છે, સમગ્ર કુટુંબ અથવા વંશવિસ્તારની માહિતી સચવાયેલી નથી. (દા. ત. ઈક્ષ્વાકુવંશના પ્રમુખ રાજવીઓ તરીકે માન્ધાતા, હરિશ્ચંદ્ર, સગર, ભગીરથ, રઘુ, દિલીપ, અજા, દશરથ અને રાવણનિહન્તા રામનો ઉલ્લેખ કરી શકાય. ચંદ્રવંશના પ્રમુખ રાજવીઓ તરીકે ઐલ પુરૂરવા, યયાતિપુરુ, યદુ, તુર્વસુ, દ્રુહ્યુ અને અનુનો ઉલ્લેખ કરી શકાય.)

સામાન્યત: કલિયુગની શરૂઆત મહાભારત યુદ્ધથી ગણવામાં આવે છે, શ્રીમદ્ ભાગવત પુરાણ પ્રમાણે જ્યારે ભગવાન શ્રીકૃષ્ણે દેહત્યાગ કર્યો ત્યારથી કલિયુગનો આરંભ થયો એમ કહેવામાં આવે છે. કલિયુગી વંશાવલીઓ મત્સ્ય, વાયુ, બ્રહ્માંડ, વિષ્ણુ, ભાગવત, ગરુડ અને ભવિષ્ય પુરાણોમાં મળે છે. મત્સ્ય અને ભાગવત પુરાણ સિવાયનાં બધાં જ પુરાણો કૌરવો અને પાંડવોના મહાયુદ્ધકાલ પર્યંતની પ્રાચીન વંશાવલીઓ આપે છે. આમાંના પ્રાચીનતમ અને મુખ્ય ત્રણ વંશ હતા: (૧) હસ્તિનાપુરમાં રાજ્યકર્તા પૌરવો કે જેઓએ અધિસીમ કૃષ્ણના પુત્ર નિચક્ષુના સમયમાં કૌશામ્બીમાં ગમન કર્યું. (અધિસીમ કૃષ્ણને પુરાણ તત્કાલીન રાજા તરીકે વર્ણવે છે); (૨) અયોધ્યામાં રાજ્યકર્તા ઐક્ષ્વાકુઓ; અને (૩) મગધમાં રાજ્યકર્તા બાર્હદ્રથો.

આ ત્રણ મુખ્ય વંશો ઉપરાંત પ્રદ્યોતવંશ, શિશુનાગવંશ, નન્દવંશ, મૌર્યવંશ, શુંગવંશ, કાણ્વાયન (શુંગભૃત્યવંશ), પાંચાલો, કલિંગો, અશ્મકો, મૈથિલો, શૂરસેનો, વીતિહોત્રો, આંધ્રવંશ, આભીર રાજવીઓ, ગર્દભીવંશ, શકો, યવનો, તુષારો, મુરુંડો (ગુરુંડો), મૌનો, વિન્ધ્યકો, બાહ્‌લિકો, નાગ (નાક) રાજવીઓ, મણિધાન્ય રાજવીઓ, ઈત્યાદિ, ઈત્યાદિ વંશો અને રાજવીઓની માહિતીઓ પુરાણો આપે છે. આ વંશવર્ણનની શૈલી ભવિષ્યવાણીની છે; જુદાં જુદાં પુરાણો આ વંશાનુચરિત વર્ણનમાં જુદાં જુદાં દૃષ્ટિબિંદુ ધરાવતાં હોય છે; તથા જુદા જુદા વંશના રાજાઓની સંખ્યા તેમ જ શાસન-કાળ પણ નોંધે છે.

કલિયુગીય વંશવર્ણનને અંગે ડૉ. એ. ડી. પુસાળકર જણાવે છે કે મહાભારત યુદ્ધ (ઈ. સ. પૂર્વે ૧૪૦૦ અથવા ઈ. સ. પૂ. ૧૦૦૦માં ગણતાં) પછીના ૪૦૦ અથવા ૮૦૦ વર્ષના ગાળાના ભારતના ઈતિહાસ વિશે બહુ ઝાંખી માહિતી મળે છે. આપણે ખાતરીપૂર્વક એટલું કહી શકીએ કે ઉત્તર ભારત અનેક નાનાં નાનાં રાજ્યોમાં વિભિન્ન થઈ ગયું હતું ત્યારે આ ગાળા દરમ્યાન એકછત્ર સામ્રાજ્ય અથવા ચક્રવર્તી સામ્રાજ્ય તરફના પ્રયાસોની ઝાંખી જોવા મળે છે. એકંદરે, પૌરાણિક રાજવંશાવલીઓને આધારે પ્રાચીન ભારતીય ઈતિહાસનું જે અનેક વિદ્વાનોએ વિદ્વત્તાપૂર્ણ અધ્યયન કર્યું છે (દૃષ્ટાંતરૂપે ડૉ. સીતાનાથ પ્રધાન, ડૉ. હેમચન્દ્ર રાયચૌધરી, ડૉ. એ. ડી. પુસાળકર, ડૉ. ગિરીશચન્દ્ર બોઝ, પ્રો. ડોલરરાય માંકડ વગેરે) તેમના મતે, વૈદિક સાહિત્યમાં ઉપલબ્ધ થતી ઐતિહાસિક માહિતી અને પુરાણોમાં ઉપલબ્ધ થતી માહિતી ક્યાંક સ્વતંત્ર છે, ક્યાંક પૂરક છે કે વિરોધી છે, તે અંગે મતભેદ પ્રવર્તે છે. ડૉ. પુસાળકરના મત મુજબ વૈદિક પરમ્પરા અને પૌરાણિક પરમ્પરા એકબીજીથી સ્વતંત્ર નથી, તેમ જ વિરોધી પણ નથી; પુરાણોમાં વર્ણવેલ રાજવંશાવલીઓ કપોલકલ્પિત નથી જ; પણ તેમના પાયામાં ભૂતાર્થતા રહેલી છે. અને જ્યારે તેને વૈદિક સાહિત્યનું અનુ-

મોદન મળે છે, ત્યારે પૌરાણિક ઐતિહાસિક સામગ્રી ખરેખર દોષરહિત બનતી હોય છે. ડૉ. પુસાળકર **પ્રાચીન** કાળથી પરીક્ષિતના રાજ્યારોહણ સુધીનો ઇતિહાસ નીચેના વિભાગોમાં વહેંચી નાખે છે :

(૧) પૂર્વજલાર્ણવ પારંપરીય કથા અને ઇતિહાસની ઉષા (?)
(૨) જલાર્ણવ અને મનુવૈવસ્વત (આશરે ઈ. સ. પૂર્વે ૩૧૦૦)
(૩) યયાતિકાળ (આશરે ઈ. સ. પૂર્વે ૩૦૦૦થી ઈ. સ. પૂર્વે ૨૭૫૦)
(૪) માન્ધાતૃ-કાળ (આશરે ઈ. સ. પૂર્વે ૨૭૫૦થી ઈ. સ. પૂર્વે ૨૫૫૦)
(૫) પરશુરામ કાળ (આશરે ઈ. સ. પૂર્વે ૨૫૫૦થી ઈ. સ. પૂર્વે ૨૩૫૦)
(૬) રામચન્દ્રકાળ (આશરે ઈ. સ. પૂર્વે ૨૩૫૦થી ઈ. સ. પૂર્વે ૧૯૫૦)
(૭) કૃષ્ણકાળ (આશરે ઈ. સ. પૂર્વે ૧૯૫૦થી ઈ. સ. પૂર્વે ૧૪૦૦)
(૮) ભારતયુદ્ધ (ઈ. સ. પૂર્વે ૧૪૦૦)

કલિયુગીય રાજવંશાવલીઓને અંતે કલિયુગના દોષ અને દુરાચારનું વર્ણન પુરાણોમાં પ્રાપ્ત છે.

## સમાજ અને ધર્મ

સમાજ, ધર્મ અને સંસ્કૃતિના અધ્યયનમાં સામાજિક વ્યવસ્થાનું અધ્યયન અગત્યનું સ્થાન ભોગવે છે. પુરાણો પ્રાચીન ભારતીય સમાજ, ધર્મ અને સંસ્કૃતિ અંગે વિપુલ માહિતી પૂરી પાડે છે. સમયનાં પરિવર્તનો સાથે પુરાણોમાં જુદા જુદા વિષયો અંગે શ્લોકો અને ખંડો ઉમેરાયા અને આ રીતે પરિવર્તનના ધબકારા, આઘાત અને પ્રતિઘાત તેમાં નોંધાતા રહ્યા છે. (સરખાવો : इतिहासपुराणानि भिद्यन्ते लोकगौरवात् ।— स्कन्दपुराण, कौमारिकाखण्ड) અને તેથી કરીને વિભિન્નકાલીન સ્તરો પુરાણોમાં પ્રાપ્ત થાય છે.

### સમાજ

જ્ઞાતિપ્રથા એ ભારતીય સામાજિક વ્યવસ્થાનું આગવું લક્ષણ છે. બ્રાહ્મણ, રાજન્ય, વૈશ્ય અને શૂદ્ર, આ ચાર વર્ણો વામદેવના મુખ, બાહુ, ઊરુ અને પાદમાંથી અનુક્રમે ઉત્પન્ન થયા એમ મત્સ્યપુરાણ નોંધે છે. આ વિધાનમાં તે ઋગ્વેદના પુરુષસૂક્તને અનુસરે છે: ઋગ્વેદના પુરુષસૂક્તના 'પુરુષ'નું સ્થાન મત્સ્ય-પુરાણમાં 'વામદેવ' ભોગવે છે. વેદ અને ધર્મશાસ્ત્રમાં જે કાર્યો બ્રાહ્મણો માટે પ્રતિપાદિત કરવામાં આવ્યાં છે, તે કાર્યો અર્થાત્ યજ્ઞયાગાદિ, પૂજા, અધ્યયન-અધ્યાપન, દાન-પ્રતિગ્રહ વગેરે કાર્યો પણ પુરાણોમાં તેમને માટે પ્રતિપાદિત કરવામાં આવ્યાં છે. બ્રાહ્મણોને 'ભૂદેવો' માનવામાં આવતા હોઈ તેઓ મહત્ત્વપૂર્ણ પૂજા-સ્થાન ભોગવતા હતા. દા. ત., રોહિણીચંદ્રશયન વ્રતમાં બ્રાહ્મણને ચન્દ્ર માનીને પૂજા કરવાનું વિધાન છે. પરંતુ, બ્રાહ્મણોને અપાતી દક્ષિણાની બાબતમાં એક અગત્યની સૂચના આપવામાં આવી છે કે દક્ષિણા સપત્નીક, કુટુમ્બી અને અદામ્ભિક વિપ્રને આપવી જોઈએ, જેથી દક્ષિણાનો સદુપયોગ થાય. રાજ્યનાં સપ્તાંગોમાં પુરોહિત એક અગત્યનું અંગ હતું અને પુરોહિતનું ગૃહ રાજવેશ્મની ડાબી બાજુએ આવેલું હતું, આ હકીકત બ્રાહ્મણોનો રાજકીય બાબતો સાથેનો સંબંધ દર્શાવે છે. બ્રાહ્મણો માટે સુરા અને માંસ નિષિદ્ધ ગણાવવામાં આવ્યાં છે. આપત્કાલમાં બ્રાહ્મણોને કૃષિ, સૈન્ય ઇત્યાદિ ધંધાની પણ છૂટ આપવામાં આવી હતી. બ્રાહ્મણોની જેમ ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો પોતાનો વર્ણાશ્રમ ધર્મ પાળતા હતા અને ધર્મશાસ્ત્રમાં જણાવેલા ષોડશ સંસ્કારનું આચરણ જુદી જુદી વર્ણો કરતી હતી એમ પુરાણોમાં આવતાં વિધાનો અને વર્ણનો ઉપરથી અનુમાન કરી શકાય. આ ચાર વર્ણ ઉપરાંત ચાંડાલ, અંત્યજ, કુમ્ભકાર, કોયાલી, તેલી, સોની, જોલા, વૈદ્ય વગેરે જ્ઞાતિઓનો ઉલ્લેખ પુરાણોમાં છે.

પુરાણો 'વર્ણસંકરતા' અને 'વર્ણસંકર જ્ઞાતિઓ'નો ઉલ્લેખ કરે છે. સગોત્ર વિવાહ નિષિદ્ધ ગણવામાં આવ્યો હતો. એકપત્નીવ્રત આદર્શ ગણવામાં આવ્યું હતું, પણ અનેક પત્નીઓની પ્રથાનો સર્વથા અભાવ ન

હતો. સ્વજ્ઞાતિમાં વિવાહ આદર્શ ગણાતો હતો, પરંતુ આંતરજ્ઞાતીય વિવાહ અથવા વિવાહેતર જાતીય સંબંધોનો અભાવ હતો, એમ તો ન જ કહી શકાય; કારણ કે ધર્મશાસ્ત્રમાં વર્ણવેલા પુત્રોના વર્ગીકરણના અને મિશ્ર જાતિઓના ઉલ્લેખો પુરાણોમાં છે.

પત્નીનું સ્થાન સમાજમાં ઊંચું હતું. માતાપિતાનું સ્થાન વંદનીય હતું. પુત્રજન્મ એ આનંદનો પ્રસંગ હતો; પરંતુ કન્યાજન્મનો પ્રસંગ આવકાર્ય લેખાતો ન હતો, અને પુત્રી પિતાની 'દુઃખવર્ધિની અને ગ્લાનિકરા' લેખાતી હતી. આ કૃપણ દૃષ્ટિબિન્દુની વિરુદ્ધમાં એમ પણ પુરાણો જણાવે છે કે 'શીલવતી કન્યા દશપુત્રસમા' ગણાતી. પત્ની માટે पति परमं दैवतं હતો અને પતિવ્રતા સ્ત્રીઓનો પ્રભાવ એટલો હતો કે દેવો પણ કાંપતા હતા અને ધર્મરાજ પણ પતિવ્રતા સ્ત્રીઓની ઇચ્છા વિરુદ્ધ આચરણ કરી શકતા ન હતા. પતિવ્રતાના પ્રભાવ અને માહાત્મ્યના ઉત્કૃષ્ટ ઉદાહરણ તરીકે સતી સાવિત્રીનું ઉજ્જ્વળ ચારિત્ર્ય પુરાણોમાં વિશદતાથી વર્ણવવામાં આવ્યું છે. સ્ત્રીવધ નિન્દ્ય ગણવામાં આવ્યો છે અને સ્ત્રીવધ માટે મૃત્યુદંડની શિક્ષા વિહિત કરવામાં આવી છે. વેશ્યા અને પતિતાઓ તરફ પુરાણોની ઉદાર દૃષ્ટિ જોવા મળે છે. પણ્ય સ્ત્રીઓ માટે અનંગદાન વ્રત વિશિષ્ટ ગણવામાં આવ્યું છે. આ વ્રતાચરણ પણ્ય સ્ત્રીને અનન્ત ફલદાયક અને વિષ્ણુના પરમ આનન્દદાયક સ્થાનનું પ્રાપ્તિકારક જણાવવામાં આવ્યું છે.

અન્નપાનની બાબતમાં જુદી જુદી વાનગીઓનાં નામ પ્રાપ્ત થાય છે. દા. ત. અપૂપ, ઘારિકા, ઈંડરી (=ઇડરિકા), કૃસરા, લડ્ડુ, મંડક, માંસૌદન, દધ્યોદન, ગંધૌદન, મુદ્ગૌદન, પાયસ, પોલિકા, પૂરિકા, સક્તુ, સંયાવ, તક્ર, વટક વગેરે. માંસભક્ષણ સામાન્ય રીતે નિષિદ્ધ હતું. છતાં પણ ધાર્મિક વિધિઓ(દા. ત. શ્રાદ્ધવિધિ)માં તેની છૂટ હતી. સ્વપ્નમાં માંસભક્ષણ, મત્સ્યભક્ષણ અને સુરાપાનને મંગલકારી ગણવામાં આવ્યું છે.

સુરા, મૈરેય અને આસવના ઉલ્લેખો જુદા જુદા સંદર્ભમાં પ્રાપ્ત થાય છે. સુરાપાન પાપજનક માનવામાં આવ્યું છે. તેથી એમ કહેવામાં આવ્યું છે કે ફલ સપ્તમીવ્રત કરવાથી સુરાપાનજન્ય પાપનો નાશ થાય છે.

વસ્ત્રો અંગેની માહિતી દેવતાસન્નિધાન, દેવસ્તુતિ, યજ્ઞ, વ્રત, દાન વગેરેના વર્ણનના સંદર્ભમાં પ્રાપ્ત થાય છે; દા. ત. ક્ષૌમ, કૌશય, અંશુક, કંચુક, ચોલક, ઈત્યાદિ વસ્ત્રોનાં નામ ઉપલબ્ધ થાય છે.

આભૂષણોમાં અંગદ, હેમસૂત્ર, કાંચી, કંઠસૂત્ર, કર્ણોત્તંસ, મણિબન્ધ, નૂપુર; તથા કેશવિન્યાસ, સૌન્દર્યપ્રસાધનો (દા. ત. હેમશલાકા, અલક્ત) વગેરેના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

## ધર્મ

પુરાણો વેદસમ્મિત છે: સ્ત્રીઓ, શૂદ્રો અને દ્વિજબંધુઓને વેદશ્રવણનો અધિકાર ન હતો, અને તેમના લાભાર્થે પુરાણનું નિર્માણ થયું. (स्त्रीशूद्रद्विजबन्धूनां त्रयी न वेदश्रवणं मतम्। तेषामेव हितार्थाय पुराणानि कृतानि च – દેવી ભાગવત; તથા – स्त्रीशूद्रद्वीजबन्धूनां त्रयी न श्रुतिगोचरा। – श्रीमद् ભાગવત.) ભાગવત પુરાણનું નિર્માણ માનવજાતિના શ્રેયસ્ માટે થયું છે; અને તેથી અનેકવિધ ક્રિયાકલાપોનું પ્રતિપાદન પુરાણો કરે છે. પુરાણનાં લક્ષણ પરથી સ્પષ્ટ થાય છે કે પુરાણોના વર્ણ્ય વિષયોમાં બ્રહ્મ, જગત, જીવ, મોક્ષ ઈત્યાદિનો સમાવેશ થાય છે. બ્રહ્મપ્રાપ્તિ માટે અનેકવિધ સાધનો છે અને તેનાં વર્ણનો પુરાણોમાં પ્રાપ્ત થાય છે, અને તે દ્વારા તેમાં ધાર્મિક માન્યતાઓ, ધાર્મિક સમ્પ્રદાયો ઈત્યાદિનાં દર્શન થાય છે. સ્ત્રી અને શૂદ્રોને વેદવિહિત વિધિઓનો પણ અધિકાર ન હતો. પુરાણકારોએ તેને સ્થાને અનેક પૌરાણિક વ્રતો, દાનો, મહાદાનો વગેરે વિહિત કર્યાં અને શ્રૌત કર્મ દ્વારા જે જે ફળ પ્રાપ્ત થતાં હતાં, તે તે ફળ આ વ્રતો, દાનો, મહાદાનો ઈત્યાદિ આપનારાં દર્શાવ્યાં. (દૃષ્ટાંતરૂપે, નક્ષત્રપુરુષ વ્રત, આદિત્યશયન વ્રત, રોહિણીચંદ્રશયન વ્રત, સૌભાગ્ય-

શયન વ્રત, અગસ્ત્યપૂજા વિધિ, અનન્તતૃતીયા વ્રત, ભીમદ્વાદશી વ્રત, કલ્યાણ સપ્તમી વ્રત, એકાદશી વ્રત, વટસાવિત્રી વ્રત ઇત્યાદિ; ગેરુદાન, લવણાચલદાન, ગુડપર્વતદાન, તિલાચલદાન, રત્નાચલદાન ઇત્યાદિ)

કેટલાંક મહાદાનો ઐતિહાસિક કાળમાં થયાના ઉલ્લેખો પણ પ્રાપ્ત થાય છે. કેટલાંક મહાદાનોના અવશેષ તરીકે અર્વાચીન કાળમાં કેટલાંક સ્થળ પ્રાપ્ત થાય છે. સપ્તસાગરદાનના પુરાવારૂપ અવશેષ તરીકે મથુરામાં 'સાત સમુન્દરી કુઆં' નામક કૂવો મળ્યો છે, અને જ્યારે તેને સાફ કરવામાં આવ્યો ત્યારે તેમાંથી કુષાણ અને ગુપ્તકાળના અવશેષો પ્રાપ્ત થયા હતા. ઉજ્જૈનમાં પણ આવો એક કૂવો છે. અને પ્રયાગમાં ઝુસી વિભાગમાં આવેલા એક કૂવાનો ઉલ્લેખ મત્સ્યપુરાણ કરે છે.

ઉપર જણાવ્યું તેમ વ્રતો, દાન ઇત્યાદિ દ્વારા સ્ત્રી, શૂદ્રો અને દ્વિજોને પુરાણોએ આમુષ્મિક — પારલૌકિક લાભોથી વંચિત રાખ્યા નથી. દા. ત. રોહિણીચન્દ્રશયન વ્રતને દીર્ઘાયુ, આરોગ્ય, કુલાભિવૃદ્ધિ, ચંદ્રલોકની પ્રાપ્તિ અને અંતે દેવતાઓથી પરિપૂજિત થઈને સૌરિભવનની પ્રાપ્તિ કરાવનાર લેખ્યું છે. આ વ્રતનું આચરણ કરનાર સ્ત્રીને પણ સમાન ફળ પ્રાપ્ત થાય છે, અને પુનર્જન્મનો ફેરો પણ ટળે છે. શૂદ્રોને માટે વૈદિક મંત્રને સ્થાને પૌરાણિક મંત્રનો વિકલ્પ મૂકવામાં આવ્યો છે.

વૈદિક કર્મકાંડ ઘણો કઠિન, જટિલ હોવાથી, દરેક વ્યક્તિને માટે શક્ય ન હોવાથી, પુરાણકારોએ વ્રત ઇત્યાદિને તે તે વૈદિક યજ્ઞયાગાદિના ફલદાયક ગણાવ્યાં છે (દા. ત. રસકલ્યાણિની વ્રતનું આચરણ અગ્નિષ્ટોમ સદસ્રનું ફલદાયક ગણવામાં આવ્યું છે). વ્રતાચરણને બ્રહ્મહત્યાદિ પાપનું નાશક પણ ગણવામાં આવ્યું છે (દા. ત. નક્ષત્રપુરુષવ્રત બ્રહ્મહત્યાદિપાતક-નાશક દર્શાવવામાં આવ્યું છે). ઇષ્ટાપૂર્તનું વિધાન પણ પુરાણોમાં આપવામાં આવ્યું છે (દા. ત. તડાગાદિ ખનનથી અગ્નિષ્ટોમનું ફળ, અથવા અશ્વમેધનું ફળ વગેરે પ્રાપ્ત થાય છે, એમ જણાવવામાં આવ્યું છે).

આ ઉપરાંત પુરાણકારોએ તીર્થયાત્રાનું ઘણું જ માહાત્મ્ય ગાયું છે. તીર્થમાં સ્નાન, વ્રત, દાન, શ્રાદ્ધવિધિ ઘણાં જ ફળદાયી ગણવામાં આવ્યાં છે. તીર્થનિવાસ પણ મોક્ષદાયક ગણવામાં આવ્યો છે. જે દાન, તપ, યજ્ઞ, વિદ્યા વગેરેથી પણ પ્રાપ્ત થતું નથી, તે ત્યાંના નિવાસથી પ્રાપ્ત કરી શકાય છે, અને અક્ષય શિવસાયુજ્ય પ્રાપ્ત કરાય છે. અન્યથા નિન્દિત આત્મહત્યા પરમપવિત્ર તીર્થોમાં કેટલીક વાર મોક્ષપ્રાપ્તિ કરાવે છે.

પૌરાણિક દેવતાઓમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ગણેશ અને સૂર્ય પ્રધાન સ્થાન ભોગવે છે. તેમને વિશે મૂર્તિવિધાનની તેમ જ મંદિરરચનાની વિશદ માહિતી પુરાણોમાં પ્રાપ્ત છે. વળી, દેવી ઉપાસના પણ તેમાં જોવા મળે છે. આ સંદર્ભમાં દેવી ભાગવત અને માર્કણ્ડેયપુરાણાન્તર્ગત સપ્તશતીનો ઉલ્લેખ અસ્થાને નહીં ગણાય. વેદકાળના દેવતાઓમાં ઇન્દ્ર અને અગ્નિ પ્રમુખસ્થાને છે; પૌરાણિક કાળમાં વિષ્ણુ અને શિવ પ્રમુખસ્થાન ભોગવે છે; સાથે સાથે અન્ય દેવદેવીઓ પણ પૂજાય છે. છતાં પણ પરમ તત્ત્વની દૃષ્ટિએ તેમનામાં ભેદ નથી; અને વિભિન્ન દેવતાઓ અભિન્ન છે, એમ દર્શાવી 'પરમતત્ત્વ એક છે' એ વેદ-વેદાન્તની પરમ્પરાને પુરાણો અનુસરે છે. નારદીયપુરાણમાં વર્ણવવામાં આવ્યું છે કે 'બ્રહ્મા, વિષ્ણુ અને શિવ વચ્ચે જે મનુષ્ય ભેદ જુએ છે, તેની ગતિ અતિ ભયંકર નરક પ્રતિ થાય છે; જે મનુષ્ય બ્રહ્મા, વિષ્ણુ અને શિવને એકરૂપ સમજે છે, તે પરમાનંદને પામે છે. . . . આ શાસ્ત્રોનો નિશ્ચય છે.'

અનેક દેવતાઓમાં એકતાનાં દર્શન કરવાની આ વિચારધારા ઋગ્વેદના પ્રથમ મંડળમાં જોવા મળે છે:

इन्द्रं मित्रं वरुणमग्निमाहुरथो दिव्यः स सुपर्णो गरुत्मान् ।
एकं सद् विप्रा बहुधा वदन्त्यग्निं यमं मातरिश्वानमाहुः ।।

(ઋગ્વેદ ૧.૧૬૪–૪૬)

આ એક સત્‌ને ઉપનિષદોમાં एकमेवाद्वितीयम् (છાન્દોગ્યોપનિષદ), सत्यं ज्ञानमनन्तं ब्रह्म (તૈત્તિરીયોપનિષદ) વર્ણવવામાં આવે છે. વાઙ્‌મનસ્‌-અગોચર એવું પરમ તત્ત્વ પુરાણોમાં સુન્દર રીતે વાઙ્‌મનસ-ગોચર બનતું હોય છે; અને સચ્ચિદાનંદ બ્રહ્મનું સ્થાન શ્રીકૃષ્ણ લેતા હોય છે (પદ્મપુરાણ, ઉત્તરખંડ), અથવા અન્ય દેવતા (દા. ત. શિવ) પણ લેતા હોય છે.

સાથે સાથે એ પણ નોંધવું જોઈએ કે પુરાણોમાં ઔપનિષદ બ્રહ્મનાં વર્ણનો અપ્રાપ્ય નથી. પરમ દેવતાના વર્ણનમાં ઊપસતી એક વિચારધારાને નોંધવી અત્રે અસ્થાને નહીં ગણાય. સ્તવન દરમ્યાન અથવા અન્યત્ર જે દેવતાનું સ્તવન, વર્ણન અથવા માહાત્મ્ય આવતું હોય, તે દરમ્યાન દેવતાને સર્વશ્રેષ્ઠ નિરૂપવામાં આવે છે અને અન્ય દેવતાઓને તેનાથી લઘુ દર્શાવવામાં આવે છે (દા. ત. શિવનું માહાત્મ્ય ગાવામાં આવતું હોય ત્યારે બ્રહ્મા અને વિષ્ણુ શિવને સાહાય્ય કરતા, તેમનું સ્તવન કરતા વર્ણવવામાં આવે છે. અને વિષ્ણુનું માહાત્મ્ય ગાવામાં આવતું હોય, ત્યાં શિવ અને બ્રહ્માને વિષ્ણુની સ્તુતિ કરતા દર્શાવવામાં આવે છે. દા. ત. જ્યારે વિષ્ણુ અને બ્રહ્મા અગ્નિજ્વાલાસમન્વિત લિંગનો ઊર્ધ્વભાગ અને અધોભાગ અતિ પરિશ્રમ અને અથાગ પ્રયાસને અંતે શોધી શક્યા નહીં ત્યારે તે બન્ને શિવની સ્તુતિ કરે છે અને શિવને તેઓ પોતાના કરતાં શ્રેષ્ઠ સ્વીકારે છે. આવાં વર્ણનોમાં પુરાણોમાં પ્રતિબિંબત થતી સામ્પ્રદાયિક દેવતાની શ્રેષ્ઠતાના સૂર જોવા મળે છે. કેટલાંક વર્ણનોમાં સામ્પ્રદાયિક વિરોધો પણ પ્રતિબિંબિત થતા દેખાય છે.)

પરમ તત્ત્વની પ્રાપ્તિ માટે મુખ્ય ત્રણ માર્ગો સ્વીકારવામાં આવ્યા છે : જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ અને ભક્તિ-માર્ગ. પુરાણોમાં ભક્તિમાર્ગ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. પૌરાણિક ભક્તિમાર્ગનાં બીજ ઋગ્વેદનાં વરુણસૂક્તો અને ઇન્દ્રસૂક્તોમાં અને ઉપનિષદોમાં 'વરણ' અને 'પ્રસાદ'ના સિદ્ધાંતોમાં જોવા મળે છે. પૌરાણિક ભક્તિમાર્ગમાં ઉપાસ્ય દેવતા વિશે ઉદાર વિચારધારા પુરાણો દર્શાવે છે; ઉપાસક સ્વેચ્છાનુસાર શૈવ, વૈષ્ણવ, શાક્ત ઇત્યાદિ ઉપાસના, ભકિત દ્વારા તે તે પરમ તત્ત્વને પામી શકે છે. ભાગવતમાં નવધાભક્તિ વર્ણવવામાં આવે છે : શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. તેમાં 'ભગવન્નામસ્મરણ'નો મહિમા ઘણો મોટો છે અને આનું જ્વલંત ઉદાહરણ શ્રીમદ્ ભાગવતપુરાણાન્તર્ગત અજામિલ આખ્યાન પૂરું પાડે છે. કલિયુગમાં 'નામકીર્તન'નું માહાત્મ્ય ઘણું છે. વિષ્ણુપુરાણમાં કહેવામાં આવ્યું છે કે કૃતયુગમાં જે પુણ્ય ધ્યાનથી, ત્રેતાયુગમાં યજ્ઞયાગાદિથી, દ્વાપરયુગમાં અર્ચનાથી પ્રાપ્ત થતું હતું તે કલિયુગમાં કેશવકીર્તનથી પ્રાપ્ત થાય છે. બળદેવ ઉપાધ્યાયના શબ્દોમાં 'ભગવાનની અનુકંપાથી જ એના નામના સ્મરણમાં ચિત્ત લાગે છે. પુરાણોના ભક્તિવિષયક સિદ્ધાંતોનો આ નિષ્કર્ષ છે.'

કેટલાંક વ્રત દાન, વગેરેની વિધિમાં તાન્ત્રિક વિધિની અસર જોવા મળે છે. પુરાણોમાં લોકદેવદેવીઓની માહિતી પણ મળતી હોય છે. ઉદાહરણાર્થે બ્રહ્મવૈવર્તપુરાણમાં મનસા, મંગલચંડી, ષષ્ઠી વગેરે દેવીઓ અંગેની વિપુલ માહિતી મળે છે. આ બંગાળની લોકદેવીઓ છે.

## પૌરાણિક કથાઓ અને અર્થઘટન

પુરાણોમાં અનેક કથાઓ અને આખ્યાનો ઉપલબ્ધ થાય છે. કથા તરીકે કે આખ્યાન તરીકે પ્રાસાદિક શૈલીમાં લખાયેલાં આખ્યાનો રસપ્રદ અને હૃદયંગમ હોય છે. તેમના સાહિત્યિક મૂલ્ય ઉપરાંત તેમનું બીજું મૂલ્ય તેમાંથી પ્રાપ્ત થતી સાંસ્કૃતિક માહિતીમાં છે. પરંતુ, તેમનું સાંસ્કૃતિક-સામાજિક મૂલ્યાંકન કરતી વખતે વિશેષ કાળજી અને દક્ષતા રાખવી પડે છે. ઉદાહરણ તરીકે, પોતાના મોટા ભાઈની પત્ની મમતા સાથેના બૃહસ્પતિના સમાગમની કથામાંથી ઊપસતી કેટલીક સામાજિક પ્રથાઓ અને વ્યવહાર અંગે એવાં અનુમાનો કરી શકાય છે કે, તે સમયે દિયરના ભાભી સાથેના જાતીય સંબંધ અંગે કોઈ વાંધો હશે નહીં. દિયરની

આવી માગણી ભાભી માટે કોઈ સૂગ ઉપજાવનારી નહીં હોય, કે તે કોઈ અનૈતિક માગણી લેખાતી નહીં હોય. ઊલટમાં જો શારીરિક અને સામયિક અનુકૂળતા હોય તો ભાભીને આવી માગણી વાંધાજનક નહીં હોય.

બીજું દૃષ્ટાંત લઈએ. કૃષ્ણનું મથુરાથી દ્વારકાગમન સુવિદિત છે. આ પ્રસંગનું અર્થઘટન કરતાં ડૉ. એ. એલ. બશામ જણાવે છે કે આમાં એક પ્રાચીન અગત્યની ઘટના છુપાયેલી છે, અને તે છે મથુરાથી સશસ્ત્ર આર્યસમુદાયનો ધીમે ધીમે સૌરાષ્ટ્રમાં પ્રવેશ. આ પ્રવેશ, કદાચ, ઘણાં વર્ષો સુધી ચાલુ રહ્યો હોય.

ત્રીજું દૃષ્ટાંત: સુન્દપુરાણસ્થ માહેશ્વર ખંડના કૌમારિકા ખંડમાં આવેલી ભરતપુત્ર શતશૃંગની અજામુખી પુત્રીનું ઉપાખ્યાન અને સ્કન્દપુરાણસ્થ પ્રભાસખંડમાંના વસ્ત્રાપથમાહાત્મ્યમાં આવેલી હરિણીમુખી સ્ત્રીનું આખ્યાન ભારતમાં આવેલા સ્તમ્ભતીર્થ(ખંભાત)ના શ્રીલંકા સાથેનાં કેટલાંક સાંસ્કૃતિક પાસાં, તેમ જ ગિરનારની આજુબાજુના પ્રદેશ અને સૌરાષ્ટ્રમાંથી પ્રસંગોપાત્ત પશુપાલકોની ઢોર સાથે થતી અલ્પકાલિક હિજરત ઇત્યાદિ ઘટનાઓ અને પરિસ્થિતિ પર પ્રકાશ ફેંકે છે.

## પુરાણો : સાહિત્યિક દૃષ્ટિએ

અલંકાર : કાવ્યપ્રકાશકાર મમ્મટાચાર્ય કાવ્યપ્રયોજનોની ચર્ચા કરતાં જણાવે છે કે જુદાં જુદાં પ્રયોજનો પૈકી કાવ્યનું એક પ્રયોજન 'કાન્તા સમાન ઉપદેશ' આપવાનું છે.

काव्यं यशसेऽर्थकृते व्यवहारविदे शिवेतरक्षतये।
सद्यः परनिर्वृतये कान्तासम्मिततयोपदेशयुजे ॥

(૧) ઉપદેશોની ત્રણ રીતા પૈકી ઇતિહાસ અને પુરાણની રીત સુહૃત્સમાનતાત્પર્યસૂચક છે; અર્થાત્ તે અર્થપ્રધાન છે. પુરાણોની આ સુહૃત્સમાન અર્થપ્રધાન શૈલીનો ઉલ્લેખ મુક્તાફલ પણ કરે છે. પુરાણનો ઉદ્દેશ જનતાને વેદોથી અબાહ્ય રાખવાનો હોવાથી પુરાણોની ભાષા વ્યાવહારિક, હૃદયંગમ અને પ્રવાહી છે. છતાં પુરાણોની ભાષા અલંકારરહિત નથી—ભલે પદેપદે અલંકારપ્રચુરતા ન હોય છતાં પણ કાવ્યશોભાકર ધર્મ અલંકારોથી સુશોભિત છે. ડૉ. બલદેવ ઉપાધ્યાય લખે છે તેમ, 'પુરાણોમાં અલંકારોનો વિન્યાસ પણ એ મૂળ તાત્પર્યને લક્ષમાં રાખીને કરવામાં આવ્યો છે. અહીંયાં અલંકાર કાવ્યગત શબ્દનો શોભાદાયક ન થઈ કાવ્યગત અર્થનો ભૂષણદાયક છે. પુરાણકારનો હેતુ પ્રતિપાદિત અર્થ ઘણી સરળતાથી, અનાયાસ વાચકોના હૃદય સુધી પહોંચી જાય એ જ છે.'

અલંકારવિન્યાસનાં થોડાં ઉદાહરણો જોઈએ.

કથયિત્વના ચોટદાર અને વિશદ નિરૂપણ માટેની સાહિત્યિક યુક્તિઓમાં ઉપમા અલંકાર ગણાવી શકાય. શિષ્ટ સંસ્કૃતમાં લખાયેલાં મહાકાવ્યોમાં અથવા અન્ય સાહિત્યિક કૃતિઓમાં ઉપલબ્ધ થતી શાસ્ત્રીય કે દાર્શનિક ઉપમાઓનો પુરાણકારો સામાન્ય રીતે બહુ ઉપયોગ કરતા નથી; પરન્તુ ઉપમેયની વિશદતા અને સચોટતા માટે ઘરગથ્થુ, દૈનંદિન અનુભવ, આચરણ અને અવલોકનમાં આવતાં પદાર્થો, ક્રિયાઓ ઇત્યાદિને ઉપમાન તરીકે પ્રયોજે છે; અને કથયિતવ્યને તે દ્વારા વધુ સ્પષ્ટ અને વધુ અસરકારક બનાવે છે. દા. ત.

यथा हि पथिकः कश्चिच्छायामाश्रित्य तिष्ठति।
विश्रम्य च पुनर्गच्छेद् तद्वत् भूतसमागमः ॥ (पद्मपुराण)

[ખરેખર જેવી રીતે કોઈ એક મુસાફર (થોડો સમય) (વૃક્ષની) છાયાનો આશ્રય લે છે, વિશ્રામ કરે છે અને ફરીથી (આગળ) જાય છે, તે પ્રમાણે ભૂતસમાગમ (સંસારરૂપી વટવૃક્ષની) છાયાનો આશ્રય લે છે, વિશ્રામ કરે છે અને ફરીથી આગળ જાય છે.]

મનુષ્યો અને પ્રાણીઓનું સંસારમાં જન્મવું, જીવવું અને મરણ પામવું, અન્ય મનુષ્યો અને પ્રાણીઓના સમાગમમાં આવવું અને આ બધાની ક્ષણિકતા દર્શાવવાને પુરાણકાર પથિક અને પથિકની વિવિધ ક્રિયાઓની કેટલી સુંદર અને માર્મિક ઉપમા આપે છે!

मेघपृष्ठे वलाकानां रराज विमला गतिः ।
दुर्वृत्तैर्वृत्तचेष्टेव कुलीन स्याति शोभना ।। (विष्णुपुराण)

[ દુર્જનોની (પશ્ચાદ્ભૂમાં) જેમ કુલીનની અતિ તેજસ્વી ક્રિયાઓ દીપી ઊઠે છે, તેમ વાદળોની પશ્ચાદ્ભૂમાં બગલીઓની શ્વેત હારમાળા શોભી ઊઠી.]

न ववन्धाम्बरे स्थैर्यं विद्युदत्यन्त चञ्चला ।
मैत्रीव प्रवरे पुंसि दुर्जनेन प्रयोजिता ।। (विष्णुपुराण)

[ જેમ દુષ્ટ પુરુષની ઉત્તમ પુરુષ સાથેની અત્યન્ત ચંચળ મૈત્રી સ્થિરતા પામતી નથી, દૃઢ થતી નથી. તેમ અત્યન્ત ચંચળ વીજળીએ આકાશમાં સ્થૈર્ય પ્રાપ્ત કર્યું નહીં.]

अवापुस्तापमत्यर्थं शफर्यः पल्वलोदके ।
पुत्रक्षेत्रादिसक्तेन ममत्वेन यथा गृही ।। (विष्णुपुराण)

[ જેવી રીતે પુત્ર અને ક્ષેત્ર તરફની મમતાને કારણે ગૃહસ્થ અત્યન્ત પીડિત થાય, તેમ નાના તળાવના પાણીમાં શફરીઓ (નાની માછલીઓ) અત્યન્ત તપ્ત થઈ.]

तुषारराशिः कमलाकराणां यथा दहत्यम्वुजकानि शीते ।
तथैव सोऽग्निस्त्रिपुराङ्गनानां ददाह वक्त्रे क्षणपङ्कजानि ।। (मत्स्यपुराण)

[ જેવી રીતે ઠંડી ઋતુમાં સરોવરોમાં કમળોને હિમનો સમૂહ બાળી નાખે છે (અર્થાત્ નષ્ટ કરે છે), તેવી રીતે તે અગ્નિએ ત્રિપુર(નિવાસી) સુન્દર સ્ત્રીઓનાં મુખકમળ અને નેત્રકમળોને બાળી નાખ્યાં. ]

वभूव निर्मलं व्योम शरदा ध्वस्ततोयदम् ।
योगाग्निदग्धक्लेशौघं योगिनामिव मानसम् ।। (विष्णुपुराण)

[ જેવી રીતે યોગાગ્નિથી પાપનો સમૂહ બળી જવાથી યોગીઓનું મન નિર્મળ થાય છે, તેવી રીતે શરદ ઋતુથી નષ્ટ થયેલાં વાદળોવાળું આકાશ નિર્મળ થયું.]

—શરદ ઋતુમાં આકાશની નિર્મળતા બતાવીને અહીં યોગશાસ્ત્રમાંથી સુંદર ઉપમા આપવામાં આવી છે.

नभसोऽब्दं भुवः पङ्कं कालुष्यं चाम्भसः शरत् ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यः प्रत्याहार इवाहरत् ।। (विष्णुपुराण)

[ જેમ પ્રત્યાહાર ઇન્દ્રિયાર્થોમાંથી ઇન્દ્રિયોને ખેંચી લે છે, તેમ શરદ ઋતુએ આકાશમાંથી વાદળો, જમીનમાંથી કાદવ અને પાણીમાંથી મેલ દૂર કર્યાં. ]

—અહીં વળી શરદની નિર્મળતા માટે યોગશાસ્ત્રમાંથી સહજ ઉપમા આપવામાં આવી!

निर्गुणेनापि चापेन शक्रस्य गगने पदम् ।
अवाप्यताविवेकस्य नृपस्येव परिग्रहे ।। (विष्णुपुराण)

[જેમ ગુણહીન (નિર્ગુણ) માણસ અવિવેકી રાજાનો અનુગ્રહ પ્રાપ્ત કરે છે, તેમ પણછહીન (નિર્ગુણ) હોવા છતાં ઇન્દ્રના ધનુષ્યે આકાશમાં સ્થાન પ્રાપ્ત કર્યું.]

—આ શ્લોકમાં निर्गुण પદ શ્લિષ્ટ છે, અને તેથી ઉપમા વધુ રમણીય લાગે છે.

કેટલાક શ્લોકોમાં પ્રકૃતની ઉપમાન સાથે સંભાવના કરવામાં આવેલી હોય છે; અને ત્યાં ઉત્પ્રેક્ષા અલંકાર પ્રાપ્ત થાય છે. દા. ત.

प्रावृट्कालस्ततोऽतीव मेघौघस्थगिताम्बरः।
बभूव वारिधाराभिः ऐक्यं कुर्वन् दिशामिव ।। (विष्णुपुराण)

[વાદળોના સમૂહથી ઢંકાઈ ગયેલી આકાશવાળી વર્ષાઋતુ, વારિધારાઓથી જાણે કે (બધી) દિશાઓનું ઐક્ય સાધતી હોય તેમ, બેઠી.]

प्ररूढनवशष्पाढ्या शक्रगोपचिता मही।
तथा मारकतीवासीत् पद्मरागविभूषिता ।। (विष्णुपुराण)

[તાજા ઊગેલા કુમળા ઘાસથી યુક્ત અને ગોકળગાયથી ખચિત પૃથ્વી, જાણે કે, મરકતમણિ અને માણેકથી સુશોભિત હોય તેમ લાગતી હતી.]

અત્યંત સામ્યને કારણે ઉપમાન અને ઉપમેયનો અભેદ સ્થાપતાં થોડાંક દૃષ્ટાંત જોઈએ. (કેટલીક વાર રૂપકાશ્રિત વર્ણનો પણ પ્રાપ્ત થાય છે):

आपज्जलनिमग्नानां ह्रियतां व्यसनोर्मिभिः।
वृद्धवाक्यैर्विना नूनं नैवोत्तार कथञ्चन ।। (वामनपुराण)

[આપદરૂપી જળમાં ડૂબેલાઓનો અને સંકટરૂપી મોજાંઓથી ખેંચાઈ રહેલાંઓનો વૃદ્ધોનાં વચનો વિના, ખરેખર કેમે કરીને ઉદ્ધાર નથી.]

आपद्भुजगदष्टस्य मन्त्रहीनस्य सर्वदा।
वृद्धवाक्यौषधान्येव कुर्वन्ति किल निर्विषम् ।। (वामनपुराण)

[આપદરૂપી સર્પથી દંશ પામેલાને અને મન્ત્રહીનને વૃદ્ધોનાં વાક્યોરૂપી ઔષધિઓ જ હમેશાં, ખરેખર, વિષરહિત કરે છે.]

– વાયુપુરાણ(પૂર્વ વિભાગ)માં વિષ્ણુના વારાહ રૂપનું – યજ્ઞવરાહનું વર્ણન છે. દા. ત.

अग्निजिह्वो दर्भरोमा ब्रह्मशीर्षो महातपाः।
अहोरात्रेक्षणधरो वेदाङ्गश्रुतिभूषणः ।। (वायुपुराण)

[તે મહાતપસંપન્ન (યજ્ઞવરાહ) અગ્નિરૂપી જીભવાળા, દર્ભરૂપી રોમવાળા, બ્રહ્મારૂપી શીર્ષવાળા, દિવસ અને રાત્રીરૂપી નેત્રધારણ કરનારા, વેદાંગ અને શ્રુતિરૂપી આભૂષણો ધારણ કરનારા (હતા).]

– આ પરમ્પરિત રૂપકનું સુન્દર ઉદાહરણ છે.

संसारसागरमतीव गभीरपारं दुःखोर्मिभिर्विविधमोहमयैस्तरङ्गैः।
सम्पूर्णमस्ति निजदोषगुणैस्तु प्राप्तं तस्मात्समुद्धर जनार्दन मां सुदीनम् ।।
(पद्मपुराण, उत्तरखण्ड)

[દુઃખરૂપી મોજાંઓ યુક્ત અને વિવિધ તરંગો યુક્ત સંસારરૂપી સાગર પાર કરવો ઘણો ગંભીર છે. પોતાના ગુણ અને દોષથી બધું જ પ્રાપ્ત થયું છે, તેથી હે વિષ્ણુ! મારો ગરીબડાનો ઉદ્ધાર કર.]

પ્રશ્નપૂર્વક કથન હોય કે ન હોય, અને જ્યારે આવું કથન તેના સમાન વ્યપોહમાં (વિરોધમાં) પરિણમે ત્યારે પરિસંખ્યા અલંકાર થાય છે. દૃષ્ટાંત જોઈએ –

विभ्रमो यत्र नारीषु, न विद्वत्सु च कर्हिचित्।
नद्यः कुटिलगामिन्यो, न यत्र विषये प्रजाः।।
तमोयुक्ताः क्षपा यत्र बहुलेषु, न मानवाः।
रजोजुषः स्त्रियो यत्र, न धर्मबहुला नराः।। (काशीखण्ड)

[સ્ત્રીઓમાં વિલાસ છે, પરંતુ વિદ્વાનોમાં ભ્રમ હોતો નથી; નદીઓ વાંકીચૂકી વહે છે, પરંતુ પ્રજા કુમાર્ગી થતી નથી; કૃષ્ણપક્ષમાં રાત્રીઓ અંધકારયુક્ત છે, પરંતુ માનવો (ધર્મના) આધિક્યમાં તમોગણ યુક્ત નથી. સ્ત્રીઓ ઋતુધર્મને સેવે છે, પરંતુ ધર્માધિક્યયુક્ત માનવો રજોગુણનું સેવન કરતા નથી.]

આ ઉપરાંત, બીજા અલંકારો પણ જોવા મળે છે. શ્રીમદ્ ભાગવત એક સુંદર સાહિત્યિક કૃતિ છે. તેમાં તો અલંકારોનાં અતિ સુંદર ઉદાહરણો પ્રાપ્ત થાય છે. અલંકારો ઉપરાંત પુરાણોમાં સુન્દર સૂક્તો પ્રાપ્ત થાય છે:

अविवेको हि सर्वेषामापदां परमं पदम्।
विवेकरहितो लोके पशुरेव न संशयः।। (नारदीय पुराण)

[ખરેખર સર્વ આપત્તિઓનું પરમ પદ અવિવેક છે; જગતમાં વિવેકહીન પુરુષ પશુ જ છે, (તેમાં) સંશય નથી.]

सुजनो न याति वैरं परहितबुद्धिर्विनाशकालेऽपि।
छेदेऽपि चन्दनतरुः सुरभयति मुखं कुठारस्य।। (नारदीय पुराण)

[બીજાનું હિત કરવાની બુદ્ધિવાળો સજ્જન વિનાશકાળે પણ વેર કરતો નથી; ચંદનવૃક્ષને કાપવામાં આવે તોપણ કુહાડીના મુખને સુવાસિત કરે છે.]

सतां सङ्गो महापुण्यो बहुक्षेमप्रदायकः।
यथावह्नि प्रसंगाच्च मलं त्यजति काञ्चनम्।
तथा सतां हि संसर्गात् पापं त्यजति मानवः।
सत्यवह्नि प्रदीप्तश्च प्रज्वलेत्पुण्यतेजसा।। (पद्मपुराण)

[સજ્જનો સાથેનો સંગ ઘણો પુણ્યશાળી અને ઘણો ક્ષેમદાયક છે; જેમ અગ્નિના સંપર્કથી સોનું મેલનો ત્યાગ કરે છે અને સત્યરૂપી અગ્નિથી પ્રદીપ્ત એવો તે પુણ્યરૂપી તેજથી પ્રકાશે છે.]

अहिंसा परमो धर्मः ह्यहिंसैव परं तपः।
अहिंसा परमं दानमित्याहुर्मुनयः सदा।। (पद्मपुराण)

[અહિંસા પરમ ધર્મ છે, ખરેખર અહિંસા પરમ તપ છે. અહિંસા પરમ દાન છે, આ પ્રમાણે મુનિઓએ હમેશાં કહ્યું છે.]

सत्यमाहुः परं धर्मं सत्यमाहुः परं पदम्।
सत्यमाहुः परं ब्रह्म तस्मात्सत्यं सदा वदेत्।। (शिवपुराण)

[(ઋષિઓએ) સત્યને પરમ ધર્મ કહ્યો છે; (ઋષિઓએ) સત્યને પરમપદ કહ્યું છે; (ઋષિઓએ) સત્યને પરમ બ્રહ્મ કહ્યું છે; તેથી હમેશાં સત્ય બોલવું જોઈએ.]

## પાત્રાલેખન

વિવિધ આખ્યાનોમાં વિવિધ પાત્રોનું આલેખન કરવામાં આવ્યું છે: દેવયાની, સાવિત્રી, પાર્વતી, વીરક, તુલસી, તિલોત્તમા, કલાવતી, અનસૂયા, ઉર્વશી, કચ, યયાતિ, પુરૂરવા ઇત્યાદિ વિવિધ પુરાણોમાં આવતાં

પાત્રોનું અહીં પાત્રાલેખન કરવું શક્ય નથી. પરંતુ, કેવળ ઉદાહરણ તરીકે મત્સ્યપુરાણમાં કચ-દેવયાની ઉપાખ્યાનમાં આલેખિત દેવયાનીના પાત્રનું અવલોકન કરી લઈએ.

બૃહસ્પતિપુત્ર કચ દેવોના હિતાર્થે અસુર-પુરોહિત શુક્રાચાર્ય પાસેથી સંજીવની વિદ્યા પ્રાપ્ત કરવાનું બીડું ઝડપે છે. શુક્રાચાર્યને પ્રસન્ન કરવાના સર્વ પ્રયત્ન આદરે છે, તેમની પુત્રી દેવયાની સાથે મૈત્રી કરે છે, તેને માટે તે ફળફૂલ લાવે છે, અને પ્રસન્ન કરે છે. દેવયાની મૈત્રીના સોપાનથી પ્રણયની મંજિલ તરફ પ્રયાણ કરે છે. પરંતુ, કચ ગાયોને ચારીને પાછો નથી આવતો અને એકલી ગાયો પાછી ફરે છે, ત્યારે દેવયાનીની હૃદયવ્યથા વધી જાય છે. અગાધ પ્રેમને કારણે કચ વિના જીવન વેરાન અને અશક્ય લાગે છે અને પિતા શુક્રાચાર્યને આર્તનાદમાં તે વીનવે છે:

तं विना नैव जीवामि वचः सत्यं ब्रवीम्यहम्।

[હું તેના વિના જીવી શકીશ નહીં, હું સત્યવચન કહું છું]

દેવયાનીના આ દુરારૂઢ પ્રણય-આવેગને જોઈને વાત્સલ્યપૂર્ણ પિતા કચને જીવિત કરે છે, અને તેને સંજીવની વિદ્યા આપે છે. પરંતુ, પ્રાપ્તવિદ્ય કચ તો સ્વર્ગ તરફ પાછા ફરવાની તૈયારી કરે છે. તે સમયે દેવયાની કચ પાસે પ્રેમની પરિપૂર્ણતા તરીકે પાણિગ્રહણની યાચના કરે છે:

स समापितविद्यो मां भक्तां न व्यक्तुमर्हसि।
गृहाण पाणिं विधिवन्मम मन्युपुरस्कृतम्॥

[જેણે વિદ્યા સમાપ્ત કરી છે એવો તું ભક્ત એવી મને છોડી દે તે યોગ્ય નથી. ગુસ્સાથી આગળ ધરેલા મારા હાથનો તું વિધિપૂર્વક સ્વીકાર કર.]

અને કચ સવિનય તેને જણાવે છે, 'હે અનવદ્યાંગી દેવયાની! તું મારે મન પૂજ્યતમા છે; તું ગુરુપુત્રી છો અને મારે માટે જેટલા ગુરુ નિત્યમાનનીય છે તેટલી જ તું છે; માટે તું આમ બોલીશ નહીં.' કચનું આ ધર્મવચન સાંભળતાં પ્રેમની નિષ્ફળતા અનુભવતાં, દેવયાની કચને તેની (દેવયાનીની) પ્રીતિ યાદ કરવાનું જણાવે છે અને આજીજી કરે છે–

न मामर्हसि धर्मज्ञ त्यक्तुं भक्तामनागसाम्।–

[ધર્મજ્ઞ, નિષ્પાપ અને ભક્ત એવી મને તું છોડી દે તે યોગ્ય નથી.]

આ અનિયોજ્ય નિયોગનું વચન સાંભળીને કચ દેવયાનીને સ્પષ્ટ કરે છે:

भगिनी धर्मतो मे त्वं मैवं वोचः शुभानने।
सुखेनाध्युषितो भद्रे न मन्युर्विद्यते मम॥
आपृच्छे त्वां गमिष्यामि शिवमस्त्वथ मे पथि।

[હે સુંદરવદના! તું એમ ન બોલ. તું ધર્મથી મારી બહેન છે. હે બહેન! તેં મને સુખે ભણાવ્યો છે. મને કોઈ ગુસ્સો નથી. હું તારી રજા લઉં છું. હું જઈશ. મારો માર્ગ કલ્યાણકારક બનો.]

આ અણુકલ્પ્યું વચન સાંભળતાં હતાશાની પરાકાષ્ઠાએ પહોંચેલી દેવયાની કચને શાપ આપે છે: 'કચ, તારી વિદ્યા વિફળ નીવડશે.' આમ, ભર્યાભર્યા પ્રેમની નિષ્ફળતા શાપદાનમાં પરિણમી; સામેથી કચ દેવયાનીને પ્રતિશાપ આપે છે કે 'તને કોઈ બ્રાહ્મણ સ્વીકારશે નહીં.' આ પછી કચ ત્રિદશાલય તરફ પ્રયાણ કરે છે.

# ૬ : શ્રીમદ્ ભાગવત

## મંગલાચરણનો મર્મ*

कृष्णस्तु भगवान् स्वयम् એવી ઘોષણા કરવા માટે જ લખાયેલ ભાગવતના મંગલાચરણમાં કૃષ્ણની નહીં, પણ સત્યની સ્તુતિ છે એ નોંધપાત્ર છે. ભાગવતકાર 'પર-સત્ય'ને નજર સામે રાખીને લખે છે (सत्यं परं धीमहि). સ્થૂલ આંખોને દેખાય એવા સ્થૂલ, 'અ-પર' સત્યોની એ ઉપેક્ષા કરતા નથી, પણ તેમની દૃષ્ટિ તો સૂક્ષ્મ દૃષ્ટિને જ ગોચર થાય એવા સૂક્ષ્મ સત્ય પર છે. વાચ્યાર્થનું મહત્ત્વ નથી, એમ નથી, પણ વિશેષ મહત્ત્વ લક્ષ્યાર્થનું છે, અને સૌથી વધુ મહત્ત્વ વ્યંજનાનું છે. શ્રવણથી વાચ્યાર્થ જ માત્ર ગ્રહણ થાય. લક્ષ્યાર્થ અને વ્યંગ્યાર્થ સમજવા માટે મનન અને નિદિધ્યાસન જોઈએ; એટલે જ મનન અને નિદિ-ધ્યાસન ભાગવતકારે અનિવાર્ય માન્યાં છે. વાર્તા જ સમજે એને મનોરંજન સાથે થોડોક સદ્ઉપદેશ પણ સાંપડી રહે એની ના નહીં, પણ સાચો અર્થ તો તેને જ હાથ આવે, જે વાર્તામાં ઓતપ્રોત આત્માની પણ ઝાંખી કરી શકે.

આ વાત સૂચવવા માટે જ જાણે આ મંગલાચરણ યોજાયું છે : વાર્તા ભલે કૃષ્ણની હોય, પણ વાત સત્યની છે એમ કહેવા માટે. આપણી સામાન્ય બુદ્ધિ અવ્યક્ત અને અ-ગુણબ્રહ્મને, અર્થાત્ પર-સત્યને, વ્યક્ત અને સગુણરૂપે જ ગ્રહણ કરી શકે, માટે અમે वसुदेवसुतं देवं कंसचाणूरमर्दनं देवकीपरमानन्दम् कृष्णंની વાત કરીએ છીએ, બાકી અમારો હેતુ તો सत्यं પ્રત્યે આંગળી ચીંધવાનો જ છે, એવું ગુંજન એના એકેએક શબ્દમાંથી ઊઠે છે.

શાર્દૂલવિક્રીડિત છંદમાં આલેખાયેલ આ શ્લોકમાં પર સત્યની સમજણ આપવામાં આવી છે, અથવા કહો કે એનો પરિચય આપવામાં આવ્યો છે, આડકતરી રીતે. ભાગવતમાં શું શું છે અને તે કેવી રીતે વાંચવું, વિચારવું, જાણવું, માણવું, પ્રમાણવું તેનું સૂચન પણ સાથે સાથે એ પરિચયમાંથી મનનશીલને મળી રહે છે.

શરૂઆતના ત્રણ શબ્દો जन्माद्यस्य यतः બાદરાયણના વેદાંતદર્શનના છે, એ સુવિદિત છે. अथातो ब्रह्मजिज्ञासा 'હવે આટલી પાત્રતા પ્રાપ્ત કર્યા પછી આપણે બ્રહ્મને સમજવાની કોશિશ કરીએ,' એમ કહીને બાદરાયણ બ્રહ્મ શું છે તે જે સૂત્ર દ્વારા સમજાવે છે તે સૂત્રના જ આ શબ્દો છે : जन्मादि अस्य यतः બ્રહ્મ આપણાં આ ચર્મચક્ષુઓ વડે દેખાતું નથી, પણ વિશ્વ તો દેખાય જ છે ને! તો આ વિશ્વ, આ જે કંઈ છે તે ક્યાંથી આવ્યું, શામાંથી સરજાયું, કયા બીજમાંથી પાંગર્યું? અને અંતે એ શામાં લય પામવાનું છે? વળી સર્જન અને વિસર્જન, અથવા પ્રાગટ્ય અને પ્રલય, અથવા આવિર્ભાવ અને તિરોભાવ વચ્ચેના ગાળા દરમ્યાન એ શેના વડે પ્રાણિત છે, શેને આધારે ટકી રહ્યું છે, ઊભું છે? જો કાર્ય છે, તો એનું કારણ હોવું જ

---

*जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट्
तेने ब्रह्म हृदा य आदिकवये, मुह्यन्ति यत्सूरयः ।
तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गोऽमृषा
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥

જોઈએ, અને જો કારણ જેવું કંઈ છે જ નહીં એમ માની લઈએ તો પછી કાર્ય પણ સંભવે જ નહીં. આમ 'અન્વય' અને 'વ્યતિરેક' બેય રીતે વિચાર કરતાં આગળના પ્રશ્નનો એક જ જવાબ આપી શકાય કે આ જ્યાંથી આવ્યું, સરજાયું, પ્રગટ્યું, આવિર્ભૂત થયું, અને જેમાં અંતે લય પામવાનું છે, અને વચ્ચેની સ્થિતિમાં જેના વડે પ્રાણિત છે, જેને આધારે ઊભું છે, 'એ' તે જ બ્રહ્મ, તે જ પરમ સત્ય, 'એ' નથી, તો 'આ' પણ ન હોવું જોઈએ; પણ 'આ' તો છે માટે 'એ' પણ છે, એમ 'અન્વય' અને 'વ્યતિ-રેક'ના વિચાર દ્વારા ભાગવતકાર અને વેદાન્ત આપણને 'એ' બ્રહ્મ તરફ લઈ જાય છે. જ્ઞાત ઉપરથી અજ્ઞાત તરફ જવું (ફ્રૉમ નોન ટુ અનનોન) એ કેળવણીશાસ્ત્રનો સર્વસ્વીકૃત સિદ્ધાંત છે.

સત્ય એનો વ્યુત્પત્તિથી થતો અર્થ બતાવે છે તેમ ફક્ત (अस् હોવું) 'છે-રૂપ' જ નથી. એ ચેતન-રૂપ પણ છે. 'હું છું' એવું એનામાં સ્ફુરણ છે, અને 'હું છું' એવું સ્ફુરણ છે, માટે 'હું એક છું, તે અનેક રૂપે સ્ફુરું' એવું અનુસ્ફુરણ પણ એનામાં છે. અનેકરૂપે સ્ફુરવાની, આવિર્ભૂત થવાની એનામાં શક્તિ છે. બધાં રૂપોને, બધાં અર્થોને, એ અ-રૂપી જાણે છે. એ अर्थेषु अभिज्ञः છે, વળી એ સર્વજ્ઞાનમય છે, કારણ કે એ स्व-राट् છે, સ્વપ્રકાશથી પ્રકાશમાન છે, પોતાના તેજથી તેજસ્વી છે.

સર્વ જ્ઞાનના મૂળ બીજ સમા વેદ જેના ચાર મુખમાંથી નીકળ્યા છે, એ બ્રહ્માને કોણે સરજ્યા? અને સરજ્યા પછી ચાર વેદ એના અંતરમાં કોણે સ્ફુરાવ્યા? આ પર સત્યે જ. આ પર સત્ય તે જ પહેલાં બ્રહ્મરૂપ થયું, અને પછી પોતાનામાંથી પ્રગટાવેલ પોતારૂપ એ બ્રહ્માને પોતાની સર્વજ્ઞાનમયી ચેતના પણ પોતે જ સમર્પી! (तेन ब्रह्म हृदा य आदिकवये) આ આખી પ્રક્રિયા શું છે તે આપણે જેને સામાન્ય રીતે જ્ઞાનીઓ તરીકે ઓળખીએ છીએ તેઓ પણ નથી જાણતા. માટે કહ્યું છે કે मुह्यन्ति यत् सूरयः ।

નાના બાબાને રીઝવવા માટે બાપ ઘોડો બને એના જેવું કંઈક આ ખરું. પણ એક તફાવત છે. અહીં તો જેને માટે બાપ ઘોડો બને છે એ 'બાબો' પણ 'બાપ' પોતે જ છે. પોતે પોતાના જ આનંદ માટે લીલા કરે છે. પણ એનો અર્થ એવો પણ ન કરવો કે એ લીલા ન કરે તો એનો આનંદ નષ્ટ થઈ જાય. અથવા તો એના આનંદનો આધાર એની લીલા પર છે. ના, આનંદ તો એ સન્મય અને ચિન્મય બ્રહ્મનું સ્વરૂપ જ છે. એ આનંદ-લીલામાં આવિર્ભૂત થાય છે. પણ એવી લીલાનું એ વિસર્જન કરે તો એ પણ એક લીલા જ! અને એ વિસર્જન-લીલામાં પણ આનંદ જ આવિર્ભૂત થયેલો હોય. સાચે જ પંચ-મહાભૂતાત્મક પ્રકૃતિ 'એ'ની લીલા જ છે. 'એ'નામાંથી જ એ સરજાઈ છે, અને એમાં વળી કોઈ કોઈ વાર તેજ પાણીરૂપે, પાણી પૃથ્વીરૂપે અને પૃથ્વી તેજરૂપે આપણી આંખોને જે ભાસે છે, તે પણ 'એ'ની લીલા જ છે, અથવા કહો કે માયા છે. હકીકતમાં માયા અને લીલા બેય શબ્દો જુદા જુદા દૃષ્ટિકોણથી એક જ અર્થના દ્યોતક છે. 'જયશંકર' નાટકમાં 'સુંદરી' રૂપે દેખાય, એ 'જયશંકર'ની લીલા, પણ જોનારા માટે તો એ 'માયા' જ. પડદો ઉપડતાંવેંત પ્રેક્ષકવૃન્દ રંગમંચ પર જે કંઈ જુએ છે તે 'માયા' જ છે, પણ નટ-વૃન્દના દૃષ્ટિકોણથી જોઈએ તો તે તેમની લીલા છે. અંદરથી જુઓ તો લીલા અને બહારથી જુઓ તો માયા; અથવા પડદાની અંદરના માટે જે લીલા, તે પડદાની બહારના માટે માયા.

કોઈ કહે લીલા, કોઈ કહે માયા:<br>
સૌમાં હરિવર એક સમાયા.

માટે જ મંગલાચરણના શ્લોકની ત્રીજી પંક્તિ કહે છે કે 'જેને લઈને त्रिसर्गः ત્રિગુણાત્મક આ સર્જન, જે આમ તો મૃષા — મિથ્યા છે, માયારૂપ છે, તે આપણી ઇન્દ્રિયોને અમૃષા, અમિથ્યા, સાચું, વાસ્તવિક લાગે છે, તે પરમ સત્યનું અમે ધ્યાન કરીએ છીએ.' નટવૃન્દની લીલા, એ પ્રેક્ષકવૃન્દને માટે ન સમજાય એવી માયા! પણ એ 'માયા'ની પાછળ નટવૃન્દ છે તે જાતે કંઈ માયા નથી, તે તો સત્ય જ છે. નટ-વૃન્દ તે નટવૃન્દ નથી, પણ હરિશ્ચંદ્ર, તારામતી આદિ છે એવી જે ભ્રમણા પ્રેક્ષકવૃન્દને થાય છે તે નટ-

વૃન્દને પોતાને થતી નથી. નટવૃન્દ તો લીલા કરતાં કરતાં પણ, પોતે ફક્ત લીલા જ કરી રહ્યું છે, પોતે જેની ભૂમિકા ભજવી રહ્યું છે તે નથી, પણ જે છે તે જ છે એ અંગે સભાન છે.

આમ પોતે રચેલ માયાને નટવૃન્દ પોતાની સભાનતા વડે, પ્રભા વડે નિવારે છે. धाम्ना स्वेन सदा निरस्तकुहकम्। આમ અ-રૂપ હોવા છતાં સર્વ રૂપોને વિશે अभिज्ञ, સ્વયંપ્રકાશ, સર્વજ્ઞાનમય, પંચભૂતાત્મક પ્રકૃતિરૂપે આવિર્ભૂત થતા છતાં પોતે સરજેલ માયાને અથવા પોતે કરેલ લીલાને પોતાના જ પ્રકાશથી સમ્યક્ રીતે જોવું એવું જે પર સત્ય છે, એનું અમે ધ્યાન ધરીએ છીએ એવી પ્રતિજ્ઞા સાથે ભાગવતકાર પોતાના ગ્રંથનો પ્રારંભ કરે છે.

ભાગવતમાં લીલાનું હૃદયંગમ વર્ણન છે, માયાનું વેધક વિવરણ છે, અનેકની ભીતર રમતા એકનું યથાર્થ દર્શન છે, એકમાંથી આવિર્ભૂત થતા અનેકના ક્રીડનનું રસાત્મક સમીક્ષણ છે: ઉપદેશ છે, વાર્તા છે, ચિંતન છે, કાવ્ય છે. ઈશ્વરની, બ્રહ્મની, પર સત્યની સાધના, આરાધના એની આ વિશ્વમયી પ્રતિમામાં જ કરવાની છે, એવું પુનરપિપુનઃ પુનરાવર્તન પામતું, આખ્યાનોપાખ્યાનોમાં અંકુરતું, બોધવચનોમાં સ્ફુરતું, સંવાદોમાં પ્રતીયમાન થતું, ધ્રુવપદ ગુંજન છે.

માટે જ પ્રેમલક્ષણાભક્તિરૂપ નારદને એના પ્રેરક, જ્ઞાનમય પ્રદીપને પ્રગટાવનાર વ્યાસને એના પ્રયોજક અને प्रव्रजन्तम्, अनुपेतम्, अपेतकृत्यम् અને सर्वभूतहृदयम् એવા શુક મુનિને એના ઉદ્‌ગાતા માન્યા છે.

સાચે જ સ્થૂલ જગતમાંથી અથવા કહો કે જગતની સ્થૂલતામાંથી પ્રવ્રજ્યા કર્યા વગર સ્થૂલ સંસારની એક પણ એંધાણી ભેગી રાખ્યા વિના (अनुपेतम्) નીકળી ગયા વગર, અને તે પણ હારીને નહીં, પણ अपेतकृत्य બનીને — જીતીને. તે વિના ભાગવતનો આત્મા હાથ આવે એમ નથી. सर्वभूतहृदयम्નું બિરુદ પામેલ મુનિના મર્મને સુજનના અણુએ અણુમાં રણઝણી રહેલા સચ્ચિદાનંદગાનના શ્રાવણ સિવાય બીજી કઈ રીતે આત્મસાત્ કરી શકાય?

કંસને સંહારવા માટે મોટાભાઈ બલદેવ સાથે 'રંગ' પર ચડેલા શ્રીકૃષ્ણ ભિન્ન ભિન્ન વૃત્તિઓ અને રુચિઓવાળા લોકોને કેવાં ભિન્ન ભિન્ન સ્વરૂપોએ દેખાયા તેનું વર્ણન ભાગવતે એક નાટ્યાત્મક કાવ્યરસિક અને તત્ત્વચિંતનથી સમૃદ્ધ શ્લોકમાં કર્યું છે.

मल्लानामशनिर्नृणां नरवरः स्त्रीणां स्मरो मूर्तिमान्
गोपानां स्वजनोऽसतां क्षितिभुजां शास्ता स्वपित्रोः शिशुः।
मृत्युर्भोजपतेर्विराडविदुषां तत्त्वं परं योगिनां
वृष्णीनां परदेवतेति विदितो रङ्गं गतः साग्रजः॥

(સ્કંધ ૧૦, અ. ૪૩, શ્લો. ૧૭)

મોટાભાઈની સાથે 'રંગ'માં દાખલ થયેલ કૃષ્ણને મલ્લોએ પોતાના નાશ માટે ફેંકાયેલા વજ્ર રૂપે જોયા; માનવીઓએ માનવશ્રેષ્ઠરૂપે, સ્ત્રીઓએ સાક્ષાત્ કંદર્પ રૂપે, ગોવાળોએ પોતામાંના એક ગોવાળ રૂપે, અધમ અવનીન્દ્રોએ દંડક રૂપે, મા-બાપે શિશુ રૂપે, કંસે કાળ રૂપે, અજ્ઞાનીઓએ વિરાટ રૂપે, યોગીઓએ પરમ તત્ત્વ રૂપે અને વૃષ્ણિઓએ પોતાના કુલદેવતા રૂપે જોયા.

શ્લોકનો છંદ શાર્દૂલવિક્રીડિત છે — ઉચિત રીતે જ. અભ્યુત્થિત અધર્મને વિદારવા માટે પુરુષ-શાર્દૂલ 'રંગ' ઉપર આવે તેનું આલેખન શાર્દૂલમાં જ શોભે ને! ભાગવતકારનો આત્મા 'કવિ'નો છે — પેલા ઈશાવાસ્ય ઉપનિષદના એક મંત્રમાં નિર્દેશાયલા કવિનો; વર્ણ્યની સાથે તાદાત્મ્ય અનુભવતા, સૃષ્ટિમય બની

રહેતા સર્જકનો. ભાગવતની રચના ભાગવતકારે એવા 'કવિ' બનીને, અથવા કહો કે એવા 'કવિ' બનવા માટે જ કરી છે.

ભાગવતની ઘણી બધી ખૂબીઓ કૃષ્ણવર્ણનના ઉપરના શ્લોકમાં આવી જાય છે. કૃષ્ણવર્ણનને મિષે ભાગવતકારે જાણે પોતાના ગ્રંથનું જ વર્ણન કર્યું છે. જે ગ્રંથના નાયક रसो वै सः એ શ્રુતિવચનમાં નિરૂપાયેલ રસ-રૂપ પરમાત્માની શ્રેષ્ઠ વિભૂતિ સમા શ્રીકૃષ્ણ હોય, તે ગ્રંથમાં બધા જ રસોનું અભિસિંચન હોવું જોઈએ ને! ભાગવતમાં રૌદ્ર, શાંત અને શૃંગાર, હાસ્ય, વીર અને કરુણ, ભયાનક, બીભત્સ અને અદ્‌ભુત—નાટ્યશાસ્ત્રભાખ્યા નવે-રસોનું સિંચન છે. દશમો વાત્સલ્ય રસ પણ છલોછલ છે અને એ દશેયને ભરીને દશ આંગળ ઉપર વિલસતો ભક્તિરસ તો શતસહસ્રધારાએ રેલમછેલ છે. બધાય લૌકિક રસોની સાર્થકતા એક અને અનન્ય અલૌકિક ભક્તિરસથી પરિપ્લાવિત થવામાં છે એવી પોતાની અનુભૂતિ ભાગવતકારે ગ્રંથના બારેબાર સ્કન્ધના અઢાર હજાર શ્લોકોમાં અંકિત કરી છે.

ભાગવતકારે ભગવાનને 'રંગ'માં જોયા છે—પ્રત્યક્ષ—હાજરાહજૂર! 'જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે,' પેલા સુપ્રસિદ્ધ શ્લોકમાં ગીતાએ કોલ આપ્યો છે તેમ 'ત્યારે ત્યારે દુષ્ટતાના દલન અર્થે અને સતના પરિત્રાણ અર્થે હું અવતાર લઉં છું,' એટલે કે 'રંગ' પર આવું છું. પણ ભગવાન ખરેખર જ્યારે 'રંગ'માં આવે છે ત્યારે શું થાય છે તેમ જ ભગવાનના રંગપ્રવેશ પહેલાં અને ભગવાનની રંગવિદાય પછી આ ધરતીની તેમ જ માનવીના હૃદયની ધરતીની શી સ્થિતિ થાય છે તે ભાગવતકારે પોતાની પારદર્શક પ્રતિભા વડે આલેખી આપ્યું છે.

ભાગવતમાં ઐતિહાસિક તેમ જ પ્રાગૈતિહાસિક ચૈતન્ય તત્ત્વની અનેક વિભૂતિઓને બિરદાવવામાં આવી છે. ઐતિહાસિક વિભૂતિઓ પ્રાગૈતિહાસિક લાગે અને પ્રાગૈતિહાસિક વિભૂતિઓમાં ઐતિહાસિકતાનો આભાસ થાય એવું ભાગવતકારનું સંવિધાન-કૌશલ છે. પણ ઐતિહાસિક અને પ્રાગૈતિહાસિક એવા બે જ ભાગ માત્ર ઇતિવૃત્તના નથી. ભાગવતકારને મન એક ત્રીજો ભાગ પણ છે. એ બેયથી મોટો, ઘણો મોટો. એ ત્રીજો ભાગ છે, અવ્યક્ત દિક્‌કાલનું સર્જન થયું તે પૂર્વેનો અને દિક્‌કાલનું વિસર્જન થશે, તે પછીનો. ભાગવતકાર વ્યક્તમાં (ઐતિહાસિક તેમ જ પ્રાગૈતિહાસિક વ્યક્તમાં) અવ્યક્તની લીલા નીરખે છે, અને અવ્યક્તમાં આભાસિત થતા વ્યક્તની માયાને—લીલાને—અસત છતાં સત ભાસતા તેના સૌંદર્યમાં અનુરક્ત થઈને બિરદાવે છે.

तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गोऽमृषा।
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि॥
(સ્કંધ ૧, અ. ૧, શ્લો. ૧)

કારણ કે સદસદ્‌મયી આ સૃષ્ટિનું આલેખન કરતી વખતે પણ તેમની દૃષ્ટિ સદ્ અને અસદ્ બંનેની પેલી પાર વિહરતા परं सत्यम् પર કેન્દ્રિત છે. અવ્યક્તના અસંખ્ય આવિર્ભાવોમાં कृष्णस्तु भगवान् स्वयम् એવી ભાગવતકારની દૃઢ શ્રદ્ધા હોવા છતાં એમની પ્રતિજ્ઞા તો सत्यं परं धीमहिની છે. નિર્ગુણ બ્રહ્મ (आत्मानम् क्रीडयन् क्रीडन्) લીલાના એકમાત્ર આનંદ-લક્ષ્યથી સગુણ બને, ત્યારે તે શ્રીકૃષ્ણ જેવી કોઈ સર્વાંગસુંદર વિભૂતિ રૂપે જ આવિર્ભૂત થાય એવી ભાગવતકારની અન્તરપ્રતીતિ છે પણ એ શ્રીકૃષ્ણનું પરિમાણ—પ્રમાણ તો 'परं सत्य' જ! દિક્‌કાલાતીત परं सत्यम् દિક્‌કાલના 'રંગ' પર પૂર્ણપણે પ્રવિષ્ટ થાય છે તેને ભાગવતકાર શ્રીકૃષ્ણરૂપે નિહાળે છે, અને રંગપ્રવેશની એ અકલ્પ્ય લીલાને ભરી ભરીને આલાપે છે (मुह्यन्ति यत् सूरयः) લીલાના રંગથી રંગાયા વિના; અથવા પૂર્ણપણે રંગાઈને જ, એમ કાં ન કહીએ!

શ્રીમદ્ ભાગવતમાં કૃષ્ણકથા છે, પણ તે શૂન્યાવકાશમાં નથી. અસંખ્ય તારાઓ વચ્ચે એ સૌના સામટા તેજને પણ ઝાંખું પાડી દે એવો એક વિરાટ તારો સૃષ્ટિના 'રંગ' પર ઝગારા મારતો આવે, (ज्योतिषां ज्योतिः), તેમ સચ્ચિદાનંદની શતસહસ્ર વિભૂતિઓ વચ્ચે શ્રીકૃષ્ણ વિહરે છે. આવી કૃષ્ણકથાનાં મૌક્તિકો માટે સૂત્ર જોઈએ તે કાવ્ય અને તત્ત્વચિન્તનના તાણાવાણા વિના શી રીતે તૈયાર થાય? સૃષ્ટિના સર્જન, સંગોપન અને વિસર્જનનું પર્યેષક દૃષ્ટિએ હૃદયંગમ નિરૂપણ, પ્રકૃતિની સંસ્કૃતિ પ્રત્યેની અને સંસ્કૃતિની વિકૃતિ પ્રત્યેની યાત્રાનું વિશ્લેષણાત્મક પણ મનોરમ આલેખન, સર્વ દેશ અને સર્વ કાલની ભિન્ન ભિન્ન રુચિઓ અને તેમના ભિન્ન ભિન્ન બૌદ્ધિક સ્તરોને સંસ્પર્શે, સંસ્પર્શીને એમને સૌને એક અને અનન્ય પુરુષોત્તમ ભણી ભક્તિભાવમાં વહેતા કરે એવાં દૃષ્ટાંતરૂપ આખ્યાનો અને ઉપાખ્યાનોનું ધ્વનિપ્રચુર, અર્થગર્ભ, સર્વાંગસુંદર ચિત્રણ — આ છે બધું ભાગવતમાં. ભાગવતની અપરંપાર લોકપ્રિયતાનું કારણ તેની આ સૌંદર્યમયી, રસવર્ષી, આત્મદ્રાવક સર્વસ્પર્શિતા છે. માનવીની બધી જ વૃત્તિઓને — લૌકિક તેમ જ દિવ્ય બધી જ વૃત્તિઓને — સંસ્પર્શીને, સંશોધીને ઊર્ધ્વ દિશામાં દોરી જાય એવું અક્ષર રસાયણ શ્રીમદ્ ભાગવતની રચના કરીને મહર્ષિ વ્યાસે જગતને સમર્પિત કર્યું છે.

ભાગવતની લોકપ્રિયતાનું એક બીજું કારણ — પહેલાના જેટલું જ મહત્ત્વનું, કદાચ વધારે — એ છે કે એ ગ્રંથમાં સમગ્ર 'હિંદુ' જાતિના (તે પોતાને હિંદુ તરીકે ઓળખતી થઈ તે પહેલાંના સમયના પણ) અસંપ્રજ્ઞાત મન(સબકૉન્શિયસ માઈન્ડ)ની — શબ્દછબી છે. ઋગ્વેદથીયે પહેલાંના સમયથી લઈને તે ઠેઠ છેલ્લામાં છેલ્લું પુરાણ લખાયું ત્યાં સુધીના અનેક શતકોના સમયગાળાનું હિંદુ માનસ, તેની બધી જ જટિલતાઓ તેમ જ સરલતાઓ સાથે, તેના સમગ્ર રસનિધિ તેમ જ ચિંતનભંડાર સાથે, તેની સંકુલ સમસ્યાઓ અને તેના ઉકેલના પ્રયાસો સાથે ભાગવતમાં પ્રતિબિંબિત છે. પાત્રો, પ્રસંગો, તત્ત્વચર્ચાઓ, સંવાદો, સર્જન-સંયોજન-વિસર્જન પરત્વેનાં તેનાં પર્યેષક ચિંતનો: આર્યોની હજારો વરસની આવી બધી સંસ્કારસમૃદ્ધિનો ભાગવત એક કમનીય કોષ છે. આ અસંપ્રજ્ઞાત મનના ઘડતરની પાછળ ભાગવતનો પોતાનો ફાળો પણ જેવો તેવો નહીં હોય. ભાગવતે કેટલે અંશે એને ઘડયું ને કેટલે અંશે એણે ભાગવતની રચના કરી, પ્રશ્ન રસિક છે.

ગ્રંથનું નાટયાત્મક પ્રસ્થાન જ જોઈએ. વ્યાસ ઉદ્વિગ્ન છે. મહાભારતનાં અઢારેઅઢાર પર્વોનું આલેખન થઈ ચૂકયું છે, અને જગતના એક અજોડ લેખકની પ્રતિષ્ઠા એમને પ્રાપ્ત થઈ ચૂકી છે: 'અહીં છે તે જ અન્યત્ર છે: અહીં નથી તે કયાંયે નથી,' એવી ગર્વવાણી સકારણ ને સાધિકાર ઉચ્ચારી શકે એવો સર્વગ્રાહી તેમના ગ્રંથ બન્યો છે.

પણ આ હકીકતથી ગૌરવ અનુભવવાને બદલે તે ગ્લાનિ, खिलत्व, વિકળતા, વિફળતા અનુભવે છે, કેમ જાણે ગ્રંથને સાંપડેલી પૂર્ણતાએ જ એમના આત્મામાં પ્રચ્છન્નપણે પડેલી અપૂર્ણતાને છતી ન કરી દીધી હોય!

વ્યાસની આવી માનસિક સ્થિતિ વચ્ચે નારદ આવે છે. 'તમારા વદન પર તો કૃતાર્થતાનો આનંદ હોવા જોઈએ, મહર્ષિ,' નારદ ટકોર કરે છે, 'તેને બદલે આવી બેચેની શા માટે?'

'તમારું અવલોકન યથાર્થ છે, દેવર્ષિ,' વ્યાસ જવાબ દે છે: 'થવો જોઈએ કૃતકૃત્યતાનો સંતોષ, પણ થઈ રહ્યો છે વિફળતાનો અપરિતોષ (तथापि नात्मा परितुष्यते मे — સ્કંધ ૧, અ. ૫, શ્લો. ૫૦). મારું ચિત્ત મને વગડા જેવું લાગ્યા કરે છે. લાખો શબ્દોનું મેં વાવેતર કર્યું પણ ઊગ્યું કશું જ નહીં! આપ કંઈ તરણોપાય બતાવી શકો?'

વીણાપાણિ નારદ વ્યાસને ભાગવતનું આલેખન કરવા સૂચવે છે; સર્વત્ર હરિ જ હરિની ઝાંખી કરાવે — લેખકને પોતાને, તેમ જ વાંચનાર-સાંભળનારને, એવા ગ્રંથની રચના કરવાનું સૂચવે છે: 'એક સમર્થ સર્જક

તરીકે નરનારાયણની અક્ષર આંખી તમે દુનિયાને કરાવી પણ તમે જાતે ન બન્યા નરોત્તમ નર, ન બન્યા નારાયણ! તમે તો કેવળ સરસ્વતીના ઉપાસક જ રહ્યા!' આવું કંઈક વગર કહ્યે કહીને નારદે વ્યાસને 'ભાગવતમ્ રસમ્' તરફ—ઈશ્વરી પ્રેમ (ડિવાઇન લવ) તરફ વાળ્યા, અને આખું જગત એ તરફ વળે એવો ચમત્કાર કરી શકે એવો ગ્રંથ રચવાની પ્રેરણા કરી. . . .

મહાભારતકાર વ્યાસ અને ભાગવતકાર વ્યાસ, એ બેય એક કે જુદા જુદા, એવો પ્રશ્ન લૌકિક ઈતિહાસકારો અવશ્ય પૂછવાના. છો પૂછે! ભક્તિભાવથી પરિપ્લાવિત થઈને આ બંને ગ્રંથો વાંચતા સાધારણ 'હિંદુ'ને લૌકિક ઇતિહાસમાં રસ જ નથી, આ પ્રશ્ન પૂરતો. બંને વ્યાસ તેને મન એક જ છે. ભાગવતકાર પોતાની જાતને મહાભારતકારથી જુદા માનતા નથી, એ જ એને માટે પૂરતું છે. 'વ્યાસ' એવું ઉપનામ સ્વીકારીને ભાગવત આલેખવા બેસનાર વ્યક્તિ એ ઉપનામના સ્વીકારની સાથે જ જાણે વ્યાસમય બની ગઈ છે. અને પછી એ વ્યાસ, સર્જનની કોઈ અલૌકિક પ્રક્રિયા વડે 'ભાગવતમ્ રસમ્' પીનારા ને પાનારા ભાગવતના વ્યાસ બની જાય છે.

સાહિત્ય અને ધર્મના ઇતિહાસમાં, કાવ્ય અને તત્ત્વચિંતનના ઇતિહાસમાં, આવો બીજો દાખલો જડવો મુશ્કેલ છે.

બીજા શબ્દોમાં કહીએ તો મહાભારતની રચનાએ છતો કરેલો 'વગડો વનરાવનમાં પલટાય' એ હેતુથી વ્યાસ વડે ભાગવતની રચના થઈ એમ આપણે વાંચીએ છીએ ત્યારે એ બે વ્યાસો એક કે જુદા એવો તાર્કિક પ્રશ્ન ઉઠાવવાનું આપણને મન જ નથી થતું. બંને વ્યાસો જુદા હશે—લૌકિક ઇતિહાસની દૃષ્ટિએ, પણ ચૈતન્યચિત્ત-વિલાસના દિક્કાલ-નિરપેક્ષ ફલક પર ભાગવતકાર એ મહાભારતકારનું જ સાતત્ય છે—વિસ્તૃતીકરણ છે, ઊર્ધ્વીકરણ છે, પૂર્ણીકરણ છે. મહાભારત એ વ્યાસની આત્મકથા છે. એ જ્યાં આગળ પૂરું થાય છે, ત્યાં આગળ એક વિરાટ પ્રશ્નાર્થચિહ્ન મૂકી જાય છે. ભાગવત એ પ્રશ્નાર્થચિહ્નના સંદર્ભમાં આરંભાય છે! 'જ્ઞાનમય પ્રદીપ' રૂપ મહાભારતમાં વ્યક્ત થતા વ્યાસના વ્યક્તિત્વમાં રહેલી શક્યતાઓ ભારતના અસંપ્રજ્ઞાત મને પિછાણી અને તે શક્યતાઓને સિદ્ધ કરવા માટે તેમની પાસે ભાગવત રચાવ્યું. મહાભારતના ચક્રધરને ભાગવતના બંસીધરમાં પલટયા વગર ભારતવર્ષને જાણે ચેન જ ન પડયું. વરાહના દંતૂશળ અને નૃસિંહના નખ પ્રેમમય પરમાત્માની બંસીમાં પરિણત થયા ત્યારે જ ઈશ્વરતત્ત્વના જિજ્ઞાસુ ભારતના અંતઃકરણનો અજંપો શમ્યો.

## પ્રયોજન

સત્ય (सत्यं परं धीमहि), ધર્મ (धर्मः प्रोज्झितकैतवः) અને લય (पिबत भागवतं रसम् आ-लयम्) આ મહિમા ભાગવતે પ્રારંભના ત્રણ શ્લોકમાં, અનુક્રમે, ગાયો છે. સત્ય એ એનો ધ્યેયમંત્ર છે. ધર્મ એ એનું વસ્તુ છે. લય એ એનું ફળ છે.

સત્યનું ધ્યાન, ચિંતન પૂરતું નથી. સત્યે ધર્મ દ્વારા જીવનમાં ઊતરવું જોઈએ. સત્ય આત્મા છે, ધર્મ એ આત્માને આવિર્ભૂત થવા માટેનું શરીર છે. અ-વ્યક્ત સત્ય ધર્મરૂપે વ્યક્ત થાય છે. સત્ય વગરનો ધર્મ એ પ્રાણ વગરના શરીર જેવો છે. ધર્મરૂપ ધારણ કરીને જીવન સાથે જડાઈ ન જાય એ સત્ય કેવળ એક બુદ્ધિવિલાસ જ છે. સત્યની સંમતિ વગરનો ધર્મ ન હોઈ શકે. ધર્મ રૂપે જીવનમાં અવતરે નહીં એ સત્ય વાણી અને વિચારનો નર્યો દંભ જ—કૈતવ બની રહે. વાણીનો દંભ જગતને છેતરે, વિચારનો દંભ પોતાની જાતને છેતરે. આવા વંધ્ય અને વંચક સત્યચિંતનથી ફાયદો થવો તો બાજુએ રહ્યો, નુકસાન અવશ્ય થાય.

સત્યની કસોટી ધર્મ છે, ધર્મની કસોટી સત્ય છે. 'સત્ય' લેખે જે પ્રતીત થયું, તે જીવનમાં નિત્યના આચારરૂપે ઊતરવું જોઈએ. ધર્મ લેખે કોઈ ક્રિયાને કે કર્મને આચરતાં પહેલાં એ ક્રિયા કે કર્મ સત્યથી વિરુદ્ધ તો નથી ને, એનો વિચાર કરવો જોઈએ.

जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञ स्वराट्
तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयः।
तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गोऽमृषा
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ।।१।।

धर्मः प्रोज्झितकैतवोऽत्र परमो निर्मत्सराणां सतां
वेद्यं वास्तवमत्र वस्तु शिवदं तापत्रयोन्मूलनम्।
श्रीमद्भागवते महामुनिकृते किं वा परैरीश्वरः
सद्यो हृद्यवरुध्यतेऽत्र कृतिभिः शुश्रूषुभिस्तत्क्षणात् ।।२।।

निगमकल्पतरोर्गलितं फलं शुकमुखादमृतद्रवसंयुतम्।
पिवत भागवतं रसमालयं मुहुरहो रसिका भुवि भावुकाः ।।३।।

અમે તે પરમ સત્ય — સત્તારૂપ પરમેશ્વરનાં ધ્યાન ધરીએ છીએ; જેનાથી અન્વયે અને બીજી રીતેય આ જગતનાં જન્મ, પાલન અને સંહાર થયેલાં છે, જે બધા પ્રકારના પદાર્થોમાં અભિજ્ઞ — વિશેષ જ્ઞાની અને સ્વરાટ્ સ્વતંત્ર ગણાય છે. સૃષ્ટિના આદિ કવિ બ્રહ્માને માટે જેણે બ્રહ્મ — વેદમંત્રનો હૃદયથી વિસ્તાર કર્યો; જેને વિશે સૂરિ — કવિઓ મોહ પામે છે, જેને વિશે સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણના સર્જનની પ્રક્રિયા મૃષા — મિથ્યા હોવા છતાં, તેજ, જલ અને માટીના પરસ્પર લેણદેણની જેવી અમૃતા — સાચી છે અને જે પરમેશ્વરે નિજ મહિમાથી નિત્યનિરંતર કુહક — અજ્ઞાનનાં વાદળ દૂર કર્યાં છે.

મહામુનિ શ્રી વેદવ્યાસે રચેલ આ શ્રીમદ્ ભાગવત છે, જેમાં એવા ધર્મના નિરૂપણ છે, જેણે કૈતવ — છલકપટ દૂર કર્યાં છે તેમ જ મદમત્સર વિનાના સજ્જનોને પરમ માન્ય છે. આ ભાગવતમાં જે વસ્તુ રજૂ થયેલ છે, તે વાસ્તવ વેદ્ય — જાણવા યોગ્ય તેમ જ કલ્યાણપ્રદ હોઈ, ત્રણ તાપનાં મૂલ ઉખાડી નાખે છે; તે ઉપરાંત પરમતત્ત્વને જાણનાર તત્ત્વજ્ઞાનીઓ અને કર્મનિષ્ઠ યોગીઓ તેમ જ નિષ્ઠાવાન શુશ્રૂષાપરાયણ ભક્તજનો તત્ક્ષણ પોતાના હૃદયમાં સદા ધારણ કરી લે એવા પરમેશ્વરનું નિરૂપણ છે.

ઓ સંસારમાં રહેલા રસિકજનો અને ભાવુક ભક્તજનો, આ ભાગવત રસનાં પૂરેપૂરાં પાન કરો, જે ભગવાનની ભક્તિના રસનો ભંડાર છે, જે નિગમ — વેદરૂપી કલ્પવૃક્ષનું ગળેલું પરિપકવ ફળ છે અને જેનો આસ્વાદ શુક મુનિએ મુખથી કરવાને કારણે રસભરપૂર છે.

હવે 'લય'નો વિચાર કરીએ. સત્યનું ચિંતન અને ધર્મનું આચરણ જીવનમાં 'લય' આણે છે.

આ લય છે શું?

શબ્દકોશ એના ઘણા અર્થો આપે છે. બધા અર્થોમાંથી સાર-અર્થ એક જ નીકળે છે. બરફ મૂળ પાણી-રૂપે હતો તે ઓગળી ગયો અને પાણીમાં મળી ગયો. યોગશાસ્ત્રની ભાષામાં વાત કરીએ તો ચિત્ત-વૃત્તિ-નિરોધ થતાં યોગ થયો, ત્યારે (तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम्) દ્રષ્ટા સ્વરૂપમાં સ્થિત થયો. ચિત્તવૃત્તિઓના સંક્ષોભને કારણે 'દ્રષ્ટા' પોતાના મૂળ રૂપને ખોઈ બેઠો હતો, તે હવે એ વૃત્તિઓનો નિરોધ થતાં મૂળ રૂપમાં પાછો આવ્યો. પોતાનો પોતાની સાથે 'લય' સધાઈ ગયો.

લયનો અર્થ એકાગ્રતા પણ થાય છે. પણ એ એકાગ્રતાનો અર્થ પણ બરાબર સમજી લેવો જોઈએ. વિષયમાં પણ માણસ એકાગ્ર થાય છે. પોતે લયનો અનુભવ કરી રહ્યો છે, એમ તેને બેએક પળો લાગે છે. પણ પછી તરત જ 'લય' તૂટી જાય છે અને પહેલાંની વિક્ષિપ્ત અવસ્થા વધુ વિક્ષિપ્ત રૂપે હાજર થાય છે. ભાગવત જે 'લય'ની વાત કરે છે, તે સ્વાભાવિક રીતે જ આ લય તો નથી જ. એકાગ્રતા ખરી, પણ તે 'એક' તે 'આત્મા'. પોતાનું અસલ સ્વરૂપ. એની એકાગ્રતા એટલે કે આત્માગ્રતા, બ્રહ્માગ્રતા; તૂટી જવાનો પણ સંભવ ખરો — અખંડ જાગૃતિ ન હોય તો. માટે શાશ્વત, અનંત, અખંડ લય ન સધાય ત્યાં સુધી મુહુઃ — વારંવાર 'ભાગવત રસ'નું પાન કરવાનું કહ્યું છે. પણ એ વાત પછી. આપણે પાછા 'લય' ઉપર આવીએ.

લય સંગીતશાસ્ત્રનો શબ્દ પણ છે. તાલ-બદ્ધતા એ એનો વાચ્યાર્થ. જરા વિસ્તારીને કહીએ તો અનેક વાદ્યો અને અનેક કંઠોમાંથી એકસાથે નીકળતી સૂરની ધારાઓ એક-પ્રવાહે વહે, એ સંયુક્ત પ્રવાહના સંગીત-માં ક્યાંયે વિસંવાદી સૂર ન હોય, ક્યાંયે તાલ ન તૂટે, બધું એકરસ થઈ જાય એનું નામ 'લય'.

'મારું મૃત્યુ ક્યારે થશે એની મને પહેલેથી જ જાણ થઈ જવી જોઈએ.' એવી માગણી કરતા રાવણને બ્રહ્માએ કહેલા શબ્દો આ સંદર્ભમાં યાદ રાખવા જેવા છે: 'જ્યારે તારાં દશ માથાં જુદી જુદી રીતે વિચારવા લાગે, અને દશે મોઢાં જુદી જુદી વાણી ઉચ્ચારવા માંડે ત્યારે જાણજે કે મૃત્યુ ઢૂંકડું છે.' કેમ કે લય નથી ત્યાં પ્રલય છે.

ભાગવતનું પ્રયોજન માનવજીવનને લયાન્વિત, લયિલ, સૂરીલું, સંવાદી બનાવવાનું છે. भागवतम् रसम्— ઈશ્વરાનુભૂતિનો રસ જીવનને, વિસંવાદોને કારણે બદ-સ્વાદ, અલૂણા બનેલા જીવનને સ-લૂણું — સ્વાદુ બનાવે છે. જીવનમાં આવો લય ઉત્પન્ન થાય ત્યારે જ ભગવદ્-રસ પીધો લેખે લાગે. માટે તો ત્રીજો શ્લોક કહે છે: पिबत भागवतम् रसम् आ-लयम् = લય ન થાય ત્યાં સુધી પીધે રાખો, મુહુઃ — વારંવાર પીઓ; रसिकाः — રસિકતાથી પીઓ. રસની કદર કરતાં કરતાં પીઓ. પણ રસિકતા તો કાવ્યનો આસ્વાદ લેનારાઓમાં પણ હોય એટલેથી માત્ર નહીં ચાલે. भावुकाः — ભાવુક થઈને પીઓ. ભાવનાને, ભગવદ્‌રસની ભાવનાને આત્મસાત્ કરતાં કરતાં પીઓ.

આમ, સત્ય, ધર્મ અને લય — એક પરમ તત્ત્વનાં ત્રણ જુદાં જુદાં સ્વરૂપો છે. સચ્ચિદાનંદમાં જે 'સત્' છે, તેનો બૌદ્ધિક સ્વીકાર તે સત્ય. सत्यं परं धीमहि એ સ્વીકૃતિનો કૃતિમાં આવિષ્કાર તે ધર્મ (નહીંતર कैतव), તે સત્‌નું ચિત્ સ્વરૂપ, અને ચિંતન અને વર્તનની એ સમાનતામાંથી થતું સંગીત તે લય, તે આનંદસ્વરૂપ.

ભાગવતકારે આ રીતે જીવનના એક મહાપ્રશ્નને છેડયો છે. એ પ્રશ્ન સનાતન છે.

માનવી જન્મ્યો છે ત્યારથી જ જાણે રોગી છે. ગળથૂથીમાં રોગ જ એણે પીધો છે. ગર્ભમાંથી રોગ લઈને જ જાણે એ અવતર્યો છે. એ રોગ છે ભોગૈષણાનો. વિશ્વ સર્જ્યું તેની સાથે જ જાણે ભોગૈષણા સર્જાઈ. सोऽकामयत् एकोऽहम् बहुस्याम् । 'કામ'ની સાથે જ જાણે સૃષ્ટિ જન્મી. આ કામ, આ રોગ, આ કામ-રોગ, અને આ કામ-રોગને કાબૂમાં લાવવાના પ્રયાસો — એ માનવજાતિનો ઇતિહાસ. બ્રહ્માંડો ભરીને

પહેલો અંધકાર અને બેચાર પ્રકાશકણો. વૃત્રાસુર અને વૃત્રહના સંગ્રામ ઋગ્વેદે વર્ણવેલો છે. પણ વૃત્રાસુર ખરેખર હણાયેલો છે ખરો? કે પછી યુદ્ધ હજીયે ચાલ્યા કરે છે? ઋગ્વેદ ઈતિહાસ નથી, પણ સનાતન સત્યની ગાથા છે એ જોતાં આ સંગ્રામ પણ સનાતન જ લાગે છે. પારાવાર ગંદકી ને ચાંપુંએક સ્વચ્છતા; અવકાશને ભરતી અને ચીરતી હિંસા અને એકાદ મનુષ્યના હૃદયમાળામાં ઊછરતી અહિંસા. . . . .

આદિકાળથી ચાલ્યા આવેલા આ સદઅસદ્-સંગ્રામ પ્રત્યે ધ્યાન ખેંચી વિસંવાદિતા, હિંસા, અસત્ય, ગંદકી આદિ અશુભ તત્ત્વો ભલે ઘડી બે ઘડી ફાવતાં દેખાય — વ્યક્તિ તેમ જ વિરાટના જીવનમાં; પણ વ્યક્તિનો ને વિરાટનો જો પ્રયત્ન હશે તો આખરે તો સત્ય, ધર્મ અને લયનો જ વિજય છે એ હકીકત મૂંઝાયેલા માનવીના થાકેલા, હારેલા હૃદય ઉપર ઠસાવવા માટે શ્રીમદ્ ભાગવતનો ઉદય થયો છે.

પોતાના સુદીર્ઘ જીવન દરમ્યાન વ્યાસે પોતાની આસપાસના સમાજને પતન પામતો દીઠો. ભૌતિક ભાવોનો વ્યતિકર, તેને લીધે થતો, થયેલો, શક્તિક્ષય, વ્યાસે દીઠો. મનુષ્યોને તેણે નાસ્તિક — અશ્રદ્ધાવાળા બનતા દીઠા; અને પરિણામે, કદાચ, અલ્પ આયુષ્યવાળા થતા દીઠા. એમણે એ પણ જોયું હશે કે આમાં કોઈ એકનો વાંક નથી. બધાના દુર્ભાગ્યનો વાંક છે : दुर्भगान्. પછી તેમણે વિચાર કર્યો : આવા સંયોગોમાં મારે શું કરવું? મારો ધર્મ શો? એ લેખક હતા, ચિંતક હતા, તે अमोघदृग હતા. તેમની દૃષ્ટિ 'વસ્તુ'ને જોઈ શકતી હતી; સત્યને પિછાણી, પારખી પકડી શકતી હતી. બધાય વર્ણો અને બધાય આશ્રમોનું હિત તેમણે વિચાર્યું. સમગ્ર સમાજની દૃષ્ટિએ — અને વ્યક્તિમાત્રની જુદી જુદી ભૂમિકાઓની દૃષ્ટિએ તેમણે આ આખો પ્રશ્ન વિચારી જોયો. તો પહેલાં તેમને લાગ્યું કે (વૈદિક) પરંપરા આખી છિન્નભિન્ન થઈ ગઈ છે, તે મારે, તૂટી ત્યાંથી સાંધવી જોઈએ. પરંપરા એ માનવીનો ઈતિહાસ છે; અને ઈતિહાસ એ એનું ત્રીજું ફેફસું અને બીજું હૃદય છે! ઈતિહાસથી એ જુદો પડી શકતો નથી; અને પડવા જાય તો — કોઈ નવી સંસ્કૃતિ રચાય ત્યારે, પણ અત્યાર સુધી હજારો વરસોના તપ પછી સર્જાયેલી સંસ્કૃતિને તો તે ખોઈ જ બેસે છે. તે 'જંગલી' બની જાય છે. એટલે પહેલું કામ તો વ્યાસજીએ વેદને સુલભ, સુગમ, સુપ્રાપ્ય, સુજ્ઞેય, સુસાધ્ય, બનાવવાનું કર્યું. એક વેદને તેમણે ચાર સંહિતાઓમાં વહેંચી નાખ્યો — वेदमेकं चतुर्विधम् અને પછી એની લોકપ્રિય આવૃત્તિ જેવો ભારત નામે ગ્રંથ રચ્યો.

આવી રીતે વ્યાસે એક લેખક, ચિંતક તથા લોકશિક્ષક તરીકેનો પોતાનો ધર્મ બજાવ્યો, છતાં नातृप्यत् हृदयं ततः । એનું હૃદય સંતુષ્ટ ન થયું. सरस्वत्यास्तटे शुचौ — પવિત્ર વિદ્યાધામને આંગણે विविक्तस्थ (એકાંતમાં) તેણે પોતાની ઊલટતપાસ આદરી: ક્ષતિ ક્યાં છે? 'લય' કેમ નથી થતો? અંતરાય શો છે? આટલું આટલું મેં કર્યું —

तथापि बत मे दैह्यो ह्यात्मा चैवात्मना विभुः ।
असम्पन्न इवाभाति ब्रह्मवर्चस्यसत्तमः ॥

(સ્કંધ ૧, અ. ૪, શ્લો. ૩૦)

[છતાં મને હું અસંપન્ન જેવો, દરિદ્ર જેવો લાગું છું. જાણે કેમ હું બ્રહ્મવર્ચસ્‌માં સાવ ઊણો હોઉં એમ મને લાગે છે.]

કથા કહે છે કે વ્યાસ જ્યારે આમ પોતાની જાતને खिलम् માનતા હતા, ત્યારે નારદ તેમની પાસે આવ્યા. પોતાની બળતરા વ્યાસે નારદ પાસે ઠાલવી. આ ખિલ શબ્દનો અર્થ પણ સમજવા જેવો છે. અ-ખિલ શબ્દ આપણને પરિચિત છે; પણ ખિલ પરિચિત નથી. શબ્દકોશ તેના આટલા અર્થો આપે છે : (૧) અણ-ખેડાઉ જમીન; વગડો; રણ; અણ-ઉપજાઉ ધરતી. (૨) એક આખો સંગ્રહ થઈ ગયા પછી તેમાં વધારાનો

કોઈ મંત્ર ઉમેરાયો હોય તે. (૩) મૂળ નહીં, પૂરક. (મૂળ વગરનો પૂરક શા કામનો?) (૪) સંચય. (૫) ખાલીખમપણું.

વ્યાસની ફરિયાદ શી છે? આટલું બધું મેં કર્યું, પણ ઊગતું નથી; અથવા, મૂળ વાત તો બાજુએ રહી ગઈ, ને 'બીજું બધું' 'વધારાનું' મેં કર્યું, અથવા મને લાગ્યું હતું કે મારો ધર્મ મેં બજાવ્યો, એટલે મને કૃતાર્થતા, 'સંપન્નતા' લાધશે, 'લય' લાધશે, તે લાધ્યો નહીં, અને હું 'ખાલીખમ' જેવો લાગું છું.

માણસને ખિલ મટીને અ-ખિલ બનવું છે પણ એને દુર્ભાગ્યે એ ખિલ (ડિસ્-ઇન્ટિગ્રેટેડ) થઈ જાય છે — રહી જાય છે. વ્યક્તિત્વનું શું? અવ્યક્ત હોય તે વ્યક્ત થાય, કોઈ ને કોઈ રૂપે! પણ 'અ-વ્યક્ત'માં, એની અ-સંપ્રજ્ઞાત ચેતનામાં જ એવા, ઢંગધડા વગરના, એકમેક સાથે સંવાદ ન સાધી શકે એવા ટુકડા પડ્યા હોય, ત્યાં વ્યક્ત શું થાય? અને વ્યક્તિત્વ કેવું બંધાય?

શાસ્ત્રસેવન, કલાનિર્માણ આદિ ઠીક છે. પણ તે માનવીના આખાય આત્માને ભરી દેતા નથી. આત્માના એકાદ અંશાંશથી તે કામ પતી જાય છે. બાકીનો આત્મા તો એવો ને એવો 'ખિલ' 'અસંપન્ન' — વેસ્ટલૅન્ડ જેવો પડ્યો રહે છે. પરિણામે માનવીને લય નથી લાધતો. કંઈક વિસંવાદી એનામાં પડ્યું છે, તે ઊંડે ઊંડે ખૂંચ્યા જ કરે છે, ખટક્યા કરે છે, એમ એને લાગે છે.

નારદ પાસે આ સ્થિતિનો — આ રોગનો — આ માનસિક અને આધ્યાત્મિક રોગનો કંઈ ઉપચાર છે?

વ્યાસના પ્રશ્નના જવાબમાં નારદ કહે છે :

येनैवासौ न तुष्येत मन्ये तद्दर्शनं खिलम्।

(સ્કંધ ૧, અ. ૫, શ્લો. ૮)

[જે વડે નવ રીઝે તે, માનું દર્શન વ્યર્થ તે]

જેના વડે असौ, તે, તુષ્ટ નથી થતો, રીઝતો નથી, તે 'દર્શન', તે જ્ઞાન નકામું માનું છું.

આ असौ (તે) અને ઈશાવાસ્ય ઉપનિષદના શાંતિપાઠનો અદઃ (પૂર્ણમદઃ) એક જ છે. માનવીનો પુરુ-પાર્થ આ અસૌને, અદઃને રીઝવવાનો હોવો જોઈએ. એ જ છે અ-ખિલની ઉપાસના. તે કેમ કરીને રીઝે, તેનો વિચાર કરીએ, તે પહેલાં એ असौનું, अदःનું સ્વરૂપ સમજવું જોઈએ. કોને રીઝવવાનો છે તે જાણ્યા વિના, એને રીઝવી શી રીતે શકાય?

ઈશાવાસ્યે અદઃ અને ઇદં બંનેને પૂર્ણ કહીને, ઇદં જે ઇન્દ્રિયગોચર છે તે અવ્યક્ત અદઃનો આવિષ્કાર છે એમ કહીને, આ વિશ્વને જ અદઃ અથવા અસૌનું એક સ્વરૂપ ગણ્યું છે. અદઃ કે અસૌની ઉપાસના કરવી હોય તેણે ઇદમ્‌ની, આ વિશ્વની સેવા કરવી જોઈએ.

ગીતાએ એક બહુ જ સુંદર શ્લોકમાં આ જ વાત કરી છે.

मत्तः परतरं नान्यत् किञ्चिदस्ति धनंजय।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव॥

(अ. ७, श्लो. ७)

[નથી બીજું કશુંયે જે હોય, પાર્થ, હું-થી પર :
પરોવાયું બધું હું-માં : સૂત્રે જેમ મણિગણો.]

દોરો અદઃ છે દેખાતો નથી; મણિગણો દેખાય છે. વિશ્વ એ વિધાતાની વ્યક્ત મૂર્તિ છે.

શ્રીમદ્ ભાગવતે એની પોતાની રીતે આ असौની ઓળખ આપી છે. નારદ વ્યાસને સમજાવે છે :

इदं हि विश्वं भगवानिवेतरो यतो जगत् स्थान-निरोध-संभवाः।

(સ્કંધ ૧, અ. ૫, શ્લો. ૨૦)

આ વિશ્વ છે, એ 'બીજા ભગવાનના જેવું છે.' એક ભગવાન છે, જે ઇન્દ્રિયગોચર નથી, અરૂપ અથવા અદ:ની કોટિનો છે; પણ એક બીજો પણ ભગવાન છે જેને આપણે જોઈ, સાંભળી, સ્પર્શી શકીએ છીએ. તે છે, इदं हि विश्वम्।

सर्वं खलु इदं ब्रह्म, तत् त्वं असि, सोऽहम् વગેરે વચનો ગણિતનાં કે વિજ્ઞાનનાં સમીકરણોની પેઠે સમજી લીધાં, તેટલા માત્રથી જ લાભ થતો નથી, શીખ્યું, સમજ્યું, ગોખ્યું કૃતાર્થ ત્યારે જ બને, જ્યારે ગણિતનાં કે વિજ્ઞાનનાં સત્યોની પેઠે તત્ત્વજ્ઞાનનાં આ સત્યો પણ જીવનમાં જડાઈ જાય, આચરણમાં એકરૂપ થઈ જાય; અને તે પણ વેઠ લેખે નહીં, આનંદપૂર્વક.

જ્ઞાનને કર્મમાં પરિણત કરવું જ્ઞાનીઓ માટે સહજ હોવું જોઈએ. જ્ઞાન, કર્મ અને ભક્તિની આ ત્રિવેણીને ભાગવતકારે પોતાની લાક્ષણિક શૈલીમાં નિરૂપી છે.

"તમારા જીવનમાં બધું જ છે, માત્ર આ એક જ વાત — વિશ્વરૂપ ભગવાનની અર્ચના ખૂટે છે. એ ખોટ પૂરી કરો, તો 'લય' તરત લાધશે. 'ધર્મ' અને 'અર્થ' સમજાવ્યાં છે, પણ 'વાસુદેવનો મહિમા ગાયો' નથી, અણુએ અણુમાં વસતા, વિરાજતા, વિલસતા, એક અને અદ્વિતીય ચૈતન્યતત્ત્વનાં દર્શન નથી કર્યાં. એ થશે તો ज्ञान અને कर्म તો અંદર પડેલાં છે જ, પહેલેથી, તે દીપી નીકળશે; અને તે નહીં થાય તો જ્ઞાન અને કર્મ બંને ખિલ સાબિત થશે."

## નારદની સાધના

નારદે વ્યાસની બેચેનીનું નિદાન કર્યું. બેચેનીના મૂળમાં શું હતું તે બતાવ્યું; સાથે સાથે તેનો ઉપચાર પણ બતાવ્યો. खिल-જીવનનું ઓસડ અ-ખિલ જીવનની સાધના છે; અને આચાર, વિચાર અને ઉચ્ચાર ત્રણેની આંતરબાહ્ય સંવાદિતા એ અખિલ-જીવ સાધનાનો એક પ્રકાર છે. આ બધું પોતે અધ્ધર કોઈ બીજા પાસેથી સાંભળીને ગોખી રાખેલું નથી બોલતા, પણ પોતાના જાત-અનુભવને આધારે બોલે છે, એ બતાવવા માટે નારદ હવે વ્યાસજીને પોતાના પૂર્વજન્મની વાત કહે છે. 'પૂર્વ-જન્મ' અથવા 'પોતાની સાધનાનો ઇતિહાસ'.

નારદ કહે છે: "पुराभवे હું કોઈ વેદ-વાદીઓને ત્યાં કામ કરતી 'દાસી'નો પુત્ર હતો. એ વેદવાદી-ઓને ત્યાં વર્ષાઋતુ — ચોમાસાના ચાર મહિના ગાળવા માટે કોઈ 'યોગીઓ' આવ્યા, તેમની સેવામાં મને નિયુક્ત કરવામાં આવ્યો." અહીં 'વેદવાદીઓ' અને 'યોગીઓ' વચ્ચેનો ભેદ પ્રકટપણે સૂચવાયો છે. ગીતાએ વેદવાદીઓને ઘણા હલકા કહ્યા છે 'वेदवादरताः' વગેરે શ્લોકમાં. વેદવાદીઓ પાસે વર્ષાઋતુમાં 'યોગીઓ' ન આવ્યા હોત, અતિથિ લેખે, તો નારદ નારદ બનત જ નહીં. दैवं चैवात्र पञ्चमम्– અહીં સાર્થક થાય છે. નારદમાં આ પ્રસંગની પાત્રતા સમી ભૂમિકા હતી. તેમના જ શબ્દોમાં:

> ते मय्यपेताखिल चापलेऽर्भके दान्तेऽधृतक्रीडनकेऽनुवर्तिनि ।।
> चक्रुः कृपां यद्यपि तुल्यदर्शनाः शुश्रूपमाणे मनयोऽल्पभापिणि ।।

(સ્કંધ ૧. અ. ૫, શ્લો. ૨૪)

આમાં પહેલું વિશેષણ છે: अपेत + अखिल + चापले । ચંચલતા, અસ્થિરતા, અ-દૃઢતાનો સદંતર ત્યાગ. પળ અહીં, પળ ત્યાં, પળ વળી બીજે ક્યાં, એમ કોઈ પણ જાતની યોજના વગર ભટકતી વૃત્તિ, એ ચંચળતા. નારદમાં એવી ચંચળતા બાલ્યકાળથી જ નહોતી. બીજું વિશેષણ છે: अ-धृत-क्रीडनकः રમકડાં — બાહ્ય આકર્ષણો, રંગ-રૂપ-સ્પર્શ-ગંધનાં, તે વડે એ કદી પણ આકર્ષાતા નહીં. નાનપણથી જ તે અંતર્મુખ

હતા. તેમની અંતર્મુખતા સપ્રયોજન હોઈને સ્થિર હતી. કશુંક તેમને જાણે શોધવું હતું. ત્રીજું વિશેષણ છે: दान्त. દમનશીલ, ઇન્દ્રિયો પર અંકુશ રાખનાર. પહેલા બે ગુણો હોય ત્યાં આ ત્રીજો આપોઆપ આવે; અને આ ત્રીજો હોય ત્યાં બાકીના બે સ્વયમેવ સ્ફુરે.

ચોથું વિશેષણ છે : शुश्रूषमाणे — 'સેવા કરતા અથવા શ્રવણ કરતા'. જેમની પાસેથી કંઈક મેળવવાનું છે, એમની વાતો સાંભળવાનું આપોઆપ મન થાય છે. અને એ સ્થિતિમાં એમની સેવા પણ સહજ થઈ જાય છે. છેલ્લું વિશેષણ છે : अल्पभाषिणी — ઓછું બોલનાર. સેવારત, શ્રવણશીલ, દાન્ત, અચંચલ, સ્થિર, રમકડાંથી ન રાચનારો માણસ અલ્પભાષી મૌની જ હોય.

આવી પૂર્વભૂમિકાવાળા નારદને યોગી-સંગ ફળ્યો. प्रियश्रवस्यंग ममाभवत् रुचिः। અ-ખિલમાં મારી રુચિ થઈ, ઈશ્વરમાં મારી રુચિ થઈ.' (સ્કંધ ૧, અ. ૫, શ્લો. ૨૬)

એ ભગવદ્-રુચિને પ્રતાપે મારી મતિ अस्खलित (વ્યવસાયાત્મિકા) બની અને મેં જાણ્યું કે—

यथाहमेतत्सदसत्स्वमायया पश्ये मयि ब्रह्मणि कल्पितं परे।।

(સ્કંધ ૧, અ. ૫, શ્લો. ૨૭)

આ सदसत्‌ને મેં પરબ્રહ્મે પોતાની માયા વડે મારામાં ઊભું કરેલું જોયું અને તે સદસત્‌થી હું પર થયો. દાસી-પુત્ર, માયા-પુત્ર, સદસત્ આ સંસારને જુએ છે. અને એનાં, માયાનાં મૂલ્યોથી છેતરાઈને રાગ-દ્વેષ-ભય-હિંસા આદિને વશ થાય છે. જ્યારે આ સદસત્‌ની પેલે પાર પરબ્રહ્મ છે, તે હું છું, તેવી અનુભૂતિ, તેવો સાક્ષાત્કાર પ્રાપ્ત કરનારને સદસત્ ક્ષુબ્ધ કરી શકતું નથી, ખિલ બનાવી શકતું નથી. સદસત્ એ ખિલનું બીજું નામ છે. પરબ્રહ્મ અ-ખિલ છે.

ભાગવત પર ટીકા લખનાર શ્રીધરે નારદની સાધનાનો ક્રમ આ પ્રમાણે નિર્દેશ્યો છે : સેવા, સંતકૃપા, ધર્મશ્રદ્ધા, ભગવત્‌કથા-શ્રવણ, ભગવદ્‌રુચિ — રતિ, દેહદમન, વિવેક — આત્મજ્ઞાન, ને છેલ્લે 'આત્મા'ની કૃપાથી સાધકના પોતાનામાં જ, ભગવાનનાં લક્ષણો, ગુણો ગણાય એવા ગુણોનો આવિર્ભાવ ઉદય. શ્રીધરના યુગની આ પરિભાષા કરતાં ખુદ ભાગવતની પરિભાષા અત્યારના યુગને વધારે અનુરૂપ નથી લાગતી? અ-ચંચલત્વ, દમ, પ્રલોભક વિષયો પ્રત્યે ઔદાસીન્ય, સન્ત-અનુસરણ, સેવા, શ્રવણ, મનન આદિ, મૌન, ભગવદ્‌રુચિ, સદસત્‌થી પર, એવા પરબ્રહ્મ — પરમ સત્યની સમજ અને તેનો સાક્ષાત્કાર.

માણસ આ બધી ભૂમિકાઓમાં થઈને આ કોટિએ પહોંચે પછી એનું જીવન કેવું હોય? જીવન જીવવાની કઈ પદ્ધતિ એ અપનાવે? એનો જવાબ પણ સરસ અપાયો છે :

एतत्संसूचितं ब्रह्मंस्तापत्रयचिकित्सितम्।
यदीश्वरे भगवति कर्म ब्रह्मणि भावितम्।।

(સ્કંધ ૧, અ. ૫, શ્લો. ૩૨)

તાપત્રય એ જ લયાભાવનું કારણ છે; અથવા એમ કહો કે લયના અભાવનું એ પરિણામ છે. એ તાપત્રયનું ઔષધ ईश्वरे भगवति ब्रह्मणि कर्म — અ-ખિલને દૃષ્ટિ સમક્ષ રાખી, 'સર્વ'ની ઉપાસના અર્થે, કર્મો કરવાં તે. કર્મ બંધનકર્તા ગણાય કે મુક્તિદાતા, એ પ્રશ્નનો જવાબ પણ બહુ જ અસરકારક રીતે એક સચોટ રૂપકનો આધાર લઈને અપાયો છે :

आमयो यश्च भूतानां जायते येन सुव्रत।
तदेव ह्यामयं द्रव्यं न पुनाति चिकित्सितम्।।

(સ્કંધ ૧, અ. ૫, શ્લો. ૩૩)

[થાય જે દ્રવ્યથી રોગ, સુવ્રત, પ્રાણીમાત્રને,
તે જ દ્રવ્યથી, થતાં શુદ્ધ, મટાડે તે જ રોગને.]

# કૃતિ અને પ્રકૃતિ

નારદના ગયા પછી વ્યાસે પણ બ્રહ્નાનદીમાં સ્નાન કર્યું. (એમનો આશ્રમ બ્રહ્નાનદી કાંઠે — સરસ્વતી — ને જ (સાહિત્ય-તીરે!) હતો.) અને પછી — કે સાથોસાથ — એમણે નારદના માર્ગદર્શન અનુસાર ધ્યાન ધર્યું. એટલે કે પોતાના જીવનમાં જે ઊણપો વરતાતી હતી તેનો નારદની સહાયતાથી પોતાને સૂઝેલો ઉપાય કર્યો અને તરત જ એમનું ખિલત્વ — વ્યર્થપણું ચાલ્યું ગયું. પૂર્વે નારદને સાક્ષાત્કાર થયો હતો તેવો જ, પૂર્ણ પુરુષનો સાક્ષાત્કાર એમને થયો અને તેની સાથે જ, જેને પ્રતાપે એ સાક્ષાત્કાર અત્યાર સુધી તેમને થતો નહોતો, તે માયાનું સ્વરૂપ પણ સમજાયું.

આમ, સત્ય તેમ જ કુહક બંનેનો સાક્ષાત્કાર થયા પછી, બંનેને પૂરેપૂરાં સમજ્યા પછી, કુહક જીવન-માંથી નિચોવી કાઢી, સત્યને જીવનમાં સંપૂર્ણતઃ સીંચ્યા પછી તેમણે सात्वत संहिता એટલે કે ભાગવતની રચના આદરી, અને જેમ જેમ એ રચના થતી ગઈ, તેમ તેમ, પોતાના પુત્ર શુકને તે સમજાવતા ગયા, શીખવતા ગયા.

અહીં શુકને માટે એક વિશેષણ निवृत्तिनिरत વપરાયું છે તે બતાવે છે કે શુક આ સમયે 'ભાગવત'નું ગ્રહણ કરી શકે એટલી બૌદ્ધિક અને આધ્યાત્મિક વયના હતા. (શારીરિક વય આપણે ચોકસાઈપૂર્વક નથી કહી શકતા.)

શૌનકને આ જ વાતનું આશ્ચર્ય થાય છે: નિવૃત્તિનિરત એવા શુક ભાગવત ભણવાનો ઉદ્યમ શા માટે કરે? સૂતને એ પૂછે છે: સર્વત્ર ઉપેક્ષાવૃત્તિવાળો એ નિવૃત્તિનિરત આત્મા આવડા તોતિંગ ગ્રંથનો અભ્યાસ કરવા શા માટે તૈયાર થયો?

જવાબ લાક્ષણિક છે, ભાગવતમાં જે તથ્ય-ચિંતન છે તેનો ખ્યાલ આપનારો છે. શુષ્ક કે શૂન્ય નિવૃત્તિ ભાગવતને માન્ય નથી. નિવૃત્તિ એટલે વૃત્તિઓને વાળી લેવી તે. ક્યાંથી વાળી લેવી? ઇન્દ્રિયોની સ્થૂલ સૃષ્ટિમાંથી? પણ ભાગવતને મન સાધકને માટે એટલું જ ફક્ત પૂરતું નથી. ભાગવત માને છે કે વૃત્તિઓને વિષયોમાંથી વાળી લીધા પછી ક્યાંક, અમુક નિશ્ચિત સ્થળે કેન્દ્રિત કરવી જોઈએ. એ નિશ્ચિત સ્થળ તે ઈશ્વર — હરિ જે સ્થૂલમૂર્તિ છે, (मन्त्रमूर्तिम् अमूर्तिकम्) તે આ જગત.

ત્યારે આ ગ્રંથ લખનારે પોતાની બેચેની ટાળવા માટે પોતાને સાલતી ખિલતા દૂર કરવા માટે રચ્યો, અને પ્રથમ ગ્રહણ કરનારે પોતાના વિષયોથી વિમુખ થઈને એકાગ્ર બનેલી વૃત્તિઓને એક શુદ્ધ સનાતન આનંદમય અધિષ્ઠાન આપવા માટે ગ્રહણ કર્યો. અહીંથી જ વાત અટકી હોત તો જગતને ગ્રંથથી કશો જ લાભ થાત નહીં પણ એક એવી ઘટના બની કે જીવનસાફલ્યનું ગાણું ગાતો આ ગ્રંથ પિતા-પુત્ર વચ્ચે જ કેવળ ન રહેતાં, સમગ્ર જગતને ઉપલબ્ધ થયો.

એ ઘટના છે, પરીક્ષિતને શૃંગી ઋષિ તરફથી સાંપડેલો શાપ.

ઈસાઈઓ અને યહૂદીઓમાં ઓરિજિનલ સિન — 'મૂળગત પાપ', 'પ્રકૃતિગત પાપ'ની વાત આવે છે. સ્વર્ગની વાટિકામાં રહેતાં પ્રથમ માનવ દંપતી આદમ-ઈવને ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનું સૂઝ્યું, અને તેમણે ઈશ્વર-નિષિદ્ધ જ્ઞાન-વૃક્ષનું ફળ ખાધું એ તેમનું સ્ખલન, તેમની સમગ્ર સંતતિના શોણિતમાં સિંચાઈ ગયું. આદમની આખીયે ઓલાદ એ મૂળગત પાપથી શાપિત બની, જે શાપના નિવારણ અર્થે માનવી આજ સુધી પ્રયત્ન કરી રહ્યો છે.

આર્ય ધર્મમાં ત્યાં આવા કોઈ જન્મજાત પાપની ભાવના નથી. आनन्दाद् एव इमानि भूतानि जायन्ते વગેરે વચનો જ એનાં સાક્ષી છે. ચૈતન્ય પર કોઈ ડાઘો નથી. આત્મા પર કશું જ કલંક નથી. સ્વભાવે એ શુદ્ધ છે, બુદ્ધ છે, જાગ્રત છે, અનંત છે, અખંડ છે પણ એને માયા નડે છે. કામ, ક્રોધ અને લોભ,

નરકનાં ત્રિવિધ દ્વાર એને સ્વર્ગની વાટિકામાંથી બહાર ધકેલે છે. એટલે સરવાળે તો અહીં પણ એ જ સ્થિતિ છે, આદમની ઓલાદની. ભેદ કેવળ એટલો જ છે કે અહીં પ્રત્યેક આદમી પોતાનું ઓરિજિનલ પાપ પોતે જ સરજે છે, ભૂતકાળના દૂર દૂરના કોઈ આદિ પુરુષે આચરેલા પાપના વારસાને કારણે પતિત નથી બનતો.

અને તોય, પ્રત્યેક માનવીની એ વ્યક્તિગત જવાબદારીની પાછળ તેની પૈતૃક સંસ્કારસૃષ્ટિ વારસાગત ભાવ નથી જ, એમ પણ કોણ કહી શકશે? प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति? કૃતિ પૂરતો માણસ સ્વતંત્ર છે, એ માની લઈએ તોપણ 'કૃતિ'ની પાછળ 'પ્રકૃતિ' છે, અને 'પ્રકૃતિ' બાબત એ સંપૂર્ણ સ્વતંત્ર છે ખરો?

હવે, પરીક્ષિતના શોણિતમાં સિંચાયલું મૂળગત સ્ખલન તપાસીએ.

કથાની દૃષ્ટિએ જોઈએ તો જ્યાંથી મહાભારતનું યુદ્ધ પૂરું થાય છે ત્યાંથી જ બરાબર ભાગવત શરૂ થાય છે. ધૃતરાષ્ટ્ર અને પાંડુના પુત્રોનાં સૈન્યો અને સેનાનીઓ વીરગતિ પામ્યાં, દુર્યોધનને ભીમે મારી નાખ્યો, પોતે પોતાના ભરણકર્તા(ભર્તા)નું પ્રેય કરી રહ્યો છે એવી માન્યતાથી અશ્વત્થામાએ નિદ્રામાં પોઢેલા દ્રૌપદી-પુત્રોનાં માથાં વાઢી નાખ્યાં, દ્રૌપદી વિલાપ કરવા લાગી. અર્જુને તેનું સાંત્વન કરવા માટે 'હું અબઘડી એ બામટાનું માથું વાઢી લાવું છું' એમ કહીને રથમાં એનો પીછો પકડ્યો અને અશ્વત્થામાએ છેવટના ઉપાય લેખે પોતે જેનો પરિહાર — પાછું ખેંચી લેવાનો — મંત્ર નહોતો જાણતો એવું બ્રહ્માસ્ત્ર ફેંક્યું. અને દશે દિશાઓ જાણે આગમાં ઓરાઈ ગઈ. અર્જુને કૃષ્ણની સલાહથી એ બ્રહ્માસ્ત્રની સામે બ્રહ્માસ્ત્ર ફેંક્યું . . . અને પછી બંને અસ્ત્રોને પોતાની પાસે પાછાં ખેંચી લીધાં અને હવે છેક નિઃશસ્ત્ર અને અસહાય થઈ ગયેલ અશ્વત્થામાને પકડી તેને દોરડા વડે બાંધીને દ્રૌપદી પાસે લઈ ગયો. દ્રૌપદીએ એક વિરલ સુંદર અમર વચન ઉચ્ચારી તેને જતો કર્યો:

मा रोदीदस्य जननी गौतमी पतिदेवता।
यथाहं मृतवत्साऽऽर्ता रोदिम्यश्रुमुखी मुहुः॥

(સ્કંધ ૧, અ. ૭, શ્લો. ૪૭)

[અત્યારે જેમ હું રડી રહી છું તેમ એના મૃત્યુથી એની મા રડે એમ હું નથી ઇચ્છતી.]

## સાચો યજ્ઞ

પરીક્ષિત પહેલેથી જ શાપગ્રસ્ત છે, શપ્ત છે. 'મૂળગત પાપ'નો, એ અર્થમાં, શિકાર છે. અશ્વત્થામા ચિરજીવી છે. તો પછી એમ જ માનવાનું રહ્યું ને, કે દુર્યોધનની દુર્વાસનાઓ આ વિશ્વમાં અશ્વત્થામા રૂપે ફરે છે! મણિ વગરના અશ્વત્થામા રૂપે! જેકિલ વગરના હાઈડ પેઠે!

દુર્યોધનની પ્રતિજ્ઞા પૃથ્વી ન-પાંડવી કરવાની હતી. પાપની પ્રતિજ્ઞા પૃથ્વીમાંથી પુણ્યનો વંશવેલો ઉખેડી નાખવાની જ હોય. એટલે દ્રૌપદીએ દયા ખાઈને એને છોડી મૂક્યો તે પછી પણ અશ્વત્થામાએ વિકૃત બુદ્ધિને પોતાના આ જ જીવનકાર્યની સિદ્ધિને અર્થે વાપરી. હવે એક જ પાંડવપુત્ર ઉત્તરાના ગર્ભરૂપે અસ્તિત્વમાં હતો. અશ્વત્થામાએ ઉત્તરાના ગર્ભનો નાશ કરવા માટે શસ્ત્ર ફેંક્યું.

કૃષ્ણ પાંડવોને ધર્મરાજના સિંહાસન પર સ્થિર કરીને દ્વારકા સિધાવી રહ્યા હતા, ત્યાં ભયભીત ઉત્તરાને તેમણે પોતા તરફ દોડતી આવતી દીઠી. ઉત્તરા પ્રાર્થના કરતી હતી:

पाहि पाहि महायोगिन्देवदेव जगत्पते।
नान्यं त्वदभयं पश्ये यत्र मृत्युः परस्परम्॥

(સ્કંધ ૧, અ. ૮, શ્લો. ૯)

સંસારનું કેવું સચોટ વર્ણન છે: यत्र मृत्युः परस्परम्। સંસાર સ્વર્ગ જેવો બની રહે, જો यत्र જીવન परस्परम् એમ એને માટે કહી શકાય! ભગવાને એનું, ઉત્તરાનું અને એના ગર્ભનું તેમ જ પાંડવોનું પોતાના સુદર્શન વડે રક્ષણ કર્યું; અને પછી કુન્તીની અનુજ્ઞા અને આશિષ લઈને હસ્તિનાપુર છોડવાની તૈયારી કરી.

વિદાય દેતી વખતે કુન્તીએ કૃષ્ણને કહ્યું: 'એવો અનુભવ છે મારો, ભગવન્, કે જ્યારે જ્યારે અમને વિપત્તિ પડી છે ત્યારે ત્યારે તમે અમારી વહારે ધાયા છો અને અમને તમારાં દર્શન થયાં છે. તો આજે જુદાં પડતી વખતે મારી તમને એક જ પ્રાર્થના છે: विपदः सन्तु नः शश्वत्।

આટલામાં તો યુધિષ્ઠિર ત્યાં આવ્યા. પોતાને નિમિત્તે થયેલ સંહાર તેમને હજુયે સાલતો હતો. કોટિ યજ્ઞોથી પણ એ પાપ ધોવાવાનું નથી એમ તેમને લાગતું હતું. તેમની વેદના શમાવવા શ્રીકૃષ્ણ તેમને કુરુક્ષેત્ર-માં બાણશય્યા પર સૂતેલા ભીષ્મ પાસે લઈ ગયા.

ભીષ્મે યુધિષ્ઠિરને, ગીતામાં ભગવાને અર્જુનને જે રીતે સાંત્વન આપ્યું હતું તે જ રીતે, સાંત્વના આપ્યું. કૃષ્ણ કોઈ સામાન્ય પુરુષ નથી, લોકોત્તર મહાયોગી છે; જીવનનો મર્મ જેમ એ સમજ્યા છે, તેમ સૌએ સમજવાનો છે; પ્રાપ્ત ધર્મ-કર્મનું, યજ્ઞપુરુષની અર્ચના લેખે, પાલન કરતા રહેવાનું છે.

શરશય્યા પરથી ભીષ્મે પ્રબોધેલો ધર્મ એ મહાભારતના શાંતિપર્વનો સુપ્રસિદ્ધ વિષય છે. અંતે કૃષ્ણની સ્તુતિ કરતાં કરતાં ભીષ્મ આ લોકની વિદાય લે છે. અને સૌ वयांसीव दिनात्यये — 'દિવસ પૂરો થતાં પંખીઓ જેમ નીરવ થઈ જાય તેમ' શાંત થઈ જાય છે. ખરેખર दिनात्ययेની ઉપમા ખૂબ અર્થગર્ભ છે. ભીષ્મના જીવનરૂપી એક દિવસ પૂરો થયો — ગંગા અને શાંતનુથી માંડી કુરુક્ષેત્રના મહાસંહાર સુધીનો, ત્રણ-ચાર પેઢી-ઓનો એક દિવસ!

હવે, કૃષ્ણે ખરેખરી વિદાય લીધી, પાંડવોની. વિરહી દ્વારકા તેમની ઉત્કંઠાપૂર્વક પ્રતીક્ષા કરી રહી હતી.

સમય આવ્યે ઉત્તરાને પુત્ર અવતર્યો. દાદા અર્જુન અને દાદાના પરમ સખા અને પોતાના તો સ્થૂલ અર્થમાં પણ જીવનદાતા એવા કૃષ્ણની પ્રેમાળ દેખરેખ નીચે એ મોટો થયો. એમની બાલ્યાવસ્થા દરમ્યાન યુધિષ્ઠિરે અનેક યજ્ઞો કર્યા અને પ્રત્યેક યજ્ઞ પ્રસંગે કૃષ્ણ દ્વારકામાંથી હસ્તિનાપુર આવીને થોડો થોડો વખત પાંડવોની સાથે રહ્યા. ખરી વાત એ છે કે પાંડવોને કૃષ્ણ વિના ગોઠતું નથી. એમને બોલાવવાના કોઈ ને કોઈ બહાનાં જ જાણે તેઓ શોધતા રહે છે. યજ્ઞો કૃષ્ણને બોલાવવા માટેનાં બહાનાં જ છે. બલકે, કૃષ્ણને જીવનમાં પ્રતિષ્ઠિત કરવા એ જ સાચો યજ્ઞ!

આ સમય દરમ્યાન વિદુર એક વાર તીર્થયાત્રાએ ગયા છે. ત્યાં મૈત્રેયને મળવાનું થાય છે. મૈત્રેયને તે ત્રણ-ચાર પ્રશ્ન પૂછે છે, જેના ઉત્તરમાં સમગ્ર આત્મજ્ઞાન મૈત્રેય સમજાવી દે છે અને વિદુર સંતુષ્ટ થઈ પાછા હસ્તિનાપુર આવે છે. આખું હસ્તિનાપુર તેમનું સ્નેહોચ્છલ સ્વાગત કરે છે. જાહેર સત્કારનો કોલાહલ શમતાં યુધિષ્ઠિર વિદુરને તીર્થયાત્રા દરમ્યાન કોઈ તકલીફ તો નથી પડીને એમ પૂછે છે. પોતાને બાલ્યકાળથી પડેલી બધી જ તકલીફો દરમ્યાન હસ્તિનાપુરમાં એક વિદુરનો જ આશરો હતો એ સંભારીને, વિદુર તો ભગવજ્જન છે — સ્વયં તીર્થરૂપ છે, એવો ભાવ યુધિષ્ઠિરના ચિત્તમાં છે.

પણ યુધિષ્ઠિરના, અર્જુનના અને બધાયે પાંડવોના મનમાં સૌથી વધુ અગત્યનો જે પ્રશ્ન છે તે તો હવે આવે છે: 'તીર્થયાત્રા દરમ્યાન તમે દ્વારકા જરૂર ગયા હશો. ભગવાન કેમ છે? યાદવો કેમ છે? એમના કંઈ સમાચાર?' વિદુરે કેટલોક વૃત્તાંત તેમને સંભળાવ્યો, પણ યદુકુલનો સર્વનાશ થઈ ગયો છે અને શ્રીકૃષ્ણ હવે પૃથ્વી પર નથી, એટલી વાત ન કહી — નહીં કહી શક્યા હોય! ધીમે ધીમે બધુંયે તેમને કાને આવશે, અત્યારે એકી સાથે ઝેરનો આખોયે ઘડો શું કરવા એમના મોંમાં ઠાલવું?—એવું કંઈક એમને થયું હશે.

જીવવું તો હવે વિદુરજીને માટે પણ દોહ્યલું બની ગયું છે. યુધિષ્ઠિરને આંચકો ન આવે એવી રીતે તેઓ વનમાં જવાની તૈયારી કરે છે. જડ, જરઠ અને પ્રાણલોલુપ ધૃતરાષ્ટ્રને તે ચોંટિયાં ભરી ભરીને જગાડે છે.

पितृभ्रातृसुहृत्पुत्रा हस्तास्ते विगतं वयः।
आत्मा च जरया ग्रस्तः परगेहमुपाससे॥

(સ્કંધ ૧, અ. ૧૩, શ્લો. ૨૧)

[હે ધૃતરાષ્ટ્ર, તમારા વડીલો, સગાસંબંધી અને સ્નેહીજનો તેમ જ પુત્રો હણાઈ ગયા, તમારું વય પણ ચાલી ગયું, તમારી કાયા પણ ઘડપણથી જીર્ણ થઈ ગઈ, તો પણ તમે પારકાને ઘેર વાસ કરો છો.]

યુધિષ્ઠિર ધૃતરાષ્ટ્રને 'પર' નથી માનતા, પણ ધૃતરાષ્ટ્રને તો પાંડવો જીવનભર 'પર' લાગ્યા જ હતા.

अहो महीयसी जन्तोर्जीविताशा यया भवान्।
भीमापवर्जितं पिण्डमादत्ते गृहपालवत्॥

(સ્કંધ ૧, અ. ૧૩, શ્લો. ૨૨)

[સાચે જ, દરેક જીવજંતુને જીવવાની આશા ઘણી જ મોટી અને પ્રબળ હોય છે; એ જ આશાએ તમે પણ જીવી રહ્યા છો; એટલું જ નહીં, ઘરમાં પાલન કરવા જેવા સેવકની જેમ ભીમસેને આપેલ ભોજન-પિંડ તમે જમો છો.]

પિણ્ડ અને તે પણ ભીમને હાથે, જેને ભીંસી નાખવાની છેલ્લે છેલ્લે પણ તેં કોશિશ કરેલી?

यः स्वकात्परतो वेह जातनिर्वेद आत्मवान्।
हृदि कृत्वा हरिं गेहात्प्रव्रजेत्स नरोत्तमः॥

(સ્કંધ ૧, અ. ૧૩, શ્લો. ૨૬)

[જે માણસ આત્મપરાયણ છે, તે તો આ સંસારમાં પોતાના મિત્રોથી કે પારકા શત્રુઓથી ઉદ્વેગ પામે છે તેમ જ હૃદયમાં હરિને યાદ કરી, પોતાના ઘર-સંસારનો ત્યાગ કરે છે અને તે જ ઉત્તમ નર છે.]

'गेहात् प्रव्रजेत्'. 'गेह' એ આહાર, નિદ્રા, ભય, મૈથુનનું બીજું નામ! हृदि कृत्वा हरिं. હરિને હૃદયમાં રાખીને પ્રવ્રજ્યા લેવી, અથવા એમ જ કહોને, હૃદયમાં હરિની પ્રતિષ્ઠા કરવી એ જ સાચી પ્રવ્રજ્યા.

આમ, ધૃતરાષ્ટ્રને લઈને વિદુર વનમાં ચાલ્યા ગયા. ભેગી ગાન્ધારી પણ ગઈ. યુધિષ્ઠિરને તો આ વાતની ખબર પણ નથી. તે ખૂબ દુ:ખી થાય છે, આક્રન્દ કરી મૂકે છે. ત્યાં નારદ અને તુંબરુ આવે છે અને પાંડવોને આશ્વાસન આપે છે.

## શ્રી અને आनन्द

નારદને જોતાંવેંત યુધિષ્ઠિરે તેમની પાસે પોતાના હૃદયની વ્યથા ઠાલવી. વિદુર, ધૃતરાષ્ટ્ર, ગાંધારી ત્રણે કોઈને કંઈ કહ્યા કારણ્યા વગર રાતોરાત હસ્તિનાપુર છોડીને જતાં રહ્યાં છે. ઘણીયે તપાસ કરાવી, પણ તેમનો પત્તો જ નથી. તેઓ ક્યાં હશે, શું કરતાં હશે, શા માટે ચાલ્યાં ગયાં હશે, 'રાજમહેલની સુખસગવડોથી ટેવાયેલાં, પ્રકૃતિની મનસ્વી ગોદમાં કેવી રીતે પ્રાણ ટકાવી રહ્યાં હશે!'

નારદને માટે આ સમાચાર નવા નથી. આ વાત કરવા માટે તો તેઓ આવ્યા હતા. તેમણે યુધિષ્ઠિરને આશ્વાસન આપ્યું. રહી રહીને પણ ધૃતરાષ્ટ્રે દેહ-ગેહનો મોહ છોડયો તેમાં ઈશ્વરની કૃપા જોવાનું તેમને સમજાવ્યું. ગાંધારીએ તેમની સાથે જવામાં પોતાનો ધર્મ માન્યો એ પણ આત્મહિતની દૃષ્ટિએ ઠીક જ કર્યું: અને વિદુર તો શોચ્ય જ નથી. એ ભક્તજને જે કંઈ કર્યું હશે તે સમજી-વિચારીને જ કર્યું હશે. માણસે બીજાના વર્તનનો વિચાર પોતાની અંગત લાગણીને ધોરણે ન કરતાં, વર્તનારના હિતાહિતની દૃષ્ટિએ કરવો જોઈએ. આપણો અંગત સ્નેહ અથવા મોહ એ જ કંઈ સૃષ્ટિની ઘટનાઓને મૂલવવાનો માપદંડ ન હોઈ શકે.

યુધિષ્ઠિરના મનને આમ તૈયાર કર્યા પછી નારદ ધૃતરાષ્ટ્ર અંગેના અપ્રિય સમાચાર તેને આપે છે: 'આજથી પાંચમે દિવસે અગ્નિસ્નાન કરવાનો તેમનો સંકલ્પ છે. ગાંધારીએ પણ પતિને અનુસરવાનો નિશ્ચય કર્યો છે.'

'અને વિદુર?'

'વિદુર ભાઈભાભીની અંતિમ ક્રિયા કરીને તીર્થયાત્રાએ જશે.'

*

મહિનાઓથી શ્રીકૃષ્ણના સમાચાર નથી. પળભર પણ કૃષ્ણ અથવા કૃષ્ણના સમાચાર વિના રહેવાને ન ટેવાયેલા એવા યુધિષ્ઠિર લાંબા ગાળાના આ મૌનથી અકળાઈ ઊઠયા છે. અર્જુનને તેમણે ભગવાનના ખબર કાઢવા માટે દ્વારકા મોકલ્યો છે. તે વાતને પણ આજે સાત સાત મહિના થઈ ગયા છે. અનેક અમંગળ આશંકાઓ તેમના મનમાં ઊઠે છે. ભીમને તે કહે છે:

इमे जनपदा ग्रामाः पुरोद्यानाकराश्रमाः।
भ्रष्टश्रियो निरानन्दाः किमघं दर्शयन्ति नः॥

(સ્કંધ ૧, અ. ૧૪, શ્લો. ૨૦)

[આ પ્રદેશ, આ ગામડાં, આ નગરો, ઉદ્યાનો, ખેતરો અને આશ્રમો, બધું જ મને 'ભ્રષ્ટ-શ્રી' અને 'નિર્-આનંદ' લાગે છે. કોણ જાણે કયું અમંગળ આવીને આપણી સામે ઊભું રહેશે?]

શ્રી અને आनन्द ઈશ્વર-સંનિધાનમાં છે, એ સત્ય કેટલી સુંદર રીતે સમજાવી દીધું!

યુધિષ્ઠિર અને તેના ભાઈઓ ચિન્તામગ્ન છે ત્યાં અર્જુન આવે છે. મનોમન અશુભ એંધાણીઓ જોઈ રહેલ યુધિષ્ઠિરને અર્જુન કેવો દેખાય છે? अ-यथा-पूर्व, પહેલાં ન હતો તેવો! પહેલાં હતો તેવો નહીં, અને आतुर — માંદલો.

અર્જુન નીચું મુખ કરીને ઊભો છે. આંસુ સારી રહ્યો છે. યુધિષ્ઠિરના પ્રશ્નના જવાબમાં થોડીક વાર તો તે બોલી પણ શકતો નથી. પછી, મહામહેનતે આંસુ લૂછી, કૃષ્ણના सख्य, मैत्री અને सारथ्यના સ્મરણો ગદ્‌ગદ વાણીએ ઉચ્ચારે છે: सख्य, मैत्री અને सारथ्य.

ક્રમ પણ સમજવા જેવો છે. ભગવાન જે–તે માણસનું સારથિપણું નથી કરતા. ભગવાનને પોતાના 'સખા' અને 'મિત્ર' માનનારનું જ સારથ્ય ભગવાન સ્વીકારે છે.

ઈશ્વર આપણો માર્ગદર્શક બને એમ જો આપણે ઇચ્છતા હોઈએ, તો આપણે પ્રથમ તેને सखा અને મિત્ર બનાવવો જોઈએ. તેની પાસે અંતર ખોલીને વાત કરવી જોઈએ, જેમ सखाની પાસે કરીએ છીએ તેમ. કડવીમીઠી બધીય પરિસ્થિતિમાં તે આપણો હિતકર્તા જ છે, મિત્રની પેઠે, સૂર્યની પેઠે, એવી પ્રતીતિ મનો-મન કેળવવી જોઈએ.

કૃષ્ણે ક્યાં ક્યાં કેવી રીતે પોતાને સહાયતા કરી હતી એ બધી વાતનું અત્યંત ભાવપૂર્વક સ્મરણ કરતાં કરતાં, અંતે, તે હવે આ ધરતી પર નથી, એ કઠોર સત્ય કહી નાખે છે:

सोऽहं नृपेन्द्र रहितः पुरुषोत्तमेन।

[આજ દિવસ સુધી અસંખ્ય રીતે કૃષ્ણનો કૃપાપાત્ર બનેલો એવો હું આજે પુરુષોત્તમથી રહિત થઈ ગયો.]

सोऽहं नृपेन्द्र रहितः पुरुषोत्तमेन सख्या प्रियेण सुहृदा हृदयेन शून्यः।

(સ્કંધ ૧, અ. ૧૫, શ્લો. ૨૦)

[મારો સખા, મારો સુહૃદ, મારું હૃદય; બધું જ કૃષ્ણ હતા. એ જતાં હું સખા, પ્રિય સુહૃદ, અને હૃદય—ત્રણેયથી વંચિત થઈ ગયો.]

सोऽहं नृपेन्द्र रहितः पुरुषोत्तमेन सख्या प्रियेण सुहृदा हृदयेन शून्यः ।
अध्वन्युरुक्रमपरिग्रहमङ्ग रक्षन् गोपैरसद्भिरबलेव विनिर्जितोऽस्मि ।।

(સ્કંધ ૧, અ. ૧૫, શ્લો. ૨૦)

[પુરુષોત્તમ ગયા,
અને હું સખા વગરનો થઈ ગયો,
પ્રિય સુહૃદ વગરનો થઈ ગયો,
અને માર્ગમાં,
અબલાની પેઠે
અસત્ ગોપોને હાથે લૂંટાયો :
ભગવાનના ઘરનું રક્ષણ પણ મારાથી થઈ શક્યું નહીં.]

અર્જુન નર હતો, નરોત્તમ હતો, પણ તે નારાયણને લઈને.

શ્રીકૃષ્ણના વિરહે અર્જુનનું અર્જુનત્વ જ જાણે હરી લીધું. યુધિષ્ઠિર પાસે વિલાપ કરતાં એ કહે છે :

तद्वै धनुस्त इषवः स रथो हयास्ते
सोऽहं रथी नृपतयो यत आनमन्ति
सर्वं क्षणेन तदभूदसदीशरिक्तं–

(સ્કંધ ૧, અ. ૧૫, શ્લો. ૨૧)

[તે ચાપ, બાણ પણ તે, રથ તે, હયો તે,
ને તે જ હું રથી, નૃપો નમતા જ જેને,
તે સર્વ વ્યર્થ પળમાં થયું ઈશરિક્ત.]

વિરહની ઉત્કટ વેદના વિલપતાં વિલપતાં અર્જુનની ચેતના અંતે શાંત થાય છે. સંગ્રામ વેળાએ ભગવાને એને જે જ્ઞાન આપ્યું હતું તેનો એનામાં ઉદય થાય છે. તેનો દ્વૈતભાવ ટળે છે, મોહ નષ્ટ થાય છે, અને બ્રહ્મભાવના અનુભવે કરીને તેનો શોક શમી જાય છે.

અને પછી હસ્તિનાપુરની ગાદી પર પરીક્ષિતને બેસાડીને પાંચે પાંડવો હિમાલયની દિશા પકડે છે.

## પરીક્ષિતનું કૌતુક

ભાગવત રચાય છે તે વખતે ભારતની અધ્યાત્મ-સંસ્કૃતિનું ગ્રહણ થઈ ચૂક્યું છે. એ ગ્રહણનો આરંભ તો મહાભારતના સમય પહેલાં જ થઈ ચૂક્યો છે. પણ મહાભારતના સમય સુધી અમુક નિશ્ચિત મર્યાદાઓનું ઉલ્લંઘન થતું નથી. દુર્યોધન, શકુનિ કે કર્ણ, કૃષ્ણ કે અર્જુનનો ગમે તેટલો ઉગ્ર વિરોધ કરતા હોય, પ્રાચીન પરંપરા અંગેનું બંને પક્ષોનું દૃષ્ટિબિંદુ, સૈદ્ધાંતિક રીતે, સરખું જ છે. ગાય અને બ્રાહ્મણ બંને માટે પવિત્ર છે (સૈદ્ધાંતિક રીતે); યજ્ઞયાગ આદિ વિશે બંનેની શ્રદ્ધા સરખી જ છે.

પણ હવે જે આક્રમકો આવે છે તે એક જુદી 'સંસ્કૃતિ' અને જુદી જ પરંપરા લઈને આવે છે. પારસ્પરિક વિદ્વેષ અને વિગ્રહને પરિણામે ખખડી ગયેલ ભારતવાસીઓ એ આક્રમકોની સામે ટકી શકતા નથી; અને સૈકાંઓથી ડૂબું ડૂબું થતી તેમની 'સંસ્કૃતિ'રૂપી નૌકા હમણાં જ ડૂબી જશે એવી ભીતિ તેમને લાગે છે. કરુણતા એ છે કે આ ભીતિને સ્પષ્ટપણે વ્યક્ત કરવા જેટલી નિર્ભયતા પણ તેમનામાં રહી નથી.

આવી ઘોર ભીતિ વડે ભાંગી પડેલી પ્રજાને ભાગવત એક અમોઘ તરણોપાય બતાવે છે. તેના રોગનું તે અત્યંત સૂક્ષ્મપણે વિશ્લેષણ કરે છે, રોગનું મૂળ વ્યક્તિના સડી ગયેલ વ્યક્તિત્વમાં છે. ઇન્દ્રિયોનાં સુખો એ જ સૌનું એકમાત્ર લક્ષ્ય થઈ પડયું છે. એ લક્ષ્યની સિદ્ધિ માટે ગમે તે કરવાની સૌની તૈયારી છે. આત્મા અને અમરતા માત્ર વાતોમાં જ રહ્યાં છે, ક્રિયામાં તો કેવળ સુખવાદ જ છે. ગમે તે ભોગે, ગમે તેટલાં અપમાનો અને અવદશાઓ સહન કરતાં કરતાં પણ જીવતા રહેવું એ જ તેમનો અપ-સિદ્ધાંત છે. નિશ્ચિત મૃત્યુ સામે આવીને ઊભું રહે છે, ત્યારે દુર્યોધન જેવો દુર્યોધન પણ ડરી જાય છે, અને પાંડવો પાસે જિંદગીની ભિક્ષા માગવા જેટલી હદે હીન બની જાય છે. એ આ મનોદશાનો જ એક દાખલો છે. જેમના મૃત્યુંજય પૂર્વજોએ આત્માની અમરતા અને દેહની નશ્વરતાનાં ગાણાં જગતમાં વધુમાં વધુ ગાયાં છે, તેમનાં જ સંતાનો જાણે દેહ જ એકમાત્ર જીવનનું સારસર્વસ્વ હોય એમ વર્તે છે.

આવા લોકોને દેહની અસારતા, સુખોની નિરર્થકતા અને આત્માની શાંતિ અને સમૃદ્ધિ અને અમરતા તરફ લઈ જવા માટે ભાગવતનો ઉદય થયો છે, એ સત્યનું સ્મરણ ભાગવતના સ્કન્ધે સ્કન્ધે, અધ્યાયે અધ્યાયે, શ્લોકે શ્લોકે અને પદે પદે કરાવાયું છે. એ સત્યનો સાક્ષાત્કાર એ જ ભાગવતના અભ્યાસની ચાવી છે અને પરિશીલનનું પરિપકવ ફળ છે.

હવે કથાનો તાગડો હાથમાં લઈએ.

પરીક્ષિત વિરાટના પુત્ર ઉત્તરની પુત્રી ઇરાવતીને પરણે છે. જનમેજય આદિ ચાર પુત્રો તેને ત્યાં જન્મે છે. ગંગાકાંઠે ત્રણ અશ્વમેધ યજ્ઞો પણ તેને હાથે થાય છે. આ યજ્ઞો એટલા બધા સ-ફલ બને છે કે પોતપોતાના યજ્ઞભાગ લેવા માટે સ્વર્ગમાંથી ઊતરી આવેલા દેવોને ત્યાં પ્રત્યક્ષ જોઈ શકાય છે.

આ છેલ્લું વિધાન ચિન્ત્ય છે. પરીક્ષિત એ બે યુગોને એકમેકથી છૂટા પાડનાર અથવા એકમેક સાથે સાંધનાર સંયોગી ભૂમિ જેવો છે. યજ્ઞ-યુગનો, જૂની પરંપરાનો, તે છેલ્લો અવશેષ છે, અને અ-યજ્ઞ યુગના ઉદયનો તે પહેલો સાક્ષી છે.

આ પરીક્ષિતે એક વાર એક કૌતુક જોયું.
ધર્મ અને ધરતીને તેણે વાતો કરતાં દીઠાં.

ધર્મને અહીં વૃષભ(બળદ)નું રૂપક આપ્યું છે. ધર્મરૂપી વૃષભ પોતાના ચાર પગોમાંથી ત્રણ પગ ગુમાવી બેઠો છે. એક પગ જ હવે શેષ રહેલ છે.

(વૃષભ શિવનું પ્રસિદ્ધ વાહન છે. ચાર પાયા પર ચાલતો, હૃષ્ટપુષ્ટ સુપ્રસન્ન ધર્મ જ વિશ્વકલ્યાણનો વાહક બની શકે ને!)

હવે પૃથ્વીને જોઈએ: એનું મુખ મ્લાન અને નિસ્તેજ છે. એના અંતરાત્માને કોઈ ભયાનક આધિ પીડી રહ્યો હોય એમ દેખાય છે. જેનું બાળક આંચકી લેવામાં આવ્યું છે એવી જનેતા જેવી એની દશા છે. આવી પૃથ્વીને એકપગો ધર્મ પૂછે છે:

"કયા દુઃખે તું આવી થઈ ગઈ છે, મા? શું તારો કોઈ સ્વજન દૂરદૂરના દેશમાં ગયો છે ત્યાંથી પાછો ફર્યો નથી તેનો તને શોક છે? કે પછી મારા ત્રણ પગ કપાઈ ગયા છે તેનો શોક તું કરે છે? અથવા તો તને હવે ચાંડાલો ભોગવી રહ્યા છે એ દુઃખ તારાથી વેઠાતું નથી? કે પછી યજ્ઞ-યાગ બંધ થઈ ગયા છે અને પ્રજા અનાવૃષ્ટિથી પીડાઈ રહી છે, અને બાળકો અનાથ થઈ ગયાં છે એ તને સાલે છે? આવા કુકર્મી બ્રાહ્મણોને પનારે પડેલી સરસ્વતીનો તને શોક છે? અથવા 'ક્ષત્રિય' શબ્દને લજાવતા ક્ષત્રિયોને જોઈને તું દુઃખ અનુભવી રહી છે? કે પછી ખાવા-પીવા-ખેલવામાં જ જીવનની ઇતિકર્તવ્યતા જોતો આ જનસમુદાય તારા દુઃખનું કારણ છે?"

ધરતી જવાબ આપે છે: "મારા દુઃખનું કારણ તું ક્યાં નથી જાણતો, ભાઈ, ધર્મ? . . . તપ, શૌચ, દયા અને સત્ય એ તારા ચાર પગ. તેમાંથી હવે એક આ સત્ય જ શેષ છે; અને એ સત્યને ગ્રસવા માટે પણ કલિ તેની પાછળ પડ્યો છે. આવી સ્થિતિમાં ભગવાન જો અહીં, મારા પર વસતા હોત, તોપણ હું નિરાશ ન થાત. પણ ભગવાન પણ મને અભાગણીને છોડીને જતા રહ્યા છે. અને 'અ-બ્રહ્મણ્ય', 'શૂદ્રો', 'નૃપો' નરોના પાલનહારનું નામ ધારણ કરીને મને ભોગવતા થઈ જશે એવી બીક મને લાગવા માંડી છે."

અહીં 'અ-બ્રહ્મણ્ય' અને 'શૂદ્રો' જેવા શબ્દો વપરાયા છે તેથી કોઈને ભ્રાન્તિ ઊભી થવાનો સંભવ છે કે ભાગવત ઉચ્ચ-નીચ જાતિઓની વાત કરે છે અને રાજ્ય કરવું એ ઉચ્ચ જાતિઓનો—ક્ષત્રિયોનો જ અધિકાર છે એવું સૂચવવા માગે છે. પણ ભાગવતે તો 'ક્ષત્રિય' શબ્દને લજવતા 'ક્ષત્રિયો'ને જ શૂદ્રો કહ્યા છે. શૂદ્ર કે ક્ષત્રિય કે બ્રાહ્મણ જન્મથી નહીં, પણ ગુણથી થાય છે એવો ભાગવતકારનો મત છે, જેનું પ્રતિપાદન તે ગ્રંથની અનેક આખ્યાયિકાઓમાં આપણને મળી આવે છે. 'અ-બ્રહ્મણ્ય' શબ્દ પણ આ જ કોટિનો છે. આ વિશ્વના અણુઅણુમાં બ્રહ્મતત્ત્વ વિલસી રહ્યું છે, એટલે સૌની આરાધના એ જ બ્રહ્મની આરાધના છે, એમ ન માનીને, 'સ્વ'ને જ માત્ર પૂજે, અને 'સૌ'ને અવગણે તે અ-બ્રહ્મણ્ય.

મહત્ત્વની અભિલાષાવાળાઓએ કયા કયા ગુણો ખીલવવા જોઈએ તે પણ ધરતી આ પ્રસંગે ધર્મને સંભળાવે છે:

सत्यं शौचं दया क्षान्तिस्त्यागः सन्तोष आर्जवम् ।
शमो दमस्तपः साम्यं तितिक्षोपरतिः श्रुतम् ।।२६।।
ज्ञानं विरक्तिरैश्वर्यं शौर्यं तेजो बलं स्मृतिः ।
स्वातन्त्र्यं कौशलं कान्तिर्धैर्यं मार्दवमेव च ।।२७।।
प्रागल्भ्यं प्रश्रयः शीलं सह ओजो बलं भगः ।
गाम्भीर्यं स्थैर्यमास्तिक्यं कीर्तिर्मानोऽनहंकृतिः ।।२८।।

(સ્કંધ ૧, અ. ૧૬)

[સત્ય, શૌચ—પવિત્રતા, દયા, ક્ષમા, ત્યાગ, સંતોષ, આર્જવ—કોમલતા, શમ, દમ, તપ, સામ્ય—સમાનતા, તિતિક્ષા—સહનશક્તિ, ઉપરિત—ઉપરામભાવ, શ્રુત—વિદ્યા, જ્ઞાન, વિરક્ત—વૈરાગ્ય, ઐશ્વર્ય—સત્તા, ક્રાન્તિ, ધૈર્ય, માર્દવ—કોમલ ભાવ, પ્રાગલ્ભ્ય—ગૌરવ, પ્રશ્રય—આધાર, શીલ, ઓજ, બલ, ભગ—ભાગ્ય, ગંભીરતા, સ્થિરતા, આસ્તિકય, કીર્તિ, માન અને અનહંકાર—નિરભિમાન ભાવ એ ગુણો છે.]

ધર્મ અને ધરતી વચ્ચે આ સંવાદ ચાલે છે તેટલામાં એક બીજું કૌતુક થાય છે. 'નૃપ'નું નામ ધારણ કરીને ફરતો એક ચાંડાલ, ત્યાં આવીને, પોતાના હાથમાંના દંડા વડે આ બેને—ધરતીને અને ધર્મને (ગાયને અને બળદને)—ઝૂડવાનું શરૂ કરે છે.

પરીક્ષિત તરત જ એને રોકે છે. 'કોણ છે તું? તારો વેશ તો રાજાનો છે; પણ તારું કાર્ય અ-દ્વિજનું છે. અબળને બળથી પીડનારો તું છે કોણ?'

પરીક્ષિત તેનો વધ કરવા જતો હતો, ત્યાં તો રાજાનો વેશ ઉતારીને તે એને પગે પડી ગયો. રાજાએ તેને ઓળખી લીધો. એ કલિ (કળિયુગ) હતો. રાજાએ તેને શરણે આવેલો હોવાથી જતો કર્યો, પણ સાથે સાથે મારા રાજ્યમાં તારે ન વસવું એવો આદેશ પણ આપ્યો.

'ત્યારે મારે વસવું ક્યાં?' કલિએ પૂછ્યું.

રાજાનો જવાબ ખૂબ ધ્યાનપૂર્વક સાંભળવા જેવો છે. કલિને, કળિયુગને, વસવા માટે રાજા પરીક્ષિત આટલાં સ્થાનો આપે છે: 'દ્યૂત, મદિરાપાન, વેશ્યાવૃત્તિ, સુવર્ણ, અનૃત, મદ, કામ, રજસ અને વૈર.'

કલિના વિદાય થયા પછી રાજા બળદને એના ત્રણ ખોવાયેલા પગ — તપ, શૌચ, અને દયા — પાછા આપે છે; અને ધરતીને આશ્વાસન આપીને પ્રસન્ન કરે છે.

## મનનાં અગોચર ઊંડાણો

આનુવંશિક સંસ્કારપ્રવાહ, કૃષ્ણપરાયણ વાયુમંડલ, અધ્યાત્મકેન્દ્રી શિક્ષણ, જાગ્રત કર્તવ્યબુદ્ધિ, નિષ્કલંક ચારિત્ર્ય વગેરે માણસના જીવનને સંપૂર્ણ કૃતાર્થ બનાવવા માટે જે જે જોઈએ તે બધું જ પરીક્ષિતમાં હતું. પ્રકૃતિએ અને સંસ્કૃતિએ એના પ્રત્યે જે ઔદાર્ય દાખવ્યું હતું તે જોતાં તો એનું આખુંય જીવન, એક પણ સ્ખલન વગર, ઉત્તરોત્તર વધુ ને વધુ ઉન્નત આધ્યાત્મિક શૃંગો પર આરોહણ કરતું કરતું પૂર્ણાહુતિની વેળાએ, જે પૂર્ણમાંથી એ પ્રગટ્યું હતું તે પૂર્ણ સાથે તદ્રૂપ થવું જોઈતું હતું. આમ થવાને બદલે, પોતાના જમાનાએ જેને 'પરમ-ભાગવત'નું બિરુદ આપ્યું હતું એવા એ માનવમણિને હાથે એક નિરુપદ્રવી ઋષિને માટે ઉપદ્રવરૂપ બનવાનું પાતક સર્જાયું.

પરીક્ષિત એક વખત મૃગયા કરવા નીકળેલો. મૃગની પાછળ દોડતાં દોડતાં એ ખૂબ થાકી ગયો. નિકટના એક આશ્રમમાં ઋષિ સમાધિસ્થ હતા. બ્રહ્મભૂત હતા. રાજાએ તેમને જોયા અને તે ગુસ્સે થઈ ગયો. મરેલો સાપ એ ઋષિની ગરદન પર વીંટાળી દીધો.

પરીક્ષિતનું આ સ્ખલન એ શું એક અકસ્માત હતો? अकस्मात् — શા માટે આમ બન્યું? જે પ્રશ્નનો કોઈ જ સંતોષકારક ઉત્તર ન આપી શકાય, તે ઘટનાને આપણે અકસ્માત કહીએ છીએ. પણ ઋત અને સત્યના તાણાવાણા વડે રચાયેલી આ સૃષ્ટિમાં अकस्मात्ને સ્થાન હોઈ શકે ખરું?

પરીક્ષિતના જીવનમાં આ સ્ખલન આવ્યું શી રીતે? સાક્ષાત્ શ્રીકૃષ્ણના અંકમાં ઊછરેલા પિતાનો પુત્ર, કૃષ્ણના પ્રિય સાથી, આત્મીય સ્વજન અને વહાલામાં વહાલા શિષ્ય અર્જુન અને શ્રીકૃષ્ણની પ્રિયતમ ભગિની સુભદ્રાના મહાપરાક્રમી પુત્રનો પુત્ર, માતાના ઉદરમાં જ જેને સુદર્શન ચક્રનું સંરક્ષણ પ્રાપ્ત થયું હતું એવો મહાભાગધેય આ રાજર્ષિ આવી ગંભીર ભૂલ કેમ કરી બેઠો? એકાએક એની મતિ ફરી કેમ ગઈ? જેમ ગીતાનો ઉદ્ભવ અર્જુનના વિષાદને આભારી છે, તેમ ભાગવતનો ઉદ્ભવ પરીક્ષિતના આ ગંભીર સ્ખલનને આભારી છે; પણ અર્જુનનો વિષાદ જેટલી સહેલાઈથી સમજી શકાય છે તેટલી સહેલાઈથી પરીક્ષિતનું આ સ્ખલન સમજી નથી શકાતું. અને છતાં ભાગવતને સમજવા માટે, આ સ્ખલનને સમજવું અનિવાર્ય છે.

ગીતાના બીજા અધ્યાયના બે શ્લોક, પરીક્ષિતનું આ સ્ખલન સમજવામાં આપણને મદદ કરશે:

मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदुःखदाः।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत॥
यं हि न व्यथयन्त्येते पुरुषं पुरुषर्षभ।
समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते॥

(ગીતા, અ. ૨, શ્લો. ૧૪–૧૫)

[ઇન્દ્રિયોના સંસ્પર્શો શીતોષ્ણ સુખ-દુઃખદ,
અનિત્ય ને આવે જાય: તેમને સહવા સદા.
સંસ્પર્શો એ પમાડે ના વ્યથા જેહ પુરુષને,
સુખ-દુઃખે સમો, તે જ વરતો અમૃતત્વને.]

માણસ સાત્ત્વિક સૃષ્ટિના તમામેતમામ સદ્ગુણોની ખાણ ભલે હોય, એની છેલ્લી કસોટી આ માત્રા-સ્પર્શાઃ છે. આ ઇન્દ્રિયસંસ્પર્શો છે; આ ટાઢતડકો, સુખદુઃખ છે. બધું અનુકૂળ ઊતરતું આવે ત્યાં સુધી શિક્ષણ ને સંસ્કાર ને શીલ બધુંય બરાબર છે; પણ પ્રતિકૂળતા ઊભી થાય ત્યારે ખબર પડે કે એ સો ટચનું સોનું છે, કે પછી કથીરનો પણ થોડોઘણો અંશ એમાં છે. પરીક્ષિત મૃગની પાછળ દોડ્યો એટલે શું? 'મૃગ' શબ્દ ભાગવતકારે બહુ જ વિચારપૂર્વક વાપર્યો છે. મૃગ એ કેવળ હરિણનું નામ નથી. માણસના પોતાનામાં રહેલ પશુનું નામ પણ છે. માનવીમાં દેવ અને પશુ બંનેના અંશો છે. પરીક્ષિત આ વખતે 'મૃગાનુગત' હતો. તેના દેવ-અંશ કરતાં પશુ-અંશ આ સમયે વધારે બળવાન બન્યો હતો. તેને ભૂખ લાગી હતી, તેને તરસ લાગી હતી, તેને થાક લાગ્યો હતો; પણ એ ભૂખ, તરસ અને થાક તેને ઊર્ધ્વગામી સાધનાને પરિણામે નહોતાં લાગ્યાં, પણ પોતાની મૃગ-અનુગતાને કારણે લાગ્યાં હતાં. એટલે એ ભૂખ-તરસ-થાકનું આક્રમણ તેનાથી ખમાયું નહીં. ભૂખ-તરસ-થાકે તેને વ્યથા પહોંચાડી, અને અમરત્વથી (દિવત્વથી) તે ચ્યુત થયો. અને ગુસ્સામાં આવી મરેલો સાપ ઋષિના ગળામાં નાખ્યો એ શું? શા માટે? થોડીક કલ્પના દોડાવીએ. માનવ-મનના અગોચર ઊંડાણમાં થોડોક દૃષ્ટિપાત કરીએ.

રાજાને આ ઋષિમાં પોતાનું 'મૂળરૂપ' દેખાયું હશે. પોતે કેટલો નીચો પડી ગયો છે તેનું ભાન — અભાન ભાન — થયું હશે, અને એ ભાનને પરિણામે, કદાચ, ભૂખ, તરસ અને થાકે તેના આત્મામાં સર્જેલી આંધી વધુ ઉગ્ર બની હશે, અને સંભવ છે કે તે આંધીની અકળામણ વચ્ચે તેણે આ અકાર્ય કર્યું હશે. મરેલો સાપ ઋષિના ગળામાં વીંટાળતી વખતે, 'તું આ દૈહિક અને ભૌતિક આક્રમણને પહેલે જ સપાટે પરાજિત થઈ ગયો. તો લે હવે, તું આ મરેલા સર્પને જ લાયક છે; તે પહેરી લે, કંઠમાં!' એવો ઠપકો એ જાણે પોતાની જ જાતને આપી રહ્યો હોય એવાં સ્ફુરણો એની અસંપ્રજ્ઞાત ચેતનામાં નહીં જાગ્યાં હોય? ખેર...

પરીક્ષિતનું આ સ્ખલન ક્ષણિક હતું. ઋષિ તેની નજર સામે હતા, ત્યાં સુધી જ એને એમના પર રોષ રહ્યો; રાજધાનીમાં આવતાંવેંત તેને પોતાને એ વર્તન બદલ દુઃખ થયું. આ જ બતાવી આપે છે કે આપણે ઉપર જે પૃથક્કરણ કર્યું છે તે સાચું છે. ક્ષુધા, તૃષા અને શ્રમ જેવા ઇન્દ્રિય-સંસ્પર્શોએ તેને વ્યથા પહોંચાડી, એ હકીકતનું દુઃખ શાંત અને સમાધિસ્થ ઋષિના દર્શનથી વધુ તીવ્ર બન્યું. એનો અર્થ જ એ કે ઋષિ એને માટે પોતાના 'અસલ સ્વરૂપ'ના પ્રતીક થઈ પડ્યા.

પરીક્ષિતનો પશ્ચાત્તાપ ભાગવતે નીચેના શબ્દોમાં વર્ણવ્યો છે:

> 'અરેરે, અનપરાધી અને આંતરતેજવાળા બ્રાહ્મણ પ્રત્યે હું નીચ અનાર્યની પેઠે વર્ત્યો. આ પાપના પ્રક્ષાલન માટે કંઈક કરવું જોઈએ. મારા વડે પ્રકોપિત બ્રહ્મકુલનો કોપાગ્નિ મારા અભદ્રના રાજ્ય, લક્ષ્મી, સેનાદિનો નાશ કરો, જેથી આવી દુર્બુદ્ધિ મને ફરી ન ઊપજે.'

પરીક્ષિતનો આ પશ્ચાત્તાપ સ્વયંભૂ છે. અપમાનિત ઋષિના પુત્રે એને શાપ આપ્યો છે એ વાત તો તે હજુ જાણતો પણ નથી. પોતાનું દુર્વર્તન જાતે જ પોતાના માટે શાપ જેવું છે એમ તેને લાગે છે. એ માટે જ શાપની વાત જ્યારે તેને કાને આવે છે ત્યારે એને વિશેષ કશો જ આઘાત થતો નથી. રાજધાની અને રાજ્ય બધું જ છોડીને, સંગમાત્રનો ત્યાગ કરીને તે ગંગાતટે આવે છે. અને તેના આ પ્રાયશ્ચિત્તની વાત સાંભળીને ચોમેરથી ગંગાતટે આવેલ ઋષિવૃન્દને પ્રણામ કરીને તે નિવેદન કરે છે:

> 'તમારા આ અનુગ્રહથી હું ધન્ય થયો છું. દૈહિક અને ભૌતિક આસક્તિમાં અટવાઈને હું પાતક વહોરી બેઠો. (એ પાતકને પરિણામે મારા પર ઊતરેલ) શાપ તો મારી આંખો ઉઘાડનારો નીવડ્યો છે.

મને હવે જરા પણ ભય નથી. ભલે તક્ષક મને કરડે. તમે વિષ્ણુગાથા ગાઈ સંભળાવો, જેથી અનંત એવા ભગવાનને વિશે તેમ જ ભગવજ્જનોને વિશે ફરી વાર મને પ્રીતિ પ્રકટે.'

આ વખતે વ્યાસજીના પુત્ર શુકદેવજી, નિષ્કામપણે પૃથ્વી પર વિચરતા હતા તે ત્યાં આવ્યા. સૌએ ઊભા થઈને તેમને સન્માન આપ્યું.

શુકદેવજીએ આસન લીધા પછી સૌ પોતપોતાનાં આસનો પર સ્થિર થયા અને પરીક્ષિતે તેમને પૂછ્યું :

'મૃત્યુ જેના જીવન સાથે જ જડાયેલું છે એવા માનવીનું સૌથી વધુ મહત્ત્વનું કાર્ય શું ગણાવું જોઈએ? એણે શું સાંભળવું, શું જપવું, શું કરવું, શું સ્મરવું, શું ભજવું?'

અને પછી ભગવાન બાદરાયણિએ — શુકદેવે — પરીક્ષિતના આ પ્રશ્નોનો ઉત્તર આપ્યો.

— આ ઉત્તર છે તે જ ભાગવત છે.

# પુરવણી

૧

## મહાકાવ્ય : બૃહત્ત્રયી

સંસ્કૃતનાં પાંચ મહાકાવ્યો પૈકી રઘુવંશ અને કુમારસંભવ કવિ કાલિદાસની કૃતિઓ છે. તે પછીની ત્રણ રચનાઓ બૃહત્ત્રયી કે પાષાણત્રયી ગણાય છે. તેની વિશેષતા આ છે : શ્લેષ — એક શબ્દના અનેક અર્થ અને કઠિન શબ્દોનો પ્રયોગ, વ્યાકરણ અને છંદની રચનામાં વિશેષ કુશલતા કે ચાતુરીનું નિદર્શન, સંસ્કૃત ભાષા પરના અસાધારણ અધિકાર બતાવતા શબ્દાનુપ્રાસ અને બંધ-પ્રબંધની રચના. આ શૈલીની શરૂઆત ભારવિએ કિરાતાર્જુનીય મહાકાવ્યમાં કરી; તેનો જ વિસ્તાર માઘે શિશુપાલવધમાં કર્યો અને શ્રીહર્ષે નૈષધીયચરિતમાં બંનેથી આગળ વધી જવાની હોડ બકી :

उदिते नैषधे काव्ये क्व माघः क्व च भारविः એમ એક વિવેચક કહે, તો બીજો तावद् भारवेर्भाति यावन्माघस्य नोदयः એમ કહે તે પહેલાં અને તેથીય પહેલાંથી

ઉપમા તો કાલિદાસે ભારવિ અર્થગૌરવે
દંડીનું પદલાલિત્ય વસ્યા માઘે ત્રણેત્રણો- કહેવાય છે.

આ ત્રણેય મહાકાવ્યોમાં ઊતરેલી કથાઓ ઘણી જ પ્રસિદ્ધ જ છે. જોકે ત્રણેયના મૂળમાં મહાભારત છે, પણ તે તો જનજનની જીભે વસેલ હોય; એને જ આ મહાકવિઓ ઉપાડી લે છે અને તેમાં ભાવ અને કલ્પનાના રંગ પૂરે છે. આથી કથા મહત્ત્વની નથી રહેતી, પણ શૈલી કે રીતિ ચમત્કાર પૂરનારી કવિ-કૃતિ બની રહે છે. મહાકાવ્ય કહો એટલે તેની સાથે તેમાં ઘણા સર્ગ-અધ્યાયો હોવા જોઈએ. તેમાં કુદરતનાં વિશદ વર્ણન, લોકમાં પ્રચલિત ઉત્સવો, મૃગયા, યુદ્ધ, નીતિ વગેરેના નિર્દેશો, શૃંગાર, વીર, કરુણ, હાસ્ય, રુદ્ર, ભયાનક, બીભત્સ, અદ્‌ભુત અને શાંત રસોમાંથી શૃંગાર, વીર કે શાંત પ્રધાન હોય, તે સાથેનાં રીતિ કે ઉદ્દીપક કે આલંબન ભાવોની અસર હોય; તેમ જ છંદોના વૈવિધ્ય સાથે સર્ગે સર્ગે છંદ બદલાતા હોય.

## ભારવિનું કિરાતાર્જુનીય

કવિ ભારવિના જીવન વિશે ખાસ ઉલ્લેખ મળતો નથી. ઈ. સ. ૫૫૦નો સમય આંકી શકાય; જે કાલિદાસ પછીનો અને માઘના પહેલાંનો ગણાય. દક્ષિણ ભારતના ચાલુક્યવંશી મહારાજ વિષ્ણુવર્ધનના સભાપંડિત તરીકેનો નિર્દેશ મળી આવે છે.

કથાવસ્તુ જોઈએ. કૌરવોની સાથે જૂગટું ખેલતાં પાંડવો હારી જાય છે અને શરત પ્રમાણે બાર વર્ષ વનવાસ સ્વીકારે છે. દ્રૌપદીની સાથે તેઓ દ્વૈતવનમાં રહે છે. વ્યાસની સલાહથી તેઓ કામ્યક વનમાં ચાલ્યા જાય છે. અને અર્જુન હિમાલયમાં તપશ્ચર્યા કરવા જાય છે. ત્યાં તેને કિરાતવેશે આવેલ શિવ સાથે યુદ્ધમાં

ઊતરવું પડે છે; પણ તેની વીરતાથી શંકર રાજી થઈ પાશુપતાસ્ત્ર આપે છે, તેમ જ ઇન્દ્ર વગેરે દેવોથી તેને વરદાન મળે છે.

આ મહાકાવ્યમાં અઢાર સર્ગ છે. શ્રી શબ્દથી શરૂઆત કરે છે અને દરેક સર્ગના છેલ્લા શ્લોકમાં 'લક્ષ્મી'પદ મૂકે છે. ઇન્દ્રકીલ પર્વત પર અર્જુન અને કિરાતવેશે આવેલ શંકરના યુદ્ધનું ચમત્કારપૂર વર્ણન છે; તે પરથી किरातार्जुनीय નામ પડ્યું છે. અહીં અર્જુન ધીરોદત્ત નાયક અને કિરાત — શંકર પ્રતિનાયક છે. કાવ્ય વીરરસ પ્રધાન છે. એક વનેચર યુધિષ્ઠિર પાસે આવે છે, ત્યાંથી શરૂઆત છે અને બીજા વનેચર — કિરાતથી અર્જુન વરદાન મેળવે, એમાં ભાવની એકતા છે. દિવ્યઅસ્ત્રની પ્રાપ્તિ એનું ફળ છે.

સર્ગે સર્ગે વર્ણનની ચમત્કૃતિ છે. તોપણ આ કાવ્યમાં જે પ્રકારની રાજનીતિમાં સામ, દામ, દંડ ભેદનાં વર્ણન છે, તે આજના રાજકારણીઓ માટે પણ બોધપાઠ જેવા છે. જોકે ભીમ અને દ્રૌપદી તરફથી શઠતા કે છલકપટની રાજનીતિનાં વર્ણન છે, પણ તેને કવિ યુધિષ્ઠિરના પ્રતિવાદથી નકારી કાઢે છે, એ રીતે શાંત ભાવનાં દર્શન થાય છે.

તેના પહેલા સર્ગમાં વંશસ્થ છંદ છે તેના કેટલાક નમૂના જોઈએ (અલબત્ત, સમશ્લોકી ગુજરાતીમાં):

શ્રી કૌરવો હાથ જતાંય સાચવી, પ્રજાજનોનાં મન જાણવા ખરે;
યુધિષ્ઠિરે જે જનને નિમેલ, આવ્યો ફરી દ્વૈતવને વનેચર. (૧)
પ્રણામ ધારી નૃપને નિવેદતો, શત્રુ જીત્યા રાજ્ય તણી પરિસ્થિતિ,
વ્યથા મને કે પ્રિયભાવ ના ધરે, ઇચ્છે ન મિથ્યા કથવા હિતસ્વી કો. (૨)
શત્રુતણા નાથની રીત ઇચ્છતા આજ્ઞા લઈ તે નૃપની રહસ્યમાં
ઉદારતા સૌષ્ઠવ સાથ શોભતી વાણી પ્રયોજે જહીં અર્થ નિશ્ચય. (૩)
જેણે પ્રયોજ્યો ચર કાર્ય સાધવા ન છેતરે તે નૃપચાર ચક્ષુને
ઘટે ક્ષમા સાધુ અસાધુ હોય કો, મીઠી હિતસ્વી જનવાણી દુર્લભ. (૪)
તે દુષ્ટ મિત્રે કથતો ન જે હિત સુણે ન કો જે હિત દુષ્ટ તે નૃપ,
પ્રધાનમંત્રી વળી રાજવી મધે સધાય જો રાગ વસે સુસંપદા. (૫)
નૃપાળનાં કો ચરિતો અજાણ ક્યાં, અજ્ઞાનઘેર્યા જનની ગતિ ક્યાં?
તુજ પ્રભાવે નૃપ જાણી લીધું મેં શત્રુ વિશે જે નયમાર્ગ ગૂઢ કો. (૬)
ચલાવતો રાજ્ય છતાંય શંકતો વને વસેલા તુજથી પરાભવ,
દ્યૂતે છલે રાજ્ય જીતેલ તે હવે ઇચ્છે નીતિથી જીતવા સુયોધન. (૭)
શઠે છતાં તે તુજ જીત ઇચ્છતો ગુણે વધારે યશ જે સુનિર્મળ
અનાર્ય સંગે સિધ ઇચ્છવા જતાં મહાત્મ સાથેય વિરોધ શ્રેષ્ઠ હો. (૮)
છ શત્રુ કામાદિ જીતી મનોબળે પ્રજાતણાં પાલવથી ચહે પદે,
પ્રમાદ છોડી ગતતો નિરંતર વિસ્તારતો તે નયથી જ પૌરુષ. (૯)
સખા ગણી સેવક સાથ વર્તતો સ્વબંધુ જાણી વરતે સખા સહ,
સ્વબંધુને તે અધિકાર અર્પતો સંમાન આપે નિજ ગર્વ છાંડતો. (૧૦)
સમાનભાવે સમપક્ષ ધારતાં ધર્માર્થ કામે નિજ સામ્ય દાખવી,
વિશેષ ના રાગ ન પક્ષ એકમાં નડે ન તેને ત્રિગણે પરસ્પર. (૧૧)
વિધાન સામે નહીં દાનવર્જિત સત્કાર છોડયાવિત દાન સ્વલ્પના
સત્કાર શોભે ગુણના વિવેકથી વિશેષતા એ રીતથી ક્રમે વધે. (૧૨)

ગણે ધનાદિ નહીં લોભ ક્રોધ કો સ્વધર્મ સેવે અવરું ન કારણ.
અંગમાં જે કાં સુતશત્રુ મધ્યમાં ગુરૂપદેશે નૃપ દુષ્ટનો દગે (૧૩)
બધિર રોકી નિજ અંગરક્ષકો વિશ્વાસુ મુદ્રા ધરતો જ શંકિત.
સત્કારતો સેવકને ક્રિયા પતે કૃતજ્ઞતા સંપત તે બતાવતી. (૧૪)

એ રીતે દુર્યોધન સુયોધન બનવા સારી નીતિના મિષે કુટિલ નીતિ આચરી રહ્યો છે. એની વિગતે ચર્ચા કરી રાજદૂત ઉપસંહાર કરે છે:

શઠે કરેલા તુજ રોધી ઉદ્યમો વિચારી સાધો કરવું ઘટે હવે,
પરે કહેલાં વચનો વિચારતાં ગિરા અમારી નિજવૃત્ત ભાખતી. (૨૦)

વનેચરે વૃત્તાંત કહી વિદાય લીધી, તે સાંભળી દ્રૌપદીના મનમાં ઉત્તેજના જાગી; ને તેણે તેર વર્ષ વનવાસની શરત છોડી, તત્કાળ યુદ્ધ કરવા માટેની સલાહ આપી, તેનું વર્ણન કવિ આગળ કરે છે:

વૃદ્ધિ થતી શત્રુજનોની સાંભળી સહી શકે ના અપકાર શત્રુના,
ભણે ગિરા દ્રૌપદી પ્રેરણાભરી ઉત્સાહ જેથી વધતો યુધિષ્ઠિરે. (૨૭)
પરાભવો પામત મૂઢ બુદ્ધિના જનો ન કાપટ્ય ધરે જ માયીથી
હણે પ્રવેશી શઠ અંતરેય તે ખુલા શરીરે જયમ બાણ પેસતાં (૩૦)
નૃદેવ જે સંકટમાં વસો તમે પરાક્રમી નિદત જોઈ તે દશા
જ્વલે શમીમાં જયમ અગ્નિ જ્યોતથી જળાવતો શું તમને ન ક્રોધ આ? (૩૩)
મનસ્વીનો કોપ વિપત્તિ ટાળતો સર્વેજનો વશ્ય થતા વિના કહે,
પ્રતાપહીણા નૃપ સાથ સૌજન ન સ્નેહભાવે નહીં દ્વેષથી ડરે (૩૩)
મતિ તમારી નહીં જાણતી હું એ વિચિત્રરૂપે જહીં ચિત્તવૃત્તિઓ,
દશા તમારી નિરખી મને ઉરે મનોવ્યથાઓ પીડતી બળે કરી. (૩૭)

એ રીતે યુધિષ્ઠિરે આદરેલી ક્ષમા-શાંતિ પર કટાક્ષ કરીને, યુદ્ધમાં ઊતરવા માટેની સલાહ આપતાં દ્રૌપદી જણાવે છે:

નૃપાળ શાંતિ ત્યજી તેજને ધરો પ્રસન્ન હો શત્રુવધાર્થ ઉદ્યત,
શમે જીતે નિ:સ્પૃહ વૈરિવર્ગને લહે મુનિ સિદ્ધિ ન રાજવી કદી. (૪૨)
યશોધના તેજ વિશેષ અગ્રણી પરાભવે હીણ દશાય ભોગવી
સંતોષ જો સેવત આપના સમા નિરાશ્રયે હા ગઈ તે મનસ્વિતા. (૩૨)
મળે ક્ષમાથી નહીં જો પરાક્રમે સુખેય શાંતિ કદી આપ માનતા,
ધનુષ્ય છોડી શુભ રાજ ચિહ્નને જટા ધરી અગ્નિ વને જ સેવો. (૪૪)

અંતમાં દ્રૌપદી તત્કાળ નિર્ણય લેવાની સલાહ આપે છે. કવિ અહીં પુષ્પિતાગ્રા છંદ પ્રયોજે છે.

હિતકર નહીં તેર વર્ષ શર્તે અપકૃતિ શત્રુ વિશેષ આચરે જ્યાં,
અરિજન વિજયે નૃપાલ સાચે પરખત સંધિ વિપેય દૂષણો કો. (૪૫)

બીજા સર્ગમાં દ્રૌપદીની ઉત્સાહજનક વાણીને વખાણી ભીમસેન ખેદ ધરી રાજાને સલાહ આપે છે ત્યાં કવિએ વિયોગિની કે વૈતાલીય છંદ પસંદ કર્યો છે.

મધુરી મહતી પ્રિયાતણી ધરતાં નિશ્ચય વાણીનાં પદ,
કથતા વચનો સુસંગતે નૃપને ભીમ ઉદાર અર્થથી. (૧)

અડવી નીતિએ પ્રવેશતો કૃતતીર્થે જલઘાટના જલે,
મળતા જન ત્યાં સુદુર્લભ રચતા જે પગથી ઉપાયના. (૩)
રુચજો તમને દ્રૌપદી-વચનો જે રુચિરાં ગુણી જનો,
ગણતા નહીં વક્તૃ-જાતિને ગુણ પેખે વચને વિચારક. (૫)

આ રીતે દ્રૌપદીની વાત સાથે સંમત થયા પછી યુધિષ્ઠિરે આદરેલી શાંતિનીતિને વગોવે છે અને વીરતાની નીતિ આદરવા સલાહ આપે છે:

શુભ માન ધરે મનસ્વી જે પદ ઊંચાં ચઢવાને તે ચહે,
પડતી અટકાવવા ગણું પદ આલંબન આત્મપૌરુષે. (૧૩)
ચઢતી પ્રતિપક્ષની થતી નિરખી ઉદ્યમ જે ન આચરે,
નહીં શોકથી સંપદા મળે વસતી સિદ્ધિ પરાક્રમો કરે. (૧૫)
ઢગ ભસ્મ તણો સુખે ટપે ચિનગારી થકી દૂર તે રહે,
ત્યજતા જન પ્રાણને સુખે અપમાને નહીં માનને ત્યજે. (૨૦)
નૃપ વિક્રમમાં ધરો મતિ હણી જે મોહ પ્રમાદથી થતો,
તુજ વૈરિ તણી વિપત્તિઓ તુજ ઉત્સાહ વિના જ ઓસરે. (૨૨)

દ્રૌપદીના મતને પોષતી એ ભીમસેનની નીતિ તત્કાળ અમલમાં મુકાય એમ નહોતી; તે તો એકલા ધીરવીર અજાતશત્રુ યુધિષ્ઠિર પારખી શકે અને પોતે આદરેલી શમતાની નીતિ સમયને ઉચિત છે, એ રહસ્ય પોતાના હિતચિંતક બંધુજનને સમજાવવું ઘટે, એ ભાવે યુધિષ્ઠિર અભિપ્રાય આપે છે:

નિરખી વચને વિકારને ઉરમાં ક્રોધ ભર્યો વિશેષ જે,
નૃપ સાંત્વન ભીમનું કરે જ્યમ હસ્તી મદમસ્ત જે મદે. (૨૫)
પદમાં સ્ફૂટ અર્થ ના ત્યજ્યા ન ત્યજ્યાં અર્થ વિશેષ ગૌરવ
વચને બહુ અર્થ આદર્યા નહીં સામર્થ્ય કહીંય છોડતા. (૨૭)
નહીં તૃપ્તિ થતી મને છતાં ઉર તો નિર્ણય કાજ દોડતું
નયનાં વિધિવાક્ય તો ઘણાં નહીં ત્યાં નિશ્ચય કો સુખે કરે. (૨૯)
સહસા કરવું ન કાર્ય કો અવિચારે બહુ આપદા વસી
વરતી ગુણલોભી સંપદા કરતો કાર્ય વિચારી જે જન. (૩૦)
તન શાસ્ત્ર ભણે સુશોભતું શમતા ભૂષણ શાસ્ત્રનું બને,
દિપતી શમતા પરાક્રમે વીરતા શોભત નીતિરીતિથી. (૩૨)
સ્પૃહણીય ગુણે મહાત્મના ચરિતે તું મન જોડ એ પથે,
વિણદોષ નસીબથી લખી પડતી ઉન્નતિ જેમ લાગતી (૩૪)
બલવાન છતાં ન રોકતો ઉરનો ક્રોધ કરે પરાભવ,
વદમાં જગ ચંદ્રની કલા હણતો તે રહુ શક્તિ સંપદા. (૩૫)
સમયે સમવૃત્તિ માર્દવે ધરતો ઉગ્ર સ્વભાવ કો સમે
જગમ સૂર્ય બને ધરાપતિ કરતો શાસન તે સ્વ ઓજથી. (૩૮)
ઉપકારક જે ભવિષ્યમાં પરિણામે શુભ કર્મનાં ફળ,
અવિનાશી હણેય શત્રુને ન તિતિક્ષા સમ અન્ય સાધન (૪૩)
મદમાન છકેલ રાજવી નિયમે તે જ ફસાય મોહમાં,
અતિમૂઢ તજાય નીતિથી તપહીણા નૃપને રહુ ત્યજે. (૪૯)

યુધિષ્ઠિરની આ વાણીમાં કેવળ સાંત્વન નથી, પરંતુ ઉત્તમ નીતિનાં લક્ષણો છે. દુર્યોધન ભલે નીતિ આદરે, પણ તે દેખાવની છે, તે ખુલ્લી પડતાં વાર નહીં લાગે, પરંતુ ત્યાં સુધી આપણે રાહ જોવાની. રાજકુલનો એ સંવાદ ચાલતો હતો, ત્યાં પાંડવોના હિતકારી વેદવ્યાસ એ દ્વૈતવનમાં આવી પહોંચ્યા, તેમને વધાવી લેતાં કવિજન વર્ણવે છે:

અતિવ્યાકુળ શત્રુવૃદ્ધિથી ભીમને જ્યાં સમજાવતા નૃપ,
તહીં વ્યાસ સ્વયં પધારતા જાણે ચિંત્યો ફળતો મનોરથ. (૫૪)

ભારવિ કવિની વાણીકુશળતા અને અર્થગૌરવ સર્ગે સર્ગે જોવા મળે છે, તેમાંનો આ એક પ્રસંગ આસ્વાદની વાનગી સમો છે.

## કવિ માઘરચિત શિશુપાલવધ મહાકાવ્ય

આ કાવ્યના અંતે કવિ પોતાના જીવનનો ઉલ્લેખ કરે છે. એ પ્રમાણે તેના પિતાનું નામ દત્તક અને દાદાનું નામ સુપ્રભદેવ છે. તેઓ શ્રીવર્મલ રાજાના મંત્રી હતા, જેનું બીજું નામ વર્મલાત છે. ગુજરાત રાજ્યનું શ્રીમાલ કે ભિન્નમાલ તેનું ગામ છે. સાતમી શતાબ્દીના ઉત્તરાર્ધમાં હોવાનો પુરાવો મળે છે.

ભારવિએ જે શૈલીની શરૂઆત કરી છે, તેનો જ વિસ્તાર માઘે કર્યો છે, એમ કહી શકાય. શ્લેષ-પૂરકતા, વ્યાકરણપ્રાચુર્ય, છંદોવૈવિધ્ય વગેરેમાં માઘ આગળ વધી જાય છે. नवसर्गगते माघे नव शब्दो न विद्यते ઉક્તિ સાચી ઠરે છે.

ભારવિની જેમ જ માઘ કથાને મહાભારતમાંથી લે છે, તોપણ લોકજીભે રમી રહેલી દંતકથાઓનો પણ તે છૂટથી ઉપયોગ કરે છે. નારદ શ્રીકૃષ્ણને દ્વારિકામાં મળવા આવે છે. ચેદિના રાજા શિશુપાલ અને મગધના જરાસંધથી પીડાયેલ રાજાઓ તરફથી રાજદૂત સંદેશ લાવે છે, તે સાથે હસ્તિનાપુર–ઇન્દ્રપ્રસ્થમાં યુધિષ્ઠિર રાજસૂય યજ્ઞ કરવા ચાહે છે અને તેમાં આવવા આમંત્રણ પાઠવે છે. બલરામ અને ઉદ્ધવ સાથે વિચારણા કરી, કૃષ્ણ ઇન્દ્રપ્રસ્થ માટે પ્રયાણ કરે છે. પહેલા ત્રણ સર્ગમાં આ વિગત રજૂ થાય છે. ચોથાથી બારમા સર્ગ સુધી વિવિધ વર્ણનો જોવા મળે છે. ચૌદમામાં રાજસૂય શરૂ થાય છે. પંદરમામાં શ્રીકૃષ્ણની પૂજા કરતાં શિશુપાલ વિરોધ કરે છે; સોળમામાં તેની સાથે પાંડવો મંત્રણા કરે છે. સત્તરમામાં તેની સામે કૃષ્ણ યુદ્ધે ચડે છે, અઢારમામાં યુદ્ધનું વર્ણન છે, ઓગણીસમામાં શિશુપાલના સૈન્યનો નાશ થાય છે અને છેલ્લા વીસમા સર્ગમાં કૃષ્ણ-શિશુપાલનું દ્વંદ્વયુદ્ધ વિવિધ રંગે ખેલાય છે, છેવટે સુદર્શન ચક્રથી તેનું માથું છેદાય છે. તેના શરીરનું તેજ શ્રીકૃષ્ણમાં પ્રવેશ કરે છે. ભારવિની જેમ માઘ શ્રીથી શરૂઆત અને લક્ષ્મીને બદલે 'શ્રી' ભણી દરેક સર્ગની સમાપ્તિ કરે છે. તે જ રીતે રાજનીતિ, ઋતુ—પર્વત વગેરેનાં વર્ણન, વાદસંવાદ ને વિવાદમાં માઘ આગળ વધી જાય છે. પદશય્યા—શબ્દરચના માઘની આગવી કિલષ્ટ શૈલી છે, જેમાં એક પણ શબ્દ આગળપાછળ થાય નહીં. માઘ મહાવૈયાકરણી હોવાનો તે પુરાવો છે.

પહેલા સર્ગમાં વંશસ્થ છંદ છે, તેની શરૂઆતના શ્લોકો જોઈએ:

શ્રીનાપતિ શ્રીવસુદેવ ઘેર જે જગન્નિવાસેય વસ્યા સુશાસને,
નભેથી જ્યાં નારદ ઊતરે ખરે હરિ નિહાળે મુનિને કુતૂહલે. (૧)
જતાં રવિનાં કિરણોય તીરછાં ઊંચે વધે અગ્નિશિખા પ્રસિદ્ધ તે,
પડે નીચે ને પથરાય ચોદિશે હશે શું લોકો નીરખે સુતર્કથી. (૨)

રાજસભામાં બેઠેલા સભાજનો આકાશ તરફ મીટ માંડી જોઈ રહ્યા છે ને નારદ ધીરી ગતિએ આકાશ-માંથી ઊતરી રહ્યા છે. પૃથ્વી પર ઊતરતાં જ કૃષ્ણ તેમને આવકારે છે:

રવિ સમા જ્યાં ઊતરે તપોનિધિ પૃથ્વીપટે તે પગલાં ધરે ત્યાં,
ઊભા થતા તે પ્રભુ ઉચ્ચપીઠથી ગિરિથકી શું ધનરાજ ઊતરે. (૧૨)

નારદના આગમનનું પ્રયોજન પૂછતાં, તે શ્રીકૃષ્ણના વરાહ, નૃસિંહ, રામ વગેરે અવતારોની સાથે હિરણ્યકશિપુ અને રાવણ પછી શિશુપાલના અવતારની યાદ કરાવી, દુષ્ટદમન કરવાના અવતારના પ્રયોજનને યાદ કરાવી વિદાય લે છે, ત્યાં પહેલો સર્ગ પૂરો થાય છે. બીજા સર્ગનો છંદ અનુષ્ટુપ સરળ હોવા છતાં આગવી ભાત પાડે છે. શરૂઆતમાં શ્રીકૃષ્ણ પોતાનો અભિપ્રાય રજૂ કરે છે, તે પછી બળરામ મત આપે છે. ઉદ્ધવનો અભિપ્રાય છેવટનો બને છે. આ બીજા સર્ગના કેટલાક શ્લોક આસ્વાદીએ:

બોલાવે હરિને પાર્થ રાજસૂય મહોત્સવે.
ચઢાઈ ચૈદ્યની સામે ચિંતા બે કાર્યમાં ધરે. (૧)
રામ ઉદ્ધવની સાથે હરિ બેઠક ગોઠવે,
ગુરુ શુક મધ્યે જાણે ધારતા ચંદ્રની કલા. (૨)
બંનેઓ વડીલો સાથે ભારે બે કાર્યને વિશે,
વિચક્ષણ હરિ પોતે કથે વિપ્રતિષેધને. (૩)
આપની વાણીને આપે પ્રસંગ મુજ વાણી તો,
પૂર્વરંગ પ્રસંગે હો જે વસ્તુ નાટ્યમાં વસી. (૮)
શિશુપાલ કરે મારો અપરાધ ન ચિંતવું,
પીડતો લોકને તે તો તેથી દુઃખ મને થતું. (૧૧)
તે વિશે મત આ મારો સાંભળો પ્રેમથી તમો,
તત્ત્વ જાણ્યા છતાં એક સંદેહે કાર્ય સાધવા. (૧૨)
વાસુદેવે કથ્યું તે તો અદીન વળી નિર્મળ,
આદરો કાર્ય તત્કાળ તેનો એ એક ઉત્તર. (૨૨)
જોકે સંક્ષેપ વાણીમાં અર્થે ગૌરવ સાધતાં,
વિસ્તાર વાણીનો મારો ભાષ્યરૂપ બની રહો. (૨૪)
આત્મોદય શત્રુહાનિ બે વિશે નીતિ આટલી,
સ્વીકારીને નીતિમાનો, વાણી-વિસ્તાર આદરે. (૩૦)
પ્રતિપક્ષ નિવારો ના પ્રતિષ્ઠા વળી દુર્લભ
કાદવે ધૂળ ના બેસે ત્યાં સુધી જલ ના ઠરે. (૩૪)
જીવે ના જે તિરસ્કારે દુઃખદગ્ધ જીવી રહે,
જન્મ ના હોય તેવાનો જનની કલેશકારી જે. (૪૧)

તેજસ્વી તેજસ્વીઓમાં ગણાયે દૂર હો છતાં,
પંચાગ્નિમધ્યે પાંચમો તે સૂર્ય અગ્નિ ગણાય છે. (૫૧)
સ્વર્ગ કાજે યજ્ઞે પાર્થ રક્ષે ઇન્દ્ર તણો રવિ
આપણે હણીએ વૈરી બન્યાએ સ્વાર્થ સાધતા. (૬૧)
બલભદ્રે કહ્યું ત્યારે પ્રસંગ વાણીનો નથી.
લેખથી અર્થ નિર્ધાર વાણીનો વ્યવહાર ક્યાં? (૭૦)
થોડા વર્ણો અને થોડા સ્વરોથી ગ્રંથ તો ઘડ્યા,
છતાંયે ગીતની જેમ અનંત ચિત્ર વાઙ્મય (૭૨)
મંત્ર ઉત્સાહશક્તિને ધારે આત્મવિષે પ્રભુ,
પ્રભુશક્તિતણાં મૂળ તે બંને વિજયેચ્છુને. (૭૬)
કરે થોડું છતાં વ્યગ્ર પાર પામે ન પામર,
નિશ્ચયે બહુ આરંભે પાર પામે નિરાકુલ. (૭૯)
ઉપાયે આદરો તોયે પ્રમાદે અર્થ ઓસરે,
પારધી મૃગના માર્ગે સૂતેલો ન હણે મૃગ. (૮૦)
તેજ ક્યાંક ક્ષમા ક્યાંક કાલજ્ઞ નૃપ આદરે,
ઓજ પ્રસાદને સેવે રસભાવે કવિજન (૮૩)
જાણો ના એકલા તેને જીતવો શિશુપાલને,
રાજયક્ષ્મા બધા રોગે રાજવીનો સમૂહ તે. (૯૬)
બુદ્ધિ તીક્ષ્ણ ન મર્યાદની પ્રતાપી કર્મ શાંત તે
મન ઉષ્મા ન સંતાપે વાણી વાગ્મીની એક હો. (૧૦૯)
સરળ વિશદ અર્થે ઓજવી વાણી એ નો
અનુગત નય માર્ગે શૃંખલા દુર્જનોની,
હૃદય મુદ ભરંતી શ્રીધરી છાતીઓ જે (૧૧૮)
સુનત વચનભાવે ઊઠતા કૃષ્ણ પોતે.

આ રીતે કવિજન શ્રીકૃષ્ણ, બલરામ અને ઉદ્ધવની વાણીનો ત્રિકોણ સાધી પોતાની ધારણા પ્રમાણે પાંડવોના રાજસૂયમાં જાય છે; એક પંથ દો કાજની જેમ શિશુપાલના વધની યોજના પણ રચાય છે.

## શ્રીહર્ષ અને નૈષધીયચરિત

આ મહાકાવ્યના દરેક સર્ગની પુષ્પિકામાં કવિ પોતાનો પરિચય આપે છે.

તે પ્રમાણે 'શ્રીહર્ષના પિતા શ્રીહીર અને માતા મામલ્લદેવી છે.' કાન્યકુબ્જ — કનોજના રાજા જય-ચંદ્રની સભાના આ કવિ રત્ન ગણાતા હતા જેનો સમય બારમી સદીનો ઉત્તરાર્ધ ગણાય છે. તેમણે ચિંતા-

મણિ મંત્રનો જપ કરી ત્રિપુરાદેવી પાસેથી મહાપંડિત બનવાનું વરદાન મેળવ્યું હતું; તેનો નિર્દેશ ચૌદમા સર્ગના ૮૮, ૮૯ અને ૯૦મા શ્લોકોમાં સરસ્વતીના મુખે મંત્રનો મહિમા બતાવે છે. તેની કૃતિઓ સમજવી ઘણી અઘરી ગણાય છે. 'ખંડનખંડખાદ્ય' વેદાંતનો અત્યંત અઘરો અને તર્કશાસ્ત્રની શૈલીમાં રજૂ થયેલ ગ્રંથ શ્રીહર્ષની કૃતિ ગણાય છે અને તે પરથી જ તેની પંડિતાઈને ચાર ચાંદ લાગે છે.

ભારવિએ જે અભિનવ ક્લિષ્ટ શૈલી રજૂ કરી; તેનું અનુકરણ માઘે કર્યું છે, તેને જ શિખર પર બેસાડનાર કવિ શ્રીહર્ષ છે. ભારવિ અને માઘની બધી જ વિશેષતાઓને ચાતુર્યપૂર્વક રજૂ કરવામાં શ્રીહર્ષ બંનેથી આગળ વધી જાય છે. તેથી કેટલાક વિવેચકો જણાવે છે: 'ઉદિતે નૈષધે કાવ્યે માઘ ક્યાં ભારવિઃ ક્યાં?'

કિરાતાર્જુનીયના સર્ગ અઢાર છે, શિશુપાલવધમાં વીસ છે, તો નૈષધીયચરિતમાં બાવીસ છે, તે પણ તેની વિશેષતા બનાવવામાં મોખરે રહે છે.

કથાવસ્તુ : બાવીસ સર્ગના ૧૮૩૦ શ્લોકોમાં નૈષધરાજ નળનું ચરિત અને વિદર્ભ દેશના ભીમરાજની કન્યા દમયંતી સ્વયંવરમાં નળને વરે છે, તે સ્વયંવરનું વર્ણન મધ્યમણિ જેવું છે. પહેલા બે સર્ગોમાં નળ-હંસનાં મિલન, ત્રીજા ચોથામાં હંસ-દમયંતી સંવાદ અને દમયંતીના વિરહનું વર્ણન, પાંચમામાં સ્વયંવરની વાત સાંભળી દેવોની ઉત્સુકતા, છઠ્ઠામાં દેવોના દૂત તરીકે નળનું કુંડિનપુરમાં આગમન, સાતમામાં દમયંતીના સૌંદર્યનું વર્ણન, આઠમામાં દેવસંદેશ, નવમામાં દૂત તરીકેની નિષ્ફળતા, દશમામાં સ્વયંવર સમારંભ, અગિયારમા અને બારમામાં રાજાઓનો પરિચય, તેરમામાં દેવોએ લીધેલાં નળરૂપ સાથે પાંચ નળોનું વર્ણન, ચૌદમામાં નળને સ્વયંવરમાળાર્પણ, પંદરમામાં વરયાત્રા, સોળમામાં વિવાહમહોત્સવ, સત્તરમામાં કળિપ્રસંગ, અઢારમામાં મિલન, ઓગણીસમામાં મધુર પ્રભાત, વીસમામાં સખીવિનોદ, એકવીસમામાં દેવપૂજા અને બાવીસમામાં નિશાગમન.

કવિ ફક્ત ઓગણીસ છંદોનો પ્રયોગ કરે છે. સાત સર્ગોમાં ઇન્દ્રવજ્રા સાથેનો ઉપજાતિ, ચાર સર્ગોમાં વંશસ્થ, અનુષ્ટુપ, વસંતતિલકા અને સ્વાગતા ક્રમસર બે બે સર્ગોમાં તેમ જ દ્રુતવિલંબિત, રથોદ્ધતા, વૈતાલીય અને હરિણી એક એક સર્ગમાં, અચલધૃતિ, તોટક, દોધક અને પૃથ્વીમાં એક એક પદ્ય, મંદાક્રાન્તામાં પાંચ અને પુષ્પિતાગ્રા, માલિની, શિખરિણી અને સ્રગ્ધરામાં થોડાં વધારે પદ્ય જોવાનાં મળે છે. બારમા સર્ગનો મુખ્ય છંદ વંશસ્થ છે.

દરેક સર્ગના અંતિમ શ્લોકમાં કવિએ નિજચરિત વર્ણવ્યું છે, તે સમશ્લોકીમાં –

શ્રીહર્ષે કવિરાજના ગણવિશે હીરા સમી કાન્તિ છે
શ્રીહીરે જનમે જિતેન્દ્રિય વળી મામલ્લદેવીસુત
તે ચિંતામણિ મંત્ર ચિંતન ફળે શૃંગારભાવે મહા-
કાવ્યે કોમલ નૈષધીયચરિતે આ સર્ગ પહેલો પૂરો.

માઘ અને ભારવિની જેમ શ્રીહર્ષ પણ સર્ગે સર્ગે પ્રસંગને ઉચિત રીતે સંવાદો રજૂ કરે છે, ને સાથે વર્ણન વિશે વિવિધતા બતાવે છે. આવા અનેક પ્રસંગોમાંથી અહીં એક જ પ્રસંગમાં કવિની વિશેષ ચાતુરી જોઈ લઈએ.

## સરસ્વતી દ્વારા રાજવર્ણન

કુંડિનપુરમાં રાજા ભીમે દમયંતી માટે સ્વયંવરની રચના કરી છે, તે પ્રસંગને યોગ્ય વર્ણન કરવા માટે વાણીની દેવી સરસ્વતી પોતે રાજા પાસે આવી પહોંચે છે. શ્રીહર્ષે આ દિવ્ય પાત્રની રચના કરી સાહિત્યમાં એક સફળ કળાનું સર્જન કર્યું છે. દેશવિદેશથી આવેલા રાજાઓ, રાજકુમારો અને દિવ્ય પાત્રોનાં વર્ણન બીજી કોઈ સુનંદા સખી કે રાજકુમારી કરી શકે નહીં; એ માટે તો કવિને સરસ્વતીનો જ આશ્રય લેવો પડે. તે સરસ્વતી રાજા ભીમને જણાવે છે:

તેણે કહ્યું ભીમ ન શોક ધારો વેલા તમારી સુખની ગણાય,
કહેવાં જ મારે સહુ રાજવીનાં ગોત્રે ચરિત્રે સકળા વિચિત્ર. (૧૦, ૮૯)

સરસ્વતીના ઉદ્‌ગાર દ્વારા કવિનો આદરભાવ પણ જણાઈ આવે છે. દેવી શક્તિ માટે તેને અનેરી શ્રદ્ધા છે, તેના જ મુખે ઉત્તમ પ્રકારની શ્લેષ-રચના વર્ણવીને શ્રીહર્ષે કૃતિની ઉત્તમતા સિદ્ધ કરી આપી છે. રાજાઓ-નો પરિચય કરાવતાં સરસ્વતીની પ્રગલ્ભ વાણી જોવા મળે છે. સાથે સાથે હાસ્યરસની ઝાંખી પણ તે કરાવી લે છે. દમયંતી સરસ્વતીને નળ પાસે જવાનું કહે છે, ત્યારે તે હસીને જણાવે છે: સુંદરી, તેં નલ વિશે તો 'ના' કહી દીધું. એટલે હવે બીજું નામ કહે, અથવા નલનો 'ન' કહ્યો, તો આગળનો 'લ' પણ કહી દે. સરસ્વતીએ એ પ્રકારે જ્યારે કહ્યું ત્યારે લજ્જા અને રાગની દ્વંદ્વભૂમિ બનેલાં દમયંતીએ આંખના સંકેતથી નલ તરફ જવા કહ્યું.

त्वत्तः श्रुतं नेति नले मयातः परं वदस्वेत्युदिताय देव्या ।
ह्रीमन्मथद् वैरथ रंगभूमी भैमोदशा भापित नैपधीभूत् ॥ (૧૪–૩૯)

દમયંતીનો હાથ પકડી સરસ્વતી ચાર દેવો (ઇન્દ્ર, અગ્નિ, યમ અને વરુણ) નળના રૂપે પાંચમા નળની પાસે આવીને જે વર્ણન કરે છે, તે પંચનલી વર્ણનમાં કવિએ પોતાની સઘળી ચાતુરીનાં દર્શન કરાવ્યાં છે; તે પ્રસંગ તેરમા સર્ગમાં વર્ણવ્યો છે. જે એક જ શ્લોકમાં ઇન્દ્રનું વર્ણન હોય, તે જ બીજા શ્લેષમાં નળને બતાવે; તે જ રીતે અગ્નિ, યમ અને વરુણના પક્ષે રજૂ થતા શ્લોકોમાં સાથે શ્લેષમાં નળનાં વર્ણન જોવાને મળે છે. પ્રસંગ પૂરતા થોડા શ્લોકોનો સમશ્લોકી (વસંતતિલકા છંદમાં) અનુવાદમાં કવિરચનાની ઝાંખી કરીએ:

દમયંતીની જમણી બાજુએ ઊભેલી સરસ્વતી શુભાશિષ આપી વર્ણન કરે છે:

જેને ચતુર્દશ જગત જનતા નમે છે,
જે મંડપે જમણી પાંખ ઊભી રહી છે,
નીચી વળી નમંત જ્યાં દમયંતી તેને,
તે શારદા ભણી શુભાશિષ વાણી બોલે. (૧૧–૭)
ઇન્દ્રે નલે વચન તે સરખાં સુણીને,
ને રૂપ બેઉ સરખાં નયને નિહાળી,
ભૈમી ન નિર્ણય કરી શકતી સભામાં,
સાચે ન તે શ્રવણથી નહીં નેત્રથીયે. (૧૩–૮)
શું ઇન્દ્ર આ નિષધરાજ કદાચ હોય,
દોલાયમાન મનની દમયંતી પેખી,
ત્યાં અગ્નિની નિરખી મંડપમાં બિરાજ્યા,
તે શારદા રચત વાણીથી વર્ણમાલ. (૧૩–૯)
તેને વિષેય બહુ સંશય ધારતી જે,
ના કો નિષેધ વિધિ કે યમકાજ થાય,
તે શારદા વરુણને નિરખી સભામાં,
દોરી કરે કરથી તે વદતી વિવેકે. (૧૩–૨૧)

શંકાલતા નલ અનેક વિશે વીંટાઈ,
વાણી અભેદ વિષયે ન વધે વિશેષ,
ભૈમી વિશે વરુણ કે નલના મને તો,
શંકા અનેક વધતી વળી વિસ્મયે કો. (૧૩–૨૬)
તે ઇન્દ્રને પ્રથમ શ્લોકથી વર્ણવીને,
અગ્નિ બીજે યમ ત્રીજે સમ અર્થ સાથે,
ચોથે ધરી વરુણને સમભાવ સાથી,
તે જાણતી વળી વદે કરીને વિમુગ્ધ. (૧૩–૩૨)
તું ચાહતી નલ વિશે ચિત્ત શું સધાય,
જ્યાં ચાર છે નલ સમર્પણ કેમ થાય?
આ ઇન્દ્ર, અગ્નિ, યમ ને વરુણેય દેવો,
આવ્યા અહીં રૂપ ધરી સરખા દીસે તે. (૧૩–૩૩)
તે ચાર પક્ષ વિષયે મન આપતી ના,
ને લાભ પેખી રહી પંચમકોટિમાત્રે,
શ્રદ્ધા ધરે નિષધરાજ વિશે વિશુદ્ધ,
અદ્વૈત તત્ત્વ વિષયે જન અન્ય સત્યે. (૧૩–૩૬)

છેલ્લો શ્લોક ખુલાસો માગી લે છે. દર્શનોમાં સત્, અસત્, સદસત્ અને સદસદ્‌વિલક્ષણ એ ચતુષ્કોટિ પ્રવિષ્ટ પક્ષ છે. તેમાં સાંખ્યવાદી જગતને સત્—સાચું ગણે છે, બૌદ્ધો અસત્—શૂન્ય, નૈયાયિકો કારણે સત્ અને કાર્ય અસત્, તેમ જ જગતને પરિણામી ગણનાર વેદાંતીઓ જગતને સદસદ્‌વિલક્ષણ ગણે

છે. અદ્વૈત વેદાંતના મતે એ ચારેય પક્ષ ઇષ્ટ નથી, તે તો એક અદ્વિતીય બ્રહ્મતત્ત્વનો જ સ્વીકાર કરે છે. જે પાંચમો પક્ષ વિલક્ષણ છે. તે રીતે અહીં ચાર નલ દેખાય છે, પાંચમો નલ દમયંતીને ઇષ્ટ છે, અને તેમાં તેની શ્રદ્ધા છે, તેનું લાક્ષણિક વર્ણન છે.

## સૂક્ત, સુભાષિત-શતક, સ્તોત્ર-લહરી ને ગીતિકાવ્યો

વેદનાં સૂક્ત-સ્તોત્રથી શરૂ કરી, મધ્યયુગનાં કાવ્ય, સુભાષિત કે ગીતોને જોડી, આજ સુધી રચાયેલી અને રચાતી સંસ્કૃત કાવ્યકૃતિઓ કવિમાનસને કારણે ભલે વૈવિધ્ય ધરાવે; પરંતુ સંસ્કૃત ભાષાનું બંધારણ એક-સરખું વ્યવસ્થિત અને સુબદ્ધ જોવા મળે છે. આ પ્રકારની એકવાકયતા બીજે જોવાની ન મળે તે ભાષાના સુબદ્ધ બંધારણને આભારી છે.

सरसं वाक्यं काव्यम् એકાદ રસભર, રોચક, ચમત્કાર સર્જનારી કવિતાની કડીથી કવિ બનવાની યોગ્યતા આવી જાય છે; તેને માટે છંદોબદ્ધતા કે ગેયતા આવશ્યક નથી. હા, તે કૃતિ સાહિત્ય — હિત-સાધનારી સુહિત કે સંહિત — રસબદ્ધ હોય તેમ જ લોકલાગણીને ઉચ્ચ ધ્યેય તરફ દોરનારી હોય. નર્યા લાગણીવેડાને પંપાળે કે પાપ તરફ પ્રેરે એવી કૃતિને વાગ્વિસર્ગ — સાહિત્યનું પદ ન મળે; તેવી કૃતિઓને કાગડાનાં તીર્થ અને નિર્મળ નિર્દોષ કૃતિઓને હંસતીર્થ કહેવાનું ભાગવતકારે ઉચિત ગણ્યું છે. વાણીના અંદરના હાર્દને તો સુજ્ઞ સહૃદય પિછાણી શકે, બાકીના તો બહારના દેખાવો જુએ, એવું વેદના ઋષિ જણાવે છે:

જુએ છતાં જોઈ શકે ન વાણીને, સુણે છતાં તે સુણતો ન વાસ્તવે,
સ્વામી સમક્ષ જયમ કામિની ઊભી વાણી સ્વયં ત્યાં નિજ હાર્દ ખોલતી.

ઋગ્વેદ ૧૦, ૭૧, ૪

જોકે સંસ્કૃત વાઙ્મયની આ કવિકૃતિઓએ યુગે યુગે અવનવાં આકર્ષણો જગાડયાં છે અને તે તે યુગનાં સહૃદય રસિકજનોને આનંદવિભોર બનાવ્યાં છે, તોપણ યુગપ્રભાવ જેને નડયો નથી; એવી અમર કવિરચનાઓ આજ સુધી સુભાષિત રત્નભંડારોમાં સંગ્રહાયેલી પડી છે; તેમાંથી બે-ચાર કૃતિઓનો રસાસ્વાદ નિર્મળીની જેમ હિતકારી બની રહે એવી ભાવના છે.

મધ્યયુગના અનેક જ્ઞાત-અજ્ઞાત કવિઓમાં રાજા ભર્તૃહરિ અને અમરુ, તેમ જ રાજકવિ જગન્નાથ અને રસિક કવિ જયદેવની કૃતિઓની કેટલીક વાનગીઓ અહીં પીરસી છે.

### રાજા ભર્તૃહરિનાં નીતિ, શૃંગાર અને વૈરાગ્યશતક

આરંભે ભોગી, પછી રોગી નહીં પરંતુ વૈરાગી યોગી રાજા ભરથરી તો લોકજીભે ચડેલો સદા જીવતો-જાગતો જોવાને મળે છે, પણ તેનો જન્મકાળ અને જીવનઘટના નિશ્ચિત થઈ શકતી નથી, એ ઇતિહાસની નજરે ખામી ગણાય, પણ કવિકૃતિનું સૌભાગ્ય ગણાય:

સુકૃતિ વિજય પામે રસસિદ્ધ કવીશ્વરો
જેનાં કીર્તિશરીરે ના જરામરણનો ભય. (નીતિશતક, ૨૦)

સો — શતક કે તેથી વધારે વિવિધ છંદોમાં બંધાયેલાં આ સુભાષિતો — શ્લોકો ખાણોમાં ચમકતાં હીરા, મોતી કે મણિ જેવાં સ્વતંત્ર છે, છતાં હારમાં પરોવવાનું મન થાય એમ વિષયને લક્ષ્યમાં લઈ, નીતિશતકની ગૂંથણી પહેલી જોવાને મળે છે. લોકવ્યવહારની આવડત કે કોઠાસૂઝ ઉકેલવામાં આ શ્લોકો ઉપયોગી નીવડી શકે તેમ છે. જોકે, આ જ કૃતિઓ બીજા અજ્ઞાત કવિઓની હોવાની છાપ પણ ઊભી થાય છે.

આ કવિને સુભાષિત ગાવું છે, પણ કોને સંભળાવવું, તેની મૂંઝવણ અનુભવે છે.

જ્ઞાતાઓ મત્સરગ્રસ્ત, સત્તાધીશ મદેભર્યા,
અજ્ઞાને ડૂબતા અન્ય, અંગે જીર્ણ સુભાષિત. (નીતિ. ૧)

જેણે સાહિત્યસંગીતકલાનો રસાસ્વાદ લીધો નથી; તેની ગણના કરતો આ શ્લોક પ્રસિદ્ધ છે:

સાહિત્ય સંગીતકલા વિહીન, સાક્ષાત્ પશુ પુચ્છવિષાણહીન,
ન ખાય તે ઘાસ છતાંય જીવે તે ભાગ્ય મોટું પશુ જાતિ કાજ. (નીતિ., ૧૧)

નીતિ અને લોકવ્યવહારની કુશળતા સહજભાવે જેને મળી છે, તે નરરત્નોના આ ગુણો જોઈ લો:

દાક્ષિણ્ય સ્વજને દયા પરજને ને શાઠ્ય તો દુર્જને
પ્રીતિ સાધુજને નીતિ નૃપજને સારલ્ય વિદ્વદ્જને
શૌર્ય શત્રુજને ક્ષમા ગુરુજને નારીજને ધૃષ્ટતા
આવી કૈંક કલા વિશે કુશળ જે તે લોકમાં સુસ્થિર. (નીતિ., ૧૯)

અલ્પજ્ઞાની અને અનુભવી જ્ઞાની પોતાની જાતને કેવી ગણે છે, તેનો અહીં તાત્ત્વિક આલેખ છે:

જરા જાણ્યું જ્યારે ગજસમ મદે હું છલકતો,
બધું જાણું હું તો મુજમન વિશે ગર્વ ભરતો.
પરંતુ જ્યારે કો અનુભવ મળ્યો બુદ્ધ જ નથી
ખરે હું છું મૂર્ખ જ્વર સમ મદે ઓસરી ગયો. (નીતિ., ૭)

સદ્ગુણ અને ગુણીજન પર વારી જનાર આ કવિ કટાક્ષથી લોકમાન્યતાએ સ્વીકારેલ ધનપ્રશંસા કરી રહ્યો છે, છતાં તેનો હૃદયથી સ્વીકાર કરતો નથી:

જાતિ જાય રસાતલે ગુણગણો તેથીય નીચે જજો,
શીલે શૈલથી છો પડે કુલીનતા અગ્નિ વિશે ભસ્મ હો;
શૌર્યે વજ્ર પડો બધું જતું રહો; હો અર્થ તો કેવળ
તે ના હોય પછી બને તૃણસમા તેવા ગુણો સાથમાં. (નીતિ., ૩૧)

અને એટલા માટે તો લોકો ધનને માને છે, કારણ કે ધનને કારણે બધા ગુણો આવે છે:

જેની કને હોય ધન, તે કુલીન, યશસ્વી તે પંડિત તે ગુણીજન,
તે એક વક્તા વળી દર્શનીય બધા ગુણો રહે ધનના જ આશ્રયે. (નીતિ., ૩૨)

કેટલાક સરળ હૃદયના માનવીઓ માને છે કે, અમારે કોઈની સાથે વેર નથી; પરંતુ જે સજ્જન અને પરોપકારી છે, તેની તરફ કપટીકુટિલને વિનાકારણ વેર હોય, તે દાખલા સાથે બતાવે છે:

મૃગ મીન સજ્જનો જે તૃણ જલ સંતોષ વૃત્તિને ધારે;
પારધી ઢીમર કપટી કારણવિણ વેરવૃત્તિને સેવે. (નીતિ., ૫૦)

સંત સાધુજન બનવા દુષ્કર તપ, મોટાં પદ કે વિદ્વત્તા મહત્ત્વનાં નથી, ગુણો હોવા જોઈએ:

તૃષ્ણા છેદી, ભજો ક્ષમા, ત્યજ મદે પાપે રતિ ના કદી,
બોલો સત્ય પળો જ સાધુ પગલે સેવોય વિદ્વદ્જન,
માનો માન્ય મનાવ વૈરિજનને ઢાંકો ગુણો આત્મના
રક્ષોને યશ દુઃખીપે કર દયા; આ સંતનાં ચેષ્ટિત. (નીતિ., ૬૯)

નીતિશતકની આ ઉપદેશવાણી વ્યવહારુ જન માટે કામની છે, તેની સાથે શૃંગારશતકની વાણી પણ માધુર્યગુણે અંકાઈ છે, તેમાં ક્યાંક કટાક્ષ કે વક્રોક્તિ પણ જોવાની મળે. આ કવિ 'અબલા' શબ્દ પર એક કટાક્ષ ફેંકી રહ્યો છે:

સાચે જ તે કવિજનો વિપરીત ભાખે, કહેતા ખરે જ અબલાજન કામિનીને
જેણે વિલોલતર તારક દૃષ્ટિપાતે ઈન્દ્રાદિ દેવ જીતિયા અબલા હશે તે? (શૃંગાર., ૧૦)

આ રામા નારીને વશ સઘળું જગત છે તે અહીં કવિજન વર્ણવે છે:

કુંકુમ કેસર દેહે લેપ્યાં ગૌર સ્તને વળી ડોલે હારો,
નૂપુર હંસ ચરણમાં રણકે વશ કોને નવ કરતી રામા. (શૃંગાર., ૯)

વ્યવહારનાં પરાક્રમ કરનાર શૂરવીર હોય, પરંતુ કામત્વના ગર્વ હરનારા કોક હોય, તે જણાવે છે:

મસ્તાન હાથી હણવા શુરવીર હોયે, ને સિહનેય હણવા કુશળી બને કો,
તે સર્વ વીરજનને કહું એક વાત કંદર્પ દર્પ હણવા વિરલા મનુષ્ય. (શૃંગાર., ૭૩)

ઈન્દ્રિય પર વિજય મેળવવો દોહ્યલો છે, એ વિશે કવિ દાખલા આપે છે:

વિશ્વામિત્ર મુનિ પરાશર બધા વાતાંબુપર્ણાશન
તેયે સ્ત્રીમુખ જોઈને સુલલિતે આવી પડ્યા મોહમાં.
મીઠાં ભાતભર્યા ઘીથી દહીં મળ્યાં તેને જમે જે જનો
તેઓ ઈન્દ્રિય સંયમે ટકી શકે વિંધ્યે તરે સાગર. (શૃંગાર., ૮૦)

ભર્તૃહરિની આ કાવ્યરચનામાં એક એક મુક્તક પૂર્ણભાવે રજૂ થાય છે, તેમાંય વૈરાગ્યશતકમાં તો સંસારની નશ્વરતા અને આત્મજ્ઞાનની વાસ્તવિકતા ચર્ચવામાં અનેરી ચમત્કૃતિ બતાવે છે. સંક્ષેપમાં સારગ્રાહી આલેખન રજૂ કરવાની જે સંસ્કૃત ભાષાની વિશેષ કોટિ છે, તેનાં અહીં દર્શન થાય છે. એક તૃષ્ણાને વશ થઈ માણસ કેવો દેશવિદેશે રાતદિન ભટકયા કરે છે, તેનું ચિત્ર કવિ વૈરાગ્યશતકની શરૂઆતમાં રજૂ કરે છે:

ઘૂમ્યો દેશવિદેશ દુર્ગમ છતાં પામ્યો ન કાંઈ ફળ,
છોડી જાતિ કુલાભિમાન સઘળાં સેવા કરી નિષ્ફળ,
ખાધું માન ત્યજીય અન્ય ઘરમાં જાણે જમે કાક કો
તૃષ્ણા ઘૂમતી પાપકર્મ કરવા તોયે ન રાજી થતી. (વૈરાગ્ય., ૨)

એ તૃષ્ણા ગણો કે આશા, એ તો વહેતી સંસારે સરતી નદી છે; તેમાં ડૂબવાની શકયતા છે. છતાં તેને પારે કોક યોગીઓ પહોંચે છે. તેમનો મહિમા આ કવિ ગાઈ રહ્યા છે:

આશા નામ નદી મનોરથ જલે તૃષ્ણા તરંગે ભરી
રાગગ્રાહસમા વિતર્ક ખગ કો ધૈર્ય દ્રુમે ઘાતક,
મોહે દુસ્તર ઘૂમરી ગહન તે ચિંતાકિનારે ચડી,
તેની પાર જતા વિશુદ્ધ મનના રાજી થતા યોગીઓ. (વૈરાગ્ય., ૧૦)

સંસાર પર વૈરાગ્ય આવ્યો અને ઘર છોડી દીધું. કશું કરવાનું રહ્યું નહીં ને જે કાંઈ મળે, તે પર રાજી રહેવાનું, આમ હોવા છતાં વિષયો ન ત્યજે, તે વિશે કવિ આશ્ચર્ય સેવે છે:

ભિક્ષાનું અન્ન વળી નીરસ એક વાર, શય્યાધરા, પરિજને નિજ દેહ ફક્ત,
વસ્ત્રેય જીર્ણ વળી ચીંથરહાલ કંથા, હાહા છતાંય વિષયો નરને ન છોડે. (વૈરાગ્ય., ૧૫)

આ સંસારમાં રહી બધા વ્યવહારો ભયભીત બની કરવા પડે છે, ત્યારે કો રાગ ત્યજીને વૈરાગ્ય સેવે તેને જ નિર્ભય પદ મળે છે. તે વિશે કવિનું દર્શન અનુભવે ઘડાયું છે:

ભોગે રોગભયે કુલેય પતને વિત્તે ભયે રાજ્યથી
મૌને કો દીનતા બલે રિપુભયે રૂપે જરાનો ભય
શાસ્ત્રે વાદ ભયે ગુણેગ કપટે કાયે ભયે કાલનો
વસ્તુ સર્વ જગે ભરી ભયથકી વૈરાગ્યમાં ના ભય. (વૈરાગ્ય., ૩૧)

સંસાર અસાર છે, તેમાં એક સાર એટલો છે કે સેવા અને પરોપકારનાં કાર્ય કરી, અજ્ઞાની જનોનો ઉદ્ધાર કરવો; એ કાયમ રહેવાનું કાર્ય છે, તે તરફ કવિજન પ્રેરણા આપે છે:

ભોગો ચંચલ સૌ તરંગ સરખા પ્રાણો ઘડીમાં જશે,
થોડા છે દિન યૌવને પ્રિયજને સ્ફૂર્તિ થશે ભોગની,
તે સંસાર અસાર બોધ લહીને ડાહ્યા જનો સાંભળો
ચિત્તે લોકકૃપા ધરી જનતણા ઉદ્ધારને આદરો. (વૈરાગ્ય. ૩૪)

આ જગતમાં ઘણી ઘણી સત્તાઓ કામ કરી રહી છે; તે બધાથી પર એક કાલની સત્તા છે, તેમાં બીજી બધી જ સત્તાઓ અને વૈભવો તારાજ બને છે, એ ભાવે કવિજન કાલને નમસ્કાર કરે છે:

રમ્યા તે નગરી મહાન નૃપતિ સામંતનું મંડળ
પાસે એક વિદગ્ધ મંડળ વળી છે કામિની નારીઓ
વીંટાયા ચહુદિશ રાજવીજનો તે બંદીઓ તે કથા.
જેના એક બળે ગયાં સ્મૃતિપથે તે કાલને હો ન મતિ. (વૈરાગ્ય., ૪૧)

બહારનાં ધન, સાધન કે સુખસગવડ મેળવવા છતાં સંસારી જન રાજી ન હોય; તો તે દરિદ્ર છે ને બહારની અગવડો હોવા છતાં મનથી રાજી હોય, તે ધનિક ગણાય છે, તે ભાવ અહીં છે:

મુજ ઉર અહીં રાજી વલ્કલે તું દુકૂલે, સુખ સમ વળી તોષ ના તહીં કો વિશેષ
બનત જન દરિદ્રી જે ધરે આશ મોટી, મનભર બની તોષે કો ધની, કો દરિદ્ર. (વૈરાગ્ય., ૫૩)

તનમનની શક્તિઓ ચાલે, તે કાળે જ આત્મચિંતન કરી લેવાની કવિ સલાહ આપે છે:

જ્યાં સુધી તન સ્વસ્થ ને અરુઝ છે, વૃદ્ધત્વ જ્યાં દૂર છે,
ચાલે ઈન્દ્રિય શક્તિ રોધવિણ જ્યાં આયુ ઘટે ના જહીં.
ત્યાં સુધી બુધ આત્મના હિત વિષે સાધે પ્રયત્નો મહા
સળગ્યું જ્યાં ઘર કૂપના ખનનનો ઉદ્યોગ તો નિષ્ફળ. (વૈરાગ્ય., ૭૧)

આ કવિજન પોતે પણ પોતાના આરાધ્યદેવ શંકર જેવી અવધૂત દશા ઝંખે છે:

એકાકી નિઃસ્પૃહ શાંત કરપાત્ર દિગંબર,
કર્મનાં મૂળ હણવાને ક્યારે શક્તિ મળે શિવ. (વૈરાગ્ય., ૮૯)

## કવિ અમરુક રચિત શૃંગારશતક

કવિ ભર્તૃહરિના શૃંગારશતક સાથે સામ્ય ન આવે, તેને કારણે અને કવિનું નામ પણ સાથે જોડાય, એ હેતુએ 'અમરુશતક'ની પ્રસિદ્ધિ છે. સાતવાહન અને ભર્તૃહરિની જેમ અમરુની ખ્યાતિ મુક્તક રચનાર તરીકે છે. કાવ્યનું મુક્તક સ્વરૂપ ખીલવવા પાછળ જ તેણે સર્વ શક્તિ ખરચી છે. શક્તિ વગર અભ્યાસને કારણે પદ્યનાં ચાર ચરણ જોડનાર અનેક નીકળે, પરંતુ એ મુક્તકો લાંબું જીવતાં નથી. અમરુની પ્રસિદ્ધિ શૃંગારનાં મુક્તકો રચનાર તરીકે છે.

સાતમી સદીના દક્ષિણના કવિઓમાં અમરુ કાલક્રમે છેલ્લો પણ યોગ્યતાએ પહેલો છે. દક્ષિણનો એ સુવર્ણકાર હતો, એમ જાણવા મળ્યું છે. પંડિત મંડનમિશ્રનાં પત્ની ઉભયભારતીએ પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપતા શંકરાચાર્યે અમરુ નામના રાજાના દેહમાં પ્રવેશ કર્યો અને તેમણે આ મુક્તક શતકોની રચના કરી, તે દંતકથાને શંકરદિગ્વિજયનો કે બીજો આધાર મળતો નથી. (સાક્ષર કવિશ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવે અમરુ-શતકનો સમશ્લોકી અનુવાદ કર્યો છે; તેમાંથી કેટલાંક મુક્તકો પીરસવાનું અહીં ઉચિત લેખ્યું છે.)

દૃષ્ટિ-દ્વિરેફ કરપલ્લવ કર્ણ પૂરે, રૂડી નખાંશુમય મંજરીમાં રમી રહે,
નૃત્તે પૂરાં પાણુછ એ વિધ ખેંચતાં જે રક્ષો સદૈવ સઉને જગદંબિકા તે. (૧)

આ શ્લોકમાં કવિની જગદંબા પ્રત્યેની રતિ અંગી છે. પૂર્વાર્ધમાં રૂપક અલંકાર છે. શક્તિરૂપે ઇષ્ટ દેવતાનું આરાધન સાભિપ્રાય છે. પ્રતિપાદ્ય શૃંગાર રસનો પ્રધાન આલંબન વિભાવ જે નાયિકા, તેનું આથી સૂચન થાય છે. વસંતતિલકા છંદ છે.

સખીજન પ્રિયને મળવાની નાયિકાને સલાહ આપે છે, ત્યારે પ્રિયજન હૃદયે જ વસેલા છે, એ ભાવે તેને ધીરે બોલવાનું સૂચવતું આ મુક્તક સંભોગશૃંગારને દીપાવે છે:

મુગ્ધે મુગ્ધપણે જ જીવતર કાં ગુમાવવાનું કરે,
મેલીને ઋજુતા ધરી વળ કંઈ વ્હાલા શું રીસાઈ રહે;
એ રીતે સમજાવતાં જ સખીને વ્હીલી રસીલી કહે :
ધીરે બોલ ધીરે અરે તું સુણશે પ્રાણેશ બેઠા ઉરે. (૬)

રાત્રિના સમયે શયનગૃહમાં પિયુની સાથે પ્રેમગોષ્ઠી કરેલી તે પોપટ સાંભળતો હતો. સવારે વડીલોના સાંભળતાં તેણે રાતની વાત બોલવા માંડી; તેથી શરમિંદી પડેલી નાયિકા પોતાના કાનના માણેકને પોપટના મુખમાં દાડમનો દાણો ગણી મૂકી દે છે, જેથી તે બોલતો બંધ થાય:

એકાંતે રતિમંદિરે રજનિએ બોલેલ જે દંપતી,
તે વ્હાણે વડીલો સમીપ સુડલો કહેતાં જ લાજે બૂડી
દાણો દાડિમનો કરી શ્રવણનું માણેક ચંચૂ મહીં
મૂકીને મુખ બંધ કીરનું કરે શાણી સલૂણી સહી. (૨૩)

પતિ પરદેશ જતાં વહેલા આવવાનું કહેલું, પણ મુદત વીત્યા પછી વિલંબે આવેલા પતિને મળવું કે નહીં, તે નાયિકા સખીને પૂછે છે ને રૂસણાં લેવાનું જણાવે છે, પરંતુ કુશળ પ્રિયજને તે તક આપી નહીં ને નાયિકાને ઉરે સ્વીકારી લીધી, તે ભાવ આ મુક્તકમાં રજૂ થયો છે:

તાલાવેલીય ના થઈ, ન ધડકી છાતી, ન રોમાંકુરે
અંગે પાંગરિયાં લગાર ન જ કે પ્રસ્વેદ છાયો મુખે,
દૃષ્ટિએ પડતાં જ માન મરડી હૈયું હર્યું પ્રીતમે,
શી રીતે રજું રૂસણું હું, મહિમા જેનો વખાણો તમે. (૨૯)

રૂસણું લેવાની સખીની શીખ કયારેક ભારે પણ પડી જાય છે, તે સ્થિતિ આલેખાઈ છે :

સોસાયે તનડું ચિરાય હઇડું નિઃશ્વાસ ધીકયા કરે,
ના'વે નીંદ, ન ઝાંખી થાય પિયુની ચોધાર આંસૂ ઝરે,
આવી પાય પડેલ નાવ વિધ એ પૂરા ઉવેખ્યા અમે,
દીધી શીખડી રૂસણાની સખી આ શું લ્હાણ લેખી તમે? (૬૯)

પોતાનો બની ગયેલ પ્રિયજન પારકાનો બને, ત્યારે જે વેદના જાગે, તેનું આ નિદર્શન છે :

દિસે દહાડો તો કે દિન, નહીં નિશા છે ઠીક નિશા,
ચલો ચાલો, ના, ના નહીં જ જઈએ તેમ પણ હા,
પિયૂ જે નાચના મુજ જ નચવા એવી વિધિ તે
નથી આજે કોના કદી પણ થયા કે નર થશે?

આવાં મીઠાં, મધુરાં મુક્તકોના રસાસ્વાદથી કવિજન રસિકજનોના ઉરમાં અનેરો રસ જગાડે છે ને નવનવાં મુક્તકોનો આસ્વાદ લેતો રહે છે.

## કવિ જયદેવનું ગીતગોવિંદ

બારમી સદીમાં બંગાળ દેશના રાજા લક્ષ્મણસેનના રાજદરબારમાં કવિ જયદેવનું સ્થાન હતું તે વિશેનો એક પ્રાચીન નિર્દેશ મળી આવે છે : ગોવર્ધન ને શરણ, જયદેવ ને ઉમાપતિ તેમ જ કવિરાજ ધોઈ લક્ષ્મણ-સેનની સભાનાં રત્ન હતાં. પિતાશ્રી ભોજદેવ, માતા રાધાદેવી, પત્ની પદ્માવતી અને પ્રિય સખા પરાશર હતા. બંગાળના બિંદુબિલ્વ ગામમાં નિવાસ હતો. ઈ. સ. ૧૪૯૯માં પ્રતાપરુદ્રદેવે નર્તકો અને વૈષ્ણવ ગાયકોને જયદેવનાં ગીત શીખવાની આજ્ઞા કરેલી તેમ જ મંદિરોનાં કીર્તનમાં તે ગીતોને પ્રથમ સ્થાન મળેલું છે.

ગીતગોવિંદમાં સર્ગે સર્ગે રજૂ થતા શ્લોકોની સાથેના ગીતને પ્રબંધ ગણવામાં આવે છે. કાવ્યમાં એ રીતનાં ચોવીસ ગીત — પ્રબંધ છે. તે ગીતોની સાથે પ્રસ્તાવના રૂપે શ્લોકોની રચના જોવાને મળે છે. એ રીતે બાર સર્ગ છે. નાભાજી રચિત ભક્તમાળમાં તેનું વર્ણન છે :

પ્રેમમંત્ર રતિતંત્ર રાગકેરો રત્નાકર.
પઢતાં છંદપ્રબંધ રોમે રોમે રસ વાસે
રીઝે જુગલકિશોર ત્રિવિધના તાપ જ નાસે.

કવિ પોતે જ આદિ અને અંતમાં વિષયનો નિર્દેશ કરી, તેની શૈલીનું દર્શન પણ કરાવે છે. (આ કાવ્યને સાક્ષર કવિશ્રી કેશવ હ. ધ્રુવે ગુજરાતીમાં ઉતાર્યું છે. તેમાંથી કેટલાંક પદ્ય અને ગીતોની રજૂઆત અહીં કરવામાં આવી છે.)

ઉર અહર્નિશ જો હરિમાં રમે, વ્રજલીલા રસીલી રટવી ગમે,
શ્રવણ તો ધરજો જયદેવનાં કવન પાવન રમ્ય રસે ભર્યાં. (પૂર્વાલાપ—૩)

રાજે સિદ્ધિ રસેશની મસ મચે મીઠાશ સંગીતની,
ભ્રાજે કાવ્યતણી ચમત્કૃતિ વળી વર્ષે સુધા ભક્તિની,
એ જોવા અભિલાષ જો ઉર વસે તો નંદના નંદની
લીલા આ અવિભાવભેર સુણજો શ્રીગીતગોવિંદની. (અંતે)

શરૂઆતમાં 'જય જગદીશ હરે'થી મંગલાચરણ શરૂ કરી રાધા અને માધવના સંવાદ રૂપે કાવ્યની શરૂઆત થાય છે. જાણે કે એક ચિત્રનાટકમાં સંવાદો રચાયા હોય, એ ભાવે કાવ્યની ગતિ આગળ વધે છે. કૃષ્ણને મળવા આતુર રાધિકાનો સંદેશ લઈ સખી હરિ પાસે આવે છે અને રાધાને મળવા વીનવે છે; તે ચોથા સર્ગના પ્રબંધનો આસ્વાદ લઈએ :

જમુનાજી તણે તીરે જે વિજોગની રંજમાં
વ્યાકુળા હરિને આવી વીનવે વનકુંજમાં. (૧)

(પ્રબંધ : કર્ણાટક રાગને એકતાલી તાલ, તિલંગરાગે ત્રિતાલથી પણ ગવાય.)

મન મથતા મનમથના શરથી ડરતી ભીતર ભારી
તપમાં લીન બને અવ તમને મનમાં ધારી-ધારી
નાથ સનાથ વિચારી
તલસે રસબસ પરવશ વિરહે વ્હાલી વ્હીલી તમારી. નાથ૦ (૨)
નિંદે ચંદન, ચંદની વર્જે, તર્જે વાયુ વિકારી
વિષધર મય મલયાગર સંગે વિષમય વિષમ વિચારી. નાથ૦ (૩)
ગણું, તમ રક્ષણ કારણ આણગણ સ્મરશર લેવાવારી
કવચ કમળદળ કેરું ઉર એ વિધુર ધરે વિસ્તારી, નાથ૦ (૪)
દુર્લભ સાંઈતણા સુખ સારુ વિકટ શકે વ્રતધારી
રંગ અભંગ જ જોગ કુસુમશરશયન સજે સુકુમારી. નાથ૦ (૫)
રાહુ તણા અતિદારુણ દંતથી અંગભંગ લહી ભારી,
અમી ગળતા શશીસમ દૃગ્જલથી દરસે સુરત સારી. નાથ૦ (૬)
પ્રણમે મદન મિષે મૃગમદની ચિતરી મૂર્તિ તમારી,
નીચે મીન કરી કર મોરની મંજરી અર્પી મુરારિ. નાથ૦ (૭)
'પાય પડી છું પ્રભુકર ધરિયે મ્હેર વિના જ તમારી,
દેહ દહે હરિ હા હિમકણ પણ' એવું રહી ઉચ્ચારી. નાથ૦ (૮)
ધ્યાન ધરી કરી સુલ્લભ દુલ્લભ વલ્લભ મૂર્તિ તમારી,
તે તલપે, કલપે, વિલપે વળી પ્રલપે પીડ વિસારી. નાથ૦ (૯)
શ્રી જયદેવભણિત વિરહાતુર વનિતાની દુખિયારી
દીનદશા સહીયે વરણેલી વારો વિરહ વિકારી. નાથ૦ (૧૦)

રાધાની વિરહદશા સાંભળી માધવ તે સખીજનને વિનવણી કરે છે કે, તું રાધાને મારી વિરહદશા જણાવ અને તેને અહીં બોલાવી લાવ. તે પ્રમાણે સખી રાધા પાસે જઈ માધવની દશાનું વર્ણન પાંચમા સર્ગમાં કરે છે. (પુષ્પિતાગ્રા છંદ)

જયમત્યમ સમજાવી લાવ શાણી! તુજ જુગતે
'અહીં છું હું' એવી વાણી, (૧)

શિર ધરી પ્રભુજીની તે જ ટાણે સહી વિનવે જઈ કુંજ રાધિકાને.

(પ્રબંધ : વરાડી રાગને રૂપકતાલ, આદિતાલથી કલ્યાણ રાગમાં પણ ગવાય.)

હૃદય દળી કળી ખીલે, કુમળી કઠિન થાય,
અનળ ત્રિગુણ અનિલે ત્રિગુણિત તનખવી વ્હાય
તવ વિરહે રસિયાજી અબ એ ઝૂરે. ધ્રુવ (૨)
વિજનવન હરિ સેવે વરજી રુચિર ધામ
પળવિપળ વિકલ તે તનમય પિયુ તુજ નામ. તવ૦ (૩)
ભ્રમર રવ સુણી સીડે યુગલ કરથી કાન,
કુસુમ શરથી ફફડે વળી વળી છળી છળી પ્રાણ. તવ૦ (૪)

રજનિભય ધરી કંપે સજની શિથિલ તંન·
ધરણિ શરણ તલપે સ્મરી હિમકર કર મંન. તવ૦ (૫)
પ્રણયમય જયદેવે રચિત વિરહ ગાન
રસિક હૃદય મચવે અતિ હરિ રતિ રસતાન. તવ૦ (૬)

પણ આ તો રાધા વિરહઘેલી, તેને મિલન કરતાંય સ્મરણે સુખ અદકું થાય; તે મળવા માટે તન શણગારી સજ્જ તો થઈ પણ તેને વટકુંજે રાહ જોતા માધવ પાસે મોકલવા સખી મનાવે છે; તેનું વર્ણન અગિયારમા સર્ગમાં છે. (માલિની)

પરમ પુરુપ પેરે માનિનીને મનાવી,
મદન મધુર જોયે વટકુંજે સિધાવી
તવ તન શણગારી સજ્જ બેઠી પ્રિયા જે
સજની તિમિર પુંજે ઉચ્ચરે તે શું સાંજે. (૧)

(પ્રબંધ : વસંત રાગને યતિતાલ, આદિતાલથી પૂર્વી કલ્યાણ રાગમાં પણ ગવાય)

મધુર મધુર મધુહર રટતા જે લોટી તુજ પદકં જે
સેવે સુંદરી! સુભગ શયન તે મંજુલ વંજુલ કુંજે
ઘેલી! અહીં શું રહી પરવરી ભુજભરી અંક લે. ધ્રુવ (૨)
અલિગણ આ અલી! ગણગણી શ્રાવણે સુણ, સુણ, જો સમજાવે
ટૌકી, ટૌકી કોયલ કામની દેય, દુવાઈ હાવે. ઘેલી૦ (૩)
અણસારે દળ અંગુળિ કેરે પ્રેરે આ વનવેલી,
મેલી ઢીલ ભજી મેળ કેલિરસ રેલની વ્હેલી વ્હેલી ઘેલી૦ (૪)
આંતર આંદોલનથી ડોળી નચવંત! મણિ માળા
કુચકુંભે હરિ પરિરંભણના શુકન દિપે મતવાળા ઘેલી૦ (૫)
સ્મરના શર શા સુંદર નખથી મંડિત અલી અલબેલી,
કરપલ્લવ સખી પરધરી સંચર મદભરી મોહનવેલી! ઘેલી૦ (૬)
પૂરેપૂરી તું રસશૂરી વિશ્વ વિશે વખણાયે
માટે રસનાં દુંદુભિ દમકવી પળ સામાં પગલાંએ. ઘેલી૦ (૭)
ભારે નિતંબ ભારે ધીરી ધારી ગતિ ગજગામા
રૂમઝુમ ઝાંઝરના ઝમકે મદ હંસતણો હર રામા! ઘેલી૦ (૮)
ઘડી ગણતા મદનાતુર હરિને મણિમય કંકણ કેરે
રણકે રૂડી દઈ વધાઈ કર રંજિત રસ ભેરે. ઘેલી૦ (૯)
રમણથી રમણીય અને ફુળ માળથી મંજુલ આજે
શ્રી જયદેવની વાણી રસિકને કંઠ રમો રસ સાજે. ઘેલી૦ (૧૦)

આમ, રાધા માની જાય છે અને માધવને મળવા આતુર બને છે, ત્યાં તેને એક ઘટના યાદ આવે છે. સંકેતનો સમય આવ્યો છતાં માધવ સમયસર નહીં આવેલ, તેથી રાધા આતુર બનેલી ને સમય વીત્યા પછી માધવને આવતા જોઈ, તેણે રૂસણાં લીધેલાં અને માધવને પાછા જવા કહેલું; એટલું જ નહીં તેને વિલંબ થવામાં બીજાં પ્રિયજનોને મળવાનું કારણ મળતાં, માધવ કપટની વાણી બોલે, તેથી પણ તેને દુઃખ થયેલું. પરંતુ સખીજનોનાં સંધિકાર્ય સફળ થયાં અને રાધા-માધવનાં સુખદ મિલન થયાં, તેની પ્રસન્નતા કવિજન સહૃદય રસિકજનોના હૃદયમાં જગાડી, આ મધુર કૃતિની સમાપ્તિ કરે છે.

# પંડિતરાજ કવિ જગન્નાથ અને ભામિનીવિલાસ તેમ જ ગંગાલહરી

જોકે પોતાના પાંડિત્યથી વિદ્વાનોને ત્રાસ આપનાર આ પંડિતના જીવનચરિત વિશે આધારભૂત માહિતીઓ મળતી નથી, તોપણ કેટલાક ઉલ્લેખો પરથી તારવી શકાય છે: દક્ષિણ ભારતના આંધ્ર-ગોદાવરી જિલ્લાના મુંગુંડ ગામનો તે રહીશ, કાશીમાં વિદ્યાભ્યાસ, દિલ્હીના મોગલ બાદશાહના દરબારમાં યૌવનકાળ, જયપુરની પાઠશાળામાં અધ્યાપન અને જયપુર નરેશ જયસિંહનો આશ્રય, કાશ્મીરમાં પણ નિવાસ અને કાશી-મરણથી મુક્તિનો લાભ, ઈ. સ. ૧૬૨૦થી ૧૬૬૦ સુધીનો કાલ. તેનું નામ 'તૈલંગ વેલનારીય દ્વિજ જગન્નાથ નિરશૂલધર', પિતાનું નામ પેરુભટ્ટ અને માતાનું નામ લક્ષ્મી. પેરુભટ્ટ કાશીમાં રહેલા એક સમર્થ વિદ્વાન અને જગન્નાથે પિતા પાસે રહી વિદ્યા મેળવેલી.

## ગંગાલહરી-સ્તોત્ર

જગન્નાથે દિલ્હીનિવાસ દરમિયાન લવંગિકા નામની યવન તરુણીની સાથે લગ્ન કર્યાં હતાં. કાશીના બ્રાહ્મણોએ તેને નાતબહાર મૂક્યો; તેથી ગંગા નદીના ઘાટ પર યવનીની સાથે ગંગાની પ્રાર્થના કરવા બેઠો. એક એક શ્લોક રચતો જાય, એમ ગંગાનાં પાણી એક એક પગથિયું ઉપર ચડે, એમ બાવન શ્લોકથી ગંગાનાં પાણી બાવન પગથિયાં ચડયાં અને તે બંનેને પાવન કર્યાં; તે પરથી આ સ્તોત્ર ગંગાલહરી ગણાય છે.

ગંગાલહરીમાં ગંગાની સ્તુતિ, કરુણાલહરીના સાઠ શ્લોકમાં વિષ્ણુની, અમૃતલહરીના અગિયાર શ્લોકોમાં યમુનાની, સુધાલહરીના ત્રીસ શ્લોકોમાં સૂર્યની અને લક્ષ્મીલહરીના એકતાળીસ શ્લોકોમાં લક્ષ્મીની સ્તુતિ છે. એ પાંચ લહરીઓ ઉપરાંત ભામિનીવિલાસ કાવ્યની રચના છે. તેમાં ક્રમશ: અન્યોક્તિ-સુભાષિત, શૃંગાર, કરુણ અને શાંત એ ચાર વિલાસોમાં ભર્તૃહરિનાં ત્રણ શતકોનું અનુકરણ છે, પણ રચનાઓ ઉત્કૃષ્ટ છે. આ ઉપરાંત શાહજહાંના મોટા દીકરા દારા શિકોહની પ્રશસ્તિ રૂપે જગદાભરણ, આખ્યાયિકા, કામરૂપ — આસામના રાજા પ્રાણનારાયણની પ્રશસ્તિમાં પ્રાણાભરણ, રસગંગાધર અલંકારનો શ્રેષ્ઠ ગ્રંથ, ચિત્રમીમાંસાખંડનમાં અપ્પય દીક્ષિતના મતનું ખંડન તેમ જ મનોરમા કુચમર્દન વ્યાકરણના ગ્રંથમાં ભટ્ટોજી દીક્ષિતે રચેલ મનોરમાનાં વિધાનોનું ખંડન છે.

ભામિનીવિલાસમાંની બેત્રણ કૃતિઓનો આસ્વાદ લઈએ :

> ત્યાં સુધ કોકિલ વિરસા ગાળજ દિવસો બીજા વને વસીને,
> જ્યાં સુધ ભમરાગુંજતો કોક રસાલો ફળે નહીં આંબો. (પ્રાસ્તાવિકવિલાસ–૬)

કોક રસિક કવિને શુષ્ક રાજાની ભેટ થતાં, નિરાશા મળેલી, તેને આશ્વાસન આપવાનું સૂચન છે: કૃપણ ધનિક યાચકનું ધન પણ હરી લે, એ ભાવે સમુદ્રને ઠપકો આપતું આ વચન સરળ છતાં બોધદાયક છે :

> અયિ વારિધિ શેષના ઉરે જો ધરતો કાંઈક બોલતો કહેવા,
> તુજ યાચક મેઘથી છૂટેલાં જલ તેનેય ન છોડતો ભલા તું. (પ્રાસ્તાવિક.–૪૨)
> અન્યા જગે હિતકરી મનની પ્રવૃત્તિ, રાચે જ કો વચનની રચના અનેરી;
> લોકોત્તરા કૃતિય, આકૃતિ ચિત્તહારી, વિદ્વાનનું ચરિત વાણીથી ના પમાય. (પ્રાસ્તાવિક.–૬૭)

ગંગાલહરીના શ્લોકો એક રીતે સ્મૃતિ-પ્રાર્થના રજૂ કરે છે, તોપણ કવિતાની ચમત્કૃતિનાં દર્શન કરાવે છે.

> ભલેને તે ધારે નિરવધિ સમાધિય વિધિ તો
> સુખે શેષે સૂતા હરિ, શિવ ભલે નાચ કરતા
> રહ્યાં પ્રાયશ્ચિત્તો તપન, યજનો દાન કરું શું.
> જગે જાણે ગંગા સકળ ફળની એક જનની. (૨૩)

ગણાનાં દર્શન અને શ્રવણ ન કર્યાં, તો પછી કાન ને નેત્ર શા કામનાં?

વિશાલાં આ નેત્રો ઉભય મળતાં તોય ફલ શું
ન પેખી જો સાથે પરમરમણીયા તુજ તનુ
ખરે ધિક્કારું હું જનનિ જનનાં બેય શ્રવણ
સુણ્યા તેને જો ના 'તુજ લહરિ લીલા કલકલે. (૩૨)

ગંગા સાથેનાં તરંગ, ભંગ ને ઉત્તમાંગની શબ્દાવલી પણ મનલહરી પર નાચી ઊઠે છે :

જે શોભતી શંકર-ઉત્તમાંગા, સર્વે જનોના કરી આર્તિભંગા,
ચઢે ઊંચે શોભત જે તરંગા અંગો કરો નિર્મળ તેજ ગંગા. (૫૨)

## મેઘદૂત : પરિચય

ઋતુસંહાર અને મેઘદૂત એ બે કાલિદાસનાં લઘુકાવ્યો છે : ઋતુસંહાર રસમસ્ત પ્રણયની અમ્લાન ગીતિકા છે. બદલાતી જતી ઋતુઓની પાર્શ્વભૂમિકામાં કોઈ નવદંપતીના મિલનનો આનંદ અને જીવનનો મુક્ત ઉલ્લાસ અહીં પદેપદે પ્રગટ થાય છે. દૈનંદિન પ્રાકૃતિક ઘટનાચક્રમાંથી રચાય છે સંયોગ શૃંગારનો નિત્યનૂતન સૌંદર્યલોક. મેઘદૂત વિરહશૃંગારની રચના છે. અહીં પણ અલકાનો કલ્પલોક છે અને એ કલ્પલોકમાં છે એક સ્વપ્નકન્યા—યક્ષપ્રિયા. અહીં વિરહની રાગિણી બજી રહી છે. રવીન્દ્રનાથ કહે છે તેમ તેનો મેઘમંદ્ર શ્લોક વિશ્વના જેટલા વિરહીજનો છે તે સર્વના શોકને પોતાના અંધારમય સ્તરેસ્તરમાં સઘન સંગીતમાં એકત્ર કરી ધારી રહ્યો છે.

મેઘદૂતના કાવ્યસ્વરૂપ વિશે મતભેદ રહ્યા કર્યો છે. કોઈ એને ખંડકાવ્ય કહે છે, કોઈ એને લઘુમહાકાવ્ય, તો કોઈ સ્થિરદેવ જેવા પ્રાચીન ટીકાકાર 'ક્રીડાકાવ્ય' કહે છે. પશ્ચિમી વિદ્વાનોમાં કોઈ એને 'મૉનોડી' (એક-પાત્ર દ્વારા બોલાતી ઊર્મિકવિતા), એલિજી (શોકપ્રશસ્તિ કાવ્ય) કે ઊર્મિકાવ્ય પણ કહે છે. ખરેખર તો એ એની શૈલીનું આગવું કાવ્યસ્વરૂપ છે. કાવ્યમાં એકમાત્ર પાત્ર છે યક્ષ. પોતાની પ્રિયાથી વિખૂટો પડેલો યક્ષ અષાઢના પ્રથમ દિવસે આકાશમાં મેઘ જુએ છે અને તેની સ્મૃતિઓ પ્રબળ વેદના સાથે સળવળી ઊઠે છે. આ મેઘ યક્ષની નજરે સજીવ સત્તા ધરાવે છે અને ઉત્તર ભણી જતા એ મેઘને જ અલકાસ્થિત પોતાની વિરહિણી પ્રિયાનો સંદેશવાહક બનાવે છે. કવિ કાલિદાસની ઉર્વર કલ્પનાશક્તિનો કેવો તો મનોહર આવિષ્કાર છે!

યક્ષ વિરહી છે અને તેથી સમગ્ર લોક તેને વિરહવિધુર ભાસે છે. તેના ચિત્તમાંથી વિલાસી જીવનનાં બાઢ ઇન્દ્રિયરાગભર્યાં કલ્પનો જન્મે છે. પહાડના શિખરમાં પૃથ્વીના સ્તન, નદીની લહેરોમાં સ્ત્રીના વિભ્રમ, કે તે ક્ષીણ હોય તો સ્ત્રીનું વિરહિણીનું રૂપ (અને મેઘને તેને પુષ્ટ કરવાનું સૂચન) કે ખુલ્લી હોય તો તેમાં વિવૃતજઘનાનું દર્શન યક્ષની કામાતુર દૃષ્ટિનું પરિણામ છે. યક્ષને મન નદી એટલી નારી છે.

નદ, નદી, ગિરિ, નિર્ઝર, ગ્રામ, નગર અહીં બધું પ્રગટી આવે છે. કેવડાની વાડો કે છજામાં બેઠેલા પારેવાં પણ ચુકાતાં નથી — પણ તેમાં ઉજ્જયિની પ્રત્યેનો પક્ષપાત અપ્રગટ રહેતો નથી. સૌથી છેલ્લે અલકા અને યક્ષપ્રિયાની છબીઓ કાવ્યરસિકોના માનસમાં દૃઢ રીતે અંકાઈ જાય છે. કવિતામાં વર્ણનાત્મકતા છે, પણ આ વર્ણન તો મેઘની પાંખે ચડીને કવિએ કર્યું છે અને તેથી તેનું પરિમાણ બદલાઈ ગયું છે!

અને મંદાક્રાન્તા છંદ તો મેઘદૂતનો પર્યાય બની ગયો છે. કોઈ વર્ષાભીના દિવસે મેઘદૂતના આ મંદા-ક્રાન્તાનું પઠન વાચકને કેફ સાથે એક અધરલોકની યાત્રા કરાવી રહે છે, અને કોઈ એક યુગના, કોઈ એક

યક્ષના વિરહી સૂરોમાં વાચકના સૂર ભળી જતાં સકલ લોક તેને વિરહમય ભાસે છે, અને યક્ષની જેમ સકલ લોકને વિરહમય જોવામાં તેની સાથે સ્વરૂપનું સંધાન થવામાં જ તે શાપમુક્તિ પણ પામતો હશે.

*

મેઘદૂતના પહેલા શ્લોકમાં જ તેના કથાનકની ભૂમિકા આવી જાય છે. કોઈ એક યક્ષ હતો. અલકાપતિ કુબેરનો અનુચર. કર્તવ્યમાં પ્રમાદ સેવવાને લીધે સ્વામીએ શાપ આપીને તેને સજા કરી. તેનો મહિમા હરી લીધો. અલકામાંથી એક વર્ષ માટે નિર્વાસિત કર્યો. પ્રિયાવિરહથી આ શાપ તેને માટે વધારે ભારે બની ગયો. શાપભ્રષ્ટ વિરહી યક્ષે દક્ષિણમાં આવી નિર્જન રામગિરિ પર નિવાસ કર્યો.

આઠ માસ તો જેમ તેમ વિતાવ્યા, પણ અષાઢને પહેલે દિવસે મેઘને જોતાં એ વ્યાકુળ બની ગયો. દૂર અલકામાં વિરહિણી પ્રિયા મેઘને જોશે તો તેનું શું થશે? એને સમાચાર તો મોકલવા જોઈએ, પણ કોણ લઈ જશે? અરે, આ મેઘસ્તો! તે તરફ જ જાય છે. યક્ષે એ ન વિચાર્યું કે—

ધૂમ જ્યોતિ, જળ, પવનના, મેઘ ક્યાં આ બનેલા
ક્યાં સંદેશા સમજણભર્યાં પ્રાણીથી લૈ જવાતા,
એવું કાંઈ ન લહિ, અધીરો યાચતો યક્ષ તેને
કામી નિશ્ચે જડસજીવમાં ભેદ કૈં ના પ્રમાણે.

યક્ષે અર્ઘ્ય આપી મેઘની સ્તુતિ કરી અને દૂતકાર્ય કરવાની તેને વિનંતી કરી. મેઘને એ કહે છે કે તારે અલકા જવાનું છે જ્યાં—

જોશે તું ત્યાં દિવસ ગણતાં પ્રાણ ધારી રહેલી,
એક સ્વામિવ્રતધરી રહી, જીવતી ભાભી તારી;
આશાતંતુ કુસુમ સરખાં, નારીના સે'જ માંહે—
ફાટી જાતાં પ્રણયિ હૃદયો, ધારી રાખે વિયોગે.

યક્ષ મેઘને કહે છે: તને નભમાં ઘેરાયેલો જોઈ પથિકોની નારીઓ પતિઆગમનની આશાથી હરખઘેલી થઈ જોશે. ઉત્તર ભણી જતાં તારી સાથે ચાતકો મધુર રવ કરતા ઊડશે, કૈલાસ સુધી રૂપાળા રાજહંસો નભમાં સાથી બનશે. પણ હે મેઘ, તું અલકા જવાનો રસ્તો પહેલાં સાંભળી લે, પછી હું તને સંદેશ કહીશ. અહીંથી માળવાનાં તાજી ખેડથી મઘમઘી રહેલાં ખેતરો ઓળંગી તું ઉત્તર તરફ વળજે, ત્યાં તને થાકેલો જાણી આમ્રકૂટ વિસામો આપશે. ત્યાંથી જરા આગળ જતાં વિંધ્યપાદે વિસ્તરેલી નર્મદા જોઈશ. ત્યાં જાંબુકુંજોનું સુગંધી તુરાશવાળું પાણી પી આગળ વધજે, કુટજથી મહેકતા પર્વતોમાં જરા વિરામ કરજે. પછી આવશે દશાર્ણ—

પીળી વાડ્યો ઉપવનતણી, કેવડા ફૂટી રે'તાં,
માળા બાંધી તરુવર ભરે, ગામનાં પંખિ પાળ્યાં;
જાંબુ પાક્યે, જળ વરસતાં, શ્યામ દીસે વનાન્તો,
હંસો રે'તાં કંઈ દિવસ તું, શોભી રે'શે દશાર્ણો.

આ દશાર્ણની રાજધાની વિદિશા. ત્યાં વેત્રવતીનું પાણી પીજે. અને ત્યાંથી રસ્તો જરા વાંકો થતો હોવા છતાં તું ઉજ્જયિની અવશ્ય જજે. ત્યાં શિવની પૂજામાં તારી ગર્જનાનો સાથ પુરાવજે. એ ઉજ્જયિની નગરીમાં—

ચાલી જાતી રમણ સમીપે નારીને, રાજમાર્ગે,
ગોઢે મોઢું જરી નવ સૂઝે એવી અંધારી રાતે;
સોનારેખા સમ વીજળીથી માર્ગ દેજે બતાવી,
ના તું વૃષ્ટિ કરી ગરજતો, બ્હી જશે તે બિચારી.

પછી ગંભીરા નદી આવશે, ત્યાં છાયારૂપે તારો આત્મા ઠરશે. પછી આવશે રંતિદેવનુ સ્મરણ કરાવતી ચર્મણ્વતી, તે પછી દશપુરની નારીઓથી જેવાતો, આગળ વધતો કુરુક્ષેત્રે પહોંચીશ અને ત્યાંથી પછી છેક કનખલ. અહીં તું ગંગાનું સ્વચ્છ વારિ પીજે અને ત્યાંથી ક્રૌંચ દ્વારમાં થઈ કૈલાસે પહોંચજે. કૈલાસ તે જાણે રાશીભૂત શિવનું અટ્ટહાસ્ય! એ કૈલાસના ઉત્સંગમાં તારી નજરે પડશે અમારી અલકા. અલકાના ઊંચા ઊંચા ભવન છે. અહીંની નારીઓ સર્વઋતુનાં ફૂલ એકસાથે સજે છે. અહીં નિત્ય ભમરા ગુંજારવ કરે છે. નિત્ય વસંત છે. મોર નિત્ય કેકારવ કરે છે. અહીં અહોરાત પ્રણયક્રીડા ચાલે છે. અહીં કલ્પવૃક્ષ સૌની સર્વ વાંછાઓ પૂરી કરે છે. ત્યાં અલકામાં કુબેરના મહેલની ઉત્તરે જ છે મારું ઘર—

ત્યાં હર્મ્યેથી ધનપતિતણા, ઉત્તરે ધામ મારું,
દ્વારે ઊંચી સુરધનુસમી છે કમાને સુહાતું;
જેની પાસે સુતસમ ગણી વા'લીએ છે ઉછેર્યો
ગુચ્છે ઝૂકી કર અડકતો દેવ મંદાર નાનો.

તે મારું ઘર. ત્યાં કમળથી શોભતી વાપી, ક્રીડાગિરિ, માધવીમંડપ, બકુલ અને અશોક છે. રોજ આવે છે મોર. તું પહેલાં ત્યાં પહોંચી ક્રીડાશૈલ પર બેસજે, ઝીણી વીજની આંખથી જોજે, ત્યાં તું જોઈશ મારી પ્રિયા:

શ્યામા વેશે નહિ નિચિ ઉંચી ફૂટડાં ગાત્રવાળી,
ઘાટે નાની, હરિણી સરખાં નેત્રવાળી રૂપાળી;
હારે હારે દશન કણિઓ રત્ન જેવી જણાતી,
શોભી ઝીણી કળિ અધરની બિંબશી રાતીરાતી;
ઊંડી નાભિ ઉદર વિલસે; પાતળી કે'ડ જેની
ભારે ઊંચા સ્તનથી કટિમાં, સે'જ નીચી નમેલી,
શ્રોણી ભારે, મલપતી રૂડી ચાલતી ધીમી ચાલે,
નારી રૂપે પ્રથમ વિધિએ હોય નિર્મેલી જાણે.

હે મેઘ, એ જ તારી ભાભી, એ ખૂબ દૂબળી પડી ગઈ હશે, રડી રડીને આંખડી એની રાતી હશે, નિશ્વાસોથી હોઠ એના ફિક્કા હશે. તે દેવપૂજા કરતી હશે, મારી છબી બનાવતી હશે કે પછી:

ઝાંખા અંગે વસન ધરીને અંકમાં રાખી વીણા,
મારા નામે પદ રચી, હશે ઇચ્છતી, સૌમ્ય! ગાવા;
તંત્રી ભીની નયન જળથી, લૂછી નાખી પરાણે,
આરંભે ને ઘડી ઘડી વળી, મૂર્છના ભૂલી જાયે.

તે શાપના અવધિના દિવસો ગણતી હશે. મારી સાથે જે રાત્રીઓ ક્ષણ જેવડી હતી તે હવે એને યુગ જેવડી લાગતી હશે, વિરહના પહેલા દિવસે બાંધેલી તેની વેણી શાપાન્તે હું છોડીશ. તેની આંખો આંજ્યા

વિનાની હશે. હે મેઘ, તું પહોંચે અને તે વખતે તે ઊંઘતી હોય તો થોડું થોભજે, કદાચ સ્વપ્નમાં તેને મારો સંગ થયો હોય. પછી નવા જળકણોથી ઠંડો વાયુ પ્રસારી, તેને જગાડી હળવેથી આમ કહેજે:

હું છું, તારા પ્રિયતમ તણો મિત્ર સૌભાગ્યવંતિ!
સંદેશો લે જલધર રૂપે, આવિયો પાસ તારી.

અને એટલું કહેતાં તે તારા તરફ ઉત્કંઠા અને માનથી જોશે. તું કહેજે કે રામગિરિ આશ્રમોમાં તારો પતિ કુશળ છે અને તારી ખબર પુછાવે છે. કહે છે: હે પ્રિયે, સિંચાયેલી ભૂમિની ગંધ જેવું સુગંધી તારું વદન ક્યાંય જોતો નથી, તેથી મારું અંગ સોસાયું છે, અને—

કાન્તિ તારા મુખની શશિમાં, અંગ શ્યામાલતામાં
દૃષ્ટિ બ્હીતી હરિણીનયને, કેશ બર્હિકળામાં;
તારા ઝીણા, નદી લહરીમાં, ભ્રૂવિલાસો નિહાળું,
એક સ્થાને જડતું નથી, હા! ચંડિ! સાદૃશ્ય તારં.

રીસાયેલી પ્રણયથી તને, ધાતુરંગે શિલામાં
આલેખીને ચરણનમવા જાઉં છું તેટલામાં;
રુંધે દૃષ્ટિ, ઘડિ ઘડિ ઘડિ આંસુડાં ઊભરાતાં,
વેઠાયે ના, કઠણ વિધિથી આપણો સંગ એમાં.
તોયે આશા કંઈ કંઈ ધરી, પ્રાણને હું નિભાવું,
માટે એવું સમજી સુભગે! ગાભરી ના થતી તું;
કોને નિત્યે સુખ નભિ રહ્યું, એકલું દુ:ખ કોને,
નીચે ઊંચે ફરી રહી દશા, ચક્રધારા પ્રમાણે.

હે પ્રિયે, આપણો શાપ હવે જલદીથી પૂરો થશે. ચાર મહિના જેમ તેમ આંખ મીંચી વિતાવી દેજે. પછી શરદની ઊજળી રાત્રીઓમાં આપણે આપણી અધૂરી આરતો પૂરી કરીશું. અને—

પ્રીતિ તૂટે વિરહથિ? રખે માનતી કે'ણ એવાં,
થાયે રાશીરૂપ રસ વધી, પ્રેમ, ના ભોગવાતાં.

હે મેઘ, આ પ્રમાણે તું તારી ભાભીને દિલાસો આપી પાછો આવી કુશળ સંદેશો કહી મારા પ્રાણ ઉગારી લેજે. તું મિત્રનું આ કામ પૂરું કરીશ એમ ધારું છું. માટે—

સાધી, મારું પ્રિય, અઘટતું છે છતાં પ્રાર્થનાથી,
કાં મૈત્રીથી, વિરહી સમજી ને દયા આણી મારી;
વર્ષાશ્રીથી સુભગ બનતો, જા ગમે તે તું દેશ,
મા થાશો રે! ક્ષણ વીજળીથી, આમ તારે વિયોગ.*

## કુમારસંભવ: પરિચય અને ચયન

સંસ્કૃત સાહિત્યનાં પંચમહાકાવ્યોમાં કાલિદાસનું કુમારસંભવ સૌથી વધારે લોકપ્રિય છે. કાલિદાસનું રઘુવંશ કવિની પરિપક્વ પ્રજ્ઞાનું દર્શન કરાવે છે અવશ્ય, પણ કુમારસંભવમાં વિષયની પસંદગી અને નિરૂપણરીતિ કાલિદાસની સર્જકપ્રતિભાની તાજગીનો સંસ્પર્શ કરાવે છે. ઉપરાંત, કીથ કહે છે તેમ સમૃદ્ધ વૈવિધ્ય, કલ્પનાની

*શ્લોકાનુવાદ: કિલાભાઈ ઘનશ્યામ 'મેઘદૂત' (ત્રીજી આવૃત્તિ, ૧૯૨૯)

પ્રાણજ્વલતા અને લાગણીઓની ઉષ્માથી કુમારસંભવ આજના ભાવકની રુચિને વધારે સ્પર્શી જાય છે. અહીં મહાકાવ્યોચિત ઉદાત્તતા સાથે સૂક્ષ્મ સંવેદનબોધ જગાડતી તરલ ઊર્મિમયતા છે; વર્ણનાત્મકતા સાથે નાટ્યાત્મકતા છે; અપાર્થિવતા સાથે પાર્થિવતા છે.

શિવ આ મહાકાવ્યના નાયક છે, પાર્વતી નાયિકા. શિવ-પાર્વતીની કથા શતશતરૂપે ભારતીય ચિત્તતંત્રને આપ્લાવિત કરતી રહી છે. એ કથામાં આદિમ રૂપાત્મકતાથી માંડી અર્થઘટનોના અનેક સ્તર રહેલા છે. અહીં કવિએ શિવ અને પાર્વતીનું જે નિરૂપણ કર્યું છે, તે જાણે કલ્યાણ સાથે સુંદરનું સાયુજ્ય છે. (કોઈને પુરુષ-પ્રકૃતિનું પણ સાયુજ્ય દેખાય.) શિવને પામવામાં રૂપ કે કામ નહીં, તપ સહાયક બને છે. એ દ્વારા કાલિદાસે ભારતીય સંસ્કૃતિની પરંપરા પણ વણી લીધી છે. ઉમાશંકર જોશી, એટલે તો, કુમારસંભવને 'વિવાહયજ્ઞનું કાવ્ય' કહે છે. પાર્વતીના રૂપથી કે મદનના કામબાણથી નહીં, પણ પાર્વતીના તપથી શિવ પાર્વતીના ક્રીતદાસ બને છે, અને તેથી જ આ વિવાહને પરિણામે આસુરી બળોનું દમન કરવાને ક્ષમતાવાન કુમારનો — કાર્તિકેયનો જન્મ થઈ શકે છે.

કુમારસંભવ ૧૭ સર્ગોનું મહાકાવ્ય છે, પણ આરંભના ૮ સર્ગ જ કાલિદાસરચિત મનાયા છે. કાલિદાસની રચના આઠ સર્ગને અંતે શિવ-પાર્વતીના મધુરમિલન પછી અટકી જાય છે. તે પછી, કોઈ ઓછી સર્ગશક્તિવાળા કવિએ તારકાસુરવધ સુધીની કથા આલેખી જણાય છે. પણ આઠ સર્ગની કથાને લેતા પણ કુમારસંભવ રચનાની એકતા ધરાવતી કૃતિ બને છે. શિવપાર્વતીના વિવાહ પછી કુમારના 'સંભવ'નો સંકેત આપમેળે રચાઈ રહે છે.

અતિ ઉદાત્ત સૂરે અને સ્તરે કુમારસંભવનો આરંભ થાય છે—'अस्त्युत्तरस्यां दिशि देवतात्मा हिमालयो नाम नगाधिराजः ।' ('ઉત્તર દિશામાં દેવતાત્મા હિમાલય નામે નગાધિરાજ છે.') આ નગાધિરાજને જેમ પર્વત રૂપે સ્થાવર રૂપ છે, તેમ દેવતારૂપે જંગમ રૂપ પણ છે. આ નગાધિરાજને પત્ની મેનાથી એક પુત્ર મૈનાક અને પુત્રી પાર્વતી જન્મે છે. પાર્વતી છે પૂર્વાવતારની દક્ષકન્યા સતી, ભવાની. ઉમા એનું બીજું નામ. પાર્વતીનું લાવણ્ય દિવસે દિવસે વધતું જાય છે. એવું લાગે છે કે બ્રહ્માએ જાણે વિશ્વનું સમસ્ત સૌંદર્ય એક સ્થળે જોવાની ઇચ્છાથી બહુ જતનપૂર્વક તેને ન ઘડી હોય! નારદે એક વાર તેને જોઈને કહેલું કે તે શંભુની અર્ધાંગના થશે. પણ શંભુ તો સતીના દેહવિલય અને દક્ષયજ્ઞભંગ પછી એકાકી તપમાં લીન છે. તપસ્વી શિવની અનુજ્ઞાથી પાર્વતી તેમની સેવામાં પ્રવૃત્ત થાય છે. બીજી બાજુ, અસુર તારકના ત્રાસથી ત્રસ્ત થયેલા ઇન્દ્રાદિ દેવો બ્રહ્માને શરણે જઈ અસુરના ત્રાસમાંથી બચવાનો ઉપાય પૂછે છે. બ્રહ્મા કહે છે કે શંભુના વીર્યથી ઉત્પન્ન થનાર વીર જ તેને હણી શકશે અને વળી શિવના એ તેજને ધારવા એકમાત્ર પાર્વતી જ સમર્થ છે. એ બંનેને જોડો. દેવતાઓ અધીર હતા. ઇન્દ્રે કામદેવતાની સહાય લીધી, શિવના તપોવનમાં અકાલવસંત મોરી ઊઠયો અને કામની આણ પ્રવર્તી રહી. પણ તપોમગ્ન શિવને જોતાં વિશ્વાસ ખોઈ બેઠેલો કામ, પાર્વતીને જોતાં શરસંધાન કરવાનું સામર્થ્ય મેળવે છે. શિવ ક્ષણિક વિચલિત થાય છે, પાર્વતીનાં અંગેઅંગમાં શિવની રાગસભર નજરથી રોમાંચ જાગે છે. પણ બીજી જ ક્ષણે ત્રીજા નેત્રના વહ્નિથી કામ ભસ્માવશેષ બની જાય છે. શિવ પોતાના પરિવેશ સાથે અલોપ થઈ જાય છે, પાર્વતી ભોંઠી પડી જાય છે. રતિના વિલાપથી આખી સૃષ્ટિ રડી ઊઠે છે. પાર્વતીએ પોતાના રૂપની નિન્દા કરે છે. પ્રિયને ન રીઝવે તે રૂપનું શું પ્રયોજન? એને સાર્થક કરવા માટે એણે તપનો માર્ગ લેવો રહ્યો. તપસ્વીઓને પણ પાછા પાડે તેવું કઠોર તપ સુકુમાર પાર્વતીએ આચરે છે. બ્રહ્મચારી વેશે આવી સ્વયં શિવ તેની પરીક્ષા કરે છે અને પછી કહે છે –'તારા તપથી વેચાયેલો હવે તારો દાસ છું.' સપ્તર્ષિઓના માધ્યમથી શિવ-ઉમાનું સગપણ થાય છે અને પછી લગ્ન, અને લગ્ન પછી ઉન્મત્ત પ્રણયકેલિના નિરૂપણ સાથે કાલિદાસની રચના પૂરી થાય છે.

આ પ્રણયકેલિમાં રહેલો છે કુમારનો સંભવ—જન્મ.

## મદનદહન

'મદનદહન' પ્રસંગ કુમારસંભવનો એક માર્મિક પ્રસંગ છે. ઇન્દ્રના કહેવાથી 'બડાઈખોર' મદન શિવ-પાર્વતીનું મિલન સાધવાનું કામ માથે લઈ રતિ અને પોતાના મિત્ર વસંત સાથે શિવના તપોવનમાં આવી પહોંચે છે :

'ભલે' કહી શેષ શી સ્વામી આજ્ઞા શિરે ધરીને સ્મર નીકળ્યો ત્યાં.
પ્રાગુવ્યગે કાર્યની સિદ્ધિ ઇચ્છી હરાશ્રમે તે પહુંચ્યો હિમાદ્રિ.

તુરંત પુષ્પો પ્રસવ્યાં અશોકે, સ્કંધે કરી પલ્લવ કેરી સાથે
ન રાખતાં સ્પર્શ તણી અપેક્ષા નૂપુરનાદી લલનાપદોના.

પુષ્પો તણે એક જ પાત્ર ભૃંગ પીએ પ્રિયા પાછળ જ મધુને,
સ્પર્શે મીંચી નેત્ર ઊભી મૃગીને શૃંગે કરે ચેળ જ કૃષ્ણસાર.

ગીતોની વચ્ચે શ્રમબિન્દુઓથી રેળાયલી પત્રની રેખ એવા,
પુષ્પાસવે ભ્રાન્ત દૃગે દિપંતા મુખે ચૂમે કિંપુરુષ પ્રિયાને.

સુરાંગનાનું સુણ્યું ગાન તોયે સ્થાણુ હતા તે ક્ષણ ધ્યાનમગ્ન.
વિઘ્નો કદાપિય જિતેન્દ્રિયોની સમાધિમાં ભંગ કરી શકે ના.

વીરાસને છે સ્થિર અગ્રકાયા લાંબી સીધી, સ્કંધ નમેલ બેઉ,
રાખ્યાથી ચત્તા કર બેઉ જાણે પ્રફુલ્લ છે પંકજ અંક મધ્યે.

વૃષ્ટિતણા ક્ષોભ વિહીન મેઘ, જલાશયે જેવું તરંગ વ્હોણું,
નિવાતમાં જેમ સ્થિર પ્રદીપ, તેવા રહ્યા આંતર પ્રાણ રોકી.

દેખાઈ ત્યાં પર્વતરાજ કન્યા સાથે લઈ બે વનદેવતાને.

સ્તનો થકી કૈંક નમેલી જેવી, વસ્ત્રો સજ્યાં નૂતનભાનુવર્ણાં,
ફૂલે ભર્યા ગુચ્છ થકી લચેલી ટીશી ફુટી જંગમવેલ જેવી.

ને શંભુએ અંતરમાં નિહાળી ચિદાત્મ જ્યોતિ નિજ યોગ ત્યાગ્યો.

કર્યા ઉમાએ શિરથી પ્રણામ વૃષાંકને, ત્યાં અલકે સુહાતું
ખસ્યું નવું પુષ્પ કરેણનું ને ખરી પડ્યાં પલ્લવ કર્ણમાંથી.
"અનન્યપ્રેમી પતિ પામ" એવી તેને વદ્યા સત્ય જ વાણી શંભુ.

ગૌરી તપસ્વી શિવને પછી ત્યાં સમર્પતી કુંકુમવર્ણ હાથે
સુકાયલી સૂર્યકરોથી માળા બીજોની મંદાકિનીપદ્મ કેરાં.

અમોઘ સંમોહન નામ બાણ ત્યાં પુષ્પચાપે ધનુપે ચઢાવ્યું.

જરા થતાં અસ્થિર ધૈર્ય, શંભુ, સમુદ્ર ચંદ્રોદય કાલ જેમ,
બિંબો સમાણા અધરોષ્ઠવાળા ઉમામુખે લોચન ફેરવે છે.

નાના કદંબો ફરકન્ત જેવાં અંગોથી દર્શાવતી ભાવ ગૌરી,
નીચું નમાવ્યાથી વિશેષ રૂડા મુખે ઊભી વિહ્વલ દૃષ્ટિવાળા.

તે ઇન્દ્રિયક્ષોભ ફરી ત્રિનેત્રે જિતેન્દ્રિયત્વેથી બળે દબાવી
સ્વચિત્ત વિક્ષેપનું મૂળ જોવા બધી દિશાઓ ભણી દૃષ્ટિ નાખી.

અડાડી મૂઠી જમણે અપાંગે, ખભા નમાવી, પદ વામ વાળી,
તે મારવા તત્પર, રમ્ય ચાપ તાણી રહેલા સ્મરને જુએ ત્યાં.
થાતાં તપોભંગ અમર્ષ વાધ્યો, ભ્રૂભંગથી ના મુખ જાય જોયું,
ને ચક્ષુ ત્રીજા થકી ઊંચી ઝાળે તત્કાળ અગ્નિ ભભૂકી ઊઠ્યો ત્યાં.
'વારો, નિવારો, પ્રભુ ક્રોધ' એવી જ્યાં વાણી દેવોની નભે ઊઠે છે,
ત્યાં શંભુનેત્રે પ્રભવેલ અગ્નિ કંદર્પને બાળી કરે છે ભસ્મ.
(क्रोध प्रभो संहर संहरेति यावद्गिरः खे मरुतां चरन्ति।
तावत्स वह्निर्भवनेत्रजन्मा भस्मावशेषं मदनं चकार ॥)[1]

## રઘુવંશ

### અજવિલાપ

સમગ્ર સંસ્કૃત કાવ્યસાહિત્યમાં રઘુવંશનું સ્થાન અપ્રતિમ છે. કવિ કાલિદાસની [રાજ]કશક્તિનો અહીં પૂર્ણ ઉન્મેષ છે. ૧૯ સર્ગના આ મહાકાવ્યમાં રઘુવંશની ગૌરવગાથા—રાજા દિલીપથી આરંભી વિલાસી રાજા અગ્નિવર્ણ સુધી આલેખાયેલી છે. કવિ દિલીપ, રઘુ, અજ, દશરથ, રામ વગેરેના જીવનમાંથી માર્મિક અને મહત્ત્વપૂર્ણ પ્રસંગો પસંદ કરી તેનું નિરૂપણ કરતા ગયા છે.

'અજવિલાપ' રઘુવંશનો હૃદયસ્પર્શી પ્રસંગ છે. અજની પત્ની ઇન્દુમતી પર આકાશગામી નારદની વીણાનો હાર પડતાં તે મૃત્યુ પામે છે. અજ પોતાની આ પ્રિય પત્નીને ખોઈ બેસતાં વિલાપ કરે છે. સંસ્કૃત કવિતામાં કરુણરસનો આવો ઉદ્રેક કવિ કાલિદાસના જ 'કુમારસંભવ'માં આવતા 'રતિવિલાપ' સિવાય અન્યત્ર નથી.

તજી ધીરજ રાજવી છતાં
    નૃપ નેત્રો નિજ આંસુએ ભરે.
અતિ-તાપથી વજ્ર યે દ્રવે,
    પીગળે માનવી તો નવાઈ શી?
કુસુમો પણ અંગને અડી
    યદિ આયુ જનનું હરી શકે,
હણવા ચહતા વિધિ તારું
    પછી શું સાધન ના બની શકે?
અથવા મૃદુ વસ્તુ રહેંસવા
    યમરાજા મૃદુ શસ્ત્ર વાપરે:
હિમસિંચનથી હણાઈ તે
    નલિની મારી હજુય સાંભરે!
યદિ જીવિતહારી હાર આ,
    ન હણે કાં મુજને, ઉરે છતાં;
વિષ ક્યાંક સુધા બને, અને
    અમૃતેયે વિષ ઈશ્વરેચ્છાએ!
અથવા મુજ ભાગ્ય-દોષથી
    વિધિએ વજ્ર બનાવી માળ આ;
યદિ ના તરુને હણી શક્યો,
    તરુ-શાખાશ્રિત કાતરી લતા!
ન લીધું કદી તુંથી રૂસણું:
    સખિ, આવ્યો બહુ વાર વાંકમાં;
વણ વાંક અચિન્તી આજ કાં
    લઈ બેઠી મુજ શું અબોલડા?
નરી દાંભિક પ્રીતિ ધારતો
    મુજને ધૂર્ત શું માની તેં લીધો?
નહિ તો ક્યમ જાય આમ તું
    પરલોકે કંઈયે કહ્યા વિના?

---

૧. શ્લોકાનુવાદ : નાગરદાસ અમરજી પંડ્યા, 'કુમારસંભવ' (૧૯૩૫)

ગયું બે ડગલાં ભરી, અને
વળી આવ્યું તુજને લીધા વિના;
હત જીવિત આ વહો હવે
નિજ હાથે જગાવેલ વેદના!
મનથીય નથી, પ્રિયે, તને
દુભવી મેં, વદ, શેં રિસાઈ તું?
ક્ષિતિ-નાથ કહે મને ભલે,
મુજ વ્હાલી હૃદયેશ્વરી જ તું!
સુરત શ્રમ-બિન્દુએ સખિ,
મુખથી આ હજુયે સુકાયું ના;
થઈ જીવન-જ્યોત લુપ્ત ત્યાં;
વરી શી માનવીને અસારતા!
સખિ, ફૂલ-ગૂંથેલ વાંકડી
મદિલી તારી લટો રમાડતો
મૃદુ મારુત, 'આ ઊઠી જુવો!'
ઉર આશા કંઈ કૈં જગાડતો!
રજની મહીં પદ્મ પોઢિયું
અલિ-ગુંજાર સમાવી આત્મમાં;
મુખ એવું મુગું દહે મને
જહીં નિઃશ્વાસતી જે, સખિ, લટો!
શશિને ફરી શર્વરી મળે,
દયિતા તેમ જ ચક્રવાકને;
તું ગઈ, સખિ, ના મળે ફરી;
વિરહી આ ઉર ધીર શેં ધરે?
નવ-પલ્લવ-સેજ-સ્પર્શથી
ખૂંચતો જ્યાં મૃદુ અંગો ત્યાં હવે
ભ્રમશે મૃદુ અંગ શી રીતે
સજની, તારું ચિતાધિરોહણ!
સખિ, સૈયર, પ્હોળી તારી આ
પડી કેવી સૂમસામ મેખળા;
જહીં સંઘરી ગુહ્ય ગોષ્ઠિ સૌ
ઉરમાં, સંઘરી તારી સંગ એ!
મધુરો ટહુકાર કોકિલે;
મદથી આલસ ચાલ હંસીમાં,
હરિણીમહીં લોલ દૃષ્ટિ ને
ઝુલની વેલ, હિંડોલ અંગનો;—
બધું આ મુજને જિવાડવા
મુકતી ગઈ પૃથિવી પરે, છતાં
વિરહાનલની વ્યથા મહીં
બળતાં અંતર કાજ તે વૃથા!
સખિ, જોડલી કલ્પી તેં હતી
વર આ આમ્ર, પ્રિયંગુ આ લતા!
હજુ લગ્ન-વિધિય ના પત્યો
ત્યહીં તું ચાલી! શું છાજતું તને?
સખિ, તેં સ્પરશ્યો અશોક આ
ફૂલ જ્યારે રસ-વેલ વેરશે,
ગૂંથવાં ઘટતાં લટો મહીં
સહુ શું શ્રાદ્ધની અંજલિ થશે?
ગૃહિણી, ગૃહ-મંત્રી ને સખિ,
પ્રિય શિષ્યા લલિતા કલા વિષે;
સખિ, નિષ્ઠુર મૃત્યુએ તને
હરીને, શું નવ મારું હર્યું![1]

---

૧. શ્લોકાનુવાદ : [illegible], 'રઘુવંશ'-અજવિલાપમાંથી.

## ૨

# જૈન સાહિત્ય

વૈદિક, જૈન અને બૌદ્ધ એ ત્રણ ધર્મો ભારતીય સંસ્કૃતિનાં પ્રધાન અંગો છે. જેમના ૨૫૦૦મા નિર્વાણદિનના મહોત્સવની ઉજવણી સને ૧૯૭૪–૭૫માં થઈ તે ભગવાન મહાવીર (ઈ. સ. પૂ. ૫૯૯–૫૨૭) જૈન ધર્મના સ્થાપક ન હતા પરંતુ તેના ૨૪મા તીર્થંકર હતા. જૈન પરંપરા અનુસાર તેમની પૂર્વે ઋષભદેવ આદિ ૨૩ તીર્થંકરો થઈ ગયા છે; પરંતુ ૨૪મા તીર્થંકર મહાવીર અને તેમનાથી ૨૫૦ વર્ષ પૂર્વે થઈ ગયેલા ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથ(ઈ. સ. પૂ. ૮૭૭–૭૭૭)ની જ ઐતિહાસિકતા પ્રમાણિત થઈ શકે છે. પાર્શ્વનાથે પ્રબોધેલા ધર્મમાં અમુક નવાં તત્ત્વો મહાવીરે ઉમેર્યાં. દા. ત. પાર્શ્વનાથનાં અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહ એ ચાર વ્રતોમાં મહાવીરે બ્રહ્મચર્યનો ઉમેરો કર્યો. આ પાંચ મહાવ્રતો શ્રમણ-શ્રમણીએ પાળવાના અને અમુક હદે દરેક શ્રાવક-શ્રાવિકાએ પણ પાળવાનાં – એ રીતે એ જ વ્રતોને 'મહાવ્રત' અને 'અણુવ્રત' તરીકે પ્રવર્તાવ્યાં. એ રીતે સાધુ-સાધ્વી શ્રાવકા-શ્રાવિકાના ચતુર્વિધ સંઘની સુવ્યવસ્થા પણ તેમણે કરી. પ્રતિક્રમણ અર્થાત્ દોષની કબૂલાત અને પ્રાયશ્ચિત્ત ઉપર પણ મહાવીરે ખાસ ભાર મૂકયો. દેહ છે ત્યાં સુધી કંઈ ને કંઈ દોષ અજાણ્યે પણ થઈ જાય; તેથી દોષ થયો હોય કે નહીં, પણ પ્રતિક્રમણ તો કરવું જ જોઈએ એવો આદેશ તેમણે આપ્યો.

જૈન ધર્મ સર્વ જીવોની સમાનતામાં માને છે. તદનુસાર અસત્ય વાણી, વંચના અને ભૌતિક સુખોમાં પણ તે હિંસા જુએ છે. વિચારમાં હિંસા હોય, તો વાણી અને વર્તનમાં પણ ઊતરે. આવી સૂક્ષ્મ હિંસાથી પણ દૂર રહેવા માટે મહાવીરે 'અનેકાન્ત'–સિદ્ધાંત પ્રવર્તાવ્યો : 'મારો મત સાચો અને બીજાનો ખોટો' એવો દુરાગ્રહ હિંસા છે. સત્ય સાપેક્ષ છે. તેને અનેક પાસાં હોઈ શકે. તેથી અન્યના વિચારમાંથી સત્ય શોધવું તે અહિંસા છે અને સામાના દૃષ્ટિબિંદુથી તે વિચારને ન જોવો તે હિંસા છે. આમ વિચાર કે વસ્તુના યથાર્થ દર્શન માટે 'અનેકાન્ત'–સિદ્ધાંત આવશ્યક છે, અને તે જૈન ધર્મનું અતિમહત્ત્વનું પ્રદાન છે.

જૈન ધર્મ જગતકર્તા ઈશ્વરમાં માનતો નથી. તે અર્થમાં તીર્થંકર ઈશ્વર નથી, 'જિન' છે. 'જિન' એટલે કામક્રોધાદિ કષાયો(કાળપ – પાપ)ને જીતનાર. તે તો તપ-પરિશ્રમ-પુરુષાર્થ દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરી જીવમાંથી શિવ થાય છે અને થવા પ્રેરે છે. સંયમમાં વીર્ય દાખવી વર્ધમાન 'મહાવીર' બન્યા છે અને તેણે ડગલે ને પગલે 'સંયમે વીર્ય' ઉપદેશ્યું છે.

જૈન ધર્મના પુરસ્કર્તાઓ અને અનુયાયીઓએ રચેલું સાહિત્ય વિપુલ અને વૈવિધ્યપૂર્ણ છે, પણ બહુધા ધાર્મિક છે. તેને બે વિભાગમાં વહેંચી શકાય : આગમ અને આગમેતર. જૂનામાં જૂનું જૈન સાહિત્ય એટલે આગમો, જેમાં ભગવાન મહાવીરના સીધા ઉપદેશો સંકલિત થયા ગણાય છે.

તે યુગમાં સંસ્કૃત ભાષા સમાજનો અમુક જ વર્ગ સમજી શકે તેવી સાહિત્યિક ભાષા બની ગઈ હતી. મહાવીરને પોતાનો ઉપદેશ સામાન્યમાં સામાન્ય પ્રજાજન સુધી પહોંચાડવો હતો. તેથી તેમની જન્મભૂમિ મગધની લોકભાષા પ્રાકૃતમાં જ તેમણે ઉપદેશો આપ્યા. આ પ્રાકૃત ભાષાને 'અર્ધમાગધી' નામ અપાયું છે.

મગધની ભાષા તે 'માગધી'. શુદ્ધ 'માગધી'નાં લક્ષણોમાંથી થોડાં જ આ ભાષામાં જોવા મળે છે. વળી અન્ય ભાષાઓનાં તત્ત્વો પણ તેમાં સ્વીકારાયાં છે. બધાં સ્થળના અને સીમાપ્રાંતોના લોકો પણ સમજે એટલા માટે મહાવીરે આવી મિશ્ર ભાષાનો પ્રયોગ કર્યો, અને તે 'અર્ધમાગધી' તરીકે ઓળખાઈ. પરંતુ આજે મળતાં આગમોની ભાષા આ અસલ 'અર્ધમાગધી' પણ નથી, તે 'માગધી' કરતાં 'મહારાષ્ટ્રી'ને વધારે મળતી આવે છે. તેનું કારણ આગમોની ત્રણ વાચનાઓ ગણી શકાય.

મહાવીરે આપેલા ઉપદેશો તેમના મુખ્ય શિષ્યો—ગણધરો—એ નોંધી લીધેલા. પછીથી તેમને વાઙ્મય રૂપ અપાયું જે 'ગણિપિટક' ગણાય છે. તેના આધારે ઉપાધ્યાયો શ્રમણોને શીખવતા. ગ્રંથાકારમાં મળતાં ૧૨ અંગો, ૧૨ ઉપાંગો, ૬ છેદસૂત્રો, ૪ મૂલસૂત્રો, ૨ અનુયોગદ્વારસૂત્ર અને નન્દીસૂત્ર તથા ૧૦ પ્રકીર્ણકો મળી ૪૬ આગમો રચાયાં. પાછળના વિવરણરૂપ નિર્યુક્તિ આદિ ગ્રંથો ઉમેરી કેટલાક આગમોની સંખ્યા ૮૫ની પણ ગણે છે.

ભગવાન મહાવીરના નિર્વાણ બાદ લગભગ ૧૦૦૦ વર્ષે જે શ્રુત લેખારૂઢ થયું તેમાં ભાષાકીય પરિવર્તનો સારા પ્રમાણમાં આવી ગયાં હોય તે સ્વાભાવિક છે.

મૂળ 'આગમો' સાથે તેના વિવરણરૂપ 'નિર્યુક્તિ', 'ચૂર્ણિ', 'ભાષ્ય' અને 'ટીકા'ને જોડતાં 'પંચાંગી' થાય છે. ભદ્રબાહુએ દશ નિર્યુક્તિઓ રચી છે. ઘણીખરી ચૂર્ણિઓ જિનદાસ ગણી મહત્તર(ઈ. સ.નું સાતમું શતક)ની રચેલી છે. આગમના અન્ય ખ્યાતનામ ટીકાકારો છે હરિભદ્રસૂરિ, શીલાંકાચાર્ય, શાંતિસૂરિ, દેવેન્દ્ર (નેમિચંદ્ર), અભયદેવ અને મલયગિરિ.

આગમોમાં ગદ્ય અને પદ્ય બંનેનો ઉપયોગ થયો છે. તેમાં આચારાદિ ધાર્મિક વિષયોની સુંદર છણાવટ કરાઈ છે એટલું જ નહીં, પરંતુ સાહિત્યિક દૃષ્ટિએ પણ તે આગવું મહત્ત્વ ધરાવે છે. ઉપદેશના પ્રતિપાદન માટે પુષ્કળ રસિક કથાઓ તેમાં કહેલી છે. તત્કાલીન સામાજિક જીવનનાં વિવિધ પાસાં પર આ પ્રાચીન સાહિત્ય સારો પ્રકાશ પાડે છે. પાંડવો, કૃષ્ણ આદિની કથાઓ પણ તેમાં સમાવેલી છે.

ઉપાંગોમાં ખગોળ, ભૂગોળ, જગદુત્પત્તિ, સમયસિદ્ધાંત વગેરે વિશેનાં વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુઓ રજૂ થયાં છે. સ્થાપત્ય, નગર-આયોજન, સંગીત, નૃત્ય, કળા, શૃંગારવૈવિધ્ય વગેરેના આલેખન દ્વારા તેમાં પ્રાચીન ભારતીય સમાજનું ચિત્ર ઉપસાવવામાં આવ્યું છે.

લુપ્ત થયેલ અસલ શ્રુતની અવેજીમાં ભદ્રબાહુએ રચેલ 'कल्पसूत्र' પાછળનું હોવા છતાં બધા જ જૈનોમાં પરમ આદર પામેલ છે. તે ત્રણ વિભાગોમાં વહેંચાયેલું છે: 'જિનચરિત', 'સ્થવિરાવલિ' અને 'સામાચારી'. પ્રથમ વિભાગમાં કાવ્યમય શૈલીમાં મહાવીરનું ચરિત આલેખેલું છે, અને તે પછી બાકીના તીર્થંકરોનાં ચરિત વર્ણવેલાં છે. બીજા વિભાગમાં ગણો, તેમની શાખાઓ અને ગણધરો અને આચાર્યો વિશેની માહિતી આપેલી છે. આ થેરાવલિ ભદ્રબાહુથી પણ આગળ જાય છે એટલે એ ભાગ તેમની કૃતિ ન હોય; પરંતુ તેમાંનાં નામોની ઐતિહાસિકતા ઈ. સ.ના પ્રથમ શતકના શિલાલેખો દ્વારા પુરવાર થાય છે. ત્રીજા ભાગમાં સાધુઓ માટેની આચારસંહિતા વ્યવસ્થિત રીતે આપેલી છે, વિશેષત: પર્યુષણના નિયમો છે. ત્રણે વિભાગની શૈલીમાં ઘણો તફાવત છે — પહેલા ભાગમાં આલંકારિક ગદ્ય છે, બીજો આખો પદ્યમાં છે અને ત્રીજામાં સાદું જૂનું ગદ્ય છે.

મૂલસૂત્રોમાં ઉત્તમ ઉપદેશોને વિવિધ પ્રકારની કથાઓ તથા સરસ સંવાદોમાં મૂકી રસપ્રદ બનાવેલા છે. સંવાદો દ્વારા અપાયેલ આધ્યાત્મિક ઉપદેશ સચોટ બની ગયો છે. એક ઉદાહરણ જોઈએ.

'उत्तराध्ययनसूत्र'ના નવમા અધ્યયનમાં આવો એક સુંદર સંવાદ છે. ચાર સ્વયં-સંબુદ્ધોમાંના એક મિથિલાના રાજર્ષિ નમિ(જનક વિદેહી)એ પરિવ્રજ્યા લઈ અભિનિષ્ક્રમણ કર્યું, ત્યારે દેવરાજ ઇન્દ્ર બ્રાહ્મણનું રૂપ લઈને તેમની કસોટી કરવા આવ્યો. જતાં પહેલાં ક્ષત્રિય તરીકેની અમુક અમુક ફરજો બજાવવા તેણે તે

રાજર્ષિને પ્રેર્યા, અને નમિએ તેને પોતાની ઉચ્ચ ભૂમિકાને શોભે તેવા સચોટ જવાબો આપ્યા. આ સંવાદ દરમિયાન ઇન્દ્ર હજી આગુનમ રહેલા રાજાઓને જીતીને જવાની વિનંતી કરે છે, ત્યારે નમિ રાજા તેનો સચોટ જવાબ આ પ્રમાણે આપે છે:

"દશ લાખ યોદ્ધાને જીતવા કરતાં એક પોતાની જાતને જીતવી એ પરમ વિજય છે. જાત સાથે જ યુદ્ધ કર; બાહ્ય યુદ્ધનો શો અર્થ છે? જાતને જ, પોતાની જાતને જ જીતીને સુખ મેળવાય છે. પાંચ ઇન્દ્રિયો, ક્રોધ, માન, માયા તેમ જ લોભ અને પોતાની જાત દુર્જેય છે. આત્માને જીતતાં સર્વ જિતાઈ જાય છે." (૩૪–૩૬)

સ્વાભાવિક રીતે આવની રોજિંદા જીવનમાંથી લીધેલી ઉપમાઓ ઉપદેશને અસરકારક બનાવે છે. અને સુભાષિતો તો અહીં થોકબંધ મળે છે. દા. ત.:

'ઇચ્છા તો આકાશ જેવી અનન્ત છે.'
'પાપદૃષ્ટિ લઘુાગ છે.'
'કરેલાં કર્મમાંથી કદી છૂટાતું નથી.'
'પ્રાણીઓ કર્મસત્ય છે.'
'કર્મ કરનારની પાછળ પડે છે.'

'उत्तराध्ययनसूत्र'ના દશમા અધ્યયનમાં પોતાના મુખ્ય ગણધર ઇન્દ્રભૂતિ ગૌતમને ભગવાન મહાવીર સૂચના આપે છે કે 'સહેજ સમયનો પણ પ્રમાદ કરવો નહીં.' આ અધ્યયનના દરેક સૂત્રનું છેલ્લું ચરણ 'समयं गोयम मा पमायए' એવું છે. આવાં ધ્રુવપદો તો શ્રુતમાં અનેક સ્થળે આવે છે.

દિગંબરોના ધર્મગ્રંથો 'અંગ' અને 'અંગબાહ્ય' એવા બે વિભાગોમાં વહેંચાયેલા છે. અંગોના નામ તો શ્વેતાંબરોનાં અંગો પ્રમાણેનાં જ છે. માત્ર લુપ્ત થયેલ 'દૃષ્ટિવાદ'ના વિષયમાં ભેદ છે. ભૂગોળ-ખગોળ આદિના ગ્રંથો 'દૃષ્ટિવાદ'ના પરિકર્મગ્રંથોમાં તેઓ મૂકે છે. તેઓના 'અંગબાહ્ય' ગ્રંથોમાં ૧૪ પ્રકીર્ણકો આવે છે. આ ઉપરાંત તેઓનું એક 'ગૌણ આગમ' છે, જે 'ચાર વેદ'ના નામથી ઓળખાય છે, તેમાં 'પ્રથમાનુયોગ', 'કથાનુયોગ', 'દ્રવ્યાનુયોગ' અને 'ચરણાનુયોગ' એવા વિભાગો રાખેલા છે, તે દરેકમાં મહત્ત્વપૂર્ણ ગ્રંથોનો સમાવેશ થાય છે.

જૈનોનું 'આગમેતર' સાહિત્ય પ્રાકૃત — જૈન મહારાષ્ટ્રી — અને સંસ્કૃત ઉપરાંત અપભ્રંશ તથા પ્રાદેશિક ભાષાઓમાં પણ રચાયું છે. એ વિપુલ અને વૈવિધ્યપૂર્ણ સાહિત્યનો સંક્ષિપ્ત સાર આપણે જોઈએ.

ભદ્રબાહુ પછી ધર્મના સિદ્ધાંતો ચર્ચતો પ્રથમ ગ્રંથ ઉમાસ્વાતિનું (ઈ. સ.ની પહેલી સદી) 'तत्त्वार्थाधिगमसूत्र' છે, જેને બંને સમ્પ્રદાયના જૈનો પ્રમાણભૂત ગણે છે. પછી આવે સિદ્ધસેન દિવાકર જેમને ઈ. સ.ની પહેલી સદીથી સાતમી સદી સુધીમાં મૂકવામાં આવે છે. આ મહાન કવિનૈયાયિકનો 'न्यायावतार' જૈનોનો ન્યાય ઉપરનો પ્રથમ સ્વતંત્ર ગ્રંથ છે. હરિભદ્રસૂરિ(ઈ. સ. ૭૦૫–૭૭૫)ના 'षड्दर्शनसमुच्चय', 'लोकतत्त्वनिर्णय' વગેરે દાર્શનિક ગ્રંથો પ્રખ્યાત છે; જ્યારે મહેશ્વરસૂરિ(ઈ. સ.નું દશમું શતક)ની 'संजममञ्जरी'માં ૩૫ અપભ્રંશ દોહા છે અને તેની વિસ્તૃત ટીકામાં સંસ્કૃત, પ્રાકૃત તથા અપભ્રંશ અવતરણો આપેલાં છે.

કલિકાલસર્વજ્ઞના 'योगशास्त्र', 'वीतरागस्तव' આદિ ગ્રંથો પણ સુપ્રસિદ્ધ છે. તેમની એક બત્રીશી ઉપર મલ્લિસેને (ઈ. સ. ૧૨૯૨) 'स्याद्वादमञ्जरी' નામનો વિશાળ ટીકાગ્રંથ લખ્યો છે. દેવેન્દ્રસૂરિ (ઈ. સ.નું તેરમું શતક) પણ તેમના 'કર્મગ્રંથો' માટે જાણીતા છે.

દિગંબરોમાં પ્રાચીનતમ દાર્શનિક લેખક કુન્દકુન્દ (ઈ. સ.નું પ્રથમ શતક) છે, જેમણે પ્રાકૃતમાં જ રચનાઓ કરી છે. તેમના 'पञ्चास्तिकाय', 'समयसार', 'प्रवचनसार' વગેરે ગ્રંથો ઊંડી અસર ઉપજાવનારા છે. તેમના પછી નોંધપાત્ર લેખકો ગણાય 'आप्तमीमांसा' આદિના કર્તા સમન્તભદ્ર (ઈ. સ. ૬૦૦), ઉપરાંત

પૂજ્યપાદ (ઈ. સ. ૭૦૦), અકલંક (ઈ. સ. ૭૫૦), વિદ્યાનંદ (ઈ. સ. ૮૦૦), પ્રભાચંદ્ર (ઈ. સ. ૮૨૫ આસપાસ), સિદ્ધાંતચક્રવર્તી નેમિચંદ્ર (ઈ. સ.નો દસમો સૈકો), અમિતગતિ (ઈ. સ. ૧૦૦૦ આસપાસ), આશાધર (તેરમા શતકનો આરંભ), સકલકીર્તિ (ઈ. સ. ૧૪૬૪ આસપાસ) અને શ્રુતસાગર (પંદરમા શતકનો અંત).

વ્યાકરણ ગ્રંથોમાં હેમચંદ્રનું 'सिद्धहेमशब्दानुशासन' શ્રેષ્ઠ ગણાય. તેમાં પ્રાકૃત અને અપભ્રંશનું વ્યાકરણ પણ સમાવેલું છે. ગુજરાતનું પ્રથમ ઇતિહાસકાવ્ય લેખાય એવું તેમનું સંસ્કૃત અને પ્રાકૃતમાં લખાયેલું 'द्वयाश्रयमहाकाव्य' ચૌલુક્યવંશના સિલસિલાબંધ ઇતિહાસની સાથે સાથે વ્યાકરણના નિયમોનાં ઉદાહરણો ક્રમબદ્ધ રીતે પૂરાં પાડે છે. 'काव्यानुशासन', 'छंदोऽनुशासन', 'अभिधानचिन्तामणि' 'अनेकार्थसंङ्ग्रह' વગેરેના કર્તા ગુજરાતના આ મહાન સાહિત્યાચાર્યે સાહિત્યનાં સર્વ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રદાન કરેલું છે.

જીવનદર્શનમાં જૈન તત્ત્વજ્ઞાન ખૂબ ઊંડું ઊતરેલું છે. તેમાં વાદિવેતાલ શાંતિસૂરિ(અગિયારમું શતક)નું 'जीवविचारप्रकरण' ખાસ ઉલ્લેખનીય છે. તેમાંથી જીવનશાસ્ત્ર, ઉદ્‌ભિજ્જશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર અને માનવ-શાસ્ત્રનું જ્ઞાન નીતરે છે.

જૈનોનું કથાસાહિત્ય અતિ વિપુલ અને રસસભર છે. આમ તો આગમોથી માંડીને સર્વ પ્રકારના ગ્રંથોમાં સ્થળે સ્થળે વાર્તાઓ જોવા મળે છે. પરંતુ સ્વતંત્ર કથાગ્રંથો પણ ઘણા છે. તે સર્વમાં પ્રાચીનતમ ગણાય આશરે પાંચમા શતકમાં રચાયેલ સંઘદાસગણિ વાચકનું 'वसुदेवहिण्डी'–પ્રથમ ખંડ. સામાન્ય રીતે દૃઢ પણ વર્ણનાત્મક ભાગોમાં સમાસપ્રચુર પ્રાકૃત ગદ્યમાં રચાયેલો આ ગ્રંથ લગભગ સાડા દસ હજાર શ્લોકપ્રમાણ ધરાવે છે. કથાઓ અને ઉપકથાઓથી સમૃદ્ધ અને સમકાલીન સમાજનું પ્રતિબિંબ પાડતો આ વિશિષ્ટ ગ્રંથ પ્રાચીન પ્રાકૃત ગદ્યનો ઉત્કૃષ્ટ નમૂનો છે. બીજા નોંધપાત્ર કથાગ્રંથોમાં અજ્ઞાતકર્તૃક 'कथाकोश' (અગિયારમું–બારમું શતક), શુભશીલગણિ કૃત 'कथाकोश' (પંદરમું શતક), સોમચંદ્ર રચિત 'कथामहोदधि' (પંદરમું શતક) અને હેમવિજયના 'कथारत्नाकर'(સત્તરમું શતક)નો સમાવેશ થાય. ઉપકથાસહિત સળંગ કથાઓમાં પાદલિપ્તાચાર્યની 'तरङ्गवती' (પહેલો સૈકો), હરિભદ્ર(૭૦૫–૭૭૫)ની 'समराइच्चकहा' અને ધનપાલની 'तिलकमञ्जरी'(દશમું શતક)ની નોંધ લેવી જોઈએ. રૂપકગ્રંથિ દ્વારા માનવજીવનનું વર્ણન કરતી સિદ્ધર્ષિની 'उपमितिभवप्रपञ्चकथा' (ઈ. સ. ૯૦૬) જૈનોની પ્રથમ વિસ્તૃત કથા છે.

તીર્થંકરાદિનાં ચરિત્રો નિરૂપતા ઘણા ગ્રંથો સંસ્કૃત તેમ જ પ્રાકૃતમાં રચાયા છે. તેમાં હેમચંદ્રનું त्रिषष्टिशलाकापुरुषचरित ખાસ નોંધપાત્ર છે. લગભગ ૩૫,૦૦૦ શ્લોકપ્રમાણના દશ પર્વમાં વહેંચાયેલા આ મહાકાવ્યમાં ઋષભાદિ ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, ૯ બલદેવો, ૯ વાસુદેવો અને ૯ પ્રતિવાસુદેવો – એ ૬૩ શલાકાપુરુષોનાં જન્મજન્માંતરોનાં ચરિત્રો ગૂંથી લીધેલાં છે. તે એક ઉચ્ચ કક્ષાનું કાવ્ય હોઈ ભાષાકીય, ઐતિહાસિક પરંપરામાં તેના પરિશિષ્ટરૂપે હેમચંદ્રે વિશિષ્ટ સૂરિઓનાં ચરિતોને આલેખતું 'परिशिष्टपर्व' રચ્યું છે. તે બંને ગ્રંથો સમકાલીન સામાજિક સ્થિતિ ઉપર ઘણો પ્રકાશ પાડે છે. તેના અનુસંધાનમાં પ્રભાચંદ્રનું 'प्रभावकचरित' (ઈ. સ. ૧૨૭૭) ગણી શકાય. આ જ પ્રકારની ઐતિહાસિક કથાઓના પ્રબંધગ્રંથોમાં જિનભદ્રની 'प्रबन्धावलि' (ઈ. સ. ૧૨૩૪) જૂનામાં જૂની ગણાય. આ શ્રેણીમાં નોંધપાત્ર અન્ય ગ્રંથો મેરુતુંગાચાર્ય કૃત 'प्रबंधचिंतामणि' (ઈ. સ. ૧૩૦૫), જિનપ્રભકૃત 'विविधतीर्थकल्प' (૧૩૩૩) અને રાજશેખરકૃત 'प्रबंधकोश' (૧૩૪૯) છે. આ ઉપરાંત એક અજ્ઞાન કર્તૃક 'लघुप्रबंधसङ्ग्रह' વડોદરાથી પ્રગટ થયો છે, જે તેરમા શતકમાં રચાયેલો મનાય છે.

દિગંબરોના કથાગ્રંથોમાં તામિલમાં રચાયેલ તિરુત્તક્કદેવરકૃત 'जीवकचिंतामणि' (દસમો–અગિયારમો સૈકો) અને ધનપાલની અપભ્રંશ 'भविसयत्तकहा' (દસમો સૈકો) નોંધપાત્ર છે. 'भविसयत्तकहा' અપભ્રંશ ભાષામાં પણ કેવી ગંભીર રચના થઈ શકે છે તેનો સુંદર નમૂનો છે. સોમદેવનું 'यशस्तिलकचम्पू' (દસમો સૈકો) એ રાજા મારિદત્તની ગદ્યપદ્યમિશ્રિત પ્રખ્યાત કથા છે જે સમકાલીન સામાજિક સ્થિતિનાં પણ વિશદ દર્શન કરાવે છે.

નાટકોમાં રામચંદ્રનું 'रघुविलास', હસ્તિમલ્લનું 'मैथिलीकल्याण' અને હરિશ્ચંદ્રનું 'जीवधरनाटक' ઉલ્લેખનીય છે. જયસિંહનું 'हम्मीरमदमर्दन' (તેરમું શતક) ધોળકાના વીરધવલે મુસલમાન હમ્મીરને હાંકી કાઢેલો તેની કથા રજૂ કરતું ઐતિહાસિક નાટક છે; જ્યારે યશઃપાલનું 'मोहराजपराजय' (બારમું શતક) કુમારપાલની 'અમારિઘોષણા'ને કેન્દ્રમાં રાખી રચાયેલ સમકાલીન કવિ અને મંત્રીનું સુંદર રૂપક છે.

જૈનોનું સ્તોત્રસાહિત્ય અતિવિપુલ છે. આ સ્તોત્રો સંસ્કૃત-પ્રાકૃત તથા આધુનિક પ્રાદેશિક ભાષાઓમાં રચાયાં છે. આમાં બંને સંપ્રદાયોને માન્ય માનતુંગાચાર્યનું 'भक्तामरस्तोत्र' ખૂબ પ્રસિદ્ધિ પામેલું છે. જિનદત્ત-સૂરિ(૧૦૭૫–૧૧૫૪)ની 'चर्चरी', 'उपदेशरसायनरास' અને 'कालस्वरूपकुलक' એ અપભ્રંશકાવ્યત્રયી અપભ્રંશના લય અને પ્રૌઢિના સમન્વયનો ખ્યાલ આપે તેવી છે.

જૂની ગુજરાતી ભાષામાં પણ જૈન રાસો તથા ઈતર સાહિત્ય સારા પ્રમાણમાં રચાયેલું છે.

જૈન લેખકોની — ખાસ કરીને મધ્યકાલીન જૈન લેખકોની — સંસ્કૃત ભાષા પ્રાકૃત અને પ્રાદેશિક બોલીઓની અસર સારા પ્રમાણમાં દર્શાવતી હોઈ આગવી વિશિષ્ટતા ધરાવે છે અને તેથી કેટલાક વિદ્વાનોએ તેને 'જૈન સંસ્કૃત' એવું નામ આપ્યું છે.

## ૩

# બૌદ્ધ સાહિત્ય

ઈ. પૂ. છઠ્ઠો સૈકો વિશ્વના વિવિધ દેશોમાં આધ્યાત્મિક અને બૌદ્ધિક આન્દોલનોથી અંકિત થયો છે. ભારતમાં પણ ત્યારે બુદ્ધ અને મહાવીરે વિચારક્રાન્તિ આણી.


વૈદિક ધર્મને જકડી રહેલ ક્રિયાકાણ્ડની કર્મજાળના પ્રતીકરૂપે ઊઠેલાં આન્દોલનોમાં બૌદ્ધ ધર્મ એક સીમાચિહ્‌ન બની ગયો. જ્ઞાનનો પ્રકાશ લાધતાં 'તથાગત' થયેલ ભગવાન બુદ્ધે ૪૫ વર્ષ પર્યન્ત સાચા સુખની ચાવીરૂપ પ્રેમ-ઔદાર્ય, ત્યાગ, સાદાઈ અને સમતા પ્રબોધ્યાં. ૮૦ વર્ષની વયે નિર્વાણ પામનાર એ મહાપુરુષના આ ઉપદેશમાંથી તેમના જીવનનાં બે પાસાંનાં દર્શન થાય છે: વૈયક્તિક અને સામાજિક. પ્રથમ દૃષ્ટિ છે સ્થવિરવાદ અર્થાત્ થેરવાદની, જેને સમ્રાટ અશોક પણ અવલમ્બેલો. તે પ્રમાણે બુદ્ધ દેવ નહીં, મનુષ્ય છે; તારક નહીં, શિક્ષક છે. બીજી પરંપરા લોકદુ:ખનિવારણની ભાવનાથી બહુજનહિતાય બોધ આપનાર ભગવાનની માનવજાત પ્રત્યેની અનુકમ્પા ઉપર આધારિત છે, જેને કુશાણો (ઈ. સ. ૭૦–૪૮૦) અને ગુપ્તો (ઈ. સ. ૩૨૦–૬૫૦)ના શાસનકાળમાં ઠીક ઠીક પુષ્ટિ મળી. શ્રીલંકા, બ્રહ્મદેશ અને થાઈલૅન્ડમાં પ્રથમ પરંપરા પ્રચલિત છે; જ્યારે નેપાલ, તિબેટ, કોરિયા, ચીન તથા જાપાનમાં બીજી.

ભગવાન બુદ્ધે આમજનતાની ભાષા 'પાલિ'માં ઉપદેશ આપ્યો, જે તેમના શિષ્યોએ 'વિનયપિટક', 'સુત્તપિટક' અને 'અભિધમ્મપિટક' એ 'ત્રિપિટક'માં સંગ્રહ્યો. ભિખ્ખુઓ અને ભિખ્ખુણીઓ માટેની આચાર-સંહિતારૂપ 'વિનયપિટક' પાંચ વિભાગોમાં સચવાયો છે: 'મહાવિભંગ', 'ભિખ્ખુણીવિભંગ', 'મહાવગ્ગ' 'ચુલ્લવગ્ગ' અને 'પરિવાર'. આમાંનો 'મહાવગ્ગ' બૌદ્ધ સંઘના વિકાસના ઇતિહાસની દૃષ્ટિએ વિશેષ મહત્ત્વ ધરાવે છે, જ્યારે 'ચુલ્લવગ્ગ'ના સાતમા પ્રકરણમાં બુદ્ધના જીવનકાળ દરમ્યાન જ સંઘમાં વિખવાદનાં બીજ રોપાયાં હતાં તેવું સૂચન મળી રહે છે.

બુદ્ધના ઉપદેશોના સંગ્રહરૂપ 'સુત્તપિટક' પણ પાંચ 'નિકાયો'માં સચવાયો છે: 'દીઘનિકાય', 'મજ્ઝિમ-નિકાય', 'સંયુત્તનિકાય', 'અંગુત્તરનિકાય' અને 'ખુદ્દકનિકાય'. 'દીઘનિકાય'નાં ૩૪ સુત્તોમાંના ૧૬ જ દીર્ઘ — લાંબાં છે — તેના 'પાસાદિકસુત્તન્ત'માં 'નિગંઠનાતપુત્ત'ના નિર્વાણ પછી તરત જ તેમના અનુયાયીઓમાં પડેલી ફાટફૂટને અનુલક્ષીને અપાયેલ ઉપદેશ છે; જ્યારે 'સંગાલોવાદસુત્તન્ત' સામાન્ય ભક્ત માટેની બુદ્ધની વ્યાપક દેશનાની દૃષ્ટિએ આગવું મહત્ત્વ ધરાવે છે. કેટલાક તેને અશોકના 'ધમ્મ'ના મૂળસ્રોત તરીકે પણ લેખે છે.


પાંચમા 'ખુદ્દકનિકાય'ના પંદર ગ્રંથો છે: ''ખુદ્દકપાઠ', 'ધમ્મપદ', 'ઉદાન', 'ઇતિવુત્તક', 'સુત્તનિપાત', 'વિમાનવત્થુ', 'પેતવત્થુ', 'થેરગાથા', 'થેરીગાથા', 'જાતક', 'નિદ્દસ', 'પટિસંભિદા', 'અપદાન', 'બુદ્ધવંસ' અને 'ચરિયાપિટક'. આમાંના 'ધમ્મપદ'ની ગણના વિશ્વસાહિત્યમાં થાય છે. વિષયાનુસાર ૨૬ વર્ગોમાં વહેંચાયેલ તેનાં ૪૨૩ પદ્યોમાં બુદ્ધે પ્રબોધેલ દર્શન તેમ જ જીવનમાર્ગ સુસ્પષ્ટ રીતે ચર્ચાયાં છે. તેમાં સમાધિ વડે સ્થિર થયેલ અને પ્રજ્ઞાથી દૃઢ બનેલ 'શીલ' પર ભાર મૂક્યો છે તથા આનન્દપ્રમોદ તેમ જ આત્મ-દમનથી દૂર રહી બુદ્ધ, ધર્મ અને સંઘની ત્રિમૂર્તિ ઉપર આધારિત મધ્યમ વર્ગના અનુસરણને જીવનાનન્દનો

## मूल संघ




[राधाकुमुद मुकर्जी कृत 'हिंदू सभ्यता' में से]

# પૌરાણિક દ્વીપો




એસ. મુઝફ્ફરઅલી કૃત 'ધ જ્યૉગ્રફી ઑફ ધ પુરાણાઝ' (પ્રકાશક: પીપલ્સ પબ્લિશિંગ હાઉસ, ન્યૂ દિલ્હીના આધારે)

ઉપાય કહ્યો છે. મનુષ્ય પોતે જ પોતાને ઘડે છે કે મારે છે, પવિત્ર થવામાં બીજું કોઈ મદદ કરી શકે નહીં એવું સ્પષ્ટ વિધાન કર્યું છે. સારા સાહિત્યનું સેવન કરનાર પરન્તુ તેને જીવનમાં નહીં ઉતારનારને ગાયો ગણતા પણ માલિકી નહીં ધરાવનાર ગોવાળ સાથે સરખાવ્યો છે. આ ગ્રન્થ સામાન્ય સત્યોથી સભર ભરેલો છે.

દર્શન અને નીતિવિષયક ‘અભિધમ્મપિટક’ના સાત ગ્રંથો છે: ‘ધમ્મસંગણિ’, ‘વિભંગ’, ‘ધાતુકથા’, ‘પુગ્ગલપઞ્ઞત્તિ’, ‘કથાવત્થુ’, ‘યમક’ અને ‘પટ્ઠાન’.

જૈન આગમોની જેમ બૌદ્ધ આગમોને નિશ્ચિત રૂપ આપવા માટે ચાર ‘સંગીતિઓ’ અર્થાત્ પરિષદો મળી હતી. તેમાંની પ્રથમ તો બુદ્ધનિર્વાણ પછી તરત જ અજાતશત્રુના શાસન દરમ્યાન રાજગૃહમાં મહાકસ્સપના અધ્યક્ષપદે મળી હતી. સુભટ નામના એક ‘થેર’ (સ્થવિર) અને બીજા કેટલાકના સ્વચ્છન્દોદ્ગારથી ચોંકી આ ભિખ્ખુ પરિષદ બોલાવવામાં આવેલી, જેમાં ઉપાલી તથા આનન્દે મહત્ત્વનો ભાગ ભજવેલો. આ સંગીતિએ ‘વિનયપિટક’ અને ‘ધમ્મપિટક’ને નિશ્ચિત સ્વરૂપ આપ્યું.

આ પછી આશરે એક સદી વીત્યે વજ્જિ દેશના ભિખ્ખુઓના શાસ્ત્રવિરુદ્ધના દશવિધ વર્તનથી કાલાશોકના શાસન દરમ્યાન વૈશાલીમાં બીજી સંગીતિ મળી. તેમાં વજ્જીઓ દૂષિત ઠર્યા અને ‘વિનય’ તથા ‘ધમ્મ’ની નવી આવૃત્તિઓ ઘડાઈ, જેને પરિણામે ‘પિટકો’, ‘નિકાયો’,[1] ‘અંગો’ અને ‘ધર્મસ્કન્ધો’ થયા; બૌદ્ધ સંઘમાં ભેદ પડયા અને ‘મહાસંઘિકો’ ‘થેરવાદીઓ’થી અલગ પડયા.

સમ્રાટ અશોકે બૌદ્ધ ધર્મ સ્વીકારતાં તેની પ્રગતિ અને આબાદી વધ્યાં, કેટલાયે પાખંડીઓ બૌદ્ધ સંઘમાં ભળ્યા. પોતાના સામ્પ્રદાયિક સિદ્ધાન્તોને બુદ્ધના ઉપદેશ લેખે પ્રબોધતા આવા પાખંડીઓની સંખ્યા સાચા ધાર્મિકો કરતાં વધી પડતાં મઠે મઠે ઊજવાતા ‘ઉપોસથ’ અર્થાત્ ‘પ્રવારણા’ની ઉજવણી બંધ પડી ગઈ. તે ઊજવવા માટેના અશોકના આદેશને અવગણનાર ભિખ્ખુઓની સમ્રાટના મન્ત્રીએ કતલ કરાવી. અશોકનો સંતાપ વધી પડયો. તેના દીક્ષાગુરુ થેર મોગ્ગલિપુત્ત પર્વતપ્રદેશમાં ચાલ્યા ગયા હોઈ તેમના પુત્ર થેર તિસ્સને પૂછતાં તેમણે નિર્ણય આપ્યો કે આ હિંસામાં જો ખરાબ હેતુ ન હોય તો તેનો દોષ ગણાય નહીં. પછી અશોકે બધા ભિખ્ખુઓને પાટલિપુત્રમાં બોલાવ્યા. બુદ્ધના ઉપદેશ વિશે પૂછતાં પેલા દંભીઓએ પોતપોતાના સિદ્ધાન્તો આગળ ધર્યા. આવા ૬૦,૦૦૦ ઢોંગીઓને સંઘમાંથી દૂર કરાયા. ઉપોસથ ઊજવાયો. થેર તિસ્સે પસંદ કરેલા ૧૦૦૦ ભિખ્ખુઓએ નવ માસની મહેનતે ખરા ‘ત્રિપિટક’ની યોજના કરી. આ સંગીતિ સમક્ષ થેર તિસ્સે પાખંડી સિદ્ધાંતોનું નિરસન કરતું ‘કથાવત્થુ પકરણ’ રજૂ કર્યું. આ પરિષદના મહત્ત્વપૂર્ણ ફલસ્વરૂપે ‘સદ્ધર્મ’ના પ્રચારાર્થે વિવિધ દેશોમાં પ્રતિનિધિઓ મોકલ્યા. અશોકના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાને શ્રીલંકા મોકલ્યાં. આ પ્રચારપ્રવૃત્તિની ફલશ્રુતિરૂપે બૌદ્ધ ધર્મ માનવજાતની એક મોટી સંખ્યાનો શાસક ધર્મ બની ગયો.

ચોથી અને અન્તિમ સંગીતિ ઈ. સ. ૧૦૦ના અરસામાં કનિષ્કના આશ્રયે જાલંધર કે કાશ્મીરમાં મળી, જેમાં મતભેદો દૂર કરીને વસુમિત્રની દોરવણી નીચે ત્રણે પિટકો ઉપર એક એક લાખ શ્લોકપ્રમાણની અધિકૃત ટીકાઓ — વિભાષાઓ — લખાવાઈ. આ સર્વ ગ્રન્થો તામ્રપત્ર પર કોતરાવી પથ્થરના ડબ્બાઓમાં ભરી સ્તૂપમાં સાચવી રાખવામાં આવ્યા. આ સઘળો વ્યવહાર સંસ્કૃતમાં થયો લાગે છે. વસુબન્ધુનો ‘અભિધર્મકોશ’ આ વિભાષાઓ ઉપર આધારિત છે, અને યશોમિત્રની ટીકાઓ પણ આ વિભાષા-સાહિત્યમાંથી ઉદ્ધરણો આપે છે.

બુદ્ધનિર્વાણ પછીનાં ત્રણ શતકોમાં તો બૌદ્ધ ધર્મના ૧૮ જેટલા ભેદ પડી ગયા, જેની શરૂઆત બીજી સંગીતિ સમયે થઈ. ત્યારે ચુસ્ત રહેનાર થોડા ‘થેરવાદી’ ગણાયા જે પાછળથી ‘હીનયાન’ તરીકે જાણીતા થયા. બાકીનો મહાસંઘ અલગ થઈ ગયો, તે ‘મહાસંઘિક’ તરીકે ઓળખાયો, જે સમય જતાં ‘મહાયાન’ બની ગયો.

'પરિવાર', 'અભિધમ્મ', 'પટિસંભિદા', 'નિદ્દસ' અને 'જાતક'ના અમુક અંશને મૂળ આગમ તરીકે નહીં સ્વીકારનાર આ અલગ પડનારાઓએ 'ધમ્મ' અને 'વિનય' નવા રચ્યા તથા મહાકસ્સપની સંગીતિમાં નહીં સ્વીકારાયેલા કેટલાક અંશોને પણ સ્વીકાર્યા. સમય જતાં થેરવાદીઓના ૧૧ અને મહાસંઘિકોના ૭ ભેદ પડી ગયા, જેમાંના 'સૌત્રાન્તિક' અને 'બહુશ્રુતીય'ને 'હીનયાન' તથા 'મહાયાન'ની વચ્ચેના પુલ જેવા ગણી શકાય.

વ્યવસ્થિત બૌદ્ધ સાહિત્ય મૂળ કે ભાષાન્તર રૂપે મુખ્યત્વે પાલિ, શુદ્ધ તેમ જ મિશ્ર સંસ્કૃત, તિબેટન અને ચીની ભાષાઓમાં મળે છે. પાલિની જેમ સંસ્કૃતમાં સંપૂર્ણ બૌદ્ધ આગમ સચવાયું નથી. 'મૂલસર્વાસ્તિ-વાદી'ઓનો 'વિનયપિટક' હતો, જેનો કેટલોક અંશ ગિલગિટ હસ્તપ્રતોને આધારે પ્રકાશિત થયો છે. એક સમયે પાલિ, પ્રાકૃત, મિશ્ર સંસ્કૃત અને શુદ્ધ સંસ્કૃતમાં વિપુલ બૌદ્ધ સાહિત્ય હતું એમ માનવામાં આવે છે. પરન્તુ વિધિની વિચિત્રતા એવી છે કે આપણા દેશમાં તો આમાંથી માત્ર 'મંજુશ્રીમૂલકલ્પ' જ ઉપલબ્ધ થયો છે. બીજું બધું સાહિત્ય શ્રીલંકા, બ્રહ્મદેશ, સિયામ અને નેપાલ જેવા વિદેશોમાંથી તથા ભાષાન્તર રૂપે તિબેટ, ચીન અને મોંગોલિયાથી મળ્યું છે. મઠવાસી સાધુઓ અને તેમના શિષ્યો જ એ ગ્રન્થોનો અભ્યાસ કરતા અને મોટે ભાગે ધાર્મિક એવા એ સાહિત્યની હસ્તપ્રતો મઠના ગ્રંથાલયમાં કે ભોંયરામાં સાચવી રાખવામાં આવતી. મઠોના નાશ સાથે તે હસ્તપ્રતો પણ નાશ પામી જણાય છે.

બૌદ્ધોના આગમેતર સાહિત્યમાં 'મિલિન્દપઞ્હ', 'નેત્તિપકરણ', બુદ્ધદત્તના 'વિનય' અને 'અભિધમ્મ' પરના ગ્રન્થો, બુદ્ધઘોષ અથવા ધર્મપાલની રચેલી મનાતી પાલિ 'ત્રિપિટક' પરની ટીકાઓ—જેમાં 'જાતકો'નો પણ સમાવેશ થાય, 'દીપવંસ', 'મહાવંસ' અને 'ચૂલવંસ' જેવા શ્રીલંકાના ઇતિવૃત્તો તથા પ્રશિષ્ટ સંસ્કૃત કાવ્યની શૈલીમાં રચાયેલા પાછળના પાલિ ગ્રન્થોનો નિર્દેશ કરવો જોઈએ.

કચ્ચાયનનું 'રૂપસિદ્ધિ' અને મોગ્ગલાનનું 'સદ્દનીતિ' એ જાણીતા વ્યાકરણ ગ્રન્થો છે. બુદ્ધઘોષનું 'વિસુદ્ધિમગ્ગ' એક ઉત્તમ કથાનો મૌલિક ગ્રન્થ હોઈ બૌદ્ધદર્શનનો નાનકડો વિશ્વકોશ બની ગયો છે.

મહાયાનસૂત્રોમાં નવ ગ્રન્થો—'ધર્મો'—વધારે મહત્ત્વના ગણાય છે: 'અષ્ટ સાહસ્રિકા—પ્રજ્ઞાપારમિતા' 'સદ્ધર્મપુણ્ડરીક', 'લલિતવિસ્તર', 'લંકાવતાર', 'સુવર્ણપ્રભાસ', 'ગણ્ડવ્યૂહ', 'તથાગતગુહ્યક', 'સમાધિરાજ' અને 'દશભૂમીશ્વર'.

'વૈપુલ્યસૂત્રો'માંનું આ 'લલિતવિસ્તર' મિશ્ર સંસ્કૃતમાં અપૂર્ણ બુદ્ધચરિત હોવા છતાં તે સૌથી વધારે પદ્ધતિસરનો બુદ્ધચરિત ગ્રન્થ છે. તે પછી આવે 'મહાવસ્તુ', જે અતિવૈવિધ્યપૂર્ણ હોઈ લોકોત્તરવાદીઓના 'વિનય' ઉપરાન્ત 'દીઘ', 'મજ્ઝિમ' અને 'સુત્તનિપાત'ની વસ્તુ તેમ જ પાલિ જાતકોની કેટલીક કથાઓ પણ તેમાં સમાયેલી છે. તેની મિશ્ર સંસ્કૃત ભાષા અને શૈલીની દૃષ્ટિએ તેને ઈ. પૂ. પ્રથમ કે દ્વિતીય શતાબ્દીમાં મૂકી શકાય. જાતકોના પ્રાસ્તાવિક વિભાગ રૂપે રહેલ 'નિદાનકથા' પાલિમાં રચાયેલ એકમાત્ર બુદ્ધચરિત છે. તેના કર્તાનું નામ મળતું નથી, પરન્તુ અત્થદસ્સી, મહીશાસક સમ્પ્રદાયના બુદ્ધમિત્ત અને શુદ્ધ બુદ્ધિવાળા બુદ્ધદેવ એ ત્રણ ભિક્ષુઓનો તેને લખવા પ્રેરનાર તરીકે તેણે ઉલ્લેખ કરેલો છે. અશ્વઘોષનું અલંકૃત કાવ્ય-પદ્ધતિનું 'બુદ્ધચરિત' શુદ્ધ સંસ્કૃત કાવ્ય છે, જ્યારે ધર્મગુપ્તનું 'અભિનિષ્ક્રમણ સૂત્ર' મિશ્ર સંસ્કૃતમાં હશે—હાલ તો તે ચીની અનુવાદ રૂપે જ ઉપલબ્ધ છે.

અશ્વઘોષનું બીજું સંસ્કૃત કાવ્ય 'સૌન્દરાનન્દ' તથા પાલિ 'ચર્યાપિટક' જેવી આર્યસૂત્રની સંસ્કૃત 'જાતકમાલા' પણ ખાસ નોંધપાત્ર છે.

'મહાયાન' શાખાના પ્રાચીનતમ ગ્રન્થોમાં જેનો ઉલ્લેખ ઉપર આવી ગયો તે સંસ્કૃત 'સદ્ધર્મપુણ્ડરીક' ગદ્યપદ્યમય છે. પ્રાચીન મહાયાન ગ્રન્થોના ગદ્યની ભાષા શુદ્ધ, સુન્દર સંસ્કૃત અને પદ્યની મિશ્ર સંસ્કૃત હોય છે. 'મહાવસ્તુ' અને 'લલિતવિસ્તર' પછી થોડે અન્તરે જ—ઈ. સ.ના પ્રથમ શતકમાં જ—તેની રચના થઈ

હશે. ધર્મરક્ષે અને કુમારજીવે અનુક્રમે ઈ. સ. ૨૮૬ તથા ઈ. સ. ૩૮૩માં તેના ચીની અનુવાદો કરેલા. તે 'હીનયાન'થી 'મહાયાન'ના સંક્રાન્તિ સમયનો પ્રતિનિધિ ગ્રન્થ ગણાય.

પાલિ 'અપદાન' જેવું, શુભાશુભકર્મફલ સમજાવતી કથાઓ નિરૂપતું સંસ્કૃત 'અવદાન' સાહિત્ય પણ વિસ્તૃત છે.

તિબેટ અને ચીનની સૂચિઓ બૌદ્ધ સાહિત્યની વિપુલતાનો ખ્યાલ આપે છે. તિબેટમાં ૪,૫૬૬ ભાષાન્તરગ્રંથોનો સંગ્રહ છે, જેના 'કંજુર' અને 'તંજુર' એવા બે વિભાગ છે. ૧,૧૦૮ ગ્રન્થોના 'કંજુર'ના સાત પેટાવિભાગો છે: 'વિનય', 'પ્રજ્ઞાપારમિતા', 'બુદ્ધાવતંસક', 'રત્નકૂટ', 'સૂત્ર', 'નિર્વાણ' અને 'તન્ત્ર'; જ્યારે ૩,૪૫૮ ગ્રન્થો ધરાવતા 'તંજુર'ના 'તન્ત્ર' અને 'સૂત્ર' એવા બે જ પેટાવિભાગો છે. ચીની ભાષાન્તર ગ્રન્થો ૨,૧૮૪ જેટલા છે જે પંચાવન વિભાગોમાં પ્રકાશિત થઈ ચૂક્યા છે. તે ગ્રન્થોને પણ 'સૂત્રપિટક', 'વિનયપિટક', 'અભિધર્મપિટક' અને 'પ્રકીર્ણ' એવા ચાર વિભાગોમાં વિભાજિત કરાયા છે. તદુપરાન્ત ચીન તથા જાપાનમાં રચાયેલ 'પરિશિષ્ટ' ગ્રન્થો ૩૫ વિભાગોમાં પ્રસિદ્ધ થયા છે. ચીની 'ત્રિપિટક'નાં ત્રણ સંપૂર્ણ જાપાની ભાષાન્તરો પણ પ્રકટ થયેલાં છે. મંચુરિયાની ભાષામાં પણ તેનું ભાષાન્તર થયેલું છે. ને જ પ્રમાણે તિબેટના 'તંજુર' સાહિત્યનો અનુવાદ મોંગોલિયાની ભાષામાં થયો છે.

## ૪

# શક્તિ સંપ્રદાય (ઈશ્વર માતૃરૂપે)

વેદ જેટલું જ પ્રમાણ ગણાતું આગમનિગમનું શાસ્ત્ર છે, જોકે નિગમ એટલે વેદ અને આગમ એટલે શાસ્ત્ર એ વ્યવસ્થા પ્રસિદ્ધ છે, તોપણ તંત્રગ્રન્થોએ સ્વીકારેલી તેમની આગવી વ્યાખ્યા આ પ્રમાણે છે:

આગત શંભુમુખેથી ગત જે ગિરિજામુખે,<br>
મત જે વાસુદેવથી તેથી આગમ તે બને.

તંત્રશાસ્ત્રને આગમ કહે છે, જ્યારે પાર્વતી પ્રશ્ન પૂછે અને શિવ ઉત્તર આપે. શિવ પ્રશ્ન પૂછે ને પાર્વતી ઉત્તર આપે તે નિગમ કહેવાય.

નિર્ગત ગિરિજામુખેથી ગત જે શિવના મુખે,<br>
મત જે વાસુદેવથી નિગમ તે ગણાય છે.

અહીં આગતનો 'આ', ગતનો 'ગ' અને અભિમતનો 'મ', તે આગમ. તેને બદલે નિર્ગતનો 'નિ' તે નિગમ બને છે. શિવ-પાર્વતી સંવાદ કહો કે ગુરુ-શિષ્ય સંવાદ, એ શૈલીમાં તંત્રગ્રંથોની રચના જોવાને મળે છે. તેના મુખ્ય વિષયમાં સંસારનાં સૃષ્ટિ, સ્થિતિ ને લયની ચર્ચા, દેવીનાં નામ અને અર્ચન, સાધન અને પુરશ્ચરણ, પટ્કર્મ અને ધ્યાનયોગનો સમાવેશ થાય છે.

સંસારનાં સર્જન, પાલન અને સંહાર કરનાર એ વિશ્વેશ્વરી જગન્માતા છે; તેનાં રૂપ, નામ, ગુણ અને ક્રિયા વિશ્વની એકેએક શક્તિમાં જોવા મળે છે. એ ભાવે તેનાં પૂજનઅર્ચન અને પુરશ્ચરણ, જપ, ધ્યાન કરવા બાબતમાં આ તંત્રગ્રંથો એકવાક્યતા સાધી શક્યા છે.

રુદ્રયામલ તંત્રગ્રંથમાં જણાવ્યું છે કે, 'એ જગદંબ—વિશ્વની માતાને રાજી કરવામાં આવે, ત્યારે જ સાધકજન સિદ્ધિ મેળવે છે. તે સુકામને સુખભોગ અને નિષ્કામને મુક્તિલાભ આપે છે. તેનાં પૂજન-અર્ચન અમુક જ પ્રસંગે થાય તેવું કોઈ ન વિચારે, કારણ કે તે પોતે શાશ્વત છે અને તેનો નિવાસ સર્વત્ર સદાકાળ છે. એ સનાતની મહામાયાનો ગુણમહિમા સાધકજન સદા ગાતો રહે, તેનાં નામ, ગુણ, રૂપ અને મહિમા વિશે સાંભળતો રહે અને તેનાં પૂજનઅર્ચન કરતો રહે.

ગાંધર્વ તંત્રમાં જગન્નિયંતા પરમેશ્વરની વાણીમાં જણાવ્યું છે કે, 'ઓ મહેશ્વરી, સાધકે માનસિક ચિંતન દ્વારા અંતર્યાગ કરવો જોઈએ જેથી સાધક પોતે બ્રહ્મરૂપ બને છે. હું એ ભાવે ઈશ્વરીનાં પૂજન કરું છું. યોગીઓ અને મુનિઓ એ રીતે જ પૂજન કરે, પરંતુ ગૃહસ્થજન એ રીતે એકલા અંતર્યાગથી સિદ્ધિ મેળવી શકતો નથી. બહિર્યાગ અને અંતર્યાગ બંને સાથે કરે, તો જ તે ગૃહસ્થ સિદ્ધિ મેળવી શકે છે.

આ તંત્રપદ્ધતિમાં મૂર્તિપૂજા નથી. જેણે દેવનાં પૂજન કરવાં છે, તેણે દેવ બનવું જોઈએ. ઇષ્ટ દેવતા તે પોતાના જ આત્માનું સ્વરૂપ છે તેથી તે ભિન્નરૂપે નથી. આમ, સાચી તંત્રપૂજા તો માનસિક છે અને મનથી કરવાની છે. તે માનસપૂજાનું સાધારણ સૂક્ષ્મરૂપ યંત્ર છે. યંત્રમાં રૂપની ભાવના કરવાની છે. અહીં મંત્ર પોતે જ દેવીનું રૂપ બને છે. જપથી એ મંત્રશક્તિને જગાડવાની છે.

આ તંત્રસાધનાથી સાધક પોતાના સ્વભાવનું પરિવર્તન કરી શકે છે. ઇષ્ટદેવની સાથે તેણે એકતા સાધવાની છે; તે માટે ચાર પ્રકારના ભાવ કેળવવાના છે, તેમાં સૌથી પહેલો બ્રહ્મભાવ છે. હું અને ઇષ્ટદેવ બન્ને એકરૂપ છીએ, અમારામાં કોઈ ભેદ નથી એ બ્રહ્મભાવ સર્વોત્તમ છે. પણ તે એકદમ જાગતો નથી. તે કેળવવા ધ્યાનભાવ જગાડવાનો છે. પોતાના હૃદયરૂપી કમળ ઉપર ઇષ્ટદેવની પ્રતિષ્ઠા કરી, તેનાં ધ્યાન ધરવાનાં છે. દૂધમાં સાકર ભળી જાય, એમ મનની વૃત્તિ એકરૂપ બની બ્રહ્મભાવ લાવી આપે છે. એ ધ્યાન-ભાવ જગાડવા સ્તોત્રભાવ કેળવવાનો છે. ઇષ્ટદેવનાં સ્તોત્ર ગાવાં, ભજનકીર્તન કરવાં, તેનાં ગુણકર્મ વગેરેનો મહિમા ગાવો, કથાવાર્તા સાંભળવી, પાઠપારાયણ કરવાં, એ સ્તોત્રભાવ જગાડવાનાં સાધન છે. તે માટેનું પણ જે પહેલું પગથિયું છે તે પૂજાભાવ છે. સંસારનાં કાર્યોથી થોડોક અવકાશ લઈ, ઇષ્ટદેવનાં પૂજનઅર્ચન કરવાં જોઈએ.

બહારની પ્રતિમા કે મૂર્તિનાં પૂજન તો સાધકજનને આગળ વધવામાં ટેકારૂપ છે. શાલિગ્રામમાં વિષ્ણુ, બાણમાં શિવ, સોપારીમાં ગણેશ કે કલશમાં લક્ષ્મીની ભાવના સેવાય છે. ભગવતી જગદંબાની પૂજાપદ્ધતિમાં એક વિશેષતા એ છે કે અહીં યંત્રનાં પૂજન મુખ્ય ગણાય છે. સઘળાં શક્તિપીઠોમાં શ્રીયંત્ર, વીશોયંત્ર, ચંડી-યંત્ર વગેરેની સ્થાપના ગોખ, આંગી કે પ્રતિમામાં જોવાને મળે છે. આરાસુરનાં અંબાજીમાં વીશોયંત્ર પર આંગી કરી, વેશભૂષા પહેરાવી પ્રતિમાનું રૂપ અપાય છે. બહુચરા માતામાં ગાયત્રીયંત્ર છે, તેમ જ દક્ષિણનાં તુળજાપુર ભવાની અને બીજાં શક્તિપીઠોમાં ચંડીયંત્ર, શ્રીયંત્ર વગેરેની પ્રતિષ્ઠા કરીને, તેનાં પૂજનઅર્ચન, આરતી વગેરે થાય છે.

દુર્ગા કે ચંડીની આરાધના માટે વર્ણયંત્ર દોરવામાં આવે છે. કંકુ, અગરુ કે કેશરથી તાંબા, ચાંદી કે સોનાના પતરા પર આઠ દળનું કમળ દોરી તેને અંદરથી જોડતું ગોળ મંડળ આંકવું, તેની અંદર એક ષટ્-કોણ આંકવો, તેની વચમાં ऐं ह्रीं क्लीं ત્રણ બીજ મંત્ર મૂકી બાકીના છ વર્ણ चामुंडायै विच्चे નીચેના કોણથી લઈ ઉપર થઈને આઠ કોણમાં એક એક વર્ણ આંકવો. આમ, તેમાં નવ વર્ણ છે, માટે તેને નવાર્ણ-યંત્ર કહે છે.

તંત્રશાસ્ત્ર પ્રમાણે ષટ્કોણ એ ચંડિકાનું સ્વરૂપ છે. ત્રિકોણની ત્રણ રેખાઓ તે મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીનાં સ્વરૂપો છે, તે ચંડિકા દુર્ગા મૂળ કેન્દ્રસ્થ બીજ રૂપે છે. તે આ જગતનાં સર્જન, પાલન અને સંહાર કરવા ત્રણ રૂપ લે છે. ષટ્કોણમાં જે ત્રિકોણ અધોમુખ છે, તે જગદંબાના અવતરણને સૂચવે છે. ઊર્ધ્વમુખ ત્રિકોણ છે, તે સાધકજનની વૃત્તિઓને ઊર્ધ્વમુખ થવાનું સૂચન કરે છે. સાધકજન આ નવાર્ણયંત્રની ભાવના પોતાના હૃદય પર કરે, તે ઉત્તમ સાધના છે.

તંત્રપદ્ધતિમાં બે માર્ગ: દક્ષિણ અને વામ મુખ્ય ગણાય. દક્ષિણમાર્ગ જ્ઞાનપરક અને વામમાર્ગ ભક્તિ-કૃપાપરક છે. જ્ઞાની સાધક પોતાની અંદર ઇષ્ટદેવની અભિન્નતા સાધી ઉત્તમ સિદ્ધિ મેળવી લે છે તે ભાવ શ્રમસાધ્ય છે અને તે પરમ જ્ઞાનની સિદ્ધિ મેળવતાં અનેક અંતરાય આવે છે. તે દૃષ્ટિએ વામમાર્ગને સરળ ગણ્યો છે. અહીં કરુણામયી માની કૃપાભાવનાનાં દર્શન થાય છે. તે માની નજરે કોઈ મોટું નથી, કોઈ નાનું નથી. અહીં બધાં એકસરખાં અધિકારી છે. નર કે નારી, બાલ કે વૃદ્ધ, પતિત કે પાવન, શુદ્ધ કે મલિન, સૌ જનોને મા ખોળે લે છે અને તેનું પાલનપોષણ કરે છે. આવા આ વામમાર્ગ કે વામાચાર વિશે ગેર-સમજ ઊભી થઈ છે. તેને કેટલાક કામાચાર, દુરાચાર કે વ્યભિચારને નામે વગોવે છે. પરંતુ એ પ્રકારના આચારને અહીં સ્થાન નથી.

ભાવનોપનિષદમાં શ્રીયંત્રને સાધકજનના દેહરૂપે માન્યો છે. દેહની અંદર રહેલી નાડીઓમાં શ્રીયંત્રના તેંતાલીસ ત્રિકોણોના રૂપે મહાત્રિપુરસુંદરીનાં દેવોનાં રૂપ આંકવામાં આવ્યાં છે. જે ઉપાધિસહિત આત્મા છે,

તે ષોડશી ત્રિપુરસુંદરી અને નિરુપાધિક આત્માને પરમશિવ માની, તે ગુરુ અને શક્તિનો સમન્વય સાધ્યો છે:

श्री गुरुः सर्वकारणभूता शक्तिः। तेन नवरन्ध्ररूपो देहः। नवचक्ररूपं श्रीचक्रम्॥

સદાશિવ તે ગુરુ અને તેની સાથે શ્રીની એકતા સાધતી શક્તિ તે સર્વનાં કારણ છે. તેથી નવરંધ્રનો દેહ બને છે. તે રીતે શ્રીચક્રનાં નવચક્ર તે ભૂપુર, ત્રણવૃત્ત, ષોડશદલ, અષ્ટદલ, ચતુર્દશાર, બહિર્દશાર, અંતર્દશાર, અષ્ટાર (આરા તે કોણની રેખાઓ) અને ત્રિકોણ છે.

ઈશ્વરને પાલક પિતારૂપે ભજવાની વૃત્તિ બધા ધર્મોમાં જોવા મળે છે. ઈશ્વરને માતારૂપે – મધરહુડ ઑફ ગૉડ – ભજવાની આ તંત્રપદ્ધતિ એક અનોખું સ્થાન ધરાવે છે. વેદો અને પુરાણગ્રંથોમાં આ પ્રકાર છે ખરો, પણ આગમ અને નિગમે તે માતૃભાવને વિશેષ કેળવ્યો છે.

---

## આનંદલહરી સ્તોત્ર

આગમનિગમના તંત્રગ્રંથોને અનુરૂપ સંસ્કૃત ભાષામાં સ્તોત્રસાહિત્યની રચના છે, તેમાં 'મા જગદંબ'નો મહિમા ગાતાં ઘણાં સ્તોત્રો છે. આદ્યશ્રી શંકરાચાર્યે રચેલ સો શ્લોકોનું આનંદલહરી સ્તોત્ર અનેરી ભાત પાડે છે. તેમાં શ્રીયંત્રનું વિગતવાર વર્ણન છે. સાથે યંત્રમાં બિરાજતાં ત્રિપુરસુંદરીનાં દિવ્ય અંગોનું કાવ્યમય વર્ણન છે. તેથી તેને 'સૌન્દર્યલહરી' કહે છે. તેનો ગુજરાતી સમશ્લોકી અનુવાદ મહીસા ગામના પ્રાચીન ગુજરાતી કવિ મીઠુ હંસે કર્યો છે, તેનો ત્રીજો શ્લોક આ છે:

મટાડી મૂર્ખાનું મૂરખપણું તું શાસ્ત્ર શીખવું,
જડાંને શક્તિ તું તુજ સરસ સદ્જ્ઞાન ન્નિખવું;
દરિદ્રાને વાંછાફલ સકલ તત્કાલ અરપૂં,
બુડંતાંને જન્માંબુધિ મધિ તું બાહૂ સમરપૂં.

ચોત્રીશમા શ્લોકનો આ ભાવાનુવાદ છે:

મને તું આકાશે તું પવન તું છું શક્તિ અગ્નિ,
જલે તું પૃથ્વી તું તુજ વિન ન સૃષ્ટિ બીજી બની;
ચિદાનંદ બ્રહ્મ સ્વરૂપ નિજ આત્માનિ ધરું છું,
જગદ્રૂપે થાવા ભગતિ તું ભાવે વિહરું છું.

કવિ કાલિદાસના નામે ચડેલી પંચસ્તવીમાંના સકલજનનીસ્તવનો એક નમૂનો:

વિધૂ વિષ્ણુ બ્રહ્મા પ્રકૃતિ અણુ આત્મા દિનકર,
સ્વભાવે, જૈનેન્દ્ર, સુગતમુનિ, આકાશ મહિમ;
શિવે કે શક્તિએ શ્રુતિ વિષયને પાર પહુંચી,
વિકલ્પો એ લઈને કથત સુજનો તે ભગવતી.
શિવે તું શક્તિ તું સ્વરૂપ સમયા તું સમયિની;
તું આત્મા તું દીક્ષા અણિમ મહિમાના ગુણગણી,
અવિદ્યા તું વિદ્યા સ્વરૂપ નિખિલે કાંઈ અપર;
નહીં કોઈ ભેદ ભગવતિ સ્વરૂપે નિરખત.

શ્રી શંકરાચાર્યની ભવાનીસ્તુતિનું સમશ્લોકી ભાષાંતર શ્રી હિંમતરામ જાનીએ કર્યું છે, તેમાંથી એક:

વિધાત્રી ધર્મોની ત્યમ સકલ શાસ્ત્રોદ્ભવભૂમિ,
જડી તું અર્થોની ધનદ સરખાને નમવતી;
અને તું કામોની પ્રથમ ભૂમિકા કામજયિની,
ખરે બી ભક્તોનું નિજકૃતિતાણું બ્રહ્મ મહિષિ.

પુરાણોમાં દેવીભાગવત, કાલિકાપુરાણ અને માર્કંડેયપુરાણ દેવીમહિમા વિશેષ ગાય છે. દેવી કાલિકાના સર્વવ્યાપક ગુણોનો મહિમા કાલિકાપુરાણમાં આ રીતે છે:

તું નિત્યા તું અનિત્યા ને તું ચરાચરમોહિની,
તું સંધિની સર્વ યોગ સાંગોપાંગવિભાવિની;
યતિઓની ચિતાકીર્તિ યોગે અષ્ટાંગસંયુતા,
તું ખડ્ગિની શૂલિની તું ચક્રિણી ઘોરરૂપિણી;
તું ઈશ્વરી સૌ જનોની સર્વાનુગ્રહકારિણી,
વિશ્વની તું આદિ અનાદિ વિશ્વયોનિ અયોનિજા.
અનંતા સર્વ જગની તું છે સંહારકારિણી,
નિતાંત નિર્મલા તું છે તાપસી તું ગણાય છે.

દેવીભાગવતના મંગલાચરણનો એક શ્લોક આ છે:

તું હિંસા તું અહિંસા કાલી તું ચતુરાનના,
તું પણ સર્વજનની દમની દામિનીય તું;
આકાશ, જલ ને તેજ વાયુ પૃથ્વી તુંયે મન,
અહંકાર મહદ્‌રૂપે અષ્ટધા પ્રકૃતિ કૃતિ.

સર્જે બધાં જગત જે સદસત્ સ્વરૂપે,
શક્તિરૂપે ત્રિગુણથી વળી વિશ્વ પાળે;
અંતે રચી પ્રલય દેવી સદા રમે જે,
તેને સ્મરું મન થકી જગદંબ વિશ્વે.

'કાલી ધ મધર'માં સિસ્ટર નિવેદિતા લખે છે: "બીજા બધા કરતાં 'કાલી' આપણી વધારે નિકટ છે. બીજા વિશે આપણે અહોભાવ ધારીશું કે સ્નેહ કરીશું, પણ તેને તો આપણી ગણીશું. આપણે તેને જાણીએ કે ન જાણીએ, આપણે તેનાં બાલક છીએ. તેની ઘૂંટણો પાસે ખેલીએ છીએ. આ જીવન તો એ માની સાથે ખેલવાની સંતાકૂકડીની રમત છે. એ ખેલમાં ક્યાંક માના ચરણનો સ્પર્શ થઈ જાય તો તેની દિવ્યતાનો અનેરો અનુભવ થાય. 'મા, મા'નો પુકાર તે આનંદમાં જાગી ઊઠે."

કવિ પ્રેમાનંદ ભટ્ટે પાંચમા અધ્યાયની દેવી સ્તુતિને મારુતીદેશી રાગમાં ઉતારી છે:

દેવ કહે અહો શિવા સ્વરૂપી રે છો મંમાયા પ્રકૃતિરૂપી રે
વળી કલ્યાણરૂપી દેવી જેહ રે વળી વિધ્યાદિકની દેવી નિ:સંદેહ રે;
તેને નિયમપૂર્વક નમીએ રે નિત્ય પ્રણામપૂર્વક સ્વર્ગે શમીએ રે.
રુદ્રરૂપ નિત્યરૂપ ગૌરીરૂપ રે ધાત્રીરૂપ વળી જ્યોત્સ્ના સ્વરૂપ રે
ચંદ્રરૂપ સુખરૂપ નિર્ધાર રે કરીએ એવી દેવીને નિત્ય નમસ્કાર રે.

*

જૂનાગઢના કવિ રણછોડે શક્રાદિસ્તુતિને ગરબા રાગમાં ઉતારી છે:

શક્રાદય સુરગણ મળી અંબાના ગુણ ગાય,
જગજનની ગિરિનંદિની ભયભંજની માય,
રૂપ અનુરૂપ માતાનું વાણીથી ન કહેવાય;
સુંદરતા ત્રિલોકયમાં તેથી છબી સરસાય — શક્રાદય૦

*

કવિ ચંદ બારોટની ચંડી સ્તુતિ અત્યંત પ્રસિદ્ધ છે. તેણે માની પાસે રજૂ કરેલી માગણી, સ્તુતિને અંતે, નાગણી છંદમાં છે:

રિદ્ધિ દે સિદ્ધિ દે અષ્ટનવનિદ્ધિ દે, બંશમેં વૃદ્ધિ દે બાક બાની,
હૃદયમેં જ્ઞાન દે ચિત્તમેં ધ્યાન દે, અભય વરદાન દે શંભુ રાની,
દુ:ખકો દૂર કર સુખ ભરપૂર કર, આશ સંપૂર કર દાસ જાની
રાજનસો હીત દે કુટુંબસો પ્રીત દે, જંગમેં જીત દે શ્રીભવાની.

*

ભારત માતાને દુર્ગારૂપ ગણી યોગીવર શ્રી અરવિંદે બંગાળીમાં દુર્ગાસ્તોત્રની રચના કરી છે, તેનું ગુજરાતી કવિ શ્રી પૂજાલાલે કર્યું છે, તે ભાવના આ રીતે રજૂ થાય છે:

'હે મા દુર્ગે, અમારા દેહમાં તું યોગબળથી પ્રવેશ કર. અમે તારું યંત્ર બનીશું, તારી અશુભસંહારક તલવાર બનીશું, તારો અજ્ઞાનવિનાશક પ્રદીપ થઈશું. ભારતના યુવકગણની આ અભિલાષા પૂર્ણ કર. યંત્ર બનીને યંત્ર ચલાવ, અશુભહંત્રી બનીને તલવાર ઘુમાવ, જ્ઞાનદીપ્તિપ્રકાશિની બનીને દીપકધર પ્રગટ થા.'

# સૂચિ


અકલંક ૧૯૪
અગ્નિ ૧૬, ૨૧, ૨૪
અજાતશત્રુ ૧૬, ૧૯૭
અત્રિ ૧
'અદ્‌ભુત દર્પણ' ૧૨૧
'અનુયોગદ્વાર' ૬૮
'अनेकार्थसंग्रह' ૧૯૪
અભયદેવ ૧૯૨
'અભિધમ્મ પિટક' ૧૯૬
'अभिधानचिन्तामणि' ૧૯૪
'અભિષેક નાટક' ૯૭
અમરુ(ક) ૧૭૪, ૧૭૭
'અમરુશતક' ૧૭૭, ૧૭૮
અમાન્યિોષણા ૧૯૫
'અમિતગતિ' ૯૨, ૧૯૪
અરવિંદ ૯૨
'અરુન્ધતીદર્શન ન્યાય' ૧૪
'અર્થશાસ્ત્ર' ૯૫, ૧૨૫
અવિમારક ૯૭
અશોક ૯૫, ૧૯૭
'અષ્ટાધ્યાયી' ૯૫
અશ્વઘોષ ૬૮, ૯૫, ૯૬, ૧૯૮
અશ્વપતિ, કૈકય (રાજા) ૧૬
અશ્વિનિકુમારો ૧૭, ૨૧
અં(આં)ગિરસ ૧, ૪
અંગિરા ૬, ૭

'આનંદલહરી સ્તોત્ર' (શંકરાચાર્યનું) ૨૦૨
'आप्तमीमांसा' ૧૯૩
આરુણ ૧
આર્નોલ્ડ, મેથ્યૂ ૧૨૩
આશાધર ૧૯૪
આશ્વલાયન ગૃહ્યસૂત્ર ૬૪

'ઇનિડ' ૩૭
ઇન્દ્ર ૧, ૪, ૨૦, ૨૧, ૨૦, ૨૧
ઇબ્સન ૧૧૬

'ઈલિયડ' ૩૭, ૬૪
'ઉત્તરરામચરિત' ૧૦૫, ૧૧૧, ૧૧૫, ૧૧૬, ૧૨૦
'उत्तराध्ययनसूत्र ૧૯૨'
ઉદ્દ્યોતનસૂરિ ૬૮
ઉદ્દાલક, આરુણિ ૩, ૪, ૮, ૧૬, ૧૮, ૧૯, ૨૭, ૩૦
'उपदेश रसायनरास' ૧૯૫
ઉપનિષદો
ઈશ ૭૦
ઈશાવાસ્ય ૭, ૧૦, ૩૨
ઐતરેય ૨૪
કઠ ૫, ૬, ૯, ૧૧, ૨૬, ૭૧
કેન ૧૪
છાન્દોગ્ય ૩, ૬, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૫–૧૮, ૨૦, ૨૧, ૨૪, ૨૫, ૩૨, ૧૩૭
તૈત્તરેય ૩, ૧૪, ૧૬, ૨૨, ૨૪, ૩૧, ૧૨૪
નારાયણ ૯
બૃહદારણ્યક ૪, ૯, ૧૦, ૧૫, ૧૯, ૨૪, ૨૬, ૨૮, ૩૦, ૩૧
માંડૂક્ય ૬, ૧૧, ૨૧, ૨૬
મુંડક ૩, ૬, ૭, ૯, ૧૪
શ્વેતાશ્વતર ૯, ૨૬
'उपमितिभवप्रपञ्चकथा' ૧૯૪
ઉમાસ્વાતિ ૭૪, ૧૯૩
ઊર્ધ્વગ્રાવા ૧
ઉલ્લાઘરાઘવ ૧૨૧
ઉવટ ૫
'ઋતુસંહાર' ૧૮૩
ઋષભદેવ ૧૯૧
'એઝ યુ લાઇક ઈટ' ૧૮
'એનિમી ઑફ ધ પીપલ' ૧૨૩
ઍરિસ્ટોટલ ૩૭, ૪૧
'ઐતરેય બ્રાહ્મણ' ૧૬, ૨૧, ૨૯
'ઑડિપસ રેક્સ' ૧૨૩
'ઓડિસી' ૩૭, ૬૪
'ઓથેલો' ૩૪, ૪૮, ૫૦, ૬૩
કચ્ચાયન ૧૯૮
કણ્વ ૧
'कथामहोदधि' ૧૯૪
'कथारत्नाकर' ૧૯૪
'कथाकोष' ૧૯૪

કઠ ૧૨
કનિષ્ક ૧૯૭
કપિલમુનિ ૨૫
કર્ણભારમ્' ૯૭
'કર્પૂરમંજરી' ૧૨૧
કલિલગ વ દમનગ ૯૨
'કલ્પસૂત્ર' ૧૯૨
કશ્યપ ૨
કાણે, ડૉ. પાંડુરંગ વામન ૧૨૪, ૧૨૭
'કામસૂત્ર' ૯૫
'કાલસ્વરૂપકુલક' ૧૯૫
'કાલિકા પુરાણ' ૨૦૩
કાલિદાસ ૯૬, ૯૯–૧૦૨, ૧૦૪–૦૬, ૧૦૯, ૧૧૪, ૧૧૫,
૧૧૭, ૧૨૧, ૧૬૬, ૧૮૩, ૧૮૬–૮૭, ૧૮૯, ૨૦૨
'કાલિ ધ મધર' ૨૦૩
'કાવ્યાનુશાસન' ૧૯૪
'કિરાતાર્જુનીય' ૧૬૬
'કિંગ લિયર' ૩૫, ૪૦, ૪૧, ૫૩
કીથ ૧૮૬
કુન્દકુન્દ ૧૯૩
કુમારજીવ ૧૯૯
કુમારપાલ ૧૯૫
'કુમારસંભવ' ૧૬૬, ૧૮૬–૮૮
'કુવલયમાળ' ૬૮
કૃષ્ણમિશ્ર ૧૨૧
'કૅન્ડિડા' ૧૨૩

ખારવેલ, કલિંગના રાજા ૯૫

'ગણિપિટક' ૧૯૨
'ગલિવર્સ ટ્રાવેલ્સ' ૩૪, ૩૭
'ગંગાલહરી' ૧૮૨
ગાર્ગી ૩
ગાંધીજી ૪૫, ૫૧, ૯૨
'ગીતગોવિંદ' ૧૭૯
ગૃત્સમદ ૧
ગોએથ ૮
ગોપથ-બ્રાહ્મણ ૧૨૪
ગોવિન્દસ્વામી ૫
ગૌતમ, હારિદ્રુમત ૧૭
'ગૌતમ ધર્મસૂત્ર' ૧૨૫
ગૌતમ બુદ્ધ (ભગવાન) ૩૬, ૧૯૬
ગૌતમ, વાસુદેવ ૯

ઘોષા ૧

'ચતુર્ભાણી' ૯૬
'ચર્ચરી' ૧૯૫
ચાણક્ય ૯૫
'ચિત્રમીમાંસા ખંડન' ૧૮૨

છંદો ૧૨
'જગદાભરણ' ૧૮૨
જગન્નાથ પંડિત ૩, ૧૭૪, ૧૮૨
જનમેજય ૭૩, ૧૬૧
જમદગ્નિ ૭
જયદેવ ૧૭૪, ૧૭૯
જયસિંહ ૧૯૫
જરાસંધ ૧૭૦
જાની, હિંમતરામ ૨૦૨
જાબાલ, સત્યકામ ૧૭, ૧૮
જિનદત્તસૂરિ ૧૯૫
જિનદાસ ૧૯૨
જિનપ્રભ ૧૯૪
જિનભદ્ર ૧૯૪
'જીવકચિન્તામણિ' ૧૯૪
'જીવંધર નાટક' ૧૯૪
જુહૂ ૨
જૈમિની ૬૬, ૭૩
જૉનસન ૬૩
જોશી, ઉમાશંકર ૧૦૩, ૧૦૫, ૧૧૬–૧૮, ૧૨૨, ૧૮૭

ઝીમર ૧૦

'ટેમ્પેસ્ટ' ૩૪, ૩૭, ૫૨
'ટ્વેલ્ફ્થ નાઇટ' ૩૪

ઠાકોર, બ. ક. ૧૦૬

'તત્ત્વાર્થસૂત્ર' ૭૪
'તત્ત્વાર્થાધિગમસૂત્ર' ૧૯૨
'તન્ત્રાખ્યાયિકા' ૬૯
'તરઙ્ગવતી' ૧૯૪
તિરુત્તરદેવ ૧૯૪
'તિલકમંજરી' ૬૮, ૧૯૪
'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત' ૧૯૦
તિસ્સ ૧૯૭

'દરિદ્ર ચારુદત્ત' ૯૭
દિવાકર, સિદ્ધસેન ૧૯૩
દિવોદાસ ૭
'દૂત ઘટોત્કચ' ૯૭
'દૂતવાક્યમ્' ૯૭
દુર્વાસા ૭૬
દેવી ભાગવત ૧૩૬, ૨૦૨, ૨૦૩
દેવેન્દ્રસૂરિ ૧૯૨–૩
' પુરાણ ટેક્સ્ટ ઑફ ધ ડિનેસ્ટિઝ ઑફ ધ કલિ એજ'
૧૩૨

ધનપાલ ૬૮, ૧૯૪
'ધમ્મપિટક' ૧૯૭
'ધર્મપરીક્ષા' ૯૨
ધર્મપાલ ૧૯૮
ધર્મરક્ષ ૧૯૯
ધ્રુવ, કેશવલાલ હ. ૧૭૮

નચિકેતા ૨૧
'નટસૂત્ર' ૯૫
'નન્દિસૂત્ર' ૬૮
નહુષ ૪
'નાગાનન્દ' ૧૧૩–૧૪
'નાટ્યશાસ્ત્ર' ૯૫
નારદ ૮, ૩૨, ૩૭, ૭૩, ૧૪૭, ૧૫૧–૫૫, ૧૫૮, ૧૭૦–૭૧, ૧૮૯
'નીતિશતક' ૧૭૪–૭૫
'નીતિશાસ્ત્ર' ૮૨
નીલકંઠ ૫
નેત્તિપ્રકરણ ૧૯૮
નેમિચંદ્ર, સિદ્ધાંત ચક્રવર્તી ૧૯૪
'નૈષધીય ચરિત' ૧૭૧–૭૨
'ન્યાયાવતાર' ૧૯૩

પરીક્ષિત ૧૫૫–૫૬, ૧૬૨–૬૫
'પરિશિષ્ટપર્વ' ૧૯૪
'પઞ્ચાસ્તિકાય' ૧૯૩
'પંચતંત્ર' ૬૮
'પંચરાત્ર' ૯૭
પાણિનિ ૬૪
પાદલિપ્તાચાર્ય ૧૯૪
પાર્શ્વનાથ ૧૯૧
પુરૂરવા ૯
પુરાણો
  અગ્નિ ૧૨૬–૨૭
  કૂર્મ ૧૨૬
  ગરુડ ૧૨૬–૨૭, ૧૩૨–૩૩
  નારદીય ૧૨૬, ૧૩૬, ૧૪૧
  પદ્મ ૧૨૬, ૧૩૭–૩૮, ૧૪૦–૪૧
  બ્રહ્મ ૧૨૬, ૧૩૦
  બ્રહ્મવૈવર્ત ૧૨૬–૨૭
  બ્રહ્માંડ ૧૨૬–૨૮, ૧૩૨–૩૩
  ભવિષ્ય ૧૨૬, ૧૩૨–૩૩
  ભાગવત ૧૨૬, ૧૩૦, ૧૩૨, ૧૩૫
  મત્સ્ય ૧૨૬-૨૮, ૧૩૦, ૧૩૨–૩૪, ૧૩૯
  માર્કંડેય ૧૨૬–૨૭, ૧૩૧, ૧૩૬, ૨૦૨
  લિંગ ૧૨૬
  વરાહ ૧૨૬
  વામન ૧૨૬, ૧૪૦
  વાયુ ૧૨૬–૩૦, ૧૩૨–૩૩, ૧૪૦
  વિષ્ણુધર્મોત્તર ૧૨૬–૨૮, ૧૩૨–૩૩, ૧૩૭, ૧૩૯–૪૦
  શિવ ૧૩૭, ૧૪૧
  સ્કન્દ ૧૨૬, ૧૩૮
પુસાલકર, ડૉ. એ. ડી. ૧૩૨–૩૩
પૂજ્યપાદ ૧૯૪
પૈજવન ૨
પૈલ ૬૫, ૭૩
પ્રજાપતિ ૨૦, ૨૧, ૨૪
'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ' ૯૭, ૧૧૪
'પ્રબન્ધકોશ' ૧૯૪
'પ્રબન્ધચિન્તામણિ' ૧૯૪
'પ્રબન્ધાવલિ' ૧૯૪
'પ્રબોધ ચંદ્રોદય' ૧૨૧
પ્રભાચંદ્ર ૧૯૪
'પ્રભાવકચરિત' ૧૯૪
'પ્રવચનસાર' ૧૯૩
'પ્રાઉસ્ટ' ૯૯
'પ્રાણાભરણ' ૧૮૨
'પ્રિયદર્શિકા' ૧૧૩–૧૪

'ફાઉસ્ટ' ૮

બશામ, ડૉ. એ. એલ. ૧૩૮
બાણભટ્ટ ૧૨૫
'બારલામ અને જોઆસફ' ૯૨
'બાલચરિત' ૯૭
બિલ્હણ ૧૨૧
બુદ્ધઘોષ ૧૯૮
'બુદ્ધચરિત' ૬૮, ૧૯૮
બુદ્ધદત ૧૯૮
'બૃહત્સંહિતા' ૧૩૬
બોઝ, ગિરીશચંદ્ર ૧૩૩
'બોધાયન ગૃહ્યસૂત્ર' ૬૪
'બોધાયન ધર્મસૂત્ર' ૬૪
'બ્રહ્મસૂત્ર' ૬૭

'ભક્તામરસ્તોત્ર' ૧૯૫
ભગવદ્ગીતા, ૩, ૨૧, ૨, ૨૬, ૩૬, ૩૮, ૬૪, ૬૫, ૮૫, ૮૮, ૧૫૩
'ભગવદજ્જુકીય' ૯૬
ભટ્ટનારાયણ ૧૧૪
ભટ્ટોજી દીક્ષિત ૧૮૨
ભદ્રબાહુ ૧૯૨
ભરત ૯૫
ભરદ્વાજ ૨, ૭, ૧૨, ૪૬
ભર્તૃહરિ ૧૭૪, ૧૭૬–૭૭

ભવભૂતિ ૯૬, ૧૦૫, ૧૦૯, ૧૧૪–૧૫, ૧૧૭–૨૧
'ભવિસયત્તકહા' ૧૯૪
ભવસ્વામી ૫
'ભાગવત' ૧૪૩
'ભામિનીવિલાસ' ૧૮૨
'ભારતસાવિત્રી' ૯૩
ભારવિ ૧૬૬, ૧૭૦
ભાસ ૯૬, ૯૭, ૯૯, ૧૧૦, ૧૧૪
ભાસ્કરમિશ્ર ૫
ભૃગુ ૨૪, ૧૬, ૨૨

'મત્સ્યોપાખ્યાન' ૮૧
'મધ્યમવ્યાયોગ' ૯૭
મનુ ૯
'મનુસ્મૃતિ' ૧૨૮
'મનોરમા કુચમર્દન' ૧૮૨
મલયગિરિ ૧૯૨
મલ્લિષેણ ૧૯૩
મહાકસ્સપ ૧૯૭
મહાદેવ કવિ ૧૨૧
મહાયાન ૧૯૭, ૧૯૯
મહાવીર ૧૯૧–૯૨
'મહાવીરચરિત' ૧૧૫
મહેશ્વરસૂરિ ૧૯૩
માઘ ૧૬૬, ૧૭૦
માનતુંગાચાર્ય ૧૯૫
માન્ધાતા ૧, ૯
માર્કંડેય ૮૧
'માલતીમાધવ' ૧૧૫
'માલવિકાગ્નિમિત્ર' ૧૦૦–૦૧
મિરાશી, ડૉ. વા. વિ. ૧૩૨
'મિલિન્દપઞ્હ' ૧૯૮
મિલ્ટન ૩૯, ૪૦
'મુદ્રારાક્ષસ' ૧૧૪
મુરારિ ૯૬, ૧૨૧
'મૃચ્છકટિક' ૧૦૬, ૧૧૦, ૧૧૩
મૅકડોનલ ૨૮
'મૅકબેથ' ૩૭, ૫૮
'મેઘદૂત' ૧૧૭, ૧૮૩–૮૪
મેધાતિથિ ૫
મેરુતુંગાચાર્ય ૧૯૪
મૈત્રેયી ૧૯, ૨૮, ૩૦
'મૈથિલિ કલ્યાણ' ૧૯૫
મોગ્ગલાન ૧૯૮
મોગ્ગલિપુત્ત ૧૯૭
'મોહરાજ પરાજય' ૧૯૫

યયાતિ ૯
યશપાલ ૧૯૫
'યશસ્તિલક ચમ્પૂ' ૧૯૪
યાજ્ઞવલ્ક્ય ૪, ૧૯, ૨૦, ૨૬–૨૮, ૩૦–૩૧
'યોગશાસ્ત્ર' ૧૯૩
યૌવનાશ્વ ૧

'રઘુવંશ' ૧૬૬, ૧૮૬, ૧૮૯
'રઘુવિલાસ' ૧૯૫
'રત્નાવલિ' ૧૧૩, ૧૧૪
રવીન્દ્રનાથ ૧૮૩
'રસગંગાધર' ૩, ૧૮૨
રાઈડર, ડૉ. ૧૧૦
રાજશેખર ૯૬, ૧૨૧, ૧૯૪
રામચંદ્ર ૧૨૧, ૧૯૫
રુકર્ટ, પી. (જર્મન કવિ) ૯૨
'રૂપસિદ્ધિ' ૧૯૮

'લઘુ પ્રબંધસંગ્રહ' ૧૯૪
લવંગિકા ૧૮૨
'લોકતત્ત્વનિર્ણય' ૧૯૩
લોપામુદ્રા ૧
લોમશ ૧

વત્સરાજ ૧૨૬
વરુણ ૨૪, ૧૬
વર્જિલ ૩૭
વર્ડ્ઝવર્થ ૪૯
વસિષ્ઠ ૧, ૭, ૯
વ(વા)સુદેવ હિણ્ડી ૧૨, ૧૯૪
વામદેવ ૧
વારુણી ૨૨
વાલ્મીકિ ૩૩, ૩૫–૩૭, ૩૯, ૪૦, ૪૩, ૪૭–૪૯, ૫૧, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૩, ૧૨૫
'વાલ્મીકિ રામાયણ' ૩૩
'વિક્રમોર્વશીયમ્' ૧૦૫, ૧૧૦–૧૧
'વિદુરનીતિ' ૮૨
વિદ્યા ૧૩–૧૪
વિદ્યાનંદ ૧૯૪
'વિદ્ધશાલભંજિકા' ૧૨૧
'વિનયપિટક' ૧૯૬–૯૮
'વિવિધતીર્થકલ્પ' ૧૯૪
વિરોચન, અસુરોનો રાજા ૨૭
વિવેકાનંદ ૯૨
વિશાખદત્ત ૯૬
વિશ્વામિત્ર ૧, ૭
વિશ્વાવસુ ૨૩

# આવકાર

જ્ઞાનનું પવિત્ર જળ ઘેર ઘેર અને અધિકારી વ્યક્તિ-વ્યક્તિને પહોંચતું કરવાની ઉદાત્ત ભાવનામાંથી જ આ ગંગોત્રી ગ્રંથમાળાનો જન્મ થયો છે, જે યુગાનુરૂપ છે અને ગુજરાતની શક્તિ અને જ્ઞાનપિપાસાની વૃદ્ધિનો સૂચક છે.

પં. સુખલાલજી

આ જ્ઞાનગંગોત્રી આપણા જમાનાના વિશાળ આદર્શોને પહોંચી વળતી 'વિદ્યાપીઠ' સમી એક ગ્રંથમાળા થવાની છે.

કાકા કાલેલકર

આપણી પ્રાદેશિક ભાષામાં જ્ઞાનવિજ્ઞાનનો વિકાસ થાય એ જરૂરનું છે. આ શ્રેણી એ ખોટ પૂરશે એવી મને ખાતરી છે.... યોજના ઘણી આવકારપાત્ર છે.

કનૈયાલાલ મુનશી

જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી ગુજરાતી વાચકો માટે ગૃહ-વિદ્યાપીઠની ગરજ સારશે એમ એનાં પુસ્તકો પરથી નિઃશંક કહી શકાય.

ઉમાશંકર જોશી

ગુજરાતમાં જ્ઞાનગંગોત્રીનો જન્મ એ મૂંગી મૂંગી રીતે બની ગયેલી, તેમ જ બની રહેલી, ગુજરાતના જીવનની એક મહાન ઘટના છે.

સુન્દરમ્

## પ્રકાશિત ગ્રંથો

૧ બ્રહ્માંડ દર્શન ૨ પૃથ્વી દર્શન ૩ સ્વાસ્થ્ય દર્શન ૪ રસાયણ દર્શન ૫ સ્વરાજ્ય દર્શન ૬ ગણિત દર્શન ૭ સાહિત્ય દર્શન (ભારતીય–૧) ૮ સાહિત્ય દર્શન (વિશ્વ-સાહિત્ય–૧) ૯ કૃષિ દર્શન ૧૦ ગુજરાત દર્શન (સાહિત્ય–૧) ૧૧ ગુજરાત દર્શન (સાહિત્ય–૨) ૧૨ વિશ્વદર્શન–૧ (ક્રાન્તિ) ૧૩ સાહિત્ય દર્શન (વિશ્વસાહિત્ય–૨) ૧૪ ઇજનેરી દર્શન ૧૫ વિશ્વદર્શન–૨ (અદ્યતન ઇતિહાસ) ૧૬ જીવ દર્શન ૧૭ સાહિત્ય દર્શન (ભારતીય–૨)